સત્વર જોઈએ છે

પ્રશ્ન— ઉત્તર—

શું જોઈએ છે?— સુધારકો.

કોને સુધારવા સારૂ?—પોતાની જાતને!

કેવા?—યુનિવર્સિટીની પદવી જીતનારા નહિ!

ત્યારે કેવા?—પોતાના મનને જીતનારા!

કેટલી વયના? એમાં વરસોની વાત નથી.

ત્યારે શું જોઈએ? જીજ્ઞાસાનું સૌંદર્ય અને આનંદનું યૌવન!

પગાર શું?—ઈશ્વરપ્રાપ્તિ!

અરજી—દીનયાચનાઓથી ભરેલી નહિ, પણ અધિકારરૂપી આજ્ઞા અને તાદાત્મ્યનો નિશ્ચય દર્શાવનારી!

તરતજ મોકલો—

જગદીશ્વર તમારા પોતાનાજ આત્મા-પર

ઠેકાણું—તમારા પોતાના હૃદયમાં

મુકામ, સર્વત્ર

ૐ ૐ ૐ

નિવેદન

[illegible]

સહાય અને સૂચના.

શ્રીમાન આર. કે મોદીની કંપની-મુંબઇ તરફથી શ્રીયુત રામદાસ કુંવરજી મોદી કુબલીવાળા તરફથી ગયા ચાતુર્માસમાં રૂ. ૧૦૦૦) ની સહાય આપવાની ઇચ્છા દર્શાવવામાં આવી હતી. એ રકમનો લાભ સીધે સીધો વાંચકવર્ગનેજ આપવાના હેતુથી આ આવૃત્તિનું મૂલ્ય ઓછું રાખવા ખાતે તે રકમ ખર્ચવાનું તેમને સુચવવામાં આવ્યું હતું તે તેમને પસંદ પડવાથી આ આવૃત્તિનું મૂલ્ય દર પ્રતે ચાર આના ઓછું રાખવામાં આવ્યું છે આવી રીતે જ્ઞાનપ્રચારને રસ્તે સ્વતઃઇચ્છાથી સ્વધનનો સદુપયોગ કરવાની સદ્બુદ્ધિ મળે એ પ્રભુને ધન્યવાદ આપી ઇચ્છીશું કે સર્વ કોઇમાં એવી સ્વપરનું કલ્યાણ કરનારી અનેકવિધ સન્મતિઓ અધિકાધિક ઉદ્ભવે.

એ સાથે વાચકવર્ગને પણ સૂચવીશું કે જે પરમાત્માની કૃપાથી તેમને આવી સંસ્થાઓ તથા મહાત્માઓદ્વારા જ્ઞાનપ્રાપ્તિના માર્ગમાં સહાય મળે છે તેને માટે તે સર્વ-પ્રેરક પરમાત્મા પ્રત્યે તેમણે વિશેષ કૃતજ્ઞ બનવું જોઇએ અને તે કૃતજ્ઞતા માત્ર વાણી કે વિચારોથી નહિ, પણ જ્ઞાન ચારિત્ર્ય વગેરેમાં તેમના કરતાં ઉતરતી સ્થિતિવાળાં મનુષ્યોની ઉન્નતિ માટે તન મન ધનથી ઉદાર અર્પણ તેમણે દર્શાવી આપવી જોઇએ. આ પ્રકારે પોતાની વર્તમાન સ્થિતિનો સદુપયોગ બીજા ઉતરતી સ્થિતિવાળાઓ પ્રત્યે કરવા ચાહવાથી આપણા તરફ [illegible] ઉચ્ચ વસ્તુસ્થિતિઓ ઉતરી આવે છે એ રસ્તાના બન્ને તરફના દ્વાર ખુલ્લાં મૂકાય તોજ તેમની મલિન હવા બહાર જવા પામીને અધ્યાત્મની વિશુદ્ધ હવા પ્રવેશ થઇ શકે છે.

ઉક્ત અનેક માર્ગો પૈકી ગ્રંથભેટ દ્વારા જ્ઞાનપ્રચાર એ પણ એક ઉત્તમ માર્ગ છે. અંધારી રાતે ખાડાખૈયાવાળા માર્ગમાં અથડાતા રહેલા મનુષ્યો દીપકની સહાય મળતાં જેમ પોતાનો માર્ગ સુગમતાથી કાપી શકે છે તેમ અનેકવિધ અજ્ઞાન અને દુઃખ દૈન્યમાં ભમી રહેલા મનુષ્યો જ્ઞાનનો પ્રકાશ મળતાં આપોઆપ તેઓ [illegible] જ્ઞાન ચારિત્ર્ય અને સુખ-સામગ્રીની વૃદ્ધિ તરફ આકર્ષાય છે.

આવી રીતે ઉત્તમ વસ્તુ પોતે જ્ઞાની બનીને બીજાઓને આપવી એવું તો કોઇકજ બની શકે. પણ [illegible] સહાયથી તો સર્વ કોઇ બીજાઓને આપી શકે છે. આપણા લોકો [illegible] નાતવરા પાછળ જે અનેક પ્રકારના ખર્ચ કરે છે તેની સાથે તેમ થોડી કરકસર કરીને પણ આવા જ્ઞાનપ્રચારના માર્ગે થોડું ખર્ચ કરે, તો તે સમયે તેવાં મિષ્ટાન્નો કરવા પણ અનેક [illegible] એ [illegible] છે જેમ શરીરના પોષણ માટે અન્ન છે, તેમ [illegible] માટે [illegible] અન્નનો આહાર તો શરીરને એક ટંક કે

એક દિવસજ કામ આપે છે; ત્યારે જ્ઞાનરૂપી ખોરાક તો જન્મારા સુધી કામ આવીને ઉન્નતિપ્રદ પ્રેરણાઓ કર્યા કરે છે.

પોતાને ત્યાં આવતા પ્રત્યેક સારા માઠા પ્રસંગે પ્રત્યેક સમજુ ભાઇ બ્હેનોએ પોતાનાં સગાં સંબંધી તથા જ્ઞાતિજનો ઇત્યાદિનો ખાનપાનાદિ વડે સત્કાર કરતી વખતે, માનસિક ભોજનની ઉત્તમોત્તમ પત્રાવળિઓ રૂપ નાનાં મોટાં ઉમદા પુસ્તક પુસ્તિકાઓ વડે પણ તેમનો યથાશક્તિ સત્કાર કરવો જોઇએ.

કોઇ કોઇ ઉદારાત્માઓ આ પ્રકારે પણ થોડું ઘણું ધન ખર્ચે છેજ; પરંતુ દેશની વર્તમાન દશા તરફ જોતાં તો આ પ્રકાર સર્વત્ર મોટા પ્રમાણમાં ચાલુ થઇ એક ઉમદા સામાજીક રૂઢિ રૂપે બની રહેવો ઘટે છે.

ઇચ્છા હોય તો "અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મરણ નિમિત્ત અમુક તરફથી ભેટ" કે એવું કાંઇ મુખપૃષ્ઠપર રબરસ્ટેમ્પથી છાપીને અથવા હાથવડે લખીને તેની ભેટ આપવાથી તે પ્રસંગ અથવા વ્યક્તિના સ્મારકનો હેતુ પણ સરી રહે છે.

સસ્તા સાહિત્યદ્વારા નીકળેલાં અથવા બીજાં જે પણ પોતાને પસંદ પડે તે લોકોપકારક પુસ્તકો આવી રીતે પ્રત્યેક નાના મોટા સાંસારિક પ્રસંગે વહેંચીને, ધનના સદુપયોગનું તેમજ જ્ઞાન જેવી સર્વોપરિ વસ્તુના પ્રચારનું શ્રેય દરેક સમજુ મનુષ્યે મેળવવું ઉચિત છે.

છુટથી ખર્ચ કરવો હોય તો કોઇ એક નાના મોટા ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ પણ છપાવીને વહેંચી–વહેંચાવી શકાય; અને મધ્યમ કે ઓછી રકમ ખર્ચવી હોય તો પોતાને પસંદ પડે તેવા કોઇ એક ઉત્તમ પુસ્તકની સામટી પ્રત ખરીદીને મેમાનો, પડોશીઓ, જ્ઞાતિબંધુઓ, વગેરેમાં તેની લ્હાણી થઇ શકે. જો ઓછાથી વધુ જાતનાં સારાં સારાં પુસ્તકો લીધાં હોય, તો ભેટ લેનારને તેમાંથી પોતાને મનગમતું પુસ્તક ઉપાડી લેવાની સગવડ પણ આપી શકાય. માત્ર પાંચ દશ રૂપિયા જ આ રસ્તે ખર્ચવા હોય, તો તેટલાવડે પણ "એકાધ્યાયી ગીતા" અથવા બીજી કોઇ સારી બસો ચારસો પુસ્તિકાઓની લ્હાણી વહેંચી શકાય. ઉતરે એકાદ રૂપિયો ખર્ચવો હોય તો તેટલામાં પણ ધર્મગ્રંથોમાંની અથવા બીજી અગત્યની શીખામણોની સો બસો હસ્તપત્ર સુખેથી વહેંચી શકાય.*

એ સિવાય લખી વાંચી જાણવા છતાં પૈસા ખર્ચીને સારૂ વાંચન ન મેળવી શકે, એવાં જે લાખો મનુષ્ય આપણા દેશમાં પડેલાં છે, તેમને વિના નફે ઉત્તમ ચોપડી ચોપાનીયાં પુરાં પાડવા માટે જે "ચાતુર્માસ જ્ઞાનયજ્ઞ" ની યોજના આ પછીના પાનમાં આપી છે, તે તરફ પણ દરેક સમજુ વાચકનું ધ્યાન ખેંચવામાં આવે છે.

વૈશાખ સુદી ૧૧–૧૯૭૮. ભિક્ષુ–અખંડાનંદ.

* આવાં કેટલાક પ્રકારનાં હસ્તપત્ર આ સંસ્થા તરફથી છપાવીને તૈયાર રાખવા ધારણા છે; પરંતુ તેવી માગણીઓ આવવા ઉપર તેનો અમલ થવાનો આધાર છે.

શ્રી ચાતુર્માસ જ્ઞાનચક્ર.

ગુજરાતી ભાષામાં અત્યારે સારાં સારાં અનેક પુસ્તકો નીકળે છે અને સાથી વાંચી જનારાઓની સંખ્યા પણ ૨૦—૨૫ લાખની થઇ જાય તેમ છે, પરંતુ તેઓમાં કેમ ભાગ્યેજ એકપણ ઉત્તમ ગ્રંથનો લાભ લીધો હોય એવાં મનુષ્યો તો ભાગ્યેજ દશ ટકા હશે; બાકીના નેવું ટકા ભાગ તો તેનાથી બેનસીબજ રહે છે.

આ રીતે [illegible] આ તો હોવા છતાં પણ અજ્ઞાનના અંધકારમાં અથડાયા કરનાર એ અસંખ્યાત માનવ બંધુઓના જીવન પથને પ્રકાશવા માટે સસ્તી [illegible] જ્ઞાનદીપકોની આવશ્યકતા સ્પષ્ટ છે.

એ અંધકારના કારણોમાં ગ્રંથોના અસ્તિત્વનું તથા તેના સદુપયોગના લાભનું તે વર્ગનું અજ્ઞાન, પૈસા ખર્ચવાની તેમની અરૂચિ અથવા અશક્તિ; [illegible] વગેરેમાંજ તેમનું પડયું રહેવું; એ કારણ તો હોવીજ છે, પણ એવા [illegible] તેમના [illegible] ખાસ કરીને જણાય, તે તેમને ન ગમતી હોય, તો તે કારણ શું સહેજ કરવાં જેવું નથી?

[illegible] આઠ વર્ષ સમાન એ અતિ વિશાળ માનવ સમાજ પ્રત્યે [illegible] તેમની [illegible] અનેક પ્રકારે લાભ [illegible] "ધનોપકારાય પુસ્તક" [illegible] પરમ [illegible] માટે કંઇ પણ [illegible] અધિક [illegible] સુગમ પદ્ધતિ તરફ [illegible] જ્ઞાનનો પ્રચાર [illegible] પોતાને [illegible] તેમને પણ ઉત્તમ જ્ઞાનનો પ્રકાશ [illegible] અને [illegible] માટે [illegible] અને [illegible]

[illegible]

ગુજરાતી ઉપરાંત હિન્દી તથા મરાઠી ભાષામાં પણ વખતોવખત આવી ચોપડી ચોપાનિયાં મેળાઓદ્વારા, ગામડાંઓમાં લોકસેવાનાં કામો બજાવનારાઓદ્વારા, તેમજ ગ્રંથમાળાઓ અને માસિકપત્રો વગેરેના સંસ્કારી વાંચકવર્ગદ્વારા પણ મોટા પ્રમાણમાં ફેલાવી શકાય.

ખ્રિસ્તી લોકો ભારતવાસીઓને પોતાની જાળમાં વિશેષ સપડાવવા સારૂ અનેક પ્રકારનાં પુસ્તક પુસ્તિકાઓ ફેલાવવા તથા બીજાં કામો કરવા પાછળ તન મનથી અથાક શ્રમ લેવાની સાથે ધનથી પણ જે લાખો રૂપીઆનો ખર્ચ કરી રહ્યા છે; તે આટલું બધું પ્રસિદ્ધ હોવા છતાં પણ આપણા પોતાનાજ દેશના અને ધર્મના લોકોની આવા પ્રકારની સેવા માટે આપણાજ દેશના અને આપણાજ ધર્મના ઉદારાત્માઓ તરફથી આવશ્યક આર્થિક ગંજાવર મેળવવાનું અશક્ય તો નજ કહેવાય.

ઋષિમુનિઓની પરંપરાને પૂજનાર જે ધર્મપ્રાણ હિંદુસંતાનો તીર્થયાત્રા તથા સાધુ બ્રાહ્મણોની સેવા પાછળજ વર્ષોવર્ષ અબજોનો ખર્ચ વેઠી રહ્યા હોય; તેમની પાસેથી તેમનાં પોતાનાંજ સંતાનો, પાડોશીઓ, અને જ્ઞાતિજનો માટે, તથા તેમને કમાણી કરી આપનારાં ગરીબ અજ્ઞાન મનુષ્યોની સેવા અર્થે આવી એકાદ યોજના માત્ર આજ-ન્મીજ નભ્યા કરે તેટલી સ્થાયી આર્થિક સગવડ મેળવવાનું પણ અસંભવિત નથી.

જ્યાં સુધી આવાં કામો આવા સ્થાયી અને મોટા પાયા ઉપર ઉપાડી પાર પાડનાર નીકળી આવે નહિ; ત્યાં સુધી એ દિશામાં પણ થોડુંઘણું થાય તે કરવાના હેતુથી આ "જ્ઞાનયજ્ઞ" ની યોજના યોજવામાં આવી છે.

આ જ્ઞાનયજ્ઞની પ્રથમ આહુતિ તરીકે પવિત્ર ભગવદ્ગીતાના સારરૂપ ૧૮ મા અધ્યાયની એટલે કે "એકાધ્યાયી ગીતા" ની સવા લક્ષ પ્રત જનતામાં (સં. ૧૯૭૯ના પુરૂષોત્તમ માસમાં તેમજ શ્રાવણ માસમાં મળીને) વિના મૂલ્યે વહેંચી દેવામાં આવેલ.

દરેક વર્ષના ચાતુર્માસમાં તેમજ અનુકુળતા હોય ત્યારે ત્યારે આ "એકાધ્યાયી ગીતા" બીજાં વધારે માણસોમાં ફેલાવી શકાય. તથા બીજાં પણ જુદી જુદી ઉપયોગી બાબતોને લગતાં નાનાં ચોપડી ચોપાનીયાં વખતોવખત મોટી સંખ્યામાં ફેલાવી શકાય; તેટલા સારૂ આ જ્ઞાનયજ્ઞને લગતું ફંડ ન્હાને માટે ખુલ્લું રાખવામાં આવ્યું છે.

આશા છે કે જ્ઞાનપ્રચારનો મહિમા સમજનારા સજ્જનો આ પુણ્ય કાર્યમાં વખતોવખત આર્થિક સહાય આપવાની તેમજ પ્રસંગ શુભાશુભ પ્રસંગપર આ ફંડને યાદ કરવાની ફરજ સમજશે.

આ ફંડમાં કમમાં કમ ચાર આના ભરીને નામ લેવાશે. અને દરવર્ષે જે રકમ ભેગી થશે, તેમાંથી સારાં સારાં લોકોપયોગી તથા જ્ઞાન ભક્તિને વધારનારાં ચોપડી ચોપાનીયાં તે તે વર્ષના ચાતુર્માસમાં તેમજ અન્ય અનુકુળ સમયે ફેલાવવાનાં રહેશે.

આ ખાતે મોકલાતી દરેક રકમ સાથે "જ્ઞાનયજ્ઞ કોષ માટે" એટલું અવશ્ય જણાવવું. મ. ઓ દ્વારા મોકલનારને તો ટપાલ રસ્તે પાવતી મળે છેજ. રૂબરૂ આપનારને રૂબરૂમાંજ વ્યવસ્થાપકની સહિ સાથેની પાવતી મળશે.

આ કોષની આવક તથા ખર્ચનો હિસાબ વિવિધ ગ્રંથમાળા દ્વારા મણકાની દરેક રકમ તથા તે આપનારના નામ સાથે છપાતો રહેશે.

આ કોષમાં આર્થિક સહાય આપનારા જે સજ્જનો આ યોજના દ્વારા નીકળનાં ચોપડી ચોપાનીયાં ફેલાવવાનુ કાર્ય પણ બજાવી શકે તેમ હશે, તેઓની તેવી સહાય પણ ધન્યવાદની સાથે લેવામાં આવશે.

આ "જ્ઞાનયજ્ઞ કોષ"માં રૂ. ૧૨૫) અથવા તેથી વધુ રકમ મોકલનારની જો ઇચ્છા હશે અને તે ઇચ્છા પ્રથમથીજ જણાવી હશે, તો તેટલા દ્રવ્યવડે તૈયાર થનારી પુસ્તિકાઓના મુખપૃષ્ઠ ઉપર "અમુક તરફથી અમુક પ્રસંગ યા વ્યક્તિના સ્મરણમાં સદુપયોગાર્થે ભેટ" કે એવું કાંઇ છપાવવું હશે તો તે છાપી શકાશે, અને એવુ છપાયલી પ્રતોમાંથી સ્વહસ્તે વહેંચવા સારૂ માગેલી પ્રતો આપતાં જો કાંઇ વધી હશે, તો તે બાકીની પ્રતો અમ તરફથી બીજાઓ દ્વારા વહેંચાશે.

વહેંચણ માટે પોતાનાં નાણાંથી અમે તેટલી થોડી પ્રત મગાવનાર પણ જો ઇચ્છશે તે પોતાની પુસ્તિકાઓ ઉપર ઉપલી મતલબનુ હાથવડે અથવા રબરના સિક્કાવડે લખી-છાપી શકશે

આ પ્રમાણે આ યોજના ઉદાર સજ્જનોને પોતાના ધન ઉપરાંત ઇચ્છા હોય તો તનમનનો પણ સદુપયોગ કરવા આવાહન કરે છે

આર્ય ઋષિમુનિઓએ લોકસેવાદ્વારા આત્મહિત સધાવનારા જે અનેકવિધ યજ્ઞ દાનાદિ ઉપદેશ્યાં છે, તેમાં જ્ઞાનદાનને સર્વથી વધારે મહત્ત્વ આપીને તેને 'બ્રહ્મદાન" પણ કહ્યું છે.

પરમ વંદનીય શ્રીજ્ઞાનેશ્વર મહારાજ જ્ઞાનેશ્વરીમા કહે છે કે—' જે કોઇ પુસ્તક ના નિમિત્તથી ગીતા બીજાઓને આપે છે તે માણસ લોકોને માટે આ સંસાર રૂપી બજારના મોક્ષ સુખનુ સદાવ્રતજ ખોલે છે ગીતા રૂપી માતા અને મનુષ્યો રૂપી બાળક છુટ ભટકે છે તેમનો મેળાપ કરાવી આપવો એ સજ્જનોનો ધર્મ છે"

લૂંટ મા ાના સદાના મદદગાર અને પરમ આધાર સ્વરૂપ પરમાત્મદેવની અપાર લોકહિતાર્થના મા તનમનધન વડે નિમિત્તભૂત બનવામાં જે અહોભાગ્ય રહેલુ છે, તે વતન સમજી શકનાર તેમજ નહિ સમજી શકનારા માનવબંધુઓ પ્રત્યે આથી વધારે ન માણુ અનાવશ્યક ગમજી ૐ તત્ સત્ વૈશાખ માસ-વિ. સં ૧૯૭૯.

મંત્રી સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય,—અમદાવાદ અને મુંબઇ.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવનાનો સારાંશ.

ભાગ ૫ મા ના અનુવાદકની પ્રસ્તાવનામાંથી.

એ તો નિર્વિવાદ છે કે મૂળ ઇંગ્લિશમાંથી ભાષાન્તર કરતાં જતાં મૂળમાં જે જુસ્સો, જે શક્તિ રહેલી હોય તે કેટલેક અંશે નાબુદ થાય છે, પણ તેનાં બે કારણો છે. એક તો ભાષાન્તરકર્તા મૂળમાં જે ખૂબી, જે રહસ્ય, જે સુંદરતા રહેલાં છે તેને ભાષાંતરમાં લાવવાને સમર્થ નથી, ને બીજું ઇંગ્લિશ ભાષા જેટલી ગુજરાતી ભાષા આગળ વધેલી નથી; ભાષાનું ક્ષેત્ર બહુ ટુંકું છે.

સ્વામી રામતીર્થજીના જીવનના કાંઇક હેવાલો અન્ય સ્થળે છપાઇ ગયા છે; તેમજ કંઇક તેમના જીવનનું સ્વતંત્ર પુસ્તક સસ્તા સાહિત્ય તરફથી નીકળશે તેમાં આવનાર છે; તેથી અહીં તેની પુનરુક્તિ નહિ કરતાં માત્ર એટલુંજ કહીને સંતોષ પામીશું કે, સ્વામીજી આ કલિયુગના શુક થઇ ગયા; ને તેમનું ટુંક જીવન જોતાં કહેવા દો કે, તેઓ કલિયુગના શંકર સ્વામી હતા. સ્વામીજીનું સંસ્કૃત, ફારસી, આરેબીક, ઇંગ્લિશ વિગેરે ભાષાઓનું જ્ઞાન ઘણું ઉચ્ચ હતું. જે ત્યાગ વિષેનાં ભાષણો સ્વામીજીએ આપ્યાં છે તે પ્રકારનો ત્યાગ એમણે જાતે બરોબર કરેલો હતો, તે વાત તેમના જીવનની બીનાઓથી સાબિત થએલી છે.

કેટલાકનું કહેવું એમ થાય છે કે સ્વામીજીએ હિંદુસ્તાનમાં રહી આ પ્રકારનો બોધ નહિ કરતાં અમેરિકા જેટલે દૂર જઇને ત્યાં ભાષણો આપ્યાં તેનું કારણ શું ?

પહેલું તો હિંદુસ્તાનમાં સ્વામીજીએ ભાષણો નથી આપ્યાં એમ છેજ નહિ. કેટલાંક હિંદુસ્તાનમાં પણ આપેલાં છે. હિંદુસ્તાનમાં કર્મ ને ભક્તિમાર્ગ વિષે આજકાલ વલણ છે, જ્ઞાનમાર્ગને પકડવા થોડાજ અધિકારી થએલા છે. ને સ્વામીજીના કહેવા મુજબ ભવિષ્યમાં જે વખતે એકજ ધર્મ (વેદાન્ત) પ્રવર્તશે ત્યારે હિંદુસ્તાન પણ જ્ઞાનમાર્ગ લેવા ચૂકશે નહિ. હાલ હિંદુસ્તાન એટલું બધું આગળ વધેલું નથી.

બીજું યુરોપાદિમાં ને મુખ્યત્વે કરીને અમેરિકામાં કર્મ ને ભક્તિ ઉપર જો ભાષણો આપવા કોઇ બેસે તો તે ઘણે ભાગે ત્યાં રુચિકર ન થઈ પડે. વિજ્ઞાનશાસ્ત્ર ત્યાં એટલું બધું વધેલું છે કે કોઇ સમર્થ જ્ઞાની જ્ઞાનમાર્ગદ્વારાએ કર્મ ને ભક્તિમાર્ગ સમજાવે તોજ તે તેમને ગળે ઉતરે છે. શાસ્ત્રીય રીતે ધર્મની આવશ્યકતા સમજાવવાની અમેરિકામાં જરૂર છે, કારણ જ્યાં ધર્મ તરફ સામાન્ય રીતે બેદરકારી હોય, પૈસો મારો પરમેશ્વર જ્યાં હોય, ત્યાં કોઇ અવધૂત યોગી સિવાય બીજાનું ગજું નહિ કે તે બોધ આપી શકે. ખરી રીતે કહીએ તો જેમ શ્રીમદ્

વદ્ગીતામાં કહ્યું છે કે, यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत વિગેરે-તે સૂત્ર અન્વયે જ્યાં ધર્મની ગ્લાનિ હતી ત્યાં સ્વામી વિવેકાનંદ ને સ્વામી રામતીર્થજી જેવા મહા પુરુષોના બોધની આવશ્યકતા હતી, ને પ્રકૃતિબીજ તે દેશમાં બોધ આપવાને તેઓનો જન્મ થયો હતો.

જેમ ભક્ત કવિ તુલસીદાસની કિંમત શરૂઆતમાં પોતાના ગામમાં ને દેશમાં નહોતી થઇ પણ પાછળથી લોકો તેમની ખરી કિંમત સમજતા થયા, તેમજ વળી જેમ ભક્ત કવિ નૃસિંહ મહેતાની કિંમત પોતાના વખતમાં પોતાના ગામમાં ને નાતજાતમાં શરૂઆતમાં નહોતી થઇ તેજ પ્રમાણે સ્વામી વિવેકાનન્દ ને સ્વામી રામ તીર્થજીની કિંમત થોડા વખતમાં, તેમની હયાતી દરમ્યાન હિંદુસ્તાનમાં વખતે જોઇએ તેટલી નહિ થઈ હોય પરંતુ સમય જતાં તેમના બોધનો ને જ્ઞાનનો પ્રચાર થતાં તેમની કીર્તિ ચારે દિશામાં પ્રસરી રહેશે.

જ્યાં જેનું ક્ષેત્ર ત્યાંજ તેની કીર્તિ ઝળકી ઉઠે છે હીરાની કિંમત ઝવેરી ત્યાંજ થાય છે તેમ સ્વામી રામતીર્થજીની કીર્તિ અમેરિકામાં કેટલી થએલી છે તે સ્વામીજીને વિદાયગીરી આપતાં માનપત્રમાં નીચલા ભાવની જે કડીઓ ગવાઇ હતી તે ઉપરથી સમજાશે.

"વહાલા રામ! આપને અમારા અન્તિમ પ્રણામ હો! આપનું પ્રોજ્વળ હાસ્ય નિર્જીવમાં પણ નવજીવન પ્રેરે એવું છે આ લોકમાં કદાચિત્ આપણે ફરી ન પણ મળીએ છતાં આપની દૈવી પ્રભા તો અમે નહિજ ભૂલીએ એમ નથી. આપ ભગવમૂર્તિ છો આપ ઇશ્વરમાં અને ઇશ્વર આપમાં એમ પરસ્પર નિવાસ કરો છો.

સ્વામીજીનો બોધ દરેકને પ્રિય થઈ પડવાનું એક કારણ એ છે કે કઠિન વેદાન્તના જ્ઞાનનો નાના બાળકને પણ સમજાવું પડે તેવી શાસ્ત્રીય પદ્ધતિથી તેમણે પ્રચાર કર્યો છે

* * * * * *

સ્વામીજીનો બોધ ને જ્ઞાન ગુજરાતી વસ્તીમાં પ્રસરી ગુજરાતની પ્રજા વેદાન્ત અનુસાર ઉન્નત વિચાર ને ઉન્નત જીવન ગાળે તો તેથી રળીયામણું બીજું કાંઈ નથી.

માધુભાઇ બાબારાવ

પહેલા ભાગમાના મંત્રીના નિવેદનમાથી

પ્રિય વાચક રામસ્વામી અને તેમના ઉપદેશોની આટલી મહત્તા જાણતાંજ પુસ્તકમાંના વિચાર વાંચવા માટે પરની અધીરાઇ તો ઉપજાવાની પણ ઉના રહે. રામસ્વામીના ચરિત્ર સંબંધી આ લખનારના અંકાદ બે અનુભવારૂપ થોડી વાનગી પણ બેમાબગી ચાખતો જા નીરસ લેખિનીને લીધે હોય તે તને નિસ્વાદ લાગશે છતાં તે પ્રેમયુક્ત અપવા હાથ લાંબો થનાથી ના તો નહિજ પડાય! થો ભુખાપણાનો સ્વાદ લઇને પછી તુરતમજ પુસ્તકમાંનું મહ મિષ્ટાન્ન જમજો એટલે તેની મજા વધારે મળશે!

આ લખનારને અલ્હાબાદના નિવાસ દરમીયાન રામસ્વામીની મહત્તા વિષે જાણ્યું ત્યારથી તેઓશ્રીના સમાગમ સેવવા વૃત્તિ થઇ આવી. કોઇ પણ ગૃહસ્થ કે ત્યાગીને તેઓ સાથે રાખવાનું પસંદ કરતા નહિ, એમ સાંભળ્યા છતાં વૃત્તિનો વેગ શરીરને તેમની પાસે લખનૌમાં (જ્યારે તેઓશ્રીનાં વ્યાખ્યાન ત્યાં ચાલુ હતાં) ખેંચી ગયો; અને કેટલાક માસ પર્યંત કેટલાક સ્થળોમાં રાત દિવસ તેમના સહવાસસેવનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. રામસ્વામીની ઉન્નત જીવનદશાની અને પ્રભાવશાળી વચનામૃતની જે જે કથાઓ આ લખનારે એ સહવાસ દરમિયાન જોઇ, સાંભળી અને અનુભવી, તેમાંના એક બે અનુભવો રામસ્વામીની મહત્તા સમજવામાં વાંચકને ઉપયોગી થઇ પડે એમ ધારીને આ નીચે આપ્યા છે.

અલ્હાબાદ (પ્રયાગ)ના નિવાસ દરમ્યાન તેમને ત્યાંના રહીશ ભારતમાન્ય પંડિત મદનમોહન માલવિયજીએ ત્યાંથી કેટલાક માઇલ દૂર ગંગાકિનારે આવેલા રામબાગમાં ઉતારો આપ્યો હતો. ત્યાં તેઓ તેમજ બીજા અનેક પ્રતિષ્ઠિત અને સાધારણ માણસો તથા મુમુક્ષુઓ તેઓશ્રીના દર્શન સમાગમ અર્થે વખતો વખત આવતા હતા.

એક દિવસે સાંજે ગંગાસ્નાનાર્થે જવું થતાં કોપિનભેર અમે બેઉ ગયા. સ્વામીજી સાથે વાતો કરતા કરતા પંડિત માલવિયજી પણ ગંગાકિનારે આવ્યા. સ્નાનથી સત્વર પરવારી સ્વામીજીને બદલવાની કોપિન લઇ આ લખનાર પણ કિનારે ઉભો હતો. ગંગામાંથી સ્વામીજી બહાર નીકળ્યા એટલે કોપિન તેમને આપી; પરંતુ તેઓશ્રીના પગે ચીકણો કાદવ ચોપડાયેલો હતો જે લુછવા કે ધોવાનું કશું સાધન તે વખતે હાજર નહોતું, જેથી તેવે પગેજ તેઓ ઉપાન પહેરવા જતા હતા; પણ તેવામાં માલવિયજીએ તેમના ચરણ પાસે દોડી જઇ પોતાના ગળામાંના દુપટ્ટાવડે ચરણ સાફ કરવા માંડ્યા! હર્ષશોકાદિ દ્વંદ્વથી રહિતપણાના પ્રમાણમાંજ જીવનમુક્ત પુરૂષોની ભૂમિકાઓનું તારતમ્ય રહેલું પ્રસિદ્ધજ છે, તે આ પ્રસંગે પ્રત્યક્ષ જોવાની ઠીક તક મળી.

આ લખનાર તે સમયે એક અભ્યાસીની પેઠે તેમના મુખારવિંદના ભાવો કોઇ જાણે નહિ તેમ જોયા કરતો હતો. પ્રિય વાંચનાર! હિંદનો એક પ્રકાશિત હીરો આ પ્રમાણે તેમના ચરણનો કાદવ પોતાના ઉત્તમ દુપટ્ટાથી લુછતો હતો, છતાં તે સમયે તેમના મુખારવિંદપર અભિમાનનો કશોજ ભાવ જણાયો નહિ તેમજ કોઇ જાતની આનાકાની કે વિવેકના શબ્દો પણ ન સંભળાયા કે ખસી જવાનો યત્ન પણ ન થયો! તે દિવ્ય મૂર્તિ તો પોતાની સ્વાભાવિક તત્ત્વપરાયણ સ્થિતિમાંજ કોમળ મધુર પવિત્ર મંદહાસ્ય કરતી ઉભી હતી!!

પણ 'એવા પ્રસંગો તો સહુ કોઇને આનંદકારીજ લાગે, શોકજન્ય પ્રસંગોજ ખરી કસોટી કરાવી આપે છે' એમ જરી ચર્ચાકને લાગશે; જેથી એક તેવો પ્રસંગ અહીં આપવામાં આવે છે કે જે ઉપલા પ્રસંગ પછી બે ચાર દિવસમાંજ બન્યો

સ્વામીજીને એક દિવસ એક અસાધારણ વાક્ચાતુર્યસંપન્ન પંડિતજીની સાથે મેળાપ થયો હતો. જે વખતે મૉન. મહાત્માઓને શાસ્ત્રવિદ્, આ લખનાર તેમજ બીજા પણ એક બે જણા ત્યાં હતા. પેલા પંડિતજીની બોલીપરથી જણાતું હતું કે તેઓ પોતાના સાંસારિક મિત્રમંડળને રીઝવવાને ખાતર કોઈ પ્રકારે સંન્યસ્તાશ્રમની વિરૂદ્ધમાં વાતો કરવાની વલણવાળા હતા. વાતચીત થઈ રહ્યા પછી છેવટ પ્રથમ સમયે પેલા પંડિતજી "ઘોડીસી ઘોડી શું ભારે પડતી હતી!" એવા કઠોર શબ્દો એવી હલકી રીતે સ્વામીજીપ્રત્યે બોલ્યા કે જેથી કોઈને પણ ખોટું લાગી જાય. આ પ્રસંગે તેને કોઈક કહેવાનું આ લખનારને મન થઈ આવતાં સ્વામીજી તરફ સહજે જોવાઈ ગયું.

પ્રિય વાંચનાર! ત્યારે સ્વામીજીના ચ્હેરાપર શું ભાવ પ્રતીત થયા? જરા પણ ક્રોધ કે ગ્લાનિનો ભાવ તો લાગ્યોજ ક્યાંથી! પણ આ.ગમા પ્રસંગે ગંભીરતાને જે સ્વાભાવિક શાન્ત આનંદનો ભાવ વિલસતો હતો તેજ ભાવ તેવાજ મધુર સ્મિતયુક્ત અત્યારે પણ એ દિવ્ય મુખારવિંદપર ઝળકી રહીને તે અલૌકિક હૃદયની ઉન્નતતર દશાનો ખ્યાલ કરાવતો હતો!! સ્વામીજીએ આ લખનારનો ઉપર જણાવેલો મનોભાવ જાણી જેથી તેજ સમયે શાન્તિસૂચક નેત્રભાવયુક્ત જે ઉપદેશાત્મક હાસ્ય કર્યું હતું એ અલૌકિક હાસ્યયુક્ત પુણ્યમૂર્તિ! તને અનેકાનેક પ્રણામ હો.—આ લખનાર તરફ કહ્યું કે તેની સાથેજ શ જ ઃ ઃ ! શાન્તિ!

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥

ભગવદ્ગીતા અ. ૬ શ્લો. ૯

અર્થ —સુહૃત્, મિત્ર શત્રુ ઉદાસીન મધ્યસ્થ દ્વેષ્ય બંધુ સાધુ અને પાપીમાં પણ જે સમબુદ્ધિવાળો છે તે શ્રેષ્ઠ છે.

ઉપર્યુક્ત ભગવદ્વાક્ય સ્વામી રામતીર્થજીના સંબંધમાં કેટલું સાર્થક હતું તે ઉપલા બે બનાવોથી વાંચનારને અધિક સ્પષ્ટ થશે.

સ્વામીજીએ આ દેશ તરફ પણ પોતાના સદુપદેશોનો લાભ આપવા વિચરવાનું માન્ય કરેલું પરંતુ અફસોસ ત્રિતાપવ્યાપ્ત આ માની એ સવિશેષ ચૈતન્યકળાવાળું તે શરીર અધિક સમય ધારણ કરી શક્યું નહિ. કુદરતના ખારના! તારા અલ્પ પુણ્યને યોગ અલ્પ સમયને માટેજ એ શરીર રજુ એવું હશે. તે ૩૩ વર્ષના અલ્પ આયુષ્યમાંજ અણધાર્યું જ ભારતની ભારે આશારૂપ એ સૂર્ય મધ્યાકાશમાં આવી પોતાનો પૂર્ણ પ્રતાપ પ્રસારે તે પહેલાંજ દૈવની અકળિત ગતિથી તેનો અસ્ત થયો! સ્થૂળ પદાર્થોમાં નાસ્તિકજનોને સુખપૂર્વક રસ્તે જવાની સદ્બુદ્ધિ આપનાર નિર્મોહીજનોને સત્ય જ્ઞાનની સરળ કુંચીઓથી સત્ય ઉન્નતિના

સ્વરૂપને સમજાવનાર અને ઇચ્છા હોય તેને માટે ઉન્નતતમ અવસ્થાના દર્શકરૂપે જણાઇ રહેનાર તે અલૌકિક શરીર સદાને માટે પંચત્વને પ્રાપ્ત થઇ ગયું ! વાંચક બંધુ ! ઉંડા નિઃશ્વાસની સાથે એકાદ અશ્રુ પણ સરી આવતું હોય તો આવવા દે ! એ અશ્રુ સ્વરૂપેજ પણ તારા ત્રિવિધ તાપનું સાંત્વન કરનારૂં અને તેના મૂળમાં રહેલાં પાપના પ્રાયશ્ચિત્તરૂપજ થઇ પડશે !

ભારતનું દુર્દૈવ આવી દિવ્ય વિભૂતિઓને ક્યાં સુધી દૂર કર્યા કરશે ! પ્રભો ! દીનાનાથ ! આ દીન ભારતમાતાનો પર દયા કરો ! દયા કરો ! અને તેવ [illegible]

[illegible]

ક્રમ મંદિર પ્રસિદ્ધ થએલા આ ગ્રન્થમાંથી ઘણા વાચકોને પણ કંઈક ઉચ્ચ સંસ્કારો ક્રમ થશે તો પુસ્તકપ્રકાશનનો આ મંડળનો ઉદ્દેશ સફળ છે

સ્વામી રામતીર્થના જીવન અને ઉપદેશ સંબંધી જૂદી જૂદી ભાષાના નીચેનાં [illegible] નીચેનાં પુસ્તકો ઉપરથી આ ગ્રંથમાં આપેલા વિષયો અનુવાદિત થએલા હોવાથી તેના લેખકો અને પ્રકાશકોનો આ ગ્રંથ પણ આભાર માનવામાં આવે છે

મરાઠીમાં લેખક—ગુણાજી અને [illegible] પ્રકાશક—મનોરંજક ગ્રંથ પ્રસારક મંડળી, મુંબઈ, હિંદીમાં લેખક અને પ્રકાશક પંડિત હરિપ્રસાદ ચતુર્વેદી હેડ ક્લાર્ક [illegible] ની ઑફીસ કાનપુર અંગ્રેજીમાં [illegible] અમીનાબાદ [illegible] અને ગણેશ [illegible] કંપની મદ્રાસ

આ ગ્રંથની આવૃત્તિના પાંચ ભાગ કે જેના [illegible] પ્રથમ આવૃત્તિ પ્રક[illegible] છે તેમનો પહેલો બીજો અને ત્રીજો ભાગ સ્વામી આનંદાનંદ તથા શ્રીયુત [illegible] અનુવાદિત [illegible] ચોથો ભાગ અમદાવાદ [illegible] શ્રીયુત કૃપાશંકર [illegible] અનુવાદિત થએલો છે અને [illegible] શ્રીયુત [illegible]

[illegible]

[illegible] નીચેની [illegible] અને [illegible] ઉપરથી [illegible] સન્માન [illegible]

ग्रंथसेवननो महिमा.

(અનેક ઉત્તમ પુરૂષોના ઉદ્‌ગાર)

यस्यास्ति सद्ग्रन्थविमर्शभाग्यं किं तस्य शुष्कैश्चपलाविनोदैः

અર્થાત્—જેના ભાગ્યમાં સારા સારા ગ્રંથો વાંચવા વિચારવાના હોય, તેને ચપળ ચંચળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શા ગણતરીમાં છે ?

" પુસ્તકોમાં હું ગુંથાયલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું ફીકર નહિ કરત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકત. હું ફરીથી વધારે [illegible] રહેત. હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે ત્યાં એકાંતવાસ સહેલાઈથી વેઠી શકે છે. x x x એક પડી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર વિચાર પણ કરી શકશો."
" મહાત્મા ગાંધીજી "

" તમે હંમેશાં નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ [illegible]. તમે થોડું વાંચો [illegible] ગીતાજી વાંચો, વેદાન્તનાં બીજાં પુસ્તકો [illegible] જીવન [illegible]" "સ્વામી વિવેકાનંદ."

" મનુષ્યને હરિનામમાં [illegible], દુઃખીઓનાં દુઃખ દૂર કરવાને, શરીર તથા મનને [illegible] દઈ [illegible] જેટલી શક્તિ છે, તેટલી શક્તિ [illegible] બીજી કોઈ ચીજમાં નથી." [illegible]

" [illegible] પહોંચવાના [illegible] છે."

" [illegible] છે."

" [illegible]

[illegible]



" * * તેઓ ઉત્તમ વક્તા, ઉંડા અભ્યાસી અને સાચા સંન્યાસી હતા... તેમની ભાષા સત્ત્વવાળી, જુસ્સાદાર અને અસરકારક; સુંદર વર્ણનાત્મક સૂક્ષ્મ બુદ્ધિથી ભરેલી અને ઉદાત્ત વિચારો તથા પવિત્ર લાગણીયુક્ત છે. તેઓ દૃઢ તપસ્વી અને સુસંસ્કાર કવિ હતા. વેદાન્તના આધુનિક ઉપદેશકોમાં તેમનો દરજ્જો ઘણો ઉંચો છે. * * *

'નિબંધોમાં સ્વામીજીનું આધુનિક પાશ્ચાત્ય સાહિત્યનું તથા પ્રાચીન હિંદી સાહિત્યનું વિશાળ જ્ઞાન, દર્શનો અને ધર્મતત્ત્વો સમજાવવાની તેમની કુશળતા, તેમની કલ્પના શક્તિનો ભંડાર, કવિત્વશક્તિની ઝાંખી જ્યાં જોઈએ ત્યાં ઘટના-સ્થળ ગોઠવી દેવાની તેમની સચોટતા અને તેમના વિચારોની ઉદારતા સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. * * *

મદ્રાસમાં પ્રકટ થએલા અંગ્રેજી ગ્રંથમાંથી.

" સુવિચાર અને જ્ઞાનથી પરિપૂર્ણ એવા ઘણા લેખો પ્રકટ થાય છે; પરંતુ સ્વામી રામતીર્થના લેખોમાં તો કોઈ અજબ પ્રકારની સ્વતંત્રતા અને વિલક્ષણ તેજસ્વિતા દેખાઈ આવે છે......સ્વામી વિવેકાનંદની પેઠે વેદાંત સરખા ગહન વિષયને સહેલાઈથી સમજાવવાની હથોટી અને કાર્લાઈલ અથવા ઇમર્સનની પેઠે ભાષામાં સચોટ સુંદરતા લાવવાની કળા એ બન્ને ગુણોના એકમનામાં રહેલા યોગથી કોણ મોહિત ન થાય?......પરંપરાના તર્કમાંથી વેદાંતને ઉપાડી વ્યવહારમાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો એ ઉકેલની ખરી ચાવી સ્વામી રામતીર્થે સર્વે જગતના હાથમાં આપી દીધી છે......આપણા સ્વામીજીના ઉપદેશામૃતથી મતમતાંતરની તકરારનો અંત આવી લોકો ઐક્યથી અને સાત્વિક ભાવથી સ્વદેશોન્નતિ કરવાને ઉદ્યોગી થશે એવી આશા છે.

મનોરંજક ગ્રંથમાળાના મરાઠી ગ્રંથઉપરથી.

* * રૂક્ષ વેદાન્તનો જેમને કંટાળો આવતો હોય અથવા જેમને તેનો ભય લાગતો હોય, એવા મનુષ્યોએ સ્વામી (રામતીર્થ) જીના મુખારવિંદમાંથી નીકળેલું આ ઉદ્બોધક પરંતુ કલ્પનામય વેદાન્ત અવશ્ય વાંચવું; એવી પ્રત્યેક સાદર નમ્ર વિનતિ છે.

લોકમિત્ર (મરાઠી)-સોલાપુર.

* * " ચટકદાર નવલકથા " અને " રસિકવાઙ્‌મય " એવા સુંદર નામ નીચે પ્રકટ થતી મૂર્ખતા ભરી અને અનર્થક પુસ્તકપ્રકાશન. સાંપ્રતના અંધકારમાં પ્રસ્તુત ગ્રંથ સરખા તેજસ્વી અને પરિણામકારક ગ્રંથોના વાચન પ્રત્યે અમારા તરુણ વર્ગની પ્રવૃત્તિ વધવી જોઈએ.

સયાજીવિજય (મરાઠી)-મુંબઈ.

* * "સ્વામી રામતીર્થ સરખા મહાન પુરુષની આ વાણી છે" એટલું કહ્યું એટલે પછી આ ગ્રંથની બીજી વિશેષ તારીફ કરવાનું કારણ નથી.

જ્ઞાનાંજન-મુંબઈ.

* * સ્વામી (રામતીર્થ) નાં વ્યાખ્યાનો × × × એટલાં સુંદર છે કે તે પુનઃ પુનઃ વાંચવા જરૂર પડે છે.

સ્વામી શ્રી રામતીર્થનું સંક્ષિપ્ત ચરિત્ર.

[illegible] ઉન્નતિ [illegible] તત્ત્વજ્ઞાન [illegible] તેની ઉન્નતિ [illegible] પરંતુ ખરેખરી ઉન્નતિ થવા માટે તો [illegible] ચૈતન્ય [illegible] જરૂર છે [illegible] ઉન્નતિનો આધાર [illegible] સદ્ગુણ અને [illegible] સ્વાર્થનો ત્યાગ અને ઉચ્ચ પરમાર્થનો [illegible] દરેક [illegible] સત્ય [illegible] છે, અને તેથી એ આસ્તિક [illegible] ચૈતન્ય [illegible] કરનાર મહા માઓજ [illegible] જણાય છે

[illegible] પવિત્ર ભરતખંડમાં [illegible] અને [illegible] નિયમાનુસાર એવા [illegible] છે અને તેથી આપણું આ [illegible] પવિત્ર [illegible] અખિલ મનુષ્યજાતિને આધ્યા[illegible] સુધી [illegible] છે પરંતુ [illegible] એ ક્રમ [illegible] હિંદુસ્તાન કુદરતી રીતેજ [illegible] દેશની વસ્તુઓ [illegible] નથી છે કે સંસારને [illegible] વર્ષમાં [illegible]

નેવું એક જાતનું સ્વાભિમાન આપણામાં ઉત્પન્ન થયું; અને ઉપરના બે વિચારોનું સ્થાન નીચેના બે વિચારોએ લીધું.

(૧) કુદરતને તાબે કરવાનો પ્રયત્ન કરવા જતાં આપણેજ તેના દાસ બન્યા છીએ અને ખરું સુખ બાહ્ય વસ્તુઓમાં નહિ પણ આપણી ભાવનાઓમાં—આપણા પોતામાંજ છે.

(૨) આપણું અસ્તિત્વ—અહંકાર—વિસરી જઈને વિષયભાવનામાં લીન થવું—આત્માનો વિક્રમ કરવો—અને આત્માનુભૂતિનો રસ ચાખવો. એજ આપણા સુખની શાશ્વતું ખરૂં સાધન છે.

આ વિચારોનો પ્રસાર કરનાર અને પાશ્ચાત્ય કેળવણીના સંસ્કાર અને ડીગ્રીઓ પામેલા લોકો ઉપર પણ એ વિચારોની છાપ પાડી તેમના હૃદય ઉપર અદ્ભુત અસર કરી તેમને મોહિત કરી નાખનાર આધ્યાત્મિક [illegible] પરમહંસ હતા. તેમની કીર્તિ અને [illegible] પણ પશ્ચિમના દેશમાં પણ જઈ પહોંચ્યા છે અને [illegible] પ્રમાણ અમેરિકામાં [illegible] પોતાની ઉજ્વલ કીર્તિ [illegible] [illegible] [illegible] મહાત્માનું ચરિત્ર અને ઉપ[illegible]

[illegible] તેમના પ્રત્યેની અપેક્ષા દૃઢ થશે પરંતુ જગતને [illegible] સંયોગ [illegible] છે અને અનુષ્ઠાન [illegible] તેમણે [illegible] રાખ્યો હતો તે [illegible] નહિ સંપૂર્ણ ચરિત્રમાં તેમના જ ઉપદેશનું પ્રતિ[illegible] એજ [illegible] ઉદ્દેશ છે અસ્તુ

[illegible] આ નાના સરખા [illegible] આપી [illegible] સંક્ષિપ્ત [illegible] આપવાને ઉત્સુક થઇએ છીએ. સ્વામી[illegible] અથવા ગુજરાનવાલા [illegible] નામના [illegible] નામથી પ્રસિદ્ધ છે એમનો જન્મ [illegible] ૧૮૭૩ [illegible] ૮ મી તારીખ થયો હતો. જે [illegible] કુટુંબમાં [illegible] શ્રી તુલસીદાસજીનો જન્મ થયો હતો, [illegible] સ્વામી શ્રી [illegible] હતો અર્થાત્ તેઓ [illegible] ૧૮૭૩ [illegible] પાતાની [illegible] અને પવિત્ર[illegible] કુટુંબમાં જન્મ લઇને [illegible] નામ [illegible] હીરા[illegible] દિવસમાં એમના પરમ સુશીલ [illegible] પરંતુ [illegible] દિવસમાં [illegible] પરંતુ આ [illegible] નહિ.

[illegible] નથી [illegible] કુટુંબ [illegible] શરીર [illegible]

ત્યારે તેઓ નિરાશ થઇ જતા નહીં, પણ તેમનું ગંભીર અભ્યાસથી [illegible] ચિન્તિત કરી નાખ્યું હતું. એક લેખકે ઠીક કહ્યું છે કે:—

“ દરેક મહાન પુરુષોના જીવનમાં [illegible] છે કે. [illegible] અને [illegible] તથા [illegible] છે કે [illegible] ‘ અભ્યાસ ’ [illegible] ‘ અભ્યાસનો ’ [illegible] છે. ”

વિવેકાનન્દ કહે “ મનુષ્યના [illegible] ‘ [illegible] ’ [illegible] એટલે કે ” એ વાક્યનો અર્થ [illegible] સ્વામી શ્રી રામતીર્થે પોતાની શારીરિક નિર્બળતા [illegible] રીતે દૂર કરી તે [illegible] આપી શકે. સ્વામીજીએ પ્રાથમિક કેળવણી ઉર્દુ ભાષામાં પોતાના [illegible] કરી અને તે પછી તેઓ ગુજરાનવાલામાં આવ્યા. ગુજરાનવાલામાં [illegible] ‘ એન્ટ્રન્સ ’ —મેટ્રીક— પરીક્ષા સુધીનો અભ્યાસ પૂરો કર્યો અને એ પરીક્ષામાં તેઓ પાસ થયા.

આ દિવસોમાં ધન્નારામ નામના એક સજ્જન રહેતા હતા. એમનું સ્વામીજી ઉપર અત્યંત [illegible] હેત [illegible], અભ્યાસ કરતા ઉપરાંત સ્વામીજીને જે સમય મળતો તે ઉપર્યુક્ત મહાપુરુષના સત્સમાગમમાં વ્યતીત કરતા. જ્યારે ધન્નારામ ઉપદેશ કરતા ત્યારે સ્વામીજી તે ઉપદેશને અતિ લક્ષપૂર્વક સાંભળતા અને જ્યારે તેઓ ચૂપ થઇ જતા ત્યારે સ્વામીજી પોતાનું પુસ્તક વાંચવા મંડી જતા. તેઓ હમેશાં પોતાનું એકાદ પુસ્તક પોતાની પાસે રાખતા હતા. ધન્નારામ સ્વામીજીપર અત્યંત પ્રેમ રાખતા હતા. પ્રવેશક પરીક્ષા પસાર કર્યા પછી સ્વામીજીના પિતા એમનો અભ્યાસ બંધ કરાવવા ઇચ્છતા હતા પરંતુ ધન્નારામે એમને લાહોરની મિશન કોલેજમાં દાખલ કરી દીધા. આ કોલેજમાં એમણે બી. એ. ની પરીક્ષા પસાર કરી. આ પરીક્ષામાં એમનો પંજાબના વિશ્વવિદ્યાલયમાં પ્રથમ નંબર આવ્યો. ગણિતવિદ્યામાં તો એમને અતિ નિપુણ હતા. બી. એ. માં પાસ થયા પછી તેમણે લાહોરની સરકારી કોલેજમાં બે વર્ષ સુધી અભ્યાસ કર્યો. અને ગણિતનો વિષય લઈ એમ. એ. ની પરીક્ષા પસાર કરી. આ વખતે સ્વામીજીની ઉમ્મર ૨૧ વર્ષની હતી. આ અરસામાં સ્વામીજીએ ધન્નારામ ઉપર જે પત્રો લખ્યા હતા તેમના [illegible] પત્રોનો ઉલ્લેખ અત્રે કરવામાં આવે છે. તે પરથી તેઓ પોતાનો સમય કેવી રીતે વ્યતીત કરતા અને તે પરથી વિદ્યાર્થીઓએ શું શીખવાનું છે તેનો [illegible] જીવનપરથી એમની ઈશ્વરભક્તિ તથા નિરાભિમાન કેવાં હતાં તે સમજાશે.

પત્ર ૧ લો— ૯ મી ફેબ્રુઆરી ૧૮૯૮, રાત્રિના ૧૧ વાગે.

આપનો એક બીજો પત્ર હમણાં મળ્યો. વાંચી આનંદ થયો. હું હાલમાં સવારમાં પાંચ વાગે ઉઠું છું અને સાત વાગ્યા સુધી અભ્યાસ કરું છું. પછી-

શૌચ આદિથી નિવૃત્ત થઈ સ્નાન અને વ્યાયામ (કસરત) કરૂં છું. તત્પશ્ચાત્ પંડિતજીની પાસે જાઉં છું રસ્તામાં પણ વાચનો વાચનો ચાલુ છું એક કલાક પછી ત્યાં ભોજન કરીને તેમની સાથે ગાડીમાં બેસી કોલેજમાં જાઉં છું કૉલેજથી મુકામ પર આવતા રસ્તામાં દૂધ પીઉં છું. મુકામપર થોડો વખત વિશ્રાંતિ લઈ નદી તરફ ફરવા જાઉં છું નદીના કિનારાપર લગભગ અર્ધા કલાક સુધી હરફર કરૂં છું ત્યાંથી પાછા આવતાં આમાં રહેલા સુંદર બગીચાઓમાં ફરૂં છું પછી મુકામપર આવીને અગાસીપર ફરૂં છું, એટલામાં અંધારૂં થઇ જાય છે (હું ફરૂંફરૂં છું ત્યારે પણ મારૂં વાચન તો ચાલુજ હોય છે) અંધારૂં થતાં કસરત કરૂં છું અને દીવો કરી સાત વાગ્યા સુધી વાંચ્યા કરૂં છું ત્યાર પછી વાળુ કરવા જાઉં છું વાળુ કર્યા પછી પ્રેમજીની પાસે જાઉં છું ત્યાંથી આવી ૧૦–૧૨ મિનિટ સુધી કસરત કરૂં છું ત્યાર પછી લગભગ સાડાદશ વાગ્યા સુધી અભ્યાસ કરૂં છું હું અનુભવથી સિદ્ધ કરી શક્યો છું કે—આપણે આપણા જઠર (પેટ) ને જો બરાબર સારી ઉત્તમ સ્થિતિમાં રાખીએ તો આનંદ કિંવા સુખ, ચિત્તની એકાગ્રતા ઈશ્વરનું સતત સ્મરણ અને આ મનવિશુદ્ધિ આદિ આપણને સહજ પ્રાપ્ત થાય. બુદ્ધિ અને ગ્રહણ કરવાની શક્તિ તેથી સતેજ થાય છે પ્રથમ તો હું ખોરાક બહુ થોડો લઉં છું અને વળી જે ખાઉં છું તેને બરાબર પચાવું છું" 'રામ.

પત્ર ૨ જો— ૫ મી જુલાઈ સને ૧૮૯૪

મહારાજ પરમેશ્વર બહુ ચતુર છે મને તે બહુ પ્યારો લાગે છે આપણે એની સાથે મૈત્રી રાખીએ તો આપણું કલ્યાણજ થાય છે આપણી સાથે એ કોઈ કોઈ વખત સખ્ત થતો માલુમ પડે છે પણ એ તો ઠગબાજી છે તે આપણી સાથે હસી દીલ્લગી કરવાને હમેશાં યત્ન કરે છે આપણી ફરજ છે કે આપણે મજાક મશ્કરી કરનારપર ક્રોધ કરવો જોઈએ નહિ. વળી બીજા પત્રમાં હું તેના સબંધી અન્ય વાતો આપની સેવામાં રજુ કરીશ આ પત્ર હું ટેબલ પર મુકી લખું છું આજે સવારે અહીંઆ થોડી ખાંડ પડી ગઈ હતી એ ખાંડની આસપાસ ચાર પાંચ કીડીઓ એકઠી થયેલી મારી કલમ અને મારા અક્ષરો તરફ જોઈ રહી છે અને અરસપરસ વાતચીત કરી રહી છે એમની જે વાતો સાંભળી તે હું આપને લખી જણાવું છું જો કે મારો પત્ર બહુ ખરાબ છે તોપણ એ કીડીઓના મનથી તો તે ઉત્કૃષ્ટ નકશા સમાન છે જે કીડી પ્રથમ બોલી તે અતિ અજ્ઞાન હતી અને સાથી નાની પણ હતી તે બોલી— એ બ્હેન! આ કાગળપર પેલી કાળી લીટીઓ કેવી ચીતરી રહી છે તો! કેવી લીટીઓને લોકો પોતાની નજર સામે રાખે છે અને ઘણા પ્રેમથી વાંચે છે જે કાગળપર કલમ નિશાની કરે છે અથવા તે કાગળ લોકો પોતાના હાથમાં લઈ ફરે છે અહાહા! કેવું સરસ છે! જો તો મેં તો ના કાળા કોઈ કોઈ અક્ષરો તો આપણા બાળક

(કીડીઓ) ની તસ્વીર જેવા દેખાય છે: આહાહા ! શું ખુબસુરતી છે ? એ કલમમાં જીવ નથી, પણ આપણા જેવાં જીવતાં પ્રાણીઓને હજારો વખત તે પેદા કરી શકે છે." આટલું બોલી પેલી કીડી તો ચૂપ થઇ ગઇ. ત્યાર પછી બીજી બોલવા તૈયાર થઇ. આ કીડી પહેલી કરતાં જરા મોટી હતી અને તેના કરતાં જરા દીર્ઘદ્રષ્ટિ ધરાવતી હતી. તેની આંખો સતેજ હતી. તે બોલી:—" મારી ભોળી બાઇ ! તું જોતી નથી કે કલમ તો બિલકુલ મરેલું મુડદું છે, તે તો જરા પણ કામ કરી શકતી નથી. બે આંગળીઓ તેને ચલાવે છે ત્યારે તે ચાલે છે; માટે સઘળો ધન્યવાદ આંગળીઓને ઘટે છે. " ત્યાર પછી ત્રીજી કીડી કે જે ઉપર્યુક્ત બન્નેથી મોટી હતી તે બોલી:–" તમે બન્ને હજી અજ્ઞાન છો. આંગળીઓ તો પાનની દોરી સમાન છે. તે બિચારી શું કરી શકે ! જે કરે છે તે પોંચું કરે છે. " અંતે સૌથી મોટી કીડી બોલી:—" કલમ, આંગળીઓ, પોંચું એ સર્વે ધડને આધારે કામ કરી રહ્યાં છે, માટે ખરો ધન્યવાદ તો ધડને ઘટે છે." આટલું બોલી તે કીડી ચૂપ થઈ ગઇ. ત્યારે મેં તે સર્વને કહ્યું:—" હે મારાં અનન્ય સ્વરૂપો ! આ ધડ પણ જડરૂપ છે. એને પણ એક બીજી ચીજનો આશ્રય છે અને તે ચીજ પ્રાણ છે; માટે પ્રાણને સઘળો ધન્યવાદ ઘટે છે." હું આ શબ્દો બોલ્યો એટલે મને આપનાં વચનો યાદ આવ્યાં અને તે પણ મેં તેમને કહી સંભળાવ્યાં. મેં તેમને કહ્યું કે:—" મનુષ્યના આત્માની ઉપર પણ એક વસ્તુનો અધિકાર છે અને તે વસ્તુ પરમાત્મા છે. તે વસ્તુને આધારે અન્ય સઘળી વસ્તુઓ ચેષ્ટા કરી રહી છે. દુનિયામાં જે કાંઇ થાય છે તે તેની મરજીથીજ થાય છે. પુતળીઓ જાદુગર વિના નાચી શકતી નથી. વીણા પણ વગાડનાર વિના સ્વયં સુર કાઢતી નથી. આ રીતે દુનિયાનાં સમસ્ત પ્રાણીઓ તેની આજ્ઞા વિના કાંઈ પણ કરી શકતાં નથી. ઘા કરવો એ તલવારનું કામ છે, પણ યોદ્ધા વિના તલવાર ઘા કરી શકતી નથી. તેજ પ્રમાણે કોઇ ગમે તેવો દુષ્ટ માણસ હોય પણ પરમેશ્વરની મરજી વગર કોઇ તેનો વાળ વાંકો કરી શકતું નથી. જેવી રીતે બાદશાહની સાથે મૈત્રી કરવાથી આખો દેશ આપણી સાથે મિત્રતા બાંધે છે, તે પ્રમાણે પરમાત્માને પ્રસન્ન કરવાથી અખિલ વિશ્વ આપણું પોતાનું થઇ જાય છે." વગેરે

વનસ્પતિજી નામના એક માણસ સ્વામીજીના સહાધ્યાયી હતા. તેમણે ૧૯૦૭ ના ફેબ્રુઆરી માસના ' જમાન અખબાર ' માં એક લેખ લખીને સ્વામીજીના વિદ્યાર્થીદશાની ઘણી હકીકત આપી છે. વનસ્પતિજી અને શ્રીરામતીર્થ ઘણા દિવસ સુધી એકજ જગ્યાએ રહ્યા હતા અને એકજ ઓરડીમાં રહેવું, સાથે ખાવું પીવું ઉઠવું બેસવું વગેરેને લીધે બન્ને વચ્ચે ગાઢ મૈત્રી બંધાઈ હતી. શ્રી રામતીર્થ તેમની પાસે હાથ ખુલ્લો કરીને વાતો કરતા હતા. શ્રી રામતીર્થને પલંગ ઉપર સૂવું ગમતું નહિ. ભોંય ઉપર સૂવું તેમને બહુ ગમતું. તેઓ બહુજ થોડું સૂતા. પ્રાતઃકાળે ૪-૫ વાગે ઉઠી વાંચવા બેસવાની તેમની ટેવ હતી.

તેમના પિતા કોઇ કોઇવાર તેમને મળવા માટે બોર્ડીંગ હાઉસમાં આવતા, પરંતુ તેમનાં ગુરૂ તો વારંવાર આવતા. સ્વામીશ્રીના પિતાનો સ્વભાવ ઘણોજ ભોળો હતો. તેમને ફારસી, હિંદી, અને સંસ્કૃત આવડતું હતું. સ્વામીશ્રી કહેતા કે મને જે કંઇ જ્ઞાન મળ્યું છે તે ધનાભગત પાસેથી જ મળ્યું છે અને તેને જ તે 'ગુરૂ' કહેતા. કૉલેજની રજાઓના દિવસોમાં શ્રી રામતીર્થ ઘેર જતા. જો કે હજી તેઓ ઘરબાર પ્રત્યે ઉદાસીનતા બતાવતા ન હતા, તોપણ તેમના સોબતીઓ સાથે થતી વાતચીતો ઉપરથી તેઓ ઘરબારનો જલદી જ ત્યાગ કરશે એમ સૌને લાગતું હતું. બી. એ. ની પરીક્ષામાં પ્રથમ નંબરે આવ્યાથી તેમને દર માસે ૬૦ રૂપિઆ વિદ્યાવેતન (સ્કોલરશીપ)ના મળતા. તેમાંના થોડાક પૈસા પોતાના ખર્ચને માટે રાખી બાકીની રકમ તેઓ ઘેર કિંવા ગુરૂજીના ખર્ચને માટે મોકલી આપતા. તેમનો ખોરાક મુખ્યત્વે કરીને દૂધનો જ હતો. કોઇ કોઇ દિવસે તેઓ જમતા, તોપણ બે પાતળી રોટલીઓ સિવાય બીજું કંઇ ખાતાં તેમને કોઇએ જોયા નહિ હોય. તેઓ હમેશાં બે વખત દૂધ પીને રહેતા. પોતાના જુવાન મિત્રો અને નિકટ સ્નેહી સબંધીઓનું સ્વાગત પણ તેઓ દૂધથી જ કરતા. ઔષધ ખાતાં તેમને કદિ કોઇએ જોયા નહિ હોય. તેઓ માંસાહારને મહત્પાપ ગણતા અને માદક પદાર્થોને હલાહલ ઝેર માનતા. તેમનો પોશાક બહુજ સાદો હતો. ગ્રીષ્મ ઋતુમાં એક ખાદીનું જાડું ધોતીયું અને એક પહેરણ એ જ એમનો પોશાક! ગ્રીષ્મ ઋતુમાં પણ તેઓ માથું ઉઘાડું રાખતા, બહાર જતી વખતે મલમલને ફેંટો બાંધતા. ટોપી કદિ વાપરતા નહિ. શીઆળામાં ધાબળીનો એક કોટ પહેરતા. કૉલેજનો અભ્યાસ પૂરા થયા પછી જ્યારે તેઓ સીઆલકોટની મિશન કૉલેજમાં પ્રોફેસર હતા ત્યારે પણ આખા શીઆળામાં તેઓ ગરમ કપડાં તરીકે ધાબળી સિવાય બીજું કંઇ વાપરતા નહિ. સાંજ સવાર કૉલેજના વિદ્યાર્થીઓને તેઓ પોતાની સાથે ફરવા લઇ જતા અને આધ્યાત્મિક બાબતો ઉપર સંવાદ કરતા. પટલુન વગેરે કદિ વાપરતા નહિ. તેમનું માનસિક ધૈર્ય અસાધારણ હતું. પોતાની બ્હેન (એ બ્હેન પણ નાનપણમાં તેમનું રક્ષણ કર્યું હતું) ગુજરી ગયાનો પત્ર વાંચીને તેઓ રાવી નદી ઉપર ગયા અને ત્યાં એકાંતમાં ઈશ્વરને પ્રાર્થના કરી કે— 'પ્રભો! આ દુઃખ સહન કરવાની મને શક્તિ આપ કે જેથી શોક ન થતાં મને નિરંતર તારૂંજ સ્મરણ રહે અને મારા અન્ય કર્તવ્યમાં હાનિ ન પહોંચે.' એક દિવસ વનસ્પતિજીએ પૂછ્યું કે "તમારા હૃદયમાં ખરી ઇચ્છા શી છે? કૉલેજના છોકરાઓને ભણાવવાની કે બીજી કંઇ?" તેમણે જવાબ આપ્યો કે— "આ ભણાવવાનું કામ તો માત્ર થોડા દિવસનુંજ છે. આ પુત્રને માટે થોડા દ્રવ્યસંચય કર્યાં પછી રાત્રિ દિવસ દેશાટન કરવું અને લોકોને ઉપદેશ કરવો એજ મારી અંતિમ ઇચ્છા છે. જ્યાં જ્યાં જરૂર ત્યાં ત્યાં વિદ્યાર્થીઓને શીખવીશ. બદલામાં થોડુંક દૂધ મળશે એટલે બસ. બીજા કશાની મને અપેક્ષા નથી. ઉપદેશ કરીને અવિદ્યા દૂર કરવી એજ કર્તવ્ય છે."

સીઆલકોટ મિશન કૉલેજમાં ગણિતના પ્રોફેસર તરીકે તેમની બદલી થઇ અને ત્યાં તેમણે બે વર્ષ સુધી કામ કર્યું. ત્યાર પછી થોડો વખત લાહોરની ઓરીએન્ટલ કૉલેજમાં તેઓ રીડર હતા. સર્વ શિક્ષકોનો સ્વામીજીના પર અત્યંત પ્રેમ હતો. તે વખતના સરકારી કૉલેજના પ્રિન્સિપાલ મિ. ડબ્લ્યુ બેલ, સ્વામીજીની અસાધારણ બુદ્ધિને માટે ઘણુંજ અભિમાન ધરાવતા હતા. સ્વામીજીએ પ્રોવીન્શ્યલ સિવિલ સર્વિસની પરીક્ષામાં બેસવું એવી તેની ઇચ્છા હતી; પરંતુ સ્વામીજીની ઇચ્છા પોતાનો અત્યંત પ્રિય અને જેને માટે પોતે ઘણો શ્રમ લીધેલો એવો ગણિતનો વિષય શીખવાની હતી. સરકારી સ્કૉલરશીપ લઇ અને વિલાયત જઇને કેમ્બ્રીજની યુનીવર્સીટીની ગણિતની સૌથી ઊંચી સીનીઅર રેંગલરની પરીક્ષા આપવાની તેમને ઇચ્છા થઇ હતી; પરંતુ એવી લૌકિક પરીક્ષાઓ આપીને કેવળ આંકડા અનુસાર ઈશ્વર થવા કરતાં અલૌકિક પુરુષ થવું એવોજ કંઇક ઇશ્વરી સંકેત તેમને માટે હશે, તેથી કે કોણ જાણે શાથી પણ એમનામાં એ સ્કૉલરશીપ મેળવવાની પાત્રતા હોવા છતાં તે તેમને ન મળતાં એક મુસલમાન વિદ્યાર્થીને મળી.

કૉલેજમાં પ્રોફેસર હતા ત્યારેજ એટલે ઇ. સ. ૧૮૯૭ના ઓક્ટોબરમાં દિવાળીને દિવસે તેમણે પોતાનો આત્મા પરમેશ્વરને અર્પણ કર્યો, અર્થાત્ આત્મવિદ્યા પ્રાપ્ત કરી લેવાનો નિશ્ચય કર્યો. એ વખતે તેમની ઉમ્મર ૨૪ વર્ષની હતી. ૧૮૯૭ ના ઓકટોબરની ૨૫ મી તારીખે તેમણે પોતાના પિતાના પત્રના જવાબમાં નીચે પ્રમાણે લખ્યું હતું:—

“ ચરણવંદના. આપનો કૃપાપત્ર મળ્યો. અત્યંત આનંદ થયો. આપના પુત્રનું (રામતીર્થનું) શરીર હવે વેચાઇ ગયું છે. હવે ‘ રામ ’ ને મારૂં એવો ભેદ રહ્યો નથી. આજે દિવાળીને દિવસે મારૂં શરીર આપી દઇને ગુરૂજીને જીતી લીધા. હવે તમને જે કંઇ જોઇએ તે મારા માલીક કને માગી લ્યો. તે તુરતજ તમને આપશે. એક વખત નિશ્ચય કરીને માગી તો જુઓ. આજ ૧૯—૨૦ દિવસ થયા મારૂં બધું કામ તે પોતે ઘણી સંભાળથી કરે છે, તો પછી તમારૂં કેમ નહિ કરે ? અજમાવો નહિ. તેમની જેમ મરજી થશે તેમ અમલ થતો રહેશે. આપણે—ગોસાંઇઓનું ધન ગુરૂ મહારાજજ છે. એ ખરૂં ધન હોઇ કરીને સંસારના ખોટા ધનની પાછળ પડવું ઉચિત નથી અને એ ધન ન મેળવવું જેઇને ચોટ કરવી એ તો ઘણુંજ શરમ ભરેલું છે આ અમલ પ્રાપ્ત અથવા દોલત (ગુરૂ મહારાજ) ની મદદ એકવાર તો લઇ જુઓ !

આ બનાવ પછી બે વર્ષે તેમને વૈરાગ્યની ઉત્તમ દશા પ્રાપ્ત થઇ અને કૉલેજની ગણિતના પ્રોફેસરની જગ્યા તેમણે છોડી દીધી. ૧૮૯૯ ની આખરે તેઓ હિમાલય તરફ ચાલતા થયા. તે વખતે તેમને ૨૬ મું વર્ષ પૂરૂં થઇને ૨૭ મું વર્ષ બેઠું હતું. તેમને સંતતિમાં બે પુત્રો અને એક પુત્રી હતાં. મોટા છોકરાનું નામ મદનમોહન અને નાનાનું નામ બ્રહ્માનંદ હતું. હિમાલયમાં જઇને સ્વામીજીએ કઠિન તપશ્ચર્યા કરી

બ્રહ્મવિદ્યામાં નિપુણતા મેળવી. એક વર્ષની અંદર જ તેમણે સંન્યાસ લીધો. પછી થોડાજ દિવસમાં તેમને પૂર્ણાત્મની–પૂર્ણ જ્ઞાનની–સ્થિતિ પ્રાપ્ત થઇ અને તેમનું યોગબળ વધ્યું. બે વર્ષ પછી ધર્મમહોત્સવ પ્રસંગે તેઓ મથુરાં આવ્યા હતા. સ્વામીશ્રીનો ઉપદેશ સાંભળવાને લોકો એટલા બધા આતુર હતા કે ટાઢ, તડકો, પવન, વખત કવખત એ કશાને નહિ ગણતા તેઓ તેમની પછવાડેજ લાગતા. તંબુ અથવા મંડપની જગ્યા પૂરી ન પડવાથી યમુનાના પટમાં તેમને વ્યાખ્યાનો આપવાં પડતાં હતાં.

ત્યાર પછી થોડે દિવસે એટલે સન ૧૯૦૨ માં સ્વામીશ્રી પ્રવાસે નીકળ્યા અને ત્રણ વર્ષમાં મિસર, અમેરિકા, જાપાન ઇત્યાદિ દેશોમાં જઇ આવ્યા. એ ત્રણ વર્ષમાં તેમણે લોકોને પુષ્કળ ધર્મોપદેશ કર્યો. તે છતાં તેમણે પોતાની આત્મિક ઉન્નતિની સાધના બંધ કરી ન હતી, લક્ષ્મીની કાંઇજ દરકાર રાખી નહતી; છતાં આખી દુનિયાનો પ્રવાસ કર્યો. સ્વામીશ્રી અમેરિકામાં હતા ત્યારે ત્યાંનાં સંયુક્ત સંસ્થાનો (યુનાઇટેડ સ્ટેટ્સ) નો પ્રેસિડેન્ટ ખાસ સ્વામીજીનાં દર્શન કરવાને માટે બે વખત તેમની પાસે આવ્યો હતો. 'આપને કાંઇ જોઇએ છીએ?' એમ તેમણે પૂછતાં સ્વામીજીએ તેને જે જવાબ આપ્યો તે ઉપરથી તેમનો ત્યાગ કેવો હતો તે જણાઇ આવે છે. સ્વામીશ્રીએ કહ્યું—"રામને કોઇ વસ્તુની ઇચ્છા નથી તો તે શું માગે? આખી દુનિયાની દોલત અને બાદશાહોની બાદશાહી 'રામ' નીજ છે. 'રામ' બાદશાહનો બેપરવા છે અને બાદશાહોનો બાદશાહ છે. યાચના કરવાને આ રામે સન્યાસ લીધો છે? ના." સ્વામીશ્રી [illegible] કહેતા કે

"ખ્યારી ઠહરી હૈ બાદશાહ, મુફ્તી મેરી ગાવરજ હૈ,
ત્રિલોકી કી ચાલ હૂં, નામ રંગ મુસદ્દ જગાહૈ."

અમેરિકાના લોકો રામ ઉપર એટલા બધા મોહી રહ્યા હતા કે તેમની [illegible] રામ [illegible] દિવસમાં [illegible] વખત વ્યાખ્યાનો આપવાં પડતાં હતાં [illegible] એટલુંજ નહિ પણ [illegible] માનવા લાગ્યા; અને [illegible] રામની [illegible] વ્યાખ્યાન [illegible] છે—

"[illegible] એમ અમે [illegible] છોડીએ [illegible] એમ લાગે છે કે [illegible] અથવા [illegible] નથી અને [illegible] નથી.'

તેમણે અમેરિકાનાં [illegible]

૧ મનુષ્ય પ્રાણી એ ઈશ્વરની છાયા છે.

૨ જેનું આત્મા જગતની સાથે તાદાત્મ્ય થયું છે તેની ઈચ્છા પ્રમાણે આખું જગત ચાલવુંજ જોઈએ.

૩ શરીરદ્વારા અવિશ્રાંત મહેનત કરવી અને મનને શાંત અને પ્રેમમય કરવું એ જીવન્મુક્તિ છે.

૪ સૌની સાથે પોતાનું ઐક્ય છે એવો પૂર્ણ સાક્ષાત્કાર થતાં જ ચિત્તની સમાનતા પ્રાપ્ત થાય છે.

૫ જેમ આપણે રસાયનશાસ્ત્રનો અભ્યાસ કરીએ છીએ તેમ જગતના સર્વ ધર્મગ્રંથોનો અભ્યાસ કરવો અને પ્રત્યક્ષ અનુભવનેજ છેવટનું પ્રમાણ માનવું.

લગભગ બે વર્ષના ટુંક સમયમાં સ્વામીશ્રીએ અમેરિકામાં કેટલું બધું કામ કર્યું અને અમેરિકન લોકો ઉપર તેની શી અસર થઈ તે વિસ્તારથી કહી શકાય તેમ નથી.

સ્ટીમરમાં પ્રવાસ કરતી વખતે સ્ટીમરમાંના અમેરિકન લોકોને સ્વામીશ્રી અમેરિકનજ છે એમ લાગતું. અમેરિકા જતાં પહેલાં જાપાન જતી વખતે જે જાપાનીઓને સ્વામીશ્રીને મળવાનો અને વાતચીત કરવાનો લાભ મળ્યો હતો તેઓ પાછળથી કહેતા હતા કે સ્વામીશ્રી હજુ અમારી ઓરડીમાંજ છે એમ અમને લાગે છે. તેમનું ઉચ્ચ ભાલ ભવ્ય કપાળ અને ભગવો પોશાક જોઈ એમને અમારા બરફથી ઢંકાએલા પ્રિય ફુજીયામા જ્વાળામુખી પર્વતનું સ્મરણ થાય છે. જાપાનમાં ટોકીઓ ઈમ્પીરીઅલ યુનિવર્સીટીની સંસ્કૃત પાઠશાળાના પ્રોફેસર તાકાકુસુએ સ્વામીશ્રી વિષે 'પૂર્ણત્વ પામેલા મહા વિદ્વાન તત્ત્વવેત્તા તે એમનેજ જોયા' એવા ઉદ્ગાર કહાડેલા હતા. સ્વામીશ્રી ઇજીપ્તમાં ગયા ત્યારે ત્યાંના મુસલમાનોએ તેમનો ઉત્તમ સત્કાર કર્યો હતો. તે લોકોની ઈચ્છાથી તેમણે ત્યાંની એક મસ્જીદમાં ફારસી ભાષામાં વ્યાખ્યાન આપ્યું હતું અને તે એ લોકોને ગમ્યું હતું.

અમેરિકામાં એક વખતે સ્વામીજીને પૂછ્યું કે, '[illegible] તમને કેમ [illegible]' સ્વામીશ્રીએ જવાબ આપ્યો કે, '[illegible] રામ [illegible] કદાચીત્ [illegible] ત્યારે તે [illegible] એની મેળેજ આવી [illegible] કારણ કે 'રામ' આખી [illegible] આખી દુનિયા 'રામ' [illegible] અમેરિકામાં [illegible] હોય કે હિંદુસ્તાનમાં રહેને હોય પણ [illegible]

સ્વામીજી [illegible] પહાડ [illegible] કરતાં લખેલો વખતે પણ એકાએક [illegible] પર્વતમાં, ઝાડીઓમાં [illegible] 'રામ' [illegible] કરવો અને તેથી [illegible] 'રામ' ની ભક્તિમાં [illegible] લીન [illegible] હતી [illegible]

તેઓ વસિષ્ઠગંગાને કિનારે કિનારે ચાલવા લાગ્યા. સ્વામીજી રહેતા હતા તે પહાડમાંથીજ વસિષ્ઠગંગા નીકળી છે તેમને બે દિવસ સુધી પર્વતના ભયંકર રસ્તાએ ઉપર ચાલવું પડ્યું બીજે દિવસે સત્વગુણથી ભરાઈ ગએલી જમીન ઉપરજ જાણે ચાલ્યા જતા હોય તેમ સૌને લાગતા માંડ્યું ઉપરજ ' રામ ' ભગવાન રહેતા હતા ! અહાહા ! કેવો આનંદ ! જાણે પવિત્રતાનો વરસાદ ન વરસતો હોય ! એ પહાડ-એ આનંદભવનનું વર્ણન કરવાની કોની કલમમાં શક્તિ છે ? આખું જંગલ પહાડી ઝરાઓથી ભરેલું હતું જરાક આગળ જતા ' રામ ' ભગવાનની પર્ણકુટી નજરે પડી. ભગવા કપડા સુચવતાં હતા કે આખી દુનિયાનો બાદશાહ અહીંઆજ છે કોઇના મનમાં કશું દુઃખ રહ્યું નહિ. હરિજી તો દોડીને ' રામ ' ભગવાનના ચરણમાં આળોટી પડયા સ્વામીશ્રીએ તુરતજ તેને ઉપાડીને હૃદયે ચાંપ્યા અને ખડખડ હસીને બોલ્યા –" બેટા ! તું આવ્યો ? ઠીક થયું ચાલ હું તને તખ્ત ઉપર બેસાડું છું " એમ કહીને સામે પડેલી ઉંચી શિલા ઉપર તેને બેસાડીને પોતે ઉભા રહ્યા અને બોલવા લાગ્યા – ' પ્યારા ભાઇ ! આ જો પર્વતોનો કેવો કિલ્લો બન્યો છે ! આ સુંદર પહાડી હવા, ચળકતો સૂર્ય, વાંકાચુંકા વહેતા ઝરા તારા ગુણગાન કરે છે ! એ સૌમાં તુંજ છે શોક શાનો ? ભય શાનો ? તું શુદ્ધ આત્મા છે " હરિજી લખે છે કે – ' તે વખતની અમારી સ્થિતિ હું વર્ણવી શકતો નથી. ' રામ ' ભગવાનની શોભા અવર્ણનીય હતી જો વિશ્વમાં ક્યાંઇ ઈશ્વર હોય તો તે અત્યારે આ શિલા ઉપરજ બેઠા છે એમ સૌને લાગતું હતું

હરિજી આવી પહોંચ્યા પછી સ્વામીજીએ એક પહાડી છોકરાને બોલાવીને ચાર શેર દૂધ જલદી લાવી આપવા કહ્યું ત્યાર પછી તેઓ બોલ્યા કે – બેટા ! ઉત્તર કાશી અહીંથી બે દિવસના રસ્તા ઉપર છે પવાલી કાંટાનો પ્રસિદ્ધ પર્વત અહીંથી ૧૮-૨૦ માઈલ છે કેદારનાથનો આશ્રમ પણ બે દિવસના રસ્તા ઉપર છે એ સ્થળો તમને બતાવવાને માટે રામે ચુંટી રાખ્યા છે મરજી થશે ત્યારે જઇશું બીજે કોઇ સ્થળે ન જવાય તોપણ પવાલી કાંટાનો પર્વત જોવા તો અવશ્ય આવવું જ પડશે. એટલામાં પૂરણજી વગેરે આવી પહોંચ્યા અને સૌ મળી પર્ણકુટીમાં જઇ બેઠા એક પર્વતના ઉંચા શિખર ઉપર લગભગ એક ફર્લાંગ જેટલું મેદાન છે પર્વતની તળેટીમાં એક બાજુએ વસિષ્ઠગંગા વહે છે બીજી બાજુએ માઈલોના માઈલો સુધી ઉંચા પર્વતોની હાર ભીંતની પેઠે આવી રહી છે જ્યાં ત્યાં નિર્મળ પાણીના ઝરાઓ ખળખળ વહે છે જમીન ઉપર વચ્ચે વચ્ચે સુંદર પુષ્પો પોતાની શોભા બતાવે છે આ પર્વતો વચ્ચે બે માઈલ સુધી મોટા મોટા પહાડી પથરાઓ પડેલા છે તમાંના એક ઉપર પાંગીઆ ઉભા કરેલા જણાય છે, તેજ રામની પર્ણકુટી છે તેની લંબાઇ લગભગ ત્રણ અને પહોળાઇ બે ગજ હશે અંદર છે ? ખાસ છ નાની નાની પેટીઓ અને તેમાં પુસ્તકો સિવાય બીજું કંઈ નહોતું

મારે તેઓ અને તેઓના (કેટલાક) મોકલ્યાં હતાં. એમાં (હ્યુમ) ડાયસન, ગોથે
વગેરે ગ્રાસી અને એમર્સન, થોરો, મિલ્ટન વગેરે અંગ્રેજ ગ્રંથકારો 'રામ' ના
પુસ્તકોમાં સારું સ્થાન હતું. ફારસી ગુલીસ્તાન અને ઉપનિષદો પણ 'રામ' ના
પુસ્તકોમાં સ્થાન પામ્યાં હતાં. એક પેટીમાં એવો પીળો મોકલ્યો હતો. એક મિત્ર
એ પણ મોકલ્યો હતો. પંજાબના ઉંચા શિખરોએ પહોંચતાં જ એ મિત્રને જોરથી
ઝરણાંમાં આવેલો એક ઝૂંપડામાં એક ગામ, ઝરણું ઝરવું પણ હતું; એવી હતી;
જગ્યાએ વિહરીને સ્વામીજી ફરવા ઉપર ખૂબ ભાવિત...
દૂધ આવતાં જ તે સૌને આપવામાં આવ્યું, જે કંઈ બાકી રહ્યું તે પોતાના નાણા-
ભૈયા (કાશ્મીરીના) પ્યાલામાં લઈને સ્વામીજીએ પીધું. પછી આખા દહાડો પડીને
બોલ્યા:—" દુનિયામાં જ્યાં ત્યાં આનંદ આનંદ પ્રસરી રહ્યો છે, જ્યાં પરમેશ્વર બસી
રહ્યા. અહા! કેવી શાંતિ છે! આજે 'રામ' તમને ફરીથી ઉપદેશ કરે છે. "
હરિજી તરફ જોઈને ફરી બોલ્યા કે; " આપણા માટે તો અહીંઆં રાખ્યા છે;
રામે " એ પ્રદેશ મંજીઆર વાંચ્યા અને આ જેતાં ઉપરે પરવિદ્યા સિવાય બીજું
કંઈ 'રામ' ની નજરે પડતું નથી, " એમ કહીને સ્મિત કરીને એક પેટીમાંથી એક
અંગ કાઢીને સ્વામીશ્રી ગુલીસ્તાનનાં વાક્યો સંભળાવવા લાગ્યા. તેમની જિહ્વામાં કેવું
અદ્ભુત જાદુ હતું! શબ્દો પણ કેમ નીકળતા હતા! જાણે ઉત્તમોત્તમ મોતીઓની
માળાનાં મોતી સરી ન પડતાં હોય! વૈરાગ્યપૂર્ણ વાક્યો સંભળાવતાં સંભળાવતાં
સ્વામીજીનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ ચાલી રહી અને અન્ય સૌ ધ્યાનમાં લીન થઈ
ગયા. પછી સ્વામીશ્રીએ વેદમાંથી કેટલાક મંત્રો ગાઈ બતાવ્યા. મંત્રવિદ્યામાં તેઓ
અત્યંત કુશળ હતા. તે મંત્રોના અર્થ તેમણે ઉત્તમ રીતે કરી બતાવ્યા. એવા અર્થ
હરિજીએ કોઈ વખત કર્યાં નહોતા તેમ સાંભળ્યા પણ નહોતા. વેદમાં કેટલા સુંદર
ભાવો ભર્યા છે તે સ્વામીજી જ્યારે ત્યારે બતાવતા.

બપોરે બે વાગે સ્વામીજીએ ફરમાવ્યું કે, " બહુ મોડું થઈ ગયું, હવે ભોજન
કરો." સ્વામીશ્રીને થોડુંક ખાવાનો હરિજીએ બહુજ આગ્રહ કર્યો. સ્વામીજીએ કહ્યું કે,
" ભોજન કર્યું નથી કર્યાને ઘણા દિવસ થઈ ગયા એ તને માલૂમ નથી! સાંજ
સવાર થોડુંક દૂધજ પીને રહું છું." પૂરણજીએ પણ બહુ આગ્રહ કર્યો. સૌનો
અત્યંત પ્રેમ જોઈને સ્વામીજી ઉઠ્યા અને " ઠીક ત્યારે ચાલો " એમ કહી ખીચ-
ડીના બે ત્રણ કોળિયા ખાધા પછી હસીને બોલ્યા કે, " તમારી મરજી પ્રમાણે
મેં ખાધું, હવે તમે શાંતિથી જમો."

એ આશ્રમથી ૬૦ માઈલ ઉપર નારાયણ સ્વામી રહે છે એમ સૌને માલૂમ
પડતાં તેમને પણ બોલાવવાની સ્વામીજી પાસે આજ્ઞા માગી, અને તે મળતાંજ પૂર-
ણજીએ એક માણસને પત્ર આપી તે તરફ મોકલ્યો. સાંજે સુમારે ચાર વાગે સ્વામી-
જીએ ફરીથી ઉપદેશ કરવાનો આરંભ કર્યો. ' ખરો આનંદ કિંવા સ્વતંત્રતા ક્યાં

ઈશ્વરમાં-સત્યમાં-રામમાં રહેવાથીજ મળે છે ' એ ઉપદેશનો વિષય હતો. ' ઈશ્વર સિવાય બીજી કોઇ વસ્તુ સત્ય નથી, એ નિયમ ઉપર વિશ્વાસ રાખીને જે ચાલે છે તેને કંઈ દુઃખ થતું નથી. જ્યારે મનુષ્ય જગતની વસ્તુઓને સત્ય અને ઈશ્વરને અસત્ય માનવા લાગે છે, ત્યારેજ તેને કલેશ-આપત્તિ આવી મળે છે ' સ્વામીજીએ વળી કહ્યું કે, " જુઓ પૈસાનો સ્પર્શ પણ ન કરતાં 'રામ' આખી દુનિયાની સફર કરી આવ્યો, એ આ મહાન કાયદા પ્રમાણે વર્તવાને લીધેજ એ કાયદા પ્રમાણે ચાલનારની આગળ દોલત ગુલામ બની રહે છે અને દૈવ (વિજય) તેનો ચાકર બને છે સૂર્ય, ચંદ્ર અને તારાઓ તેની ઇચ્છાનુસાર ચાલે છે, અને ઇંદ્ર વરુણ તથા કુબેર તેનો હુકમ ઉઠાવવાને તૈયાર રહે છે ' ત્યાર પછી સ્વામીજીએ પોતાનું જીવનવૃત્તાંત કહીને એ કાયદો સિદ્ધ કરી બતાવ્યો સાંજના ચારથી રાતના સાડાબાર વાગ્યા સુધી ઉપદેશ ચાલુ રહ્યો. અંતમાં સ્વામીજીએ કહ્યું કે,-"હવે ચાલો સહુ જાઓ, પણ ધ્યાનમાં રાખજો કે સૂતી વખતે ' રામ ' ને સાથે લઈને સૂજો. નિદ્રા તમને 'રામ' થી છૂટા પાડી શકવી ન જોઈએ ' હરજી મોટે પરોઢીએ ઉઠીને જુએ છે તો સ્વામીજી પ્રથમજ જાગ્રત થએલા છે તેઓ બોલ્યા.-" હું સદા જાગતોજ છું વિવેકનો તાપ લાગ્યો ત્યારથી મારી આંખો મીંચાઈજ નથી. "

પૂરણજી વગેરે સૌ ઉઠીને નિત્યવિધિ આટોપી સ્વામીજીની સેવામાં હાજર થયા. વિખ્યાત જર્મન તત્ત્વવેત્તા શોપેનહોરના જીવનવૃત્તાંતની વાતો કરીને સ્વામીજીએ સૌને ખૂબ હસાવ્યા અને એમ સિદ્ધ કરી બતાવ્યું કે, શોપેનહોરને કલેશ થવાનું મુખ્ય કારણ તેણે આ મોટો કાયદો તોડ્યો એજ હતું

બપોરે સ્વામીજીએ હરિજી પાસે કેટલાક લોકોને કાગળો લખાવ્યા. તેમાં એમ લખ્યું હતું કે- જો રામ ને મળવાની ઇચ્છા હોય તો સપ્ટેમ્બરની અંદર આવી મળી જવું નહિ તો પછી મળી શકાશે નહિ. 'જણાય છે આ ભવિષ્યવાણી નદીએ તેમ કબુલ કરી લીધી ?'

ઉપર કહેલી પર્ણકુટીમાં નિવાસ કરી તા. ૧૭ મી ઓક્ટોબર ૧૯૦૬ સંવત ૧૯૬૩ ના આશ્વિન વદ અમાવાસ્યા ને બુધવારે એટલે દિવાળીને દિવસે ૩૩ વર્ષની ઉમરે સ્વામીજીએ જેની પાસે સદા રમી ફરતા અને જેની લહેરોમાં તે મસ્ત આનંદી રહેતા તે ગંગાને પોતાનો દેહ અર્પણ કર્યો. સ્વામીજીએ ગુરુને આત્મસમર્પણ કર્યું તે દિવસ પણ દિવાળીજ હતો. એજ દિવસે સ્વામીજીએ પોતાનું જન્મ પૂરું કર્યું આપણું જન્મ પૂરો કર્યો અને જલસમાધિ લેતા પહેલાં થોડી મિનિટ ઉપર તેમની કલમમાંથી નીચેના શબ્દો નીકળ્યા.—

" ઓમ વિષ્ણુ શિવ ઈ. મ. મ. ભારત, હે મૃત્યુ ! મારો આ એક દેહ એકદમ લઈ જા, મારે તેની દરકાર નથી મારે બીજા દેહોની ખોટ નથી. ચંદ્રની નિર્મળ કિરણોમાં રૂપી દેહ ધારણ કરીને હું આનંદથી વિહરીશ જગત, નદી,

નિર્ધનીઓને ઘેર હું ગાતો ફરીશ; સમુદ્રનાં મોજાંઓ રૂપે હું નાચીશ; આનંદ ભર્યો મંદ મંદ અથવા શીતળ સુગંધી વાયુ હું જ છું; આ બીજાં બધાં મારાં ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. આ રૂપે હું પર્વત નીચે ઉતર્યો, મૂર્છિતોને ઉઠાડ્યાં, ઉંઘતાઓને જાગ્રત કર્યાં, કેટલાંક દુઃખીનાં આંસુ લોહ્યાં, ગુલાબોને રમાડ્યાં અને સ્પર્શ કર્યો, તેને આવકાર્યો, અહીંઆં ગયો, ત્યાં ગયો, સાથે કોઈને રાખ્યું નહિ અને કોઈના હાથમાં આવ્યો નહિ. "

આ લેખ લખીને લગભગ બપોરે સ્વામીજી ગંગા ઉપર ગયા અને ગંગાજીમાં જળસમાધિ લીધી.

તા. ૧૯ મી ઓક્ટોબરને દિવસે જ્યારે આ શોક સમાચાર લાહોર પહોંચ્યા ત્યારે સ્વામીજીના વડા પુત્ર મદનમોહન તથા પુરુષોત્તમ અને સ્વામીજીના સ્નેહીઓએ એ સમાચાર તેમને ગામ મુરારીવાલા પહોંચાડ્યા. સ્વામીજીનાં ધર્મપત્ની આ ખબર સાંભળીને મૂર્છિત થઈ ગયાં અને ઘણીવારે શુદ્ધિમાં આવ્યાં. સ્વામીજીના પિતા અને તેમના વડા ભાઈએ પ્રથમ તો સ્વામીજીનો દેહ પડી જવાની વાત સાચી પણ માની નહિ!

– ટિહરીના મહારાજાએ આ ખબર સાંભળીને તરતજ પોતાના રાજ્યની સઘળી ઓફીસો બંધ કરાવી દીધી. સ્વામીજીના મૃત્યુનો શોક પ્રદર્શિત કરવા માટે લાહોરની મિશન કોલેજમાં એક જંગી સભા ભરાઈ. કોલેજનો હોલ (દીવાનખાનું) જો કે ઘણો મોટો છે તોપણ લોકોની ભીડ એટલી બધી થઈ હતી કે બેસવાને પુરતી જગ્યા પણ મળતી નહોતી. કોલેજના પ્રિન્સિપાલ ડા૦ જે૦ સી૦ આર૦ ઈવિંગ અધ્યક્ષસ્થાને બિરાજ્યા હતા. અધ્યક્ષ મહાશયે શોક પ્રદર્શિત કરતાં જણાવ્યું કે, " મને લાહોરમાં આવ્યાને ૧૮ વર્ષ થયાં છે. હું આવ્યો તે સમયે રામતીર્થજી કોલેજના ફર્સ્ટ ઈયર ક્લાસમાં ભણતા હતા. તેમનો ઉત્સુક ચેહરો અને તેમની સુંદર આંખોએ મારા મનપર બહુ સારી છાપ પાડી છે. તે વખતનું સ્મરણ મને હજી સુધી કાલના જેવું તાજું જ છે. રામતીર્થ પાંચ વર્ષ સુધી આ કોલેજમાં ભણ્યા. તેઓ સદાથી મજબૂત, હાલના શુદ્ધ અને દયાળુ હતા. ફોરમેન ક્રિશ્ચિયન કોલેજના અધ્યાપક ડોક્ટર [illegible]એ જણાવ્યું કે ' સ્વામીજીના દેહત્યાગના [illegible] છે. તેમણે [illegible] નીચે [illegible] કર્યો. [illegible] સ્વામીજી એવા મહાપુરુષ હતા કે બીજા મનુષ્યોના [illegible] ઉપર પણ [illegible] [illegible] એવી વિલક્ષણતા [illegible] [illegible] [illegible] ઉત્તર [illegible] અને [illegible] [illegible] અધ્યાપક [illegible] [illegible] [illegible] [illegible] જણાવ્યું કે - [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

તેમના મૃત્યુનો શોક પ્રકટ કરવાને માટે સભાઓ મળી હતી. વળી વિશેષ વાત તો એ છે કે માત્ર સનાતની હિંદુઓએજ નહિ, પણ આર્યસમાજી અને બીજા પંથના લોકોએ તેમજ અન્ય ધર્મના લોકોએ પણ સભા ભરી શોક પ્રદર્શિત કર્યો. અન્ય દેશોથી પણ શોક પ્રદર્શિત કરનારા પત્રો આવ્યા. અમેરિકાથી આવેલા પત્રોમાં એવું ચોકખુ લખાણુ હતુ કે, "સ્વામીજીએ અમેરિકામા હિંદુસ્તાનને માટે જે કામ કર્યું છે તેનો ખ્યાલ તેઓને જ આવી શકે કે જેઓ તે દેશમા જઇને તે કામોને પોતાની નજરે જુએ." અમેરિકન એક પત્રના લેખક મહાશય જણાવે છે કે, "પોર્ટલેંડના જજ મી. વેસ્ટર કે જેઓ 'પોર્ટલેંડ રામ સોસાયટી' ના અધ્યક્ષ છે, તેમની સાથે મને વાતચીત થતા તેમણે મને જણાવ્યુ કે, જ્યારે સ્વામીજીની સાથે કોઇ પણ વાત થઇ નહોતી ત્યારે પણ સ્વામીજીની ભવ્ય મુદ્રાનુ દર્શન કરતાં મને એવો પ્રેમ ઉત્પન્ન થયો કે જેવો પ્રેમ મને બીજા કોઇ પણ માણસનો ચહેરો જોતા થયો નથી. આ પ્રેમની અસર મને દેહાંત પર્યંત રહેશે.' સ્વામીજી જ્યા જ્યાં ગયા ત્યાં ત્યા સર્વે લોકો એમનાપર એવા તો મોહિત થઇ જતા કે તેઓ પોતાના દેહનુ ભાન ભૂલી જતા અને સ્વામીજીને માટે પ્રાણુ આપવાને તૈયાર થઇ જતા. અમેરિકાના લોકો કહે છે, કે, સ્વામીજીના અકાળ મૃત્યુથી ફક્ત હિંદુસ્તાનનેજ નહિ પણ આખી દુનિયાને મહા નુકસાન થયુ છે

સ્વામીજીના શરીરની શોધ કરવામા આવી, પરંતુ તે વખતે એ જડ્યુ નહિ. સ્વામીજીના પરમ શિષ્ય પૂરણજી જ્યારે લાહોરથી ત્યા આવ્યા ત્યારે ગંગાપ્રવાહમાંની એક બખોલમાથી તેમનુ શરીર એની મેળેજ બહાર આવ્યુ બન્ને હાથ ઉપરાઉપરી છાતી ઉપર મૂકેલા હતા અને પલાંઠી વાળેલી હતી. જાણે સમાધિસ્થ જ ન થયા હોય! આંખો મીંચેલી ડોક સીધી અને વ્યાખ્યાનો આપતા પ્રણવોચ્ચાર કરતી વખતે જેમ મ્હો ઉઘડતુ હતુ તેવીજ રીતે ઉઘડેલુ હતુ સાત દિવસ સુધી ગંગાએ જળચર પ્રાણી ઓથી એ શરીરનુ રક્ષણ કર્યુ હતુ તેમનુ શરીર એક પેટીમા મૂકી ગંગાના પ્રેમીને તેના હૃદયમા સાચવી મૂકવાને માટે ગંગામા પધરાવવામા આવ્યુ

અદ્ભુત હિમ્મત અને ઉદાત્ત વિચારોનો અર્થ એવો નથી કે આપ હોજ મોટા તિરસ્કારમાં ડૂબીએ અને બીજા કુટિલતામાં નથી! આવા સદ્ગુણી અને શ્રેષ્ઠ થયું હોય તો બીજાના સદ્ગુણ અને શ્રેષ્ઠતાને માન આપવું જોઈએ. ભગવાન્ બુદ્ધ કહેતા કે. “ **જે જેવી ભાવના રાખશે તે તેવો થશે.** ” એકવાર તેમની પાસે બે માણસો આવ્યા. એકે પૂછ્યું કે. “ મહારાજ ! મારા આ [illegible] આવતે જન્મે શી ગતિ થશે ? એ નહા કુતરાના જેવા વિચારો અને કર્મ કર્યાં છે કે એ આવતે જન્મે [illegible] નહિ થાય ? ” બીજો બોલ્યો [illegible] મારો [illegible] બિલાડા જેવો છે તે આવતે જન્મે બિલાડો નહિ થાય ? ”

[illegible] બુદ્ધ બોલ્યા [illegible] જેવા [illegible] તેવું તમને [illegible] આ [illegible] ઉપર [illegible] છો કે [illegible] બિલાડો [illegible] પરન્તુ તું [illegible] [illegible] નહિ [illegible] લાગ્યો કે [illegible] તું [illegible] બિલાડો [illegible] નહિ [illegible] બિલાડો [illegible]

આ [illegible] ઉપર [illegible]

શોધીએ છીએ તે આપણા પોતાનામાં લાવીએ છીએ. 'રામ' કહે છે કે **જો તમારે તમારૂં હિત સાધવું હોય તો બીજાના દોષ શોધવા છોડી દઇને, પોતાની મનોભૂમિમાં પ્રમાણિકપણું અને સદ્ગુણ સિવાય બીજા કોઈજ વિચાર પેસવા દેવા નહિ.**

आपणा विचारो एज 'आपणुं नशीब.'

કોઈ દેવળના ઘુમ્મટમાં જેમ આપણોજ અવાજ ઘુમીને પાછો આવે છે, તેવી રીતે આ આકાશરૂપી ઘુમ્મટ નીચે આપણાજ વિચારો પાછા આવીને આપણા ઉપર અસર કરે છે અને તેનેજ આપણે પ્રારબ્ધ કહીએ છીએ.

તમારા વિચારો શુદ્ધ રાખો. જગતને ખરાબ અને દુષ્ટ વગેરે કહેવું, એ નાના બાળકની પેઠે ઘુમ્મટને દોષ દેવા જેવું છે

पुरुषार्थ अने प्रारब्ध.

તમારા કાબુમાં ન હોય એવા પ્રારબ્ધથી જ બધું થતું હોય તો શાસ્ત્રોએ વિધિ-નિષેધક વાક્યોને જગ્યા જ આપી ન હોત. જો બધું પ્રારબ્ધના જ હાથમા હોત, તો 'આ કર અને પેલું કરતો નહિ' એમ શાસ્ત્રો શા માટે કહેત ? અને એ જવાબદારી કયા ન્યાયે તમારા ઉપર નાખત ? નીચલી ઉક્તિના જેવીજ તે જવાબદારી જૂઠી કહેવાય.

" દરમ્યાને કારે દયા તખ્ત બન્દમ કરદઈ,
બાજમી ગોઇ કી દામન તર મકુન હુશિયાર બાશ."

અર્થાત્-વહેતી નદીમા એક પાટીઆ સાથે તે મને બાધી રાખ્યો છે, અને પછી કહે છે કે ખબરદાર બાય પલળવા દીધી તો !

તમારામા એટલી શક્તિ છે કે જે ચાહો તે કરી શકો ખરૂં કહુ તો:-

" મૈને માના દહરકો હક ને કિયા પૈદા ક્ને,
મૈ વર ખાલિક હું મૈરે 'કુન' સ ખુદ પૈદા હુઆ."

અર્થાત-ઈશ્વરે આ જગત નિર્માણ કર્યું છે, એમ હુ આગળ માનતો હતો, પરંતુ ખરૂ જોતા હુ પોતેજ સર્વનો ઉત્પાદક છુ. મારા 'કુન' (થઇ જા) શબ્દથી ઈશ્વર પેદા થયો છે

पौरुषादाप्यते सिद्धिः पौरुषाद्धीमतां क्रमः ।
दैवमाश्वासनामात्रं दुःखपेलवबुद्धिषु ॥

અર્થાત્-પૌરૂષથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, પરાક્રમથી જ બુદ્ધિવાન

લોકોનો વ્યવહાર ચાલે છે. 'દૈવ' તો દુઃખથી પીડાયેલી બુદ્ધિને આશ્વાસન આપવામાટે જ છે.

યોગ્યતા અને ઇચ્છા.

જે પોતાને મદદ કરવાને તૈયાર છે તેને મદદ કરવાને ઈશ્વર પણ તૈયારજ છે, એ એક ઈશ્વરી નિયમ છે. જ્યારે મનુષ્ય પૂર્ણ અધિકારી બને છે ત્યારે તેના હક પોતાની મેળે જ તેને શોધતા આવે છે, એ એક અચૂક ઈશ્વરી નિયમ છે. જો અહીંઆં અગ્નિ સળગતો હોય તો પ્રાણવાયુ ત્યાં ખેંચાઈ આવવો જ જોઈએ. ઈંગ્રેજીમાં એક કહેવત છે કે, "પ્રથમ લાયક થાઓ અને પછી ઇચ્છા કરો;" પરંતુ 'રામ' કહે છે કે, **તમે ફક્ત લાયક જ બનો એટલે ઇચ્છા નહિ કરો તોપણ તમારી યોગ્યતા પ્રમાણે બધું જ તમને પ્રાપ્ત થશે.**

"બાંધે હૂવે હાથોંકો આ ઉમ્મીદ ઇજાબત;
રહતે હૈં ખડે સૈંકડો મજ્મૂં મેરે આગે."

અર્થાત્-પોતાનો સ્વીકાર થશે એવી ઉમેદથી સેંકડો સ્વાર્થી ઇચ્છાઓ મારી સામે હાથ જોડીને ઉભી રહી છે.

ભીંતમાં ચણવા જેવો પત્થર રસ્તામાં કાંઈ પડયો રહે કે? જો તમે અધિકારી થાઓ તો તમારી કદર જરૂર જ થાય. અધિકાર શોધવામાં ફોકટ વખત ન ગુમાવતાં અધિકારને લાયક થવાની જ ચિંતા રાખો.

"નાખુને ખાર આકે ખુદ ઉદકા તેરા કરદેગા વા;
પહિલે પાયે શૌકમેં પૈદા કોઈ છાલા તો હો."

અર્થાત્-પ્રથમ પગમાં ફોલ્લો તો થવા દો, કાંટો એની મેળે આવીને તેને ફોડી નાખશે.

સૂર્ય તરફ જોઇને ચાલીએ તો છાયા આપણી પાછળ પાછળ ચાલી આવે છે, પણ મોં ફેરવી છાયાને આપણે પકડવાને દોડવા માંડીશું તો છાયા પણ આપણી આગળ આગળ દોડયા કરશે.

"ભાગતી ફીરતી થી દુનિયાં જબ તલબ કરતેથે હમ,
અબ જો નફરત હમને કી વહ બેકરાર આનેકો હૈ.
શુજરતમ્ અજસરે મતલબ તમામ શુદ મતલબ,
નકાબ ચિહરયે મકસદ બૂદ મતલબ હા."

અર્થાત્-જ્યારે હું ઇચ્છા કરતો ત્યારે આખું જગત મારાથી દૂર નાસતું હતું. જ્યારે મને અર્થનો ટકોરો આવ્યો છે ત્યારે તે એની મેળે જ મારી પાછળ દોડતું આવે છે સર્વ આશાઓને ઓળંગી ગયો ત્યારેજ મારૂં ઇષ્ટ મને મળ્યું આ વાસનાઓનોજ વચ્ચે પડદો હતો.

ભિખારીને સૌ કોઈ દૂર હાંકી કહાડે છે, પણ મોટા માલિક તરફ સર્વ વસ્તુઓ જાતેજ નમતી આવે છે.

"સોગાર ગર્જ હોયે તો ધોધો પીયે કદમ,
કયો ચર્ખો મેહેરો માહ પે માયર હુવા હૈ તૂ"

અર્થાત્-આકાશ, સૂર્ય અને ચંદ્ર ઉપર તું આટલો બધો શાથી મોહી પડયો છે? તેમને જે વખત ગર્જ હશે તો તારા પગ ધોઈ ધોઈને પીશે.

જાપાનમાં મનુષ્ય ચારથી વરસના દેવદારના વૃક્ષો મેં ફક્ત એક વેંત કે તેથી થોડી વધુ ઉંચાઇના જોયા છે દેવદારના આ ઝાડોની ગગન ભેદી ઉંચાઇને જાપાનના લોકો શી રીતે અટકાવે છે તેની મેં તપાસ [illegible]રી, ત્યારે તેમણે મને કહ્યું કે [illegible] અમે એ ઝાડના પાંદડાઓ અથવા ડાળીઓને બિલકુલ [illegible] ગી, તેના [illegible] કરીએ છીએ અને તેને ઉંડે જવા દેતા નથી [illegible] કે મૂળ ઉંડા ન ઉતરે તો [illegible] વધુ [illegible] બહાર છોડશે પોતાના આત્માના [illegible] ઉપભોગ જોઇએ [illegible] બહાર મૂળીઆ [illegible] આવતા નથી [illegible]ડામાં જેટલો [illegible] તી [illegible] બહાર નીકળે છે

મનસૂરને [illegible] તો [illegible] તેણે શૂળી તરફ [illegible] ની પેઠે મેં માથું [illegible] હું મને [illegible]

॥ મહાપણાનો અર્થ

'રામ [illegible] તાના [illegible] કાર, આત્મશ્લાઘા અથવા [illegible] નહિ પણ આ વાસ્તવિક જ્ઞાન અને અંતઃકરણની ઉદારતા [illegible] તેવી [illegible] જેઇએ [illegible] પોતાનો આત્મા સર્વનો આત્મા [illegible] જોઇએ આખું [illegible] પોતામાં

પ્રતિબિંબિત થતું જોઇએ અને જ્યારે લોકોની દૃષ્ટિએ આપણે આખા હિંદુસ્તાનનું અથવા સકળ વિશ્વનું કામ કરતા હોઇએ ત્યારે પણ આપણી પોતાની દૃષ્ટિએ આપણે ફક્ત આપણું પોતાનું જ કામ કરીએ છીએ. એમ લાગવું જોઈએ. સઘળી વસ્તુઓ પ્રત્યે એવો તો પ્રેમ વધવો જોઇએ કે:—

" પત્તીકિ ફુલકી લગા સદમા નસીમકા,
શબનમકે કતરે આંખમેં તેરે નજર પડે."

અર્થાત્–ફુલની પાંખડીને ઠંડી લાગતાં તારી આંખમાં અશ્રુ દેખાવા લાગે.

'રામ' જેને 'આત્મબળ' કહે છે તે બીજા શબ્દોમાં કહીએ તો 'ઈશ્વરી બળ' જ છે. આપણું જે ખરું સ્વરૂપ છે તેજ સૌનું ખરું સ્વરૂપ છે અને વસ્તુતઃ ઈશ્વરનું સ્વરૂપ પણ તેજ છે.

" આપણેજ 'આ સંસારમાં પડેલું ઈશ્વરી તેજ' છીએ અથવા 'આ સંસાર રૂપી ઝરામાં વહેતું અમૃત' છીએ."

नाम रूप मिथ्या छे.

નામ રૂપ ખરું જોતાં ક્ષણિક છાયા જેવાં છે. આપણે નામ રૂપ છીએ, એમ સમજીને કરવામાં આવતું કાર્ય અહંકાર અને સ્વાર્થથી પ્રેરિત હોય છે અને તેનો અંત દુઃખ અને નિરાશામાંજ આવે છે; પરંતુ જે કામ ખરા આત્મજ્ઞાનથી અથવા વિશ્વાસથી કરવામાં આવે છે તે અહંકારપ્રેરિત નહિ પણ ઈશ્વરપ્રેરિત હોવાથી તેનો અંત ચિરકાલ આનંદ અને વિજયમાં આવે છે. સર્વ વ્યાખ્યાનનો સાર એ છે કે અહંકારને બદલે ઈશ્વરી દૃષ્ટિથી સઘળા સંબંધ તમે જુઓ અને નામ રૂપને વળગી રહેવા કરતાં ઈશ્વરી સ્વરૂપમાં લીન થાઓ.

" મજબૂત ઘર, હૈ આકબત કા દારે દુનિયાંસે,
રખ વહાં અપની દૌલત. ઉઠાકે યહાંસે"

અર્થાત્–આ પૃથ્વી ઉપરના ઘર કરતાં આગામનું (ઈશ્વરનું) ઘર વધારે મજબુત છે, માટે તારી દોલત અહીંથી ઉઠાવી લઈને ત્યાંજ મુક.

નામરૂપના પાયા ઉપર પોતાનાં સર્વ કામ કરવાવાળો મનુષ્ય હવા માંજ કિલ્લા બાંધી રહ્યો છે જીવતો મનુષ્ય તેજ છે કે જે જગતની જાહોજલાલી, ઐશ્વર્ય, દારિદ્ર્ય, અવનતિ વગેરેને સમુદ્રના ફીણ જેવાં કાલ્પનિક માનીને તેનાપર વિશ્વાસ રાખતો નથી

" છાયા ભલે ને મોટા પર્વતની હોય તોપણ તે તુચ્છ-દેખવા માત્ર જ છે."

તત્ત્વદર્શી મનુષ્ય એજ કે જેની દૃષ્ટિ દૃશ્ય જગતને ભેદીને-નિત્ય અને અનિત્ય વસ્તુઓના વિવેક સમજીને લોકોની નિંદા કે સ્તુતિની દરકાર ન કરતા ફકત તત્ત્વનેજ વળગી રહે છે, કેમકે ઈશ્વર સિવાય કંઇજ નથી, બ્રહ્મજ સત્ય છે અને જગત્ મિથ્યા છે. ચતુર તે જ છે કે જે હર ઘડીએ પૂર્ણ સૌંદર્ય અને પૂર્ણ ઐશ્વર્યને એટલે કે ઈશ્વરીતત્ત્વનેજ અવલોકીને આશ્ચર્યમગ્ન થઈ જાય છે.

સ્વપ્નમાં ખજાનો મળવાથી જાગ્રતમા જે અમીરી દાખવવા જાય તે જેમ મૂર્ખ છે, તેમ આ માયિક વસ્તુઓને ભરોસે જે જીવે છે તેને પણ જીવતો છતાંજ મૂએલો સમજવો!

क्षुद्र अहंभावने दूर करो एटले तमे ईश्वररूपज छो.

શેષ કર્ત્તવ્ય, સત્ય ધર્મ તથા આત્મકૃપાનો સાર એટલોજ છે કે, ' તૂકો ઈતના મિટા કિ તુઝમેં તૂ ન રહે, ઔર કુછભી દુઈકી બૂ ન રહે.'

અર્થાત્-તુ 'તારાપણુ' એટલે સુધી કહાડી નાખ કે તુ 'તુ' ન રહે અને તારામા દ્વૈતની ગધ સરખીએ ન રહે.

ક્ષુદ્ર અહભાવ ચિત્તમાથી એટલે સુધી નષ્ટ થવો જોઇએ કે તેનું નામ નિશાન પણ રહે નહિ ' તુ પણુ ' ન રહે એજ પૂર્ણત્વ છે.

" હે મન! તુ પોતે જ તારો પડદો છે તુ વચ્ચેથી ખસી જા. આ લોક પરલોકની મને પરવા નથી તારા માટે મનસુરની પેઠે શૂળીનું જ મારે કામ છે "

અહકાર કાયમ રાખીને જેઓ મોગ થાય છે તેઓ [1] ફરઊન અને નમરૂદ બાદશાહો જેવા છે

કેટલીક વાર માણસને દોરડી જેવાથી સાપનો ભાસ થાય છે, પરંતુ માણસના મનમા સાપ હોય છે તો દોરડી નથી હોતી અને દોરડી હોય છે તો સાપ નથી હોતો, તેમ માણસના મનમા અહકાર હોય તો ઈશ્વર નહિ અને ઈશ્વર હોય તો અહકાર નહિ

[1] આ બે બાદશાહોએ પોતાને સ્વર્ગે પહોંચવાને માટે એક ઉંચા મહેલ બાંધ્યો હતો અને બીજાએ મરણ ન આવવા દેવાને એક કાચનો મહેલ બંધાવ્યો હતો. પરંતુ એક માખી તેના નાકમા થઇ અને છીંક આવવાથી તે મરી ગયો.

" ઈશ્વરી કૃપાનું તીર લાગતાં જ જીવાત્માએ પોતાનું ઘર (અહંકાર) છોડયું. પરોણાની આગતાસ્વાગતા કરતાં ન આવડતી હોવાથી મહેમાનને માટે આખું ઘરજ છોડી દીધું."

" જ્યાં સુધી માથું કાંસકીની પેઠે કરવત નીચે મૂકાયું નથી, ત્યાં સુધી પ્રિયાના કેશકલાપ આગળ પહોંચી શકાતું નથી."

" જ્યાં સુધી સુરમાની પેઠે પત્થરની નીચે આપણા અહંભાવનું ચૂર્ણ થયું નથી, ત્યાં સુધી પ્રિયા (ઈશ્વર) નાં નેત્ર સુધી પહોંચી શકાતું નથી."

તમે કહેશો કે આંખો સુધી નહિ તો કાન સુધી તો કોઈ પણ રીતે પહોંચી શકાશે ? પરંતુ જ્યાં સુધી સ્વાર્થ દૂર થશે નહિ અને ' હું ' પણું નષ્ટ થશે નહિ, ત્યાં સુધી પ્રિયાના કાન સુધી પણ પહોંચી શકાશે નહિ.

" જ્યાં સુધી મોતીની પેઠે વિંધાશો નહિ, ત્યાં સુધી પ્રિયાના કાન સુધી પહોંચી શકાશે નહિ."

" જ્યાં સુધી તારી માટીનું કુંભાર પ્યાલું બનાવશે નહિ, ત્યાં સુધી પ્રિયાના લાલ હોઠ સુધી જઈ શકાશે નહિ."

" મુઆ પછી મારી માટીનો પ્યાલો થશે; ત્યારે તે પ્યાલાની માટીમાં મળીને હું પ્રિયાના અધરનું ચુંબન લઈશ."

ઉપરનાં વાકયોમાં આંખો, કાન, હોઠ વગેરે આવે છે તે ઉપરથી એમ સમજતા નહિ કે ઈશ્વરને આંખ, કાન, નાક વગેરે અવયવો છે. એનો સારાંશ એવો છે કે પ્રિયાને ખુશ કરવાને માટે કોઈ મધુર ગાયન અથવા રાગ સંભળાવે છે, કોઈ તેનાં નેત્રોને સુંદર રૂપો બતાવે છે, કોઈ તેના નાકને સુગંધી ફૂલો સુંઘાડે છે. આ પ્રમાણે કોઈ અમુક ઉપાયોથી પ્રિયાને ખુશ કરી શકે છે, તો કોઈ બીજા અન્ય ઉપાયોથી ખુશ કરી શકે છે; પરંતુ ઈશ્વર રૂપી પ્રિયા માટે તો એવો કોઈ ઉપાય જ નથી કે જેથી આપણા અહંકારનો નાશ કર્યા સિવાય કામ પાર પડતું હોય. કોઈ વૈષ્ણવ થઈને ઈશ્વરને પૂજે છે, કોઈ શૈવ બનીને ભજે છે, કોઈ મુસલમાન થઈને તેને માને છે, તો કોઈ ખ્રિસ્તી તરીકે તેને ઉપાસે છે; પરંતુ વૈષ્ણવ, શૈવ, મુસલમાન, ખ્રિસ્તી કે ગમે તે હો, પણ જ્યારે સર્વ સ્વાર્થી સંપત્તિનો નાશ થશે ત્યારે જ પરમેશ્વરનું દર્શન થશે.

તમે કહેશો કે આંખ, કાન, નાક, હોઠ વગેરે સુધી નહિ તો

"છાયા ભલે ને મોટા પર્વતની હોય તોપણ તે તુચ્છ-દેખવા માત્ર જ છે."

તત્ત્વદર્શી મનુષ્ય એજ કે જેની દૃષ્ટિ દૃશ્ય જગતને ભેદીને-નિત્ય અને અનિત્ય વસ્તુઓનો વિવેક સમજીને લોકોની નિંદા કે સ્તુતિની દરકાર ન કરતાં ફક્ત તત્ત્વનેજ વળગી રહે છે; કેમકે ઈશ્વર સિવાય કંઈજ નથી, બ્રહ્મજ સત્ય છે અને જગત્ મિથ્યા છે. ચતુર તે જ છે કે જે હર ઘડીએ પૂર્ણ સૌંદર્ય અને પૂર્ણ ઐશ્વર્યને એટલે કે ઈશ્વરીતત્ત્વનેજ અવલોકીને આશ્ચર્યમગ્ન થઈ જાય છે.

સ્વપ્નમાં ખજાનો મળવાથી જાગ્રતમાં જે અમીરી દાખવવા જાય તે જેમ મૂર્ખ છે, તેમ આ માયિક વસ્તુઓને ભરોસે જે જીવે છે તેને પણ જીવતો છતાંજ મૂએલો સમજવો!

क्षुद्र अहंभावने दूर करो एटले तमे ईश्वररूपज छो.

શ્રેષ્ઠ કર્ત્તવ્ય, સત્ય ધર્મ તથા આત્મકૃપાનો સાર એટલોજ છે કે, 'તૂકો ઈતના મિટા કિ તુઝમેં તૂ ન રહે, ઔર કુછભી દુઈકી બૂ ન રહે.'

અર્થાત્-તું 'તારાપણું' એટલે સુધી કહાડી નાખ કે તું 'તું' ન રહે અને તારામાં દ્વૈતની ગંધ સરખીએ ન રહે.

ક્ષુદ્ર અહંભાવ ચિત્તમાંથી એટલે સુધી નષ્ટ થવો જોઈએ કે તેનું નામ નિશાન પણ રહે નહિ 'તું પણું' ન રહે એજ પૂર્ણત્વ છે.

"હે મન! તું પોતે જ તારો પડદો છે તું વચ્ચેથી ખસી જા. આ લોક પરલોકની મને પરવા નથી તારા માટે મનસૂરની પેઠે શૂળીનું જ મારે કામ છે"

અહંકાર કાયમ રાખીને જેઓ મોટા થાય છે તેઓ [1] ફરઉન અને નમરૂદ બાદશાહો જેવા છે

કેટલીક વાર માણસને દોરડી જોવાથી સાપનો ભાસ થાય છે, પરંતુ માણસના મનમાં સાપ હોય છે તો દોરડી નથી હોતી અને દોરડી હોય છે તો સાપ નથી હોતો, તેમ માણસના મનમાં અહંકાર હોય તો ઈશ્વર નહિ અને ઈશ્વર હોય તો અહંકાર નહિ.

---

૧ આ બે બાદશાહોમાં પહેલાએ સ્વર્ગે જવાને માટે એક ઉંચા મહેલ બાંધ્યો હતો અને બીજાએ મરણ ન આવવા દેવાને એક કાચનો મહેલ બંધાવ્યો હતો, પરંતુ એક માખી તેના નાકમાં ગઈ અને છીંક આવવાથી તે મરી ગયો.

"ઈશ્વરી કૃપાનું તીર લાગતાં જ જીવાત્માએ પોતાનું ઘર (અહંકાર) છોડયું. પરોણાની આગતાસ્વાગતા કરતાં ન આવડતી હોવાથી મહેમાનને માટે આખું ઘરજ છોડી દીધું."

"જ્યાં સુધી માણું હાંસડીની પેઠે કરવત નીચે મૂકાયું નથી, ત્યાં સુધી પ્રિયાના કેશકલાપ આગળ પહોંચી શકાતું નથી."

"જ્યાં સુધી સુરમાની પેઠે પત્થરની નીચે આપણા અહંભાવનું ચૂર્ણ થયું નથી, ત્યાં સુધી પ્રિયા (ઈશ્વર) નાં નેત્ર સુધી પહોંચી શકાતું નથી."

તમે કહેશો કે આંખો સુધી નહિ તો કાન સુધી તો કોઇ પણ રીતે પહોંચી શકશે? પરંતુ જ્યાં સુધી સ્વાર્થ દૂર થશે નહિ અને 'હું' પણું નષ્ટ થશે નહિ, ત્યાં સુધી પ્રિયાના કાન સુધી પણ પહોંચી શકાશે નહિ.

"જ્યાં સુધી મોતીની પેઠે વિંધાશો નહિ, ત્યાં સુધી પ્રિયાના કાન સુધી પહોંચી શકાશે નહિ."

"જ્યાં સુધી તારી માટીનું કુંભાર પ્યાલું બનાવશે નહિ, ત્યાં સુધી પ્રિયાના લાલ હોઠ સુધી જઈ શકાશે નહિ."

"મુઆ પછી મારી માટીનો પ્યાલો થશે; ત્યારે તે પ્યાલાની માટીમાં મળીને હું પ્રિયાના અધરનું ચુંબન લઈશ."

ઉપરના વાકયોમાં આંખો, કાન, હોઠ વગેરે આવે છે તે ઉપરથી એમ સમજતા નહિ કે ઈશ્વરને આંખ, કાન, નાક વગેરે અવયવો છે. એનો સારાંશ એવો છે કે પ્રિયાને ખુશ કરવાને માટે કોઇ મધુર ગાયન અથવા રાગ સંભળાવે છે, કોઇ તેના નેત્રોને સુંદર રૂપો બતાવે છે, કોઈ તેના નાકને સુગંધી ફૂલો સુંઘાડે છે. આ પ્રમાણે કોઇ અમુક ઉપાયોથી પ્રિયાને ખુશ કરી શકે છે, તો કોઈ બીજા અન્ય ઉપાયોથી ખુશ કરી શકે છે; પરંતુ ઈશ્વર રૂપી પ્રિયા માટે તો એવો કોઈ ઉપાય જ નથી કે જેથી આપણા અહંકારનો નાશ કર્યા સિવાય કામ પાર પડતું હોય. કોઈ વૈષ્ણવ થઈને ઈશ્વરને પૂજે છે, કોઇ શૈવ બનીને ભજે છે, કોઇ મુસલમાન થઈને તેને માને છે, તો કોઈ ખ્રિસ્તી તરીકે તેને ઉપાસે છે, પરંતુ વૈષ્ણવ, શૈવ, મુસલમાન, ખ્રિસ્તી કે ગમે તે હો, પણ જ્યારે સર્વ સ્વાર્થી સંપત્તિનો નાશ થશે ત્યારે જ પરમેશ્વરનું દર્શન થશે.

તમે કહેશો કે આંખ, કાન, નાક, હોઠ વગેરે સુધી નહિ

ઈશ્વરના હાથ સુધી તો અમે પહોંચીશું ? પરંતુઃ-

"જ્યાં સુધી કલમની પેઠે છરી નીચે પોતાનું માથું કલમ કરાવી નાખ્યું નથી, ત્યાં સુધી પ્રિયાની આંગળીના અગ્ર સુધી પણ પહોંચી શકાતું નથી."

અને જો કહેશો કે સર્વથી નીચી જગ્યાએ-પ્રિયાના પગ આગળ તો રહી શકીશું ને ? પણ ત્યાં સુધીએ શી રીતે પહોંચશો ?

"જ્યા સુધી મેંદીની પેઠે પત્થર નીચે વટાશો નહિ અથવા ફૂલની પેઠે ઝાડની ડાળીએથી તોડાશો નહિ, ત્યાં સુધી પ્રિયાના પગ સુધી પણ પહોંચી શકાશે નહિ."


ગોપીઓ બંસરીને કહેતી હતી કે, "હે બંસરી ! જેની ભ્રકુટીથી મોટા મોટા રાજાઓ ભયભીત થાય છે, ભીષ્મ, અર્જુન, દુર્યોધન ઇત્યાદિ મહારાજાધિરાજ જેના ચરણસ્પર્શની ઇચ્છા રાખે છે, જેની ચરણરજ રાજા મહારાજાઓ પણ મસ્તક ઉપર ચઢાવે છે, અને ચંદ્રમુખી ગૌરાંગ લલનાઓ પણ જેનું સ્મિતયુક્ત વદન જોવા ઉત્સુક રહે છે, એવો તે મનોહર કૃષ્ણ અત્યંત પ્રેમથી અને મધુરતાથી વારંવાર તને ચુંબન કરે છે, એ કેટલા આશ્ચર્યની વાત છે ! વેંતેકની ટીચુકડી વાંસની ભુંગળી ! તેં પણ કૃષ્ણ ભગવાન ઉપર શું મોહની નાખી છે ! તારામાં આવી અદ્ભુત કરામત કયાંથી આવી ?"

વાંસળીએ ઉત્તર આપ્યો. "સ્વાર્થ, અહંકાર વગેરેને નખથી તે શિખા સુધી દૂર કરીને હું અંદરથી ખુલ્લી-પોલી બની છું, તેથીજ ભગવાન શ્રીકૃષ્ણ મને ચુંબન આપે છે. જેના ચરણનું ચુંબન કરવાની લોકો ઇચ્છા રાખે છે તે અત્યંત પ્રેમથી મને ચુંબન કરે છે. મારામાંથી મનોહર સંગીત કેમ ન નીકળે ? મારામાં 'કૃષ્ણ' નો શ્વાસ છે તેથીજ મારા મધુર સંગીતમાં તેનો ધ્વનિ છે"

વાંસળીની પેઠે નખથી તે શિખા સુધી પોકળ થાઓ નહિ, ત્યાં સુધી પ્રિયતમના મધુરા અધરોનું ચુંબન લેવું સુલભ નથી.

મહાત્માઓ આસક્તિ અને અહંકાર ત્યજીને જ અમરત્વ મેળવે છે.

'धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति'



૨–ब्रह्मचर्य.*

———

જો નર રામ નામ લિયે નાહીં;
સો નર ખર કૂકર સૂકર સમ વૃથા જીયે જગ માંહી.

ॐ ॐ ॐ

તુઝે દેખેં તો ફિર ઔરોંકો કિન આંખોંસેં હમ દેખેં;
યે આંખેં ફુટ જાયેં ગર્ચિ ઇન આંખોંસેં હમ દેખેં.

ॐ ॐ ॐ

જીન અર્ગનમ હોતે ચાહ ચલી ખર કૂકનકી ધિક્કાર ઉસે;
જીન ખાયકે અમૃત વાંછા રહી લીદ પશુઅન કી ધિક્કાર ઉસે.
જીન પાયકે રાજકો આશ રહી ચક્રી ચાટનકી ધિક્કાર ઉસે;
જીન પાયકે જ્ઞાનકો આશ રહી જગ વિષયનકી ઉસે.

ઓહોહોવાહો !

ज्यां प्रभु विलसे त्यां दुःख, शोक रही शकतां नथी.

જીવનો નર તો તેજ છે કે જે વસ્તુત. રામમાં, નારાયણમાં રહે છે, હરે છે, ફરે છે અને ધ્યાન લે છે. આપ કહેશો કે, 'તમે તો હમેશાં બન આનંદ આનંદ ને આનંદની જ વાતો કરો [illegible] છો, પરંતુ એમ જ કરવામાં આવે તો પછી દુનિયાના કામ જ [illegible]વી રીતે થશે? અને લોકનાં દુ.ખ દર્દ કેવી રીતે દૂર થશે? પરંતુ.—

હરજા કિ ગુસ્તાં ખીમા, જદ ગોગા ન માનદ આગમ।

(જે જગાએ બાદશાહે ડેરો નાખ્યો કે ત્યાં બીજા લોકોનો શોર બંધ જ થયો સમજવો..)

---

*ફૈઝાબાદમાં તા. ૯-૯-૦૫ ને રોજ આપેલું ભાષણ. [illegible]

મહાવીર હનુમાનનું નામ લેવાથી અને ધ્યાન ધરવાથી લોકોમાં વીરતા અને હિમ્મત આવે છે. એ હનુમાનને મહાવીર કોણે બનાવ્યો? બ્રહ્મચર્યેજ. મેઘનાદને મારવાની કોઈનામાં તાકાત નહોતી. રામચંદ્રજીએ પણ પોતાની લીલાદ્વારા બતાવ્યું કે, " હું પોતે પણ મેઘનાદને મારવાને શકિતવાન નથી! જેણે ૧૨ વર્ષ સુધી મનમાં પણ બ્રહ્મચર્યનો ભંગ નહિ થવા દીધો હોય. તેજ તેને મારી શકશે." આવો પુરૂષ કોણ હતો? લક્ષ્મણજી! બીજા હાથ પર જેણે જેણે પવિત્રતા અર્થાત્ બ્રહ્મચર્યનો ત્યાગ કીધો છે તેની હાલત અત્યંત અધોગત થઇ છે. જેનું અંતઃકરણ પવિત્ર નહોતું તેને કદિ પણ જય મળ્યો નથી. પૃથ્વીરાજના પરાજય પછી હિંદ દેશ પરાધીનતામાં સપડાયો, એ વાત સૌ કોઇ જાણે છે. તે પૃથ્વીરાજ લખી ગયો છે કે, ' હું જ્યારે રણસંગ્રામમાં જવા નીકળ્યો ત્યારે મારી કમર રાણીએ કસીને બાંધી હતી." નેપોલિયન જેવો મહાન રણવીર પણ પોતાના સર્વોત્તમ-સર્વોચ્ચ સ્થાનેથી કરરર ભૂસ કરતો ગબડી પડ્યો તેનું શું કારણ? ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, રણમા જવા અગાઉ તે પોતાનુ ખુન પોતાને હાથે જ કરી ચૂકયો હતો-સગ્રામમા જવાની આગલી રાત્રે તેણે ભોગ કર્યો હતો. ચંદ્રપ્રભા જેવો કાંતિવાન અને સૂર્યપ્રભા જેવો તેજસ્વી વીર યુવક અભિમન્યુ કુરુક્ષેત્રની રણભૂમિમા કે જ્યા ભારતવર્ષના ક્ષત્રિય વીર પુરુષોનો સર્વથા નાશ થયો હતો ત્યા, રહેસાઇ ગયો તેનુ કારણ શુ? રણમા જવા અગાઉ તેણે પોતાનુ બ્રહ્મચર્ય ખડિત કીધુ હતુ ' રામ ' જ્યારે પ્રોફેસર હતો ત્યારે તેણે ' પાસ ' અને ' નાપાસ ' છોકરાઓનુ એક લીસ્ટ બનાવ્યું હતુ અને તેમા છોકરાઓની ચાલચલણ વિષે ' રિમાર્ક ' કીધી હતી. આ લીસ્ટ પરથી તારતમ્ય ખેચતા જણાયું કે, જે છોકરાઓ પરીક્ષાના દિવસોમા અથવા તેથી થોડા દિવસ અગાઉ વિષયવાસનામા ફસી પડતા હતા તેઓ આખુ વરસ સારો અભ્યાસ કર્યા છતાંયે પરીક્ષામા નાપાસ થતા હતા, અને જે છોકરાઓના મન પરીક્ષાના દિવસોમા એકાગ્ર અને પવિત્ર હતા તેઓ પાસ થતા હતા. બાઈબલ વાચતા જણાય છે કે બહાદુરીના સામ્સનનુ નામ કહેવતરૂપ થઇ પડ્યુ હતું, પરંતુ જ્યારે તેણે સ્રી મદ્ય પીધો ત્યારે તેની સર્વ બહાદુરી કોણ

ક્યાંય જતી રહી ! એક વિદ્વાન લખે છે કે:—

“ મારામાં દશ માણસનું જોર છે, કારણ કે મારું હૃદય શુદ્ધ છે. અને કદિ પ્યારનું ચુંબન થયું નથી અને મારા હાથને યુવતીના હસ્તનો સ્પર્શ થયો નથી. ”

જેવી રીતે તેલ બત્તીની ઉપર ચઢવાથી તેનો પ્રકાશ બને છે, તેવી રીતે જે શક્તિનો વ્યય શરીરના નીચલા ભાગમાં થાય છે, તે શક્તિ સંયમદ્વારા રોકાઈને જો ઉપરના ભાગમાં ચઢે તો મનુષ્યને આકર્ષણશક્તિ અને તેજની વૃદ્ધિ થઈ પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

प्रजानी संख्या वधवामां नुकशान.

પદાર્થવિજ્ઞાનના અભ્યાસપરથી પણ માલુમ પડે છે કે, કોઈ પણ દેશમાં પ્રજાની સંખ્યામાં વધારો થવો અને તેની સાથે સાથે તેની શક્તિ સમમ રહેવી, એ બન્ને પરસ્પર વિરુદ્ધ છે. જો બાગને નિંદવામાં ન આવે અને વૃક્ષોને કાંઈ ઘણા કાપવામાં ન આવે તો થોડા દિવસમાં બાગનું જંગલ બની જાય, અને બધા રસ્તા બંધ થઈ જાય. આજ પ્રમાણે રાષ્ટ્રીય [illegible] પ્રજાને કાપવા નાખવાને માટે નૈતિક ક્રિયા કે જેને હકીકીએ ઉત્તમ [illegible] ક્રિયા [illegible] છે, તે [illegible] ની જરૂર [illegible] અંતર્યામિ [illegible] પ્રેમનું [illegible] નહિ તેની જરૂર છે [illegible] અંતર્યામિથી પણ પડે છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રિવાજ બંધ [illegible] દુષ્ટ સંબંધ [illegible] તો મનુષ્ય [illegible] મનુષ્ય સ્વરૂપમાં અને પશુ [illegible] આત્માઓ [illegible] ઈંદગી ટકાવી નાખવાને માટે તેમને [illegible] અને લડાઈ ટંટાને ઉત્તેજન મળે છે [illegible] પશુઓની [illegible]

વાથી પ્રજાની વૃદ્ધિ કરે છે અને મોજને માટે પોતાના વીર્યનો નાશ કરે છે, તેમને ધિક્કાર છે!

આર્યલોક આ દેશમાં પ્રથમ આવ્યા ત્યારે પ્રજોત્પત્તિને વધારો કરવાની આવશ્યકતા હતી; એટલા માટે લગ્નસમયે એવી પ્રાર્થના કરવામાં આવતી હતી કે, 'આ બાળકીને દશ પુત્ર થાઓ!' પણ આધુનિક કાળમાં એક સ્ત્રીને દશ પુત્ર ઉત્પન્ન કરવાની કાંઈ જરૂર રહી નથી. તમે કહો છો કે, 'મરણ પછી પુત્ર અમને સ્વર્ગમાં પહોંચાડશે;' પરંતુ હાલ તો પુત્રોને પેટભર ખોરાક પૂરો નહિ પડવાથી જીવતાં જીવતજ તમારો વાસ નરકમાં થઇ રહ્યો છે. યારો! ઉધારની આશાએ નગદને શા માટે છોડો છો? અર્જુને શ્રીકૃષ્ણને ગીતામાં એવો સવાલ પૂછ્યો છે કે, "પિંડ કોણ આપશે અને પિતૃઓ સ્વર્ગમાં શી રીતે પહોંચશે?" શ્રીકૃષ્ણે જે જવાબ આપ્યો છે તે ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં ૪૨ થી ૪૬ મા શ્લોક સુધી ઘેર જઈને જોઈ લેજો. સ્વર્ગનો અર્થ કાંઇ મુક્તિ તો થતો જ નથી. સ્વર્ગમાં ગયા પછી તો પાછું આ લોકમાં આવવું પડે છે. સ્વર્ગના સંબંધમાં આ કાફી નીચલી કડીઓ કેવી સરસ લાગુ પડે છે!:—

> જન્નત પરસ્ત ઝાહિદ કબ હક પરસ્ત હૈ?
> હુરોં પે મર રહા હૈ યહ શહવત પરસ્ત હૈ.

(જે સ્વર્ગનો ઉપાસક છે તે બ્રહ્મનો ઉપાસક શી રીતે બની શકે છે? જે પરીઓને મેળવવાને ફાંફાં મારી રહ્યો છે, તે તો કામાતુર છે.)

વહાલા પ્રભુઓ! જો તમે વસ્તીની વૃદ્ધિ કરવાની ક્રિયા સમજીનેજ નહિ ઘટાડો તો કુદરત પોતેજ પોતાની ક્રૂર પદ્ધતિ પ્રમાણે તે પ્રશ્નને પરાણે છિન્નભિન્ન કરવા માંડશે. મહર્ષિ વસિષ્ઠજીએ પ્રકૃતિના કોપની નીચલી રીતિઓ કહી છે:-

(૧) મંદી, (૨) દુકાળ (૩) ધરતીકંપ અને (૪) લડાઈ. આ ચાર વસ્તુઓથી કુદરત મનુષ્યોની અયોગ્ય વૃદ્ધિને અટકાવે છે, માટે જો મંદી, દુકાળ, ધરતીકંપ અને યુદ્ધને અટકાવવા હોય તો બ્રહ્મચર્યનો આશ્રય લો. જ્યાં સુધી પ્રજોત્પત્તિ અને જમીનની પેદાશનું યથાર્થ પ્રમાણ રાખવામાં ન આવે ત્યાં સુધી જુદી જુદી [illegible] અને એકેય કદી પણ દરિ-દ્રતા દૂર થઇ શકે નહિ. દુનિયામાં એવો કોઇ દેશ નથી કે જે દ્રવ્યોત્પત્તિમાં

હિંદુસ્તાન જેટલો પાછળ અને પ્રજોત્પત્તિમાં હિંદ જેટલો આગળ હોય! આવા સંજોગોમાં હિંદમાંથી વેરભાવ અને સ્વાર્થપરાયણતાનો કેવી રીતે નાશ થઈ શકે? અને સંપ તથા ઐક્ય કેવી રીતે જળવાઈ શકે? બે કૂતરા વચ્ચે એક રોટલીનો ટુકડો નાખીને કહો છો કે 'લડશો નહિ' તે કેવી રીતે બની શકે? આવા સંયોગમાં સંપ અને ઐક્ય રાખવાનો ઉપદેશ કરવો એ વસ્તુની મશ્કરી અને ઉપદેશની મજાક કરવા બરોબર છે. એક ખળામાં આયો દશ ઢોર હોય અને ઘાસ ફક્ત એક ગાયને થાય એટલુંજ હોય, તો ઢોર જેવાં નગ્ન, ગરીબ, મૂગાં પ્રાણી પણ લડયા વગર ન રહે; તો પછી ભૂખે મરતા હિંદીઓ સુલેહસંપ અને શાંતિ કેવી રીતે જાળવી શકે? વિજ્ઞાનશાસ્ત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે દરેક વસ્તુનું સમતોલપણું જાળવી રાખવાને માટે દરેક પરમાણુ અને અંશને રહેવાને તથા હરવા ફરવાને ફક્ત એટલીજ જગ્યા હોવી જોઈએ કે જેથી બીજાં પરમાણુ અને અંશો માટેની આવશ્યક જગ્યામાં વધઘટ થાય નહિ. હવે જે દેશમાં એક જણ પેટ ભરીને ખાવાથી બીજાં દશ માણસો ભૂખ્યાં કે અર્ધભૂખ્યાં રહી જાય તે દેશમાં સુલેહસંપ અને સમતોલપણું શી રીતે જળવાઈ રહે? શું તમે હિંદુસ્તાનને કલકત્તાનું કારાગૃહ બનાવ્યા વિના પાછા નહિજ હઠશો? જે ચીજ નકામી થઈ જાય છે તેને આ લેમ્પની બગડેલી ચીમનીની પેઠે નીચે ઉતારી નાખવામાં આવે છે. (આ વખતે લેમ્પની ચીમની કાળી થઈ જવાથી તેને નીચે ઉતારી મૂકવામાં આવી હતી.) હવે ક્યારે સમજશો? પુરુષાર્થની શક્તિનો એવી રીતે નાશ ન કરો કે જેથી તમને પણ નુકશાન થાય અને દેશની પણ બરબાદી થાય. એ શક્તિને બ્રહ્માનંદ અને આત્મિક બળમાં ફેરવી નાખો.

બ્રહ્મચર્ય વિષે બીજાં કેટલાંક દૃષ્ટાંતો અને ખુલાસા.

દુનિયાનો સૌથી મહાન ગણિતવેત્તા સર આઈઝાક ન્યુટન ૮૦ કરતાં વધુ વર્ષ જીવ્યો હતો. એને આટલી મોટી ઉમ્મરે પહોંચવાનું કારણ બ્રહ્મચર્યજ હતું. મહાન તત્ત્વજ્ઞાની કેન્ટ પણ બ્રહ્મચર્યના પ્રતાપે જ લાંબી જીંદગી ભોગવવાને શક્તિવાન થયો હતો. હર્બર્ટ સ્પેન્સર અને [illegible] જેવા દુનિયાના વિચારોને ફેરવી નાખનાર મહા સમર્થ વિદ્વાનો પણ બ્રહ્મચારી હતા. કેટલાંક અંગ્રેજી પત્રોએ એવો ગપાટો ઉડાવ્યો છે કે બ્રહ્મચર્યના પાલનથી જીંદગી ઘટે છે. તપાસ કરતાં માલમ પડે છે કે

પેરિસ અને એડીનબરોના કેટલાક વર્ષોના જન્મમરણના રિપોર્ટો ઉપરથી ખાસ આ પરિણામ તારવી કાઢવામાં આવ્યું હતું. હવે જેમાંના જરૂરિયાત અક્કલનો અંશ હશે તેને વિચાર કરતાં સ્પષ્ટ રીતે જણાશે કે ઉપરનાં શહેરોમાં ફક્ત એવાં લોકોનાજ દાખલ કરવામાં આવતાં નથી કે જેઓ કાંતો બિમાર હોય કે કાંતો નાદાર અથવા બેકાર હોય, કિંવા બીજી કોઇ રીતની મુશ્કેલીથી વ્યાધિગ્રસ્ત થઇ ગયા હોય જેથી એવા હલકા જીવનમાં અલ્પ આયુષ્ય ઇત્યાદિ પરિણામોને બ્રહ્મચર્યના પરિણામરૂપે ગણાયજ નહિ. વળી તે દેશના કુંવારાં માણસો આત્મજ્ઞાન નહિ ધરાવવાથી પણ બ્રહ્મચારી રહી શકતા નથી, જેથી એવા જન્મ-મરણના પત્રકપરથી બ્રહ્મચર્યનું ખંડન થવું તદ્દન અશક્ય છે

આપણા દેશની વિદ્યા ગ્રહણ કરીને વિદેશીઓ તેનો લાભ લે છે અને આપણે જેવા ને તેવા રહી જઇએ છીએ, એ કેવી અફસોસની વાત છે? 'અમારા બાપે કુવો ખોદાવ્યો છે' એમ કહેવાથી આપણી તૃષા છીપવાની નથી. તૃષા તો પાણી પીવાથીજ શાંત થશે; એવીજ રીતે શાસ્ત્રોના ઉપદેશ પ્રમાણે અમલ કરવાથીજ આપણાં દુખો નષ્ટ થશે.



૨—નગદ ધર્મ.*

વૈભવ અને વિજયનો આધાર ભૂમિપર નથી, પણ સત્ય અને ધર્મપર જ છે. 'सत्यमेव जयते नानृतम्।' વેદમાં લખ્યું છે કે, 'જય સત્યનો જ થાય છે અસત્યનો નહિ.' સાચને આંચ નથી. જગતમાં જ્યાં જ્યાં સંપત્તિ અને ઐશ્વર્ય છે ત્યાં ત્યાં તેનું ખરૂં કારણ ધર્મજ છે. આપણે હિંદુઓ કહીએ છીએ કે લક્ષ્મી વિષ્ણુની પત્ની છે અને તે પતિવ્રતા છે. જ્યાં વિષ્ણુ (સત્ય) છે ત્યાં લક્ષ્મી હોવી જ જોઇએ; તે બીજા કોઇ પણ પુરૂષનો પડછાયો લેતી નથી. ઉન્નતિ એ એકજ દેશની મિલકત નથી અથવા તે એકજ જગાએ સ્થાયી રહેતી નથી. જે લોકો યૂરોપ, અમેરિકા વગેરે દેશોની ઉન્નતિનું કારણ ત્યાંની ઠંડી અને શક્તિદાયક હવા છે, એમ સમજે છે; અને બીજા દેશોની અવનતિનું કારણ ત્યાંની ભૂમિને ગણે છે, તેઓ મોટી ભૂલ કરે છે. બે હજારથી પણ ઓછાં વર્ષપર ઇંગ્લાંડના રહેવાસીઓ રોમ વગેરે શહેરોમાં કેદી અને ગુલામ તરીકે વેચાતા હતા; આજે ઇંગ્લાંડ આવા વિશાળ પ્રદેશ ઉપર રાજ્ય ચલાવે છે, તેથી આજે શું તે ભૂમિ બદલાઈ ગઇ છે ? પાંચસેં વર્ષ પહેલાં પણ અત્યારે છે ત્યાં જ અમેરિકા ખંડ હતો; પરંતુ એ અરસામાં ત્યાંના રહેવાસીમાં કેટલો ફેર પડ્યો છે, તેનો વિચાર કરો. રોમ, ગ્રીસ, મિસર અને આપણું હિંદુસ્તાન પ્રાચીનકાળમાં જ્યાં હતાં ત્યાંનાં ત્યાંજ અત્યારે પણ છે. તે વખતે આખી દુનિયામાં તેમની કીર્તિ પ્રસરી રહી હતી. ઐશ્વર્ય દેશ કિંવા મનુષ્યપર આધાર રાખતું નથી. જેઓ સન્માર્ગે ચાલે છે તેમનોજ જય થાય છે; અને જ્યાં સુધી તેઓ સત્યથી ચાલે છે ત્યાં સુધીજ તેમનું ઐશ્વર્ય નભી રહે છે. ભાઇઓ ! 'રામ' તમારો

---

* સ્વામીજીએ આ વ્યાખ્યાન ગાઝીપુરમાં આપ્યું હતું.

છે અને તમે 'રામ' ના છો. પૂર્ણ પ્રેમથી મારી પાસે આવો! હું પણ જે કંઈ કહેવાનો છું તે પ્રેમથીજ કહેવાનો છું; પરંતુ માફ કરજો! હું તમારી ખુશામત નહિ કરૂં. પ્રેમને ખુશામત ગમતી નથી. 'રામ' જાપાન ગયો હતો, અમેરિકામાં ગયો હતો, યુરોપના પણ કેટલાક દેશો 'રામે' જોયા છે પરંતુ જ્યાં જ્યાં ઉન્નતિ જણાઈ ત્યાં ત્યાં 'સત્ય' નું અસ્તિત્વ હતું. અમેરિકાએ જે ઉન્નતિ કરી છે, તે પણ ધર્મ પ્રમાણે ચાલવાથીજ. ધર્મને કોઈએ ઇજારે રાખી લીધો નથી. ગમે તે માણસ ધર્મ પ્રમાણે આચરણ કરી શકે છે.

નગદ ધર્મ અને ઉધાર ધર્મ.

ધર્મ બે પ્રકારના છે, એક નગદ અને બીજો ઉધાર. દાખલા તરીકે એક માણસે કેટલુંક ધન જમીનમાં દાટી રાખ્યું હતું તે તેના છોકરાએ જાણ્યું. તેણે તે ચુપચુપ કહાડી લઈ વાપરી નાખ્યું અને તેટલાજ વજનના પથરા એ ખાડામાં ભરી દીધા. કેટલાક દિવસ પછી તેના બાપે જમીન ખોદી જોઈ તો રૂપિયા મળે નહિ; તેથી તે રડવા લાગ્યો કે, "હાય! હાયરે! મારૂં ધન ક્યાં ગયું?" છોકરો બોલ્યો-"બાપા! તમે શા માટે રડો છો? તમારે તે વાપરવા તો હતાજ નહિ, રાખી મૂકવા હતા; તો આ પથરાઓ પણ તેટલાજ વજનના છે"

બરાબર નિહાન સે ત ગો ને ઝર.

(જો સંઘરીજ મૂકવાં હોય તો પછી પત્થર અને સુવર્ણ સરખાંજ છે.)

જુદા જુદા ધર્મો વચ્ચે જે ઝગડા થાય છે, તે સર્વ નગદ ધર્મને લીધે નહિ પણ ઉધાર ધર્મને લીધેજ થાય છે. નગદ અથવા રોકડો ધર્મ તો એજ કે જે મરણ પછી નહિ પણ જીવતાજ સફળ થવાની ચિંતા રાખે છે. ઉધાર ધર્મ અંધશ્રદ્ધાનો છે અને નગદ ધર્મ દૃઢ વિશ્વાસનો છે. ઉધાર ધર્મ માત્ર લોકોને કહેવાનો અને ઉપર ઉપરથી માની લેવાનો હોય છે, જ્યારે નગદ ધર્મ આચરવાનો-અમલમાં મૂકવાનો હોય છે. ધર્મોમાં જરૂરી રોકડ ભાગ છે તેને માટે સર્વ ધર્મોનો એકજ મત છે. ખરૂં બોલવું, શાસ્ત્રાનું અધ્યયન કરવું અને તે પ્રમાણે ચાલવું, અહંકાર અને સ્વાર્થી વૃત્તિઓ દૂર રહેવુ, પરધન અને પરદારા જોઈને મનમાં

મલિન વાસના ઉત્પન્ન થવા ન દેવી, જગતની લાલચો અને ધમકીઓના ઝપટમાં ફસાઇને આપણાં મૂળ સત્યસ્વરૂપને વિસારી ન જવું, મનને દૃઢ અને વૃત્તિને સ્વતંત્ર રાખવી, એ ધર્મના નગદ ભાગો વિષે કોઇ ભિન્ન મત ધરાવતું નથી.

ધર્મના ઉધાર ભાગની બાબતો કલહપ્રિય લોકોને સોંપી દઈ જેઓ નગદ ધર્મથી ચાલે છે તેમનીજ ઉન્નતિ અને ઉત્કર્ષ થાય છે, એ વ્યાવહારિક સત્યનો, પરદેશમાં ગયા પછી રામ ને ઘણો અનુભવ થયો.

હિંદ અને અમેરિકાની તુલના.

હિંદુસ્તાન અને અમેરિકા વચ્ચે શું ફેર છે? અહીંઆં દિવસ હોય છે ત્યારે ત્યાં રાત હોય છે, અને ત્યાં દિવસ હોય છે ત્યારે અહીં રાત હોય છે. જ્યારે હિંદુસ્તાનના સિતારા પાધરા હતા ત્યારે અમેરિકાને કોઇ ઓળખતું પણ નહોતું; આજે અમેરિકા વૈભવને શિખરે પહોંચ્યું છે અને હિંદુસ્તાનનો કોઇ ભાવ પણ પૂછતું નથી. પૂજા અથવા સત્કારની વખતે અહીંઆં જોડા કઢાવવામાં આવે છે ત્યારે ત્યાંના લોક ટોપી ઉતારે છે.

અહીંઆં 'પુસ્તક મેજપર છે' એમ કહેવાય છે; 'ત્યાં શેપડીપર ટેબલ છે' એમ બોલાય છે. અહીંઆં ઘરમાં પુરૂષોની સત્તા ચાલે છે, તેમના ઘરમાં સ્ત્રીનું રાજ્ય હોય છે. અહીંઆં વિધવાઓની સંખ્યા મોટી હોવાના વિલાપ કરવામાં આવે છે, ત્યાં કુમારિકાઓની સંખ્યા વધી જવાની બૂમો પાડવામાં આવે છે. હિંદુસ્તાનમાં ગપેડું અને ધુરક મૂર્ખતાસરેલાં અને અપશુકની મનાય છે, ત્યાં તેમને વિશ્વાસપાત્ર અને હોશિયારીના આદર્શ ગણવામાં આવે છે. આ દેશમાં લખાતા ગ્રંથોમાં જો તેનો અર્ધ ભાગ પ્રાચીન વૈભવોની વાતોથી ભર્યો ન હોય તો તેનો કોઇ ભાવ પણ પૂછતું નથી. ત્યાં છપાતાં પુસ્તકોમાં બધી નવી નવી બાબતો ન હોય તો તેને કોઈ લેતું નથી.

અહીંઆં જેની પાસે હુન્નર કળાનું ઉપયોગી જ્ઞાન હોય છે, તે તેને છુપાવી રાખે છે અને ત્યાં તેને છાપીને બહાર પાડે છે. અહીંઆં ઉધાર ધર્મ—ઉપર ઉપરથી માનવાનો ધર્મ—બેહદ છે; ત્યાં નગદધર્મ (પાલન કરવાનો ધર્મ) પુષ્કળ છે. અહીંઆં બીજાની સાથે હળી ગળીને ન

વામા, બીજાના હાથનું ન ખાવામા અને આડંબરને ખાતર અળગું રહેવામા મોટાઈ મનાય છે, ત્યારે ત્યા લોકોની સાથે જેટલા પણ વધારે મળીને ચાલો તેટલું વધારે માન મળે છે અહીં આ પરભાષા ભણવી એ હલકું ગણાય છે (न पठेद् यावनीं भाषाम्), ત્યા પરભાષાઓ જેટલી વધારે આવડતી હોય તેટલું વધારે માન મળે.

नगद धर्म विषे एक वृद्ध अमेरिकन प्रोफेसरनुं दृष्टान्त.

'રામ' જ્યારે જાપાન જતા હતા ત્યારે સ્ટીમરમા અમેરિકાના એક વૃદ્ધ પ્રોફેસર સાથે તેને ઓળખાણ થઈ. તે વૃદ્ધ પ્રોફેસર રશિયન ભાષા શીખતો હતો. તપાસ કરતા માલમ પડ્યું કે તેને અગીઆર ભાષાઓ તો આવડતી હતી. તેને "આટલા ઘડપણમા નવી ભાષા શીખવાની શી જરૂર છે?" એમ પૂછતા તેણે જવાબ આપ્યો કે, "હું ભૂસ્તરવિદ્યાનો પ્રોફેસર છું, રશિયન ભાષામા ભૂસ્તરવિદ્યાનો એક અદ્ભુત ગ્રંથ લખાયો છે, તેનું ભાષાંતર હું કરી શકું તો મારા દેશબાંધવોને અત્યંત લાભ મળે, તે માટે હું રશિયન ભાષા શીખું છુ."

'રામે' કહ્યુ -"હવે તો તમે મૃત્યુને બારણે આવી પહોંચ્યા છો, હવે શીખીને શું કરશો? ઈશ્વરનું ભજન કરો."

તેણે જવાબ આપ્યો:-"લોકસેવા એજ ઈશ્વરસેવા છે, * આ સ્વીકારેલ કર્તવ્ય બજાવતા હું નરકે જાઉં તોપણ મને તેની દરકાર નથી. મારા દેશબાંધવોને સુખ થતુ હોય અને મારે હજાર વખત નરકવાસ ભોગવવો પડે તોપણ મને હરકત નથી. આ જન્મમા લોકસેવાનો લાભ લેવાનો છે. મૃત્યુ પછીની અદ્ધર સ્વર્ગના હરખી હું છેતરાનાર નથી."

ગુજરશ્ત જબ તો આમદા ખ્યાતમ્,
ગર્દમત દા હમી હમરા કિ હસ્ત. +

'નગદ ધર્મ' એજ કહેવાય. ભગવદ્ગીતામા એવી ઉત્કૃષ્ટ આજ્ઞા કરી છે કે—

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।

અર્થાત્-કર્મ જ કર્યા કરે, ફળ ઉપર દષ્ટિ રાખીશ નહિ.

* [illegible]

+ [illegible]

કોઈ મેકેન્ઝીની એવી પ્રાર્થના હતી કે, 'મરૂં તો મારી તાબેદારીમાંજ મરૂં!'

દફન કરના મુઝકો કુચે યારમેં,
કુચે ગુલગુલશી બને ગુલજારમેં.

અર્થાત્—પ્રિયાની ગલીમાં જ મને દાટજો. ગુલગુલની કબર બગીચામાં જ હોય છે.

મરવું તો કર્તવ્ય બજાવતાં જ મરવું જોઈએ, ઘોર રણસંગ્રામમાં યુદ્ધ કરતાંજ મરવું જોઈએ, આનંદ અને ઉત્સાહ સાથે કેસરીઆં કરતાં જોઈએ.

એક ડોસો ઝાડ રોપતો હતો તેને કોઈએ પૂછ્યું કે, "ડોસા! આ શું કરો છો? તમારે ક્યાં આનાં ફળ ખાવાં છે? તમારાં લાકડાં તો સ્મશાને પડ્યાં છે. પેલા ફકીરનું વચન યાદ નથી?"

ઘર બનાઉં ખાક ઇસ વહશત-કદામેં નાસિહા!
આયે જબ મજદૂર મુઝકો ગોરકન યાદ આ ગયા.

અર્થાત્ "હે ઉપદેશક! આ જગતમાં હું ઘર બાંધીને શું કરીશ? જ્યારે મજુરોને હું જોઉં છું ત્યારે મારી કબર ખોદનાર મજુરોનું મને સ્મરણ થાય છે."

ડોસાએ ઉત્તર આપ્યો:—"બીજાએ વાવ્યાં હતાં તે મેં ખાધાં. હું વાવતો જાઉં છું તે બીજા ખાશે."

એવી જ રીતે જગતનો વ્યવહાર ચાલે છે. ઈશુખ્રિસ્ત, મહમદ વગેરે જે મહાત્માઓ થઇ ગયા તેમણે વાવેલા ઝાડોના ફળ શું તેમણે પોતેજ ખાધા? કદિ નહિ. એ મહાત્માઓએ તો ઉલટા પોતાના દેહ જ એ ઝાડના ખાતર તરીકે અર્પ્યા, તો પછી ફળ ક્યાંથી ખાય? આજે હજારો વર્ષથી જે વૃક્ષોના ફળ લોકો ખાય છે તે વૃક્ષ પ્રાચીન ઋષિઓની ઝરમથી ઉગ્યાં છે. આ સિદ્ધાંત ધર્મનો પ્રાણ છે અને એજ સિદ્ધાંતાનુસાર તે ઇથિયન ભાષા શીખનાર પ્રોફેસરનું વર્તન હતું.

मजुरी करी विद्याभ्यास करता जापानी विद्यार्थीओ.

જે સ્ટીમરમાં 'રામ' જાપાનથી અમેરિકા જતો હતો તે સ્ટીમરમાં લગભગ દોઢસો જાપાની વરૂણો હતા. તેમાના કેટલાક ખાનદાન કુટુંબોના છોકરા હતા; પરંતુ તે સૌમા પોતાને ઘેરથી પૈસા લઇ આવેલો કોઇક જ હતો. કેટલાક તો એવા હતા કે સ્ટીમરનું ભાડું પણ ઘેરથી લાવ્યા નહોતા.

તેમાંના કેટલાક શ્રીમંત ઉતારૂએના બુટ સાફ કરવા રહ્યા હતા, કેટલાક સ્ટીમરને ધોવા સાફ કરવાના કામપર રહ્યા હતા, અને કેટલાક એવાં જ બીજાં કામપર રહીને સ્ટીમરનું ભાડું ચૂકવતા હતા. તપાસ કરતાં માલમ પડ્યું કે, 'આપણા દેશના પૈસા પરદેશમાં જઇને શા માટે ખરચવા ? સ્ટીમરનું ભાડું પણ કામ કરીને ચૂકવવું ' એવો તેમનો વિચાર હતો. અમેરિકામાં ગયા પછી તેમાંના કેટલાક વિદ્યાર્થીએ આખો દિવસ શ્રીમંત લોકોને ત્યાં મજુરી કરતા અને રાત્રે રાતની શાળાઓમાં જઇ ભણતા. કેટલાક રેલ્વેના કામ ઉપર અને કેટલાક એવાજ બીજાં કામોમાં જોડાયા હતા. એ લોકો ઉનાળામાં મજુરી કરતા અને શિયાળામાં કૉલેજમાં ભણતા.

पये इल्म चूं शमअ बायद गुदाख़्त.

અર્થાત્-જ્ઞાનપ્રાપ્તિને માટે મીણબત્તીની પેઠે એગળવું જોઇએ.

એવી રીતે સાત આઠ વ[illegible] સુધી પોતાનો નિભાવ કરીને પોતાની બુદ્ધિ અમેરિકાના [illegible] અને [illegible] ખીસ્સા અમેરિકાના પૈસાથી [illegible] સ્ટીમરના વીસ પચ્ચીસ [illegible] જાપાન [illegible] અમેરિકા, જર્મની વગેરે [illegible] પાછા આવે [illegible] જાપાન હિંદુસ્તાનના [illegible] યુરોપથી પણ [illegible]

अपि तिशी उलफ़ त्हज़ार पाक्तन मुबारक चाय है.

[illegible] શુદ્ધ છે, [illegible] જ [illegible] જલદી [illegible] કરવાના લોકો " [illegible] કુલીન છોએ, અમારે [illegible] થી શું જરૂર છે ? " એમ [illegible] આવી રહે છે, તેઓ પોત [illegible] "વહેતા

પાણી નિર્મળ આંખ્યાં એંઠાં હોય. ”

विदेशगमनना लाभ—अमेरिकनो अने जर्मनोनुं दृष्टान्त.

વિચાર કરી જોતાં માલમ પડશે કે હરકોઇ દેશે પ્રવાસથીજ પોતાની ઉન્નતિ કરી છે. એ વિષે અમેરિકન લોકો તરફ જુઓ. સાધારણ રીતે પીસ્તાળીસ હજાર અમેરિકનો દરરોજ પૅરીસમાં હોય છે, તેમનાં ટોળાંનાં ટોળાં જતાં આવતાં નજરે પડે છે અને ફ્રાન્સમાં કંઇ નવી કળા નવી શોધ થાય અથવા કળા નીકળે કે તુરત તેઓ તે પોતાના દેશમાં પહોંચાડે છે. જુની કળાઓ પણ તેઓ કાંઇ ઓછી શીખતા નથી. દરેક મોસમમાં લગભગ એંશી હજાર અમેરિકનો મિસરમાં જાય છે અને ત્યાંના પીરામીડ જોઇ આવે છે. લાખો અમેરિકનો આખી પૃથ્વીનું પર્યટન કરી આવ્યા છે. એવી રીતે એ લોકો જ્યાંથી જ્ઞાન મળે ત્યાંથી લઇને પોતાના દેશમાં પહોંચાડે છે. જર્મન લોકો પણ એવા જ છે. અમેરિકાથી આવતાં ‘રામ’ જર્મન સ્ટીમરમાં બેઠા હતા. પહેલા વર્ગના ઉતારૂ લગભગ ત્રણસેં હતા. તેમાં પ્રોફેસર, ડયૂક, બેરન તથા વેપારી વગેરે ભિન્ન ભિન્ન પ્રકારના માણસો હતાં. દિવસે “ રામ ” સ્ટીમરને સૌથી ઉપલે માળે બેસતા અને ત્યાં એકાંતમાં લખતા, વાંચતા અથવા ધ્યાનમાં મગ્ન રહેતા; પરંતુ જર્મન લોકો ઉપલે માળે આવીને ‘ રામ ’ ને નીચે લઇ જતા અને વ્યાખ્યાન અપાવતા. ‘ રામ ’ ને તેઓ પરદેશી ધારીને સ્કેન્ચ અથવા કાફર ગણતા નહિ. તેમનો વિચાર એવો હતો કે આ ‘ પરદેશી પાસેથી જેટલું જ્ઞાન મળે તેટલું કાઢી લેવું. ’ અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સમાં ‘ રામે ’ ત્યાંથી પહેલું વૉશીંગટન શહેર જોયું. ત્યાંની વૉશીંગટન યુનિવર્સિટીએ ‘ રામ ’ ને હિંદુ તત્ત્વજ્ઞાન ઉપર વ્યાખ્યાન આપવાને આમંત્રણ કર્યું. વ્યાખ્યાન પૂરું થયા પછી એક તરુણ પ્રોફેસરની મુલાકાત થઇ. આ પ્રોફેસર થોડા વખતપર જ જર્મની જઇ આવ્યો હતો. “ જર્મની શા માટે ગયા હતા ? ” એમ ‘ રામે ’ જ્યારે તેને પૂછયું ત્યારે તે બોલ્યો.—“ વનસ્પતિશાસ્ત્ર અને જ્ઞાનશાસ્ત્ર વિષયોમાં અમારી યુનિવર્સિટી અને જર્મન યુનિવર્સિટીઓનો મુકાબલો કરવા ગયો હતો. ” તેણે બેધડક સ્પષ્ટ અભિમાન દર્શાવી જણાવ્યું કે, “ દશ વર્ષ પહેલાં જર્મની અમારા કરતાં આગળ હતું, પણ આજે અમે તેનાથી જરાએ ઉતરતા નથી. ”

विदेशनी विद्या भण्याथी वटलाइ जवातुं नथी.

હું કહું છું કે મરણ પર્યંત ભણો. અમેરિકનોએ ઘણી મહેનતે બીજાઓ પાસેથી શીખી શીખીને વિદ્યા સંપાદન કરી છે અને તેને ખીલવી છે. અમેરિકન લોકો ‘ ડોલરના દાસ ’ કહેવાય છે, તે ખરૂં નથી; ઉલટા ડોલર તેમના દાસ છે. કારણ કે **ડોલર તો વિદ્યાની પાછળ આપોઆપ જ ઘસડાઈ આવે છે.** જે લોકો અમેરિકન લોકોપર એ આરોપ મૂકે છે તેઓ નગદ ધર્મના નહિ પણ નગદ નાણાનાજ અનુયાયી છે, તેઓ અમેરિકન વસ્તુસ્થિતિથી તદ્દન અજ્ઞાન છે નિષ્ફળ થનાર શિયાળની પેઠે ‘ દ્રાક્ષ ખાટી છે ’ એ પ્રકારનો એ આરોપ છે કેલીફોર્નિયાની એક સ્ત્રીએ અઢાર કરોડ રૂપિઆ આપીને એક વિશ્વવિદ્યાલય સ્થાપ્યું છે એવી રીતે જ્ઞાનની વૃદ્ધિ અને પ્રસાર કરવાને માટે તે દેશમાં દર વર્ષે કરોડો રૂપિયાનું દાન કરવામાં આવે છે. હિંદુસ્તાનની બ્રહ્મવિદ્યાને તેઓ એટલા માને છે કે વ્યાવહારિક વેદાંત ત્યાં અત્યાર જેવું છે તેવું અહીંઆં નથી તે લોકોએ વેદાંતનું અધ્યયન કરીને તેને પોતાનું કરી નાખ્યું છે, તોપણ તેઓ કંઈ હિંદુ થયા નથી, તેરીજ રીત આપણે પણ તેમની વિદ્યા અને હુન્નરકળા પ્રાપ્ત કરવા છતાંએ આપણું રાષ્ટ્રીનત્વ જાગતું રાખી શકીશું ઝાડ બહારથી પોતાનો ખોરાક લે છે, પરંતુ તેથી તે જાતે ખોરાક બનતું નથી બહારથી મીઠું પાણી, પ્રકાશ અને હવા તે લે છે, અને પચાવે છે, પણ તેથી તે જાતે જ પાણી કે હવારૂપ બની જતું નથી જાપાની લોકોએ યૂરોપ અને અમેરિકાની હુન્નરકળા ગ્રહણ કરી પણ તેઓ જાતે જાપાની જ રહ્યા છે દેવોએ કચ (બ્રહસ્પતિના પુત્ર) ને રાક્ષસના પાસે મોકલીને તેમની સંજીવની વિદ્યા શીખી લીધી, પણ તેથી કંઈ પોતે રાક્ષસ બન્યા નહિ, તેવીજ રીતે યૂરોપ અને અમેરિકા જઈને તેમનું જ્ઞાન તથા કળા શીખી આવવાથી તમારૂં હિંદુત્વ જતું રહેવાનું નથી

ज्ञाननी आप ले न करवाथी पोतानेज नुकशान छे

જે લોકો જ્ઞાનને અમુક દેશમાં પૂરી નાખવા ઇચ્છે છે અને આ જ્ઞાન અમારૂં ને આ જ્ઞાન બીજા દેશનું છે, બીજાનું જ્ઞાન અહીંઆં આવશે તો ખોટું થશે અને અમારા જ્ઞાનને લઈ જવાનો પણ કોઈને અધિકાર નથી એમ કહે છે, તેઓ પોતાના જ્ઞાનને અજ્ઞાનના રૂપમાં જ ફેરવી નાખે

છે. આ ઓરડીમાં અજવાળું છે, આ પ્રકાશ અત્યંત મનોહર અને સુખદાયક છે; પરંતુ " આ અજવાળું અમારૂં છે, અરરર ! બહારના અજવાળા સાથે તે મળે તો અભડાઇ જાય-અપવિત્ર થઈ જાય ! " એમ જો આપણે કહીએ તો આપણને 'મૂર્ખ' સિવાય બીજી શી ઉપમા મળે ? છતાં તેવા બનીને આ અજવાળું છે, તે ન અભડાય તે માટે જો આ ઓરડીનાં બારી બારણાં બંધ કરી દઇએ તો શું થશે ? તે અજવાળું જ એકદમ જતું રહેશે અને તેની જગ્યાએ ઘોર અંધકારજ પ્રસરી રહેશે ! અફસોસ ! આપણે હિંદુઓ એવી ભૂલભરેલી નીતિ ચલાવતા આવ્યા છીએ !

विदेशगमनथी देशोन्नति.

હુબ્બુલ્વતન અઝ મુલ્કે-સુલેમાં ખુશ્તર;
ખારે-વતન અઝ સમ્બુલે-રેહાં ખુશ્તર.

અર્થાત્-" સુલેમાનના દેશ કરતાં મારો દેશ મને વધારે પ્રિય છે, ચંદનના વૃક્ષ કરતાં મારા દેશનો કાંટો પણ મારે મનથી વધારે સારો છે " એમ કહીને પોતે દેશનગતિ ભોગવવી અને પોતાના દેશને કંટકવનસમાન બનાવી દેવો, એ શું સ્વદેશપ્રીતિ છે ? એકજ જાતનાં ઝાડો એક જ જગાએ નજીક નજીક વાવવાથી તે છેક કમજોર બને છે; પરંતુ તેમને દૂર દૂર વાવવાથી તે પ્રચંડ અને મજબૂત બને છે. જૂદા જૂદા દેશોને પણ એજ નિયમ લાગુ પડે છે. કાશ્મીર વિષે કહેવાય છે કેઃ—

અગર ફીરદોસ બરરૂયે-જમીનસ્ત;
હમીનસ્તો હમીનસ્તો હમીનસ્ત.

" જો પૃથ્વી પર કોઈ પણ સ્વર્ગ હોય તો તે આજ છે, આજ છે, આજ છે. "

કાશ્મીરી લોક પોતાનું આ નંદનવન છોડીને બહાર જવામાં શુન્ય સમજતા હોવાથી જ તેઓ નિર્બળ, દરિદ્રી અને નાદાન રહ્યા છે; પરંતુ તેમનો જે કાશ્મીરી પંડિત પોતાનું પર્વતના શિખર ઉપરનું માની લીધેલું સ્વર્ગ છોડીને બહાર નીકળ્યો તેને ખરેખરૂં સ્વર્ગજ મળ્યું છે. તે જ્યાં પણ ગયો ત્યાં તેણે હિંદુસ્તાનના લોકો ઉપર છાપ પાડી અને તેમની મોટી મોટી પદવીઓને તેણે શોભાવી છે. જ્યાં સુધી જાપાનીઓ પણ જાપાન છોડીને બહાર નીકળતા નહોતા ત્યાં સુધી તેઓ પણ દુર્બળ અને સં

પાછળજ હતા; પરંતુ બહાર જવા માંડતાંજ–બહારની હવા ખાતાંજ–તેઓ બહાદૂર બન્યા. યૂરોપના પણ ગરીબ, દરિદ્રી અને સાધારણ લોકો વહાણમાં બેસી અમેરિકા જઈ રહ્યા હતા; પણ જુઓ! આજે તેઓજ આખી દુનિયામાં સૌથી વધુ શક્તિવાન થઇ બેઠા છે! તેવીજ રીતે જેમને પોતાના દેશમાં કોઇ ભાવ પૂછતું નહોતું એવા કેટલાક હિંદીઓ પણ પરદેશ જતાજ ત્યાંના ઉંચા દરજ્જાના સુધરેલા લોકોમાં ગણાવા લાગ્યા અને તેમણે કીર્તિ પણ પ્રાપ્ત કરી.

" પાની ન બહેનેસે ઉસમેં બૂ આયે, ખંજર ન ચલે તો મોરચા ખાયે;
મહિંદિશ સે બદલ મિહર વ મહ: કા પાયા મહિંદિશ સે ફલકને ઓજ પાયા."

અર્થાત્–" પાણી વહેતું ન રહે તો ગંધાય છે, ખંજર વપરાય નહિ તો તેને કાટ ખાય છે, ફરવાથી જ સૂર્યને તથા ચંદ્રને મહત્ત્વ પ્રાપ્ત થયું છે અને નભોમંડળ પણ ફરવાથીજ ઉચ્ચ સ્થિતિ પામ્યું છે."

જેમ વૃક્ષ સર્વ પ્રકારની હરકતોને ન ગણકારતા જ્યાં પાણી મળે ત્યાં પોતાના મૂળને લઇ જાય છે; તેમ અમેરિકા, જાપાન, જર્મની, ઇંગ્લાંડ વગેરે દેશોના લોકો સમુદ્રો તરીને, પર્વતો ઓળંગીને, પૈસા ખરચીને અને અનેક પ્રકારના સંકટો વેઠીને જ્યાં કંઇ પણ જ્ઞાન મળવાનો સંભવ હોય ત્યાં પહોંચી જાય છે. તે દેશોની ઉન્નતિનું એક એ કારણ છે હવે બીજાં કારણ વિષે સમજો —

नगद धर्म–व्यावहारिक वेदान्तनां केटलांक दृष्टान्त.

કેટલાક હિંદુસ્તાની તરુણો એક જાપાની સ્ટીમરમાં બેસીને જતા હતા. તેમના ધર્મના ઉત્સાહોને લીધે ભોજન મળતું નહિ. તેમણે કંઇ કારણસર સ્વીકાર્યું નહિ. એક ગરીબ જાપાની છોકરો જોયું કે એ હિંદી ભુખ્યા છે, તેથી તેણે તેમને માટે દૂધ, ફળ વગેરે લાવીને તેમની સામે મૂક્યાં. તેમણે પ્રથમ તો ભેદભાવ રાખ્યો કે તે લેવાની ના પાડી, પણ પછી તે સ્વીકારીને ખાધાં. સ્ટીમર ઉપરથી ઉતરતી વખત ગયા બાદ પેલા જાપાની છોકરાને ઉપકાર માનીને જાપાની વસ્તુઓની કિંમત તેને આપવા માંડી, પણ તે જાપાનીએ લીધી નહિ, અને હાથ જોડીને કહેવા લાગ્યો કે, " જ્યારે તમે હિંદુસ્તાન જાઓ ત્યારે ત્યાંના લોકોને એમ કહેશો નહિ કે જાપાની લોકો એવા નાલાયક છે કે તેમની સ્ટીમરોમાં

ત્રીજા વર્ગના ઉતારૂઓ માટે ખાવા પીવાની સગવડ હોતી નથી."

જરા વિચાર કરો કે એક ગરીબ તરૂણ જાપાની પ્રવાસી સ્ટીમર સાથે પોતાનો કંઈ સંબંધ ન હોવા છતાં આ પ્રમાણે પોતાના પૈસા શા માટે ખરચે છે ? પોતાના દેશની સ્ટીમરોની કોઈ નિંદા ન કરે તેટલા માટે. એ તરૂણ પોતે સ્વદેશથી જુદો છે એમ માનતો નહોતો. 'આખા દેશનું જીવન એ જ પોતાનું જીવન' એ જ એની પૂર્ણ ભાવના હતી. કેવો પ્રેમ ! ! કેટલો સ્વાર્થત્યાગ ! એનું જ નામ શુદ્ધ ઐક્ય ! એનું જ નામ નગદ ધર્મ ! આ વ્યાવહારિક વેદાંત સિવાય જગતનું કે મોક્ષનું સુખ મળવું અશક્યજ છે.

" મરના ભલા હૈ ઉસકા જો અપને લીયે જીયે;
જીતા હૈ વહ જો મરચુકા ઇન્સાન કે લીયે. "

તમને યાદ હશે કે જ્યારે રશિયન લોકોના હલ્લાને રોકવાની જાપાનને જરૂર પડી અને તેને માટે કેટલીક આગબોટો સમુદ્રમાં ડૂબાવવાની જરૂર હતી; ત્યારે મીકાડોએ જાહેરનામું બહાર પાડ્યું કે, " મારી પ્રજામાંના કોઇને હું આ કામને માટે ફરજ પાડતો નથી; પરંતુ જેઓ એ સ્ટીમરો સાથે ડૂબવાને ખુશી હોય તેમણે સ્વયંસેવક તરીકે અરજી મોકલવી." આ જાહેરનામાથી જરૂર કરતાં હજારો અરજીઓ વધારે આવી પડી હતી અને તેમાંથી ચુંટણી કરવામાં મુશ્કેલી પડી હતી. તે વખતે કેટલાક તરૂણોએ પોતાના શરીરમાંથી લોહી કાઢીને તે લોહીથી લખેલી અરજીઓ રજુ કરી હતી. આમ કરવામાં તેમનો ઉદ્દેશ એવો હતો કે પોતાની અરજીઓ જલદી મંજુર થાય; અને છેવટે થયું પણ તેમજ. જ્યારે એ લોકો આગબોટોની સાથ ડૂબવા લાગ્યા; ત્યારે તેમાંના એક બે કપ્તાનો પ્રયત્ન કરવાથી પોતાનો જીવ બચાવી શકે એવો સંભવ હતો. કોઇએ કહ્યું કે, " કપ્તાન સાહેબ! તમે કામ તો પાર પાડ્યું, હવે પ્રાણ ખોવાથી શું ફાયદો ? જીવતા ઘેર જાઓ તો કેમ ? " મૃત્યુની પરવા ન કરનાર પેલા કપ્તાને તિરસ્કારપૂર્વક જવાબ આપ્યો કે, " શું પાછા જવાને માટે મેં અહીં આવવાની અરજી કરી હતી ? "

' यद्गत्वा न निवर्तंते तद्धाम परमं मम '

અર્થાત્-જ્યાં ગયા પછી પાછું આ જગતમાં ન આવવું પડે તેજ મારૂં પરમ ધામ છે.

ઉજ્ર જુઝ કિ જ્ર પસપાન્દ ચારાનેસ્ત
અર્થાત્-અહીં પ્રાણાર્પણ કર્યા વિના બીજી વાતજ કરવાની નથી.
શેર સીધા તૈરતા હૈ, વક્તે-રફતન્ આબમે
અર્થાત્-સિંહ પાણીમાં તરતાં હમેશાં સીધોજ ચાલે છે
નગદ ધર્મ અને શુદ્ધ વેદાંત તે આ જ છે !

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

અમેરિકામાં શાસ્ત્રીય પ્રયોગ કરી જોવાને માટે એક વખત જીવતા મનુષ્યનું શરીર કાપવાની જરૂર જણાઈ કેટલાક અમેરિકન તરૂણો તુરત જ પોતાની છાતી ઉઘાડી કરી ઉભા રહ્યા અને બોલ્યા—“અમને ચીરો, અમને ફાડો, તસુ તસુ કપાઈને અમારો પ્રાણ ભલે જાય જો તેમ થવાથી શાસ્ત્રની ઉન્નતિ થતી હોય અને બીજાનું કલ્યાણ થતું હોય તો અમારૂં વિવિસેક્શન (જીવતો દેહ શાસ્ત્રીય પ્રયોગને માટે કાપવો તે) હજાર દરજ્જે ઇષ્ટ છે ” આને પ્રેમ કહેવો કે શૌર્ય ? આજ નગદ ધર્મ છે ! આજ વ્યાવહારિક વેદાંત છે !

અમેરિકાના યુનાઈટેડ સ્ટેટ્સના પ્રેસીડેન્ટ અબ્રાહામ લિંકન વિષે એમ કહેવાય છે કે, એક દિવસ તે ઘેરથી નીકળીને ઑફિસમાં જતો હતો ત્યારે રસ્તામાં તેણે કાદવમાં ખુ[illegible]ી ગયેલું અને અધમૂવું થઈ ગયેલું એક ડુક્કર જોયું તે ઘણું જોર કરતું હતું, પરંતુ બહાર નીકળી શકતું નહોતું તે દુ:ખથી તરફડતું હતું તેને [illegible] પ્રેસીડેન્ટ નીચે ઉતર્યો અને તેની પાસે જઈ બહાર કહાડી [illegible] તેના [illegible] શરીર ઉપરના બધા કપડા [illegible], પરંતુ [illegible] દરકાર ન કરતા તે ઑફીસમાં આવ્યો લોકોએ જ્યારે એ વાત જાણી [illegible] તેની [illegible] પ્રશંસા કરીને તેને કહ્યું કે, આપ ઘણા દયાળુ [illegible] બસ ! વ્યર્થ સ્તુતિ કરશો નહિ ! [illegible] કરી [illegible] ડુક્કરના [illegible] મારા હૃદય [illegible] અને [illegible] બહાર કહાડયું !

[illegible] વિશ્વવ્યાપી [illegible] ? [illegible] ઐક્ય ?

* [illegible] મજનૂસ નિકલા ફસ્દ લૈલીકી જો લી,

પ્રેમનો કેવો સાક્ષાત્કાર !

* લૈલીની નસ [illegible] મજનુની નસમાંથી લોહી નીકળ્યા [illegible]

* પનીલે ફુલકી લગા સદમા નસીમકા,
શબનમ હૈ કતરે આંખસે ઉનકે ટપક પડે.

નગદ ધર્મનું આ રહસ્ય એ જ છે કે આખા જગતનો આત્મા એ આપણો જ આત્મા છે, એમ માનવું જોઇએ. ધર્મનું આ રહસ્ય જાણીને જે મનુષ્યોએ તેને અમલમાં મૂક્યું છે, તેમની ઉન્નતિ થઈ છે. જે મનુષ્યો આ રહસ્ય નથી સમજ્યા, તે અવનતિના ખાડામાં પડ્યા છે.

હિંદીઓની હલકાઇના થોડાક દાખલા.

આપણા દેશ સંબંધે બહુ જ દિલગીરી સાથે મારે એક વાત કહેવી પડે છે. હાલમાં હૉંગકૉંગમાં શીખ લોકોની એક પલટણ છે. ત્યાર પહેલાં ત્યાં પઠાણ લોકોની પલટણ હતી. હૉંગકૉંગમાં પઠાણોને યુરોપીઅનોના જેટલો જ એટલે લગભગ બે ત્રણ પૌંડ જેટલો પગાર મળતો હતો. ચીનની લડાઈ વખતે શીખ લોકો ત્યાં ગયા ત્યારે તેઓ પઠાણોને પોતાના કરતાં બમણો ત્રમણો પગાર મળતો સાંખી શક્યા નહિ અને તેમણે બ્રિટિશ પાર્લામેન્ટને અરજી કરી કે, "પઠાણોને બબ્બે ત્રણ ત્રણ પૌંડ પગાર આપવા કરતાં અમારા ૧૦) રૂપીઆના પગારમાં પાંચનો વધારો કરીને અમારા જ લોકોની ભરતી કેમ કરતા નથી ?" એ અરજી વિષે સરકારના સ્વદેશ અને વિદેશ ખાતાના અમલદારો વિચાર કરતા હતા, ત્યારે પઠાણોને પૂછવામાં આવ્યું કે, "ત્રણ પૌંડને બદલે એક પૌંડના પગારથી રહેવાને તમે ખુશી છો ?" આ માગણી એકે પઠાણે કબૂલ કરી નહિ. એમ થવાથી પઠાણોની આખી પલટણની પલટણ કમી [illegible] આવી અને સર્વે પઠાણો બરતરફ થયા. [illegible] કે અમે તેમ પણ પઠાણો આપણા જ દેશબંધુઓ [illegible] માત્ર એ શીખોને લાજ ન આવી! પોતાના [illegible] તેમને કંઈ જ દયા ન આવી! [illegible] ભૂખે મરતા પઠાણો [illegible] સાથ વગેરેથી એ શીખ લોકો [illegible] હતા કે પ્રભુ! પ્રભુ! તેમને પશ્ચાત્તાપ થયો, [illegible] અને તાર વગેરેથી અરજીઓ કરી ગયા.

* [illegible]

[illegible]

મધમાખીઓને હાથની આંગળીઓએ લગાડવી એટલે સોજો ચઢશે અને આખા શરીરના કરતાં હાથ ખૂબ જાડો થશે !! પરંતુ એ જાડાઈ શું સુખરૂપ છે ? એ જાડાઈ–એ સોજો–તો રોગજ છે ! એવી જ રીતે જે લોકો પોતાના દેશનું હિત તે જ પોતાનું હિત છે એમ માનતા નથી, પોતાનો આત્મા દેશના આત્માથી ભિન્ન છે એમ સમજે છે, તે સ્વાર્થી લોકોના હાથમાં રોગ અથવા સોજા સિવાય બીજું કંઈજ આવતું નથી. હાથ જ્યારે કાન, નાક, આંખો વગેરે આખા શરીરના આત્માને પોતાનો આત્મા ગણી વર્તે છે, ત્યારે જ તે બળવાન અને મજબુત થાય છે, અને જે મનુષ્ય પોતાના દેશનો આત્મા જ પોતાનો આત્મા છે એમ માને છે, તેને જ સુખ પ્રાપ્ત થાય છે.

અમેરિકાની ઉન્નતિની જાણવા યોગ્ય હકીકત અને કારણો.

ધાર્મિક સ્વતંત્રતા.

મેં અમેરિકામાં પહેલી આશ્ચર્યની બાબત એ જોઈ કે એક ઠેકાણે ઘરનો માલિક પ્રોટેસ્ટંટ ધર્મનો હતો અને તેની સ્ત્રી રોમન કેથોલિક પંથની હતી. એ જોઈને મારા મનમાં એવો વિચાર આવ્યો કે આપણા હિંદુસ્તાનમાં ભિન્ન ભિન્ન ધર્મના લોકો (દાખલા તરીકે આર્યસમાજી અને સનાતન ધર્મી) એક મહોલ્લામાં પણ ભાગ્યે જ રહી શકે છે, તો આ જોડું સાથે તે શી રીતે રહેતું હશે ? તપાસ કરતાં માલુમ પડયું કે તે જોડું બહુ જ આનંદથી રહેતું હતું. દર રવિવારે પતિ પ્રથમ પોતાની પત્નીને તેના રોમન કેથોલિક દેવળ સુધી મૂકી આવે અને પછી પોતે પોતાના જુદા દેવળમાં પ્રાર્થના કરવા જાય. તે ગૃહસ્થની સાથે 'રામ' ને વાતચીત થઈ ત્યારે તે બોલ્યો કે; "મારી સ્ત્રીના ધર્મ સંબંધી સવાલ તેની અને ઈશ્વરની વચ્ચે છે; તેમાં વચ્ચે પડનારો હું કોણ ? મારી સાથે તેનું શુદ્ધ વર્તન છે. ઈશ્વર સાથેનો તેનો વ્યવહાર તે જાણે અને ઈશ્વર જાણે." અહાહા ! કેવો ઉદાર વિચાર !

અમેરિકામાં પ્રજાની એકતા આગળ ધર્મભેદનું વિશેષ મહત્ત્વ નથી. હિંદુસ્તાનના આર્યસમાજી, શીખ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે સૌ ત્યાં હિંદુ તરીકે જ ઓળખાય છે. તેમનામાં પ્રજાની એકતા એટલી બધી છે કે આપણા અહીંના ધર્મભેદો કરતાં મોટા ધર્મભેદો તરફ પણ દુર્લ

વ્યાવહારિક અને શારીરિક કેળવણી.

ત્યાંની કૉલેજોની સ્થિતિ કેવી હોય છે તે સાંભળો. બી. એ., એમ. એ., ડૉક્ટર ઑફ ફ્લૉસૉફી ઇત્યાદિ ડિગ્રીઓના અભ્યાસની સાથે શારીરિક શિક્ષણ પણ આપવામાં આવે છે. ઉત્તમ શિક્ષણની સાથે ખેડુત, લુહાર, સુતાર અને કડીઆના કામ પણ શીખવવામાં આવે છે. મનુષ્ય પ્રાણીમાં મુખ્ય ત્રણ ભાગ છે. કર્મેંદ્રિય, જ્ઞાનેંદ્રિય અને અન્તઃકરણ. એને ઇંગ્રેજીમાં હૅન્ડ, હેડ અને હાર્ટ કહે છે. જ્ઞાનેંદ્રિયદ્વારા બહારનું જ્ઞાન અંદર જાય છે અને બાહ્ય વસ્તુઓના [illegible] હાથ, પગ વગેરે કર્મેંદ્રિયો [illegible] બાહ્ય વસ્તુઓ ઉપર [illegible] થાય છે કર્મેંદ્રિયો અને જ્ઞાનેંદ્રિય [illegible] પરિણામ આવે, પરંતુ જો આપણું બહારનું જ્ઞાન [illegible] જ્ઞાન અને [illegible] બહાર જવા ન દઇએ તો [illegible] સ્થિતિ થાય છે. અને [illegible] અને [illegible] પ્રમાણ થાય [illegible] નથી પણ [illegible] હોય છે. [illegible] કરે [illegible] [illegible], [illegible], [illegible] વનસ્પતિ વગેરે [illegible] વિગેરે યથાર્થ [illegible] દેશી [illegible] શીખવવામાં આવે છે તેનું [illegible] ઉપયોગીપણામાં જ રહેલું હોય છે. રસાયણ શાસ્ત્રને વ્યવહારમાં લાવવાની કેમીકલ [illegible] શીખતાં ત્યાંનો કોઇ વિદ્યાર્થી ફક્ત રસાયણશાસ્ત્રનોજ વ્યર્થ શીખ્યા કરતો નથી.

[illegible] એ સ્વાર્થત્યાગ તથા [illegible] ઉત્તમ [illegible] શીખાય છે.

हृदयनी कोमळता अने निर्मलतानुं शिक्षण.

विद्यार्थी अने शिक्षकनी कमाणी वडे चालता एक विश्वविद्यालयमां 'राम' गयो हतो; त्यां विद्यार्थीओनी फी वगेरे कांई लेवामां आवतुं नथी. शिक्षकोनी देखरेख नीचे विद्यार्थीओ कॉलेजनी जमीन उपर यंत्रो आगळ काम करे छे, प्रोफेसरो नवी नवी शोधो करे छे अने विद्यार्थीओने शोधो करतां शीखवे छे. खेतीनी नवी नवी रीतो, जुदा जुदा पाक अने नवी नवी हुन्नरकळामांथी जे उत्पन्न थाय तेमांथी ए कॉलेजनो सघळो खर्च चलाववामां आवे छे. तेज वखते एक ओरडीमां केटलाक विद्यार्थीओ वच्चे 'राम' ना देखतां कजीओ थयो. ए तकरार छेक प्रेसीडेन्ट सुधी गई. प्रेसीडेन्टे काम बंध करावीने हारमोनीअम वगाडवुं शरू कर्युं. पंदर मिनिटमांज सौ पोतपोतानी मेळे शांत पड्या अने कजीओ मटयो. आहा! जेमना हृदयमां एटलो शांतिरस भर्यो छे के जेने जाग्रत करवाने गायन जेवुं नानुं सरखुं बाह्य साधन ज बस छे, तेमने धन्य छे! केवी सरस युक्ति! हवामा सत्त्वगुण भरी देता ज मननो खळभळाट एनी मेळे शांत थइ गयो.

संगीत वडे कजीआनो निकाल.

चीकागो युनिवर्सीटीना एक अडर ग्रेज्युएटे 'राम' ना तत्त्वज्ञान उपरना केटलाक भाषणोनुं टाचण करी लीधुं, अने तेमा पोतानुं केटलुक लखाण उमेरीने तेणे थोडा ज दिवसमा एक पुस्तक बनावीने विश्वविद्यालयमा अर्पण कर्युं. तुरत ज ते विद्यार्थीने उपला वर्गमा चढाववामां आव्यो. तेणे मिल अने मिल्टनना पुस्तको पोताना मगजमा भर्या हता के नहि, ते कइ जोवामा आव्युं नहि. खरा ज्ञाननी कसोटी, जेवा प्रकारनुं ज्ञान अंदरथी बहार कहाडी शकाय ते उपरथी थाय छे, केवुं ज्ञान मगजमा घुसाडयुं छे त परथी थती नथी.

कसोटीनी खरी रीत.

एक वखते 'राम' शास्टा नामना जंगलमा पर्वत उपर रहेतो हतो. त्या केटलाक लोको मळवा आव्या, तेमनी साथे एक बार वर्षनी छोकरी हती. बधा 'राम' नो उपदेश ध्यान दइने सांभळता हता; परंतु थोडी वारे पेली छोकरी उठीने दूर जइ बेठी अने

बाळको साथे उत्तम वर्तन.

જ્યારે તે પાછી આવી ત્યારે તેણે એક કાગળ રજુ કર્યો. તેમાં શું લખ્યું હતું ? 'કામ'નો સઘળો ઉપદેશ કવિતારૂપે તેમાં લખેલો હતો. પછી તે કવિતા વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થઇ. છોકરાંઓની એ હુશિયારી અને તીવ્ર બુદ્ધિ તેમને સ્વાતંત્ર્ય આપવાનું જ પરિણામ છે. મનુષ્ય બાળક હોય કે વૃદ્ધ હોય 'તે વાતચીત કરનારૂં જાનવર' જ છે. બુદ્ધિ એ સ્વાર અને પશુવૃત્તિ એ ઘોડો છે. જ્યારે આપણે છોકરાંઓને સમજાવીને કામ કરાવવાને બદલે, ગુસ્સે થઇને અથવા ધમકી દઇને કામ કરાવીએ છીએ, ત્યારે આપણે પશુવૃત્તિરૂપી ઘોડાને સોટીના ફટકાથી બુદ્ધિરૂપી સ્વારના પગ નીચેથી કઢાવી મૂકીએ છીએ. એમ થવાથી છોકરાંઓનો અંતરાત્મા ગુસ્સે કેમ ન થાય ? છોકરાંઓને ધમકાવવાં એ પશુવૃત્તિથી કામ કરાવ્યા બરાબર છે, અને જે તત્ત્વથી મનુષ્ય શ્રેષ્ઠ ગણાય છે તે તત્ત્વનો-બુદ્ધિનો અનાદર થાય છે. સખ્તાઇ કરવી, ગુસ્સે થવું, એ છોકરાંઓના અંતરાત્માનો અનાદર કર્યા બરોબર છે. સમજાવીને કહ્યા સિવાય અથવા કારણ બતાવ્યા સિવાય 'ફલાણું કરીશ નહિ, અમુક જગાએ જઇશ નહિ' એવી નિષેધક આજ્ઞાઓ કરવી, એ ઉલટું પરોક્ષ રીતે તે કામ કરવાની સૂચના આપ્યા બરોબર છે. ઈશ્વરે જ્યારે બાવા આદમને હુકમ કર્યો કે, 'ફલાણા અજ્ઞાનવૃક્ષનું ફળ ખાઇશ નહિ' ત્યારે એ નિષેધને લીધે જ તે ફળ ખાવાનો કુવિચાર તેના મનમાં આવ્યો. નંદનવનમાં હજારો વૃક્ષ હતાં; પરંતુ જ્યારે 'આ ખાઇશ નહિ' એવો ખાસ નિષેધ કરવામાં આવ્યો, ત્યારે ખાસોખાસ તેનેજ ખાવાનો તેને મોહ થયો. વર્તમાનપત્રોમાં અત્યંત મહત્ત્વની જાહેર ખબરોને મથાળે 'આ વાંચશો નહિ' એમ લખેલું હોય છે; તેમાં પણ આજ રહસ્ય રહેલું હોય છે. કોઇએ એક સાધુ પાસે મંત્ર માગ્યો. તે મહાત્માએ મંત્ર આપ્યો અને કહ્યું કે, "ત્રણ વખત માળા જપવાથી મંત્ર સિદ્ધ થશે, પરંતુ માળા જપતી વખતે કદિ વાંદરાનો વિચાર મનમાં આવવો ન જોઇએ." થોડાક પ્રયત્ન કર્યા પછી તે બિચારો પાછો મહાત્મા પાસે આવીને કહેવા લાગ્યો કે, "ગુરૂ મહારાજ ! વાંદરો મારા સ્વપ્નમાં પણ નહોતો; પરંતુ આપે ના પાડી ત્યારથી તે વાંદરાનો વિચાર લગાર પણ મારા મનમાંથી ખસતો નથી." કેળવણીની આવી ઉલટી રીત અમેરિકામાં છે.

છોકરાઓને ત્યાં કિન્ડરગાર્ટનની પદ્ધતિથી ભણાવવામાં આવે છે. શિક્ષકો છોકરાઓ સાથે રમતા, કૂદતા, ગાતા, નાચતા,

કિન્ડરગાર્ટનની રીતે શિક્ષણ.

શિક્ષણ આપતા ચાલ્યા જાય છે અને છોકરાઓ મોજમઝાની સાથે શિક્ષણ ગ્રહણ કરે છે. ધારો કે છોકરાઓને વહાણનો પાઠ શીખવવો છે. લાકડાનું એક વહાણ દરેક છોકરા આગળ મૂક્યું છે અને વહાણ બાંધવાના ઉપયોગમાં આવતી લાકડાની ચીપો વગેરે પણ તેમની પાસે મૂક્યા છે. પુરૂષ કે સ્ત્રી શિક્ષક છોકરાઓ સાથે મળી જઈને કહે છે, "અમે તો હવે વહાણ બાંધીશું, અમે તો હવે વહાણ બાંધીશું [illegible] છોકરાઓ પણ એકદમ [illegible] લાગે [illegible], અમે પણ બાંધીશું [illegible] સર્વ છોકરાઓ [illegible] બની [illegible] બીજાએ પણ કર્યું, ત્રીજાને [illegible] લાગતાં [illegible] બીજા છોકરાઓએ તેને મદદ કરી અને તેનું વહાણ [illegible] થયું [illegible] થી શિક્ષકને પૂછવા [illegible] ? આ શું ? [illegible] છોકરાઓના [illegible]

શાળામાં જેટલો આનંદ થાય છે, તેટલો ઘેર પણ થતો નથી. ત્યાંની શાળાઓમાં ફી લેવાતી નથી અને પુસ્તકો મફત આપવામાં આવે છે.

દુકાનોનું ઉત્તમ ધોરણ

ત્યાંની દુકાનોની સ્થિતિ જુઓ. ચિકાગોમાં એક દુકાન તરફથી રામને આમંત્રણ આપવામાં આવ્યું હતું. એ દુકાનની ફરસબ ધીર્ડ ક્ષેત્રફળ ગાઝીપુરના ત્રીજા ભાગથી નાનું નહોતું. તે દુકાનને કુલ્લે પચીસ માળ હતા. જે માળે જવું હોય તે માળે યંત્ર લઈ જતું. દરેક માળે નવો નવો માલ હતો. લાખો ઘરાકો રોજ આવતાં; પરન્તુ દુકાનદારનું વર્તન સર્વ સાથે સરખું જ ! પછી ભલે લાખો રૂપીયાનો માલ ખરીદનાર હોય કે પાંચ પૈસાનો ! દરેક વસ્તુની કિંમત તેના ઉપર લખેલી હતી; કિમ્મત એક જ રાખવામાં આવી હતી. એક પાઇ પણ વધારે ઓછી લેવાતી નહિ. મેનેજર સૌ સાથે હસીને વાત કરતો તથા જે ગ્રાહક દશ વીસ વસ્તુઓની કિમ્મત પૂછયા છતાં પણ કશુંજ ખરીદ કર્યા સિવાય ચાલવા માંડે તેને પણ બારણા સુધી વળાવા જતો; અને રીત પ્રમાણે નમીને સલામ કરતો. આ રીત ત્યાંની મોટી દુકાનોમાં છે એમ જ નહિ, પણ સાધારણ દુકાનોમાં પણ નજરે પડે છે.

नगद धर्म प्रमाणे नहि चालो तो नाबूद थशो.

અમેરિકા, જાપાન, ઇંગ્લાંડ વગેરે દેશોની પોલીસ પણ અત્યંત સભ્ય અને પ્રજાસેવક છે. અહીંઆ એકઠા થયેલા કેટલાક ગૃહસ્થો કહેતા હશે કે, "બસ, બસ કરો. અમેરિકન લોકોની પ્રશંસા તે હજી ક્યાં સુધી ગાયા કરશો ? તમે શું અમને અમેરિકન બનાવવા માગો છો ?" આવી કલ્પના લાવનારને 'રામ' કહે છે કે, શું હિંદી લોકોએ અમેરિકન થવું ? હર ! હર ! કોઈના મનમાં એવો ખ્યાલ પણ આવ્યો હોય તો તે નાશ પામો ! જો કોઈ માણસ એવી ઉમેદ રાખતો હોય તો તે ઉમેદ દટાઇ જાઓ. 'રામ' ના મનમાં એવો વિચાર કદિ આવ્યો નથી અને આવશે પણ નહિ. એટલું ખરું કે કેટલીક બાબતો તેમની પાસેથી શીખવાની આપણે અત્યંત જરૂર છે. જો આપણે જાતીય હીણતાના પંજામાંથી છૂટવું હોય અને હિંદુ રહેવું હોય, તો તેમની વિદ્યાઓ અને કળાઓ શીખવી જ જોઇએ. પછી ભલે તેની ગમે તે કિ

આપણી પેઠે 'રામ' અમેરિકામાં હતો ત્યારે તેને માથે ફેંટો હિંદુસ્તાનનો જ હતો, પરંતુ રસ્તા ઉપર બરફ પડતો હોવાથી પગમાં જોડા તે દેશના હતા. લોકોએ પૂછ્યું કે, "જોડા પણ હિંદુસ્તાની કેમ વાપરતા નથી?" 'રામે' જવાબ આપ્યો કે, "માથું હિંદુસ્તાની જ રાખીશું; પરંતુ પગ તમારા લઈશું." 'રામ' ની એવી ઇચ્છા છે કે આપણે હિંદી રહીને જ અમેરિકન વગેરે લોકોના કરતાં મોટા થઈએ. તે દેશથી દૂર નાસવાથી આપણે મોટાઈ મેળવી શકીશું નહિ. આજકાલ વિદ્યુત, સ્ટીમ, રેલ્વે, તાર વગેરેથી ઘણી સગવડ થઈ છે. પૃથ્વી એક નાના સરખા મહોલ્લા જેવી બની [illegible] છે. સમુદ્ર [illegible] કરવાને બદલે [illegible] થઇ પડયા છે. [illegible] દેશો [illegible] તે આજે જુદા શહેરો જેવા થઇ પડયા છે અને [illegible] શહેરો આજે મહોલ્લાઓ થઇ પડયા છે. આજે [illegible] આપણ [illegible] રીએ અને બીજા રાષ્ટ્રો [illegible] સમજીને આપણા જૂના [illegible] રહીએ [illegible] [illegible] નથી [illegible] વિચાર કરો.

[illegible]

આજે પરદેશની હુન્નરકળાઓ શીખવાની તેને એટલી બધી જરૂર છે કે તે વગર પ્રાણ જવાનો વખત આવ્યો છે. જો આજે હિંદુસ્તાનને જીવવું હોય તો અમેરિકા, યુરોપ, જાપાન વગેરે બહારના દેશોથી તેણે અળગું રહેવું ન જોઈએ. બહારની હવા લાગતાં જ જીવમાં જીવ આવશે. હિંદુઓ બહાર જશે તો જ ખરા હિંદુ બનશે. બહાર જવાથી પોતાના શાસ્ત્રનું મહત્ત્વ સમજાશે અને શાસ્ત્ર વ્યવહારમાં મૂકાશે. તમે પોતાને જગતથી દૂર રાખી શકશો નહિ. યવનોથી જેટલા દૂર નાસશો તેટલા તમારે તેમના ગુલામ થઈને રહેવું પડશે.

પુરાણમાં આપણે એવું વાંચીએ અને સાંભળીએ છીએ કે, અમુક ઋષિઓના વર અથવા શાપથી કેટલાક લોકોની સ્થિતિ બદલાઈ જતી હતી. યોગવાસિષ્ઠમાં શિલામાં ઋષિ દેખાવાનો ઉલ્લેખ છે; પરંતુ અમેરિકામાં એવી બાબતો પ્રત્યક્ષ નજરે દેખાય છે. કૉલેજો અથવા દવાખાનાંઓમાં હજારો દર્દીઓને ફક્ત સંકલ્પબળના પ્રયોગથી જ સાન્ત કરવામાં આવે છે. પ્રોફેસરના સંકલ્પ પ્રમાણે મેજને બદલે ઘોડો દેખાય અને જેમ્સ સાહેબના ડૉકટર પેલ બની જાય છે.

वेदान्तना उत्तम ग्रंथो.

સંસ્કૃતમાં વેદાંતના ઉત્કૃષ્ટ ગ્રંથો અસંખ્ય છે. દાખલા તરીકે દત્તાત્રયની અવધૂતગીતા, અષ્ટાવક્રગીતા, શંકરાચાર્યનાં સ્તોત્રો વગેરે. ફારસી ભાષામાં વેદાંતનો સૌથી ઉત્તમ ગ્રંથ શમ્સતબ્રેજનો છે. તેનાથી ઉતરતા મસનવી, શરીફ, શેખઅત્તાર, મગરબી વગેરે ગ્રંથો છે. અમેરિકાના વૉલ્ટ વિટમૅનના 'તૃણપર્ણ' નામે ગ્રંથ પણ ઉપરોકત સઘળા પુસ્તકો જેટલી જ યોગ્યતા ધરાવે છે.

એ ગ્રંથના અભ્યાસથી મનુષ્ય આનંદમાં નિમગ્ન થઈ જાય છે.

> ૐ! આનંદ! આનંદ! આનંદ!
> ટટ કર ખડા હૂં ફ્રેસ ખાલી જહાનમેં;
> તસદીને દિલ ભરી હૈ મેરે દિલમેં જાનમેં,
> સૂધે જમા મદા હૈ મેરે પર મિસ્લે સગ!
> મૈં કૈસે આ સકૂ હૂં કે દે—બયનમેં.
> ખુશ ખડા હાનબાંદી છતપર હૂં તમાશા દેખતા;

કે, મધમાખીઓ તેના ખાટલા ઉપર બેસતી; પરંતુ તે નિડર પ્રેમમૂર્તિને તે કદિ ડંખતી નહોતી. જંગલમાંના સાપ તેના હાથે પગે વિંટાતા; પરંતુ હાથમાં કડાં અથવા પગનાં સાંકળાંની પેઠે તે તેમની કંઇ પણ દરકાર કરતો નહિ. કેવો પ્રેમી મનુષ્ય? એકવાર રસ્તે ચાલતાં ચાલતાં એમર્સને તેમને પૂછ્યું કે, "અહીંના મૂળ રહેવાસીઓનાં તીર ક્યાં મળે છે?" થોરોએ હમેશની રીત પ્રમાણે જવાબ આપ્યો કે, "જ્યાં જોઇએ ત્યાં" અને તુરત જ જરાક પાછું ફરીને તેણે માગેલું તીર કહાડી આપ્યું.

જે ઋષિએ નવા ખંડમાં (અમેરિકામાં) નવજીવન ઉત્પન્ન કર્યું, તેના લખનાર એમર્સને પણ ભગવદ્ગીતા અને ઉપનિષદોનું અધ્યયન કર્યું હતું; એટલું જ નહિ પણ ઘણે અંશે તેને આચરણમાં પણ મૂક્યું હતું. પોતાના ગ્રંથોમાં ઘણી જગ્યાએ તેણે ભગવદ્ગીતા અને ઉપનિષદોનો ઉલ્લેખ કર્યો છે અને તેના [illegible] દોસ્તોના કહેવાથી પણ જણાય છે કે, તેના મન ઉપર ગીતા અને ઉપનિષદોની ઘણી અસર થઇ હતી. મહાત્મા થોરો પોતાના 'વૉલ્ડન'માં લખે છે કે, "હું રોજ પ્રાતઃકાળે મારી બુદ્ધિ અને અંતઃકરણને ભગવદ્ગીતાના પવિત્ર જળમાં સ્નાન કરાવું છું. ભગવદ્ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે એ ગ્રંથ લખનાર દેવને અગણિત વર્ષો થઇ ગયાં છતાં તેના જેવો બીજો ગ્રંથ હજુ લખાયો નથી. ગીતાની સાથે સરખાવતાં જગતનું આધુનિક સર્વ જ્ઞાન તુચ્છ જણાય છે. વિચાર કરતાં કરતાં એ ગ્રંથનું મહત્વ મને એટલું બધું જણાય છે કે કોઇ કોઇ વખતે આ તત્વજ્ઞાન ઘણું ખરું કોઇ જુદા જ યુગમાં લખાયું હોવું જોઇએ એવો વિચાર મને અનેક વાર થાય છે." બીજા એક મહાન [illegible] થોરોની [illegible] વિષે ઉલ્લેખ કરતાં લખે છે કે, "પ્રાચીન યુગની સર્વ સ્મરણીય વસ્તુઓમાં ભગવદ્ગીતાથી શ્રેષ્ઠ બીજી કોઇ વસ્તુ નથી." ગીતા અને ઉપનિષદોનું [illegible] [illegible] [illegible] [illegible] વેદાંત [illegible] નજર થઇ છે.

અમેરિકન લોકોમાં, ઉપનિષદ, ભગવદ્ગીતા અને વિષ્ણુપુરાણને [illegible] મહાત્મા થોરોએ દાખલ કીધાં હતાં. સર ટોમસ [illegible] [illegible] [illegible] હિંદુસ્તાનમાં આવ્યા હતા, તેમણે આ ગ્રંથોના [illegible]

તરજુમો યૂરોપખંડમાં લઇ ગયા હતા; અને થૉરો આ લૅટિન
તરને ફ્રાન્સથી અમેરિકા લઈ ગયો. સર ટૉમસ આદિ યૂરોપિય
મીઓએ આ ગ્રંથોનો તરજુમો—સંસ્કૃત ભાષામાંથી નહિ પણ
ભાષામાંથી લૅટિન ભાષામાં કીધો હતો; કારણકે તે વખતે યૂરોપ
દેશી ભાષા લૅટિન હતી અને ઉત્તમ ગ્રંથો ખાસ કરીને એજ
લખાતા હતા. સાચું કહીએ તો અમેરિકામાં વેદાંતનો વિજયધ્વ
પહેલાં થૉરોએજ ફરકાવ્યો હતો.

એકવાર એમર્સને થૉરોને પૂછયું કે;–“ કયો દેશ ઉત્તમ
થૉરોએ જવાબ આપ્યો: “ **જો પગ નીચેની જમીન તમને
ન લાગતી હોય તો તમે આ જમીન પર રહેવાને લાયક**

થૉરોના હૃદયમાથી પ્રેમનાં કિરણો ફુટી નીકળતાં હતાં. **જે
અને દુનિયાનાં નખરાં અને કટાક્ષ (સ્તુતિ અને નિંદા)
શકતાં નથી તે દુનિયાને જરૂર હલાવી શકશે.**

વેદાન્તના નગદ ધર્મરૂપી ‘સોના’ અહીંથી જવાથીજ આપ
છીએ. તેને પાછી લાવવા કમર કસો એટલે સર્વ વસ્તુઓ અનુકૂ

જેઓએ તત્ત્વજ્ઞાનને વ્યવહારમાં મૂકયું છે તેમણે પોતાના
કરી છે. આપણે ત્યાં હુંડી છે ખરી પરંતુ કાગળી હુંડીથી-પછી
તે કિમ્મતની હોય તોપણ કંઇ ભૂખ મટતી નથી, તરસ છીપ
ટાઢ ભય ઘટી નથી. એ હુંડી વટાવીને રોકડ ઉત્પન્ન કરવું જ
છે. આજે તે લોકો એ હુંડીની કિંમત આપી શકે તેમ છે, તેઓ
સ્વીકારશે માટે ત્યાં જઈને વટાવો.

જ્યારે સીતારામ અયોધ્યાથી વનવાસ ગયા ત્યારે તેની [illegible]
ખર થયો અને તેનો જમાનો [illegible] ગયા સંકટો આવ્યાં, [illegible]
થઇ, દશરથ રાજાનું મૃત્યુ થયું, રાણીઓને કલ્પાંત કરવું પડ્યું
સિંહાસન ચૌદ વર્ષ સુધી ખાલી રહ્યું, પરંતુ જ્યારે સમુદ્ર [illegible]
દેવીને પાછા લાવવા. શ્રી રામચંદ્રજી તૈયાર થયા ત્યારે વાનર અને
રીંછ જેવા પશુઓ પણ લડવા તૈયાર થયા, અને એમ [illegible]
ખિસકોલી પણ પોતાની અલ્પશક્તિ પ્રમાણે પોતાના [illegible]
[illegible]

ફૂલ થઈ ગયાં અને પત્થર પણ સમુદ્રમાં નાખતાં પોતાનો સ્વભાવ વિસરી જઈને સીતાદેવીને માટે ડૂબી જવાને બદલે તરવા લાગ્યા.

કુનમ સદ સર ફિદાએ પાય સીતા,
ચિપટતા સરચિ દહના, સરચિ સીતા.

અર્થાત્–"સીતાના ચરણમાં હું સો મસ્તક અર્પણ કરીશ. પછી ભલે મારૂં મસ્તક એક, દશ કે ત્રીસ માથાનું હોય!"

અધ્યાત્મ રામાયણમાં 'સીતા' નો અર્થ 'બ્રહ્મવિદ્યા' છે. હું કહું છું કે વ્યાવહારિક વેદાંત અથવા નગદ ધર્મને છોડવાથીજ હિંદુસ્તાન ઉપર સર્વ પ્રકારનાં સંકટો આવી પડયાં છે. આપણા ઉપર કયાં સંકટો આવ્યાં નથી? કયાં દુઃખ અને રોગના પંજામાંથી આપણે બચ્યા છીએ? હાય, હાય! આપણી એ બ્રહ્મવિદ્યારૂપી સીતા આપણાં આચરણમાંથી નીકળી સમુદ્ર ઓળંગીને પેલે પાર ચાલી ગઇ! બંધુઓ! એ વ્યાવહારિક બ્રહ્મવિદ્યાને સમુદ્ર પારથી પાછી લાવવાને કમર કસો, અને પછી જુઓ કે જગતની સર્વ શક્તિઓ પરસ્પરમાં હરીફાઇ કરીને તમારી સેવામાં હાથ જોડીને કેવી ઉભી રહે છે! એકે એક દેવ–દેવતા મસ્તક નમાવીને પોતાનો સ્વીકાર કરાવવાની કેવી વિનતિઓ કરે છે! અને ઈશ્વરી કાયદાઓ પ્રતિજ્ઞા લઇને તમારી સેવામાં કમર કસીને કેવા તૈયાર રહે છે! તમારામાંનું ચૈતન્ય જાગૃત કરો અને પછી જુઓ કે એ પ્રમાણે થાય છે કે નહિ!

સારે જહાંસે અચ્છા હિંદોસ્તાં હમારા,
હમ બુલબુલેં હૈ ઉસકી વહ બોસ્તાં હમારા.



૪-ધર્મ.*

અંગ્રેજીમાં 'ધર્મ' શબ્દનો મૂળ અર્થ "પાછું બાંધવું" એવો થાય છે; અર્થાત્ ધર્મ એટલે જે આપણને આપણા મૂળ સ્થાને પાછા લઈ જઈને પહોંચાડે છે તે.

પ્રશ્ન—એ મૂળ સ્થાન કયું છે? એવી કયી વસ્તુ છે કે જેની આજ્ઞાથી મન વિચાર કરે છે, આંખો જુએ છે અને સૃષ્ટિ સજીવન રહે છે?

ઉત્તર—જે મનથી, આંખોથી અથવા બીજી ઇંદ્રિયોથી જાણી શકાતું નથી; પરંતુ જે મન, નેત્રો ઇત્યાદિને પ્રકાશે છે તે બ્રહ્મ. બ્રહ્મ એ બુદ્ધિ અથવા મનનો વિષય થઈ શકતું નથી. મન અને વાચા ત્યાંથી નિરાશ થઈને પાછા વળે છે. यतो वाचो निवर्तंते अप्राप्य मनसा सह ।

ચીપીઓ પોતાની ચીપટીમાં બીજી વસ્તુઓને પકડી શકે છે; પરંતુ તે પાછો વળીને એને પકડનાર આંગળાને શી રીતે પકડી શકે? તેવીજ રીતે મન અથવા બુદ્ધિ પોતાના મૂળ સ્થાનરૂપ જે અવિજ્ઞાત બ્રહ્મ, તેને જાણી શકતા નથી.

ધાર્મિક કલ્પનાઓ તેમજ હઠ અને દુરાગ્રહ બાદ કરીએ તો ધર્મ એટલે જેનાવડે મન અને બુદ્ધિ પોતાના અનિર્વાચ્ય મૂળ સ્થાન તરફ—પરબ્રહ્મ તરફ વળીને તેમાં મળી જાય છે, એવો એક ગહન વ્યાપાર છે.

ભાવિક ખ્રિસ્તી અથવા ધાર્મિક મુસલમાન ઈશ્વરપ્રાર્થના કરતી વખતે પોતાના હાથ આકાશ તરફ ઉંચા કરે છે, તે પરોક્ષ રીતે એમ બતાવે છે કે તે પોતે જે મેળવવાનો પ્રયત્ન કરે છે તે પર અને અચિંત્ય છે. હિંદુ પણ જ્યારે ભક્તિમાં લીન થઈ જાય છે અથવા સમાધિમાં તદ્રૂપ બની જાય છે, ત્યારે તેની આંખો એની મેળે જ બંધ થઈ જાય છે; એ ઉપરથી

---

* મથુરામાં થએલા પહેરમા ધર્મમહોત્સવ પ્રસંગે શાન્તિ-આશ્રમમાં આપેલું તારીખે સ્વામીજીએ આપેલું ભાષણ.

સ્પષ્ટ જણાઇ આવે છે કે તેનું મન અને તેની બુદ્ધિ જેમાં લીન થયાં હોય છે તે વસ્તુ શુદ્ધ, અદૃશ્ય અને પર છે.

આ પ્રમાણે ખરો ધર્મ તો ઇસ્લામી, હિંદુ અને ખ્રિસ્તી ધર્મના કેવળ આત્મારૂપજ છે. જાતિ–વર્ણ–પંથ વગેરેના ભેદો, સર્વ દુરાગ્રહી મત-મતાંતરો અને ઝગડાઓ, દેહ અને મન, દેશ કાળ અને કાર્યકારણભાવ અને તેમાં વ્યાપી રહેલું સર્વ વિશ્વ, એ સર્વે ભુંસાઇ જઇને જ્યાં મન–વાણી પહોંચી શકતાં નથી એવા પરબ્રહ્મનો સાક્ષાત્કાર થવો એ જ ખરો ધર્મ છે; એમાં ન સમજાય એવું કંઇજ નથી

જેને થોડો ઘણો પણ આધ્યાત્મિક અનુભવ થયો હોય છે, તેને સમાધિવાળી સ્થિતિમાં પોતાનો કિંવા જગતનો ખ્યાલ રહેવો તો દૂર રહ્યો; પરંતુ ઈશ્વરનો પણ ખ્યાલ રહે છે કે? એ જરા પૂછો. ખરા સાક્ષાત્કારમાં હું–તું નો ભેદ રહેતો જ નથી અને દ્રષ્ટા, દૃશ્ય અને દર્શન એ ત્રિપુટીનો લય થાય છે. ઉપર બતાવેલા લક્ષ્ય તરફ દોરનાર કોઈ પણ વ્યવસ્થિત પ્રયત્નને ધર્મક્રિયા કહેવામાં આવે છે. કદાચ એવો પ્રશ્ન પૂછવામાં આવશે કે [illegible] શુદ્ધ [illegible] પ્રયત્ન કરવાની શી જરૂર છે? એ સવાલનો ઉત્તર આપતા પહેલાં [illegible], પ્રેમ અને [illegible] આદિ મનુષ્યને [illegible] આવે છે, તે જોઇશું

(૧) [illegible]

ક્યાં પુસ્તકોમાંથી મેળવ્યું ? જ્યાં અશ્રુત વાતો સાંભળી શકાય છે, અજ્ઞાત બાબતો જાણી શકાય છે અને અકલ્પિત બાબતોની કલ્પના થાય છે; એવા **આત્માનો અપરોક્ષ અનુભવ કરવો એ જ જગતના ખરા કલ્યાણને માટે અવતરેલ વિભૂતિઓનું શિક્ષણ છે.** જ્યારે મનુષ્ય અહંભાવ વિસરી જાય છે, અને જ્યારે દેહ, મન તથા સમસ્ત વિશ્વ પરમાત્મામાં લય થયેલું માલમ પડે છે, અર્થાત્ એકાગ્રતાને લીધે મનને જ્યારે એક પ્રકારની સમાધિ ચઢી જાય છે ત્યારે તેનામાં અદ્ભુત પ્રકાશ પડે છે, સત્યનો વરસાદ વરસે છે, શોધો ઉભરાવા લાગે છે, જ્ઞાનનો પ્રવાહ ચાલવા માંડે છે અને વિશ્વમાંનાં સર્વ શુભ તત્ત્વો સમજાય છે. ટુંકામાં સત્યો, શોધો, યુક્તિઓ અને ઉત્તમ વિચારો ઇત્યાદિ ઉપર કહેલી સર્વ વસ્તુઓ એક ઇંદ્રિયાતીત (ઇંદ્રિયોથી ન અનુભવી શકાય એવા) યોગ અથવા ધર્મનાં સ્વાભાવિક ફળ છે. કવિ એક વખત તે અતીંદ્રિય ઉચ્ચ સ્થિતિએ પહોંચે કે પછી તેનામાંથી દિવ્ય કલ્પનાઓ અને ઉદાત્ત વિચારો બહાર આવવા જ જોઈએ. ગણિતવેત્તા અથવા તત્ત્વવેત્તા ફક્ત પોતાનો અહંકાર કાઢી નાખે કે ગમે તેવા કઠિન વિષયોનુ રહસ્ય પણ તે જોત જોતામાં સમજી જશે ખરેખરી રીતે જ્યાં સુધી એ ' હુ પણું ' હોય છે ત્યા સુધી કોઇ પણ શોધ થઇ શકતી નથી. જ્યારે ' અહંભાવ ' નો ત્યાગ થાય અને ઉપર કહ્યા પ્રમાણે ધર્મનો સાક્ષાત્કાર થાય ત્યારે જ જ્ઞાન અને યશની પ્રાપ્તિ થાય છે.

(૨) રણભૂમિ ઉપર ખેલતા એકાદ વીરની વૃત્તિ આપણે તપાસીએ. શક્તિના અતિરેકથી તે ઘેલો બની ગયેલો હોય છે, હજારો માણસ સામા ઉભા છતા પણ તેમનાથી તે જરાસરખો ભય પામતો નથી, પોતાના દેહનું પણ તેને ભાન હોતું નથી, તેને જગતના અસ્તિત્વનું પણ ભાન હોતું નથી, તેનુ સર્વ ચૈતન્ય જાગૃત થયેલુ હોય છે, અને તેનો દેહ, મન વગેરે વિશ્વમા વ્યાપી રહેલ પરબ્રહ્મમા લીન થયેલા હોય છે, એમ તેના શરીર ઉપરના રોમે રોમપરથી જણાઈ આવે છે પ્રેક્ષકને આ અલૌકિક શૌર્ય અને અનિર્વચનીય વીરતા આ દશ્ય સૃષ્ટિમા પરમાત્મશક્તિના પ્રકાશિત ચમત્કારરૂપ જ લાગે છે, પરંતુ તે મનુષ્યને પોતાને તો એ શૌર્ય અને એ વીરતા પોતાના ધર્મરૂપ જ લાગે છે. **દશ્ય સૃષ્ટિની**

આંતરિક પરાશક્તિમાં લીન થવું એનું નામ જ ધર્મ છે.

(૩) 'પ્રેમ' એ કેટલો બધો મધુર શબ્દ છે! ' દરેક માણસ કોઈને તો ચાહે છે જ' એવી એક કહેવત છે. શુદ્ધ અંતઃકરણના હિંદુને બહુધા ભક્તિનીજ ઈચ્છા હોય છે. કેટલાક મહાત્માઓ એવા હોય છે કે ઈશ્વરી પ્રેમને માટે (ભક્તિને માટે) ગમે તે વસ્તુનો ત્યાગ કરવા તૈયાર હોય છે; માટે પ્રેમનું મૂળ ક્યાં છે, તે શોધી કાઢવાને આપણે પ્રયત્ન કરીશું.

ચૈતન્ય મહાપ્રભુ અથવા બનિયન (એક ખ્રીસ્તી કવિ)ના જેવા પરમ ભક્તો તેમના અપૂર્વ સમાધિસુખથી અને ભજનાનંદથી જ ઓળખાયા છે. ઈશ્વરી પ્રેમને (ભક્તિને) એટલે દરજ્જે પહોંચાડવાને માટે તેમની પેઠે લોકલજ્જા, શિષ્ટાચાર અને અહંભાવને તિલાંજલિ આપવી જોઈએ.

જેઓને ઐહિક વસ્તુઓ ઉપરના પ્રેમનો જરા પણ અનુભવ થયો હશે, તેઓ પણ કબૂલ કરશે કે ઉચ્ચ પ્રેમમાં 'પ્રેમી અને પ્રેમનો વિષય' એ ઉભયમાં કશો પણ ભેદ રહેતો નથી. આવી રીતે 'પ્રેમ' અને 'ધર્મ' એકજ વસ્તુ છે, એ નિર્વિવાદ છે.

અંગ્રેજીમાં જેને ' આનંદ ' કહે છે તે શબ્દનો મૂળ અર્થ ' કોઈ પણ સ્થિતિમાં અનુભવેલો આનંદ ' એવો થાય છે. આ જાતનો આનંદ તે જ ખરો આનંદ છે. પોતાનાં દેહ, મન અને વિશ્વથી અલિપ્ત (અહંતા-મમતારહિત) રહેવું એજ એનું તાત્પર્ય છે. દરેકને આવો અનુભવ હશે કે દ્વૈતભાવથી એક ક્ષણ માત્ર પણ મુક્ત થવું એનું નામજ ખરો આનંદ છે; અને ઇચ્છિત વસ્તુ અને ઇચ્છનાર એ ઉભય એકત્ર થવાથી એ આનંદ ઉત્પન્ન થાય છે. એ જોતા, તે આનંદનું સ્વરૂપ પ્રકટ કરવું એજ ધર્મ છે એમ જણાય છે.

આ સર્વ વિવેચન ઉપરથી સિદ્ધ થાય છે કે જ્યારે બુદ્ધિ અને તેની સાથે સઘળું જ દૃશ્ય જગત પરબ્રહ્મમાં લીન થઈ જાય છે, ત્યારેજ જીંદગીના ઉચ્ચ અને ઇષ્ટ ઉદ્દેશો સફળ થાય છે; પરંતુ એમ કરવું એ, જેમ એકાદ મનુષ્ય શબ્દકોષમાં જોઈને એકાદ શબ્દ શોધી કાઢે છે અથવા સમુદ્રમાં ડૂબકી મારીને તળીએથી મોતી લઈ તુરતજ બહાર આવે છે, તેમ વિશ્વવ્યાપી પરમ તત્ત્વમાં ફક્ત ડૂબકી માર્યા બરોબર જ છે.

ઇંદ્રિયોદ્વારા પણ સુખો મળે છે ખરાં; પરંતુ ઇંદ્રિયોદ્વારા સુખનો અનુભવ લેવો એ ખરાબ માર્ગે થઈને ભવ્ય દરબારમાં પ્રવેશ કરવા બરાબર, તથા તે ખરાબ માર્ગનેજ સુખના સત્યસ્થાનરૂપ માની બેસવા બરાબર છે. વળી ઇંદ્રિયસુખો સ્થાયી નહિ પણ માત્ર વિજળીના ચમકારા જેવા છે; અને તે વિજળી વસ્તુતઃ દિવસના પ્રકાશથી ભિન્ન નથી તોપણ તે લાભ કરતાં હાનિ વધારે કરે છે.

આ આનંદના દરબારમાં ધર્મમાર્ગે પ્રવેશ કરવો એ શું અશક્ય છે? મધ્ય રાત્રિની ચમકતી વિજળીનો પ્રકાશ સતત રાખીને કાયમનો દિવસ કરવો શું અશક્ય છે? આવી જાતની મનુષ્યની સ્વાભાવિક ઇચ્છા હોય છે તેથીજ સર્વ સાધારણ ધર્મની આવશ્યકતા જણાઈ આવે છે. આ ઉદ્દેશ પાર પાડવાને માટે અવિશ્રાંત પ્રયત્ન કરવાની જરૂર છે. **જેઓ ધર્મની મહત્તાને ઠેકાણાજીમાં ઉડાવી દે છે, તેઓ પોતાની ઇચ્છાવિરૂદ્ધ આત્મઘાત કરવાનો જ પ્રયત્ન કરે છે.**

આ અનિર્વચનીય પરબ્રહ્મનું સ્વરૂપ ઓળખવાને વિજ્ઞાન અને તત્વ જ્ઞાનના અત્યાર સુધીના સઘળા પ્રયત્નો વ્યર્થ નિવડયા છે. વિશ્વની કિંવા આત્માની દૃષ્ટિએ જોતા દેશ, કાળ, કાર્યકારણભાવના, ગુણ અને ધર્મો શોધી કાઢવાના સર્વ પ્રયત્નો નિષ્ફળ જાય છે. શોધક બુદ્ધિને જડ દ્રવ્યો, ગતિ અને શક્તિનુ સત્ય સ્વરૂપ સમજવામાં બહુ મહેનત પડે છે. પ ચીત્ય પરમાણુવાદ પરસ્પર વિરોધી મતોથી ભરપુર છે. બૉસ્કોવિચના 'શક્તિના મધ્યબિંદુ' નામના સિદ્ધાતની પણ આ જ ગતિ છે. જગતના સર્વ ધર્મમતોમા થોડે ઘણે અંશે વહેમ અથવા અંધશ્રદ્ધાની છાપ તો અવશ્ય પડેલી જ હોય છે. તત્વજ્ઞાનનો એક વાદ બીજા વાદને હઠાવે છે અને બીજો વાદ પહેલાના પગ ચટાઇ કરે છે. આપરથી સિદ્ધ થાય છે કે પ્રકૃતિનુ અંતસ્તત્વ ગુપ્ત રહસ્ય તરીકે જ રહેશે, અને સામાન્ય માનવ બુદ્ધિને આ ગુપ્ત રહસ્ય સમજવાની શક્તિ મળેલી જ નથી.

ત્યારે શું આપણે નિરાશ થઈને આ મૂળ તત્વની શોધ પડતી મૂકવી? આગગાડી, તાર અને વિજળી વગેરે વ્યાવહારિક વસ્તુઓ શોધી કાઢવામાંજ શું આપણે આપણી સર્વ શક્તિઓનો વ્યય કરી દેવો? આવાં રમકડાં આપણને ચિરસ્થાયી શાંતિ આપી શકનાર નથીજ. કોઇ પણ બાહ્ય વસ્તુ પ્રાપ્ત થતાંજ તે વધારે ને વધારે મેળવવાની ઇચ્છા થાય

છે. સાંસારિક વાસનાઓની નિ:સારતા આ ઉપરથી પૂરેપૂરી રીતે સિદ્ધ થાય છે.

આ વિચારો આપણને નિરાશાવાદી બનાવી મૂકે છે; પરંતુ ઉપનિષદ્ કહે છે કે 'नाभयेन्' (નિરાશ અને ભયભીત થઇશ નહિ) **શાંતિની તીવ્ર આકાંક્ષા નિષ્ફળ થશે નહિ.**

સત્ય તત્ત્વ તરફ અમે તેના દુરાગ્રહથી આંખો મીંચીને બેસવા છતાં કોઇ કોઇ પ્રસંગે એવું બને છે કે મન જગતથી નિવૃત્ત થાય છે અને 'આ દશ્ય જગત શામાંથી ઉદ્દભવ્યું ? હું શા માટે ઉદ્દભવ્યો ? પૃથ્વી અને આકાશ શું છે ?' એવા પ્રશ્નો અંતરમાં ઉદ્દભવે છે.

વેદમાં કહ્યું છે કે તત્ત્વજ્ઞાન, શાસ્ત્ર અથવા ઐહિક પ્રેમ ભલે આ પ્રશ્નોનો ઉત્તર ન આપી શકે; પણ એ પરિચિત પ્રશ્નોનો ઉત્તર અમને મળવો જ જોઇએ. એ પ્રશ્નોનો સમાવેશ અનિર્વચનીય માયામાં થતો હોવાથી તે આપણે સિદ્ધ કરવાના અવિજ્ઞાત તત્ત્વનો એક ભાગ છે. જેમ ગરૂડ પક્ષી પોતાને જોઇએ તેટલી ઘાટી હવા કરતાં વધારે ઉંચે ઉડી શકતું નથી, તેમ વિચારો પણ ઉપાધિની મર્યાદા ઓળંગી આગળ વધી શકતા નથી. જ્યાં સુધી પ્રશ્ન કરનાર અને પ્રશ્નનો વિષય એ બન્નેનું અસ્તિત્વ રહેશે, ત્યાં સુધી માયાનું બંધન અવશ્ય રહેશે જ; અને દશ્ય પ્રપંચથી ઉપર જવું અશક્ય જ થઇ પડશે. **ખાસ અભ્યાસ કરવાથી જ આ ઉદ્દેશ પાર પડે તેમ છે** અને એક વખત આ ઉદ્દેશ પાર પડ્યો એટલે પ્રશ્ન અને ઉત્તરનું અસ્તિત્વ રહેતું જ નથી. **ઐહિક સુખ, પ્રેમ ઇત્યાદિ બંધનોથી અલિપ્ત થઇને આ ઉદ્દેશ પાર પાડવાનો** વેદાંત ઉપદેશ કરે છે. સમાધિમાં લીન થયા પછીજ મન અને બુદ્ધિને અગોચર–અજ્ઞેય–એવા બ્રહ્મ સાથે આપણે એકરૂપ થઇએ છીએ. આ સાક્ષાત્કારનો ક્ષણમાત્ર લાભ મળે તોપણ મનુષ્ય ચિંતા અને તાપથી સદાને માટે મુક્ત થાય છે, અને ધર્મના આ સાક્ષાત્કારવડે અવિચલ મનોનિગ્રહ અને દઢતાની વૃદ્ધિ થઇ તેના સ્વભાવમાં તેજસ્વિતા આવે છે.

આ પરથી ધર્મની આવશ્યકતા સિદ્ધ થાય છે. ૐ ! ૐ !! ૐ !!!

વખતમાંજ જગતનો એક બળવાન દેશ બનવાનાં ચિહ્નો જણાય છે.+ કુદરતના નિયમો જો ખરા હોય તો આ જ્ઞાનસંપત્તિનો સૂર્ય એ પ્રદક્ષિણા પૂર્ણ કરીને હિંદુસ્તાન ઉપર પાછો બમણા તેજથી પ્રકાશવો જોઇએ! તથાસ્તુ!!

હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ જોતાં હિંદુસ્તાનમાં રાત્રિ પડવાનું ખરૂં અને મૂળ કારણ બીજા દેશો પ્રમાણે અહીંઆં પણ એકલશૂરાપણું પ્રસરાયું એજ છે. “આ ઓરડી (હિંદુસ્તાન) માંનો સ્વચ્છ, શુભ્ર પ્રકાશ કેટલો બધો ઉત્તમ છે! તે મારો છે! તે મારોજ છે! તે મનેજ—મને એકલાનેજ—મળવો જોઇએ! હું તે બીજા કોઇને નહિ આપું!” એમ કહીને આપણે તે પ્રકાશ કોઈ ન લઈ જાય તે માટે તે ઓરડીનાં બારી બારણાંઓ બંધ કર્યાં; અને એ જ્ઞાનનો પ્રકાશ આપણા એકલાનાજ કાબુમાં રાખવાનો પ્રયત્ન કરવા જતાં ઉલટો અંધકારજ ઉત્પન્ન કર્યો—મેળવ્યો. ઈશ્વર કોઇનો પક્ષપાત રાખતો નથી અને વૈભવ કે લક્ષ્મી એક જગાએ કદિ બેસી રહેતાં નથી. ‘તત્વમસિ’ નો દિવ્ય અભેદભાવ આચારમાં મૂકવાનું આપણે તજ્યું. આપણામાં ભેદભાવ આવ્યો અને ફાટફૂટ પડી, તેથી આપણે શક્તિહીન અને દુર્બળ બન્યા. દેશના એ સમયના શિક્ષાગુરૂઓએ એ મોટું પાપ કર્યું કે અપત્યસમાન નીચલા વર્ણના લોકો સાથેનું પોતાનું (સ્વાર્થત્યાગનું) કર્તવ્ય વિસરી જઇ પોતાના સ્વાર્થી હકો ઉપર અધિક ધ્યાન આપ્યું. ગમે તે હો! હવે તો કાળબળથીજ આ સ્થિતિ સુધરતી જાય છે. જેઓ ગાઢ નિદ્રામાં પડે છે તેઓ જ્યારે જાગે છે ત્યારે ઉત્સાહથી ભરપુર હોય છે. હિંદુસ્તાન ઘણો વખત નિદ્રામાં હતું, પણ હવે ધીમે ધીમે—તોપણ નિશ્ચયપૂર્વક—તેનું આળસ જવા લાગ્યું છે. હવે તેની પુરાણપ્રિયતા બદલાયેલા સંયોગો સાથે જોડાઇ જવા માટે ઉદારમતવાદી બનવા લાગી છે.

વિકાસક્રમનો એ એક નિયમ છે કે તેના સ્વરૂપ અને પદ્ધતિમાં ભિન્નતા દેખાય; પરંતુ તત્ત્વ અને હેતુની તો એકતા જ હોવી જોઇએ. દેશની ઉન્નતિને ખાતર હિંદુઓની વર્ણવ્યવસ્થા, મનુષ્યોના કામ ધંધાની નિયમિત વહેંચણી રહે અને અંતઃકરણની એકતા રહે, એવા ધોરણપર રચ-

+ આ લેખ લખાયા પછી રૂશ અને જાપાન વચ્ચેની લડાઈએ સ્વામીજીનું ઉપલું કથન સત્ય કરાવી આપ્યું છે અને હિંદના ભાવી વિષેનું કથન પણ હિંદમાં જે જાગૃતિ અને ચલવળ દેખાઈ છે તે જોતાં ખરૂંજ પડનાર છે. સંપાદક

વામાં આવી હતી; પરંતુ કાળે કરીને અંદરની એકતા કરતાં બહારની જુદાઈનું બળ વધી જવાથી એ સ્વાભાવિક ક્રમ ફરી ગયો, અને તેથી ઉન્નતિને બદલે દેશની અધોગતિ થઈ. પરિણામે અંતરના પ્રેમતત્ત્વનો નાશ થઈને સ્વાર્થ તથા ધંધા રોજગારનું મિશ્રણ થયું. એક વર્ણના લોકો વખતોવાર બીજી વર્ણના લોકોનો ધંધો કરવા લાગ્યા, જુદા જાતિભેદમાં મિથ્યાભિમાન પેસી જવાને લીધે લોકોનાં અંતઃકરણ વધારે ખરાબ થયાં; દેહાભિમાન વધવાથી ઈશ્વર-આત્મા જુદાં જુદાં ક્ષણભંગુર નામરૂપોની ઉપાધિઓમાં ઢંકાઈ ગયો; શ્રુતિ (વેદ) માંનું આત્મજ્ઞાન તદ્દન રદ થઈ સ્મૃતિ (પ્રાચીન આચાર રૂઢિ વિષેના નિયમો) જુલમી લોકોના હાથમાં એક હથિયારરૂપ જ થઈ પડી; અને ભાવાર્થની જગા શબ્દાર્થે લીધી. કોઈએ કહ્યું છે કે વ્યાકરણ એ ભાષાની કબર (મરણ) જ છે. વ્યાકરણ બરાબર સાચવવા ગયા કે ભાષા મૂઈજ સમજવી. તેવીજ રીતે નિયમો, રૂઢિ અને કર્મકાંડની સખ્તાઈથી શબ્દનું સત્વ નષ્ટ થાય છે. થોડા કાળસુધી દાણાના રક્ષણને માટે ઉપરનું ફોતરું આવશ્યક હોય છે, તેમ નિયમ પણ અમુક વખત સુધી ઉપયોગી હોય છે, પરંતુ ત્યાર પછી જો તેને બદલવામાં કે સુધારવામાં ન આવે તો તે ઉલટા ઉન્નતિને અટકાવનારા કેદખાનારૂપ જ થઈ પડે છે. ધ્યાનમાં રાખજો કે સ્મૃતિ અને કાયદાઓ તમારે માટે છે, તમે તેમને માટે નથી જ! સનાતન શ્રુતિમાના સનાતન તત્ત્વોનો સર્વત્ર પ્રસાર કરો; પરંતુ આજના સંયોગો પ્રમાણે સ્મૃતિમાં (ધાર્મિક રૂઢિ-નિયમોમાં) ફેરફાર કરો. સ્મૃતિના ઉપર તમારો વારસાનો હક રહેવા દો, પણ તમારા ઉપર તેનો હક ન જોઈએ! હિંદુસ્તાનની નદીઓના પટ આજે બદલાઈ ગયા છે, બરફ પડવાની જગ્યાઓ બદલાઈ ગઈ, જંગલ હતા ત્યાં ખેતરો થયા, દેશનું સ્વરૂપ બદલાઈ ગયું, રાજ્યપદ્ધતિ બદલાઈ અને લોકોનો વર્ણ પણ બદલાઈ ગયો, તોપણ આ અસ્થિર જગતમાથી જતા રહેલા ભૂતકાળના આચાર અને નિયમ કાયમ રાખવાનો પ્રયત્ન તમે કરો છો! સદાએ પાછળજ જોતા જોતા આગળ ચાલવાની આ સ્થિતિ ખરેખર દયાજનક છે. એવો મનુષ્ય પગલે પગલે ઠેસજ ખાય છે!

વંશપરંપરાને વળગી રહેવું અને દેશકાળને અનુસરતા ફેરફાર કરવા,

આ જે ભિન્નતાથી આત્મીયતાની ઉન્નતિ અટકતી બુદ્ધિ માત્ર છે. [illegible] ઇત્યાદિ પ્રકારથી યોગ્યતાનો વંશપરંપરાને અનુસરવાનો નિયમ બતાવે લાગુ પડે છે. કેટલાકને યોગ્ય ઉદ્ધાર કરવાના [illegible] કેળવણી દ્વારા મનુષ્ય પોતે આગળ અને જનસમાજની મૂડી વધે છે. નાનું બાળક કુટુંબના ઉછેરથી અજ્ઞાન હોય છે અને કેટલીક વાર તેના કરતાં મોટું કે બાપનું બાળક વધારે બુદ્ધિશાળી હોય છે. કે ભલે કે ફક્ત અમુક બાપને જરૂરનું સર્વ જ્ઞાન તેના વંશપરંપરાના સંસ્કારોથી જ મળે છે; અને પેલું બાળક તો જે ભણે તેમ તેમ શિક્ષણ પામતું જાય છે, અને તે શિક્ષણ દ્વારા પરિસ્થિતિ આખા જગતને વશ કરવાનું સામર્થ્ય પણ તે મેળવી શકે છે.

મારા હિંદુ બાંધવો! યોગ્ય ઉદ્ધાર કરવાને બદલે જુના રીતરિવાજોને અને પરંપરાના સંસ્કારોને અયોગ્ય મહત્ત્વ આપી મનુષ્ય જાતિથી હીન બનતા નહિ! હિંદુસ્તાનના પ્રાચીન ઋષિઓના વંશમાં તમે છો એ વાત ખરી; પરંતુ તેમના કાળમાં તો તમે અત્યારે નજીવી વસ્તુ, વરાળયંત્રો, આગબોટો, તાર વગેરેના જમાનામાં જ હવે તો તમે છો! તમે અત્યારના જમાનાથી અલગ રહી શકો તેમ નથી જ. તમારાં કપડાં હવે તો યુરોપ અને અમેરિકાના મીલોથી સજીને સાક્ષાત્ [illegible] તથા [illegible] સાથે છે. તમે આ કપડાં ઉતારી શકો તેમ છો જ નહિ! જરા સૂક્ષ્મ અવલોકન કરશો તો તમને જણાઈ આવશે કે અત્યારની સ્થિતિમાં રહેવા લાયક જો તમારી જાતને તમે નહિ બનાવો તો જરૂર તમે નાશ પામશો! આ નવું જ્ઞાન (અને તે તમારા પૂર્વજોના જૂનાં જ્ઞાનથી ભિન્ન નથી) મેળવીને તેને જો તમારું પોતાનું કરવું ન હોય તો તમારા બાપદાદાઓની પાસે પિતૃલોકમાં જઈને રહો! કેટલાં વર્ષો રહીને યાતના આ માટે ખુશી છો! આવજો—નમસ્કાર!

તમારું રાષ્ટ્રીયત્વ નષ્ટ થાય એવો 'ભય' કરેલો નથી. ઝાડનો એક છોડ બહારની હવા, પાણી, ખાતર અને માટી સર્વને શોષી લે છે, તેથી તે શું કોઈ હવા, પાણી અથવા જમીન બની જાય છે? કદી નહિ. એવી જ રીતે તમારે પણ બહારની વસ્તુઓ ગ્રહણ કરીને–તેમને પચાવીને પોતાની

ઉન્નતિ કરવી જોઇએ, અને માત્ર શ્રુતિ (અધ્યાત્મ વિદ્યા) રૂપી તમારો વંશપરંપરાથી ઉતરી આવેલો પ્રાણ તમારા હૃદયમાં તમારે સદા જાગૃત રાખવો જોઇએ.

શિક્ષણનો ઉદ્દેશ એ હોવો જોઇએ કે દેશનાં સર્વ સાધનોનો આપણે ઉપયોગ કરી શકીએ. ખરા શિક્ષણથી લોકોને પોતાની ભૂમિ વધારે રસાળ બનાવતાં આવડવું જોઇએ, પોતાની ખાણો અધિક ધનને ઉપજાવનારી કરતાં આવડવું જોઇએ, વેપાર વધારે બહોળો અને ફાયદાકારક કરતાં આવડવું જોઇએ, મન વધારે વિચારવંત, દેહ અધિક કાર્યક્ષમ (કાર્ય કરવાને સમર્થ) અને બળવાન થવો જોઇએ, અંતઃકરણો વધારે વિશુદ્ધ થવાં જોઇએ, કારખાનાંઓ વધારે વિસ્તૃત અને દેશ અધિક સંઘટિત થવો જોઇએ. પોતાનું પાંડિત્ય બતાવવાને મોટાં મોટાં શાસ્ત્રવચનો મોંએ કરવાં, ધર્મગ્રંથોનાં વચનોના ગમે તેવા અર્થ કરવા માટે શુષ્ક શબ્દચ્છલ કરવો, અને આખા જન્મમાં કદિ પણ ઉપયોગમાં ન આવે એવા વિષયોનો અભ્યાસ કરવો, એ શિક્ષણ જ નથી! જે જ્ઞાન વ્યવહારમાં આણી ન શકાય તે મગજમા ભરવું એ જાણી જોઇને આધ્યાત્મિક બધકોશ અથવા માનસિક અજીર્ણ ઉત્પન્ન કરવા જેવું છે.

હિંદુઓમા ધીમે ધીમે પણ આવશ્યક ફેરફારો હવે થતા જણાય છે; પાછલા યુગના સામાજિક બંધનો ઢીલા પડતા જાય છે અને વર્ણવ્યવસ્થા પોતાની મૂળસ્થિતિ તરફ આવતી જાય છે, એ સંતોષકારક છે. પાશ્ચાત્યશાસ્ત્રોથી અજાઇ ન જતા હિંદુ લોકો હવે એ પાશ્ચાત્યશાસ્ત્રોનો બ્રહ્મવિદ્યાના એક સહાયક સાધન તરિકે આનંદથી સ્વીકાર કરે છે.

હિંદુઓમા લગ્નસબંધે પણ જુદી જુદી જાતિઓમા કર્મઠ અને વિદ્વાન પંડિતોએ આગેવાન બનીને લગ્નની ઉમ્મર વધારવાના જાતિ નિયમો કરવા માડયા છે, અને પ્રસગે પ્રસંગે જુદી જુદી જાતો વચ્ચે થતા અનુરૂપ વિવાહોને પણ કોઇ બહુ અડચણ કરતું નથી.

હિંદુ લોકોમા ભાણાવ્યવહારને એટલું બધુ વધારે પડતું અને અયોગ્ય મહત્ત્વ આપી દેવામા આવ્યું છે કે કોઇએ આપણા ધર્મને 'ચુલિકા ધર્મ' (ચોકાધર્મ) એવું ઉપનામ આપ્યુ છે. શું ખાવું અને કેમ ખાવું, એની શાસ્ત્રીય રીતે આપણે કદિ ચર્ચા જ કરી નથી.

જેવો તમો આહાર કરશો, તેવાજ તમારા વિચાર અને આચાર થશે. જો તે યંત્રમાંથી પણ જે તેમાં નાખ્યુંજ ન હોય તે બહાર શી રીતે નીકળે ? મગજ અને સ્નાયુઓને જરૂરનું અન્ન જે, ન ખાય તેના મગજ અને સ્નાયુ પાસે કામ કરાવવાની આશા કરવી એ કેવળ મૂર્ખાઈ છે. માનસિક અને શારીરિક કામો ઉત્તમ રીતે ચાલવાને માટે જોઈએ તેટલાં નાયટ્રેટ્સ અને ફોસફેટ્સ જેમાંથી મળી શકે એવાં ઘણાં અનાજ ફળ અને શાકભાજી પસંદ કરી શકાશે. મગજ અને સ્નાયુને પોષક એક પણ અંશ વગરના ઘીને આપણે બહુજ ઉત્તમ ગણીએ છીએ, અને વિદ્યાર્થીઓને માટે સૌથી ઉત્તમ અન્ન જે જવ, એને આપણે છેક અધમ લેખીએ છીએ, એ શું શોચનીય નથી ? તીખા ખારાં પદાર્થો અને દવાઓ શરીરયંત્રને બગાડી નાંખે છે, આપણી સ્વાભાવિક રૂચિનો નાશ કરે છે, અને સર્વ પ્રકારની દુર્બળતા, વ્યાધિ તથા મૃત્યુને બોલાવી લાવે છે. માખણ, સાકર અને દળેલા પદાર્થો જેવા કાર્બોનિટ્સ એટલે દેહસાંને બાળી નાખનાર સિવાય બીજા કોઈ પદાર્થો નથી, તેનાથી સ્નાયુ અથવા મગજનું કાંઇપણ પોષણ થતું નથી, તોપણ તેમને અત્યંત મહત્ત્વ આપવામાં આવે છે. એના પરિણામ તરીકે આળસ, ઉંઘ અને થાકજ વધે છે; માટે આરોગ્યશાસ્ત્રને અનુસરીનેજ તમે તમારૂં ભોજન નક્કી કરો.

હિંદુસ્તાનના 'સાધુ' જેવા 'સાધુ' તો હિંદુસ્તાનમાંજ છે ! જેમ ખાબોચી-આના પાણી ઉપર લીલી શેવાળ વળી જાય છે, તેમ આખા હિંદુસ્તાનમાં 'સાધુઓ'જ પથરાઈ રહ્યા છે. આજકાલ તેમની સંખ્યા બાવન લાખની થઈ છે ! થોડાક 'સાધુ' માત્ર સરોવરને શોભા આપનાર શેવાળ ઉપરનાં કમળ જેવા છે, અને ઘણાખરા તો રોગોત્પાદક લીલરૂપજ હોય છે. પાણી વહેવા દો અને દેશમાં ઉન્નતિ ચાલુ થવા દો, એટલે એ શેવાળ આપોઆપજ મટી જશે. એ સાધુઓ હિંદુસ્તાનના ઇતિહાસમાં દુર્દશાના સમયનું સ્વાભાવિક પરિણામ છે; પરંતુ આજકાલ સર્વસાધારણ સુધારાનો નિયમ સર્વ ગૃહસ્થાશ્રમીઓને લાગુ પડીને જેમ તેમની રૂચિઓ અને મનને બદલવા લાગ્યો છે, તેમ સાધુઓપર પણ તેની અસર થતી જાય છેજ. અત્યારે એવા પણ કેટલાક સાધુઓ છે કે જે

આ દેશરૂપી વૃક્ષ ઉપર પારકે આધારે જીવનાર વેલારૂપ બનવાને બદલે વધારે ન થઇ શકે તો પોતે કાયા, વાચા અને મનથી દેશરૂપી વૃક્ષના મૂળમાં ખાતર પૂરવાનો પ્રયત્ન પણ કરે છે. ઉદ્યોગનું ગૌરવ અને નિષ્કામ કર્મનો ધર્મ જે આજ સુધી ગીતાના લાખો ભક્તો કેવળ મોંએજ પઢી જતા, તેને તેઓ હવે થોડે ઘણે અંશે પણ શ્રી કૃષ્ણ પરમાત્માની વિહારભૂમિમાં આચરણમાં મૂકતા નજરે પડે છે.

> योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनंजय ॥
>
> सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ भ. गी. अ २-४८.

ઉત્કટ ભક્તિ અને સૂક્ષ્મ વિવેક સાધુ અને ગૃહસ્થાશ્રમી બન્ને માટે આવશ્યક અને ઉપકારક છે, અને જેને જેને હિંદુસ્તાનની અંદરની અને બહારની પ્રાચીન અને અર્વાચીન બન્ને સ્થિતિઓનું બરાબર જ્ઞાન છે, તેઓને સહજે જણાઇ આવશે કે **સુશિક્ષિત હિંદુસ્તાનનો ભવિષ્યનો ધર્મ વ્યાવહારિક વેદાંત અર્થાત્ ભક્તિ સાથે કર્મયુક્ત સંન્યાસ એજ છે.**

ખરા કર્મને ખરી ભક્તિ અને ખરા જ્ઞાનથી જુદું પાડી શકાતું નથી. *શ્રુતિ ધર્મ (વ્યાવહારિક વેદાંત)ના આચરણથી દરેક નામના નિશ્ચય અને ક્રિયા એ ત્રણ ગ્રંથીનું ગ્રંથીનું ગ્રંથીના ગ્રંથી [illegible] ગ્રંથીનાશ કરેલો ચમત્કાર બની રહે છે.*

[illegible]

શક્તિઓને તે તે સમષ્ટિરૂપ ઇંદ્રિયદેવતાઓને અર્પણ કરવી એજ એનો અર્થ થાય છે. દેશમાંના સર્વ ગામના હિતને માટે કામ કરવું એજ ઇંદ્રને બલિદાન આપ્યા બરાબર છે. આદિત્યને બલિદાન આપવું, એટલે સર્વ નેત્રોમાં ઈશ્વરનું અસ્તિત્વ જાણવું–સર્વ નેત્રને માન આપવું, આપણા ગેરવર્તનથી કોઇની દૃષ્ટિને કષ્ટ થવા ન દેવું, આપણી તરફ જોનારા સર્વને પ્રેમયુક્ત સ્મિતપૂર્વક આશીર્વાદ આપવો, અને આપણાં નેત્ર વિશ્વનાં ચક્ષુને એટલી અનન્ય ભક્તિથી અર્પણ કરવાં કે આપણો સર્વ અહંકાર નાશ થવાથી વિશ્વના ચક્ષુરૂપ પરમાત્મા આપણા નેત્રોમાં સદા પ્રકાશતો રહે. બૃહસ્પતિને બલિદાન આપવું, એટલે સર્વ મગજોને આપણું મગજ એટલે બુદ્ધિ–વિચાર અર્પણ કરવા, અથવા આપણા દેશબાંધવોના હિત સંબંધમાં પોતાના હિતસંબંધને લીન કરી–મેળવીને, તેમના ઉદયથી આનંદ પામીને, તેઓ અને આપણે ભિન્ન નથી એવા વિચારથી દેશહિત સાધવું.

સારાંશ કે યજ્ઞ એટલે સર્વ દેશબાંધવોને એકજ માનીને પોતાનું ક્ષુદ્ર 'હું' પણું નષ્ટ કરવું; તથા સૌના આત્મા બનીને, પાડોશી કે દેશ બાંધવો તે હું જ છું, એ તત્ત્વ તેવા આચરણદ્વારા અનુભવવું. આ યજ્ઞનો અર્થ જેમ ક્રોસ ઉપર ચઢાવ્યા પછી ખ્રિસ્તનું દિવ્યસ્વરૂપમાં પુનરુત્થાન થયું, તેમ દેહાત્મભાવનો વધ કર્યા પછી આપણું પણ વિશ્વસ્વરૂપમાં પુનરુત્થાન થવું એ છે. આ યજ્ઞનીજ એક બાજુનું નામ ભક્તિ અને બીજી બાજુનું નામ જ્ઞાન છે.

પ્રેમાર્પણ–સ્વાર્પણ.

(ઇંગ્રેજી કવિતાનો ભાવાર્થ)

હે પરમાત્મા ! મારૂં સર્વસ્વ સ્વીકારો, હું તમને અર્પણ કરૂં છું;
મારા હાથ સ્વીકારો, તેને તમારી સેવા કરવાની શક્તિ મળો;
મારૂં હૃદય સ્વીકારો, તેમાં તમારી પ્રતિમા વિદ્યમાન રહો;
મારૂં મમત્વ નષ્ટ થાઓ, મારૂં સર્વસ્વ વિશ્વાત્મારૂપે સ્ફુરો.

એ પ્રેમાર્પણ પૂર્ણ સાધ્ય થાય એટલે 'तत्त्वमसि' (તે તું છે) એ તત્ત્વનો આનંદમય અનુભવ થાય છે.

શું તમને દેશભકત થવાની ઇચ્છા છે? જો હોય તો તમારા દેશ ઉપર, તમારા દેશબાંધવો ઉપર પ્રેમ કરો. તેમનો અને તમારો આત્મા એક થવા દો. તમારી અને તેમની વચ્ચે તમારો પોતાનો-'હું' પણાનો છેક પાતળો પડદો પણ આવવા દેશો નહિ. દેશહિતના કામમાં પોતાના પ્રાણ અર્પવાને પણ સજ્જ એવા પારમાર્થિક વીર બનો. ક્ષુદ્ર અહંપણું ફેંકી દઈને દેશ સાથે તાદાત્મ્ય પામ્યા પછી તમારા મનમાં જે વિચાર આવશે, તે આખા દેશનાજ બનશે. તમે આગળ ચાલો એટલે આખો દેશ તમારી પછવાડે આવશે. આયુષ્ય-આરોગ્યનો વિચાર તમારા મનમાં આવતાં પરિણામે તમારા સર્વ દેશબાંધવો સશકત અને નિરોગી બનશે. તમારી શક્તિ તેમની નસોમાં વહેવા લાગશે. 'હું હિંદુસ્તાન-સર્વ હિંદુસ્તાન છું' એમ લાગવા દો. હિંદુસ્તાનની ભૂમિ એજ મારૂં શરીર છે, કેમોરીનની ભૂશિર મારા પગ છે, હિમાલય મારૂં મસ્તક છે, મારી જટામાંથી ગંગા વહે છે, મારા મસ્તકમાંથી સિંધુ અને બ્રહ્મપુત્રા નીકળે છે, વિંધ્યાચલ એ મારી કેડે બાંધેલો કમ્મરપટો છે, કોરોમાંડલ જમણો અને મલબાર એ મારો ડાબો પગ છે, હું સર્વ હિંદુસ્તાન છું. હિંદુસ્તાનની પૂર્વ તથા પશ્ચિમ દિશા એ મારા હાથ છે, અને એ મારા બાહુ સમસ્ત માનવજાતિનું આલિંગન કરવાને હું પહોળા કરૂં છું. મારો પ્રેમ વિશ્વવ્યાપી છે. અહાહા! મારા દેહનો બાંધોજ એવો છે! ઉભો રહીને અનંતકાળ તરફ હું નજર કરૂં છું, મારો અંતરાત્મા એ સર્વનો-વિશ્વનો આત્મા છે. હું ચાલું છું ત્યારે હિંદુસ્તાન જ ચાલે છે, હું બોલું છું, એ હિંદુસ્તાન જ બોલે છે, હું શ્વાસોચ્છ્વાસ લઉં છું તે હિંદુસ્તાન જ લે છે, એમ હું અનુભવું છું. હું હિંદુસ્તાન છું! હું શંકર છું! હું શિવ છું! દેશભક્તિની આ સર્વોત્કૃષ્ટ ભાવના છે અને વ્યાવહારિક વેદાંત પણ એજ છે.



૬–હિંદુસ્તાનની હાલની જરૂરીઆતો.*

હેના ગેગાસ જેવા શહેર આસ્ટ્રના ઠંડકાળો બેદરી 'ચાગ'ના સ્વાદ-ભરી આદીમિઓનો બહાર આવતાવ છે. આ કદર ઘણા સુંદર દેખાય છે. આરોગ્ય પર્યંત અલિપ્ત પવિત્ર છે. વિશાળકાય વિશે ઉકળતાં ઊંડું પ્રાદ થયેલું ગુલાબ ફાલ્ગુન કાંતીને 'ઢાંકે' ચાહવું મુકયું છે.

એકાદ નદી સુમિત હોવી ઠાલવાની ભાવના પ્રતિષ્ઠા કિંવા વૈકલ્પિકતા બેગરવાની આગળ ચોકીને ઘણીવાર સત્ય માર્ગમાં વિશુદ્ધ રાખે છે. આ ઇચ્છા આગ્રહને ભૂમિને, હું જયાં નિવાસ ન ધન. કિંવા આત્મશ્રાઘાથી થઈ ન વળ્યા, શાન રીતે હિંદુસ્તાનની હાલની જરૂરીઆતો વિષે વિચાર કરવામાં આવે તો દેશની વાસ્તવિક સ્થિતિ સમજાઈ આવશે. કે એકેક પવિત્ર દેશમાં દરેકની ઉત્પન્ન થાય. તથાપિ આગળ. કર્યો તરફ લોકો કેવળ વૈભવવાદ ધરાવે છે. અથવા લોકોમાં અનુભવનું આશ્રય દૃષ્ટિએ પડે છે. પરિણામ સર્વોપરિ મતનું મનુષ્યત્વ નાશ થવા લાગ્યું છે અને નાસ્તિકપણાની ભાવના વધી જાય છે.

અમેરિકામાં હિંદુસ્તાનથી ઘણું વધારે ધર્મ છે; પરંતુ ત્યાં કે જે ધર્મ ઉપદેશ આજીવિકા ચલાવનારા ધારક ઉપરાંત લોકો કિંવા 'આ કેથોલિક છે' 'આ મેથોડિસ્ટ છે' 'આ પ્રેસબીટેરિયન છે' વગેરે ભેદભાવના નીતિ રાષ્ટ્રીય અનુસાર ઢકાઈ વર્તતા નથી. નિષ્પક્ષપાતપણે કહીએ તો હિંદુસ્તાનની પેઠે અમેરિકામાં ધર્માભિમાનને લીધે નૈસર્ગિક મનુષ્યત્વ તથા ભૂતદયા ન્યૂન થતા નથી. હિંદુના છોકરા ખ્રિસ્તીધર્મ ગ્રહણ કરનાર તેનાં આમાપ તેને ફરીના દરજા કરતા વધારે હલકો નથી છે મનુષ્યનો દર્શક હોવાથી પોતાનાર આમના એકાદ કુટુંબની પોતાની

* સ્વામીજીએ આ ... ઈન્ડિયાના–અમેરિકામાં આપેલ ભ.

હલકો પાડી દક્ષિણ હિંદુસ્તાનના એકાદ વૈષ્ણવના ફાયદાને ખાતર શું શું નથી કરતો ? આમાં દોષ કોનો છે ? પથીનું ઉપરચોટીઉં જ્ઞાન અને અજ્ઞાનના ભરેલા વિચારોનુંજ એ પરિણામ છે.

અત્યારની પ્રજાને "સાથે વસતા શત્રુઓ" નું નામ આપીએ તો અયોગ્ય નથી. રાષ્ટ્રીયતાનો વિચાર એક વૃથા તર્કવાદ જેવો થઇ પડ્યો છે, અને તેનું કારણ શું છે ? મૃતભૂતકાળની નિર્જીવ વિધિઓ તથા ધર્મના નામે શીખવવામા આવતા વિચિત્ર વહેમોપર અંધશ્રદ્ધા, અર્થાત્ 'तस्मात् शास्त्रं प्रमाणं ते' એ સુંદર તત્ત્વના નામ નીચે 'આધ્યાત્મિક આત્મઘાત' કરવો એજ રાષ્ટ્રીયતાના નાશનું કારણ છે.

મનુષ્યને શુદ્ધ કરનારા ઉદાર શિક્ષણ, યથાર્થ જ્ઞાન, સપ્રયોગ પરીક્ષા અને શાસ્ત્રીય વિચારના પદ્ધતિસર અભ્યાસ વિના એવા ખોટા વહેમો નાશ પામશે નહિ. આધુનિક શાસ્ત્રીય શોધોના ઉત્તમ અને લાભકારક પરિણામો જની સમજમા આવ્યા નથી એવા કોઇ પણ ધર્મગુરૂને મૂર્ખ [illegible]નો ઉપર આજીવિકા ચલાવવાનો હક નથી 'રામ'ના મત પ્રમાણે પ્રાચીન [illegible] મતો અને વિધિઓ તે માત્ર તે [illegible]ના [illegible] પરંતુ દુર્દૈવે પ્રથમ એ તત્ત્વોનો સમ્ય[illegible] [illegible]થી અમને એવા બધા ગાડા [illegible] કે એ સિદ્ધાંતો [illegible] [illegible] અને નિદિધ્યાસનું [illegible] પીને [illegible]ના અપયશથી [illegible] [illegible] મનુષ્ય [illegible] સમજવા [illegible] [illegible] ધર્મ [illegible] [illegible]

[illegible]

તેની જગ્યાએ ખાલી નામો ઉપરજ લોકોની દ્દઢતર શ્રદ્ધા ચોંટી. ધાર્મિક વિધિઓના નિર્જીવ કલેવરની વધુ પૂજા કરવાને માટે અંદરના આત્માને છોડી કાઢવામાં આવ્યો. આ પ્રમાણે ક્રાઈસ્ટ, મહુમ્મદ, વ્યાસ અથવા શંકરાચાર્ય જેવા સત્યનિષ્ઠ મહાત્માઓને પેગંબર અથવા ધર્મગુરૂઓનાં નામ આપવામાં આવ્યાં; અને તેમના ગ્રંથોને પ્રકૃતિરૂપ મૂળ પ્રકૃતિ ગ્રંથની સામે હરિફાઈ કરવાને મૂક્યા. જો કે તેમના ગ્રંથો મૂળ પ્રકૃતિ-ગ્રંથના વાંચનનાં ઉદાહરણજ હતાં.

એ સંપ્રદાયો અને વિધિઓ જનસમાજની રચના કરવામાં છેક નિરૂપયોગી હતાં, એમ 'રામ' કહેવા માગતો નથી; તેનો પણ ઉપયોગ હતો. બીજની અમુક અંશે વૃદ્ધિ થતાં સુધી તે ઉપરનું ફોતરૂં જેમ અત્યંત આવશ્યક હોય છે તેમ તે વિધિઓ જરૂરની હતી; પરંતુ તેટલે અંશે વૃદ્ધિ થઈ ગયા પછી બીજના વિકાસથી જો તે ફોતરૂં નીકળી ન જાય તો પછી તે ફોતરૂં તે બીજને દાબી, મુંઝાવી મારી નાખનાર કેદ-ખાનુંજ બની જાય છે. આ સ્થળે લક્ષમાં રાખવાની જરૂર છે કે બીજ ફોતરા કરતાં વધુ કિંમતી હોવાથી ફોતરાને ભોગે બીજનો વિકાસ થવો અત્યંત આવશ્યક છે અને એથી ઉલટું થાય તો હાનિકારક છે.

બીજાઓએ ઠરાવેલી મુક્તિનેજ માનવાની આવશ્યકતા દૂર કરવાને-મુંઝાવીને મારી નાખનાર ફોતરૂં ઉડાડી નાખવાને-દરેક માણસે પોતાના મનમાં એવી દૃઢ શ્રદ્ધા રાખવી જોઇએ કે, 'પેગંબરના જેટલી શક્તિ મેળવવાનો મારો પણ જન્મસિદ્ધ અધિકાર છે, અને એ શક્તિ કંઇ પ્રાપ્ત ન થઇ શકે એવી નથી.'

કેટલાક લોકો બાંધેલું ઘર પોતાની નજરે જોયા સિવાય તેની રચના સમજી શકતા નથી, તેમજ વળી કેટલાક લોકો એવા છે કે તેમને ગત કિંવા સાંપ્રતકાળની સમાજવ્યવસ્થાની આગળ પગલું ભરવાની કલ્પના સુદ્ધાંએ આવતી નથી. એવા લોકોની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જવાનાં સુચિન્હો હિંદુસ્તાનમાં દેખાવા લાગ્યાં છે. લોકોના મનમાંના તર્ક-વિતર્કો દૂર કરીને તેમને સર્વ દૃશ્ય પદાર્થો સાથેના તેમના ઐક્યનો અને નૈસર્ગિક મહત્ત્વનો અનુભવ લેતા કરવા અને સ્વાભાવિક દબ-વિવિધતાથી ચિરસ્થાયી સંઘટિત ઐક્ય સાધવું, એ 'રામ'ના સમજ્યા પ્રમાણેનો

વેદાંતનો હેતુ છે કયા દેશમા આ વેદાંતની જરૂર નથી ? પરંતુ હિંદુસ્તાનમા તો તેની અત્યંત જરૂર જણાય છે.

પ્રેમ અને પ્રકાશ (જ્ઞાન) નો પ્રસાર કરી હિંદુસ્તાનની હાલની જરૂરીઆતો પુરી પાડવાને માટે એક 'જીવનસંસ્થા' સ્થાપવાનો 'રામ' નો વિચાર છે

સંસ્થાની રૂપરેખા.

આ સંસ્થામા તુલનાત્મક ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ સમાવવામા આવશે. આ સંસ્થા ઉમેદવારોને પરસ્પર વિરોધી પ્રાચીન અને અર્વાચીન ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ (૧) ધાર્મિક તત્ત્વજ્ઞાન એ [illegible] પ્રમાણિક શાંત ન્યાયાધીશની પેઠે શાંતતાથી, નિષ્પક્ષપાતપણાથી અને નિર્વિકાર મનથી [illegible] મદદ કરશે દરેક વિદ્યાર્થીને પોતપોતાની યોગ્યતા પ્રમાણે ધર્મના અને તત્ત્વજ્ઞાનના [illegible] પોતાની જાતે વાચવા પડશે, ([illegible] આચાર્યની મદદ મળશે) અને સાંજે [illegible] અથવા દિવસે વાચતી [illegible] આપવો પડશે એ [illegible] થી ચર્ચેલા વિષયોનું [illegible] ત્મક, પરંતુ [illegible] ના માનસિક [illegible]

લોકોની અંધ કર ધાર્મિક અજ્ઞાનતાને દૂર કરી તેમની શક્તિને વધારે સંસ્કૃતિક અને વધારે ઉપયોગી વસ્તુ આપવાને માટે (આ) સંસ્થાદ્વારા વિજ્ઞાનશાસ્ત્રનો પ્રસાર કરવો જોઇએ. વળી આ સંસ્થામાં વિજ્ઞાનશાસ્ત્રનો અભ્યાસ ઉંડી ધાર્મિક લાગણી સાથે કરવાનો છે. વેદાંતના સિદ્ધાન્તોને વ્યવહારમાં મૂકવા માટે અર્થાત્ વ્યાવહારિક વેદાંત શીખવવાને માટે વિજ્ઞાન, કળા અને બહારથી વ્યાવહારિક દેખાતા બીજા ઉદ્યોગોનો અભ્યાસ કરવાની જરૂર છે. અગાસીઝ નામના એક મોટા પ્રકૃતિશાસ્ત્રવેત્તા વિષે એમ કહેવાય છે કે, તે પોતાની પ્રયોગશાળાને મંદિરના જેટલીજ પવિત્ર માનતો, અને તેને દરેક ભૌતિક નિયમ નીતિતત્ત્વના જેટલોજ મહત્ત્વનો લાગતો. સૃષ્ટિની જુદી જુદી જાતો વચ્ચે સામ્ય અને સાધર્મ્ય શોધી કાઢવું, એ "ઈશ્વરની ઇચ્છાઓ પુનઃ યાદ આણવા જેવું છે" એમ તે માનતો.

(૩) ઔદ્યોગિક કળા. યોગ્ય વખતે સંસ્થાના ત્રીજા કામ તરીકે ઔદ્યોગિક કળાના અભ્યાસનું કામ શરૂ કરવામાં આવશે. હિંદુસ્તાનમાં ઔદ્યોગિક કળાઓની કેટલી ખોટ છે તે કહેવાની કાંઇ ખાસ આવશ્યકતા નથી.

યૂરોપ અને અમેરિકાનાં કેટલાંક મોટાં વિશ્વવિદ્યાલયો (દાખલા તરીકે યેલ, હાર્વર્ડ, સ્ટેન્ફર્ડ, ચિકાગો) તદ્દન ખાનગી સંસ્થાઓ છે. હજી હિંદુસ્તાનના લોકો પોતાની આવશ્યકતાઓ તરફ ન જોતાં પોતાના શિક્ષણને માટે સરકારની પદ્ધતિનેજ વળગી રહ્યા છે, એ અતિ શોચનીય બીના છે.

'રામે' સૂચવેલા જીવનમઠમાં કર્મઠ મતના ગ્રંથોને તેમજ પાખંડી મતના ગ્રંથોને શાસ્ત્રીય નિષ્પક્ષપાત ન્યાયે એક જ સ્થાન મળશે. 'સત્ય, પૂર્ણ સત્ય, અવ્યવચ્છિન્ન સત્ય' એ જ આ સંસ્થાનું બીરદ રહેશે.

ૐ ! ૐ !! ૐ !!!



૭–यज्ञनुं रहस्य.

'રામ' જ્યારે બ્રહ્માની પવિત્ર ભૂમિ પુષ્કરજીમા વસતો હતો ત્યારે 'રાષ્ટ્રીય એકતાનો પુનરૂદ્ધાર કરવાને આપણો પુરાણો યજ્ઞ-યાગાદિનો વિધિ પુન. શરૂ કરવો ઇષ્ટ છે કે નહિ, એ વિષે આપનો મત શું છે તે જણાવશો' એવો એક પત્ર 'રામ' ને મળ્યો હતો આ પત્ર વાચતાં જ નીચલી કડીઓ મુખમાથી નીકળી પડી —

(શ્રેષ્ઠ સદ્ગુણને નામ હોતુ નથી, ઉચ્ચ કોટિની પવિત્રતા લજ્જારૂપ મનાય છે, સત્ય જ્ઞાન નિર્ણય નથી, સ્વર્ગ [illegible] અતિ અપરિચિત દેખાય છે, અવિકૃત દરકાર [illegible] અને અખડ રહે છે, અતિ પ્રચંડ ધ્વનિ [illegible] ને પડતા નથી, [illegible] મોટી ચીજને કશો આકાર હોતો નથી)

સૂર્ય જો મુંબઈ ઇલાકાના [illegible] ને કહે [illegible] "હિમાલય પર્વત પરના ભોજપત્ર અને દેવદારના વૃક્ષોને મેં પ્રકાશ અને ઉષ્ણતા આપી છે, તેથી હવે હું તમને એ વસ્તુ આપીશ નહિ, મારી કૃપા અને મારો [illegible] મેં [illegible] તમારે વધવુ જોઇએ,' તો તે [illegible] બાગમાના વૃક્ષો પર [illegible] પડવાથી [illegible] જીવી નહિ શકે, અને બુદ્ધ, કાઇન્ટ તથા મહમ્મદ ને થયેલા સાક્ષાત્કારથી શેક્સપિયર, ન્યૂટન અથવા સ્પેન્સરને શાન્તિ થશે નહિ એટલા માટે આપણા જીવનના પ્રશ્નોનો નિકાલ આપણે પોતે જ કરવો જોઇએ, અને ભૂતકાળમાં થઇ ગયેલા ઘણાજ માનવત દષ્ટાઓ તથા સતોની આંખ દ્વારા જોવાને બદલે આપણી પોતાની આંખોથીજ જોતા શીખવુ જોઇએ

પ્રત્યેક સ્મૃતિ જણાવે છે કે [illegible] આપણો મત આવો આવો હતો,

પણ આજે તે સંબંધે તમારો મત કેવો છે ? પ્રત્યેક સંસ્થા એવું ચલણી નાણું છે કે જેનાપર આપણે આપણો પોતાનોજ સિક્કો મારી દઈએ છીએ. થોડા વખતમાં તે ઓળખી નહિ શકાય એવું નાણું થઈ જાય છે અને કાળાંતરે તેને ટંકશાળમાં પુનઃ જવું પડે છે. કુદરત એક વસ્તુને બનાવે છે, તેને છિન્નભિન્ન કરી નાખે છે અને પુનઃ તેનો આકાર ઘડે છે. પોતાની મૂળસ્થિતિ કાયમ રાખીને યોગ્ય ફેરફાર કરવો એજ જીવનનો પરમ ઉદ્દેશ છે.

પોતાની પૂર્વ સ્થિતિ ભવિષ્યમાં આણવાની આકાંક્ષા રાખનાર અને ભૂતકાળને હમ્મેશાં પોતાની નજર સામે રાખનારના જેવી દયાજનક સ્થિતિ બીજા કોઈ માણસની હોતી નથી. નીચે આવતા દરેક મુદ્દાના ટેકામાં ગીતા, મનુસ્મૃતિ અને શ્રુતિનાં વચનો ટાંકી શકાય એમ છે, પરંતુ જાણી જોઇને તેમ કરવું છોડી દીધું છે; કારણ કે પ્રતિપક્ષીઓ પણ એ વચનોની વિરૂદ્ધ જતા આધારો એ પુસ્તકોમાંથી ટાંકી બતાવશે અને એમ થતાં મુખ્ય મુદ્દો દૂર રહી જઈ લૂખો શબ્દવાદ વધી પડશે; એટલુંજ નહિ પરંતુ વસ્તુસ્થિતિના અભ્યાસ કરતાં પુસ્તકોના અધ્યયનને વિશેષ મહત્ત્વ આપનારી જે ભૂલભરેલી શિક્ષણપદ્ધતિ છે તેને ઉત્તેજન આપ્યા જેવું થશે.

મહાત્મા શંકરની મોટામાં મોટી ભૂલ એ હતી કે તેમણે પોતાનો (અનુભવનો) ખરો પ્રકાશ ગુપ્ત રાખ્યો હતો.* સ્વાનુભવ કરતાં અધિક વિશ્વસનીય બીજું કયું પ્રમાણ છે ? છતાં સ્વાનુભવથી જે સત્યતત્ત્વ તેઓ સમજ્યા હતા તે તત્ત્વનો પ્રકાશ કરવાને માટે પુરાણા ગ્રંથોનાં પાનાં ઉથલાવવામાં અને શબ્દોનો વિપર્યાસ કરવામાં નકામો વખત ગાળવાની તેમણે શા માટે માથાફોડ કરી હશે ? ત્યાર પછી અન્ય મહાત્માઓ (રામાનુજ, મધ્વાચાર્ય વગેરે) થયા અને તેમણે પણ આજ કંગાલ શબ્દો લીધા અને તે શબ્દોના પોતાને અનુકૂળ આવે એવા અર્થો દીધા. આ સદિચ્છા (શુભેચ્છા) થી કરેલા પ્રયત્નથી સત્યનો વેગ વધવાની વાત તો બાજુએ રહી, પણ તેથી ઉલટી તેની ગતિ મંદ પડી. સ્પષ્ટ કહીએ તો હિંદુસ્તાનની સાંપ્રત અવનતિનું કારણ એજ છે કે આપણે ઉપક્રમ

* શ્રીમદ્ શંકરાચાર્યના અનેક ગ્રંથો, સ્તોત્રો વગેરે આ કથનને ખોટું ઠરાવે છે. રામસ્વામીનો આ વિચાર પાછળથી બદલાઈ ગયો હોય એ પણ સંભવિત છે. સંપાદક

વિરૂદ્ધ આપણા ઉચિત આત્મદેવને પુસ્તકરૂપી પિશાચનો ગુલામ બનાવી દીધો છે! *શ્રુતિમાતાની એવી દુર્દશા થઇ છે કે તેનો એક પુત્ર તેના સુંદર વાળ એક તરફ ખેંચે છે, તો બીજો બીજી તરફ ખેંચે છે અને વળી ત્રીજો તેનો ચોટલો મજબૂત પકડી અન્ય બાજુ તરફજ ખેંચે છે! આવી રીતે પ્રત્યેક વર્ણ શ્રુતિના નામ નીચે પોતાને ફાવે તેવો મત ચુસાડી દે છે, અને આ સર્વનું પરિણામ એ આવે છે કે તે સત્યશીલતાથી ભ્રષ્ટ થાય છે આર્યાવર્તના પ્રાચીન ઋષિઓ અને આચાર્યોના વચનોને પોતાની આધુનિક જરૂરીઆતો અને પરિસ્થિતિ સબંધી મહત્ત્વના પ્રશ્નોનો ફેસલો મૃતભાષ ના વ્યાકરણના નિયમોદ્વારા કરવાનો વારો આવ્યો છે!

પ્રિય બંધુઓ! નિયમો અને સંસ્થાઓ મનુષ્યોને માટે છે, મનુષ્યો નિયમ અથવા સંસ્થાને માટે જન્મ ધરાવતા નથી. કેટલાક કહે છે કે, "લાગદ્વારા ભવિષ્ય અને ભૂતકાળનું સંધાન મજબૂત થાય છે." આ વિચાર કેવો સ્વાભાવિક અને સુંદર લાગે છે? પણ શું હજીએ જૂની ગોદડીને વધારે થીગડાની જરૂર છે? સત્યને સમાધાનીનાં થીગડાની જરૂર નથી. આખી પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, સૂર્યને પૃથ્વીની આસપાસ ફરવાની જરૂર નથી ભૂતકાળ અને ભવિષ્યકાળનું યોગ્ય રીતે સંધાન કરવા માટે વિજ્ઞાનની આધુનિક શોધો બાઇબલ અથવા અન્ય ધર્મગ્રંથના ભાષ્ય અથવા ટીકાપર લટકી રહી છે કે? ઇશ્વરપ્રણીત શાસ્ત્રોને પોતાનેજ માલવા દા. ત. સૂર્યને જોવા માટે દીવાની જરૂર પડે છે કે? ક્રાઇસ્ટ, મહમ્મદ, બુદ્ધ, જરથોસ્ત, વેદ વગેરેના પ્રમાણ આપવાથી ગણિતશાસ્ત્રના એકાદ સિદ્ધાંતની કિમ્મત જરા પણ વધશે કે? રસાયનશાસ્ત્રના તત્ત્વો આપણે પ્રયોગ કરવાથીજ સમજી શકીએ છીએ. મસ્તકમાં માત્ર માન્યતા ભરવાથી તો બુદ્ધિનું ખૂન કરવાનું પાપ આપણને ચોંટશે. એકાદ ખાસ બનાવ અને ત્રિકાલાબાધિત

*હાલની દુર્દશા માટે જમ ઋષિ મુનિઓના જ્વાળામાર ન કહી શકાય તેજ પ્રમાણે શ્રીમદ્ શંકરાચાર્યને પણ નજ કહી શકાય. સૈનિકને સદુપયોગ માટે મળેલી તલવારનો તેના વંશજો દુરૂપયોગ કરી દુઃખી થાય તેમાં તલવાર આપનાર રાજાનો શું દોષ?"

સંપાદક

સત્યમાં બહુ ફરક છે. એકાદ ખાસ બનાવ બીજાના મુખથી સાંભળતાં ખરો માની શકાય; પરંતુ સત્યની પરીક્ષા તો સ્વાનુભવથીજ કરવી જોઇએ. વાદવિવાદ કિંવા પ્રમાણ (સાબીતી) થી વેદાંતને સિદ્ધ કરવાની જરૂર છે? વેદાંતના સિદ્ધાંત યોગ્ય સ્વરૂપમાં રજુ કરવા એજ તેનું નિર્વિવાદ પ્રમાણ છે. સૌંદર્યની આકર્ષણશક્તિ સાબીત કરવાને માટે બહારની બહાલીની કશી જરૂર નથી.

મોહક ભાષણો કરીને, મોહક ગાયનો ગાઇને, પ્રમાદયુક્ત નિદ્રા વધારવાને માટે હાલરડાં ગાઇને, જનસમૂહની રૂચિને અનુકૂળ વચનો કહીને અને લોકોની અજ્ઞાનતાની પ્રશંસા કરીને મોટી સંખ્યામાં અનુયાયીઓ મેળવવાનું કાર્ય કાંઇ મુશ્કેલ નથી. સત્ય એજ શાશ્વત છે અને આ સઘળાં ચરાચર દૃશ્ય મિથ્યા છે. જે માત્ર દૃશ્ય-બાહ્ય સ્વરૂપોને માટે સત્યનો ભોગ આપે છે તેને ધિક્કાર હોજો! સત્યને તેની મરજી પ્રમાણે આગળ આવવા દો. સત્યરૂપી સૂર્ય પોતાનો ઉદય કેવી રીતે કરવો તે સારી પેઠે જાણે છે. નગારાંઓના અવાજથી સર્વ લોકોને દીર્ઘ નિદ્રામાંથી ઢંઢોળીને જાગૃત કરવા માટે સત્યને પ્રચંડ ગર્જના કરવા દો. હું સત્ય સ્વરૂપ છું. **સ્થૂલ દેહની પ્રતિષ્ઠા વધારવાને માટે આત્મઘાત કરવાને હું તૈયાર નથી.**

હવે યજ્ઞનો પ્રશ્ન વિચારીએ. આપણે તેનો સ્વતંત્રતાથી, નિષ્પક્ષપાતથી અને ભિન્ન ભિન્ન દૃષ્ટિથી વિચાર કરીશું.

સાધારણ રીતે હવનવિધિને યજ્ઞનો એક અતિ મહત્ત્વનો આવશ્યક ભાગ ગણવામાં આવે છે. હવનના આધુનિક પૂજારીઓ તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે "હવનથી હવા શુદ્ધ થાય છે, અને સુગંધ પ્રસરે છે." આ તાણીતોડીને ખેંચી કાઢેલી કલ્પના છે. ઇતર ઉત્તેજક પદાર્થોની માફક સુગંધ પણ ક્ષણવાર મનને ઉત્સાહ આપે છે, પરંતુ તેની સાથેજ પ્રતિક્રિયા થઇને સ્વાભાવિક જુસ્સો મંદ પડી જાય છે. ઉત્તેજક પદાર્થો આપણા શક્તિસંગ્રહમાંથી થોડીક શક્તિ વ્યાજે લે છે; પરંતુ આ કરજપર ચક્રવૃદ્ધિ વ્યાજ ચઢે છે અને એ કરજ કદિ પણ વળી શકતું નથી.

ખરૂં જોતાં હવનદ્વારા સુગંધી દ્રવ્યની ઉત્પત્તિ ઘણીજ થોડી થાય છે,

અને ઘણો મોટો ભાગ કાર્બોનિક ઍસિડ ગૅસનો નીકળે છે. આ ઘણો હાનિકારક હોય છે.

એક વખત એવો હતો કે જ્યારે હિંદુસ્તાનમાં જંગલો ઘણાં હતાં અને મનુષ્યોની વસ્તી થોડી હતી. તે વખતમાં ઘી અને એવાં બીજાં દ્રવ્યો બાળવાથી કાર્બોનિક ઍસિડ ગૅસ ઉત્પન્ન થઈ વનસ્પતિનું પોષણ થતું હતું, પણ સાંપ્રતમાં તે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે વાસ્તવિક રીતે કહીએ તો આજે જંગલો રહ્યાંજ નથી, અને વસ્તીનું પ્રમાણ ઘણુંજ વધી ગયું છે. પરિણામ એ આવ્યું છે કે હવામાં કાર્બોનિક ઍસિડ ગૅસ વિશેષ હોવાથી માણસો આળસુ બન્યા છે. હાલમાં હિંદુસ્તાનમાં ઑક્સિજન (પ્રાણવાયુ) અને ઓઝોન (તીવ્ર પ્રાણવાયુ) ની ઘણી જરૂર છે, કાર્બોનિક ઍસિડ ગૅસની જરૂર નથી

આ વાત લક્ષમા રાખવી જોઈએ કે હવન કરવા અને લોકોને જમાડવા, એ બન્ને બાબતોથી હવામા જે રાસાયનિક ક્રિયા થાય છે તે સરખીજ છે છતા કૃત્રિમ અગ્નિના મુખમા અમૂલ્ય ઘીનો અપવ્યય કરવાને બદલે ભૂખે મરતા, પરતુ નારાયણસ્વરૂપ લાખો ગરીબ લોકોનાં અસ્થિ તથા માસનો ભક્ષ કરી જતા જઠરાગ્નિના મુખમા લુખા સુકા રોટલાના સાત દિવસના વાસી ટુકડા શા માટે નાખતા નથી? આવા જ હવનની આજે હિદુસ્તાનને વધારે આવશ્યકતા છે

વળી હજારો માણસોને એક દિવસમા જમાડ્યા તેમા શું દહાડો વળ્યો? આવા વિવેકરહિત પરોપકારથી માત્ર સભાવિત ભિખારીઓની સખ્યા વધે છે હિદુસ્તાનમાં આ સર્વ દૈન્ય અને દારિદ્રય શાથી વધ્યાં છે? દેશ, કાળ અને સત્પાત્રનો વિચાર કર્યા વિના આપેલા દાનથી. એક ફ્રેંચ ગ્રથકારે લખ્યું છે કે, લોકોના દુખ નિવારણ કરવાના ઉદ્દેશથી કરવામા આવેલા દાનથી ઉલટા અર્ધોઅર્ધ દુઃખ નવા પેદા થાય છે, પણ તે દાનથી ઉત્પન્ન થયેલા દુખોમાથી અર્ધા દુ.ખોનું પણ નિવારણ તેનાથી થઈ શકતું નથી. દાનની કિંમત એકલા હેતુથી નહિ પણ તેના પરિણામથી આકવાની છે એક ટકટકખોર આળસુ ભિખારીને એક પૈસો આપીને કોઈ યાત્રાળુ એમ માને કે પરલોકમા આપણને એનો બદલો મળશે, તો ભલે તેમ માને, બાકી તો ખુલ્લું જ

સમજાય છે કે એ પૈસાએ આ જગતને તો નુકશાન જ કર્યું છે.

૧ આપણે યોગ્ય પ્રકારનો જ યજ્ઞ કરવો જોઇએ. અર્થાત્ દીન કિંવા અનાથ માણસોની સેવા તથા રક્ષણ કરવું જોઇએ; અને તે કાર્ય એવી રીતે કરવું જોઇએ કે તેનો મૂળ ઉદ્દેશ ઉંધો વળી ન જાય. સર્વ દાનોમાં વિદ્યાદાન શ્રેષ્ઠ છે. કોઈ માણસને તમે એક દિવસ જમાડશો તોપણ બીજે દિવસે તો અવશ્ય તેને ભૂખ લાગશેજ; પરંતુ જો તમે તેને એકાદ હુન્નર શીખવશો તો તેની આખી જીંદગીનો ખોરાક પૂરો પાડવાનું પુણ્ય તમને પ્રાપ્ત થશે. તમે તેને જે જ્ઞાન આપો તે એવા પ્રકારનું હોવું જોઇએ કે જેથી તેના જન્મનું સાર્થક થાય. ભિખારી રહેવા કરતાં તો જોડાં સીવવા જેવો એકાદ ધંધો કરવો વધારે મહત્ત્વનો છે.

૨ હિંદુસ્તાનના દરેક માણસના હૃદયમાં એવી ભાવના ઉત્પન્ન થવી જોઇએ કે સંપત્તિ, જ્ઞાન, સત્તા અથવા યોગ્યતા ઇત્યાદિ બાબતોમાં આપણાથી જે લોકો ઉતરતી પંક્તિના હોય તેઓજ આપણી મદદને યોગ્ય આપણાં બાળકો છે. બદલાની આશા રાખ્યા વગર તેમને આત્માનો ખોરાક–ઉત્તેજન, જ્ઞાન અને પ્રેમ આપી તેમની સેવા કરવાનો માતા તરીકેનો હક્ક ભોગવવાનું પરમ સુખ દરેક જણે પ્રાપ્ત કરવુંજ જોઇએ. મહાન નિષ્કામ યજ્ઞ આજ છે.

પ્રાચીનકાળમાં જ્યારે હિંદુસ્તાનમાં જનસમાજે કૃત્રિમતા ધારણ કરી નહોતી; જ્યારે હિંદવાસીઓને અન્ન, વસ્ત્ર, ઘરબાર ઇત્યાદિ બાબતોમાં બહુ ચોકસ રહેવું પડતું નહોતું; જે વખતે–આજે કાશ્મીરમાં પુષ્કળ વૃક્ષોનો સમૂહ છે તેમ–સંખ્યાબંધ વૃક્ષો સમસ્ત દેશમાં વિદ્યમાન હતા; અને જે વખતે અમેરિકાના મૂળવતનીઓની માફક હિંદુસ્તાનનાં માણસોને વિશેષ વસ્ત્રોની જરૂર નહોતી; તે વખતે લોકોની શુંગળાઇ રહેલી શારીરિક અને માનસિક શક્તિને બહાર નીકળવાને ઇતર કોઇ પણ માર્ગ ખુલ્લો નહિ હોવાથી તે સર્વ શક્તિનો દેવતાઓની સાથે વ્યવહાર કરવામાં અર્થાત્ યજ્ઞયાગાદિ કર્મો કરવામાં વ્યય થવા લાગ્યો. પ્રથમ આ યજ્ઞોનો અર્થ એટલોજ હતો કે દેવોની સાથે ચોકખો (રોકડો) વ્યવહાર કરવો. તેની અંદર યાચના આદિ આત્મનિંદક ભિક્ષાંદેહિનું તત્ત્વ સમાએલું નહોતું. તે વખતના લોકોને પ્રકૃતિની જેટલી શક્તિઓ–કે

જ્ઞાન હતું તેમની સાથે સમાનતાના સબંધથી કરેલો આ એક વ્યવહાર હતો-પંચમહાભૂતને દેવતા કલ્પીને તેમની સાથે માત્ર એક પ્રકારની દુકાનદારીનોજ વ્યવહાર રાખવામાં આવ્યો હતો-એમ કહેવામાં કાંઈ હરકત નથી. જો કે આ વ્યાપારમાં આધુનિક મારવાડીપણું દાખલ થયું નહોતું, પરંતુ તેમાં લેણદેણ અને અરસપરસના ફાયદાની વણિકવૃત્તિ તો અવશ્ય હતીજ

આ સર્વે યજ્ઞ માત્ર 'જો' પર અવલંબી રહ્યા હતા જો વર્ષાદ જોઈતો હોય તો આ યજ્ઞ કરો, જો પ્રજોત્પત્તિની ઈચ્છા હોય તો પેલો યજ્ઞ કરો, જો વિજયની લાલસા હોય તો અમુક યજ્ઞ કરો, જો દ્રવ્યની આવશ્યકતા હોય તો કાંઈ અન્ય યજ્ઞ કરો, ઇત્યાદિ

[illegible]

[illegible] સરકાર [illegible] એક [illegible] દેશના જુદા જુદા [illegible] સમાજની ઉન્નતિ દર [illegible] આધાર [illegible] ઉચિત [illegible] ઉપર રહેલો છે

પરિવર્તન (ફેરફાર) [illegible] નહિ તો મરો એ સૃષ્ટિના [illegible] છે

ઉત્ક્રાંતિવાદના એક આધુનિક સુપ્રસિદ્ધ વિદ્વાન ગૃહસ્થ પ્રેસીડેન્ટ ડૉક્ટર ડેવિડ સ્ટાર જૉર્ડન જણાવે છે કે, "સામાજિક ઉત્ક્રાંતિ વિષે બોલતાં આપણે આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે સમાજની ગમે તેવી અવસ્થા હમેશાં મનુષ્યને અપૂર્ણજ ભાસે છે; કારણ કે અધિક ચડતી દશાએ પહોંચેલો મનુષ્ય પણ આગળ વધવાના સ્વભાવવાળો હોય છે. જેનાં તેમ ચલાવનાર સમાજની વૃદ્ધિ ધીમીજ થાય છે." પરિસ્થિતિને સંપૂર્ણ રીતે અનુકૂળ થવાની પદ્ધતિ વારંવાર આવશ્યકતા ઉત્પન્ન કરે છે; કારણ કે પરિસ્થિતિ હમ્મેશાં બદલાયાજ કરે છે. મનુષ્ય, પ્રાણી અને વિશ્વ, એ સંબંધી આપણે જે જ્ઞાન ધરાવીએ છીએ, તે દ્વારા જોતાં 'કલહ અને રૂપાંતર નષ્ટ થઈ સર્વ જણ સુખી અને સુરક્ષિત રહી શકે એવી સ્થિર-દશામાં સહસ્ર વર્ષો આવશે' એવું સ્વપ્નું જોનારા આકાશકુસુમવત્ વ્યર્થ આશા રાખે છે, એમ સ્પષ્ટ જણાય છે.

આટલા માટે આપણે આપણાં કર્મકાંડ બદલી ચાલુ પરિસ્થિતિને અનુકૂળ કરવાં જોઈએ. આપણી આવશ્યકતાઓ વેદકાલીન ઋષિઓની આવશ્યકતાથી ભિન્ન છે. 'જો' ના ઉપર સર્વ કર્મકાંડ અવલંબી રહ્યાં હતાં તે 'જો' (કામના) હવે બદલાઇ ગયાં છે. 'જો તમારે ઢોર જોઈએ તો ઇદ્રદેવને બલિદાન આપો,' 'જો તમારે સંતતિ જોઇએ તો પ્રજાપતિને સંતુષ્ટ કરો,' ઇત્યાદિ પ્રશ્નો આજે આપણી સમક્ષ નથી. આજનાં કર્મકાંડ આ પ્રમાણે પરિવર્તન પામેલા સ્વરૂપમાં હોવાં જોઈએ. "દિવસે દિવસે વધતા જતા અને સુધરતા જતા ઉદ્યોગ-ધંધાના આ જમાનામાં જો તમારે જીવતા રહેવું હોય અને રાષ્ટ્રીય ક્ષયથી ધીમે ધીમે ક્ષીણ થઈને મરવું ન હોય તો વિદ્યુત્ રૂપી માતરિશ્વાને કબજે કરો, બાષ્પ (વરાળ) રૂપી વરુણને તાબે કરો અને કૃષિશાસ્ત્રરૂપી કુબેરની સાથે મૈત્રી બાંધો. તમને આ જ્ઞાન આપનારો શિલ્પજ્ઞ અથવા શાસ્ત્રજ્ઞ ગુરૂ આ નૂતન દેવની સાથે તમારો પરિચય કરાવનાર પુરોહિત છે."

આપણા દેશનું સ્વરૂપ પ્રાયઃ સર્વથા બદલાઇ ગયું છે. સરકાર બદલાઇ ગઇ, ભાષા બદલાઇ ગઈ, લોકોના વર્ણ બદલાઇ ગયા; ત્યારે વૈદિક કાલના દેવો હજી શા માટે પારણામાં હીંચકા ખાધા કરે છે? જેમ વર્ષ વધતાં જાય છે તેમ તેઓ પારણામાંથી ઉતરીને આપણી સાથે છૂટથી કેમ

रमता नथी ? तेमज मनुष्योनी साथे ओळखाण केम वधारता नथी ?

प्रिय देशबांधवो ! आपणा प्राचीन ऋषिओए सूर्य, चंद्र, पृथ्वी, पाणी, तेज, समीर, विद्युत, मेघगर्जना आदि सर्वनी अंदर जे 'एक सत्' ईश्वरनुं दर्शन कर्युं हतुं ते प्रमाणे तमे न करो, एम 'राम' तमने कहेतो नथी. ईश्वरने सृष्टिमां प्रकृतिरूपे भले जुओ, पण एथीए जरा सूक्ष्म दृष्टि करवी जोइए. प्रयोगशाळा अने शास्त्राध्ययनशाळामां पण ईश्वरने जोवो जोइए. रासायनिक प्रयोगनी मेजने यज्ञनी वेदी जेटलीज पवित्र गणवी जोइए. पुरातन यज्ञयागादिना अग्निनो पुनरुद्धार हवे तमे करी शकशो नहि, परंतु ते प्राचीनकाळना प्रेम, आदर, भक्ति आदिनो उद्धार तमे करी शकशो तेम करीने जे वस्तुओ आजे तमारां कर्तव्य कर्मो थइने बेठी छे, तेनापर तेमनो प्रकाश पडवा दो. अगासिज कहे छे के, "सृष्टिनुं निरीक्षण करवुं ते शुं ईश्वरना विचारोनो पुनः विचार करवा समान नथी ?' तमाम सर्व कर्मोमां पवित्रता प्रवर्तेली होवी जोइए. हवे मारे यज्ञनो अग्नि सळगाववानी जरूर न होवाथी लुहारनी भट्ठीमांनो अग्नि मारे मन [illegible] ! खेडुतना खटारानें [illegible] दाटनीज जरूर छे. [illegible] समजी जाय छे

[illegible] तमे तमारी भविष्य [illegible] नास्तिक थशो नहि [illegible] छे तमे [illegible] तमे [illegible] एवी रीते [illegible] थी तमारा [illegible]

[illegible] पड्युं [illegible] (अन्य वचन) नो अर्थ [illegible] ते

ઈશ્વરી શક્તિ બાહ્ય શક્તિ હો કિંવા અંતર્ગત શક્તિ હો. 'અધિદૈવત' શબ્દની 'આધ્યાત્મિક' શબ્દ સાથે તુલના કરી જોતાં 'દેવતા' શબ્દ સમષ્ટિરૂપ શક્તિનો વાચક છે, એમ સ્પષ્ટ જણાઈ આવે છે. 'ચક્ષુ' શબ્દ એકાદ વ્યક્તિની 'દૃષ્ટિ' સૂચવે છે; પરંતુ 'ચક્ષુદેવતા' નો અર્થ 'સર્વ પ્રાણીઓમાં રહેલી આદિત્ય નામની જોવાની શક્તિ' એવો થાય છે અને વિશ્વનું નેત્ર જે સૂર્ય તે આ શક્તિનું ચિન્હ છે. હસ્તેંદ્રિય એટલે એક મનુષ્યના હાથમાં રહેલી શક્તિ છે; પરંતુ હસ્તેંદ્રિયનો દેવતા એટલે સર્વ હસ્તોને હલાવનારી શક્તિ. આ સમષ્ટિરૂપ શક્તિને 'ઇંદ્ર' કહેવામાં આવે છે. તેજ પ્રમાણે જ્યારે આપણે ઇતર ઇંદ્રિયોના દેવતા વિષે બોલીએ ત્યારે તેનો જો કાંઈ પણ અર્થ થતો હોય તો તે આ જ છે.

હવે યજ્ઞમાં દેવતાને બલિદાન આપવું એનો અર્થ શું થાય છે? તેનો અર્થ એ થાય છે કે 'આપણી વ્યક્તિવિષયક ઇંદ્રિયશક્તિઓને તેમના પોતપોતાના સમષ્ટિરૂપ શક્તિદેવતાને અર્પણ કરવી, આપણા આડોશીપાડોશીઓને પણ આપણાં સ્વરૂપોજ ગણીને આપણા વ્યક્તિત્વનું સર્વાત્મા સાથે ઐક્ય કરવું, અને આપણી ઇચ્છાને ઈશ્વરની ઇચ્છામાં લીન કરી દેવી.' દાખલા તરીકે આદિત્યનું બલિદાન આપવું એટલે એવો નિશ્ચય કરવો કે કોઇની દૃષ્ટિને ક્ષોભ થાય એવી ખરાબ વર્તણુક કદિ પણ ચલાવવી નહિ તથા આપણા તરફ દૃષ્ટિપાત કરનાર સઘળા લોકોને પ્રેમ, સ્મિત અને શુભાશિષનોજ અનુભવ કરાવવો. સર્વ નેત્રોમાં ઈશ્વરને જોવો એનું નામજ 'આદિત્યનું બલિદાન' છે.

ઇંદ્રને બલિદાન આપવું એટલે દેશના સર્વે હાથોના હિતને માટે શ્રમ કરવો. યોગ્ય ખોરાક યોગ્ય પ્રકારે આપવામાં આવતાં તે સર્વે જણને પોષણ આપે છે. હાથના સ્નાયુઓને તેનો ખોરાક–શ્રમ અને વ્યાયામ આપવામાં આવતાં તે હૃષ્ટપુષ્ટ થાય છે. આ પ્રમાણે ઇંદ્રને બલિ આપવાનો અર્થ એ થાય છે કે રોજગારની શોધમાં ફરતા લાખો રંક હાથોને ધંધોરોજગાર શોધી આપવો. ઇંદ્રને આવો યોગ્ય બલિ આપવામાં આવશે તો દેશમાં સમૃદ્ધિ અવશ્ય વધશે જ. સર્વે હાથોને રોજગાર મળશે એટલે દારિદ્ર્ય ક્યાં રહેનાર છે? ઈંગ્લંડમાં ખેતી બિલકુલ કરવામાં આવતી નથી એમ કહીએ તોપણ ચાલે; તે છતાં પણ તે દેશ સમૃદ્ધ છે એનું કારણ

શું? કારણ એ છે કે ત્યાં હસ્તદેવતા-ઇંદ્રને અજીર્ણ થાય ત્યાં સુધી ઠગ ઠૈશન ઉદ્યોગધંધાનો ખોરાક આપવામાં આવે છે સર્વેનું હિત સાધ માટે સર્વે હાથીઓએ સાથે મળી કામ કરવું, એ ઇંદ્રને માટે કરેલો ય છે વિશ્વહિત સાધવા માટે સર્વે મસ્તકે સાથે મળી કામ કરવું, એ બૃહસ્પતિનો યજ્ઞ છે સર્વેના હિત માટે સર્વે અંતઃકરણોની એકતા થવી એ હૃદયદેવતા ચંદ્રનો યજ્ઞ છે આજ પ્રમાણે ઇતર દેવતાઓના સંબંધમાં પણ સમજવું

સંક્ષિપ્તમાં કહેતાં યજ્ઞનો અર્થ એ છે કે આપણો હાથ સર્વ હાથોને [illegible] આપણું મન સર્વ મનોને અર્પણ કરવું અને આપણું હિત [illegible] બીજા શબ્દોમાં બોલીએ તો [illegible] ([illegible]) એ [illegible] આણવો એજ [illegible] સ્વરૂપમાં પુન રૂત્થાન થવું તે [illegible] પણ [illegible] આવે છે

[illegible] કરે છે, ત્યારે [illegible] [illegible] વિના કેવી રીતે થઈ શકે ?

[illegible] છે કે આ પૃથ્વી ઉપર [illegible]

[illegible]

[illegible]

કર અને વિઘાતક નિવડશે. હવે તો સજીવ હોય તેવા ચિન્હોનો કિ
વિધિઓનો સ્વીકાર કરો

કેટલાક માણુસો કહે છે કે નહીને જૂના માર્ગમા વહેવું વધારે સહે
પડે છે; માટે જીર્ણ સસ્થામાજ નવીન ચૈતન્ય પૂરવાના પ્રયત્ન કર
જોઇએ. 'રામ' કહે છે કે આ વાત પ્રકૃતિની વિરૂદ્ધ છે. શેરડીમાથી એ
વાર રસ નીકળી ગયા પછી તેજ સાડામા પુન. તેવીજ રીતે રસ આ
શકશે નહિ તે સાડાને તો ભસ્મીભૂતજ કરી નાખવો જોઇએ આપ
આ સર્વ આહુતિઓની જ્ઞાનાગ્નિકુડમા આહુતિ આપવી જોઇએ. દેશ
કાળને અનુકૂળ હોય એવા રૂપમા આપણે ખરા યજ્ઞના તત્ત્વનો સ્વીકા
કરવો જોઇએ. કેટલાક લોકો એવા છે કે તેઓ પ્રાચીન ગત વૈભવ
સતત સ્મરણ કરી બેમી રહેવુ એનેજ મૂર્તિમત સ્વદેશાભિમાન સમ
છે! આ લોકોને નવીન પરિસ્થિતિમા પોતાના જૂના ઘરનો બોજો પોતા
પીઠપર લઇને ફરનારી ગોકળગાયનીજ ઉપમા આપવી જોઇએ, અથવ
જૂની અને નિરૂપયોગી થઇ ગયેલી ખાતાવહીના પોથાના પાન
ઉથલાવતા બેસી રહેનારા દેવાળીઆ પેઢીદારજ કહેવા જોઇએ. હિદ દે
એકવાર મહાન ગણાઇ ગયો છે, એવા વિચાર કરવામા વખત ગુમાવશે
નહિ તમારૂ બળ અમર્યાદ છે હિદુસ્તાનનુ ભાવી સર્વોત્કૃષ્ટ છે એવી
ભાવના કર્યા કરો

ઇતિહાસ અને સ્વાનુભવથી સિદ્ધ થાય છે કે જ્યારે લોકસમુદા
એકત્રિત થાય છે અને માણુસોની દૃષ્ટિ તથા હાથ એકઠા થાય છે, ત્યા
એક બીજા સાથે અત કરણનું ઐક્ય સાધવાની અમૂલ્ય સધિ પ્રાપ્ત થા
છે, જાણુતા અજાણુતા પણ એક બીજાની ભાવના તથા વિચારની અદલા
બદલી થાય છે અને સર્વ લોકો વૃત્તિ, વિચાર અને આત્મિક તેજન
સામાન્ય ભૂમિપર આવી પડે છે આ રીતે સર્વના હૃદયમા પરસ્પર પ્રેમ
અને ઐક્યની લાગણી ઉપજીને વૃદ્ધિગત થાય છે અનપઢ તથા લડાય
આરબ લોકોને એક દિવસમા પાચ પાચવાર નિમાજ પઢાવીને ઇશ્વર
સન્નિધ લાવવામા હજરત મહમ્મદનું અતિ અદ્ભુત ચાતુર્ય દેખાઇ આવે છે
આ રીતેજ તેઓ વ્યવસ્થાશૂન્ય પ્રદેશમા એક સઘટિત પ્રજા બનાવી શક્યા

યજ્ઞ, તીર્થ, મેળા, દેવમદિર, ન્યાયમદિર, ભોજનગૃહ, વિવાહમગા

સંઘ, સ્મશાનયાત્રા, સભા, સમાજ, વાર્ષિકોત્સવ, આધુનિક પરિષદો, રાષ્ટ્રીય મહાસભા (નેશનલ કોંગ્રેસ) ની બેઠકો, આ સર્વ હિંદુસ્તાનના લોકોને એકત્ર મળવાના અને એકતા વધારવાના પ્રસંગો છે. પાશ્ચાત્ય દેશોમાં ખ્રિસ્તી દેવાલયો, હોટલો, પ્રદર્શનો, પ્રવાસસ્થાનો, વિશ્વવિદ્યાલયો, સાર્વજનિક વ્યાખ્યાનો, ક્લબો અને રાષ્ટ્રીય સંગીતનો આદિના યોગથી લોકોનો સંઘમેળો જામે છે. જે સંસ્થામાં પ્રેમયુક્ત સાત્વિકતા વિદ્યમાન હોય છે, તેજ સંસ્થા વિશેષે કરીને ઐક્યવર્ધક (સંઘમાં વધારો કરનારી) હોય છે; અને આથી સંસ્થામાંજ ઐક્યરૂપી વૃક્ષને પ્રેમરૂપી જળનું સિંચન થવાથી તે વૃદ્ધિંગત થાય છે. જ્યાં અંતઃકરણની એકતા થાય છે ત્યાંજ ચિરસ્થાયી ઐક્યની ઉત્પત્તિ થાય છે. માત્ર દેહનું જ સામીપ્ય (નજીક આવવું) થવાથી જાણવા જેવું કશું મળતું નથી; તેથી તો ઉલટો મત્સર વધે છે. વળી તાળીતોડીને બહારનું ઐક્ય; સાધવાની ખટપટ કરવી એ પણ વૃથા છે. જે મિત્રતામાં અંતઃકરણનું ઐક્ય થઇ શકતું નથી તેવી મૈત્રી સ્ફોટક (ફુટે એવા) પદાર્થોના મિશ્રણ કરતાં પણ વધુ ખરાબ છે. પગની ગતિવડે દેહને નજીક આણવાથી હમેશાં મન પણ નજીક આવે છે એમ સમજશો નહિ. આપણા મિત્રો અથવા આપણા અનુયાયીઓ હમેશાં આપણી પાસેજ રહે એવી આપણી ઇચ્છા રાખવા આવશ્યકતા હોતી નથી. સર્વ ચૈતન્યના ઉત્પત્તિસ્થાન અને શાશ્વત **ઝરારૂપી આત્માની જેટલે નજીક આપણે રહીશું તેટલા અધિક મિત્રો આપણને મળશે.** વીલો નામનો છોડ પાણીની નજીકજ ઉગે છે અને પાણીની તરફજ પોતાનાં મૂળીઆં ફેલાવે છે; આથી તેની આસપાસ તેજ જાતના બીજા પુષ્કળ છોડવાઓ આપોઆપ ઉગી નીકળે છે. આ પ્રમાણે આપણે પણ શાશ્વત ઝરા (આત્મા) ની નજીકજ રહેવું જોઇએ, જેથી આપણી આસપાસ પણ સમાનશીલ પુષ્કળ મનુષ્યો ઉપસ્થિત થશે. **માત્ર પ્રથમ તમારેજ સત્યના ઝરાની સન્નિધ ઉભું રહેવું જોઇએ.**

દુર્બિનના કાચોમાં સર્વની વચલો કાચ યોગ્ય સ્થાન રાખવામાં આવે કે તરતજ સઘળા કાચો બરાબર કામ કરવા લાગી જાય છે. સૂર્યની ગ્રહમાળા સુગમતાથી ચાલે છે તેનું કારણ પણ એજ છે કે જુદા જુદા ગ્રહો વચ્ચેનું અંતર પ્રમાણબદ્ધ હોય છે. કેટલાક મિત્રોની સાથેનો પરિચય

"સર્વ જ્યોતિની જ્યોતિમય જે પરમાત્મ સ્વરૂપ;
સ્થિર રહો નિત્ય તેહમાં, થઈ તમે તદ્રૂપ."

અને ત્યાં સુધી તે તેજસાગરમાંજ ડૂબકી મારો, એટલે ઉત્ત
ણ તેજસ્વિત બહાર આવશો; એટલે પછી સમસ્ત જગતને ત
તે દિવ્ય પ્રકાશથી જાણી અને ગુંથી પૂર્ણ કરી શકશો. આનું ના
સર્વશ્રેષ્ઠ સાધન છે.

નામકીર્તન કરવાં, ગાયન-નૃત્યાદિના વરઘોડા કાઢવા અથવા સ
જયજયકાર કરતા કરતા ઉત્તમ તમાશા તથા દેખાવો. દેખાડવા આ
એ પણ સાધારણ જનસમાજમાં અને વિશેષે કરીને સ્ત્રીઓ અને બ
હોય. (અર્થાત્ ભક્તિની પ્રજામાં) પ્રેમ તથા ઐક્ય ઉત્પન્ન કરવ
એક ઉત્તમ ઉપાય છે.

સ્ત્રીઓ, બાળકો અને મજુરવર્ગની કેળવણી પ્રત્યે બેદરક
રાખવી, એ તો જે શાખાઓ આપણો આધાર હોય તેજ શાખાને ક
નાખવા સમાન છે, એટલુંજ નહિ પણ શુદ્ધ પ્રજારૂપી વૃક્ષના મ
મૂળમાંજ ઘા કરવા બરાબર છે.

[illegible]

કેટલાકો કહે છે કે " દેશમાંથી લોકોને શા માટે બહાર મોકલવા જોઈએ ? " આવા માણસોની કલ્પના એવી હોવી જોઈએ કે જે પ્રમાણે ગાંડા માણસને ઇસ્પિતાલમાં તંગ વસ્ત્રથી જકડી નાખવામાં આવે છે, તે પ્રમાણે દરેક માણસને ઘરમાં જ ગોંધી રાખવા જોઈએ. જે ઓરડીમાં તમે જન્મ્યા હતા તે ઓરડીની બહાર શા માટે જાઓ છો ? ઘર મૂકીને રસ્તાપર પણ શા માટે આવો છો ? પરંતુ તમે જે પ્રમાણે ભૂલોકના બાળક છો તે જ પ્રમાણે સ્વર્ગલોકના પણ બાળક છો, બલ્કે સ્વર્ગરૂપજ છો. તમે જ્યાં જાઓ ત્યાં તમારૂં ઘર છે, એક જગ્યાએ તમારે ગોંધાઈ રહેવાની જરૂર નથી. હિંદુસ્તાન દેશ પણ આજ જાતને છોડી એકલો રહી શકતો નહિ. પૂર્વે એવો એક કાળ હતો કે જ્યારે હિંદુસ્તાન અલગ તથા ઈંગ્લન અને રિમ અલગ થઈ ગયા હતા પણ આજ વરાળ અને વિદ્યુતની મદદથી દરિયાગમન બંધન મૂકનાર થયા છે [illegible]ની માફક હવે સમુદ્ર પ્રતિબંધ તરીકે રહ્યા નથી પણ [illegible] બની ગયો છે. પ્રાચીન [illegible] તે [illegible] શહેરો [illegible] ના શહેરોને [illegible] ની કલ્પના [illegible]

જે પ્રમાણે જાપાની તરૂણોએ પાશ્ચાત્ય પ્રજાનું વ્યાવહારિક જ્ઞાન પોતાના દેશમાં આપ્યું તે પ્રમાણે તમે પરદેશમાં મેળવેલું જ્ઞાન તમારા દેશબંધુઓને અર્પણ કરી તેમને સુખી કરજો. જો પરદેશમાં તમે સ્વાશ્રયી થવા ઉપરાંત પરોપકારી થાઓ એમ ન લાગે તો તો ત્યાંજ રહેજો. એવા સંયોગોમાં અહિં આવીને હિંદમાતાની દુઃખિત છાતીપર નિરૂદ્યોગી બોજો થઇને જ રહેવાનું હોય તો તેમ કરવા કરતાં એકદમ અરબી સમુદ્રમાં ભૂસકો મારજો અને સમુદ્રનું આતિથ્ય સ્વીકારજો; પરંતુ હિંદુસ્તાનના કિનારા તરફ આવતા નહિ. સ્વદેશાભિમાન અને સ્વદેશપ્રીતિ તમને આવીજ રીતે વર્તવાની આજ્ઞા કરે છે.

જૉનબુલ (ઈંગ્લાંડ) ના પંજામાંથી છુટવાને આયર્લાંડના ગરીબ બિચારા આઈરિશ લોકો દરવર્ષે હજારોની સંખ્યામાં પોતાની જન્મભૂમિ છોડી અમેરિકા જઇને રહ્યા હતા. હિંદના આળસુ લોકોએ સારા પ્રિય અમેરિકા કિંવા ઇતર દેશોમાં જઈ વસ્તી વધારવી એવી 'રામ'ની ઈચ્છા નથી; પરંતુ વસ્તુસ્થિતિજ એવી છે કે તમારા પરદેશગમનમાં તેમનો પણ ફાયદો સમાએલો છે. જે વૃક્ષો એક ઠેકાણે ગરદી કરી મોટી સંખ્યામાં ઉગે છે, તે ઘણાં ક્ષીણ અને કમજોર હોય છે. તેમાના એકાદ વૃક્ષને પોતાની મૂળ જગ્યાએથી ઉખેડી બીજા કોઇ સારા સ્થળે રોપો તો તે એક પ્રચંડ વૃક્ષ થઇ જશે. જો તમે પરદેશગમન કરશો તો જ્યાં જશો ત્યાં ભૂપરૂપેજ વિરાજશો. અમેરિકાના ધનાઢ્ય લોકો પણ પ્રથમ યૂરોપથી ભિખારી હાલતેજ આવ્યા હતા. સર્વ રાષ્ટ્રોના ઇતિહાસપરથી સિદ્ધ થાય છે કે પરદેશગમન કરવાથી સમાજસ્થિતિ સુધરતી જાય છે.

યજ્ઞ વિષે થોડા વધારે શબ્દો કહું છું. યજ્ઞનો અર્થ કદિ કદિ વૈરાગ્ય કરવામાં આવે છે; પણ વૈરાગ્ય જેવા ઉત્તમ શબ્દનો અર્થ નિષ્ક્રિય નિરાધારપણું અથવા આત્મઘાતક દુર્બળતા કરશો નહિ અથવા તેનો અર્થ ક્લેશકારક કઠોર શારીરિક તપશ્ચર્યા પણ સમજશો નહિ. તમારો દેહ જરા પણ પ્રતિકાર કર્યા વગર માંસભક્ષક ક્રૂર પશુને ખાવા દેવો, એ કાંઈ વૈરાગ્ય નથી. પોતાની જાતને અન્યાય તથા અઘોર પાતકને આધીન કરી દેવાનો તમને શું હક છે? નરકમાં મનુષ્યને પોતાનું પવિત્ર શરીર અર્પણ કરવું એ કોઇ સ્ત્રીની ત્યાગવૃત્તિ પ્રદર્શિત કરતું નથી. ત્યાગ એટલે

પોતાનું સર્વસ્વ સત્યને (સત્યસ્વરૂપને) અર્પણ કરવું તે. આ આપણો દેહ-આ આપણી સર્વ માલમિલ્કત ઈશ્વરની છે, તમે તેના પેરે રેગીર તરીકે તમારો પહેરો નીમકહલાલીથી ભરો. ઈશ્વરની સોપેલી પવિત્ર મુડીમાં અન્યાય તથા પાપને હાથ ઘાલવા દેશો નહિ. સત્યરૂપી ચળકતા રવિની પેઠે પ્રકાશો, સત્યસ્વરૂપ બનો. આજ માત્ર વાસ્તવિક ત્યાગ છે, પણ જરા થોભો. એને આપણે 'ત્યાગ' નું નામ આપી શકીશું કે એનું નામ તે ત્યાગ કે દૈવી ઐશ્વર્યની પ્રાપ્તિ ?

વૈદિક કાળમાં પણ અહંકારમાથી ઉત્પન્ન થયેલા કર્મકાંડથી મુક્તિ મળની નહોતી. મુક્તિ તો હમ્મેશાં જ્ઞાનથી મળે છે કર્તવ્યના ભારથી દબાઈ ગયેલો અને દોડાદોડથી હાંફી ગયેલો, સ્વાર્થીપણાનો સુધરેલો ગુલામ, આધુનિક ઉપલકીયા કર્મકાંડદ્વારા પાપ અને દુઃખથી મુક્ત થઈ શકશે નહિ. **તે જગતની બધીજ સંપત્તિ મેળવશે તોપણ આપણો આત્મા તેજ સર્વનો આત્મા છે, એવું જ્ઞાન થયા વગર તેને શાંતિ મળનાર નથી.** જગતના સઘળાં પરિવર્તનો અને સંયોગોમા એક તત્ત્વ અંતર્ભૂત થયેલું જણાય છે, અને તે આત્મસાક્ષાત્કાર છે. જ્યાં સુધી માણસનું જીવન કૃત્રિમતા, બાહ્યાચાર તથા જગતના પદાર્થોની કામનામાં જ ગુંચવાઈ રહ્યુ છે, ત્યા સુધી દરેક ઉથલપાથલથી માત્ર સુકા કચરાનો નવીન થરજ બહાર આવે છે, જમીન (ખરી વસ્તુ) તો બિલકુલ દેખાતીજ નથી. **જ્યાં સુધી ' સર્વ વસ્તુ આપણે પોતેજ છીએ ' એવા દૃઢ નિશ્ચયરૂપી આરોગ્ય તમારા શરીરને પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી સુધારણાનો સર્વ ભપકો દેહાભિમાનનું દુઃખકારક ત્રણ ઢાંકવાની મલમપટ્ટીજ કહી શકાશે.** વેદાંતનો આ જ્ઞાનકાંડ જ ખરો વેદ છે અને એનેજ ષડ્દર્શનકારોએ, જન તથા બુદ્ધ ગ્રંથકારોએ ' શ્રુતિ ' નું નામ આપ્યું છે. હિંદુભાઈઓ ! આ ' શ્રુતિ 'નો જ આશ્રય લો અને સાંપ્રત કાળની આવશ્યકતા પ્રમાણે સ્મૃતિ તથા કર્મકાંડને બદલો. આ રીતે જ તમારૂં હિંદુ તરીકેનું વ્યક્તિત્વ જાળવી શકશો, એટલું જ નહિ પરંતુ તમારી ઉન્નતિ કરી તમે જગતના માર્ગદર્શક બનશો. બીજાથી અલગ રહેવાને લીધે પ્રાપ્ત થયેલી, પાજરામાંના ૃીના જેવી શિથિલતા આ રીતે દૂર થશે અને સર્વનો સમાવેશ

કરનારી મલીનતા તમારા અંગમાં આવશે. આત્મજ્ઞાન વિના કાર્ય કરનારા મનુષ્યની સ્થિતિ અંધારી કોટડીમાં કાર્ય કરનારા મનુષ્યના જેવી છે. તેનું મસ્તક ભીંત સાથે અફળાય છે, ટેબલથી ઘુંટણ વાગે છે, ખુરશીપરથી તે ઉથલાઈ પડે છે અને સર્વ પ્રકારે હેરાનહેરાન થાય છે. પ્રકાશમાં કામ કરનાર મનુષ્યને આવો ત્રાસ વેઠવો પડતો નથી. જ્ઞાનહીન મનુષ્ય ઘોડાની પૂંછડી પકડીને આખે રસ્તે લાત ખાતો ખાતો જાય છે, અને જ્ઞાનવાન મનુષ્ય ઘોડાની પીઠપર સ્વાર થઈ જઈને આનંદ તથા સુખની સાથે મોજ કરતો માર્ગ કાપે છે. આત્મજ્ઞાની મનુષ્યને કોઈ પણ કર્મ, કર્મ તરીકે લાગતું નથી. વસંતઋતુનો વાયુ ફૂલોની સુગંધને જેટલી સહેલાઈથી લઈ શકે છે, તેટલી સહેલાઈથી સ્થિતપ્રજ્ઞ મનુષ્ય એક પહાડ જેવું પ્રચંડ કાર્ય કરે છે. શંકરાચાર્ય કહે છે કે, "આત્મજ્ઞાની મનુષ્ય કાંઈજ કર્મ કરતો નથી." એનો અર્થ એમ પણ થાય છે કે "સર્વ કામો તેમને રમત ગમત રૂપજ લાગે છે. તેને માટે કોઈ પણ કામ કર્તવ્યરૂપ (બંધનરૂપ) તો હોતુંજ નથી. તે પરિસ્થિતિનો રાજા બને છે. તેના મનથી સર્વ વાત બની ચૂકેલી હોઈ તેને પોતાને માત્ર નિમિત્તરૂપ જ થવાનું હોય છે. તે કૃતકૃત્ય થયેલો હોય છે. તે ફિકર કરતો નથી. તેની બુદ્ધિ અહંતા મમતાથી લેપાતી નથી. તે સદા [illegible] અને હળવોફૂલ [illegible] હોય છે.

[illegible]

'રામ' અને પ્રભુના કહેવા પ્રમાણે આત્મપ્રીતિને, સ્વરાજ્ય પ્રાપ્ત કરાવી આપનાર બ્રહ્મજ્ઞાન સંબંધે ઉલ્લેખ કર્યા સિવાય રહી શકતો નથી. સગાંઈ, મમત્વ, આસક્તિ, કલ્પના, કામના, રાગદ્વેષ, શિષ્ટાચાર, દેહ, મન, સંબંધ, ન્યાયાન્યાય, નામરૂપ, મોહ, ઇત્યાદિ સર્વની જ્ઞાનાગ્નિમાં આહુતિ આપો, તેમનો ત્યાગ કરો, તેમને ફેંકી દો. આ સર્વનો ધ્વંસ કરો અને 'સત્યમણિ' ની જ્વલંત કુંડમાં જ્યારે એ વસ્તુઓ બળતી હોય ત્યારે તેના સુગંધનો આસ્વાદ લ્યો.

આપણું બ્રહ્માત્મત્વ સિદ્ધ કરી મોહ તથા દૌર્બલ્યનો ત્યાગ કરો. તેને જીતો, તેને વશ કરો. સ્વાત્મનિષ્ઠ મનુષ્યને આખા જગતે એક બાજુ થઇને માર્ગ આપવોજ જોઇએ. જગતના પ્રભુ તમે થાઓ, નહિ તો જગત તમારાપર પોતાનું પ્રભુત્વ જમાવી દેશે. સંશયી કિંવા અંધશ્રદ્ધાના ગુલામને મોક્ષ પ્રાપ્ત થનાર નથી. પોતાની બ્રહ્માત્મતા વિષે હૃદયમાં સંશયને જગ્યા આપવા કરતાં તેમાં બંદુકની ગોળીને જગ્યા આપવી એજ બહેતર છે. તમારૂં અંતઃકરણ તમને આ બાબતમાં દગો દેતું હોય તો તેને ખેંચી કાઢો અને ફેંકી દો! ઉલ્લસિત વૃત્તિથી સત્યસાગરમાં પ્રવેશ કરો. ગભરાઓ છો શા માટે?

કોનાથી ડરો છો? ઇશ્વરથી? એ તો તદ્દન મૂર્ખતા છે.
માણસથી ડરો છો? એ તો ભીરૂતા છે.
પંચમહાભૂતથી ડરો છો? તો તો હિમ્મત ધરો.
તમારી જાતથીજ ડરો છો? ત્યારે તો આત્માને ઓળખો.
કહો કે "હું ઇશ્વર છું," "રામ સત્ય સ્વરૂપ છે."

ૐ !! ૐ !!!

૮—મનપ્રદેશમાં ચિદ્‌ભાનુ:*

સન્નારીઓ અને સજ્જનોના સ્વરૂપમાં અવિકારી આત્મન્!

વિકારીમાં અવિકારી એ આજની રાત્રિના વ્યાખ્યાનનો વિષય છે. આજનો વિષય શરૂ કરવા પહેલાં 'રામ'ને વારંવાર પૂછવામાં આવતા એક પ્રશ્નના જવાબમાં કેટલુંક બોલવામાં આવશે. તે પ્રશ્ન એ છે કે, જે રંગનાં વસ્ત્ર તમે ધારણ કરો છો તે રંગનું રહસ્ય શું છે? બુદ્ધધર્મના સાધુઓ પીળા રંગનાં વસ્ત્રો અને વેદાંતી સાધુઓ-સ્વામીઓ અગ્નિના રંગનાં (ગેરૂઆ રંગનાં) વસ્ત્રો શા હેતુથી ધારણ કરે છે?

તમે જાણો છો કે પ્રત્યેક ધર્મમાં જ્ઞાનકાંડ, કર્મકાંડ અને પુરાણ, એવાં ત્રણ સ્વરૂપો હોય છે. કોઈ પણ ધર્મ તત્ત્વજ્ઞાન સિવાય ટકી શકે નહિ. પંડિત, વિદ્વાન કે તાર્કિક વર્ગના મનુષ્યોનું સમાધાન કરવાને અર્થે તત્ત્વજ્ઞાન જરૂરનું છે; મનોભાવ, મનોરાજ્ય અને રસવૃત્તિના પોષક જન-સમાજને માટે પુરાણકથા આવશ્યક છે; તેમજ સામાન્ય જનસમાજને માટે કર્મકાંડની જરૂરિયાત છે.

અમુક રંગનાં વસ્ત્રો ધારણ કરવાં એ વેદાંતના કર્મકાંડનો એક વિધિ છે. ક્રિશ્ચિયન લોકો ક્રૉસનું (વધસ્તંભ, સાથીઆના આકારનું) ચિન્હ ધારણ કરે છે એ પણ કર્મકાંડનોજ એક વિધિ છે. ક્રિશ્ચિયન લોકો એમના દેવળના શિખર ઉપર ક્રૉસનું ચિન્હ રાખે છે એ પણ કર્મકાંડનોજ એક વિધિ છે. રોમન કૅથોલિક લોકોમાં (ક્રિશ્ચિયન ધર્મના કેટલાક પંથો માંહેલા એ નામના એક પંથવાળા લોકોમાં) કર્મકાંડનો-ભાગ અતિશય છે. પ્રૉટેસ્ટન્ટ ધર્મમાં કર્મકાંડનો ભાગ થોડો છે, છતાં છે તો ખરોજ. તેઓને પણ તેના વગર ચાલી શકે એમ નથી. આવી રીતે આ રંગનાં

---

* સ્વામી રામતીર્થે સાન ફ્રાન્સીસ્કો શહેરમાં ગોલ્ડન ગેટ હૉલ નામના સ્થળે ઇ. સ. ૧૯૦૩ જાન્યુઆરીની ૧૨ મી તારીખે આ ભાષણ આપ્યું હતું.

વસ્ત્રો પણ વેદાંતના કર્મકાંડનોજ એક વિધિ છે. ક્રિશ્ચિયન લોકો ક્રોસનો જે અર્થ કરે છે, તેજ અર્થ ગેરૂઆં વસ્ત્રનો હિંદુઓ કરે છે. ક્રોસ એ એક ક્રાઇસ્ટના મરણનું સ્મારક ચિન્હ છે, તે ક્રાઇસ્ટ પ્રતિ એક પ્રેમનું સૂચન છે, પરંતુ બાઇબલમાં નવવિધાન* નામના વિભાગમાં સેન્ટ પૉલ કે ક્રાઇસ્ટે એમ ફરમાવેલ નથી કહ્યું કે, તમે ક્રાઇસ્ટનો ક્રોસ ધારણ કરો. તમે તમારોજ (વધસ્તંભ) ક્રોસ ધારણ કરો, એમજ ફરમાવ્યું છે ત્યા આજ શબ્દો છે અને તેનો અર્થ એજ છે કે, તમે તમારી દેહાત્મબુદ્ધિને ક્રોસ ઉપર-વધસ્તંભ ઉપર ચડાવો દેહાત્મબુદ્ધિનો નાશ કરો-તમારી વિષય વાસનાનો નાશ કરો-તમારા અહંકારનો નાશ કરો, આવી રીતે આપણી સ્વાર્થી વૃત્તિઓનો આપણા ક્ષુદ્ર અહંભાવનો, આપણી તુચ્છ અહંકારપૂર્ણ સ્વાર્થનિષ્ઠાનો નાશ કરવાના ચિન્હ તરીકે ક્રોસ હોવો જોઇએ, અને ક્રોસ ધારણ કરવાનો અર્થ પણ તેજ છે. તમારે એનો આવો અર્થ કરવો કે બીજો કાંઈ કાઢવો, એ તમારી મુનસફી ઉપર આધાર રાખે છે; પરંતુ વેદાંત તો ક્રોસનો આવોજ અર્થ કરવાની સદા ભલામણ કરે છે

વળી આજ અર્થથી જોદ્ધો પીળા રંગના વસ્ત્ર ધારણ કરે છે. પીળો રંગ એ ભારતવર્ષમાં શબનો-મૃત શરીરનો રંગ ગણાય છે. મૃત્યુ પામેલાનો વર્ણ પીળાશ ઉપર હોય છે પીળા વસ્ત્ર ધારણ કરવા, પીળી કફની પહેરવી એનો હેતુ એ છે કે તેણે પોતાની દેહાત્મબુદ્ધિને અને વિષય વાસનાઓને નિર્મૂળ કરી છે-દરેક સ્વાર્થવૃત્તિથી તેણે પોતાને અલગ કર્યો છે આવીજ રીતે જ્યારે રોમન કેથોલિક ધર્માનુયાયીઓ કોઇ નવા સાધુને ધર્માધિકારની દીક્ષા આપે છે ત્યારે તેઓ તેને શબને લઇ જવાની પેટીમાં બેસાડી તેના મસ્તક ઉપર બાઇબલના એક નામના પ્રકરણમાંથી અમુક ભાગ વાંચી જાય છે, તેમજ મરી ગયેલાના શબ ઉપર જે મંત્રો, સ્તોત્રો અને ધર્મવ્યાખ્યાનના ફકરાઓ તેના ઉપર ભણવામાં આવે છે, તેનો અર્થ એ મૃત દેહના આત્માને એવો સૂચવવામાં આવે છે કે, દેહાત્મભાવથી હવે તે મરણ પામ્યો છે, તેની બધી વાસનાઓ નાશ

* ન્યૂ ટેસ્ટમેન્ટ એટલે ઇશુખ્રિસ્તના આગમન પછીના ઉપદેશનો બાઇબલનો ભાગ, એનો અર્થ નવીન મત એવો પણ થઇ શકે છે.

પામી છે અને તેની બધી મનોવૃત્તિઓ અને ઐહિક સુખની ઇચ્છાઓ ક્ષય પામી છે. બૌદ્ધ સાધુઓને પીળાં વસ્ત્રો ધારણ કરવાં પડે છે તેનો અર્થ પણ એજ છે કે, જેણે એ વસ્ત્ર ધારણ કર્યાં તેને હવે કોઇ, પણ લોકૈષણા કે વિષયવાસના રહી નથી. જાણે કે તે આ દુનિયાની દૃષ્ટિથી મૃત થઇ ગયો છે. આવીજ રીતે વેદાન્તી સાધુઓનાં વસ્ત્રનો કાષાય રંગ પણ અગ્નિનો રંગ છે. આ રંગ (આ વખતે વ્યાખ્યાનકર્તાએ પોતાનું વસ્ત્ર હાથમાં લઇને આ રંગ બતાવ્યો.) અગ્નિના રંગને બરાબર મળતો આવતો નથી; પણ અમેરિકામાં જે આ રંગ મને મળી શક્યો છે, તે લગભગ અગ્નિના રંગને મળતો રંગ છે. અમારે ત્યાં હિંદુસ્તાનમાં એક એવો રંગ મળે છે કે જે બરાબર અગ્નિના રંગ (ગેરૂનો ભગવો રંગ) જેવોજ હોય છે. કોઇ હિંદુ સાધુ કોઇ ઠેકાણે બેઠો હોય અને એને જો તમે દૂરથી જુઓ, તો તે સાધુ છે કે અગ્નિનો ઢગ છે એ તમે બરાબર કહી શકશો નહિ. આ રંગ અગ્નિનો રંગ સૂચવવા માટે છે; અને એનો અર્થ એ થાય છે કે તે રંગનું વસ્ત્ર જેણે ધારણ કર્યું છે, તેણે પોતાના દેહને દગ્ધ કરી નાખ્યો છે. તમે જાણો છો કે હિંદુસ્તાનમાં મૃત થયેલાના દેહને દાટતા નથી પણ બાળે છે. આ કાષાય વસ્ત્રો ધારણ કરનારે પોતાના દેહનો ભોગ આપી દીધો છે, સત્યની વેદીમાં તેણે પોતાના દેહને સ્વાહા કરી નાખ્યો છે; એટલુંજ નહિ પણ તેણે પોતાની ઐહિક સર્વ ઇચ્છાઓને અને મનોરથોને ભસ્મસાત્ કરી દીધા છે. તેણે પોતાની સર્વ આશા અને તૃષ્ણાઓને અગ્નિમાં હોમી દીધી છે.

ક્રાસનો રંગ રાતો હોય છે. ક્રાઇસ્ટના લોહીનો રંગ પણ રાતો છે. ક્રિશ્ચિયન લોકો પણ કંઇક રાતુંજ ઇચ્છે છે. આ વસ્ત્ર પણ રાતુંજ છે, અને લોહી અને અગ્નિ એમ બે અર્થવાળું છે. વળી આનો બીજો પણ અર્થ થાય છે. પીળો રંગ એ શરીરના મરણનો વિચાર, વિષયવાસનાના ક્ષયનો વિચાર દર્શાવે છે; પરંતુ જેઓ પીળી કફની પહેરતા નથી અને અગ્નિરંગની કફનીઓ ધારણ કરે છે એનો અર્થ એ છે કે એક દૃષ્ટિએ એનું મરણ અને બીજી દૃષ્ટિએ એનું જીવન છે. તમે જાણો છો કે અગ્નિની અંદર જીવનતત્ત્વ રહેલું છે; અગ્નિ એ જીવનપોષક છે; અગ્નિમાં શક્તિ રહેલી છે અને અગ્નિની અંદર બળ રહેલું છે. રાતી કફની એ સૂચવે છે કે સર્વ ક્ષુલ્લક ઇચ્છાઓ—સર્વ ક્ષુદ્ર વિષયવૃત્તિઓ અને સર્વ

ક્ષુદ્ર મનોરથો એ સર્વને અગ્નિમાં હોમી દીધા છે, એ સર્વનો નાશ કર્યો છે, પરંતુ બીજી બાજુએ તે હોમમાંથી અગ્નિ, જીવન, ચૈતન્ય અને શક્તિ આવિર્ભાવ પામ્યા છે એ પ્રમાણે કોપાય વસ્ત્રનો એક અર્થ વાસંક્તિનું મરણ અને બીજો અર્થ ચૈતન્યનું જીવન છે વેદાન્ત જગ સંસ્કારનો નહિ પણ, જ્વલંત અગ્નિસંસ્કારનો—ચૈતન્યસંસ્કારનો ઉપદેશ કરે છે આપણે બાઈબલમાં પણ વાંચીએ છીએ કે, "જેને (અનંત) જીવન જોઈતું હોય, તેણે પોતાના (પાર્થિવ) જીવનનો ભોગ આપવો જોઈએ", તમે તમારા ક્ષુદ્ર જીવનનો નાશ કરો (અહંકારનો નાશ કરો) એટલે તમારા વાસ્તવિક જીવનનું સંરક્ષણ થશે, એ નિયમજ છે હે જગતના માનવીઓ, તમે કેવો મહાન અનર્થ કરો છો! તમે તમારા ઐહિક જીવનને કારાગૃહના—નરકવાસના જીવનસમાન બનાવો છો. "રામ"ને તમે ક્ષમા કરશો પણ સત્ય તો એજ છે તમારાં હૃદય ઉપર શોક અને ચિંતાનો હિમાલય પર્વત પડેલો છે હિમાલય પર્વત તો ભવ્યતા અને સર્વ શક્તિનુ સ્થાન છે, માટે તેને બદલે શોક અને ચિંતાનો પ્રચંડ પર્વત એમજ આપણે કહીશુ લોકો પોતાને સદા ઘડીઆળના લોલકની માફક હર્ષ અને શોકની વચમા ઝુલાવ્યા કરે છે તેઓ બીજાની કૃપા અને ઇતરાજી અથવા આશા અને ભયથી સર્વદા પોતાને ઘેરાયલા રાખે છે; અને તેમ કરીને પોતેજ પોતાની કલ્પનાથી પોતાની આસપાસ કારાગૃહ અને નરકવાસ બનાવે છે

વેદાંત તમને હીનતા અને અજ્ઞાનતામાથી મુકત થવાની આજ્ઞા કરે છે તે ફરમાવે છે કે અજ્ઞાનતા, નીચ અહંત્વ, ક્ષુદ્ર સ્વાર્થભાવ, કે જે તમારા દિવ્ય જીવનને નરકસમાન બનાવે છે, તે સર્વને જ્ઞાનાગ્નિમાં બાળી ભસ્મ કરો હિંદુઓ જ્ઞાનને અગ્નિનું રૂપક આપે છે એ જ્ઞાનાગ્નિમા આ સર્વે મળ વિક્ષેપાદિ ઇન્ધનોને હોમી-બાળી ભસ્મ કરી નાખો; અને દિવ્ય, જ્વલંત અગ્નિસમાન થઇને નીકળો, એ કાષાય રંગનાં વસ્ત્રોનો અર્થ છે

કોઇ એક બીજા ગૃહસ્થે એક વખતે મને પૂછયું હતું કે, "આ રંગના વસ્ત્રો ધારણ કરી તમે અમારું ધ્યાન કેમ ખેંચો છો?" 'રામે' જવાબ આપ્યો કે, "વારુ, ભાઇ મહેરબાની કરીને એટલું મને કહેશો કે

આ રંગનાં વસ્ત્રોમાં કંઈ દોષ છે?" તે ગૃહસ્થે કહ્યું કે, "મને તો એમાં કંઈ દોષ જણાતો નથી, પણ બીજાઓને તે ઠીક લાગતો નથી." બીજાના અજ્ઞાનના કંઈ તમે જવાબદાર નથી. તમે તમારી જ બુદ્ધિ અને મગજને તપાસો.

સર્વથી મહાન સાધુ, ભારત વર્ષનો સર્વથી મહાન યોગી, સમસ્ત જગતનો મહાન સન્યાસી તે આ ઉદય પામતો સૂર્ય છે. આ ઉદય પામતો સૂર્ય વેદાન્તી સ્વામીના કાષાય વસ્ત્ર ધારણ કરી પ્રત્યેક દિવસ તમારી પાસે આવે છે આ સૂર્ય તે આજની રાત્રિના વિષયમાં વિકારી શરીરોમાં રહેલા અવિકારી આત્માના દૃષ્ટાંત તરીકે તમને કામ લાગશે સત્ય સ્વરૂપ આત્મા કે જે અવિકારી, નિત્ય તેમજ સદા સર્વદા એકજ રૂપે છે. તેની સત્તા તરીકે આ સૂર્યને આપણે લઈશું મનુષ્યને જે વિકારી શરીરો છે, [illegible] વિકારી અને અનિત્ય પદાર્થોને લઈશું [illegible] પર થઈ રહેલા છે, તેમ તેની અંદર અવિ[illegible] [illegible] પણ રહેલો છે [illegible] એ અવિકારી [illegible] શરીરો [illegible] છે. [illegible]

દૃષ્ટિથી નિહાળવાની જ જરૂર છે. સૂર્યને પોતાના અસ્તિત્વને અર્થે બીજા કોઇ પણ પ્રમાણની જરૂર પડતી નથી કોઇપણ વસ્તુને જોવા માટે બહાર(?)ના પ્રકાશની જરૂર પડે છે, પણ પ્રકાશને પોતાને જોવા માટે બીજા પ્રકાશની જરૂર પડતી નથી આવી રીતે આજે રાત્રે કોઇપણ જાતની દલીલ કે તર્ક સિવાય તમારી આગળ માત્ર સિદ્ધાંત જ ચર્ચવામા આવશે.

હવે આપણે દૃષ્ટાંત લઈએ. કૃપા કરીને તમે બધાં 'રામ' ની સાથે સાથે હિમાલયના બરફના મેદાનમાં ચાલો. ત્યાં મણિમય પર્વતો, સફેદ બરફના મેદાનો, શ્વેત ક્ષીરસાગર જેવા પર્વતોના આંખને આંજી નાખે એવા ઝગઝગાટ કરતા દેખાવો આપણી નજરે પડે છે ત્યાં જુઓ ત્યાં તેજ, તેજ અને તેજ; દૃષ્ટિસૌન્દર્ય, ભવ્યતા અને પ્રભુતા પ્રસરી રહેલો જણાય છે ત્યાં આપણને વનસ્પતિ, પ્રાણી કે મનુષ્ય, એમાંથી કશુએ જણાતું નથી. એ બરફના મેદાનોમા પ્રાણનું ઉત્પત્તિસ્થાન માત્ર સૂર્ય જ દીઠામા આવે છે તે દિવ્ય ભૂમિમા સૂર્યનું દેદીપ્યમાન બિંબ પ્રકાશી રહ્યું છે અહા! કેવો ભવ્ય દેખાવ! કેટલીક વખત વાદળામાથી છણાઇને નીકળતો સૂર્યનો પ્રકાશ સમસ્ત સ્વર્ગીય દૃશ્યોપર અગ્નિની જ્વાલા જેવો રમણીય પ્રકાશ પાડે છે; અને એને લીધે એ ગિરિશિખરો સંન્યાસીના વસ્ત્ર જેવો કાષાય રંગ ધારણ કરે છે એ આખા રમ્ય પ્રદેશને ભારતવર્ષના સાધુના રૂપમા ફેરવી નાખે છે થોડા વખત પછી ત્યાં બધું પીળુ બની જાય છે અને ગમ્ય પ્રદેશમા માત્ર એકજ વસ્તુ સૂર્ય જ જણાય છે

હવે તમે જોઈ શકશો કે આ બરફના મેદાનોની અંદરજ ભારતવર્ષની મોટામા મોટી નદીઓ ઉત્પત્તિ પામીને રહેલી છે ભારતવર્ષની બધી મોટી નદીઓ આ બરફના મેદાનોમાંથીજ નીકળીને વહેવા માડે છે આ હિમપ્રદેશ જ એ નદીઓના મૂળ અથવા કારણશરીર સમો છે હવે તમે એ નદીઓના જીવનની બીજી અવસ્થા બીજા શરીર તરફ પ્રયાણ કરીને ચલો.

અહીં આપણને તદ્દન જુદી જ જાતના દેખાવો તથા પ્રદેશો નજરે પડે છે હજી આપણે બરફથી ઢંકાયેલા શિખરો ઉપર ગયા નથી, પરંતુ બહુ નીચાણના પ્રદેશમા છીએ. અહી યોજનના યોજન સુધી ચારે તરફ

આપેલું પ્રતિબિંબ ઝીલવાનું અહીં જ મળી રહે છે. ઝુકાવની ઝુંબેશ મૃદુ અને મધુર પ્રકાશથી આખે ભરેલું સ્વર્ગ આકાશનું સાક્ષાત્કાર અને સુમંગલમય થઈ ગયું છે. આપણું સર્વ પ્રિયમિત્રોના પ્રિયતમોમાંનું સ્વજન કરતાં મનોહર, મધુર, સુકોમળ જેવાં એવાં જીવન ઋષિમુનિઓનાં દર્શન આપેલાં હોય છે. પોતાના મધુર કંઠથી ગીત ગાઈને ફૂલનાર દે દિવ્ય સંદેશો, અહીં આપણા કાનમાં આવે છે. વળી સ્વચ્છ, સુંદર અને મનોહર પુષ્પોની પથારી જેવી નિર્મળ હૃદયંગમ એવાં નદી અને ખીણો દેવલોક આપણે આપણો જોઈએ છીએ. આ એવા નદી અને ઝરણાંઓ પર્વતોમાં સંતાઈને નાચી ઊઠી પોતાની સૌંદર્યલક્ષ્મીથી રમણ કરતાં અને નૃત્ય કરતાં જાય છે. અહા! કેવાં સુંદર ઝરણાંઓ અને સુંદર નદી-નાળાં અહીં દૃષ્ટિગોચર થાય છે. આ ઝરણાંઓમાં તટે આવેલાં વૃક્ષોનાં પ્રતિબિંબ પડતાં છે. વળી બાજુ મનોહર અને મનોરંજક રીતે, ઘડીકમાં આ રસ્તે એક ઘડીમાં તે રસ્તે, તો ઘડી પાછી ખીણો મારફત ને ચઢાવ આવતાં, વળી પાછાં ત્યાંથી આગળ ઊંચા ઝરણાં વહેતાં વહેતાં, તેમજ આપણે રસ્તે સ્નાન કરતાં, એ સ્ત્રીઓ, નદીઓ અને ઝરણાં નિરંતર વહ્યાં કરે છે.

આ બધું શું છે? નદીના જીવનની આ ત્રીજી અવસ્થા છે. અહીં નદી પોતાના સૂક્ષ્મ શરીરની અવસ્થામાં છે. ઝરણાં અને ખીણોનો આકાર તે નદીનું સૂક્ષ્મ શરીર છે. સૂર્યના તાપ અને પ્રકાશને લઈ પેલું નદીનું કારણશરીરમાંથી નદીનું આ બીજું સૂક્ષ્મ શરીર નીકળ્યું છે. નદીના કારણશરીરરૂપ સૂર્યના પ્રકાશ અને ઉષ્મા પડતાં, અને તે ઉષ્માના પ્રભાવથી નદીના કારણશરીરમાંથી આવું બીજું સૂક્ષ્મ શરીર ઉદ્ભવ પામ્યું. આ સૂક્ષ્મ શરીર બહુ જ ચંચળ, તરંગિત, ને [illegible] સ્થિતિમાં છે. તે હવે અતિ ચંચળ ઉછાળા મારી એક નવા જ પ્રદેશમાં પ્રવેશી ત્યાં લય પામી જાય છે.

હવે કંઈક જરા સપાટ પ્રદેશમાં આપણે ઊતરીએ. ત્યાં આપણને કંઈ જુદીજ જાતનાં દૃશ્યો નજરે પડે છે. જે નદી અને પાણીનાં ઝરણાં બરફથી ઢંકાયેલાં મેદાનોમાં કારણશરીરરૂપે હતાં, અને જે નદી અને ઝરણાંએ આગળ જતાં પર્વતના નીચાણમાં સૂક્ષ્મ શરીરરૂપે ચંચળ સ્વરૂપ

અને તરંગી આકૃતિ ધારણ કરી હતી, તેજ પાણીનાં ઝરણાં અને ત્રૈવ નદીએ અહીં, મેદાનમાં મલીન પ્રવાહનું સ્વરૂપ ધારણ કર્યું છે, ગંગા જબરજસ્ત પ્રવાહ, રૂપે અહીં વહી રહી છે, પણ તેમાં ફેરફાર થઈ ગયો છે. તેણે નવાંજ વસ્ત્ર અને નવીનજ રંગ ધારણ છે, હવે તેની અંદર તેનું મૂળ પારદર્શકપણું કે નિર્મળતા રહ્યાં નથી તે હવે મલીન થઇ છે અને ડખોળાઇ ગઇ છે. તેનો રંગ પણ વિકૃત થઇ ગયો છે. તેનું પાણી ડોહળાઈ જવા સાથે તેના વેગમાં પણ ફેરફાર થઇ ગયો છે. તેનો પ્રવાહ એવો ધીમો પડી ગયો છે, પણ તેની સાથે તેનો ઉપયોગ વધી પડયો છે. આ મહાન નદીમા હોડીઓ અને નૌકાઓ ચાલી રહી છે ને તે દ્વારા માલ લાવવા મોકલવામા આવે છે આ ગંભીર નદીમા હજારો લોકો સ્નાન કરવાને પ્રવેશ કરે છે. વળી ચારે તરફના પ્રદેશને પાણી પાઇ રસાળ કરવા માટે તેનો ઠાસ અને નહેરોમાં પણ ઉપયોગ થઇ રહ્યો છે

નદીના જીવનની આ ત્રીજી અવસ્થા એજ તેનું સ્થૂળ શરીર છે. ત્યારે નદીના વાસ્તવિક જીવન (આત્મા) ની શુ સ્થિતિ છે? પ્રવાહની વાસ્તવિક શક્તિનુ શુ રહસ્ય છે? નદીના જીવનની વાસ્તવિક પ્રેરક શક્તિ તો સૂર્યજ છે આ દ્રષ્ટાંત આપણે મનુષ્યજીવનને લાગુ પાડી શકીએ છીએ

તમારા એ ત્રણે શરીરોનો એક બીજા સાથે તેમજ તમારા સત્ય સ્વરૂપ (આત્મા) સાથે શો સબધ છે?

તમારી સુષુપ્તિ અવસ્થા કે જેની અદર તમને બીજી કોઇ પણ વસ્તુનું ભાન રહેતુ નથી, જ્યા તમને દુનિયા વિષે કઇ પણ જ્ઞાન રહેતું નથી, જ્યા પિતા એ પિતા નથી, માતા એ માતા નથી, ગૃહ એ ગૃહ નથી અને જ્યા કેવળ અજ્ઞાન સિવાય બીજું કશુજ હોતુ નથી; જ્યા કેવળ અપચીકૃત ભૂતની અવસ્થા, મૃત્યુની એક સ્થિતિ, વિનાશનુ એક સ્વરૂપ, દુકાળમા રાન્યતાની સ્થિતિજ માત્ર હોય છે આવી અવસ્થામા તમારૂ વાસ્તવિક સ્વરૂપ કેવુ હોય છે?

આ સબધમા વેદાત કહે છે કે આ અવસ્થા કે જેના વિષે તમે કદિ વિચારજ કર્યો નથી, તે અવસ્થામા મનુષ્યનું કારણશરીર તેના વાસ્તવિક સ્વરૂપ આત્મામા અજ્ઞાનપણે સૂતેલુ હોય છે. ઉપરના દૃષ્ટાંતમાં

બરફની મેદાનમાં પ્રકાશતા સૂર્યની સાથે આત્માને અને નદીના જીવનની સાથે મનુષ્યના જીવનને સરખાવવામાં આવ્યાં છે.

હવે તમે બરાબર લક્ષ આપીને સાંભળજો; કારણ કે અહીં તમને એક મહત્વ સૂક્ષ્મ વાત કહેવાની છે. એ વાત પહેલાં એક વખત તમને કહેવામાં આવી છે; તથાપિ આ પ્રસંગ એવો છે કે તેને પાછી ફરીથી કહેવાની જરૂર છે.

તમારી નિદ્રાની અવસ્થામાં આ દૃશ્ય પ્રપંચ રહેતો નથી. માત્ર ત્યાં સ્વપ્નલોક રહે છે. તમે તે અવસ્થામાંથી જાગો છો ત્યારે કહો છો કે, "એ ગાઢ નિદ્રા અવસ્થામાં મને કશાયનું ભાન નહોતું, ત્યાં કાંઇ પણ નહોતું." વેદાન્ત કહે છે કે ખરેખર એ સુષુપ્તિ અવસ્થામાં કંઇપણ રહેતું નથી; પણ તમે જાણો છો કે પશ્ચિમના હેગલ નામના વિજ્ઞાનશાસ્ત્રીએ સ્પષ્ટ બતાવી આપ્યું છે કે, આ "કંઇ નહિ" એજ તમારૂં કારણશરીર છે. આ "કંઇ નહિ" કે જેને તમે જાગૃત અવસ્થામાં અજ્ઞાન અવસ્થા તરીકે વર્ણવો છો, તેજ તમારૂં કારણશરીર છે, એ તમારા જીવનનાં બરફનાં મેદાનો છે. બાઈબલમાં કહ્યું છે કે ઇશ્વરે "કંઇ નહિ" માંથી (શૂન્યમાંથી) આ સૃષ્ટિ ઉત્પન્ન કરી. તેવી રીતે હિંદુઓએ પણ સિદ્ધ કરી આપ્યું છે કે આ કારણશરીર કે જેને તમે જાગૃત અવસ્થામાં "કંઇ નહિ" અથવા તો અભાન–અજ્ઞાન કહો છો; તેજ કારણશરીરમાંથી અથવા અજ્ઞાનમાંથી આ સમસ્ત સૃષ્ટિ આવિર્ભાવ પામે છે. કદિ તત્વ-વાદીઓ આગળ આવી આનું ખંડન કરે કે "કંઈ નહિ" માંથી અર્થાત્ શૂન્યમાંથી દૃશ્ય પ્રપંચ કદિ ઉત્પન્ન થઇ શકેજ નહિ; તો વેદાંત સિદ્ધ કરી આપે છે કે, જેને તમે "કંઇ નહિ" એમ કરીને કહો છો તે વાસ્તવિક રીતે કંઇ નહિ એવું નથી. જ્યારે તમે સુષુપ્તિમાંથી જાગો છો ત્યારે જ તમે તેને "કંઇ નહિ" એમ કહો છો. તમે જાણો છો કે "કંઇ નહિ" પદનો આપણે ગમે તે અર્થ કરી શકીએ; પણ વાસ્તવિક રીતે એ "કંઇ નહિ" એજ તમારૂં કારણશરીર છે. એ બરફનાં મેદાન સમાન છે. પણ તમે હવે પ્રશ્ન કરશો કે વારૂ, સુષુપ્તિઅવસ્થા કે જેને તમે કંઈ નહિ–અજ્ઞાન કહો છો અને જેમાંથી આ સર્વ દૃશ્ય પ્રપંચ ઉત્પન્ન થાય છે, અને જે બાહ્ય દૃષ્ટિથી અમને 'કંઇ નહિ' એવું લાગે છે, તે

કારણ શરીર છે, એ વાત તો બરાબર અમે સમજ્યા; પરંતુ તમે કહો છો કે, તમારા અંતરમાં રહેલા સૂર્યને જાણો, તમે તમારા હૃદયમંદિરમાં રહેલા ઈશ્વરને ઓળખો, તમે તમારો અંતરાત્મા કે જે તમારા કારણ શરીરરૂપી હિમપ્રદેશમાંથી આ અખિલ વિશ્વને સેજે છે તેનો સાક્ષાત્કાર કરો; તે સૂર્ય, ઈશ્વર અથવા આત્માનો શો અર્થ છે? મહેરબાની કરી હવે એ પ્રશ્નનો ખુલાસો સાંભળો.

જ્યારે તમે ગાઢ નિદ્રામાંથી જાગો છો ત્યારે તમે કહો છો કે, "હું સુખેથી ઉંઘી ગયો હતો, મને કશુંએ ભાન નહોતું." આના સંબંધમાં વેદાન્ત કહે છે કે, આ તમારા શબ્દો એક કાગળ ઉપર મહેરબાની કરીને લખો. આવું કહેવું એ, જેમ કોઇ માણસ એમ કહે કે, "ઘોર રાત્રિએ અમુક સ્થળે કોઇપણ નહોતું" એના જેવું છે. એક માણસે ન્યાયાધીશની કોર્ટમાં આવી જણાવ્યું કે મધ્ય રાત્રિએ અમુક જગ્યાએ કોઇએ નહોતું. ન્યાયાધીશે આ એના શબ્દો કાગળ ઉપર લખવાને તેને ફરમાવ્યું. પેલા માણસે તે પ્રમાણે લખ્યા પછી ન્યાયાધીશે પૂછ્યું કે "તમે જે કહો છો તે ખરી હકીકત છે?" તેણે "હા" પાડી. ન્યાયાધીશે પાછું પૂછ્યું કે, "આ જે તમે કહો છો તે કોઇની કહેલી વાત કહો છો કે તે તમે જાતે જોએલી કહો છો? શું તમે તે નજરોનજર જોઇ છે?" તેણે કહ્યું "હા, તે મે નજરોનજર જોઇ છે" ન્યાયાધીશે કહ્યું "બહુ સારૂં જો તમે આ હકીકત નજરોનજર જોએલી છે અને ત્યાં કોઇએ હાજર નહોતું, એ તમારૂં કહેવું સત્ય છે તો પછી તેને પ્રત્યક્ષ જાણનાર તરીકે નિદાન તમે પોતે તો ત્યાં હાજર હતાજ, અને જો હાજર હતા તો પછી "ત્યાં કોઇએ નહોતું" એવું જે તમારૂં કહેવું છે તે કોઇ રીતે વાસ્તવિક નથી. કારણ કે કોઈ મનુષ્ય તરીકે તમે તો ત્યાં હાજર હતાજ—અર્થાત્ ત્યાં નિદાન એક માણસ તો હાજર હતોજ!"

આ પ્રમાણે જ્યારે તમે કહો છો કે, "હું એવો તો ઘસઘસાટ ઉંઘી ગયો હતો કે મને કશુએ ભાન નહોતું ત્યાં કઇ પણ નહોતું," એમ કહેવામાં વિરોધાભાસ આવે છે પણ મહેરબાન, હું કહું છું કે ત્યાં કઇ પણ નહોતું એમ નથી, પણ ત્યાં કઇક હતુંજ, અને તે કઇક તે તમે પોતેજ ત્યાં વિદ્યમાન હતા જો તમે જાતે ઉંઘી ગએલા હોત, જો તમારૂં

સત્ય સ્વરૂપ, સત્ય આત્મા, સત્ય ભાનુ, સત્ય બિંબ, સત્ય ઇશ્વર એ જો ત્યાં નજ હોત; તો "મને કશુંએ ભાન નહોતું" એવું અભાન અને ત્યાં "કશુંએ નહોતું" એ અજ્ઞાનનું ભાન તમને કેવી રીતે થાત ! છતાં એ અભાન અને અજ્ઞાનનું ભાન તમને રહ્યું છે તેથી તમે ત્યાં હાજર હતાજ." આવી રીતે તમારી સુષુપ્તિ અવસ્થામાં-ગાઢ નિદ્રા અવસ્થામાં એક તો 'કંઇ નહિ' અથવા અજ્ઞાન-કે જે બરફનાં મેદાન સમાન છે, તેમજ જેને કારણશરીર કહેવામાં આવે છે તે હતું; અને બીજો સ્વયંપ્રકાશ, જ્યોતિ રૂપ, ઈશ્વર સ્વરૂપ અને સાક્ષીભૂત આત્મા-કે જે એ અભાનનું ભાન કરે છે અને એ અવસ્થાની વિજનતામાં પણ પ્રકાશી રહ્યો છે-તે હતો; એમ બે વસ્તુઓ ત્યાં પણ રહે છેજ. આ દષ્ટાંતમાં સત્ય સ્વરૂપ આત્મા એ નિત્ય અને અવિકારી સૂર્યરૂપ છે; અને સુષુપ્તિ અવસ્થાનું 'કંઇ નહિ' રૂપ અજ્ઞાન કે જે તમારૂં કારણ શરીર છે, તે અનિત્ય અને વિકારી બરફનાં મેદાનોરૂપ છે. એ કારણ શરીર વિકારી અને ક્ષણિક કેમ છે? કારણ કે જ્યારે તમે સુષુપ્તિ અવસ્થામાંથી સ્વપ્ન અવસ્થામાં આવો છો, ત્યારે તે 'કંઇ નહિ' એવું જે અજ્ઞાન તે ત્યાં રહેતું નથી. એ અજ્ઞાન ત્યાં નાશ પામે છે. હવે સુષુપ્તિ અવસ્થાનું કંઇ નહિ એવું જે અજ્ઞાન એજ જો તમારૂં સત્ય સ્વરૂપ હોત તો તે જેવું ને તેવું-વિકાર પામ્યા વગરજ સદા રહ્યું હોત; પરંતુ તે તેમ ન રહેતાં વિકાર પામે છે. તે સુષુપ્તિ અવસ્થા સ્વપ્નાવસ્થામાં રૂપાન્તર પામે છે, એજ બતાવી આપે છે કે એ નિત્ય નથી. એ કારણ શરીર સત્ય નથી. તમે આશ્ચર્યચકિત થઇ પૂછશો કે આ સર્વ દૃશ્ય પ્રપંચ તે અવ્યક્ત અજ્ઞાનમાંથી-શૂન્યમાંથી કેવી રીતે આવિર્ભાવ પામે? પણ તે શૂન્યમાંથીજ આવિર્ભાવ પામે છે એ સત્ય છે. તમે યૂરોપ અને અમેરિકામાં વસ્તુસ્થિતિને જુદીજ રીતે વિચારો છો. તમે વસ્તુના સ્વરૂપનું ઉંધીજ રીતે આલોચન કરો છો. 'રામ'ના વચન ઉપર શ્રદ્ધા રાખો. આજ સત્ય છે અને એજ સત્ય અખિલ વિશ્વમાં એક વખત વહેલું મોડું પ્રત્યેક મનુષ્યના હૃદયમાં વ્યક્ત થશે.

અહીંના લોકોમાં વસ્તુને અવળી રીતે ગ્રહણ કરવાની રૂઢી પડી ગઇ છે. તેઓ નીચે વહેતી સરિતાને ઉંચે પર્વત ઉપર ચઢાવવા માગે છે.

આ કેવલ અલ્પકાલિક પ્રથા છે," અને આથી "સુષુપ્તિ અવસ્થાના અજ્ઞાનમાંથી-શૂન્યમાંથી સ્વપ્ન અવસ્થા ઉદ્‌ભવે છે" એવું જે કહ્યું છે એવું કે તેમાં તમને અચંબો લાગે એવું જણાતું નથી, પરંતુ તમે તેને પૂરતું મનન અને સમર્થન કરી તપાસો કે, શું કુદરતની આવી ઘટના નથી? આ આપણી પૃથ્વી ક્યાંથી ઉત્પન્ન થઈ? આ તમારી પૃથ્વી એક નેબ્યુલર અવસ્થામાં (અમિતિમંત અગ્નિસ્વરૂપોની અવસ્થામાં) હતી. એ આવું કોઈ પ્રથમ એક વખત તમારી સુષુપ્તિ અવસ્થાની માફક અજ્ઞાત નિરાકાર સ્થિતિમાં હતું. તે એક વખત અર્ધમીલિત અવસ્થામાં હતું, એવી અર્ધમીલિત જેવી સ્થિતિમાંથી સર્વ જાતની વનસ્પતિ તેમજ પશુ પક્ષી અને મનુષ્ય પ્રાણી ઉત્પન્ન થયાં છે. વેદાન્ત કહે છે કે જે સત્ય તમે આ ભૌતિક જગતમાં જુઓ છો, આધ્યાત્મિક દૃષ્ટિથી પણ તેજ સત્ય છે. જો આ સ્થૂલ જગત શૂન્યમાંથી-અજ્ઞાનમાંથી ઉદ્‌ભવ્યું છે, તો તમારી સ્વપ્ન અને જાગૃત અવસ્થા પણ તમારી સુષુપ્તિ અવસ્થાના અજ્ઞાનમાંથી ઉદ્‌ભવે છે. તમારી જાગૃત અને સ્વપ્ન અવસ્થા પણ એમાંથી ઉત્પન્ન થઈ. આજ રીતે દરેક મનુષ્યના જીવનવ્યવહારમાં પણ દીઠામાં આવે છે. મનુષ્યની બાલ્યાવસ્થા એ સુષુપ્તિ અવસ્થા જેવી છે એ સુષુપ્તિ જેવી બાલ્ય-અવસ્થામાંથી મનુષ્ય ક્રમેક્રમે, તમે જેને સ્વપ્ન અવસ્થાઓ કહો છો તે અવસ્થાઓમાં આવે છે વાસ્તવિક રીતે તો એ ક સ્વપ્ન અને નીંદ એ માત્ર લૌકિક શબ્દો જ છે.

જે નિયમ જગતમાં [illegible] દીઠામાં આવે છે તેવાજ નિયમ પ્રત્યેક મનુષ્યના [illegible] જીવનમાં પણ દીઠામાં આવે છે, અર્થાત્ ' [illegible] છે આ [illegible] સ્વપ્ન અવસ્થા ઉદ્‌ભવે છે જાગૃત [illegible] [illegible] [illegible] [illegible] નથી. પણ [illegible] [illegible] [illegible] [illegible]

હવે આપણે સ્વપ્નાવસ્થામાં આવીએ. જાણે કે બરફનાં મેદાનોમાં થઇને આપણે પર્વતોમાં નીચા આવતા હોઇએ તેવી રીતે સુષુપ્તિ અવસ્થામાંથી સ્વપ્નાવસ્થામાં આપણે આવીએ છીએ. ધારો કે હજી તમે પર્વત ઉપર સ્વપ્નમાં છો. અહીં સૂક્ષ્મ શરીરમાં રહેલો સ્વપ્નાવસ્થાને અનુભવતો તૈજસ આત્મા (આ સ્વપ્નાવસ્થામાં રહેલા આત્માનું નામ છે) કલ્પનાના તથા મનોરાજ્યના પ્રદેશમાં સ્થિત થએલો પોતાને જુએ છે. તે ઘડીવાર પક્ષી બને છે, તો ઘડીવાર રાજા બને છે. વળી બીજીજ પળે તે ભિખારી બને છે. પાછો વળી તે હિમાલય પર્વત ઉપર માર્ગ ભૂલી ગયો હોય એવો કોઇ રખડતો મનુષ્ય બને છે, અને પછી તે લંડન જેવા મોટા શહેરનો શહેરી બને છે

તે ઘડીએક આ શહેરમાં તો ઘડીએક પેલા શહેરમાં જાય છે. કેવી અસ્થિરતા! કેવી અનિત્યતા! જેવી રીતે પર્વતમાં ઝરણાંઓ અનિત્ય, વિકારી, અસ્થિર અને ક્ષણિક હોઇ ક્ષણે ક્ષણે નવીનતા ધારણ કરે છે; તેવીજ સ્થિતિ તે સ્વપ્નાવસ્થામાં રહેલા તમારા તૈજસ આત્માની છે. જેવી રીતે પર્વત ઉપર વહેતા ઝરણાં [illegible] હોય છે, તેવીજ રીતે તમે સ્વપ્નાવસ્થામાં ઘડીકમાં આ [illegible] ઘડીકમાં પેલી એમ દરેક વસ્તુ પ્રાપ્ત કરવા ઉતાવળીઆ હો છો. [illegible] નાની નાની નદીઓ પર્વતોમાં જેવી રીતે સ્વચ્છંદે [illegible] છે, તેવી રીતે તમારા તૈજસ આત્મા [illegible] સ્વપ્નાવસ્થામાં [illegible] ફરે છે. [illegible] તમે મનોરાજ્યના પ્રદેશમાં [illegible] વન અને [illegible] [illegible] આ કેવી આશ્ચર્ય [illegible] સ્વપ્નાવસ્થા તે પર્વત ઉપર [illegible] સ્વપ્નાવસ્થાને અનુભવ [illegible] ઉપરથી તમે નીચે [illegible] કેવી રીતે તમે નીચે [illegible] થાય છે [illegible] રીતે [illegible] છે. તેવી રીતે તમે [illegible] સ્થામાં તમારો વ્યવહાર ચલાવો છો [illegible] રીતે તમારી [illegible]

અવસ્થા એ કારણશરીર; તમારી સ્વપ્નાવસ્થા એ સૂક્ષ્મ શરીર; તમારી જાગૃત અવસ્થા એ સ્થળ શરીર છે, એ તમે બરાબર સમજ્યા હશો. તમે જાણો છો કે, સરિતા જ્યારે પર્વત ઉપરથી નીચે ઉતર સપાટ પ્રદેશ ઉપર વહેવા લાગે છે, ત્યારે પણ તેનું સૂક્ષ્મ શરીર તે તેનું તેજ રહે છે, પણ તે માત્ર મલીન વસ્ત્ર ધારણ કરે છે. તમે પર્વ તમાંથી વહેતું પાણી જોએલું છે, તે નિર્મળ અને સ્વચ્છ પાણી કાદવ મેટોડી અને સપાટ પ્રદેશમાં ગુપ્તપણે રહેલું છે. પર્વતમાં જોએલી નદીનં સૂક્ષ્મ શરીરમાં કોઇ પણ રીતે ફેરફાર થયો નથી, પણ માત્ર તેણે નવ સ્વરૂપ ધારણ કર્યું છે. આવી રીતે સૂક્ષ્મ શરીરવાળી નદી જ્યારે વહેતી વહેતી સપાટ પ્રદેશમાં આવે છે અને કાદવવાળું સ્વરૂપ ધારણ કરે, ત્યારે નદીએ સ્થૂળ શરીર ધારણ કર્યું છે, એમ આપણે કહીએ છીએ. જ્યારે કારણશરીરમાંથી સૂક્ષ્મ શરીર ઉદ્ભવ્યું ત્યારે આવો પ્રકાર નહોતો. ત્યારે તો કારણશરીરને વિલીન થઇ સૂક્ષ્મ શરીરરૂપે થવાનું હતું; અને હવે જાગૃત અવસ્થામાં આવવા સારૂ કાંઇ સૂક્ષ્મ શરીરને વિલીન થવાનું, રૂપાંતર પામવાનું રહેતું નથી. તેને ફક્ત નવું સ્વરૂપ નવું વસ્ત્રજ ધારણ કરવું પડે છે. સાચી વસ્તુસ્થિતિ તો આ પ્રમાણે છે.

તમારી જાગૃત અવસ્થામાં તમારૂં સૂક્ષ્મ શરીર કે જે સ્વપ્નાવસ્થામાં મન અને બુદ્ધિ રૂપે કામ કરે છે, તે કંઇ અદૃશ્ય થઇ જતું નથી; પણ તેનું તેજ રહે છે. અને વધારામાં માત્ર મસ્તક વગેરે સર્વે સ્થૂળ અંગો વસ્ત્રની માફક ધારણ કરવામાં આવે છે. જ્યારે તમે નિદ્રા અવસ્થામાં જાવ છો ત્યારે જેવી રીતે આપણે પહેરેલાં વસ્ત્રો ઉતારી ખૂંટીએ મૂકીએ છીએ, તેવી રીતે સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરનું ભાન મૂકી દઇને કારણશરીરમાં પ્રવેશ પામે છે.

જેવી રીતે સુતી વખતે લોકો પોતાના શરીર ઉપર પહેરેલાં વસ્ત્ર ઉતારી એક કોરે મૂકે છે, તેવી રીતે તમે તમારા જાગૃત અવસ્થાવાળા સ્થળ શરીરમાંથી તમારૂં ભાન ખેંચી લ્યો છો, અને સ્વપ્નમાં માત્ર તમારૂં સૂક્ષ્મ શરીરજ કાયમ રહે છે. વારૂ, એ સૂક્ષ્મ શરીર શું છે ? તે પણ એક સ્થળ શરીરની માફક પાંચભૌતિક શરીર જ છે. હવે એ વાત તમને સાબીત કરી આપવામાં આવશે. વળી સાથે સાથે સૂક્ષ્મ શરીરનો સ્થૂળ

શરીર સાથે અને સ્થૂળ શરીરનો સૂક્ષ્મ શરીર સાથે શો સંબંધ છે, તે વાત પણ તમને સાબીત કરી આપવામાં આવશે. તમે જાણો છો કે નદીઓ બહુ ભાગે શિઆળાની ઋતુમાં (અહીં શિઆળાને રાત્રિની જોડે સરખાવવામાં આવ્યો છે.) તેઓના સ્થૂળ શરીરનો ત્યાગ કરે છે, અને માત્ર સૂક્ષ્મ શરીરને ધારણ કરે છે. અર્થાત્ શિઆળાની ઋતુમાં નદીઓ પ્રવાહમાં નાની બને છે અને પોતાનું કાદવ અને ગ્રહોડીવાળું મલીન વસ્ત્ર છોડી નિર્મળતા ધારણ કરે છે; (નિર્મળતા એ નદીનું સૂક્ષ્મ શરીર છે.) જાણે કે તે નદીઓ સુવા જાય છે. જેવી રીતે નદીઓ કાદવ અને ગ્રહોડીવાળું પોતાનું સ્થૂળ શરીર છોડીને નિર્મળ પ્રવાહરૂપે સૂક્ષ્મ શરીર ધારણ કરે છે, તેવી રીતે તમે પણ દરરોજ રાત્રિએ (રાત્રિ એ તમારો શિઆળો છે.) સુવા જાવ છો, ત્યારે તમારા સ્થૂળ શરીરનો ત્યાગ કરીને એટલે કે તેમાંથી તમારું ભાન સમેટી લઈને માત્ર તમે તમારું સૂક્ષ્મ શરીરરુજ રહેવા દો છો.

આમાં જે સૂર્ય નદીના કારણ શરીરમાં પ્રકાશતો હતો તેનો તેજ સૂર્ય તેના સૂક્ષ્મ શરીરમાં પણ પ્રકાશે છે, અને તેનો તેજ સૂર્ય નદીના સ્થૂળ શરીરમાં પ્રકાશે છે.

એજ પ્રમાણે જે સત્ય સ્વયંપ્રકાશ આત્મા સુષુપ્તિ અવસ્થાના કારણ શરીરમાં પ્રકાશતો હતો, તેનો તેજ સ્વયંપ્રકાશ આત્મા સ્વપ્નાવસ્થાના સૂક્ષ્મ શરીરમાં તેમજ જાગ્રત અવસ્થાના સ્થૂળ શરીરમાં પ્રકાશ્યા કરે છે. ત્યારે એમાં તફાવત શું છે ? તફાવત માત્ર પ્રકાશના પરાવર્તનમાં–પ્રકાશ પડવામાંજ છે. જ્યારે સૂર્ય બરફના મેદાનોમાં–નદીના કારણ શરીરમાં પ્રકાશતો હતો, ત્યારે ત્યાં સૂર્યનું પ્રતિબિંબ જણાતું નહોતું. બરફને પીગાળવાની સૂર્યની ક્રિયા પ્રચંડપણે ચાલતી હતી ખરી, પણ ત્યાં સૂર્યનું પ્રતિબિંબ કે પરાવર્તન જણાતું નહોતું; પરંતુ જ્યારે તે સૂર્ય નદીના સૂક્ષ્મ શરીરમાં પ્રકાશવા લાગ્યો ત્યારે તેમાં તેનું પ્રતિબિંબ અને પરાવર્તન જણાવા લાગ્યું.

ત્યારે હવે આ પ્રતિબિંબ એટલે શું ?

આ બિંબ તે તમારી અંદર રહેલો અવિકારી, અવિનાશી સત્ય આત્મા છે. તે ઈશ્વર અને ખુદા છે. જ્યારે તમે તમારી સુષુપ્તિ અવ-

સ્થામાં હો છો, ત્યારે પણ તેજ આત્મા તમારી અંદર વિદ્યમાન હોય છે. તેજ આત્મ-દેવ તમારા કારણ શરીરમાં પ્રકાશે છે. બારિક રીતે તપાસી જુઓ, તમારી સુષુપ્તિ અવસ્થામાં અહંકાર હોતો નથી. 'હું સુઇ ગયો છું, હું વૃદ્ધિ પામું છું, હું અન્ન પચાવું છું, હું આ કરૂં છું, હું તે કરૂં છું,' આવો કોઇ પણ જાતનો અહંકારનો ખ્યાલ રહેતો નથી. પણ ત્યાં માત્ર સત્ય આત્મ-દેવ વિદ્યમાન રહે છે. આ મિથ્યા બાહ્ય અહં કે જેને લોકો સત્ય આત્મા તરીકે ગણે છે તે ત્યાં નથી. તે મિથ્યા અહં તો સ્વપ્નાવસ્થામાંજ દૃશ્યમાન થાય છે. તમારી સ્વપ્નાવસ્થા તે એ નદીની બીજી સૂક્ષ્મ અવસ્થા જેવી છે. આ સૂક્ષ્મ અને જાગૃત અવસ્થામાં તે અહંકારનો પ્રાદુર્ભાવ થાય છે. સપાટ પ્રદેશમાં વહેતી સરિતાના સ્થૂળ શરીરના જેવી તમારી જાગૃત અવસ્થા છે. નદીના આ સ્થૂળ શરીરમાં પણ સૂર્ય બરફના પ્રદેશમાં જે પ્રમાણે પ્રકાશતો હતો, તેજ પ્રમાણે પ્રકાશે છે; પરંતુ ઝરણાઓમાં અને કાદવ તથા મટોડીવાળા નદીના પ્રવાહમાં તો તેનું પ્રતિબિંબ પણ જણાય છે. આવી રીતે તમારી જાગૃત અવસ્થામાં પણ આત્મદેવનું પ્રતિબિંબ દીઠામાં આવે છે. 'હું આ કરૂં છું, હું તે કરૂં છું, હું આ છું, હું તે છું,' આ અહંકાર, આ મિથ્યા આત્મા જાગૃત અવસ્થામાં પણ જણાય છે; પણ તમે જુઓ છો કે સ્વપ્નાવસ્થાના અને જાગૃત અવસ્થાના અહંકારમાં તફાવત છે. જેવી રીતે પર્વત ઉપર વહેતા ઝરણાઓ અને વહેળાઓમાં સૂર્યનું પ્રતિબિંબ અસ્થિર અને તરલિત હોય છે, તેવીજ રીતે તમારી સ્વપ્નાવસ્થામાંનો તમારો અહંકાર કે જે આત્માનું પ્રતિબિંબ છે તે ક્ષણિક, ચંચળ, અસ્થિર, તરલિત અને વિકારી છે; અને સપાટ પ્રદેશમાં વહેતી નદીના મંદ પ્રવાહમાં જણાતા પ્રતિબિંબની માફક તમારી જાગૃત અવસ્થામાં પ્રતિબિંબરૂપે પ્રકાશતો તમારો અહંકાર સ્થિર અને સ્થાયી છે.

હજી પણ આ વિષય જરા વિશેષ સ્પષ્ટ કરવાની જરૂર છે. લોકો કહે છે કે સૂક્ષ્મ શરીરમાંથી સ્થૂળ શરીર ઉત્પન્ન થાય છે, એ તમે શા આધારે કહો છો? લોકો કહે છે કે જાગૃત અવસ્થા કરતાં સ્વપ્ન અવસ્થાને તમે શા આધારે ઉચ્ચ ગણો છો? જુઓ ધ્યાન આપો. તમારી જાગૃત અવસ્થાનો અનુભવ શાનો બનેલો છે? તમારી

જાગૃત અવસ્થાનો અનુભવ એ દેશ, કાલ અને કાર્ય-કારણાત્મક છે. એ દેશ, કાલ અને કાર્ય-કારણના વિચાર વગર તમે આ બ્રહ્માંડના કોઈ પણ પદાર્થનો ખ્યાલ કરી શકશો નહિ, એના સિવાય કોઈપણ વસ્તુનો ખ્યાલ આણવો અશક્ય છે. આ દેશ, કાળ અને કાર્ય-કારણભાવ એ તો તમારી જાગૃત તેમજ સ્વપ્નસૃષ્ટિના વાણા તાણા સમાન છે. તમને ખબર છે કે ઈંગ્લંડના વિદ્વાન પંડિત મેક્ષમૂલર જર્મન તત્ત્વવાદી કેન્ટના "ક્રિટિક ઑફ પ્યોર રીઝન" નામના ગ્રંથના ભાષાંતરમાં તેની પ્રસ્તાવના લખતાં કહે છે કે, જે તત્ત્વજ્ઞાન વેદાન્ત શિખવે છે તેજ તત્ત્વજ્ઞાન કેન્ટ શિખવે છે, વળી તે કહે છે કે દેશ, કાળ અને કાર્ય-કારણ ભાવ એ ભાવ છે, એ કેન્ટે સ્પષ્ટ રીતે સાબીત કરી આપ્યું છે અને હિંદુઓએ તે સાબીત કરી આપ્યું નથી; પણ રામનું એવું કહેવું છે કે મેક્ષમૂલરે હિંદુઓના પૂરેપૂરા ગ્રંથો જોયા નથી. વળી રામનું એવું કહેવું છે કે હિંદુઓએ દેશ, કાળ અને કાર્ય-કારણભાવ આદિ-અંતવાળા મનોગત છે એમ સિદ્ધ કરી આપ્યું છે; વળી તેમણે સિદ્ધ કરી આપ્યું છે કે તમારી જાગૃત અવસ્થાનો જે અનુભવ છે તે તમારા સ્વપ્ન અવસ્થાના અનુભવના પરિણામ રૂપ છે. તમો ધીરજથી સાંભળજો. તમારી સુષુપ્તિ અવસ્થામાં તમને દેશ, કાલ કે કાર્ય-કારણભાવ એ કશાનો ખ્યાલ હોતો નથી. તમે સ્વપ્નાવસ્થામાં આવો છો ત્યારે જ દેશ, કાલ અને કાર્ય-કારણભાવ અસ્તિત્વમાં આવે છે. હિંદુઓ કહે છે કે જેવી રીતે બીજમાંથી નાનો અને નાજુક અંકુર ફુટે છે, તેવી રીતે તમારી સ્વપ્નાવસ્થાના દેશ, કાલ અને કાર્યકારણભાવ તમારી સુષુપ્તિ અવસ્થા માંથી ઉત્પન્ન થાય છે; અને પછી તે જાગૃત અવસ્થામાં મહાન વૃક્ષ સમાન પરિણામ પામે છે. આ પછી તે દેશ, કાલ અને કાર્ય-કારણભાવ જબરજસ્ત અને પ્રચંડ નદી સમાન બની પોતાનું સ્થળ સ્વરૂપ ધારણ કરે છે. જેમ જેમ તમે સ્થૂળ પ્રદેશ તરફ આગળ વધતા જાઓ છો તેમ તેમ તમારી સાથેજ દેશ, કાલ અને કાર્ય-કારણભાવ પણ વૃદ્ધિ પામતાં જાય છે. અર્થાત્ પ્રમાતા (અંતઃકરણ) એ વિકાસ પામતા દેશ, કાલ અને કાર્ય-કારણભાવના પરિણામ સિવાય બીજું કંઇ પણ નથી.

તમારી સ્વપ્નાવસ્થામાં પણ કાલનું અસ્તિત્વ છે; પણ જાગૃત અવ-

સ્થાના કાલમાન સાથે એને સરખાવી જોશો તો તમને જણાશે કે સ્વપ્ના-વસ્થાનો કાલ ક્ષણિક, અસ્થિર, ચળ, અસ્પષ્ટ, અનિશ્ચિત અને અનિયત છે, અને જાગૃત અવસ્થાનો કાલ તે કુદરતી રીતે પરિણત સ્વરૂપમાં હોય છે, અર્થાત્ સ્વપ્ન અવસ્થાનો કાલ તે સંપૂર્ણપણે વિકાસ પામેલો હોય છે. એ તમને અનુભવ છે કે સ્વપ્નમાં કેટલીક વખત મરેલા જીવતાં, અને જીવતાં એ મરેલાં દેખાય છે; પણ આવી રીતે કંઈ જાગૃત અવસ્થામાં જણાતું નથી. કારણ કે જાગૃત અવસ્થામાં કાલ નિશ્ચિત હોય છે; ત્યારે સ્વપ્નાવસ્થામાં ભૂતકાળ એ ભવિષ્યકાળ અને ભવિષ્યકાળ એ ભૂતકાળ બને છે. જાગૃત અવસ્થામાં આવો પ્રકાર નથી. તમે સાંભળ્યું હશે કે મહમ્મદ પેગંબરને આઠમા આસમાનમાં જતાં દીર્ઘ કાળ લાગ્યો હતો પણ તેમણે જાગીને જોયું તો માત્ર ત્યાં જતાં બે સેકન્ડ જ થઈ હતી

આવી રીતે તમારી જાગૃત અવસ્થાના પદાર્થો તે તમારી સ્વપ્ના-વસ્થાના પદાર્થોથી વસ્તુરૂપે જ ભિન્ન નથી, પણ તેના પ્રમાણમા અને અંશમા જ ભિન્નતા છે. સ્વપ્નાવસ્થાના પદાર્થો ક્ષણિક, વિકારી, અસ્થિર અને અનિયમિત હોય છે કોઇ એક નાના છોડને આપણી મરજી પ્રમાણે વાળી અને ઉછેરી શકીએ છીએ તેવી રીતે આ સ્વપ્નાવસ્થાના પદાર્થોમાં પણ આપણી ઇચ્છાનુસાર ફેરફાર કરી શકીએ છીએ, પણ જ્યારે તે નાનો છોડ મટી જઇને મોટુ વૃક્ષ બને છે ત્યારે આપણે એને કોઈ પણ રીતે વાળી કે ફેરવી શકતા નથી, તે પ્રમાણે જાગૃત અવસ્થાના પદાર્થોમા તમે ઝટઝટ ફેરફાર કરી શકતા નથી તમારી સ્વપ્નાવસ્થામા તમે એક સ્રીને જુઓ છો, એક સેકન્ડમાં તેજ સ્રી ઘોડી બને છે, વળી તે ઘોડો બને છે સ્વપ્નમા તમે તમારી આગળ એક જીવતો માણસ જુઓ છો, પળવારમા વળી એજ માણસ મરી જાય છે, અને તેને બદલે હવે તમારી નજર આગળ એક પર્વત ખડો થાય છે વળી તે પર્વત હતો ન હતો થઇ જઇ તેની જગ્યાએ ત્યાં અગ્નિ ભભૂકે છે જે પદાર્થો તમે તમારી સ્વપ્નાવસ્થામા જુઓ છો તે પદાર્થો તમારી સુષુપ્તિ અવસ્થામા નહોતા તોપણ (જેવી રીતે બરફના પ્રદેશોમાથી નાના નાના ઝરણા અને વહેળા નીકળે છે, તેવી રીતે) સુષુપ્તિ અવસ્થામાંથી જ એ બધા પદાર્થો ઉત્પન્ન થયા છે, તેજ પ્રમાણે તમારી જાગૃત અવસ્થામાં પણ આ

માત્ર સૂક્ષ્મ અવસ્થામાંના જ હોય અને કાલ પૂર્ણપણે વિકાસ પામી સ્થિર અને નિયત સ્વરૂપ ધારણ કરે છે.

આ પ્રમાણે તમારી સ્વપ્નાવસ્થાનું જ્ઞાન અને બુદ્ધિ તમારી જાગ્રત અવસ્થા સાથે સંબંધ ધરાવે છે. રામ પોતે પોતાના જાતિ અનુભવથી પણ કહે છે કે ઘણી વખત, હું જ્યારે વિદ્યાર્થી હતો ત્યારે જાગ્રત અવસ્થામાં ગણિતના કંઈ અઘરા દાખલા કે જેને વિષે હું બહુ વિચાર કર્યા કરતો હતો અને ગણી શક્યો નહોતો, તે સ્વપ્નાવસ્થામાં હું બરાબર ગણી શક્યો હતો; પણ પાછો જાગૃત થતાં તે કેમ ગણ્યા તે મને સાંભરતું નહિ. દલીલ અને સુદામા હોય હતો. તમારી સ્વપ્નાવસ્થાની દલીલો પણ વિકારી, ક્ષણિક, અસ્પષ્ટ હોય છે, તોપણ જેવી રીતે એક વિકાસ પામેલા વૃક્ષનો એક વિકાસ પામતા છોડ તેમજ હજી તત્ત્વના ફુટેલા વિકાસ પામતા અંકુર સાથે સંબંધ છે. તેવીજ રીતે તે દલીલોનો પણ તમારી જાગ્રત અવસ્થાની દલીલો સાથે સંબંધ છે.

ઘણીવાર રામે સ્વપ્નાવસ્થામાં કાવ્યો રચ્યાં છે. પણ જાગ્યો ત્યારે એ કાવ્યો ભૂલાયાં. [illegible]

સ્થામા જ તમારી સાથે હોય છે એમ નહિ, પણ સમાનભાવે સુષુપ્તિ-અવસ્થામાં પણ એ વર્તમાન રહે છે—હાજર હોય છે; આ દૃશ્ય વિકારો અને અવસ્થાઓમાં એ તો સદા સર્વથા જેવો ને તે સમાનભાવેજ વિરાજી રહ્યો છે

એવો અનુભવ કરો કે એ વાસ્તવિક આત્મા સર્વ ચિન્તાઓ, મુશ્કીલતો અને દુ ખોથી પર છે તમને કોઇ હાનિ કરી શકે તેમ તમને કોઇ દુ ખ દે તેવું નથી

તૂટ, તૂટ, તું તૂટ, સિંધુ ! તું તારા તરંગ ચરણોપર,
તૂટ, તૂટ, તું તૂટ, જગત ! તું આવી મારા ચરણો પર.
હે ! સૂર્યો ! હે ! પ્રબલ તુફાનો ! હે ! ભૂકંપો ! હે ! કડાકો !
નમસ્કાર ! સ્વાગત ! આવો, શક્તિ મુજપર સૌ અજમાવો.
સુન્દર જલનૌકા ને અગ્નિ ! અહા રમકડાં એ તૂટો,
ખરતા તારા એ સૌ મારા બાણો વેગભર્યાં છૂટો
પ્રજ્વલિત અગ્નિ ! મુજને તું કરી શકશે શું ભસ્મીભૂત ?
અહા બ્હીઆમણી ! તું મારાથી થતી હમેશા પ્રજ્વલીભૂત.
ચમક ચમક કરતી તલ્વારો ! તોપનાણા ગોળા ઉઠો !
અગાધ મુજ શક્તિ તમને મારી હઠાવે હઠો, હઠો !
છિન્નભિન્ન આ દેહ પવનમાં જ્યારે ફેંકી દેવાશે;
અનન્તતા મ્હારૂ પછી વાર મુખ્ય ધામ સ્વજ થાશે.
કાન બધાયે કાન જ મ્હારા, નેત્ર બધાયે મ્હારા નેત્ર;
હાથ બધાયે હાથ જ મ્હારા, ક્ષેત્ર બધાયે મ્હારા ક્ષેત્ર.
ગળી ગયો હું મૃત્યુ પીધા ભેદભાન સઘળાં યોગી,
કેવા પૌષ્ટિક, મધુર [illegible] અમૃતથી ભરી મ્હારી ઝોળી !
ભવ ન સતાવે, ધા ન જર્રાવે નથા લાલસાની પીડા;
[illegible] આનંદ [illegible] વૃષ્ટિ કરે મ્હારી ક્રીડા.
[illegible] અંધકાર [illegible] વ્યાકુલ થઇ વિક્ષિપ્ત થવ,
[illegible] પવાનન, બધા નિત્યના મર્યા, ગયા.
મ્હારી આ [illegible] સૂકાયા, ખોવાયા, ઓ,
અહા ! આનંદ અહ આનંદ રામ ! શિવ ! હરેહરે !

ૐ ! ૐ !! ૐ !!!



૯—પાપ અને આત્મા સાથે તેનો સંબંધ.×

બહેનો અને ભાઈઓ!

ગયા અઠવાડિયામાં જે ચાર વ્યાખ્યાનો થયાં હતાં, તેના અનુસંધાન રૂપેજ આજનો વિષય છે. જેઓએ પાછળનાં એ વ્યાખ્યાનો સાંભળ્યાં હશે, તેઓ આજે બહુ સારી રીતે સમજશે.

આજના વ્યાખ્યાનમાં રામની પાપની વ્યાખ્યા નહિ આવે; એટલે કે એને કોણ લાવ્યું, એ ક્યાંથી આવ્યું, આ સંસારમાં પાપ શા માટે છે, એક માણસ બીજાના કરતાં શા માટે વધારે પાપી હોય છે, કોઈ કોઈમાં બીજાઓના કરતાં શા માટે લાલચ વધારે હોય છે અને વળી કોઈમાં લાલચના કરતાં ક્રોધ વધારે શામાટે હોય છે, એનો વિચાર આજ નહિ થાય. વખત મળશે તો આ પ્રશ્નોનો કોઈ બીજા વ્યાખ્યાનમાં વિચાર કરીશું.

આજ તો આપણે પાપનો અત્યંત સામાન્ય અર્થજ કરવાનો છે; એટલે કે સમસ્ત ખ્રિસ્તી સમાજ જેવો પાપનો અર્થ કરે છે, તે અર્થમાં આજ વિચાર થશે.

આ સંસારમાં તમે અત્યંત વિચિત્ર ઘટના, ચમત્કારપૂર્વક ઘટના જોશો. આ સંસારમાં તમે કેટલીએક એવી વાતો જોશો કે જે મહાન તત્ત્વજ્ઞાનીઓની ચતુરતાને પણ મ્હાત કરે તેવી હોય, અને કોઈ કોઈ એવાં નૈતિક અને ધાર્મિક તથ્ય જણાશે કે જેથી વૈજ્ઞાનિકોને ઉદ્વેગ પણ થાય. આજે એ બધાંની આપણે વેદાન્તની દૃષ્ટિએ વ્યાખ્યા કરીશું. પાપની અદ્ભુત ઘટનાનો પણ આવી આવી વિચિત્ર ઘટનાઓમાં સમાવેશ થઈ જાય છે. સંસારમાં જે કોઈ જન્મ ધારણ કરે છે તે અવશ્ય મરે છે

× આ ભાષણ સ્વામી રામતીર્થે ઈ. સ. ૧૯૦૨ નવેમ્બર તારીખ ૧૬ મી ને રવિવારે આપ્યું હતું.

એ સર્વ કોઇ જાણે છે. દરેક વૃક્ષ જે પૃથ્વીપર દેખાય છે તે એક દિવસ જરૂર નાશ પામવાનું છે. પ્રત્યેક પશુ જે હરતું ફરતું જણાય છે, તે પણ એક દિવસે જરૂર મરવાનું; આવીજ રીતનું માણસ માત્રનું પણ છે. આ સત્ય પ્રત્યેક મનુષ્ય જાણે છે. મહાન્ શૂરવીરો, સિકન્દર, નેપોલિયન વૉશિંગ્ટન, જે લોકો લાખો મનુષ્યોનાં મોતનું કારણ થયા હતા, તે પણ મરી ગયા. જેઓના હાથથી નરસંહાર અને રક્તપ્રવાહ થયાં હતાં તે બધા ચાલ્યા ગયા. એ પણ મરી ગયા અને મરેલાને જીવાડનારા (ચમત્કારિક પુરૂષો) પણ મરી ગયા. શરીર નશ્વર છે, એ આપણે બધા જાણીએ છીએ, છતા વ્યવહારમા કોઇ પણ આ સત્યમા વિશ્વાસ નથી રાખતા બુદ્ધિથી તો એનો બધા સ્વીકાર કરે છે, પરન્તુ વ્યાવહારિક શ્રદ્ધા આ તથ્યમા કોઇની નથી દેખાતી. આમ શા માટે થાય છે ? જે સીત્તેર વર્ષનો તો થઈ ચુકયો છે, અને હજુ નેવું વર્ષનો થવાનો છે, એવા વૃદ્ધમા વૃદ્ધ મનુષ્યની પાસે જઇને જુઓ તો તે પણ પોતાના સંબંધીનો સસાર વિકસિત કરવા ધારે છે, તે આ સસારમા નિત્યનિવાસ કરવા ઇચ્છે છે મૃત્યુનો ત્યાગ કરવાની તેની ઇચ્છા હોય છે અને વ્યાવહારિક જીવનમા પોતાના મૃત્યુની વાતનો કદિ વિચાર પણ નથી કરતો. પોતાની માલમત્તા વધારવા ઇચ્છે છે, સ્નેહી સબંધીઓનુ મડલ વધારવા મથે છે અને પોતાના અધિકારમા વિશેષ સપત્તિ વધે એવો પરિશ્રમ કરે છે હમેશા જીવતા રહેવાનીજ તેને આશા હોય છે. વાસ્તવિક રીતે મૃત્યુને જાણે એ માનતોજ નથી, અને મૃત્યુનો ઉચ્ચાર પણ એને શિરથી અગુઠાસુધી ધ્રુજા૰ ૰ ઉત્પન્ન કરે છે મૃત્યુનુ નામ લેતાજ શરીર કાપવા ૰ ે મનુષ્ય તો જાણે છ ક મૃત્યુ તો અવશ્યભાવી છે, છતા પણ મૃ ુનો વિચાર મા૰ પણ એનાથી સહન નથી થતો એનુ શું કારણ ? આ તો એક પ્રકારનો નિયમવિરોધ છે આને સમજાવો. એનું જ્ઞાન એને કહે છે છતા પણ મનુષ્યને મૃત્યુમા વ્યાવહારિક શ્રદ્ધા કેમ નથી રહેતી ? વેદાન્ત એને આવી રીતે સમજાવે છે

મનુષ્યનો વાસ્તવિક આત્મા અ૰ર અમર છે એ વાસ્તવિક આત્મા નિત્ય, નિર્વિકાર, અાજ, કા૰ અને સદા એકરસ છે મનુષ્યમા એક એવી વસ્તુ છે કે જે મૃત્યુને નથી ઓળખતી, જે કોઇપણ જાતના પરિ-

સ્વર્ગ, વિકારને નથી અડતી. મનુષ્યમાં વ્યાવહારિક અવિશ્વાસનું મુખ્ય કારણ મનુષ્યમાં વાસ્તવિક આત્માની ઉપસ્થિતિ છે અને એ વ્યાવહારિક અવિશ્વાસદ્વારા એ વાસ્તવિક, નિત્ય, અમર, આત્મા પોતાના અસ્તિત્વને પ્રમાણભૂત કરે છે.

ચાલો આપણે હવે એક બીજી વિચિત્ર વાતપર આવીએ. સ્વતંત્ર-સ્વાધીન થવાની અભિલાષા એ પ્રાણીમાત્રનું સ્વાભાવિક લક્ષણ છે. સંસારભરમાં પ્રત્યેક પ્રાણી સ્વતંત્ર થવા મથે છે. કૂતરો, સિંહ, ચિત્તો, પક્ષી કે મનુષ્ય બધાંને સ્વાધીનતા વ્હાલી લાગે છે. સ્વાધીનતાનો વિચાર સાર્વભોમ છે. શત્રુઓ પોતાનું લોહી વહેવરાવે છે અને માનવજાતિના લોહીથી ભૂમિને તરબોળ કરી નાંખે છે. પૃથ્વીનું સુંદર મુખ સ્વાધીનના નામથી લોહીથી રંગાય છે; ખ્રિસ્તી, હિન્દુ, મુસલમાન, બધાએ પોતપોતાનું એક લક્ષ્ય બનાવી રાખ્યું છે. એ લક્ષ્ય શું છે? મુક્તિ, કે જેનો નાનો એવો સાદો અર્થ થાય છે સ્વાધીનતા-સ્વતંત્રતા.

હિંદુસ્થાનમાં કોઈ એક મંદિરમાં એક દિવસે કોઇ માણસ મીઠાઇ વહેંચતો હતો. હિંદુસ્થાનના લોકોમાં એવો રીવાજ છે કે જ્યારે કોઈ માણસને મોટો લાભ થયો હોય ત્યારે ગરીબ લોકોમાં મીઠાઈ વહેંચવામાં આવે છે. પેલો માણસ મીઠાઇ વહેંચતો હતો તેવામાં કોઇ બીજાએ ત્યાં આવી પેલા માણસને પ્રશ્ન કર્યો કે, ભાઈ, તમે શા નિમિત્ત આ મીઠાઈ વહેંચો છો? તેણે ઉત્તરમાં જણાવ્યું કે, મારો ઘોડો ખોવાઈ ગયો છે માટે આજે હું મીઠાઇ વહેંચું છું. આવો ઉત્તર સાંભળીને લોકોને ઘણી નવાઈ લાગી અને બોલ્યા કે, વાહ! એક તો તમે ઘોડો ખોયો છે અને વળી મીઠાઇ વહેંચો છો! તેણે કહ્યુ, મહેરબાની કરી મારા કહેવાનો ખોટો અર્થ ન કરો. મેં ઘોડો તો ગુમાવ્યો છે; પરંતુ તે ઘોડા ઉપર બેસનાર તો બચી ગયો છે. લુટારાઓની ટોળી મારો ઘોડો લઇ ગઇ તે વખતે જો હું પણ તે ઘોડા ઉપર બેઠેલો હોત, તો મને પણ તેઓ લઇ ગયા હોત. હું પરમેશ્વરનો ઉપકાર માનું છું કે, તેઓ તે ઘોડાની સાથે મને પણ લઇ ગયા નથી. આ સાંભળીને લોકોને ખૂબ હસવું આવ્યું અને કહ્યું કે આ તો કોઈ મૂર્ખ માણસ છે?

બહેનો અને ભાઇઓ, આ વાત હસવા જેવી લાગે છે; પણ એ

હરેકે પોતાને લાગુ પાડીને વિચારી જોવું જોઈએ
પણ વધારે હસવા જેવું આપણે તો કરતા નથી? તેણે તો ઘોડાને
ગુમાવ્યો હતો, પણ પોતાની જાત બચાવી હતી. પણ અરે! આ દુની-
આમાં હજારો અને લાખો માણસો તો પોતાના ઘોડાને સાચવવા
ખુદ પોતાની જાતને-ઘોડેસ્વારનેજ ગુમાવે છે! આ તો પેલા કરતાં
બહુ ભારે મૂર્ખતા! પેલા માણસનું તો ખુશાલીનું કારણ યોગ્ય હતું
કે તેણે ઘોડાનેજ ગુમાવ્યો હતો અને ઘોડેસ્વાર તો બચી ગયો.
હરેક જણ જાણે છે કે ઘોડેસ્વારનો ઘોડાની સાથે જેટલો સંબંધ છે, તેટલો
જ સંબંધ આપણા વાસ્તવિક સ્વરૂપનો-આત્માનો આપણા સૂક્ષ્મ શરીર
સાથે છે. આપણે કોઈ માણસને તેના નામ, ઠામ, ઠેકાણું અને વાસ્તવિક
સ્વરૂપ વિષે પૂછીએ કે, "તમે કોણ છો? તમે શું કરો છો?"
તો તેનો જવાબ એવોજ મળવાનો કે, "હું ફલાણો ફલાણો છું
અને ફલાણી ઓફીસમાં કામ કરૂં છું." આ બધાં લક્ષણો અને ઉત્તર
એ તો માત્ર સ્થૂલ શરીરનેજ લાગુ પડે છે. અર્થાત્ આ જવાબ કોઈ
રીતે મુદ્દાસર નથી. તેનો આ જવાબ એવો નથી કે જેથી તેનું ખરૂં
સ્વરૂપ આપણે જાણી શકીએ.

આપણે ઘોડેસ્વારના સંબંધમાં જાણવા માગીએ છીએ, પણ એ પ્રશ્ન
તો તે ઉડાવીજ દે છે અને જેના સંબંધમાં આપણે કશું એ જાણવા માગતા
નથી તેજ વાત તે આપણી આગળ ધરે છે. આમાં ઉત્તર આપનારે
પોતાના ઘોડાનેજ ઘોડેસ્વાર [illegible] છે એવું નથી થતું વારૂ? "ઘોડો
ખોવાયો છે [illegible] ઘોડો ખોવાયો [illegible] "ઘોડો ખોવાયો છે," એ
આજકાલ ચોતરફ સંભળાય છે. પણ ખરેખર શું ખોવાયું છે? ઘોડો?
ના, ના એ તો ઘોડેસ્વારજ ખોવાયો છે છતાં હરેક જણ ભ્રમને વશ
થઈ કહે છે કે ઘોડો ખોવાયો છે! તેજ પ્રમાણે માણસ એ શું?
એમ પૂછતાં ઘોડાનુંજ લક્ષણ ચિ[illegible] કહેવાને હરેક મંડી પડે છે
જેથી સમજાય છે કે [illegible] નહિ પણ તે ઘોડેસ્વારજ ખોવાયો છે.
ખોવાયલું છે તે શરીર નહિ પણ આત્મા છે. આપણે પોતેજ ખોવા[illegible]
છીએ! આપણું સત્યસ્વરૂપજ ખોવાયું છે! આ એક વિચિત્ર આશ્ચર્યજ!
હવે આપણે આપણી જાતને-સ્વારને-આત્માને કેવી રીતે શ[illegible]

કહાડીશું ? ગયા અઠવાડીઆમાં લગભગ દરરોજ આ પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યો છે. આજે આપણે બુદ્દાજ દ્રષ્ટિબિંદુથી–પાપના દ્રષ્ટિબિંદુથી આ પ્રશ્નનો જવાબ ચર્ચીશું. પાપનું મૂળ શું છે ? આ સૃષ્ટિમાં પાપ કેવી રીતે પ્રવેશ્યું ? આ પ્રશ્નનો જે ખુલાસો આપવામાં આવનાર છે તે તમને કદાચ વિપરીત અને અયુક્ત લાગશે. તે તમને કદાચ આશ્ચર્યકારક લાગશે; પરંતુ આશ્ચર્ય ન પામશો. બહારથી નવાઈ જેવા લાગતા આ વિવેચનની બાઇબલના વચનની સાથે એકવાક્યતા છે એમ સાબીત કરી શકાશે. બાઈબલને હિંદુઓ જે અર્થમાં સમજી શકશે તે અર્થમાં યૂરોપના લોકો કદિ સમજી શકવાના નથી; કારણ કે ક્રાઇસ્ટ એશીઆનો વતની હતો; અને કહેતા હશો તો એ પણ સાબીત કરી આપવામાં આવશે કે તેનો હિંદુસ્થાન સાથે પણ સંબંધ હતો. એ બાઇબલમાં જે અલંકારો અને રૂપક છે તે સર્વે હિંદુશાસ્ત્રોમાં વારંવાર દીઠામાં આવે છે. આવી રીતે એશીઆ ખંડમાં રહેનાર હિંદુઓ, એવા અલંકાર અને રૂપકોથી પરિચિત હોવાથી પશ્ચિમના લોકો કરતાં બાઇબલને તેઓ વધારે સારી રીતે સમજી શકે છે, અને તેને અનુસરીને ઉપલા પ્રશ્નનું હમણા જે સમાધાન કરવામાં આવશે તે તમારામાંના કેટલાકને આશ્ચર્યકારક અને પોતાના વિચારો અને ભાવનાઓની વિરૂદ્ધ લાગશે; પરંતુ ક્ષમાદૃષ્ટિથી થોડીવાર ધીરજ રાખવાની તમને વિનતિ છે. કારણ કે એકંદરે આ ઉપરથી આશ્ચર્યકારક જણાતું સમાધાન તમારા બાઈબલ શાસ્ત્રના વચનથી કોઇ રીતે અસંગત નથી. હવે પાપના વિષયની ચર્ચા શરૂ કરવા અગાઉ એના પહેલાંની ચર્ચવા જેવી બીજી કેટલીક બાબતો આપણે ચર્ચીશું

જે જન્મે છે તે મરવાનુંજ " जातस्य हि ध्रुवो मृत्यु." આવું છતાં પણ લોકો મૃત્યુનો કદિ પણ વિચાર કરતા નથી તેનું શું કારણ ? મૃત્યુના વિચાર માત્રથી પણ શરીરમા ભય ઉત્પન્ન થઇ માણસને કંપારી છુટે છે. આપણે કહીએ છીએ કે ભૂતકાળમા જે મહાન રાજા મહારાજાઓ હતા, તે સર્વે કાળના મુખમા નાશ થઈ ગયા છે, અવતારી પુરૂષો અને પેગંબરો કે જેઓએ મુર્દાને પણ જીવતાં કર્યા છે, તેઓના શરીર પણ આખરે પડી ગયાં છે. પૂર્વે જે કરોડાધિપતિ શ્રીમંતો હતા

જેઓનાં શરીર વજ્ર સમાન હતાં તેઓ પણ સર્વે આજે મરણને શરણ થઈ ગયા છે અને આપણાં શરીર પણ એક વખત અવશ્ય મોડાં વહેલાં પડવાનાંજ છે. ધારો કે કદાચ હજી તમે પાંચ સાત દશકા કે એથી પણ બમણું કે ચારગણું જીવો, પણ તેથી શું? આખરે એક વખત મરવાનું ખરૂંજને! એ તો નિર્માણજ છે; અને અરે! આવું છતાં પણ જાણે "મૃત્યુ"ને તો કોઈ માનતુંજ નથી એમ લાગે છે એ કેટલી નવાઈની વાત છે! કોઇ પણ મરણનો વિચાર આવવા દેતુંજ નથી! કોઈને તે વિચાર ગમતોજ નથી! દરેક જણ સગાંવહાલાંઓ અને મિત્રો સાથેનો સંબંધ અને પોતાનું કાર્યક્ષેત્ર તથા બીજા વ્યવહારનો પસારો એવો તો વધાર્યા જાય છે કે જાણે કોઈ દિવસ એમને મરવાનુંજ નથી! આવું કારણ શું? માણસ મરણનું નામ સાંભળે છે કે જાણે એના આખા શરીરે જ્વરજ ચડે છે! આમ શાથી? એક બાજુ મૃત્યુ અટલ છે અને બીજી બાજુ જેમ કોઇ પક્ષી પોતાની પાંખો ઉપર પાણી પડયું હોય તો તેને ખંખેરી નાખે છે; તેમ આપણે મૃત્યુનો વિચાર સરખો પણ મનમાં આવવા દેતા નથી! તમે ભલે મૃત્યુના વર્ણનનાં પદો ગાઓ, પણ વ્યવહારમાં તો મૃત્યુ છે એમ તમે કદિ નથીજ માનવાના. આનું કારણ શું હશે? વેદાંત આનો એવો ખુલાસો કરે છે કે.-આ બધાનું ખરૂં કારણ એ છે કે તમારો વાસ્તવિક આત્મા અમર છે; તમારો આત્મા કદિ પણ મરણ પામતો નથી; અને તમારૂં શરીર કે જેને મરણ છે અને જે પ્રત્યેક ક્ષણે મરતું તથા ફેરવાતું જાય છે, તે તમારૂં પોતાનું સત્ય સ્વરૂપજ નથી-એ તમારો આત્માજ નથી તમારી અંદર કોઇક એવી વસ્તુ છે કે તેને કદાપિ મરણ નથી. આપણા શરીરમાં જે આત્મા રહેલો છે તેજ આપણું ખરૂં સ્વરૂપ છે એને કદિએ મૃત્યુજ નથી. તમે કહેશો કે આપણે આપણા આત્માને અમર માનતા નથી, પણ આપણા શરીરનેજ અમર માનીએ છીએ તેનું કેમ? આ ઠેકાણે હિંદુધર્મનું વેદાંતશાસ્ત્ર એવો ખુલાસો કરે છે કે, ખરી વાત તો એજ છે કે આત્મા કદિજ મરતો નથી અને શરીરજ મરે છે; પરંતુ તે આત્માના ધર્મને ભ્રાંતિથીજ મર્ત્ય સ્વભાવવાળા શરીરમાં આરોપિત કરવામાં આવે છે, અને આ આરોપણ થવાનું મૂળ કારણ અવિદ્યા-અજ્ઞાનજ છે. વેદાંત સિવાય બીજું કોઈ પણ તત્ત્વજ્ઞાન આ વિષયનો

કેવી રીતે દૂર કરી શકે ? તમે તેને બંદીખાનામાં નાંખ્યો છે; પરંતુ બંદીખાનામાં પડ્યો પડ્યો પણ તે આખી દુનીઆનું સામ્રાજ્ય ઇચ્છે છે. દુનીઆમાં કોઇએ મહત્ત્વાકાંક્ષી થવું જ નહિ એવું જો તમે ઇચ્છતા હો તો તેનો ત્યાગ કરાવવા અર્થે તમે લોકોને બોધ કરી શકશો ? કદિ નહિ ! એ અશક્યજ છે.

કેટલુંક કઠોર શબ્દોમાં બોલવું પડે છે તેને માટે 'રામ' ને ક્ષમા આપશો; સત્ય તો કહેવુંજ જોઇએ. 'રામ' મનુષ્યો કરતાં સત્યને વધારે માન આપે છે. બાઇબલની અંદર મેથ્યુના પાંચમા પ્રકરણમાં પર્વત ઉપરના ધર્મોપદેશ વખતે કહેવામાં આવ્યું છે કે:—"કોઇ તમારા એક ગાલ ઉપર લપડાક મારે તો તેની આગળ તમે તમારો બીજો ગાલ પણ ધરજો. જ્યારે તમારે પવિત્ર સુવાર્તાનો બોધ કરવાનો હોય ત્યારે તમારે તમારી પાસે દ્રવ્ય રાખવું નહિ જોઇએ; ઉઘાડે પગે અને ઉઘાડે માથે જવુ જોઇએ. જો તમને ન્યાયની અદાલતમાં બોલવામાં આવે તો જવા પહેલા ત્યા શું કહેવું એવો વિચાર કરશો નહિ. તમે નિષ્કપટ અને સત્ય બોલનાર હશો તો તમારૂં મુખ ઉઘાડશો એટલે પોતાની મેળેજ તેમાથી યોગ્ય શબ્દો નીકળશે. તમે સરોવરના કમળો અને ખેતરોનાં પંખેરૂઓને તો જુઓ. તેઓ આવતી કાલનો કદિએ વિચારજ કરતાં નથી, છતાં એવાં તો સુંદર આચ્છાદન ધારણ કરે છે કે તેની કદાચ મોટા સમ્રાટને પણ ઇર્ષા આવે."

શું તમારા બાઇબલમા એવું નથી આવ્યુ કે, "ઝીણી સોયના નાકામાં થઇને કદાચ ઊંટ નીકળી જાય. પરંતુ દ્રવ્યવાન સ્વર્ગના રાજ્યનો અનુભવ કરે એ કદિએ શક્ય નથી." શુ તને તમારા બાઇબલમા એવું નથી વાંચ્યુ કે, એક ધનાઢ્ય ગૃહસ્થે ક્રાઇસ્ટ પાસે જઇને દીક્ષા માગી ત્યારે ક્રાઇસ્ટે તેને શો ઉત્તર આપ્યો ? "તમારે માટે માત્ર એકજ રસ્તો છે કે તમારા સર્વ ધનનો ત્યાગ કરી દેવો જોઇએ: તોજ તમને શાંતિ મળશે." ત્યાગના આવા સ્વરૂપનું આ પ્રકરણ કે જેને એકલા હિન્દુસ્તાન રહેલા મીશનરીઓજ નહિ, પણ આખી દુનીઆના મીશનરીઓ પણ ખોઇ દે છે, તે પ્રકરણ વેદાંતનાજ જ્ઞાનનું પ્રબોધન કરે છે, કે જે વેદાન્ત જ્ઞાનને અન

સરીને હજીએ હિંદુસ્તાનના હજારો સાધુઓ પોતાનું જીવન ગાળે [illegible] અહીં આપ જરા ધ્યાન આપી વિચારશો કે આમ છતાં પણ એ [illegible] ત્યાગનો ઉપદેશ કરવાને બહાનેજ તમારા લોકો ધર્મોપદેશક [illegible] તરીકે હિંદુસ્તાનમાં જાય છે!

આ આશ્ચર્યકારક નથી કે જેઓ ત્યાગને નામે હિંદુસ્તાનમાં જાય અને પછી ત્યાં હરરોજ પોતાની ઘોડાગાડીઓમાં બેસીને ફરે છે, [illegible] દાર બંગલાઓમાં રહે છે, સેંકડો ડોલર જેટલો દરમાયો લે છે [illegible] રાજા મહારાજાના જેવા ઠાઠમાં રહે છે, છતાં પાછા તેઓ કહે છે કે [illegible] લોકોને ત્યાગનો ઉપદેશ કરીએ છીએ! શું આ આશ્ચર્ય જેવું નથી [illegible] વેદાંત કહે છે કે, દરેક વસ્તુને પોતાની કરવાની જે લોકોની [illegible] છે તે વૃત્તિને દાબી રાખવા માટે લોકોને ગમે તેટલું શિક્ષણ આ[illegible] અથવા ધર્મસ્થાન ઉપરથી ગમે તેટલો ઉપદેશ કરો, પણ તેને તેઓ [illegible] પણ દબાવી શકવાના નથી. કારણ કે તમારા આત્માના સાર્વત્રિક [illegible] ત્વનો—તમારા આત્માના અખિલ વિશ્વ ઉપરના આધિપત્યનો તમે કદિ [illegible] નાશ કરી શકો એમ નથી. પણ ત્યારે શું આ રોગ અસાધ્ય છે? [illegible] આ દુનીઆમાં એનું કંઈ ઔષધ જ નથી? ના, ના, એનો ઉપાય [illegible] જરૂર છે. આ મહાવ્યાધીનું—આ મહાપાપનું કારણ અજ્ઞાન છે, [illegible] અજ્ઞાન જ આત્માના ધર્મોને અનાત્મ શરીરમાં આરોપિત કરાવી શરીરને [illegible] ઈત્યાદિ ધર્મોને અનાદરપ આત્મામાં [illegible] છે. આ અજ્ઞાનને [illegible] અને પછી તમે જોશો કે મનુષ્ય એ કોઈ પણ પ્રકારના [illegible] ધન વૈભવ વિના પણ ધનાઢ્ય અને સમૃદ્ધિવાન છે. અને [illegible] કોઈ પણ મુલક કે રાજ્ય વગર પણ અખિલ વિશ્વનો [illegible] છે. [illegible]

[illegible]

એકાદ નાના સરખા વિભાગમાં રહેલો છે; એ સંસાર અને અનંતને કદિ પણ પોતાની અંદર સમાવી શકે એમ નથી. ગ્રીસ અને રોમ પણ મારી અંદરજ છે. કેટલાએ સૂર્યો અને તારાઓ મારી અંદરજ ઉગે છે અને આથમે છે."

મહાન અલેકઝાન્ડર આવી ભાષાથી પરિચિત નહોતો, તેથી તેને ઘણો અચંબો લાગ્યો. તેણે મહાત્માને કહ્યું: "હું ત્યાં તમને જોઇએ એટલું દ્રવ્ય આપીશ. હું તમને ઐહિક સુખમાં ગરકાવ કરી નાખીશ. લોકોને જે જે વસ્તુઓ મોહ પમાડી આકર્ષે છે, તે બધી વસ્તુઓ હું તમારી સેવામાં રજુ કરીશ; પરંતુ મહેરબાની કરીને તમે અમારે મુલક ગ્રીસ ચાલો." પરમહંસ આ સાંભળીને પાછા હસી પડયા અને કહ્યું કે:-"હીરા, માણિક્ય, સૂર્ય અને તારાઓ એ સર્વે મારાવડેજ પ્રકાશે છે. ગ્રહાદિક અંતરિક્ષ ગોળાઓનો મહિમા પણ મારાવડેજ છે. વસ્તુઓનું સર્વે મોહકપણું અને સર્વ આકર્ષકપણું તે મારાવડેજ છે. આ પ્રમાણે જેણે જગતના પદાર્થોને મહિમા આપ્યો, તેણેજ પાછા તે પદાર્થો પ્રાપ્ત કરવા માટે ઐહિક સંપત્તિના દ્વારે માગતા ફરવું, સુખ અને આનંદ મેળવવા માટે વિષયાસક્તિ અને પશુવૃત્તિના બારણે ભિક્ષા માગતા ફરવું, એ મારા સ્વરૂપને હીણપત લગાડવા જેવું, મારી જાતને લાંછન લગાડવા જેવું અને અણછાજતું છે; હું કદિ એટલે નીચે જઇ શકવાનો નથી."

આ શબ્દોથી મહાન અલેકઝાન્ડર ઘણોજ આશ્ચર્ય પામ્યો અને ક્રોધના આવેશમાં આવી જઇ મહાત્માનો શિરચ્છેદ કરવાનો ઇરાદો જણાવ્યો. તરતજ મ્યાનમાંથી તરવાર કાઢીને જ્યાં તે તે મહાત્માનો શિરચ્છેદ કરવા જાય છે, ત્યાં તો તે મહાત્મા વિશેષ ઉલ્લાસમાં આવી જઇને પાછા ખડખડ હસતા બોલવા લાગ્યા કે:—

"અરે અલેકઝાન્ડર ! તું તારી આખી જીંદગાનીમાં આના જેવું કદિ હડહડતું જુઠ્ઠું નહિ બોલ્યો હોય ! એ તરવાર ક્યાં છે કે જે મને કાપી શકે? એ અસ્ત્ર ક્યાં છે કે જે મને છેદી શકે ? એ આપત્તિ ક્યાં છે કે જે મારા આનંદ અને ઉલ્લાસને વિલીન કરી શકે ? આજ, કાલ ... સર્વ ... એકરૂપ, નિર્મળ, પવિત્રમાં પવિત્ર અને અખિલ

વિશ્વનો સાક્ષી, તે હું છું. અરે એલેક્ઝાન્ડર આ તારા હાથ કે જે આ ક્રિયા કરે છે તેમાં ક્રિયા કરાવનાર શક્તિ પણ હું જ છું." "તમારા શરીરના ડિયાતંતુઓને બળ આપનાર શકિત, તે હું જ છું" આ શબ્દો સાંભળીને તરતજ મહાન એલેક્ઝાન્ડરના હાથમાંથી તરવાર સરી પડી.

અહીં આપણે જોઇએ છીએ કે લોકોને ત્યાગનું સ્વરૂપ સમજાવવા માટે માત્ર એકજ માર્ગ છે. જ્યારે બીજી એક સંપત્તિથી આપણે સંપન્ન થઇએ છીએ ત્યારેજ આપણે ઐહિક સ્થૂળ વસ્તુનો ત્યાગ કરવા શક્તિવાન થઇએ છીએ. ગરીબીમાં જે કાંઇ પ્રાપ્ત થાય છે તે સ્થાયી નીવડે છે. શું તમે પ્રસિદ્ધ વૈજ્ઞાનિક નિયમ નથી સાંભળ્યો? બાહ્ય ત્યાગ ત્યારેજ કરી શકાય છે કે જ્યારે આંતર સ્વામિત્વ અથવા આંતર સ્વરાજ્ય પ્રાપ્ત કરાય છે. આ સિવાય બીજો માર્ગ નથી—રસ્તોજ નથી!

नान्यः पन्था विद्यतेऽयनाय ! नान्यः पन्था विद्यतेऽयनाय !

દુનિયામાં ક્રોધનું અસ્તિત્વ શાથી છે? આપણે ઘણાએ બુદ્દસાદાર ઉપદેશો સાંભળીએ છીએ કે, હૃદયની દુર્બળતા રાખવી જોઇએ નહિ; આપણે કહિએ ક્રોધ કરવો જોઇએ નહિ; અને છતાએ વખત આવતાં આપણે આપણી નિર્બળતાને અટકાવી શકતા નથી અને ક્રોધ કરીએ છીએ. એનું કારણ શું? ક્રોધ, વૈર, સ્વાર્થવૃત્તિ, આ બધી પાપવૃત્તિઓ શાથી? વેદાન્ત ઉપર કહેલા સિદ્ધાંતથીજ આ સર્વ પાપના સંબંધમાં ખુલાસો કરે છે. આ બધા પાપોના સંબધમાં અત્યારે ખુલાસો કરવા જેટલો વખત લાગ્યેજ હશે. જો તમારે એ બધા પાપોના સંબંધમાં ખુલાસો જોઇતો હોય તો તમે 'રામ ને મુકામે આવશો તો ઠીક પડશે. ત્યાં એ બધાં પાપ, એનું કારણ અને એ સંબધમા શાસ્ત્રનો શો નિર્ણય છે; એ બધાના સંબંધમાં સારી પેઠે સમાધાન કરી આપવામા આવશે. હમણાં તો બહુજ ટુંક વખત હોવાથી 'રામ' માત્ર સારાશ રૂપેજ કહે છે, અને તમારૂં ધ્યાન ખેંચે છે કે આ બધાં પાપો માત્ર અજ્ઞાનને લઇનેજ છે; કે જે અજ્ઞાન અનાત્મ શરીરમાં અને મનમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ કરાવે છે. આ અજ્ઞાનના ધ્વંસ કરો, એટલે પછી કોઇ પણ જાતનું પાપ રહેવાનુ નથી. બીજા કોઇ પણ ઉપાયથી તમે

તમારાં પાપ દૂર કરવા માગશો તો તે દરેક પ્રયત્ન નિષ્ફળજ જશે. બીજી કોઈ પણ વસ્તુનો નાશ થઈ શકતો હોય કે નહિ, પણ અજ્ઞાનનો તો નિઃશંકપણે નાશ કરી શકાય છે. આપણે અજ્ઞાનને દૂર કરી શકીશુંજ. બાળક જ્યારે જન્મે છે, ત્યારે દુનિયાની ઘણી વસ્તુઓથી અજ્ઞાન હોય છે; પરંતુ જેમ જેમ તે મોટું થતું જાય છે તેમ તેમ ધીરે ધીરે તેનું અજ્ઞાન દૂર થતું જાય છે. તે ઉપરથી પણ કહી શકાશે કે અજ્ઞાન એ દૂર કરી શકાય એવી વસ્તુ છે.

વસ્તુસ્થિતિ આમ હોવાથી જે શક્તિ તમને ક્રોધ કરાવે છે, પાપવૃત્તિ તરફ દોરે છે અને દ્રવ્યસંચય કરવા માટે પ્રેરે છે, તે શક્તિનો નાશ કે નિગ્રહ કરી શકાવાનોજ નથી, એ શક્તિ તો સર્વદા રહેવાનીજ. વેદાંત કહે છે કે એ શક્તિને ધારીશું તો આપણે આત્મામાં પલટાવી શકીશું. એનો દુરૂપયોગ ન કરો, પણ એનો સદુપયોગ કરો. એ શક્તિ તમારા સત્ય સ્વરૂપની છે, એ શક્તિ તમારી અંદર રહેલા આત્માનીજ છે, કે જે આત્મા અપ્રતિમ અને અખિલ બ્રહ્માંડનો અધિપતિ છે.

દરેક જણ મુક્ત થવા ઇચ્છે છે અને દરેકને એ મુક્તિનો ખ્યાલ પ્રિય લાગે છે, એનું કારણ શું ? માત્ર એજ કે તે અપ્રતિમ, ઉચ્ચ અને ઉન્નત સ્થિતિને પામવું એ દરેક મનુષ્યને માટે શક્ય છે; અને જે સ્થિતિને પામવાથી તમે સંપૂર્ણ રીતે મુક્ત થાઓ, તે સ્થિતિને તમે પ્રાપ્ત કરો એવી આત્મશક્તિની પ્રેરણા છે આ સ્થિતિને પ્રાપ્ત કરવાથી તમે અદ્વિતીય અને અપ્રતિમ થાઓ છો; કેમકે તમારૂં સત્ય સ્વરૂપ જે આત્મા તે અપ્રતિમ અને અદ્વિતીય છે. ઐહિક સ્વાર્થવૃત્તિને અને લોભવૃત્તિનો તમે નાશ કરવા માગતા હો તો નક્કી જાણજો કે કદિ પણ તેમ બની શકશે નહિ. તે અનાદિ અને અનંત એવા આત્માની શક્તિનો કેવી રીતે નાશ કરી શકાય ? હા, તમે દરેક વસ્તુનો દુરૂપયોગ કરીને સ્વર્ગને નરક બનાવી શકો ખરા

ઈંગ્લંડના એક ખ્રિસ્તી પાદરીના સંબંધમાં એવી એક વાત છે કે તેણે એક દિવસે મહાન વિજ્ઞાનશાસ્ત્રી ડાર્વિન અને હક્સલીના મૃત્યુ સમાચાર જાણ્યા. આ ઉપરથી તેને વિચાર આવ્યો કે આ પુરૂષો

નરકમાં ગયા હશે કે સ્વર્ગે ? આના સંબંધમાં એને રાત દિવસ ખણ વિચાર આવવા લાગ્યા. તેણે વિચાર્યું કે આ પુરૂષોએ જો કે કોઈ પણ જાતનું પાપ કદિ કર્યું નથી; પણ તેઓ બાઇબલ અને ક્રાઇસ્ટને માનતા નહોતા અને તેથી ખ્રિસ્તી નહોતા, માટે નરકેજ જવા જોઈએ; પરંતુ આવા નિર્ણયથી કંઇ તેનું મન સમાધાન પામ્યું નહિ. તેને પાછા વિચાર આવવા લાગ્યા. તેણે ધાર્યું કે તેઓ ઘણા સારા માણસ હતા અને તેઓએ આ દુનિયામાં ઘણાં સારાં કામ કર્યાં છે; જેથી તેઓને નરકવાસ તો યોગ્યજ નથી. પણ ત્યારે તેઓ ક્યાં ગયા હશે ? આમ વિચારની ગડમથલ કરતો કરતો તે ઉંઘી ગયો એટલે તેને એક વિચિત્ર સ્વપ્નું આવ્યું, કે જાણે પોતેજ મરી ગયો અને તેને સ્વર્ગમાં લઇ જવામાં આવ્યો. જે લોકો સ્વર્ગમાં જાય એવા તેને લાગતા હતા, ને ક્રિશ્ચિયન બંધુઓ દેવળમાં આવતા હતા, તે સર્વેને ત્યાં તેણે જોયા. પછી ત્યાં તેણે વિજ્ઞાનશાસ્ત્રી હક્સલી અને ડાર્વિનના સંબંધમાં પૂછી જોયું તો ત્યાંના દ્વારપાળ અને બીજા વ્યવસ્થાપકોએ જવાબ આપ્યો કે તેઓ તો છેક નીચામાં નીચા નરકમાં ગયા છે.

પછી એ પાદરીએ ત્યાંના વ્યવસ્થાપકને વિનંતિ કરી કે જો તમે મને એ નીચામાં નીચા નરકમાં જવાની આજ્ઞા આપો તો ત્યાં હું તે લોકોની મુલાકાત લઇ આપણા પવિત્ર બાઇબલનો એમને ઉપદેશ કરૂં, અને એમને સિદ્ધ કરી આપું કે બાઇબલના પવિત્ર વચન નહિ માનવાનું તમે જે ઘોર પાપ કર્યું તેનુંજ આ ફળ તમારે ભોગવવું પડે છે. કેટલીક હા ના પછી આખરે એ વ્યવસ્થાપકે તેને નરક સુધી જવાની ટીકીટ કાઢી આપી. સ્વર્ગમા અને નરકમા પણ જવા આવવાની આગગાડીઓ છે, એ સાંભળીને તમને ઘણી નવાઇ લાગશે; પણ એ પાદરી રેલ્વે અને તાર ખાતાની પ્રવૃત્તિમા ઘણો વખત પરોવ્યો રહેતો હતો તેથી તેને સ્વપ્નમાં પણ એવોજ દેખાવ ખડો થાય એમા નવાઇ જેવું નથી.

વારૂ, પછી આ પાદરીએ ફર્સ્ટ ક્લાસની ટીકીટ લીધી. રેલ્વેગાડી ત્યાંથી ઉપડીને ઝપાટાબંધ આગળ ચાલી. વચમા સ્ટેશનો આવતા હતાં, તે ઉંચામાં ઉંચા સ્વર્ગમાંથી નીચામાં નીચા નરકમાં જવાનો હતો તેથી તેને લાગ્યું કે હવે આપણે જેમ જેમ નીચે જતા જઇએ છીએ, તે-

તેમ ખરાબ ને ગંદોબ પ્રદેશ આવતો જાય છે. તે નીચામાં નીચા નરક સ્થાનમાં જઇ પહોંચ્યો ત્યાં તો તેને ભાન પણ રહી શક્યું નહિ. ચારે તરફથી એવી દુર્ગંધ આવતી હતી કે તેને પોતાને નાકે રૂમાલ દેવા પડ્યા; છતાંએ તે મૂર્છિત થઈ જતો હતો. ત્યાં રડારડ, બૂમાબૂમ અને દાંતિયાં કરવાનો ખુબ અવાજ અને ઘોંઘાટ મચી રહ્યો હતો. વળી એ નરક સ્થાનનો દેખાવ પણ એવો હતો કે ચીતરી ચડે. તેનાથી તે જોઇ શકાતું નહિ. આવા અધમ સ્થાનમાં આવવા માટે હવે તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો.

થોડી મિનિટ પછી તો રેલ્વે પ્લેટફોર્મ ઉપર મુસાફરોની જાણની ખાતર "નીચામાં નીચું નરક! ઘોર નરક!" એમ લોકો બૂમ પાડવા લાગ્યા. વળી તે સ્ટેશનની ભીંત ઉપર "નીચામાં નીચું નરક!" એમ કોતરેલું પણ હતું; પણ પેલા ધર્મગુરૂને ઘણો અચંબો લાગ્યો અને દરેક જણને પૂછવા લાગ્યો કેઃ—"આ તે નરક છે કે સ્વર્ગ? આ તો સ્વર્ગજ હોવું જોઇએ." રેલ્વેગાર્ડ અને ડ્રાઇવરે તેને કહ્યું કેઃ—"આ નરકભૂમિજ છે." એટલીવારમાં તો ત્યાં એક માણસ આવ્યો અને તેણે કહ્યું કેઃ—"ચાલો મહેરબાન, નીચે ઉતરી જાઓ, તમારે જ્યાં જવાનું છે તે આજ સ્ટેશન છે."

તે બિચારો નીચે તો ઉતરી ગયો પણ તેને ઘણું આશ્ચર્ય લાગવા માંડ્યું; કારણ કે નરકભૂમિ તે કોઇ નીચામાં નીચું અને અધમમાં અધમ સ્થાન હશે એમ એના મનમાં ખ્યાલ હતો; અને આ તો ઉચ્ચમાં ઉચ્ચ સ્વર્ગભૂમિની પણ સ્પર્ધા કરે એવી ભૂમિ તેને જણાઈ. તે ત્યાંથી રેલ્વે સ્ટેશન છોડી આગળ ચાલ્યો ત્યાં તો સુશોભિત મોટી મોટી લાંબી વાટિકાઓ તેની નજરે પડી. એ વાટિકામાં અનેક જાતનાં સુગંધિદાર ફૂલો ખીલી રહ્યાં હતાં અને સુગંધવાળો મંદવાયુ પણ વાઇ રહ્યો હતો. એટલામાં ત્યાં એક ઉંચા કદાવર ગૃહસ્થનો તેને ભેટો થયો. તેણે તેનું નામ પૂછ્યું અને મનમાં વિચારવા લાગ્યો કે, હવે ના કહે પણ આ માણસને મેં પહેલાં ક્યાંક જોએલો છે. પેલો કદાવર માણસ આગળ ચાલ્યો જતો હતો અને આ તેની પુઠે પુઠે જતો હતો. એટલામાં પેલા કદાવર માણસે તેને બોલાવ્યો, એટલે તે ધર્મગુરૂ નજીક ગયો અને જવું એક બીજાના હાથ મેળવ્યા અને તે ધર્મગુરૂએ તેને ઓળખી

કહાડ્યો. એ કોણ હતો ? એ હકઝલી હતો. તેણે તેને પૂછ્યું:–“આ શું છે ? શું આ નીચામાં નીચું નરક છે ?” હકઝલીએ જવાબ આપ્યો:– “હા, ખરેખર તેજ છે.” પછી તે ધર્મગુરૂએ કહ્યું:–“હું તમને અહીં ઉપદેશ કરવા આવ્યો છું, પણ પ્રથમ તમે મને એ કહો કે મને આ કંઇક જુદુંજ નજરે પડે છે તેનું કારણ શું છે ?” હકઝલીએ જવાબ આપ્યો:–“બરાબર છે, તમારો નરકના સંબંધનો ખ્યાલ કંઈ ખોટો નથી. અમે જ્યારે પ્રથમ અહીં આવ્યા ત્યારે સૌથી ખરાબમાં ખરાબ અને નહિ ઈચ્છવા જોગ સ્થાન તે આ નરકનું સ્થાન હતું.” પછી તેણે તે મહિલા હજી મૂળસ્વરૂપમાં રહેલા કેટલાક ભાગો બતાવ્યા. તે બધા મલીન નરકના કુંડ હતા. તે સિવાય તેણે એક બીજો પણ ભાગ બતાવ્યો; ત્યાં લોખંડના ધગધગતા સ્તંભ હતા. વળી તેણે બીજા કેટલાક ભાગો બતાવ્યા; તે અતિ તપી ગએલાં રેતીનાં મેદાનો અને બાફ મારતા છાણ-લાદ વગેરે ખાતરના ઢગલાઓ હતા.

પછી હકઝલીએ કંઇક પોતાનો વૃત્તાંત કહેવા માંડયો:–“અમને સૌથી પહેલાં પેલા દુર્ગંધવાળા કુંડમાં નાખવામાં આવ્યા; પરંતુ અમે ત્યાં જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી એ કુંડ માંહેનું દુર્ગંધવાળું પાણી ઉલેચી ઉલેચીને પાસેના તપ્ત લોખંડના સ્તંભો ઉપર નાંખતા. આવી રીતે અમે એ કુંડના કાંઠા ઉપર આવેલા લોખંડના સ્તંભો ઉપર એ કુંડ માંહેનું ગલીચ પાણી નાંખ્યાજ કર્યું. ત્યાર પછી ત્યાંના વ્યવસ્થાપકો અમને ત્યાંથી ઉકળતા તેલના કઢાયામાં નાખવા લઇ જવાના હતા; પણ તેમ ન કરતાં તેઓ અમને પેલા તદ્દન ઠંડા પડી ગએલા લોખંડના સ્તંભો પાસે લઇ ગયા કે જે લોખંડના સ્તંભોને અમે હવે સારી પેઠે સ્પર્શ કરી શકતા હતા; છતાં પણ હજી બીજા કેટલાક લોખંડના સ્તંભો ધગધગતી સ્થિતિમાં હતા. ત્યાર પછી અમે ત્યાં જે ઠંડા પડી ગએલા લોખંડના સ્તંભો હતા, તેમાંથી કેટલોક ભાગ લઇ તે તપ્ત સ્તંભો આગળ તેને ધરી ધરીને તેમાથી કેટલાક સાંચા અને ઓજારો બનાવવાને શક્તિમાન થયા. પછી ત્યાંથી તેઓ અમને છાણ હધાર વગેરે ખાતરવાળું જે મેદાન છે, ત્યાં લઇ જવાના હતા. આખરે તેઓ ત્યાં અમને લઇ ગયા; પણ અમે પેલા લોખંડના બનાવેલા યંત્ર અને કોદાળીવતી ત્યાં ખોદકામ ચલાવ્યું.

ત્યાંથીએ વળી એક બીજા નજીકના મેદાનમાં અમને તેઓ લઈ ગયા. પેલાં યંત્ર અને ઓજારો જે અમારી પાસે તૈયાર હતાં તેનાવડે અમે ત્યાં પણ કેટલીક ચીજો નાંખી. એણે અમારી ખાતરની ગરજ સારી; અને આવી રીતે આખરે અમે થોડે થોડે આ નરકભૂમિને આવી સ્વર્ગભૂમિમાં પલટાવી નાખવામાં ફતેહમંદ નીવડયા."

મૂળ મુદ્દાની વાત એ છે કે આ નરકભૂમિમાં જે જોઈએ તે સાધનો તો હતાં, પણ તેની યોગ્ય યોજના કે વ્યવસ્થા ન હતી. માત્ર તે સાધનોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી તેથીજ આ નીચામાં નીચી નરકભૂમિ ઉચ્ચમાં ઉચ્ચ દિવ્ય સ્વર્ગભૂમિ બની ગઈ છે.

વેદાંત કહે છે કે આજ પ્રમાણે દિવ્ય અને સત્ય આત્મવસ્તુ, તેમજ મિથ્યા અને અસત્ય અનાત્મવસ્તુ બન્ને તમારી અંદરજ છે; પરંતુ તેનો તમે દુરૂપયોગ કરેલો છે. તમે એને ઉલટ સુલટ કરી નાખીને ઉલટી રીતે વાપરો છો. ઘોડાને ગાડીની આગળ જોડવો જોઈએ તેના બદલામાં તમે ગાડીને ઘોડા આગળ જોડો છો અને આવી રીતે તમે આ દુનિયાને નરકભૂમિ બનાવી દો છો. તમારે કોઈ પણ વસ્તુને નિર્મૂળ કરવાની જરૂર નથી. આ તમારો મહત્વાકાંક્ષી સ્વભાવ, આ તમારું સ્વાર્થીપણું, આ તમારો ક્રોધી સ્વભાવ અને આવી બીજી કેટલીક વૃત્તિઓ કે જે નરક સમાન છે, તેનો તમે નાશ નહિ કરી શકો; પરંતુ માત્ર તેની તમે શુભ વ્યવસ્થા કરી શકશો. તેની યોગ્ય વ્યવસ્થા અને સદુપયોગ કરો તો આ નરકને પણ તમે પરમ સ્વર્ગધામમાં પલટાવી શકશો. વેદાંત કહે છે કે આ જગતમાંથી પાપ અને દુઃખનો નાશ કરી નાખવા માટે માત્ર એકજ રસ્તો છે,—ઉદાસીન અને સમગ્ર વર્તન રાખવાથી એ વસ્તુસ્થિતિમાં કાંઈ પણ ફેરફાર થઈ શકવાનો નથી,—એ બધા પાપમાંથી મુક્ત થવાનો—બધા વિકારને—બધા પ્રયોજનને દબાવવાનો માત્ર એક જ માર્ગ છે; અને તે માર્ગ તે તમારા સત્ય સ્વરૂપ આત્માને જાણવો તેજ છે. તમે તમારા સ્વરૂપને તમને પોતાને ઓળખ્યા નથી ત્યાંસુધી તમે વિષયવૃત્તિઓ ઉપર કદિ પણ જય મેળવી શકવાના નથી. જ્યારે તમે તમારા સત્ય આત્મસ્વરૂપને જાણ્યો, ત્યારેજ તમે સર્વ વિષયવૃત્તિઓનો નિગ્રહ કરી શકશો; એટલુંજ

નહિ પણ સર્વથા મુક્ત થઇ દુઃખની અત્યંત નિવૃત્તિ અને પરમ સુખની નિત્ય પ્રાપ્તિ થશે; અને એજ પરમ સ્વર્ગ છે. ૐ

(" પાપનું નિદાન અને તેની પરીક્ષા " એ નામથી આનું આજ ભાષણ સ્વામીજી તરફથી " ધી ગોલ્ડન ગેટ હોલ સાનફ્રાન્સીસ્કો " નામના સ્થળમાં ઇ. સ. ૧૯૦૨ ડીસેમ્બરની ૨૦ મી તારીખે ફરીથી આપવામાં આવ્યું હતું. એમાંના ઉત્તમ ઉત્તમ ભાગો કે જે પૂર્વ ભાષણના અનુસંધાન રૂપે છે, તે જુદા ન આપતાં આ વિષયની નીચે આપવામાં આવે છે. સંપાદક)

જેવી રીતે જળકુકડી મલીન સરોવરમાં રહે છે તોપણ તે સરોવરના પાણી કે કાદવથી તેનાં પીછાં ભીંજાતાં કે મેલાં થતાં નથી; તેવીજ રીતે વેદાન્ત કહે છે કે, હે મનુષ્ય ! તારામાં એવી કોઇ એક વસ્તુ છે કે જે સ્વભાવસિદ્ધ નિર્મળ અને નિર્લેપ હોઇને તારા શરીરના દોષ, પાપ અને દુર્બળતાથી તે વસ્તુ કેવળ અબાધ્ય છે ! આ પ્રમાદ અને પાપની દુનિયામાં પણ તે કેવળ નિષ્પાપ અને નિર્મળ છે ! ત્યારે હવે ભૂલ ક્યાં થાય છે ? વાસ્તવિક રીતે નિષ્પાપપણું એ સત્ય-પવિત્ર સ્વરૂપ-આત્માનો ધર્મ છે; પરંતુ તે ધર્મને ભ્રમથી આપણે શરીરમાં લગાડીએ છીએ, શરીર અને મન નિષ્પાપ અને નિર્દોષ છે એ વિચાર કોણે લોકોના હૃદયમાં પ્રેર્યો હશે ? કોઇ સેતાને કે બહારના પિશાચે આ વિચાર તમારા હૃદયમાં પ્રેર્યો નથી, પણ તેને પ્રેરનારૂં કારણ તમારી અંદરજ છે. કારણ હમ્મેશાં સ્વયં કાર્યની અંદરજ હોવું જોઇએ. એક પદાર્થનું કારણ બીજાજ પદાર્થમાં આરોપિત કરવાના દિવસો હવે ચાલ્યા ગયા. ચાલતાં ચાલતાં એ કોઇ પણ માણસ પડી જતો તો તેના પડી જવાનું કારણ કોઈ ભૂત કે પ્રેતમાં આરોપિત કરવામાં આવતું, પરંતુ હવે સૃષ્ટિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન આવા સમાધાનને કબુલ રાખતું નથી. કારણ તો આપણે એ કાર્યમાંજ શોધવું જોઇએ. આપણે જાણીએ છીએ કે શરીર પાપ અને દોષથી ભરપૂર છે, છતાં આપણે પોતાને નિર્દોષ અને નિષ્પાપ ગણીએ છીએ, તેનો શો ખુલાસો હશે ? વેદાંત કહે છે કે કોઇ પણ બહારના સેતાનનો આશ્રય લઇને આનું સમાધાન આપશો નહિ. કોઇ પણ બહારના ભૂત પ્રેતનો દોષ ગણીને આનો ખુલાસો કરશો નહિ. એનું કારણ તમારી અંદરજ છે. પવિત્રમાં પવિત્ર વસ્તુ તમારી અંદરજ છે. નિર્મળમાં નિર્મળ અને નિષ્પાપમાં

નિષ્પાપ એવી કોઈ એક વસ્તુ તમારી અંદર છે કે જેનું અસ્તિત્વ આપણને આપણો આત્મા પ્રતીત કરાવે છે. આપણું શરીર ગમે તેટલું પાપ અને દોષવાળું હોય તોપણ એથી આપણા સત્યસ્વરૂપને જરી પણ બાધ આવે એમ નથી. તેની સત્તા તે સત્ય સ્વરૂપ આત્માનું નિષ્પાપ પણું તો સદા કાયમજ રહેવાનું. તેનો નાશ કરી શકાય એમ નથી.

હવે આપણે જુદી જુદી જાતનાં પાપ અને તેનાં ભિન્નભિન્ન સ્વરૂપ કેવાં છે તે તપાસીએ.

એ બધામાં "ખુશામત" એ પ્રથમ નંબરે આવે છે. જો કે આ પાપ મહા પાતકમાં ગણાતું નથી તોપણ તે છે તો બધેજ વ્યાપેલું. આનું શું કારણ હશે કે ક્ષુદ્ર જંતુથી માંડી ઠેઠ બ્રહ્મા પર્યંત સૌને ખુશામત પ્રિય છે? દરેક જણ ખુશામતના દાસ કેમ છે? દરેક જણને પોતાની પ્રશંસા, વાહ વાહ, શાબાશી મેળવવાની અભિલાષા હોય છે; દરેક જણ પોતાના સંબંધમાં ઉંચો મત કરાવવા ઇચ્છા રાખે છે; આનું શું કારણ હશે?

જ્યારે તમે વહાલથી અને પ્રેમથી કોઈ એક શ્વાનની પીઠ ઉપર હાથ ફેરવી તેને થાબડો છો; ત્યારે તે શ્વાન પણ આનંદમાં આવી જઈને પોતાની પુંછડી હલાવી ગેલ કરે છે. આવી રીતે શ્વાનને પણ ખુશામત પ્રિય છે. ઘોડાઓને પણ ખુશામત ગમે છે. જ્યારે કોઇ એક ઘોડાનો માલિક પોતાના ઘોડાની પીઠ ઉપર હાથ ફેરવી પ્રેમથી તેને પંપાળે છે, ત્યારે તે ઘોડો તરત પોતાના કાન ઉંચા કરી ટટાર થઈ જાય છે.

હિંદુસ્તાનમાં કેટલાક રાજાઓ શિકાર કરવા માટે શિકારી કૂતરાને બદલે વાઘ પાળે છે. એ વાઘની શિકાર કરવાની એવી રીત હોય છે કે જો ત્રણ ફલંગમાં શિકાર પકડાયો તો ઠીક છે, નહિ તો નિરૂત્સાહ બનીને ત્યાંજ બેસી જાય છે. આવે પ્રસંગે રાજા ત્યાં આવી તે વાઘની પીઠ ઉપર હાથ ફેરવી તેને ખૂબ થાબડે છે, એટલે તે પાછો ટટાર થઇ જાય છે આવી રીતે વાઘને પણ ખુશામત પ્રિય હોય છે. હવે કોઈ નિર્માલ્ય માણસનો દાખલો લ્યો. એની પાસે જઈ તેને જરા માન આપી વખાણો, એટલે તરતજ તેનો ચહેરો આનંદથી પ્રફુલ્લિત થઇ જશે અને ગાલ ઉપર લાલી જણાઇ આવશે.

જે દેશોની અંદર દેવતાઓને પૂજવાનો ચાલ છે, ત્યાં આપણે સાંભ-

છીએ છીએ કે દેવતાઓ પણ પોતાની પ્રશંસા અને સ્તુતિથી પ્રસન્ન થાય છે; એકેશ્વરવાદીની પ્રાર્થનામાં પણ શું હોય છે? તેમનાં સ્તોત્રો કેવાં હોય છે? નિષ્પક્ષપાતપણે તપાસશો તો તમને જણાશે કે તેમાં પણ ખુશામત અને પ્રશંસા સિવાય બીજું કશું હોતું નથી. આવી રીતે વિશ્વમાં સર્વત્ર ખુશામતનું અસ્તિત્વ હોવાનું કારણ શું? સર્વને ખુશામત પ્રિય છે; પરંતુ એવો એકે માણસ જણાતો નથી કે, જેટલી પ્રશંસા તેને પ્રિય લાગે છે તેટલી પ્રશંસાને તે લાયક હોય! વેદાંત આનું એવું સમાધાન કરે છે કે, વસ્તુતઃ તમારી અંદર કોઇ એવી વસ્તુ રહેલી છે કે જે એષમાં બેઇ હોઈને પોતાના અસ્તિત્વની પ્રતીતિ કરાવી રહી છે. દરેક મનુષ્યમાં તે સત્ય સ્વરૂપ આત્મા વિરાજી રહ્યો છે, કે જે આત્મા મહાનમાં મહાન અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. જ્યારે કોઈ પ્રશંસા કરનાર આપણી પાસે આવી આપણી પ્રશંસા કરવા માંડે છે, આપણા ગુણ ગાવા લાગે છે, ત્યારે આપણે ખુશ ખુશ થઈ જઈએ છીએ; તેનું કારણ કાંઈ તે પ્રશંસા સત્ય હોવાનું નથી, વેદાંત કહે છે કે તમારા ખુશ થવાનું કારણ તમારી પોતાની અંદરજ રહેલું છે—તમારા પોતાના આત્મામાંજ તે છે. તમારી ઇંદ્રિયોની પાછળ કોઈ એક વસ્તુ છે, કોઈ એક મહાન શક્તિ છે, કોઈ એક કૂટસ્થ—અવિનાશી—મહાનમા મહાન અને શ્રેષ્ઠમા શ્રેષ્ઠ વસ્તુ છે કે જે તમારૂં સત્ય સ્વરૂપ યાને આત્મા છે, અને જે આ સર્વે જાતની પ્રશંસા અને વખાણને યોગ્ય છે અ તમારો આત્મા એવો તો મહાન છે કે કોઈ પણ પ્રશંસા, કોઇ પણ વખાણ, કોઈ પણ મહિમા, એ સત્ય સ્વરૂપ આત્માને માટે પુરતા થઇ શકે એમ નથી આ ઉપરથી તમે એવો અર્થ ન કરશો કે 'રામ ખુશામતને ઉત્તેજન આપે છે 'રામ' કદિ ખુશામતને ઉત્તેજન આપે એમ નથી ખુશામત, પ્રશંસા અને મહિમા, એ સર્વ સત્ય સ્વરૂપ આત્માને નહિ જ શોભે તેમ છે ક્ષુદ્ર શરીરને તે શોભતાજ નથી આપણા આ મર્યાદિત શરીરને અર્થે તે નજ થવાં જોઇએ "જે સીઝરનું હોય તે સીઝરને અને ઈશ્વરનું હોય તે ઈશ્વરને આપો' સીઝરનું ઈશ્વરને અને ઈશ્વરનું સીઝરને આપવાની ભૂલ કરવી તેમાંજ પાપ રહેલું છે એકનું બીજાને આપવામાંજ આપણને ખુશામતના દાસ થવાનું પાતક લાગે છે આમ કરવા

આપણે ગાડીની આગળ ઘોડો ઉભો રાખવાને બદલે ઘોડાની આગળ ગાડીને ઉભી રાખીએ છીએ. જો તમે તમારૂં સ્વરૂપ ઓળખો, જો તમે મહાનમાં મહાન અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ સાથે એકરૂપ થાઓ અને એજ તમારો આત્મા છે એવું જાણો, તો તમારા શરીર અને મનથી પર થઇને તમે ખરેખર મહાનમાં મહાન અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ થશો; તમેજ તમારા આદર્શ બનશો; એટલુંજ નહિ પણ તમેજ તમારા પોતાના ઈશ્વર થશો. આનો તમે સ્વાનુભવ કરો એટલે તમે મુક્ત થઇ જશો. સત્ય સ્વરૂપ આત્માનો મહિમા શરીરમાં આરોપિત કરવામાં અને પછી તે શરીરની પ્રશંસા કરવામાંજ આપણી ભૂલ થાય છે. અહીંજ ભૂલ થાય છે.

કોઈ એક ગૃહસ્થે 'રામ' પાસે આવીને કહ્યું કે "મહેરબાન આમ જુઓ, અમારા ધર્મના અનુયાયીઓની તેમજ બીજાના ધર્મમાંથી અમારા ધર્મમાં આવેલાઓની સંખ્યા સર્વ કરતાં અધિક છે, તેથી અમારોજ ધર્મ દુનિયામાં સર્વથી શ્રેષ્ઠ છે. અમારા ધર્મને માનનારાઓની મોટી સંખ્યા હોવાથી તેજ સર્વ કરતાં શ્રેષ્ઠ હોવો જોઈએ." રામે જવાબ આપ્યો: "ભાઇ તમે જરા બરાબર તપાસ કરીને કહો તો ઠીક પડે. તમે સેતાનને માનો છો?" તેણે હા પાડી. રામે કહ્યું: "ઠીક ત્યારે તમારા ધર્મને માનનારાઓની મોટામાં મોટી સંખ્યા છે કે સેતાનને માનનારાઓની? સંખ્યાની અધિકતાથીજ સત્યનો નિર્ણય થતો હોય, તો તમારા બધા કરતાં સેતાનનીજ શ્રેષ્ઠતા વધારે કહેવાય."

આપણે કહીએ છીએ કે અભિમાન અને દંભ, કે જેને તમે ભલે સેતાનનું મુખ કહો, તેણે આ દુનિયામાં દરેકે દરેક મનુષ્યને ઘેરી લીધો છે. આ શાથી? વળી તેની સાથે એ પણ આપણે જાણીએ છીએ કે આ શરીર કોઇ પણ જાતનું અભિમાન અથવા કોઈ પણ જાતના દંભને માટે યોગ્ય નથી; તોપણ દરેક જણ અભિમાન અને દંભ કરે છે તેનું શું કારણ? વિશ્વમાં સર્વ ઉપર અમલ ચલાવનારી આવી વસ્તુ કયાંથી આવી? આવો સર્વત્ર વિરોધાભાસ અને અસત્યાભાસ કયાંથી આવ્યો? એ તમારી પોતાની અંદરથીજ આવવું જોઇએ, એનું કારણ બહાર શોધવાનું નથી. તમારી અંદર કોઇ એક શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તત્ત્વ છે કે જે તમારૂં પોતાનું સત્ય સ્વરૂપ છે; તેને તમારે ઓળખવાનું અને જાણવાનું છે. જ્યારે તમે તમારા સત્ય

સ્વરૂપને ઓળખશો અને જાણશો; જ્યારે તમે તમારા સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરશો, ત્યારે તમે આ ક્ષુદ્ર શરીરની મહત્તા મેળવવાને ખાતર વલખાં નહિ મારો, પછી તમે આ ક્ષુદ્ર શરીરને માટે દંભ કરવાનું કદિ પસંદ નહિ કરો. જો તમે તમારા સત્ય સ્વરૂપને જાણશો, જો તમારા હૃદયને તેના તરફ ફેરવશો, તો તમેજ તમારા પોતાના ઉદ્ધારક બનશો. જો તમે તમારા અંતરમાં રહેલા પ્રભુનો–તમારા પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરશો, તો પછી આ અલ્પ અને ક્ષુદ્ર શરીરનો મહિમા વધારવો અને તેનાં વખાણ સાંભળવાં એ તમને અધમમાં અધમ લાગશે; એટલુંજ નહિ પણ એ તમારી જાતને અધમ કરનારૂં અને લાંછન લગાડનારૂં જણાશે; અને પછી તમે શારીરિક દંભ અને અભિમાનથી પર થશો. શારીરિક દંભ અને અભિમાનથી પર થવાનો રસ્તો આજ છે.

તમારી અંદર વિરાજી રહેલો આત્મા–તમારૂં સત્ય સ્વરૂપ એ મહાનમાં મહાન, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને દેવનો પણ દેવ હોવાથી તે પોતાનો સ્વભાવ કેવી રીતે છોડી શકે ? એ આત્મા પોતે એક ક્ષુદ્ર જંતુ અને દીન છે એવું તે કેવી રીતે માને ? તે એવા ઘોર અજ્ઞાનમાં પોતાનું કેવી રીતે પતન કરે ? કદિ પણ તે પોતાનો સ્વભાવ તજી શકવાનો નથી, અને આથીજ આખા વિશ્વમાં સર્વત્ર દંભ અને અભિમાન દીઠામાં આવે છે. આવી રીતે સમાધાન કરીને હું કંઈ દંભ અને અભિમાનને ઉત્તેજન આપવા માગતો નથી; કેમકે શરીરને માટે દંભ અને અભિમાન કરવાનું કોઈ પણ રીતે યોગ્ય નથી.

આપણે જાણીએ છીએ કે પૃથ્વી ફરે છે પણ સૂર્ય ફરતો નથી, છતાં પણ આપણે ભ્રમમાં પડીએ છીએ અને પૃથ્વીની ગતિ સૂર્યમાં અને સૂર્યની સ્થિરતા પૃથ્વીમાં આરોપિત કરીએ છીએ. માન અને બડાઈના ભૂખ્યા લોકો પણ આવીજ જાતની ભૂલ કરે છે. તેઓને પણ આજ જાતની ભ્રાંતિ થાય છે. જહીં સૂર્યની જગ્યાએ સૂર્યનો પણ સૂર્ય અને જ્યોતિનો પણ જ્યોતિ એવો આત્મા છે કે જે આત્મા સદા અચળ અને સર્વ મહિમાના કારણરૂપ છે, અને પૃથ્વીની જગ્યાએ આપણું શરીર છે, કે જે દરેક ક્ષણે ફર્યા કરે છે, વિકાર પામ્યા કરે

છે અને કોઈ પણ જાતના મહિમા અને પ્રશંસાને પાત્ર નથી. આવું છતાં આત્માનો મહિમા શરીરમાં આરોપણ કરવાની અને શરીરના વિકારાદિ ધર્મ સત્ય સ્વરૂપ આત્મામાં કલ્પવાની આપણે ભૂલ કરીએ છીએ. આ ભૂલ, આ ભ્રાંતિ, આ અજ્ઞાનજ આ ક્ષુલ્લક શરીરનું અભિમાન વધારવાનું કારણ છે. આ અજ્ઞાનને સેતાન કહી શકાય, અને જો તે સેતાનને અજ્ઞાનની માફક વસ્તુઓને સ્થાનાંતર કરવાનુંજ કાર્ય હોય, તો આપણે એમ કહી શકીએ કે આ સેતાનજ આ જગતમાં આવીને આત્માનો ધર્મ શરીરમાં અને શરીરનો ધર્મ આત્મામાં આરોપાવીને સર્વને ભ્રાંતિ કરાવે છે. આ અજ્ઞાનને દૂર કરો! આ અજ્ઞાન રૂપી સેતાનનો ધ્વંસ કરો એટલે તમારો દંભ અને અભિમાન આપોઆપજ નાશ પામશે.

લોભ, તૃષ્ણા અને સંગ્રહ કરવાની લાલસા આ દુનિયામાં સ્ત્રી, પુરૂષ અને પશુ એ દરેકમાં જ્યાં ત્યાં બધે શાથી હશે વારૂ? પોતાની આસપાસની દરેક વસ્તુ મેળવવાની તૃષ્ણા કોઈની પુરી પડતી નથી. જેમ જેમ તમે વધારે ને વધારે વસ્તુઓ પ્રાપ્ત કરતા જાઓ છો, તેમ તેમ તમારી તૃષ્ણા પણ વધારેજ વધતી જાય છે. તૃષ્ણાને વધારે ને વધારે પોષણ મળતું જાય છે. જો તમે રાજા થાઓ તો તમારી તૃષ્ણા પણ રાજા થાય છે; અને જો તમે ગરીબ થાઓ તો તમારી તૃષ્ણા પણ ગરીબ થાય છે. આખી દુનિયામાં ચારે તરફ સર્વત્ર એનું આવું સામ્રાજ્ય શાથી હશે? ક્રિશ્ચિયનોના દેવળોમાં, હિંદુઓનાં મંદિરોમાં અને મુસલમાનોની મસ્જીદોમાં ધર્મોપદેશકો "ભાઈઓ, તૃષ્ણા ન કરશો, લોભ ન કરશો" એવા લાખો ગમે ઉપદેશો આપે છે; તેઓ તે તૃષ્ણાને દબાવી દેવાને માટે, તેને નિર્મૂળ કરવા માટે બનતું બધું કરે છે; પરંતુ તૃષ્ણા તો વધતી ને વધતીજ રહે છે એનું શું કારણ છે? આ દર્દને નિર્મૂળ કરવાનો વિચાર કરતા પહેલા, તેનું કારણ આપણે જાણવું જોઈએ. કાલ્પનિક ઉપાયો ચાલી શકશે નહિ.

વેદાંત આવો એવો ઉપદેશ કરે છે કે, હે માનવ, તમારી અંદર પોતાનું અવિનાશી નિજ [illegible] એવું સત્સ્વરૂપ આત્મા વિરાજી રહ્યો છે, એનો કદિ વિનાશ થઈ શકે એમ નથી. વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે કોઈ પણ વસ્તુનો નાશ થઈ શકતો નથી, વેદાંત પણ એવો એવોજ ઉપદેશ કરે છે કે હે

પદેશકો, હે ન્યાયાધીશો, હે ક્રિશ્ચિયનો, હે હિંદુઓ, હે મુસલમાનો, મે આ તૃષ્ણાના રૂપમાં જણાતી શક્તિનો કદિ નાશ કરી શકો એમ નથી. નાદિ કાળથી સૃષ્ટિના સર્વ ધર્મો, લોભ, સ્વાર્થીપણું વગેરેની વિરૂદ્ધમાં બોધન કરી રહ્યા છે; પરન્તુ તમારા વેદ, બાઇબલ અને કુરાન એને દૂર રી શક્યાં નથી. એનો કોઇ પણ નાશ કરી શકે એમ નથી. માત્ર તેને પલ-ળી તેનો સદુપયોગજ કરી શકાય એમ છે. વેદાન્ત કહે છે કે હે જગ-ના માનવીઓ, તમે ભૂલ કરો છો, તમે ઈશ્વર એવો ત્રણ અક્ષરવાળો રમ પવિત્ર શબ્દ લ્યો, એ શબ્દને ઉંધી રીતે વાંચો, એમાં શો ફેરફાર ય છે? પવિત્રમાં પવિત્ર જે "ગૉડ" (ઈશ્વર) શબ્દ છે તેને તમે અવળી રીતે વાંચો છો, અવળી રીતે સમજો છો અને આવી રીતે ખરે ર તમે પાપ "ડૉગ" (શ્વાન) બનો છો, પરન્તુ વાસ્તવિક રીતે જોતા તમે પવિત્ર ગૉડ (ઈશ્વર) જ છો આત્માનો ધર્મ શરી-મા અને શરીરનો ધર્મ આત્મામાં આરોપણ કરવાની ભૂલ [illegible] તમે તૃષ્ણા [illegible] છો આ ભૂલ અને અજ્ઞા ને તમે દૂર કરો એટલે પછી તમે અજર અમર એવા ઈશ્વર સ્વરૂપજ બનશો [illegible] આત્માને ઉદ્ધારો, તમે દૃઢ આત્મનિષ્ઠ બનો તમે પવિત્રમાં પવિત્ર સાક્ષી ના પણ સાક્ષી [illegible] અને [illegible] ના સ્વામી [illegible] એવા યથાર્થ અનુભવ [illegible] પછી ભૌતિક પદાર્થના [illegible] કરવાની તમને કદિ [illegible] નહિ

[illegible]

દુનિયામાં કોઇને પણ પોતાનો હરીફ ગમતો નથી તેનું શું કારણ ? દરેક જણને સ્વતંત્ર માલિક થવાની ઇચ્છા શા માટે હોય છે ? "હું જે કંઈ નિહાળું છું તે સર્વનો અધિરાજ છું. દુનિયામાં એવો કંઈ પણ પદાર્થ નથી કે જે મારા હક્ક સામે વાંધો ઉઠાવે."

પ્રત્યેક જણને આવી ઇચ્છા હોવાનું કારણ શું ? આ કઠિન અને વિચારણીય પ્રશ્નનો વેદાંત એવો ખુલાસો કરે છે કે, હે મનુજ ! તારી અંદર एकमेवाद्वितीयम् એવો જે આત્મા રહેલો છે, તે અપ્રતિમ હોઇ દુનિયામાં તેનું કોઈ પણ પ્રતિસ્પર્ધી નથી. અજ્ઞાન અને ભ્રાંતિથી એ અદ્વિતીય આત્માનું એકપણું અને મહિમા આપણા શરીરમાં કલ્પવામાં આવે છે. આથીજ હું એકલો અને કોઈ પણ પ્રતિસ્પર્ધી વગરનો રહું, એવું દરેકનું સ્વાભાવિક વલણ હોય છે.

હવે આપણે બીજાં પાપોનો ખુલાસો કરવાની જરૂર નથી, કારણ કે વેદાંત બધાં પાપોનો આવીજ રીતે ખુલાસો કરે છે. મહાપાતકનું પણ તે આવીજ રીતે સમાધાન કરે છે. અજ્ઞાન કે જે આત્મા અને અનાત્મામાં ભ્રાંતિ કરાવે છે; તેને દૂર કરવું એજ માત્ર આ સર્વ સામાન્ય અને મહાપાપોનો ક્ષય કરવાનો ઉપાય છે.

કોઇ માણસ પેટના અને આંખના એમ બે જાતના દરદથી પીડાતો હતો. તેની દવા કરાવવા માટે તે એક ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટરે તેનું દરદ તપાસી તેને બે જાતની દવાના પડીકાં આપ્યાં. આંખમાં નાખવા માટેનું પડીકું ચીનું અને ગંધકની તેજાબીઆ ગુરમનું હતું કે જે એક જાતનું ઝેર છે. બીજું પડીકું ખાવા માટેનું હતું તે મરી મસાલા વગેરે ચૂર્ણનું હતું. આ માણસને આંખમાં નાખવાનું પડીકું ફાકી જવાનું પડીકું કર્યું, તેનું ભાન ન રહેવાથી તેણે જે ખાવાનું હતું તે આંખમાં નાખી દીધું, અને આંખમાં નાખવાનું હતું તેને તે ફાકી ગયો. પરિણામ એ આવ્યું કે તે આંખે આંધળો થઈ ગયો અને દરદ પણ વધી ગયું.

લોકોમાં પણ એવુંજ થાય છે; દુનિયામાં જે રૂપ દેખાય છે તેના અસ્તિત્વનું પણ ભાન કરવું છે નહીં આપણી અંદર રહેલો જ્યોતિનો પણ જ્યોતિ એવો આત્મા છે તે

કહે છે કે, “ હે મનુષ્ય, તારી અંદર એવી કોઈ એક વસ્તુ છે કે જે વાસ્તવિક રીતે અવિકારી, અવિનાશી અને સર્વદા એકજ સ્વરૂપે છે, માત્ર ભ્રાંતિથીજ તમારા સત્યસ્વરૂપ આત્માનો અવિકારી સ્વભાવ તે તમારા વિકારી સ્વભાવવાળા શરીરમાં આરોપવામાં આવે છે, આજ એનું કારણ છે. તે ભ્રાંતિ અને અજ્ઞાનનો ધ્વંસ કરો એટલે પછી તમે સદાને માટે વિષયાનુરાગથી મુક્ત થશો. ”

વારૂ, ત્યારે આલસ્ય અને જડતાનું કારણ શું હશે ? વેદાંતના સિદ્ધાં પ્રમાણે તમારા દરેકની અંદર વિરાજી રહેલો તમારો સત્ય સ્વરૂપ આત્મ સંપૂર્ણ રીતે અચળ અને શાંત છે, એજ આલસ્ય અને જડતા સર્વ હોવાનું કારણ છે. એ સત્ય સ્વરૂપ આત્મા અપરિમિત હોવાથી તેને ગ નથી; અપરિમિત વસ્તુને ગતિ હોઇ શકે પણ નહિ. આ એક વર્તુલ અહીં પાસું એક બીજું વર્તુલ છે. જ્યાં આ છે ત્યાં બીજાં નથી અ જ્યાં બીજું છે ત્યાં આ નથી, એક બીજા એક બીજાનું અસ્તિત્વ મય દિત કરે તો બન્ને પરિમિત થાય. જો આપણે કોઈ વર્તુલને અપરિમિ બનાવવું હોય તો તેનો સર્વત્ર ઘેરાવો આવવો જોઇએ. પછી તેમાં બી કોઇ પણ નાના વર્તુલ માટે અવકાશ રહેશે નહિ. જો કોઇ પણ વર્તુ એને પરિચ્છિન્ન કરે તો તે વર્તુલ કદિ અપરિમિત કહી શકાયજ ન જો વર્તુલને અપરિમિત બનાવવું હોય તો તે એકજ હોવું જોઇએ. તે સિવાય તેની બહાર બીજું એકે વર્તુલ હોવું જોઇએ નહિ. તેની બ બીજું એકે વર્તુલ ન હોવાથી એવું એકે સ્થળ નથી રહેતું કે જે અપરિમિત વર્તુલથી વ્યાપ્ત ન હોય. આવી રીતે અપરિમિત વસ્તુને કે પણ જાતનો અવકાશ ન હોવાથી તેને સ્થાનાંતર રહેતું નથી. અપરિ વસ્તુમા કોઇ પણ જાતનો વિકાર પણ નજ હોઇ શકે. આપણી અ વિરાજી રહેલો આપણો સત્ય સ્વરૂપ આત્મા અપરિમિત છે; અને સંપૂર્ણ રીતે અચળ અને શાંત છે. તેમા કોઇ પણ જાતની ગતિ નથી. કોઇ પણ જાતની ક્રિયા નથી. વસ્તુસ્થિતિ આમ હોવાથી આપણા આત્મ અપરિમિતપણું, શાંતપણું, અક્રિયપણું, અજ્ઞાનથી આપણે આપણા શ રને લગાડીએ છીએ અને તેથી આપણા શરીરમાં આલસ્ય અને જડ આપણને ભાન થાય છે. દુનિયામાં સર્વત્ર આલસ્ય અને જડતા હો કારણ આજ છે.

દુનિયામાં કોઇને પણ પોતાનો હરીફ ગમતો નથી તેનું શું કારણ ? દરેક જણને સ્વતંત્ર માલિક થવાની ઇચ્છા શા માટે હોય છે ? "હું જે કંઈ નિહાળું છું તે સર્વનો અધિરાજ છું. દુનિયામાં એવો પણ પદાર્થ નથી કે જે મારા હક્ક સામે વાંધો ઉઠાવે."

પ્રત્યેક જણને આવી ઇચ્છા હોવાનું કારણ શું ? આ દર્શન અને પારસીય પ્રશ્નનો વેદાંત એવો ખુલાસો કરે છે કે, હે મનુજ ! તારી દર एकमेवाद्वितीयम् એવો જે આત્મા રહેલો છે, તે 'અપ્રતિમ' હોઇ બ્રહ્માંડમાં તેનું કોઈ પણ પ્રતિસ્પર્ધી નથી. અજ્ઞાન અને ભ્રાંતિથી એ અદ્વિતીય આત્માનું એકપણું અને મહિમા આપણા શરીરમાં કલ્પવામાં આવે છે. આથીજ હું એકલો અને કોઇ પણ પ્રતિસ્પર્ધી વગરનો રહું, એવું દરેકનું સ્વાભાવિક વલણ હોય છે.

હવે આપણે બીજાં પાપોનો ખુલાસો કરવાની જરૂર નથી, કારણ કે વેદાંત બધાં પાપોનો આવીજ રીતે ખુલાસો કરે છે. મહાપાતકનું પણ તે આવીજ રીતે સમાધાન કરે છે. અજ્ઞાન કે જે આત્મા અને અનાત્મામાં ભ્રાંતિ કરાવે છે; તેને દૂર કરવું એજ માત્ર આ સર્વ સામાન્ય અને મહાપાપોનો ક્ષય કરવાનો ઉપાય છે.

કોઇ માણસ પેટના અને આંખના એમ બે જાતના દરદથી પીડાતો હતો. તેની દવા કરાવવા માટે તે એક ડૉકટર પાસે ગયો. ડૉકટરે તેનું દરદ તપાસી તેને બે જાતની દવાના પડીકાં આપ્યાં. આંખમાં નાખવા માટેનું પડીકું ચીનું અને ગંધકની મેળવણીના સુરમાનું હતું કે જે એક જાતનું ઝેર છે. બીજું પડીકુ ખાવા માટેનું હતું તે મરી મરચાં વગેરે ચૂર્ણનું હતું. આ માણસને આંખમા નાખવાનું પડીકું કયું અને ફાકી જવાનું પડીકું કયું, તેનુ ભાન ન રહેવાથી તેણે તો ખાવાનું હતું તે આંખમાં નાખી દીધું; અને આંખમા નાખવાનું હતું તેને તે ફાકી ગયો. પરિણામ એ આવ્યું કે તે આંખે આંધળો થઈ ગયો અને જઠર પણ બગડી ગયું.

લોકોમાં બધે આવુંજ ચાલે છે, દુનિયામા જે પાપ દીઠામાં આવે છે તેના અસ્તિત્વનું પણ આજ કારણ છે. અહીં આંખની જગ્યાએ તમારી અંદર રહેલો જ્યોતિનો પણ જ્યોતિ એવો આત્મા છે; અને

પેટની જગ્યાએ તમારૂં શરીર છે, આત્માને અર્થે જે કરવાનું તે
રને અર્થે અને શરીરને અર્થે જે કરવાનું છે તે આત્માના અર્થે
વામાં આવે છે, આત્માના ધર્મ શરીરમાં અને શરીરના ધર્મ
આરોપિત કરવામાં આવે છે; દરેક વસ્તુ ઉભી ચતી કરી નાખવા
આવી છે; દરેક વસ્તુના વાસ્તવિક જ્ઞાનની ભ્રાંતિ થઇ ગઈ છે; દુનિય
જે કાંઈ પાપ દીઠામાં આવે છે તેનું અસ્તિત્વ આને લીધે છે. વસ્તુ
સુલટી કરો એટલે તેની સાથેજ તમે પણ સુલટા થઇ જશે
તમારો વાસ્તવિક ઉત્કર્ષ થશે; અને તમે દેવના પણ દેવ બનશે

આવી રીતે તમારી અંદર પ્રત્યેક વસ્તુ છે, પરંતુ આત્માને ની
અને શરીરને ઉપર કરી નાખવામાં આવ્યું છે; અને પરમ સ્વર્ગને નર
બનાવી દેવામાં આવ્યું છે. તમે દરેક વસ્તુને સુલટી કરો એટ
પછી ઘોરમાં ઘોર અને નિંદ્યમાં નિંદ્ય પાપ પણ રમ્ય અ
પવિત્ર રૂપ ધારણ કરશો. તમારી દૃષ્ટિને સુલટી કરો એટલે ત
પરમ મહેશ્વર સ્વરૂપ બનશો.

ઈશ્વરને નહિ માનનારા એક ગૃહસ્થે "ઈશ્વર કોઈ પણ ઠેકાણે નથી
એવી રીતે ચારે તરફ પોતાના ઘરની બધી દીવાલો ઉપર લખ્યું હતું
તે અનીશ્વરવાદી–નાસ્તિક હતો. તેનો ધંધો વકીલાતનો હતો. એ
દિવસે એક અસીલ આવ્યો અને પોતાના કેસના સંબંધમાં કેટલી
વાતચીત કર્યા બાદ તેણે તે વકીલને ૫૦૦ ડૉલર આપવા માંડયા. વકીલે
તે લેવા ના પાડી અને કહ્યું કે, હું તો ૧૦૦૦ ડૉલર લઇશ. અસીલે
કહ્યું:–એક હજાર તો એક હજાર, પણ કેસ જીત્યા પછી આપીશ અને
જો ૫૦૦ ડૉલર લેવા કબૂલ કરતા હો તો હું હમણાંજ આપી દઉં
વકીલને તે કેસમાં જીતવાની સંપૂર્ણ ખાત્રી હતી, તેથી તેણે કેસ જીતાય
પછીથી ૧૦૦૦ ડૉલર લેવાના કબૂલ કરીને તે કેસ પોતાના હાથમાં લીધો
પોતે કેસ બરાબર સમજી ગયો છે, એવી દૃઢ માન્યતાથી તે કોર્ટમાં
ગયો. તે કેસના મુદ્દાને બરાબર ધ્યાનપૂર્વક વિચારીને ગયો હતો; પરંતુ
પ્રતિવાદીના વકીલે એવું તો એક કાયદાનું–ઝીણું પૉઇન્ટ કાઢ્યું કે અંતે
તે કેસ જીતી શક્યો નહિ. આથી જે ૫૦૦ ડૉલર મળવાના હતા તે
પણ તેને મળ્યા નહિ. આથી તે ઉત્સાહભંગ થઈ ખિન્ન સ્થિતિમાં ઘેર

પાસે આવી મશ્કરી કરીને બોલ્યો કે, બહુ લાંબો નિબંધ લખી થાકી ગયો છે, તેને માટે મને બહુ લાગી આવે છે. બાયરને તે હાથમાં પેન લઇ પરીક્ષાપત્રમાં એકજ વાક્ય લખી દીધું. પરીક્ષાનું પરિણામ બહાર પડ્યું, ત્યારે તે નિબંધનું ઇનામ બાયરન, જેણે એકજ વાક્ય લખી કાઢ્યું હતું તેને. સુપરિન્ટેન્ડન્ટ કે જે બાયરનને એક એદી છોકરો ગણતો હતો, તેને ઇનામની વાત જાણીને ઘણીજ નવાઇ લાગી. ઇનામને માટે જે બીજા ઉમેદવાર વિદ્યાર્થીઓ હતા, તેમણે બાયરનનો નિબંધ કલાસમાં વાંચી જવાને પોતાના પરીક્ષકને વિનંતિ કરી. તે નિબંધમાં બાયરને શું લખ્યું હતું ? " ધિ વૉટર સૉ હર માસ્ટર ઍન્ડ બ્લશ્ડ." "જળદેવીએ પોતાના સ્વામીને જોયો અને તેના મુખ ઉપર સુરખી છવાઇ રહી." ક્રાઇસ્ટના ચમત્કારમાં આજ રહસ્ય હતું કે જેઓવડે તેણે પાણીનું દારૂમાં રૂપાન્તર કરી નાખ્યું હતું. બાયરનનો આખો નિબંધ તે આજ હતો. ખરેખર આપણને આ એક નવાઇ જેવું નથી લાગતું ? જ્યારે કોઇ પણ સ્ત્રી પોતાના પ્રિય પતિનો સાદ સાંભળે છે તેને જુએ છે, ત્યારે તેના મુખ ઉપર સુરખી છવાઇ રહે છે, તેમ દેવીએ પોતાના સ્વામીનું મુખ જોયું અને તેણીના મુખ ઉપર સુરખી છવાઇ રહી; અર્થાત્ પાણી લાલ મદિરા બની રહ્યું; આ એનો ભાવાર્થ છે. આ નિબંધ ઉત્તમ ખરો કે નહિ ?

વળી તમારી અંદર રહેલા તમારા સત્ય સ્વરૂપને જાણો. આટલું " પિતા અને પુત્ર એક છે " એવી પ્રતીતિ કરો. " સૃષ્ટિના આદિકાળમાં શબ્દ હતો અને તે શબ્દ તે સરજનહાર પ્રભુની સાથે હતો," આનો તમે સ્વાનુભવ કરો. " સ્વર્ગનું પણ સ્વર્ગ તમારી અંદર રહેલું છે, " તેને એક વાર અનુભવી ખાત્રી કરો; એટલે પછી કોઇ મકાનમાં મીઠન જળાશય પણ તમારે માટે અમૃતનું સરોવર બનશે; દરેક કારાગૃહ તમારે માટે ઉત્તમોત્તમ સ્વર્ગધામ બનશે; તમને કોઇ પણ જાતની મુશ્કેલી કે હરકત નડશે નહિ અને તમે આ સર્વ વિશ્વના નિયંતા બનશો.

१०—आपणुं सत्य स्वरूप.*

ઓ અને સજ્જનોના સ્વરૂપમા સર્વશક્તિમાન જગદીશ્વર !
આ એક માણસના સ્વપ્નમા એવી કલ્પના છે કે તેણે
જાયો ગુમાવ્યો અને તેને માટે તેને બહુજ યત્ન કરવુ પડ્યું
મધ્ય નિદ્રાએ ત્યજી દીધો તેની બધી ઉત્પત્તિ પણ જતી
ને ઘણી ... પ્રકાર. સ્થિતિમા આવી ઓ જ્યારે જાગ ...
... માણસ પડછાયાને પકડે પાવાનુ સ્વરૂપ ... ગુમાવે છે,
... તમે શુ ધારશો ? પડછાયો ગુમાવનારના નજરમા તો
પણ આશા છે, પરંતુ જે માણસ પાને પોતાનુ ખરૂ સ્વરૂપ-
... ગુમાવે છે, તેના સ્વપ્નમા ... ?
... મોટે ... આવું ... છ ... ઘેર ... પર
, ... સ્વરૂપ ... ગુમાવ્યું ... પરમ આશ્ચર્ય છે !
... માન પ ... , ... અને આ મા એ ...
પ ... પ ... દરે ... પનાના પ ... ના ... સ્વપ્નમા
શરીર ... જીએ ... પ નુ પાતના
... સ્વપ્નમા ... અને ... મનુષ્યો
શુ ... ? તમે તમારા પોતાના સ્વરૂપને ભુલીને ... લાકની
તોપેલુ તે ના ... ? ... વિશ્વન ... ત ...
... પરંતુ પાતનો આત્મા ... ર
તે પોતાનુ સ્વરૂપ તો ... આવતું નથી ! ... ગુમાવવામા
... કે ધારેલા ? ... ગુમાવનાર આવ્યો ... શરીર
... અને ... આત્મા ... આપણુ સત્ય ... છે
... ...

સ્વારજ ગુમાવવામાં આવ્યો છે; અને તો છે જ. દરેક જણ આ માટે તો જરીએ જરી માહિતી આપશે; પરંતુ આપણને તો સ્વાની આત્માની-આપણા સત્ય સ્વરૂપની માહિતીની જરૂર છે. આ તત્ત્વનિર્ણયને માટે આખા જગતના વિદ્વાનો પુષ્કળ પ્રયત્ન કરી રહ્યા. આ ઘણોજ ગંભીર વિષય છે અને એક કલાક જેટલા ટુંક વખતમાં એને ન્યાય આપવો એ દુર્ઘટ છે; તોપણ તેને દૃષ્ટાંત અને વાર્તાદ્વારા જેમ બનશે તેમ આપણે સરળ કરીશું.

આ વિષય એક વખત ૧૫, ૧૬ વર્ષની વયના એક યુવકને સમજાવવામાં આવ્યો હતો અને તે યુવક ટુંક સમયમાં તે બરાબર સમજી પણ ગયો હતો. જો એક ૧૫, ૧૬ વર્ષનો યુવક આ વિષય સમજી શક્યો, તો પછી તમે તો આ વિષય સમજશો જ. પણ માત્ર તે જવાને અર્થે તમારે પુરતું લક્ષ આપવું પડશે. તે નાના કુમારને સમજાવવા માટે જે પદ્ધતિ સ્વીકારવામાં આવી હતી, તેજ પદ્ધતિથી આજે પણ તે સમજાવવામાં આવશે.

એક વખત પર્વત ઉપર 'રામ' ની પાસે એક રાજકુમાર આવ્યો અને પ્રશ્ન પૂછયો:-"સ્વામીજી, ઈશ્વરનું સ્વરૂપ શું છે?" 'રામે' કહ્યું:—"આ એક એવો વિષય છે કે જેની દરેકે દરેક તત્ત્વજ્ઞાની ઋષિ મુનિ અને દરેકે દરેક ધર્મ શોધ કરે છે; અને તમારે તો તે ટુંક સમયમાં આ જાણવાની જીજ્ઞાસા છે. પ્રિય કુમાર! તમે ઈશ્વર શું છે, એ જાણવાની ઈચ્છા રાખો છો? એની મુલાકાત લેવા માગો છો? પણ નિયમ એવો છે કે, જ્યારે કોઈ મોટા માણસની મુલાકાત લેવાની હોય ત્યારે આપણે આપણું પરિચયપત્ર (પશ્ચિમની પદ્ધતિએ મળવા જનાર ગૃહસ્થ પોતાના નામઠામનું છાપેલું "વિઝિટિંગ કાર્ડ" મોકલાવે છે તે) પ્રથમ મોકલાવવું જોઇએ; માટે તમારે પણ તમારા નામ ઠામવાળું એક પત્તું ઈશ્વરને મોકલાવવું જોઇએ. તમારા નામ ઠામવાળું પત્તું તમે મને આપો; હું તે ઈશ્વરને હાથોહાથ આપીશ એટલે ઈશ્વર તમારી મુલાકાત લેશે અને તે ઈશ્વરનું સ્વરૂપ તમને સમજાશે." તે રાજકુમારે કહ્યું:-"સ્વામીજી, આપનું કહેવું યથાર્થ છે. હું મારૂં નામ ઠામ આપને જણાવું છું." "હિંદુસ્તાનના ઉત્તર વિભાગમાં હિમાલય પર્વત ઉપર

અમુક રાજા રાજ્ય કરે છે તેનો હું કુમાર છું અને અમુક મારૂં નામ છે." આવી રીતે તેણે એક કાગળની ચીઠી ઉપર લખી કાઢયું. એ ચીઠી 'રામે' લીધી અને વાંચી જોઇ. તે ચીઠી ઈશ્વરને ન પહોંચાડતાં તે કુમારનેજ પાછી આપવામાં આવી અને તેને કહેવામાં આવ્યું કે, "હે કુમાર, તમે શું છો તે જ તમે જાણતા નથી! એક અજાણ્યું માણસ તમારા પિતાજીને મળવા માગે છે પરંતુ પોતાનું નામ ઠામ લખી શકતો નથી; એના જેવા તમે છો. શું તમારા પિતાજી એને મળશે? તમે પણ તમારૂં નામ લખી શકતા નથી. તમને ઈશ્વર કેવી રીતે મળે ? પહેલાં તમે કોણ છો તે બરાબર જણાવો, ત્યાર પછી જ ઈશ્વર આવીને તમને ભેટશે."

આ સાંભળી કુમારે મનમાં ખૂબ વિચાર કર્યો અને પછી તેણે કહ્યું:– "સ્વામીજી, હવે હું બરાબર સમજ્યો. મારૂં નામ લખવામાં મેં ભૂલ કરી છે. મેં મારા આ પંચમહાભૂતના સમૂહરૂપ શરીરનું જ નામ લખ્યું છે; મારૂં જે ખરૂં સ્વરૂપ તેનું નામ મેં લખ્યું નથી."

કુમારની પાસે ઉભેલા તેના એક અનુચરને આ કંઇ સમજાયું નહિ; તેથી કુમારને કહેવામાં આવ્યું કે, "આ તમારો અનુચર તમારી વાત સમજ્યો નથી; તેથી તમારા કહેવાનો ભાવ તેને તમે બરાબર સમજાવો." કુમારે પોતાના માણસને પ્રશ્ન કર્યો કે, 'વારૂ ફલાણાભાઇ, આ કાઠી કોનું છે?' તે અનુચરે કહ્યું:–"તે મારૂં છે." તે કુમારે તે અનુચરની લાકડી પોતાના હાથમાં લઇ પાછો તેને પ્રશ્ન કર્યો કે, "આ લાકડી કોની છે?" તેણે જવાબ આપ્યો.–"તે મારી છે." "વારૂ, આ તમે પહેર્યો છે તે સાફો કોનો છે?" તે માણસે જવાબ આપ્યો કે, "તે મારો છે." કુમારે કહ્યું:–"બહુ સારૂં; જ્યારે આ સાફો તમારો છે, ત્યારે આ સાફો અને તમારી વચ્ચે અમુક જાતનો કાંઇક સબંધ છે. આ સાફો એ તમારી મિલકત છે અને તમે એ સાફાના માલિક છો, ત્યારે તમે સાફો તો નહિ જ." તેણે કહ્યું:–"ખરેખર, એ તો દેખીતું જ છે." "વારૂ, આ સીસાપેન તમારી છે, એના માલિક તમે છો અને તમે એ સીસાપેન નથી." તેણે કહ્યું.–"હા તેમજ છે." "સારૂં" એમ કહીને કુમારે પોતાના અનુચરના કાન પકડયા અને તેને પાછો સવાલ પૂછયો કે, "આ કાન

કોના છે ?" અનુચરે જવાબ આપ્યોઃ-"તે મારા છે." કુમારે કહ્યું:-"બહુ સારૂં; એ કાન તમારા છે, એ કાનના માલિક તમે છો અને તેથી તે કાન તમે નથી. વારૂ, કાનની માફક આ નાક પણ તમારૂં છે; અને તે તમારૂં છે તેથી તે નાક પણ તમે નથી." તે હજુરીઆના શરીર તરફ હાથ કરીને કુમારે કહ્યું:-"આવીજ રીતે આ આખું શરીર કોનું ?" તે અનુચરે જવાબ આપ્યોઃ-"આ શરીર પણ મારૂં છે." "ભાઈ જ્યારે આ શરીર તમારૂં છે ત્યારે તમે તો શરીર નહિજ; અને તમે તે શરીર નજ હોઈ શકો, કારણ કે તમે કહો છો કે આ શરીર મારૂં છે, આ કાન મારા છે, આ માથું મારૂં છે, આ હાથ મારા છે. આવું તમારૂં કહેવું જ બતાવી આપે છે કે, તમે કંઇ જુદીજ વસ્તુ છો; અને કાન, હાથ, આંખ એ ઈંદ્રિયોવાળું શરીર તે પણ કંઇ જુદીજ વસ્તુ છે. આ શરીર એ તમારૂં છે અને તમે આ શરીરવાળા શરીરી છો. શરીર એ તમારા પહેરવાના વસ્ત્ર સમાન છે અને એ શરીરરૂપી વસ્ત્રના તમે માલિક છો. શરીર એ તમારો અશ્વ છે અને તમે એ અશ્વના સ્વાર છો. ત્યારે હવે, તમે શું છો એ વિચારો." પેલો અનુચર આટલા સુધી આ બધું બરાબર સમજી ગયો, અને કુમારને એક કાગળના ટુકડામાં પોતાનું નામ ઠામ લખી આપવાનું કહેવામાં આવતાં તે કુમારે પોતાનું ખરૂં નામ લખી આપવાને બદલે પોતાના શરીરનું નામ લખી આપ્યું એ કુમારે ભૂલ કરી હતી; એ પણ બરાબર સમજી ગયો. હવે પાછું કુમારને પૂછવાનું શરૂ કરવામાં આવ્યું:-"જ્યારે તમે શરીર નથી, તમે કાન નથી, તમે આંખો નથી, એવું કંઇ પણ તમે નથી, ત્યારે તમે શું છો ?" કુમારે એક વિચાર કરીને જવાબ આપ્યોઃ-"હા બરાબર ! હું શરીર તો નહિજ, પણ હું મન છું, હું શરીરને ચલાવનારૂં જે મન, તે મનજ હોઇ શકું." પાછું એ કુમારને પૂછવામાં આવ્યું કે, "આ તમે કહો છો તે બરાબર છે ?"

"વારૂ તમારા શરીરમાં કેટલાં હાડકાં છે તમે કહી શકશો ? આજ બપોરમાં જે કંઇ તમે અન્ન ખાધું, તે તમારા શરીરમાં હાલ શું થઇ ગયું છે તે જણાવી શકશો ?" કુમાર કંઈ જવાબ આપી શક્યો નહિ પણ એણે કબૂલ્યું આ સઘળું નીકળ્યા-"મારી બુદ્ધિનો એમાં પ્રવેશ નથી મેં

માનસશાસ્ત્ર કે શરીરશાસ્ત્ર વાંચ્યું નથી, તેથી આ વિષયને મારી બુદ્ધિ સમજી શકે એમ નથી. મારૂં મન એનું ગ્રહણ કરી શકતું નથી.” તે કુમારને પાછો બીજો પ્રશ્ન કરવામાં આવ્યોઃ-“ હે પ્રિય કુમાર! હે વત્સ! તમે તમારા કહેવાથી કબૂલ થઈ જાઓ છો કે, બુદ્ધિ પણ તમારી છે અને મન પણ તમારૂં છે. વારૂ, જો બુદ્ધિ એ તમારી છે, તો એ બુદ્ધિ પણ તમે નથી અને જો મન એ તમારૂં છે, તો તે મન પણ તમે નથી, ત્યારે હવે તમે શું છો ? મહેરબાની કરીને ચોક્કસપણે વિચાર કરો અને તમે શું છો તે જણાવો. તે જાણવામાં આવશે ત્યારેજ ઈશ્વરનું તમને દર્શન થશે.”

કુમારે ખૂબ વિચાર કર્યો પરંતુ કંઇએ ગમ પડી શકી નહિ, તેથી તેણે કહ્યુ.-“સ્વામીજી! આમા મારી બુદ્ધિ જરીએ ચાલતી નથી, મારૂં મન એમા લવલેશ ગતિ કરી શકતું નથી.”

આહા! આ શબ્દો કેવા યથાર્થ છે! ત્યાં આત્મા પાસે એ મન કે બુદ્ધિ કોઇએ જઇ શકતુ નથી સત્ય સ્વરૂપ આત્મા-ઈશ્વર એ મન, વાણી અને બુદ્ધિથી પર છે.

પછી તે કુમારને કહેવામા આવ્યુ કે-“તમે થોડીવાર એકાન્તમાં બેસી તમને જેટલુ તમારી બુદ્ધિથી સમજાયુ હોય, તેટલાનું શાંત ચિત્તે બરાબર મનન કરો હું શરીર નથી, હું મન નથી, એમ જો તમને યથાર્થ લાગતું હોય તો તે નિશ્ચયને તમે બરાબર દૃઢ કરો અને તેને અનુસરીનેજ તમારૂં આચરણ રાખીને તેનો પ્રત્યક્ષ અનુભવ કરો “ હું શરીર અને મનથી પર છુ ” એટલુ જ સત્ય જો તમને સમજાયુ હોય, અને માત્ર તેટલુ જ જો તમે તમારા વર્તનમા મૂકશો, તો અનેક જાતની ચિંતા, ભય અને રાગદ્વેષ વગેરેથી તમે મુક્ત બની જશો શરીર અને મનના પ્રદેશમાંથી એવી રીતે જ્યારે તમે તમારી જાતને ઉંચે લઇ જશો, ત્યારે એ બધીજ બલાઓ તમારી કેડ છોડી જશે, અને તમારા સર્વ ઉદ્વેગ અને શોક લય પામી જશે.”

ત્યાર પછી તે કુમારને “તે પોતે શુ છે” તેની પ્રતીતિ કરાવવાને કંઇક મદદ કરવામા આવી, અને પાછો તેને પ્રશ્ન કરવામા આવ્યો કે – “ભાઇ કુમાર, આજ સવારમાં તમે શા શા કામ કર્યા તે જરા જણાવશો ?”

તેણે કહેવા માંડ્યું; "હું વહેલો પરોઢીઆમાં ઉઠ્યો; પછી નહાઈ ધોઇને સંધ્યાવંદનાદિ નિત્ય કર્મ કર્યું; નાસ્તો કર્યો; કેટલુંક વાંચ્યું; કેટલાક પત્રો લખ્યા; કેટલાક મિત્રોને ઘેર જઈ તેમની મુલાકાત લીધી; મારે ત્યાં આવેલા મિત્રોનો મેળાપ કર્યો અને પછી અહીં આપના દર્શને આવ્યો."

ફરી તે કુમારને પૂછવામાં આવ્યું:-"બસ આટલું જ? જરા વધારે વિચારી જુઓ કે તમે આથી વધારે કામ નથી કર્યાં?" તેણે પાછું વિચારી જોઇને બીજાં કેટલાંએક કામો કરેલાં તે પાછાં જણાવ્યાં. તેને ફરીથી કહેવામાં આવ્યું કે:-"હજી પણ બધાં કામો તમે કહ્યાં નથી, હજી બીજાં ઘણાં બાકી છે; તમે આ સિવાય બીજાં પણ હજારો કામ કર્યાં છે; હજારો તો શું પણ લાખો અને અસંખ્ય કર્મો કર્યાં છે; અને તે છતાં તે તમે કહેતા નથી એ યોગ્ય નથી. તમે શું શું કર્યું તે બધું જ મહેરબાની કરીને જરીએ જરી જણાવો."

પોતે કહેવા ઉપરાંત બીજાં પણ અસંખ્ય કામો પોતે કર્યાં છે; એવા અજબ શબ્દો સાંભળીને કુમારને ઘણો જ અચંબો લાગ્યો; અને તેણે કહ્યું કે, "સ્વામીજી, આપને કહી બતાવ્યાં તે ઉપરાંત મેં એકે કામ કર્યું નથી."

તે કુમારને પૂછવામાં આવ્યું:—"આ સ્વામી તરફ કોણ જોઈ રહ્યું છે?" તેણે કહ્યું:-"હું." "અને આ પડખે ગંગા નદી વહે છે, તેના સામું પણ તમેજ જોઈ રહ્યા છો ને?" તેણે કહ્યું:-"હા, હુંજ જોઇ રહ્યો છું." "વારૂ, તમે નદી અને સ્વામીનું મુખ એ બન્ને જુઓ છો, પણ આંખની અંદર રહેલા છ સ્નાયુઓને કોણ પ્રેરે છે? તમે જાણો છો કે જ્યારે આપણે જોઇએ છીએ ત્યારે આંખના છ સ્નાયુઓ ક્રિયા કરે છે? તે ક્રિયા કરવાને તેમને કોણ પ્રેરે છે? બહારનો કોઈ બીજો તો તેને પ્રેરનાર નજ હોઇ શકે."

કુમારે જવાબ આપ્યો:—"હુંજ તેને પ્રેરૂં છું; બીજો પ્રેરનાર નજ હોઇ શકે."

"વારૂ કુમાર, હમણાં આ પાણું કોણ જોઈ રહ્યું છે? વળી આ ચર્ચામાં ધ્યાન કોણ આપી રહ્યું છે?" કુમારે જવાબ આપ્યો:-"તે પણ

કુનો હું જ." "વારૂ, તમે જોઇ પણ રહ્યા છો અને ચર્ચામાં પણ ધ્યાન આપી રહ્યા છો; તો વળી તમારા એ બોલવાનાં તુંતુઓને કોણ ચલાવી રહ્યું છે? આજ સવારમાં નાસ્તો કોણે કર્યો?" તે કુમારે કહ્યું: "એ કામો કરનાર કરાવનાર પણ હુંજ"

તે કુમારે આટલા સુધી કબૂલ કર્યા પછી પાછું તેને કહેવામાં આવ્યું કે, "જે કંઇ આ ચર્ચા થઇ, તેના ઉપર વળી પણ આપણે થોડોક વિચાર કરીએ. જે ખાધેલા અન્નનું પાચન થાય છે, તે પાચન થવામાં હજારો ક્રિયાઓનો સમાવેશ થયેલો છે. પ્રાણવાયુ મિશ્ર કરવાની ક્રિયા ચાલે છે; ત્યાર પછી લોહી તૈયાર થાય છે; પછી તે લોહી રક્તવાહિનીઓમાં વહે છે; પછી તે ખાધેલું અન્ન સ્નાયુ, હાડ, માંસ, કેશ વગેરેમાં રૂપાન્તર પામે છે; શરીર વૃદ્ધિ પામવાની અને એવી બીજી પણ ઘણીએ ક્રિયાઓ. શરીરમાં એક સાથે ચાલી રહેલી હોય છે; અને આ બધી ક્રિયાઓનો અન્નને પાચન કરવાની ક્રિયા સાથે સંબંધ રહેલો હોય છે. જે વખતે. તમે અન્ન ખાધું, તે વખતે જે શ્વાસોચ્છ્વાસ થતા હતા તેનું કારણ પણ તમેજ છો; તમારી નસોમાં જે લોહી વહે છે, તેનું કારણ પણ તમેજ છો; તમારા શરીરમાં જે વાળ ઉગીને વૃદ્ધિ પામે છે, તેનું કારણ પણ. તમેજ છો અને તમારૂં શરીર જે વિકાસ પામે છે, તેનું કારણ પણ તમે ને તમેજ છો. જુઓ, પ્રત્યેક ક્ષણે એક સાથે તમે કેટલી બધી ક્રિયાઓ—કેટલાં બધાં કામો કરી રહ્યા છો?"

આ સાંભળી કુમાર વિચારમાં પડયો અને છેવટે બોલ્યો કે; "સ્વામીજી! આપનું કહેવું યથાર્થ છે. ખરેખર આ શરીરમાં હજારો ક્રિયાઓ થઇ રહી છે, કે જેને મારી બુદ્ધિ જાણતી સુદ્ધાં પણ નથી અને જેના સંબંધમાં મારૂં મન કેવળ અજ્ઞાનમાં છે. આ સર્વે ક્રિયાઓનો કરનાર હું જ હોવા છતાં મેં આટલાંજ કામો કર્યાં એવું જે કહ્યું, તે મારી ભૂલ છે."

હજી પણ કંઇક વિશેષ સ્પષ્ટ કરવાની જરૂર છે. આ તમારા શરીરમાં મુખ્ય બે જાતની ક્રિયાઓ થઇ રહી છે. એક ઐચ્છિક અને બીજી અનૈચ્છિક છે. ઐચ્છિક ક્રિયાઓ એને કહેવામાં આવે છે કે જે ક્રિયાઓ મન અને બુદ્ધિપૂર્વક કરવામાં આવે છે. અર્થાત્ વાંચવું, ચાલવું, ન-

કરવી, ખાવું, પીવું વગેરે ક્રિયાઓ ઐચ્છિક છે. આ સિવાય બીજી પણ હજારો એવી ક્રિયાઓ છે કે, જે આપણી ઇચ્છા વગર અર્થાત્ મન અને બુદ્ધિની સહાયતા વગર જ થયાં જાય છે. દાખલા તરીકે શ્વાસોચ્છ્વાસ લેવા, શરીરની નસોમાં લોહીનું વહેવું, વાળ ઉગવા, વગેરે વગેરે. આને અનૈચ્છિક ક્રિયાઓ કહે છે.

મન અને બુદ્ધિદ્વારા ઐચ્છિક રીતે થાય તેજ ક્રિયાઓ માત્ર 'અમે કરીએ છીએ' એમ કહેવામાં અને માનવામાં લોકો દેખીતી ભૂલ કરે છે. બાકીની જે ક્રિયાઓ મન અને બુદ્ધિ સિવાય એમને એમ અનિચ્છાથી થયા કરે છે, તેને તો તદ્દન બાજુએ જ મૂકવામાં આવે છે. તેઓ તે ક્રિયાઓને પોતાના કામોમાં ગણતા નથી અને ભૂલથી પોતાના આત્માને પોતાના સમર્યાદ મનમાં મર્યાદિત કરી દઇને-પોતાના અનંત સ્વરૂપને પોતાની સમર્યાદ બુદ્ધિરૂપ ગણી લઇને-લોકો પોતાને હાથે જ કંગાલ અને દુઃખી બને છે! લોકો કહે છે કે; "ઈશ્વર અમારી અંદર વસી રહ્યો છે." બહુ સારૂં, આખા સ્વર્ગનું સામ્રાજ્ય તમારી અંદર છે; પરંતુ નાળિયેરના ટોપરા જેવો અંદરનો સારરૂપ પદાર્થ તમારી અંદર છે તે તમે છો; પણ ઉપરનાં છોડાં તમે નથી. જરા મહેરબાની કરીને વિચાર કરી જુઓ! તમે તે ટોપરારૂપી આત્મા છો કે કાચલીરૂપી શરીર છો? જે તમારી અંદર વસી રહેલો છે, તે તમે છો કે બાહ્ય છોતરાં તે તમે છો?

કેટલાકો કહે છે કે, "અરે સાહેબ, અમે ખાઇએ છીએ અને કુદરત તેને પચાવી દે છે." ન્યાય, સત્ય અને સ્વતંત્રતાને ખાતર તમે જરા વિચારી જુઓ કે, તમે તે કુદરત છો કે તમે તે કેવળ શરીર છો? તે કુદરત અને પરમાત્મા તે તમે જ છો. જો તમે તમારા ખ્યાલો તમારી પહેલાંની માન્યતા અને વહેમોને ત્યાગ કરી આ વિષયના સંબંધમાં વિચારશો અને તાત્પર્ય જોશો, તો તમને સમજાશે કે વસ્તુની અંદર રહેલો ગર્ભ અને સમસ્ત કુદરત તે તમેજ છો.

ઘણે ભાગે તમારા માંડેલા બધા મારી દલીલનું તાત્પર્ય સમજ્યા હોવા જોઇએ; પરંતુ તે રાજકુમાર હજી તે બરાબર સમજ્યો નહોતો. તે કુમારે કહ્યું:-"સ્વામીજી, હું આટલું તો બરાબર સમજ્યો છું કે "બુદ્ધિ અને મન કરતાં તો હું કંઇક જુદોજ છું." આ વખતે આ

રાજકુમારનો પેલો અનુચર કે જે ત્યાંજ નજીકમાં બેઠો હતો તેણે કહ્યું:— "પણ સાહેબ, આપ જેટલું સમજ્યા છો, એટલું મને જરા સ્પષ્ટ રીતે સમજાવવાની કૃપા કરશો? કારણ કે હજી સુધી હું તે લોકોને એવું સમજી શક્યો નથી." પછી તે નોકરને પૂછવામાં આવ્યું કે, "તમે જ્યારે પથારીમાં જઇ ઉંઘી જાઓ છો ત્યારે તમે જીવતા હો છો કે મરણ પામો છો?" નોકરે કહ્યું:—"મરણ પામતો નથી, જીવતો રહું છું." "ત્યારે તે વખતે તમારી બુદ્ધિ અને મનનું શું થાય છે?" તેણે જવાબ આપ્યો:—"તે ત્યાંનાં ત્યાં હોય છે અને તેને લીધે અનેક જાતનાં સ્વપ્નાં હું ત્યાં અનુભવું છું." "વારૂ પણ જે વખતે તમે ગાઢપણે ઉંઘી જાઓ છો અને સ્વપ્નું સરખું પણ આવતું નથી; તે વખતે તમારી બુદ્ધિ અને મન ક્યાં જાય છે?"

તેણે વિચાર કરીને કહ્યું કે:—"તે અવસ્થામાં મન કે બુદ્ધિ ત્યાં રહેતાં નથી." "વારૂ, મન કે બુદ્ધિ તો ત્યાં રહેતાં નથી; પરંતુ તે અવસ્થામાં તમે તો રહો છો કે નહિ?" તેણે જવાબ આપ્યો:—"હું તો રહું છું જ, તે ગાઢ નિદ્રાવસ્થામાં પણ મારૂં અસ્તિત્વ તો કાયમ રહે છેજ." "વારૂ, જરા આગે જુઓ. ગાઢ નિદ્રાવસ્થામાં મન કે બુદ્ધિ રહેતાં નથી, તેનું કારણ એ છે કે તે અવસ્થામાં મન અને બુદ્ધિને ખુંટીએ મૂકેલા વસ્ત્રની માફક એક બાજુએ મૂકેલાં હોય છે અને તમે એકલાજ કાયમ હો છો. તે અનુચરે કહ્યું:—"આનો ભાવાર્થ હું હજી પણ બરાબર સમજી શક્યો નથી"

તે અનુચરને કહેવામા આવ્યુ કે, "વારૂ, જ્યારે તમે ઉંઘમાંથી ઉઠીને કહો છો કે આજ રાત્રે મને બરાબર ઉંઘ આવી સ્વપ્નું સરખું પણ આવ્યુ નથી અને એવી ઉંઘ વહાલું વાઇ ગયું." તેણે કહ્યું:— "હા એમ કહું છુ ખરો." "વારૂ, હવે આપણે જરા આગળ ચલાવીએ આ બાબત પદ્ધતિ બાકિ છે, બરાબર લક્ષ આપજો. ઉંઘમાંથી ઉઠીને તમે જે કહો છો કે આજ તો ઉંઘમાં કશું પણ જણાયું જ નથી, એ તમારૂં કહેવું અસત્ય છે. કોઈ માણસ એમ કહે કે ફલાણી વખતે ફલાણે ઠેકાણે કોઇ પણ માણસ ન હતો એ મેં મારી નજરે જોયું છે, તેના જેવું જ તમારૂં કહેવું અસત્ય છે. કારણ કે ત્યાં કોઇએ માણસ

એમ જાણવા માટે ઓછામાં ઓછો તે વખતે તે પોતે તો ત્યાં હાજર હતો જ, ”

“ આવી રીતે ગાઢ નિદ્રામાં માતા, પિતા, ઘર કે કશુંએ નહોતું એ વાત ખરી; પરંતુ તમે તો ત્યાં હતાજ. કારણ કે તમે જો ન હોત તો “ મને જરી સ્વપ્ન સરખું એ આવ્યું નથી.” “ મને કશુંએ જણાયું જ નથી” આવો અનુભવ અમને કોણ કહેત ? એ ઉપરથી સમજાય છે કે તમે મન અને બુદ્ધિથી કંઇક જૂદીજ વસ્તુ છો. તમારૂં મન અને બુદ્ધિ એ વખત ઉંઘી ગયાં હતાં, પણ તમે જાતે તો જાગૃત જ હતા. જો તમે ઉંઘી ગયા હોત તો શરીરની નસે નસમાં લોહીને કોણ ફેલાવત, તેમજ જઠરની પાચન ક્રિયાને કોણ ચલાવત ? શરીરની વૃદ્ધિક્રિયા કોણ કાયમ રાખત ? વાસ્તે તમે તો કોઇ એવી વસ્તુ છો, કે જે કદિએ ઉંઘતી જ નથી. બુદ્ધિ અને મન જ ઉંઘે છે; તમે ઉંઘતા નથી, પણ જાગૃત રહો છો. મન, બુદ્ધિ અને શરીરથી પર એવી તમે કોઇ જૂદીજ વસ્તુ છો.”

આ વખતે કુમાર બોલી ઉઠયો કે, “સ્વામીજી, સ્વામીજી, હવે હું એ બરાબર સમજી ગયો છું કે હું કોઇ એક દિવ્ય અને અનંત શક્તિ છું કે જે કોઇ દિવસ ઉંઘતી નથી, તેમજ તેમાં કોઇ દિવસ ફેરફાર થતો નથી. મારી બાલ્યાવસ્થામાં મારી બુદ્ધિ, મન, શરીર અને વિચાર હમણાંના કરતાં તદ્દન જૂદીજ જાતનાં હતાં. પણ હું તો તેનો તેજ હતો. અવસ્થાઓની ફેરફારીમાં મન બુદ્ધિ વગેરેજ ફેરવાય છે અને હું તો જેવો ને તેવોજ રહું છું; એ હવે હું બરાબર સમજ્યો.” કુમાર આટલું કહી શાંત થઇ ગયો; પરંતુ તે બાબત વિશેષ દઢ કરવાને ‘રામે’ આગળ ચલાવ્યું. ડાકટરો કહે છે કે સાત વર્ષ પછી શરીરનું બધું બંધારણ બદલાઇ જાય છે; અને દરેક ક્ષણે પણ શરીરમાં અને મનમાં ફેર પડતો જાય છે. બાલ્યાવસ્થામાં તમને સૂર્ય દેવદૂતોને ખાવાની સુંદર રોટલી જેવો જણાતો હતો; ચંદ્ર એક રમણીય કાચના રમકડા જેવો લાગતો હતો અને તારાઓ મોટા મોટા હીરાઓ જેવા ભાસતા હતા, પણ હવે તે ખ્યાલો ક્યાં છે ? તમારૂં મન, તમારી બુદ્ધિ એ તદ્દન ફરી ગયાં છે. આ બધો ફેરફાર થયા છતાં હું જ્યારે બાળક હતો, હું જ્યારે નાનો હતો, હું જ્યારે સીત્તેર વર્ષની ઉમરનો થઇશ, એવું જે તમે કહો છો તે બતાવી આપે છે કે

તમે કોઇ એવી વસ્તુ છો કે જે બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં એકની એક અને જેવીને તેવીજ રહે છે. હું ઉંઘી ગયો, મને ગાઢ નિદ્રા આવી ગઇ, આવું આવું જ્યારે તમે કહો છો ત્યારે એ ઉપરથી ચોકખું સાબીત થાય છે કે તમારી અંદર કોઇ વાસ્તવિક "અહમ" છે. તેજ તમારૂં સત્ય સ્વરૂપ છે, કે જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં (ગાઢ નિદ્રામાં) પણ સદા એકજ રૂપે કાયમ રહે છે. તમારી અંદર કોઇ એવી વસ્તુ છે કે જે તમારી મૂર્છાવસ્થામાં પણ એકજ રૂપે રહે છે; તેમજ જે ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં, લખતાં, વાંચતાં પણ એકજ સ્વરૂપે સ્થિત હોય છે. કૃપા કરી તમે બરાબર વિચાર કરી જુઓ કે શું તમે કોઇ એવી વસ્તુ નથી કે જે સર્વ અવસ્થામાં, આજ, કાલ અને સર્વદા, સ્વરૂપમાં લવલેશ પણ ફેરફાર થયા વગર એકજ સ્વરૂપે કાયમ રહે છે? જો આ ખરૂં લાગતું હોય તો હજી જરા વધારે વિચાર કરી જુઓ, એટલે પછી તરતજ તમને ઈશ્વરનો મેળાપ કરાવવામાં આવશે. તમને જે કહેવામાં આવ્યું હતું, તે તમને યાદ હશે કે તમે તમને પોતાને જાણો; તમારૂં નામ ઠામ એક કાગળ ઉપર લખીને આપો, એટલે પછી તરત તમને ઈશ્વરનાં સાક્ષાત્ દર્શન કરાવવામાં આવશે!

હવે જ્યારે રાજકુમારને પોતે શું છે તે સમજાયું-પોતે એક અવિકારી, નિત્ય અને ગાઢ નિદ્રામાં પણ જાગૃત એવું કોઇ તત્ત્વ છે, એવું જ્યારે તેના જાણવામાં આવ્યું; ત્યારે તેને ઈશ્વરનું સ્વરૂપ જાણવાની વિશેષ જીજ્ઞાસા થઇ. ત્યાર પછી તે કુમારને પૂછવામાં આવ્યું કે, "બાપુ, આ જે વૃક્ષો વૃદ્ધિ પામે છે, તે તરફ જોઇને કહો કે તે જે શક્તિવડે વૃદ્ધિ પામે છે તે શક્તિ તેમની શક્તિથી નિરાળી છે કે તેજ છે?" તેણે જવાબ આપ્યો કેઃ—"ના, ના. તે તો તેની તેજ હોવી જોઇએ." "વારૂ, ત્યારે આ વૃક્ષોમાં વૃદ્ધિ કરનાર જે શક્તિ છે તે શક્તિ આ પશુઓના શરીરને વૃદ્ધિ કરનારી શક્તિથી ભિન્ન છે કે તેની તેજ છે?" તેણે કહ્યું:—"ના, ના, એ પણ તેની તેજ હોવી જોઇએ." "વારૂ, જે શક્તિ આ તારાઓને ગતિમાં મૂકે છે, તે શક્તિ નદીના પ્રવાહને ચલાવનાર શક્તિ કરતાં ભિન્ન છે કે તેની તેજ છે?" તેણે કહ્યું:— "ના, તે પણ તેની તેજ હોવી જોઇએ." બરાબર છે. જે શક્તિ-

લોકો મુક્તિના સંબંધમાં વાતો કરે છે, પણ તમે શાથી બદ્ધ છો તે તમારે પ્રથમ જોવાનું છે. જો તમે મુક્ત થવા માગતા હો તો, તમારા બંધનું કારણ શું છે, તે તમારે જાણવું જ જોઇએ. એ તો એક વાંદરાની વાતના જેવું છે. હિંદુસ્તાનમાં વાંદરાઓને જુદી રીતેજ પકડવામાં આવે છે. કેટલાંક સાંકડા મોંનાં વાસણોને જમીનમાં મજબૂત દાટીને તેમાં ખાવાનાં ફળ નાંખવામાં આવે છે. પછી તે વાસણો પાસે કેટલાંક વાંદરાં દોડી આવે છે અને તે ફળ લેવાને માટે વાસણોમાં હાથ ઘાલે છે, પણ તે ફળને થોડે થોડે બહાર કાઢવાની રીત તેમને માલુમ હોતી નથી તેથી વાંદરાઓ જેટલાં પણ લઇ શકાય તેટલાં ફળ પોતાની મૂઠીમાં બોઝી વળતે ભરી લે છે; એટલે વાસણ બહુજ સાંકડા મોઢાના હોવાથી તે વાંદરાંના હાથ તે વાસણોની બહાર નીકળી શકતા નથી અને એમ તે વાંદરાઓ પકડાઈ જાય છે.

અમે એ પૂછીએ છીએ કે, તમને બદ્ધ અને પરતંત્ર કોણ કરે છે? આ એક વિશાળ વિશ્વરૂપી રમ્ય અને મહાન વન છે અને એ વિશાળ જગતરૂપી [illegible] કેટલાંક સાંકડા મોંવાળાં વાસણો ગોઠવી દેવામાં આવ્યાં છે. એ વાસણ તે તમારા સાંકડા વિચાર, મન અને બુદ્ધિ છે. તેની અંદર આનંદ અને બીજાં કેટલાંક ફળ રહેલાં છે. લોકોને તે ફળની [illegible] મોટી મુઠીઓ ભરી છે. પોતાના વિચાર, મન અને બુદ્ધિથી જે ક્રિયા કરવામાં આવે છે તેથી [illegible] તેઓને બંધન બંધાય છે. 'હું મન છું' એવી રીતે વારંવાર લોકોને થઇ જાય છે, દરેક જણ ભ્રમણામાં મન સ્વરૂપ બની જાય છે 'હું મન છું,' 'હું બુદ્ધિ છું,' આવી રીતે કહીને લોકો સાંકડા મન અને બુદ્ધિરૂપ વાસણ [illegible] ફળની મજબૂત મુઠીઓ ભરે છે. જ તમને પરતંત્ર અને ગુલામ બનાવે છે તે આજ છે. [illegible] બનાવે છે તે આજ છે. તમને બદ્ધ કરે છે તે આજ છે. આ જગતમાં આવ્યું [illegible]

બીજે ઝાડથી ત્રીજે ઝાડ સ્વચ્છંદે કૂદ્યા કરો અને અનેક જાતનાં અખરોટ વગેરે ફળો મરજીમાં આવે એટલાં ખાધા કરો; કારણ કે આ બધું જંગલ તમારૂં જ છે. આ દુનિયા તમારી જ છે. માત્ર તમે અહંમમત્વવાળું અજ્ઞાન છોડી દો; એટલે પછી તમે સ્વતંત્ર અને મુક્ત થશો, તમેજ તમારા ઉદ્ધારક બનશો.

“અહા! × હવે આપણે વધારે વાર નહિ રોકાશું. હે આત્મા! આપણે પણ આપણા વહાણ ઉપર સવારી કરીએ. (અહીં આત્માનો અર્થ બુદ્ધિ કરવાનો છે.) ”

“તું મને તારા ખોળામાં લે છે; હું મારી સોડમાં તને દબાવું છું; એમ હે આત્મા! નિર્ભયતાથી કોઇ અજ્ઞાત કિનારાપર જવા માટે, પ્રચંડ વાવાઝોડામાં, હર્ષ અને ઉન્માદની લહરિઓપર નાચતાં નાચતાં, નિશ્ચિન્તપણે કીર્તન કરતાં કરતાં, પરમાત્માનું–આપણું ભજન ગાતાં ગાતાં, સુખમય અન્વેષણનાં ગીતો લલકારતાં, હાસ્યો અને પરસ્પર ચુંબનો કરતાં કરતાં, આપણે પણ પંથહીન મહાસાગરનાં પ્રવાસીઓ છીએ. (જેને પાપને માટે પશ્ચાત્તાપ કરવો હોય, આંસુ પાડવાં હોય, પોતાને અધમ, દીન, પતિત માનવાં હોય, તેઓ ભલે તેમ કરે.) પણ હે આત્મા, તું મને આનંદ આપે છે, હું તને આપું છું!”

“હે આત્મા! કોઇ પણ આચાર્યના કરતાં ઇશ્વરમાં અમને વિશેષ શ્રદ્ધા છે; છતાં ઇશ્વરનાં રહસ્યો ઉકેલવાની અમારી હિમ્મત નથી. હે આત્મા! તું મને આનંદ આપે છે, હું તને આપું છું.

“આ મહાસાગરની મુસાફરી કરતાં, પર્વતોના શિખરો ઉપર ભટકતાં કે રાત્રિના જાગરણ વખતે દેશ, કાળ અને મૃત્યુના શાંત વિચારો ખળ ખળ વહેતા જળની પેઠે, વસ્તુતઃ મને અનંત પ્રદેશોમાં થઇને લઇ જાય છે.’

“હે ભગવન્! તું જેના વાયુનો હું શ્વાસોચ્છ્વાસ લઉં છું, જેના ઉછળતા તરંગોનો ધ્વનિ હું સાંભળું છું, તારા સામીપ્યમાં, તારે મને આવતાં આવતાં મને અને મારા આત્માને તું સર્વાંગે સીંચની દેજે, મને તારામાં નિયમિત કરી દેજે.”

× અહીંથી તે આ પ્રકરણની છેવટ સુધીનો ભાગ અમેરિકન મશહૂર “વૉલ્ટ વ્હીટમેન” ના કાવ્યનો અનુવાદ છે.

"હે ભગવન્! તું સર્વોચ્ચ, અનામી, સૂત્રાત્મન્, પ્રાણ
પ્રકાશોના પ્રકાશ, વિશ્વકર્તા, વિશ્વનો કેન્દ્ર, સત્યપરાયણ, ધર્મિષ્ઠ
પ્રેમભાજનોનો મહાન કેન્દ્ર, નૈતિકતા અને આધ્યાત્મિકતાનો પ્ર
પ્રેમનું મૂળ અને ભંડાર છે."

(મારા વિચારગ્રસ્ત આત્મા! મારી અતૃપ્ત તૃષ્ણા! આપણે
ત્યાં કોઇ શત્રુ નથી જોતું?–આપણો સંપૂર્ણ સાથી–ત્યાં સુખ
સ્નેહી આપણી પ્રતીક્ષા કરતો નથી બેસી રહ્યો?)

"તું (વિશ્વબ્રહ્માંડની) ગાદી છે, (પેલા) સૂર્યો, નક્ષત્રો અને
મંડળોનો તું પ્રેરક છે; એ ગ્રહમંડળો અનેક ચક્રો કાપતાં કાપતાં,
સુરક્ષિતપણે, નિયમિત ગતિથી, દિશાના નિરાકાર અનંત વિસ્તારોને
કરી જાય છે."

"મારામાંથી બહિર્મુખ હું ન થાઉં તો, એ બધાં ઉત્તમ વિ
કેવી રીતે વિચારમાત્ર પણ કરી શકું? એક શ્વાસ પણ કેવી રીતે
કે એક શબ્દ પણ કેવી રીતે બોલી શકું? પરમાત્માનું ધ્યાન
અને પ્રકૃતિ તથા તેના ભવ્ય ચમત્કારો, દેશ, કાલ અને મૃત્યુના સ
વિચાર કરતાં વેંતજ હું જાણે સુકાઈ જાઉં છું. પણ એજ "હું"
વાસ્તવિક રીતે "તું" જ છું, જ્યારે તને બોલાવું છું, ત્યારે તું ત
એ બધા ગ્રહમંડલોનો અધિષ્ઠાતા થઈ જાય છે, સમયનો અનુસંગી
છે, સંતુષ્ટ થઇને મૃત્યુની સામે મધુર હાસ્ય કરે છે અને દિશા
અનન્ત વિસ્તારોને સંપૂર્ણપણે તું-તારાપણાથી ભરી દે છે."

"નક્ષત્રો અને સૂર્યો કરતાં વિશેષ કૂદતો કૂદતો તું આગળ પ્ર
કરે છે; મારા અને તારા કરતાં કયો વિશેષ પ્રેમ આથી અધિક
કરી શકે તેમ છે? તારા અને મારા કરતાં હે આત્મા! આદર્શનાં
સ્વપ્નો, શુદ્ધિ, સિદ્ધિ અને શક્તિની કઇ યુક્તિઓ, અન્યને માટે સ
ર્વસ્વત્યાગની અને પરને માટે સર્વસ્વ સહનશીલતાની એવી
આકાંક્ષાઓ અને ઇચ્છાઓ વધી જાય તેમ છે?"

આગળની સફરી કરતાં કરતાં વખત આવ્યો ત્યારે હે આત્મા!
સમુદ્રો પાર થઈ ગયા, ભૂશિરોનાં તોફાનો શાંત થઇ ગયાં, યાત્રા
થઈ ગઇ; હે આત્મા! જ્યારે (ચારે તરફથી ઇશ્વરથી ઘેરાયલો)

સન્મુખ આવે છે, ત્યારે પ્રાપ્ત લક્ષ્ય એવી રીતે અર્પણ કરે છે કે જાણે કે પ્રેમ અને વાત્સલ્યથી પરિપૂર્ણ વડીલ બન્ધુના મળવાથી નાનો ભાઇ એના વત્સલ આલિંગનમા સહજ સમાઇ જાય છે-એકનેક થઇ જાય છે

હિંદ કરતા પણ આપણે ઘણેજ દૂરના પ્રદેશમા જવાનુ છે શુ એટલે બધે દૂર જવા માટે તારી પાંખો તે સમારેલી છે? (પ્રૌઢ અને સમ્પૂર્ણ પ્રસરેલી છે?) હે આત્મા! શુ તુ આવા આવા લાંબા પ્રવાસ કરે છે? શુ તુ આવા સમુદ્રોની અંદર સેલગાહ કરે છે? શુ તુ વેદ, વેદાંત અને એવા બીજા સંસ્કૃત સાહિત્યમા પારંગત થયો છે? તો હવે તારા બંધનોનો નાશ કર. તારે માટે માર્ગ ખુલ્લો છે, કિન્તુ તારાજ છે જો જીવતા જ કદાચિત તમારી પાસે ન પહોંચાય, તો એ ગુંચવાડ ભર્યા પ્રશ્નોથી આવરણ પામેલી સમસ્યાઓ! તમારી સિદ્ધિને માટે પણ હવે માર્ગ ખુલ્લો થઇ ગયો છે! સો ચાલ્યા જાઓ!

"ચલાવો, હંકારો હોડીને વાસ્તવિક આત્મા સુધી. આ અપૂર્ણ અન્ધશ્રદ્ધાને-શરીરના આ મિથ્યા અધ્યાસને છોડી દો. આ ક્ષુદ્ર શરીરની મોહનીનો દોરો છોડો. તમે આ શરીર અને બુદ્ધિના નોકમા તમારા સ્વરૂપને ફસાવી દીધુ છે એમાથી મુક્ત થાઓ. ચાલો, નિત્યતા, વાસ્તવિકતા, સત્ય સ્વરૂપ આત્મા પ્રતિ આ ક્રમ ચાલુ રો ભારત કરતા વધારે આગળનો રસ્તો પકડો."

"અહા! ભારત કરતા પણ આગળનો તરના ! હે પૃથ્વી અને આકાશના ગૂઢ રહસ્ય! હે સમુદ્ર અને જલપ્રવાહો! હે દાતી નદીઓ! હે વનો અને ખેતરો! હે સમન્ત દેશના ઉપવનો! હે શિખરો! નવક ભૂધરો! આરક્ત નાત ઢાલ, મેઘ, વૃષ્ટિ અને હિમદલો! હે દિવસ અને રાત્રિ તમારો બધાનો માર્ગ હવે સ્પષ્ટ થઇ ગયો છે!

"દેહાધ્યાસથી પર જાઓ એટલે તને એ બધુ કહી જાઓ છો આ બધાને માટે તમને માર્ગ નથી જાર છે એ ધુ તમે પને ર છો એવો અનુભવ કરો."

'હે ચન્દ્ર, સૂર્ય અને સમસ્ત નક્ષત્રો! બૃહસ્પતિ અને શુક્ર! તમે પણ ચાલો, તમને પણ માર્ગ મળી ગયો! મારી નસોમા હવે સ્નેહથી લોહી ઉછળે છે! હે આત્મા! દૂર-દૂર જવા માટે લંગર છોડી મૂક ઠેરીઓ

તોડી નાંખો. હલેસાં મારો; ચલાવો વહાણને."

"પૃથ્વીપરનાં વૃક્ષોની પેઠે આપણે હવે અનન્તકાલ સુધી અહીં નથી રહેવું! તુચ્છ પશુ પક્ષીની પેઠે આપણે અહીં ખાતાં પીતાં ઘણા કાલ પર્યન્ત બરાડા નથી પાડયા કર્યા?"

પુસ્તકીયા જ્ઞાનથી આપણે આપણા સ્વરૂપને ઘણા દીર્ઘ સમય સુધી આંધળું નથી કરી રાખ્યું?"

"ચાલો, આગળ વધો; ઉંડાં પાણીમાં વહાણને લઈ જાઓ; હે આત્મા! નિશ્ચિન્તતાથી અન્વેષણ કરતાં જઇએ! હું તારી સાથે અને તું મારી સાથે છે. કારણ જ્યાં કોઇપણ નાવિક હજુ ગયો નથી એ આપણું લક્ષ્ય છે. આપણી જાતને અને આ (જીવન) નૌકાને આપણે સાહસમાં-જોખમમાં નાંખવાની છે."

"હે મારા વીર આત્મા! ચાલો, દૂર-સુદૂર ચાલો. હે સાહસી પણ સુરક્ષિત આત્મા! શું આ સમસ્ત સમુદ્ર ઈશ્વરનો નથી? અહા! દૂર-સુદૂર વહાણ હંકારીએ."

ૐ! ૐ!! ૐ!!!



११-टीका अने विश्वव्यापी प्रेम.

જ્યારે હિંદુસ્તાનમાં કોઇ નવી ચીલચાલ શરૂ થાય છે ત્યારે પક્ષપાતથી દોરાઇ જઈ લોકો તે ચીલચાલના નેતાના જીવનની દોષદૃષ્ટિવાળી સ્થૂલ વાતોજ આપણી આગળ આણે છે. આવી રીતે પુષ્પને ખીલતાં પહેલાંજ ચુંટી નાખવામાં આવે છે; પરંતુ દોષ વગરનું કોણ છે? (સ્વામી વિવેકાનંદ ખાવાપીવાની બાબતમાં વિધિ-નિષેધ પાળતા નહોતા, એ બાબતનું ઢોલ પીટીને કેટલાક લોકો તેમના ઉદાત્ત અને કલ્યાણકારક વિચાર અને સ્વતંત્ર અભિપ્રાયો તરફ દુર્લક્ષ કરે છે. તેવીજ રીતે કાશીના કૃષ્ણાનંદ સ્વામી ઉપર હલકી વર્તણુકનો આરોપ મૂકવામાં આવે છે, કે જે સાંભળીને આપણને ગ્લાનિ ઉત્પન્ન થયા વગર રહે નહિ. જો કે તેવી હલકી વર્તણુક તેમનામાં જરા પણ નહોતી.) *સાધારણ ધર્મસભા અને × ધર્મમહોત્સવની સભાઓ તોડી પાડવાના પ્રયત્નો ચાલુ છે. કારણ એજ બતાવવામાં આવે છે કે એ કામોના આગેવાનોમાં ઘણા દોષો દેખાય છે. ઘોડા ઉપરથી પોતે પડી જવા છતાં બીજા ઉપર ગુસ્સે થવું એ ખરેખર વિચિત્ર ન્યાય છે. થોડા દિવસપર 'રામે' એક છોકરાને હાથમાં દૂધની કેટલીક શીશીઓ લઇને જતો જોયો. અકસ્માત તેના હાથમાંથી એક શીશી છટકી જઇ નીચે પડી ગઇ, તેથી એકદમ ગુસ્સે થઇને ભાઇ સાહેબે બાકીની પણ રસ્તામાં ફેંકી દીધી! પરસ્પરના વ્યવહારમાં પણ લોકો આ પ્રમાણેજ ચાલે છે. એકાદ બાબતમાં પોતાના મિત્રનો ક્ષુદ્ર દોષ દેખતાં જ તેના સર્વ ગુણોનો અનાદર કરવાને આપણે કેવા લલચાઇ જઇએ છીએ!

---

*સ્વામી શિવગણાચાર્યં દ્વારા સ્થાપિત થયેલી ફૈઝાબાદની એક સંસ્થા.
×ભારતધર્મ મહામંડળ-કાશીદ્વારા ઉજવવામાં આવતા ઉત્સવો.

ઉદકસ્થિતિશાસ્ત્રના આત્યંતિક દાબ અને પ્રકટ દાબ વિષે વિવેચન કરવામાં આવ્યું છે. એકાદ પદાર્થ ઉપર આત્યંતિક દાબ ગમે તેટલો હોય પરંતુ પ્રકટ દાબ કંઈજ હોતો નથી. હિંદુસ્તાનમાંની અસંખ્ય શક્તિઓ પરસ્પર વિરૂદ્ધ હોવાથી તેમાંથી કંઈ પ્રકટ દાબ ઉત્પન્ન થતો નથી. કેવી શોકજનક સ્થિતિ ! દરેક જણ પોતાના દેશબંધુના દોષ તરફજ પોતાનું લક્ષ દોરે છે, તેથી ઐક્ય તો સંભવેજ શાનું ? પરંતુ આ અવિશ્વાસુ દૃષ્ટિ સમાજમાં દુર્જનતાની વૃદ્ધિ કરવામાં મદદ કરે છે. એક માણસને 'ચોર' કહીને બોલાવો એટલે તે 'ચોરી' કરતાં શીખશે. આ એક નિર્વિવાદ સત્ય છે.

શું કાર્યને માટે સામાન્ય ક્ષેત્ર કોઈ છેજ નહિ ? આપણા બંધુઓમાં ઐક્ય-વખાણવા યોગ્ય કંઈજ ગુણો-નથી ? હિંદુસ્તાનના જુદા જુદા પંથોમાં ઐક્ય છે જ નહિ ? પવિત્રતા અથવા અપવિત્રતાના નામ નીચે ઈશ્વરના છુપી પોલીસ ખાતાના સ્વયંસેવક-સભાસદ બની, દેશકાર્ય કરનાર સદ્‌ગૃહસ્થના ખાનગી વર્તનપર તપાસ રાખવાનો આપણને શો હક છે ? પોતાના ખાનગી વર્તનનો સવાલ તેની અને ઈશ્વરની વચ્ચેનો સવાલ છે, તેની વચ્ચે આપણે માથું મારવાની શી જરૂર છે ? બીજાના વર્તનમાંથી દોષો કાઢવામાં આપણે આપણી શક્તિનો જેટલો વ્યર્થ વ્યય કરીએ છીએ, તેટલીજ શક્તિ આપણું વર્તન ઉચ્ચ બનાવવાને પુરતી થાય તેમ છે. ફરજ પાડવાથી મનુષ્યનું નીતિબળ કેય પણ વધશે કે ? રૂઢિને ખાતર, કોઈને રાજી રાખવા કે માન મેળવવા માટે કરેલું આચરણ પવિત્ર કહેવાય ખરૂં કે ? એ પવિત્રતા છે એમ કદિ માનશો નહિ, એ તો દુર્બળતાજ છે. કાંટા હોય છે તેથી ગુલાબના ફુલને કોઈ ફેંકી દેતું નથી. કંદોઈ સુકો રોટલો ખાઈને રહેતો હોય તેથી શું તેના હાથની મીઠાઈ ખાવી નહિ કે ? એના હાથનું ખાવાથી આપણે દૂષિત થતા નથી, પણ જે મલીનતા બહાર કહાડીએ છીએ તેનાથીજ ફક્ત દૂષિત થઈએ છીએ.

સ્વામી વિવેકાનંદ ગમે તે ખાતાપીતા તેમાં આપણું શું બગડયું ? જ્યાં સુધી તેમની પાસેથી ઉદાત્ત તત્વો આપણને મળે છે ત્યાં સુધી તે શું ખાતાપીતા હતા તે જોવાની

જરૂર નથી. વ્યક્તિ તરફ ન જોતાં ઉપદેશના શુભાશુભ ઉપરથીજ તેનો સ્વીકાર કરવો જોઈએ. બુદ્ધિનિધિનાં સુવર્ણતત્વોનો પુસ્તકોના શરીર સાથે શો સંબંધ છે ? ચિત્રકાર કાળો કદરૂપો હોય તેથી શું તેના સુંદર ચિત્રને પાછું આપણે ન લેવું ? સર ફ્રાન્સીસ બેકન લાંચ લેતા તેથી શું તેણે લખેલું "ન્યાયશાસ્ત્ર" પુસ્તક ફેંકી દઈશું ? આ વીસમી સદીમાં તો આપણે વિવેક બુદ્ધિને જાગ્રત રાખીને ઉપદેશને ઉપદેશક વ્યક્તિ સાથે જોડી ન નાખવો જોઈએ. એક સુંદર કમળ મેલા પાણીના તળાવમાં હોય તેથી આપણે તેને નહિ લઈએ ?

હિંદુસ્તાનના દારિદ્ર્યનું મુખ્ય કારણ કચરો ફેંકી દેવો, મૃત પ્રાણીઓના હાડકાંને સડવા દેવાં, મળેન્દ્રિયે કઢાવેલા આરોગ્યશાસ્ત્રને વધારે માન આપવું, તથા પોતાના મન મનાવે જે હલકી વસ્તુ જણાય છે તેના તરફ દુર્લક્ષ કરવું એજ છે. એ ગંદી અને હલકી ગણાતી વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કરવાથીજ યુરોપ અને બીજા સુધરેલા દેશો અત્યારે ઉચ્ચ સ્થિતિમાં આવ્યા છે. મળ ખાતરમાંથી ઉત્તમ ફૂલવાડી બનીને તૈયાર નથી થતી કે ! અમેરિકા અને યુરોપના લોઢાના અને એવાજ કારખાનાઓમાં ખરાબ કોલસા અને ધુમાડાનો યોગ્ય ઉપયોગ કરીનેજ પ્રચંડ શક્તિઓ ઉત્પન્ન કરવામાં આવે છે.

ક્ષુદ્ર માણસોની પ્રચંડ સેના તૈયાર કરવામાંજ રાષ્ટ્રની ખરી મહત્તા જણાઈ આવે છે. શુદ્ધ અને સાત્વિક મનુષ્યો વડે શાંતિથી કોણ રહી ન શકે ? પરંતુ દીન અને પતિત લોકોને ખરી લાગણીથી અને માતાના જેવા પ્રેમથી જે જુએ છે, તેજ ખરો ઉદાર મહાત્મા છે. લૌકિક અને પારમાર્થિક અવનતિ કરનાર ચોક્કસ ધર્મની આસક્તિથી આત્મારૂપી સૂર્યનું મહત્વ કરવાના પ્રયત્નમાં આયુષ્યનો વ્યર્થ વ્યય કરવો જોઈએ નહિ. જે ધર્મમાં અનંત અવિનાશી આત્મા, એકાદ પરધર્મીના હાથના અન્નથી ભ્રષ્ટ થાય છે—અભડાય છે તે તે ચોકાધર્મ ખરેખર દયાજનક છે ! હાલના જીર્ણ થયેલા જ્ઞાતિરૂપી વસ્ત્રની નીચે શું છે તે કૃપા કરીને બરાબર જુઓ ! તમે કોણ છો ? અનંત, અવિનાશી અને

અન્ધાર એવો જે વિભાગ એજ તમારો આત્મા છે. વળી આત્માઓનું એક વિસ્તરણ જગતમાં સર્વ અનર્થ થાય છે.

ઘમધ્યામાં પડેલા અને ઉતાવળીઆ માણસો પોતાના પાડોશીઓની તથા બાંધવોના ખાનગી વર્તન ઉપર તૂટી પડીને ફક્ત ઉપરચોટિયો વિકાર દૂર કરવાનો પ્રયત્ન કરે છે; પરંતુ એ ખરા કારણરૂપ આન્તરિક અજ્ઞાનતા તરફ તેઓ જરાએ લક્ષ દેતા નથી.

પતિતોનો ઉદ્ધાર કરનાર તમે કોણ? તમારો ઉદ્ધાર પ્રથમ તમે કર્યો છે કે? જીવનસાફલ્ય કરવાને ખાતર જીવનની તિલાંજલિ આપવાને તમે તૈયાર છો? એટલી શક્તિ અને હિમ્મત તમામાં હોય તો ઉઠો અને ગરીબોના ઉદ્ધારક બનો.

ભગવાન બુદ્ધ વારંવાર એક ગણિકાના ઘરમાં જતા હતા. કોઈ પણ કરનારી મેરી મેગ્ડેલીનનો બહિષ્કાર કરવા ઇસુખ્રિસ્ત [illegible] નહોતો. અરેરે! આ નીચ ભાવના ક્યારે નાશ થશે! ક્યાં સુધી આપણે એક બીજાના દોષજ જોયા કરીશું, ત્યાં સુધી દેશમાં પ્રેમ અને એકતાની વૃદ્ધિ કદિ પણ થશે નહિ. તમામ લોકો સર્વે બાળકોપર સમાન પ્રેમ રાખનારી માતાના જેવું અન્તઃકરણ બનાવવું એજ જીવનસાફલ્યનો સાર છે. વળી કેળવણી દેવ છે કે જેથી અધિક [illegible]

[illegible]

[illegible]

પરંતુ વહાલા મિત્રો ! જ્યાં સુધી તમને કોઇ વસ્તુમાં દોષ દેખાય છે ત્યાં સુધી તમે તેનાપર પ્રેમ કરી શકતા નથી. પ્રેમનો અર્થજ "સૌંદર્ય જોવું" એ છે.

અંધારાની સાથે લડાઇ કરવાથી શું તે જતું રહેશે ? ઘોર અંધારામાં ચોતરફ પથરા ફેંકવાથી, લાકડીઓના સપાટા મારવાથી, બારી બારણા પછાડવાથી, ટેબલ ખુરસીનો કચ્ચરઘાણ વાળવાથી, ખડીઓ ઢોળી નાખવાથી અને ગુસ્સે થઇ જાળો ભાડવાથી અંધારૂં જતુ રહેશે કે ? આવીજ રીતે ઉત્સાહભંગ કરનારી અને નિરાશ કરનારી ટીકા કરવાથી માણસો સુધરી શકવાના નથી. ઉત્સાહભંગ વધારનાર આશાજનક-સ્નેહભરેલા-ઉપદેશનીજ જરૂર છે. ઉત્સાહ ભંગ કરનાર ટીકાઓની જરૂર નથી. ગટરનો કચરો ગ્લાનો ઉપર પાથરવાથી કદી સારૂં પરિણામ આવી શકશે ? કદિ નહિ તેવીજ રીતે બીજાના દોષો તરફ કરડી નજર રાખવાથી ઉત્તમ પરિણામ આવી શકશે નહિ. [illegible] અને શુભેચ્છારૂપી પાણીનો નિર્મળ પ્રવાહ એ ગટરમાંથી વહેવડાવો એટલે બધો [illegible] આપોઆપ ધોવાઇ જાય એમ કહેવાય છે કે અકબર બાદશાહે એ[illegible] વખત એક લીટી દોરી અને તેના શાણા પ્રધાન બીરબલને કહ્યું [illegible] આ લીટીને એક પણ બાજુએથી ભૂંસી નાખ્યા વગર ટુંકી કરી આપો. બીરબલે તુરતજ પછી લીટીની નીચે એક લાંબી લીટી દોરી [illegible] [illegible] લાગી એની મેળેજ ટુંકી દેખાવા લાગી [illegible] [illegible] લીટી [illegible] ખરી મહત્તા છે જેવી રીતે [illegible] [illegible] [illegible] [illegible] તો કે તેણે દોરેલી લીટી ટુંકી હતી તેવીજ રીતે [illegible] [illegible] [illegible] [illegible] માનતા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને બનાવીએ છીએ તે [illegible] ખરા છે આપણા મહાગના [illegible] અર્થ એજ થાય છે કે તુલસી વડ કેમ નથી ? તુલસી વડ કેમ નથી ? પરન્તુ [illegible] [illegible] [illegible] [illegible] ભરતા છે, તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એવા કેમ નથી ? [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

મિટ [illegible] [illegible]

ટીકાકાર મિત્ર ! હું તમને ચાહું છું, પણ જેનાપર તમે ટીકા કરો છો તેને પણ હું તેટલોજ ચાહું છું; અને તેના વિષે પણ મારા મનમાં તમારા જેટલુંજ માન છે.

કલહ.

જીવનકલહમાં ફત્તેહ કોણ પામે છે ? પ્રેમ.

જે સમાજમાં માણસોનાં અંતઃકરણો એક થાય છે, વિચારો એક થાય છે અને સ્નેહમયી સેવા કરવામાં હાથ પણ એકઠા થાય છે, તે સમાજમાં માણસોની સંખ્યા ઓછી હોય તોપણ તે, વિભક્ત શક્તિવાળા કરોડો મનુષ્યોપર જીવન-કલહમાં વિજય મેળવે છે.

કલહ ત્રણ પ્રકારનો છે: (૧) વિષમ સાથે, (૨) સરખા સાથે, અને (૩) પ્રકૃતિવિરુદ્ધ.

મત્સર, ઇર્ષ્યા અને પક્ષાભિમાનથી ઉત્તેજિત થઈ સમાન લોકોની સાથે કલહ કરવામાં પોતાની શક્તિનો વ્યર્થ વ્યય કરવા કરતાં, સમાન માણસોની સાથે ઐક્ય કરીને વિષમ લોકોની સાથે કલહ કરવાથી વિજય પ્રાપ્ત થાય છે.

" દરેક જાતનો જુલમ દયામાંથીજ જન્મ પામે છે " એ વાક્ય અક્ષરશઃ ખરૂં છે.

વિષમ ઉપર જ્યારે પ્રેમ થવા માંડે છે ત્યારેજ પ્રકૃતિ વિરૂદ્ધના કલહમાં આપણને જય મળે છે; અને પંચમહાભૂતો ઉપર પણ સત્તા મળે છે. " હું સર્વનો નિયામક પ્રભુ છું " એ સૂત્રને આ જડસૃષ્ટિમાં કૃતિમાં મૂકવું અને પ્રકૃતિવિરૂદ્ધ કલહ કરવો એ બેમાં કાંઇજ ફરક નથી.

ટીકા કરવાનો સ્વભાવ આ જગતમાં આટલો બધો સાધારણ કેમ છે ?

ટીકા કરવાની પ્રવૃત્તિ બીજા માણસને નુકસાન કરવા જેવી દેખાય છે; પરંતુ બહુધા તે પોતાના બચાવને માટે હોય છે. કોઇ પણ પ્રકારની ટેવ અથવા અભ્યાસ છોડી દેવડાવવાને માટે તેનાં ખરાબ પરિણામોનું વર્ણન કરીને સખત ટીકા કરવાની જરૂર પડે છે. જ્યારે આપણે તે દોષ બીજા માણસોમાં જોઇએ છીએ ત્યારે તેનો ચેપ રખેને આપણને

ડી વગેરે એવા ભયથી આપણે તેનો સંસર્ગ તજી દેવાને ઇચ્છીએ છીએ
ી ટેવ પાડવી અથવા નવી દૃષ્ટિ બનાવવી એ જૂની ટેવ અને જૂ
ષ્ટિનો નાશ કર્યા બરાબરજ છે. જ્યાં સુધી જગતમાં સુધારાને અવકા
ત્યાં સુધી ટીકા અને તુલના પણ રહેવાનાંજ. તેનો ત્યાગ કરવો ઇ
ાથી તેમ શક્ય પણ નથી, પરંતુ ટીકામાં કોઈ વ્યક્તિ સંબંધે બોલ
મે નુકશાનકારક છે, માટે એ ઝેરને તો તજી દેવુંજ જોઇએ. આપ
ડ હું કે જે આપણામાં અને લોકોમાં પાપની ઉત્પત્તિ કરે છે તે
ર દેવી દેવું જોઇએ. આમ કરવાથી ઘણું દુઃખ જતું રહેશે અ
વી રીતે એક રસાયણશાસ્ત્રી અથવા વનસ્પતિશાસ્ત્રી રસાયણિક દ્ર
અથવા વનસ્પતિનું નિરીક્ષણ, તેના ગુણ્ચવાઈ પડવાની ધાસ્તી વ
ન્યાયીપણે, ચોક્કસપણે અને સૂક્ષ્મતાથી કરી શકે છે, તેવીજ રીતે આ
પણ આપણી આસપાસના સઘળા કર્મો અને માણસોને નિસ્પૃહતા
વૃત્તિથી જોઈ શકીશું, તથા જેવી રીતે સૂર્ય એક સાક્ષી તરીકે ગુ
અથવા ચંદન વૃક્ષ ઉકરડો કે ઉદ્યાન, નર કે નારી, પશુ કે પક્ષી અર
જીવજંતુ [illegible] ઉપર એક સરખી રીતે પ્રકાશે છે, અને સમાનતાથી જોઈ શકે છે તે
[illegible] આપણે પણ [illegible] વસ્તુઓને નિર્દોષ અને સમાન [illegible]
[illegible] શકીશું

[illegible] આરોગ્યશાસ્ત્રના નિયમ [illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સ્તુતિમાં અદૃશ્ય થઇને, ઘડીમાં આનંદ અને અહંકારમાં ખોવાઈ જઇને, ઘડીમાં વિપત્તિ અને દુઃખોમાં દબાઇ જઇને, ઘડીમાં સંસારનાં સંકટોમાં લપાઇ જઇને, ઘડીમાં હાનિ લાભને લીધે બૂડાઈ જઇને, ઓ પ્રેમ! મધુર પ્રેમ! યુગોના યુગો સુધી તેં મને ઠગ્યો છે.

ઉપાધિઓ, આનંદોના આઘાત પ્રત્યાઘાતો, પ્રચંડ પ્રહારો, હાસ્યો અને નિશ્વાસવહ્નો, એ બધાં અજબ પ્રકારની રસાયનક્રિયા અને વિઘ-ટનશક્તિ ધરાવે છે. એ ખરેખર એક પ્રકારનો શુદ્ધિકરણ પ્રયોગ છે; આસક્તિ તોડનારૂં પૃથક્કરણ છે. આ ક્રિયાદ્વારા રાગ, દ્વેષ, સંબંધ, આસક્તિ, આધાર અને ધિક્કાર વગેરે મનોવિકારરૂપી કાચી ધાતુમાંથી નિર્વાણ-પરમપદરૂપી શુદ્ધ રેડિયમ મળી આવે છે. આહા! કેવી વિચિત્ર ઘટના! ઓ પ્રેમ! મધુર પ્રેમ! યુગોના યુગો સુધી તેં મને ઠગ્યો છે.

મારા અંતઃકરણના રેડિયમમાંથી એક્સ-રે કિરણો નીકળે છે; અને તે સઘળી જાતના પદાર્થોને, સઘળી બાજુએથી અને સઘળા ભાગોમાં પારદર્શક બનાવી મૂકે છે. કેવી અદ્ભુત કળા! ઓ પ્રેમ! સ્વર્ગીય પ્રેમ! યુગોના યુગો સુધી તેં મને ઠગ્યો છે.

અરે રહસ્ય ગુપ્ત રાખવાને માટે તીક્ષ્ણ નિંદા, સર્વ કંપો, સર્વ આધારો, શત્રુઓ, મિત્રો અને સર્વ વ્યાપારો, આ સઘળી વસ્તુઓની તમે જે દિવાલો બાંધી છે તે હવે અપારદર્શક રહી નથી. તમારાં સઘળાં રહસ્યો સ્પષ્ટ રીતે પ્રકટ કરો. હે ઉત્તમ આભૂષણ! આત્મારૂપી શુદ્ધ રેડિયમ! પેટી, પટારા, તીજોરી, બારણાં અને તાળાં આ સઘળી ખોટી મિલકતોને તું બાળીને ભસ્મ કરે છે. શુદ્ધ સત્ય સ્વરૂપ રેડિયમ! ઓ સર્વસાક્ષી આત્મા! ઓ પ્રેમ! મધુર પ્રેમ! યુગોના યુગો સુધી તેં મને ઠગ્યો છે.

निर्विकार दृष्टि.

બાળક દરેક વસ્તુમાં વ્યક્તિત્વ આરોપિત કરે છે. આકાશમાં મેઘ-ગર્જના થાય ત્યારે તેઓ માને છે કે વાદળાંની પાછવાડે એકાદ રાક્ષસ રહેલો હોય છે તે ખીજવાઇને બૂમબરાડા મારે છે! તેવીજ રીતે કેટલાંક વૃદ્ધ બાળકો જે જે વસ્તુના સંસર્ગમાં આવે છે, તે બધી ખરાબ છે એવો આરોપ તેમનાપર મૂકે છે! જ્યારે કોઇ વસ્તુ બહારથી ખરાબ

દેખાય ત્યારે આપણું વર્તન પ્રેમમય બનાવવાને બદલે સાથે છિદ્ર શોધવાં, એ ટેલીફોનદ્વારા ખરાબ ખબર સાંભળીને તે ભાંગી નાખવા બરાબર છે.

આસ્ટ્રેલીઆના કાળા લોકોમાં એવી માન્યતા છે કે અમુક જપવાથી અથવા એવાજ કોઈ પ્રકારથી માણસ પોતેજ વરસાદ વરસાવી શકે છે! તેઓ આ ક્રિયાને "મેદકા" કહે છે. એક પ્રખ્યાત માણસ લ છે કે "અમારા પ્રવાસ દરમ્યાન જો વાવાઝોડું થતું તો અમારી જંગલી કાળા આસ્ટ્રેલીઅનો હમ્મેશાં બીજા લોકોપર (બીજા આસ્ટ્રેલીઅનો કે જેઓ વરસાદ વરસાવતા હતા તેમનાપર) ગુસ્સે થતા."

આ જંગલી આસ્ટ્રેલીઅનોમાં જે ઘોર અજ્ઞાન–તિમિર માલમ પડે છે તેવીજ જાતનું અજ્ઞાન પોતાના બાંધવના દોષથી ગુસ્સે થનારા સુધરેલા અને કેળવાએલા લોકોમાં છે. પ્રકૃતિના નિયમાનુસાર વરસાદ આવે છે. પુષ્પ ખીલે છે તેમાં પણ પ્રકૃતિના નિયમ સિવાય કોઈ બીજી વસ્તુ દેખાતી નથી. એવીજ રીતે જો કે જ્યુડાસ સમજ્યો નહોતો તોપણ તેના દગાભરેલા ચુંબનમાં પ્રેમનો નિયમજ પૂર્ણ જોશમાં અમલમાં મૂકાયો હતો. તે દગાભરેલા ચુંબન પછી તરતજ જે ઘટના બની તેથીજ આજ *ક્રાઈસ્ટને સૌ માણસો યાદ કરે છે. જો તેમ ન થયું હોત તો આજે ક્રાઈસ્ટને કોણ યાદ કરત? માટી માગતા બંધુઓને ઉદ્ધાર જોસફે કહ્યું કે "ભાઈઓ! તમે મને કુવામાં નાખ્યો નથી. ઇજીપ્તમાં મને દેવપદ આપવાને માટે પ્રેમદેવીને મારા ભાઈઓ કરતાં વધારે પ્રેમના પૂજારીઓ મળ્યા નહિ તેથી તેમને જ પસંદ કર્યા.

હું જે વસ્તુને હાથમાં લઉં છું તે મને એટલી બધી ચંચળ, ક્ષણભંગુર અને નાશવંત જણાય છે કે હું કોઇ પણ વસ્તુને સ્થાયી કે વાસ્તવિક માની શકતો નથી; ત્યારે હું તેપર ટીકા તો શી રીતેજ કરી શકું? એક વિજળીનો ચમકારો થતાં પૂર ઝડપે જતી આગગાડી અને દોડતું વાદળું સ્થિર દેખાય છે; પણ જ્યારે આપણે તેના સંબંધમાં વધારે જ્ઞાન મેળવીએ છીએ ત્યારે તે 'સ્થિર નથી' એવી આપણી ખાત્રી થાય છે.

* ક્રાઇસ્ટના બાર શિષ્યોમાંના એક જ્યુડાસ નામના શિષ્યે છેવટે ક્રાઇસ્ટને એવી રીતે દગો દીધો હતો.

આવી જ રીતે લોકો બધી વસ્તુઓને માયાના ચંચળ પ્રકાશમાં જુએ છે અને તેટલા ઉપરથી જ સ્થિરતા, વ્યક્તિત્વ અને સમૃદ્ધિ વિષે પોતાનો ચોક્કસ અભિપ્રાય બાંધી બેસે છે. આને વ્યાવહારિક જ્ઞાન કહેવામાં આવે છે. દરેક વસ્તુને શાશ્વત, સત્ય અને અનંતતાના સૂર્યપ્રકાશવડે જુઓ, એટલે તમને અનંત શાંતિ સાથે તમારૂં ઐક્ય થએલું જણાશે.

મનુષ્યો નકામા વાદવિવાદ અને ઝઘડાઓ કરે છે. વાદવિવાદ કરીને પોતાના મતભેદ દૂર કરવાનો પ્રયત્ન કરવાથી ભેદભાવ, અસંતોષ અને અશાંતિ ઉત્પન્ન થાય છે તેનું કારણ શું ? મકાન બાંધવાની શરૂઆત કરતાં પાયો મજબૂત નથી નખાતો તેથી જ આવું પરિણામ આવે છે. પ્રથમ અંતઃકરણને જીતો, પછી ન્યાયબુદ્ધિને જાગૃત કરો. જ્યાં ન્યાયબુદ્ધિનો પરાજય થાય છે ત્યાં પ્રેમ વિજયી નિવડે છે. ઈસપનીતિ વાચવાથી જણાય છે કે વાયુ બળાત્કાર કરીને વટેમાર્ગુનો ડગલો ઉતરાવી શક્યો નહિ, પણ સૂર્ય તેજ કાર્ય ધીમે ધીમે નમ્ર વર્તણુકથી કરી શક્યો.

ધર્મ અને મતનું ઐક્ય કરવાને માટે લોકો ઘણા ચિંતાતુર બની રહ્યા છે, પણ તેઓ આત્માના ઐક્યની રાહ જોતા નથી ઐક્યનો અર્થ એ છે કે બાહ્યભેદ અને મનોવિકારને ન ગણકારતાં અંદરથી એક થવું. માત્ર પ્રેમથી આ પ્રમાણે થઇ શકે છે જ્યાંસુધી તમે સર્વાત્મભાવ નહિ પ્રાપ્ત કરો ત્યાંસુધી સર્વજ્ઞતા કદિ નહિ પ્રાપ્ત થાય વિશાળ બુદ્ધિના કરતાં સહૃદયતા વધારે આવશ્યક છે પ્રેમ કાયદો તોડે તેથી કાર્યસિદ્ધિ જ થાય છે; પરન્તુ જો બીજી કોઇ વસ્તુ કાયદાનું ઉલ્લંઘન કરે તો તોફાન અને ક્રાંતિ થયા વિના રહે જ નહિ માત્ર પ્રેમજ દૈવીકાયદો છે. પ્રેમને જ માત્ર કાયદો તોડવાનો હક છે, પ્રેમથી જ નળેલી વર્તનનો સ્વીકાર કરવો એ ઈશ્વરી ન્યાયને અનુસરતું જ કાર્ય છે હક કરને લેવુ એ ગેરકાયદેસર છે

ભારતવર્ષના રાજકીય નેતાઓ ! તમે નિષેધક ઠરાવો અને આવેશ ભર્યા ભાષણ આજ સુધી કરતા આવ્યા છો, પણ તેથી તમારી સ્થિતિ સુધરવાને બદલે દિવસે દિવસે બગડતી જાય છે ! હવે તમારે પ્રેમ માર્ગ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. સામા પક્ષના મનુષ્યોએ ખોટું કામ કર્યું તેથી તમે પણ જો ખોટું કાર્ય જ કરો તો તેથી શું

સ્થિતિ સુધરવાની નથી; એથી તો એક કલંક ઉપર બીજું કલંક ઉમેરાશે, કાંઈ તેમાંથી ઘટવાનું નથી. એક પુખ્ત વયના માણસનું એક છોકરાએ અપમાન કર્યું; આથી ગુસ્સે થઈ પેલો માણસ છોકરાને દોડયો અને તેને પકડીને બોલ્યો:–" મૂર્ખા! તું આટલો બધો ઉદ્ધત બન્યો છે?" છોકરાએ તુરત જવાબ આપ્યો કે, " મહેરબાન સાહેબ! આપના કહેવા પ્રમાણે હું મૂર્ખ હોવાથી મેં અટકચાળું કર્યું, પણ આપ તો ડાહ્યા છો ને? આપ તો ડાહ્યા માણસ જેવી વર્તણુક રાખો!"

વિજળીથી સ્પર્શ પામેલી વસ્તુ જ્યારે કોઈ બીજી વસ્તુના સંસર્ગમાં આવે છે ત્યારે તેને તે ચોંટી જતી નથી, પણ પ્રવર્તનક્રિયાથી એ વિષમ પ્રવાહ ઉત્પન્ન કરે છે; પણ જ્યારે બરાબર સંયોગ થઈ જાય છે ત્યારે સમ પ્રવાહ ઉત્પન્ન થાય છે. જાતિ-અભિમાન તથા વર્ણાભિમાનના કાચના પડદાઓ જ્યાંસુધી અંતઃકરણો એક થવા ન દે, ત્યાં સુધી બુદ્ધિ અને વિચારની મદદથી ઐક્ય કરવાના પ્રયત્ન કરવો એ નુકશાનકારક અને ભયાવહ છે; એથી તો તમે જે પરિણામ લાવવા માગો છો તેથી વધુ વિરૂદ્ધ પરિણામજ આવશે. જ્યાં સુધી એક માણસપર તમે પ્રેમ ન રાખો ત્યાં સુધી તમે તેને ઓળખી શકશોજ નહિ.

ज्यां बुद्धिनो पराजय थाय त्यां प्रेमने विजय मळी शके छे.

ધર્મ, પંથ, સંપ્રદાય વગેરેને લોકો મંત્રેલાં માદળીઆંની પેઠે ગળામાં પહેરે છે. સઘળી જાતના ગુણ અને પ્રભાવ તેમાં છે એમ માનવામાં આવે છે; છતાં આપણે જે થોડો ઘણો ગુણ સંપાદન કરીએ છીએ તે એનાથી નહિ; પરંતુ તેનાં કારણો જુદાંજ છે. હવે આપણે આપણા મનુષ્યત્વનું સંરક્ષણ કરીને આ વહેમો ત્યજી દેવા જોઇએ. આ નામ-રૂપનાં રમકડાં સાથે હજી કેટલા દિવસ રમ્યા કરશો?

ખોટા મતો, લોભ, મોહ વગેરે સર્વે તમારે છોડવાં જોઇએ. તમારી સર્વ મત્તા (મમત્વ, માયા, મારાપણું) તમારા ઉપર સત્તા ચલાવે છે અને તમને ગુંગળાવી નાખે છે. તમે પોતે અંદર ઉતર્યા સિવાય બીજાઓને બહાર કાઢી શકશો નહિ. તમારૂં સર્વસ્વ લુંટાઇ જવામાંજ આનંદદાયક વિજયનો ખજાનો રહેલો છે. ઇશ્વરનું એક નામ 'હરિ' છે. તે 'રામ' ને સૌથી વધારે પ્રિય લાગે છે. 'હરિ' નો ખરો અર્થ 'લુંટારો'

થાય છે હે પરમ કૃપાળુ હરિ! વળી કોઇ સવાલ પૂછશે કે, "તમે દુશ્મનને ચાહશે તો તે તમને ખાઇ નહિ જાય?" પણ હું તેને એટલુજ કહું છું કે, "હે મૂર્ખા! હે ધૂર્ત! તે કોઇ દિવસ આ પ્રયોગ કરી જોયો છે?"

જીંદગીના સઘળા બારણાઓ ઉપર "બહારથી ખેંચો" એવો શબ્દ લખેલો છે, છતા તમે તેને ખોટી રીતે વાંચો છો અને તેને અંદરની બાજુએ હડસેલવાનો પ્રયત્ન કરો છો, પણ એમ તે કાંઇ બારણું ઉઘડે? વિવાદ કરવો એ "હડસેલો મારવા" બરાબર છે અને પ્રેમદ્વારા બીજાનાં હૃદયો તમારા અંતઃકરણમાં મેળવી દેવાં એ "ખેંચવા" બરાબર છે. અંતઃકરણ પ્રેરણાના મંદિરમા પ્રવેશ કરવાનું દ્વાર છે અને મસ્તક એ બહાર નીકળવાનું દ્વાર છે. અંતઃકરણ પ્રેરણા કરે છે અને મસ્તક તેનું વિવરણ કરે છે જેવી રીતે દેહ પહેલો અને કપડાં પછી, તેવીજ રીતે લાગણી પહેલા અને વિચાર પછી ઉત્પન્ન થાય છે કોઈ પણ વ્યક્તિની લાગણી બદલાતાં તેની વિચાર પદ્ધતિમા ચમત્કારિક ફેરફાર થઇ જાય છે

જીંદગી એટલે શું? અતનયાની–વિજ્ઞાનીની એ [illegible] પરંપરા જ્યાં ઉપરચોટિયું જીવન ગાળે છે ત્યાં જીં[illegible]નો આવાજ વ્યર્થ કરે છે, પણ જ્યાં ખરી જીંદગી ([illegible]) ગાળે છે ત્યાં તેનો એવા અર્થ કરતા નથી [illegible] બાહ્ય ચડપથી મોહ પામના [illegible] [illegible] જીવન [illegible] ગુના [illegible] આવવું [illegible] [illegible] પધર[illegible] થાય છે [illegible] આપવું [illegible] [illegible] નિર[illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible] વિદ્યાર્થિ અત્યંત [illegible] [illegible]

તપાસતી વખતે તે પોતાના પ્રિય શિષ્ય શાહિદની વાંકાચુંકા અક્ષરોવાળી પાટી પોતાની નજર સામે રાખતો અને તે પાટીના અક્ષરોને ઉત્તમ ગણતો. શાબાશ ! શાબાશ ! બરાબર છે ! જ્યાં પ્રેમને અભાવે દૃષ્ટિ દૂષિત થઇ હોય ત્યાંજ માત્ર ભૂલો દેખાય છે. જ્યારે પ્રેમરવી આપણા હૃદયમાં પધારે છે ત્યારે અંધારાનો નાશ થાય છે; અને દિવસ પછી રાત્રિ ન પડતાં દિવસજ ચાલુ રહે છે.

सत्यपरायणता.

પવિત્રતાના નામ નીચે કેટલાક લોકો પ્રેમની વિરુદ્ધ ગણગણાટ કરે છે; પણ પવિત્રતા તો પ્રેમ વગર એક ક્ષણ પણ જીવી શકતી નથી એ વાત તેઓ શા માટે ભૂલી જાય છે ? કેટલાક પ્રેમથી મરે છે; કેટલાક દ્વેષથી મરે છે; બહારથી પવિત્રતાનો ઢોંગ કરી અંતઃકરણમાં દ્વેષ રાખવો એ ભયંકર પાપ છે. જગતમાં અપવિત્રતાના ગુલામો ઘણા છે; પરંતુ નીતિના નામ નીચે પોતાની દુર્બળતા ઢાંકનાર પવિત્રતાના ગુલામો અધિક ભયંકર છે. પોતાના આત્મા સાથે પ્રમાણિકપણે વર્તો, પોતાના અનુભવ પ્રમાણે આચરણ રાખો. સ્વાનુભવ કરતાં વધારે યોગ્ય બીજો કોઇ ગુરૂ નથી.

સ્વાનુભવી મનુષ્યના જેવો બીજો કોઇ ભાગ્યેજ પવિત્ર હોય છે. પવિત્રતાના ક્ષુદ્ર બાહ્યોપચારને અને બાહ્યદ્વેષને અયોગ્ય મહત્વ આપવાથી વાસ્તવિક ચિત્તશુદ્ધિરૂપી આત્મસાક્ષાત્કારથી આપણે વંચિત રહીએ છીએ.

સમાજને કૃત્રિમ નીતિ શીખવનાર પંથાચારીઓ જો શાન્ત રહે તો લોકો શારીરિક અને માનસિક પવિત્રતા એની મેળે રાખતાં શીખે; હાથપગ ધોવાનો આરોગ્યરક્ષણનો સાદો કાયદો લોકો પોતાની મેળે શીખી લે છે; તેવીજ રીતે શારીરિક અને માનસિક પવિત્રતા પણ તેઓ આપોઆપ રાખતાં શીખી જાય. વિષયાસક્તિ વિષે બહુ ઉહાપોહ કરવાથી તો દૈવી પ્રકૃતિ ધરાવનાર મનુષ્ય પણ જે વસ્તુથી દૂર છે તે વસ્તુ તેના અંતઃકરણમાં ઉત્પન્ન થશે. તમારી શક્તિઓને ઉચ્ચ વિષયો તરફ વાળશો તો ક્ષુદ્ર વિષયાસક્તિ વિષે વિચાર કરવાનો સમય પણ તમને મળશે નહિ.

મનુષ્યો પોતે સ્વતંત્ર વિચાર કરતાં શીખે એવું શિક્ષણ ન આપતાં કેટલીક સંસ્થાઓ માનસિક દારિદ્રય ઉત્પન્ન કરે છે. નિર્દોષ છોકરા અને છોકરીઓનાં મસ્તકમાં અમુક ધાર્મિક આજ્ઞાઓ બળાત્કારે ભરી દેવાથી માનસિક દારિદ્રની ઉત્પત્તિ થાય છે. નીતિનો બોધ આપવાથી નૈતિક દારિદ્ર ઉત્પન્ન થાય છે. માનસિક દારિદ્ર અને ધર્મઘેલછા એ એકજ રોગની નિવૃત્તિ અને પ્રવૃત્તિ એવી બે સ્થિતિઓ છે.

બધી નદીઓ એકજ સાગરમાં જઇ મળે છે. પ્રેમના બધા પ્રવાહ એકજ પ્રેમસાગરમાં જઇ મળે છે. ઈશ્વરના હૃદયમાંથી સૌંદર્ય ઉત્પન્ન થાય છે. બ્રહ્માની નાભિમાંથી કમળ ઉગે છે. જેને સૌંદર્યની ઇચ્છા હોય તેણે ક્ષીરસાગરમાં સૂતેલા પરમાત્મા પાસેથી તે મેળવવું જોઇએ. ખરેખર સૌંદર્ય એ પરમાત્માનું નિવાસસ્થાન અને આત્માનું જીવન છે. સૌંદર્યની અભિરૂચિવિનાનો મનુષ્ય ઠગો, લૂંટ અને પ્રપંચજ કરી શકે છે; પણ સૌંદર્ય ક્યાં છે ? શું તે ભૂરી આંખો, ગુલાબી ગાલ, કોકિલ સ્વર, રમણીય દશ્યો અને સુંદર કળામાં છે ? હા, છે; પરંતુ તે માત્ર તેમાંજ છે એમ નથી. વસંત ઋતુ આવે ત્યાં સુધી જેને આનંદને માટે આખો શિયાળો રાહ જોવી પડે છે તે મનુષ્યની અભિરૂચિ ખરેખર દયાજનક છે. એક વખત મધુર સ્વર કર્ણગોચર થાય તે પહેલાં જેની અભિરૂચિ ઉપર હજારો વખત આઘાત પડે એવા સંગીતના શોખીન મનુષ્યની દશા પણ ખેદકારક છે. જે માણસના આનંદનો આધાર રમણીય દેખાવ, સુંદર બગીચા, અનુકૂળ મિત્રમંડળ, મધુર વચનો ઇત્યાદિ બાહ્યવસ્તુઓ ઉપર છે, તે માણસને ખરેખર અભાગીજ સમજવો જોઇએ.

ખરો મુક્ત મનુષ્ય તો તેજ છે કે જેનો સ્વયંપ્રકાશ તેની આસપાસની સઘળી વસ્તુઓ ઉપર સૌંદર્યનું ઓજસ નાખે અને જેના અંતઃકરણમાંથી કેવળ દિવ્યપ્રેમનાં કિરણોજ નીકળ્યા કરે. શ્રી ચૈતન્ય મહાપ્રભુના સમક્ષ ચોર અને દારૂડીઆ લોકોમાં રહેલો ઈશ્વરી અંશ પણ પ્રકટ થતો હતો.

પુરાણ પુરૂષ ભગવાન સૂર્યનારાયણને પોતાના પરિભ્રમણમાં પ્રકાશ સિવાય બીજું કાંઈ જ દેખાતું નથી.

મુક્ત લોકોની પ્રેમશક્તિથી જંગલી પશુઓનો પણ ઉદ્ધાર થઇને

તેમનામાં પ્રેમનાં ઝરણાં ફૂટે છે, એમ પયગંબરોનાં ચરિત્રમાં લખ્યું છે તે શું ખોટું છે? આપણે જે પ્રેમ અનુભવીએ છીએ એજ જો સઘળાં પ્રાણીઓમાં રહેલું સ્વર્ગ ન હોય તો પછી સ્વર્ગ એ એ પ્રેમ સિવાય બીજું શું હોઈ શકે?

પવિત્રતા એટલે શું?

દેહાભિમાન, ઇંદ્રિયાસક્તિ વગેરેના ક્ષુદ્ર વિચારોથી આત્માને દૂષિત ન થવા દેવો એજ ખરી પવિત્રતા છે. બાહ્ય વિષયોના દાસ ન થઈ બેસવું તેથી અલિપ્ત રહેવું એજ પૂર્ણ પવિત્રતા છે. વિષયાસક્તિ રાગદ્વેષ, માનાપમાન, જયાજય ઇત્યાદિ દ્વંદ્વની કોઈ પણ અસર આપણા ઉપર ન થાય એવી સ્થિતિ પ્રાપ્ત કરવી એનું નામજ પવિત્રતા છે. માત્ર પવિત્ર મનુષ્યોજ ચારિત્ર્યસૌંદર્ય અનુભવી શકે છે. જેમ સુંદર સ્ત્રી આરસીમાં પોતાનું મુખ જોઈને આનંદ પામે છે, તેવી રીતે ચારિત્ર્યને જોઈને પવિત્ર આત્મા પોતાની અંદરનું "આનંદસ્વરૂપ" નામરૂપાત્મક પ્રકૃતિદર્પણમાં પ્રતિબિંબિત થયેલું જોઈને આનંદ પામે છે. ઘણા પ્રેમી મહાત્માઓ પ્રેમનો અનુભવ લઈ શકે છે, પરંતુ તેઓ તેમાં ન [illegible]

[illegible]

[illegible]

[illegible]

આપણે તેને પ્રાપ્ત કરી શકીશું નહિ; બાળક પોતાના બાળપણની રમત-ગમતો અને બાળપણને છાજતાં કર્તવ્યોમાં નિમગ્ન રહેવાથીજ નાનાપણ છોડીને પુખ્ત અવસ્થામાં દાખલ થાય છે; માંકડાની પેઠે મોટા માણસની નકલ કરવાથી તે પુખ્ત બનાતું નથી.

સૌંદર્ય એટલે શું?

ત્યાગ અર્થાત્ અહંકારનો ત્યાગ. ખરેખર, કૂપકદાચર્યું અહિતત્વ ("હું" પણું) તજવાથીજ અનન્ત જીવન પ્રાપ્ત થાય છે. લોભી-સ્વાર્થી વૃત્તિથી સૂર્યનાં સર્વ કિરણો શોષી લેનાર હરકોઈ પદાર્થ કાળો પડી જાય છે; પરંતુ એ કિરણો શોષી ન લેતાં ઉદારવૃત્તિથી-નિસ્પૃહતાથી બહાર પાછાં ફેંકનારો પદાર્થ તેજસ્વી બને છે. સર્વ આકર્ષણનું કેન્દ્ર દેદીપ્યમાન સૂર્ય ચોમેર પ્રકાશ અને ઉષ્ણતા ફેંકયે જાય છે.

બાળકો સૌને મધુર લાગે છે, કારણ કે તેમનું મન 'અહંપણા'થી સંકુચિત થયેલું નથી. નિરાભિમાન અને નિ:સ્વાર્થ પ્રીતિની છાપ આપણા મનપર પાડનાર કોઈ પણ વ્યક્તિ આનંદ આપે છે અને આકર્ષણ કરે છે. પ્રેમમૂર્તિપર સૌ પ્રેમ કરે છે ધાર્મિક ઝગડા અને તત્વજ્ઞાનના વાદ-વિવાદો! દૂર રહો, તમારું કાંઈ કામ નથી હું તેઓને સારી પેઠે ઓળખું છું. સૌંદર્ય એટલે પ્રેમ અને પ્રેમ એટલે સૌંદર્ય. એ બન્ને સાથે મળ્યાં એટલે થયો સંન્યાસ ઈગ્લાંડના સન્યાસી એડવર્ડ કાર્પેન્ટરના શબ્દોમા કહીએ તો "તમાને પોતાના વિષે વિચારો કરવાનું તદ્દન ન છોડી દો ત્યાં સુધી તમને સુખ મળી શકશે નહિ, અને તે પણ અર્ધ મને નહિ. ક્ષુદ્ર હુંપણાનો અંશ પણ રહ્યા હશે તો તે ચપળી બાળી અગાડી નાખશે હું એમ કહેતો નથી કે એમ કરવુ મુશ્કેલ નથી, પણ એ સિવાય બીજો માર્ગ નથી"

હે મનુષ્ય! પ્રેમમૂર્તિ બનીને જીવવાસાજ મળ્યા છે. બુદ્ધ, ક્રાઈસ્ટ અને અન્ય સંતાદિ પ્રાચીન કાળની વિભૂતિઓનાં અપૂર્ણ લખાએલાં દષ્ટાંતોથી ભોળવાઈ દેશકાળથી બીશો નહિ.

માણસની-એકજ માણસની ઇચ્છા વડે ઇતિહાસ સૃજી ઉઠે છે.

પ્રેમસ્વરૂપે રહો એટલે તમારી મરજી પ્રમાણે બધા નિયમો બંધાશે. આન્તરિક એકતા સાથે તાદાત્મ્ય અનુભવો એટલે

કાળ તમને બરાબર તાલ આપશે, તમારી મરજી પ્રમાણે ચાલશે

ઘડીઆળના કાંટા કેટલા નાજુક છે? છતાં સમસ્ત જગત ઉપર કેવો કરડો અમલ ચલાવે છે? એ નાજુકડા કાંટાના ગુલામ બની રહે (કાળથી બંધાવું) એ અમર મનુષ્યને કેવી મોટી શિક્ષા છે? દૈવગ ખરેખર વિચિત્રજ છે! અદ્વૈતના અટલ નિયમ અને ઈશ્વરની વાસ્તવિ સત્તામાં શ્રદ્ધા ન રાખવાથીજ લોકો દુઃખ પામે છે. અરે નાસ્તિકો! અ અશ્રદ્ધાળુઓ! બીજાના શરીરમાં જુદો આત્મા છે એમ તમે માનો ને? 'રામ' કદિ ઘડીઆળ રાખતો નથી, તે છતાં કદિ પણ વખ ચૂકતો નથી! પ્રેમપ્રેરણાની સાથે ચાલવાને વખત પોતે બંધાએલોજ પવનચક્કી બરાબર ગોઠવો એટલે ચારે બાજુએથી આવતો પવન તે સહાયતા કર્યા વિના રહી શકશેજ નહિ. આવી રીતે પ્રકૃતિ પોતાની બ્લતે તમારે તાબે થશે. પ્રેમસ્વરૂપ બનશો એટલે સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે.

આપણા શિષ્ટાચાર અને આદરાતિથ્ય જોઈને દેવતાઓ મૂછમાં હસે છે. પોતાના ગાઢી નજીકના પાડોશી-આત્મા પ્રત્યે બેવફા રહીને આપણ દૂરના પાડોશી પ્રત્યે વફાદાર બનવાનો પ્રયત્ન કરવામાં આપણે કેવે લજ્જાસ્પદ પ્રતિજ્ઞાભંગ કરીએ છીએ! એક ભિખારી એક કુલીન સ્ત્રી પાસે ભીખ માંગવા આવ્યો; પરંતુ તે બિચારી કુલીન સ્ત્રીને તો ઘરબાર વગરના ભટકતા ભિખારીનું સ્વાતંત્ર્યજ ઈષ્ટ લાગ્યું. ભિખારીના ગય પછી તેણે પોતાના પતિ આગળ બહાનું કાઢ્યું કે, "મારી માતા ગુજરી ગયાનો પત્ર હમણાંજ મને મળ્યો છે, માટે મને પીયર જવા દો." પતિએ વિચાર કર્યો કે, "સાસુજી આપણે માટે કાંઈ વારસો મૂકીને મરી ગયાં હશે, માટે રજા આપવામાં કાંઈ હરકત નથી." સ્ત્રીને તરત રજા મળી અને તે સ્ત્રી સ્ટેશન પર જઈને ટીકીટ લઈ આગગાડીમાં બેસી નજીકના સ્ટેશને ઉતરી પડી. પાંજરામાંથી છૂટેલા પક્ષીની પેઠે આનંદથી તે જંગલમાં ભટકવા લાગી. તેણે ભૂખ લાગતાં ગામડીઆ ખેડૂત પાસેથી ખોરાક ખરીદ્યો અને ખાધો. રાત્રિ પડતાં ઘાસની ગંજીમાં ભરાઈ સૂઈ રહી. બીજે દિવસે સવારમાં ઉઠીને પણ એજ પ્રમાણે કરવા લાગી; પણ એટલામાં હ્યો, વળી તેણે આ કોનો અવાજ સાંભળ્યો! થોડીવારમાં તેણે પોતાના સ્વામીને પેલા ભિખારી સાથે ભટકતો દીઠો. સૌની પેઠે

તાનું ગાયન બંધ કરે છે ! "ગા" એમ કહેતાંજ હું અને ગાયન જુદી સ્તુઓ છીએ એવી ભાવના પેલા બાળકના મનમાં પેદા થાય છે; અને પાવી ભાવના પેદા થતાંજ તેની પ્રથમની સ્વાભાવિક મુદ્રા બદલાઈ જાય છે, ના ચહેરાની પ્રફુલ્લતા ઉડી જાય છે અને તે સંકોચ પામે છે. જેની વૃત્તિ વતંત્ર હોય છે તે પોતાના આત્મા સાથે પ્રમાણિકપણે વર્તે છે અને આત્મ તુષ્ટ બને છે. જગતનો કોઈ કાયદો તેનાથી ભિન્ન પડતો નથી પણ તેની સાથે જોડાઇ જાય છે. તે કોઇની ઇર્ષ્યા કરતો નથી, કોઇની નિંદા કરતો નથી, તેમજ કોઇનાથી નાસતો-ભાગતો ફરતો નથી.

રોગ શું છે ? પ્રેમને અભાવે ઉત્પન્ન થએલી આપત્તિ; પડછાયો જોવાથી પેસી ગએલો ધાક; ધોળે દિવસે આવેલા સ્વપ્નથી ગભરાઇને ભ્રમ પાડવી તે. ખરૂં જોતાં ગભરાટ ઉત્પન્ન કરે એવી કોઇ વસ્તુ નથી. સર્વ દિશામાં, સર્વ કાળમાં અને સર્વ દેશોમાં એકજ પરમતત્વ ભર્યું છે અને તે તત્વ મારો આત્મા જ છે તો પછી હું કઈ વસ્તુથી ડરૂં ? રાત્રિ દિવસના જેટલીજ ઉપયોગી છે. તોફાન અને ગર્જના સૂર્યપ્રકાશના જેટલાંજ આવશ્યક છે. આખી રાતોની રાતો એક ક્ષણ પણ આંખ મીંચ્યા વગર પસાર થાય તોપણ 'રામ' બીજે દિવસે હમ્મેશની માફક પ્રફુલ્લિત જ હોય છે; કારણ કે "ઉંઘ નથી આવી, ઉંઘ નથી આવી" એવો જે હૃદયમાં ઉદ્વેગ થાય છે તેથીજ થાક લાગે છે, ઉંઘના અભાવે થાક લાગતો નથી. જ્યારે પ્રેમમૂર્તિને માટે ઉજાગરા કરવામા આવે છે ત્યારે તે કેવા સુખદાયક લાગે છે ? જ્યારે ભૂખ લાગે છે ત્યારે ભોજન સ્વાદિષ્ટ લાગે છે; પણ જ્યારે ક્ષુધાદેવી તૃપ્ત થએલી હોય છે ત્યારે ઉપવાસ પણ ભોજન જેટલોજ પ્રિય લાગે છે. વિરહાશ્રુનો વર્ષાદ વરસ્યા પછી આનંદનું પૂર અવશ્ય આવે છે; કારણ કે વૃષ્ટિના તોફાનપર પ્રેમદેવીની સ્વારી હોય છેજ. વિરહાશ્રુનો આનંદ હાસ્યના આનંદ જેટલોજ સુખદાયક છે તો પછી હું કોનો પ્રતિકાર કરીશ ? જ્યારે હું સર્વત્ર વ્યાપી રહ્યા છું ત્યારે હું કોનાથી નાશી જાઉં અને ક્યા નાશી જાઉં ? આહાહા ! ! કેવી નિઃસ્પૃહતા ? કેવી બેપરવાઇ ?

જ્યારે તાવ આવે છે ત્યારે હું બિલકુલ અકળાતો નથી. એક મિત્રની પેઠે તેનું સ્વાગત કરૂં છું અને કોઇ બીજી રીતે ન સમજતાં આધ્યાત્મિક

તરવો આ વખતે એકદમ હું સમજી શકું છું. બધું આરોગ્યજ છે; જાગૃતાવસ્થા એ આરોગ્યનો એક અને નિદ્રાવસ્થા એ બીજો પ્રકાર છે. શાંતિમાં એક જાતનું સુખ છે અને તાવથી શરીર બળે છે તેમાં પણ એક જાતનો આનંદજ છે. ઈશ્વરપર શ્રદ્ધા રાખવાને બદલે "શુભ-અભિલાષા" પર શ્રદ્ધા રાખવી એજ ખરો ધર્મ છે અને તેવું ભયંકર તોફાન થાય તોપણ તે નિરોગી અને નિર્દોષ કાનને તો મધુર ગાયન સમાનજ લાગશે.

ઢોલ વગાડીને ઢંઢેરો પીટો કે જ્યાં સુધી 'અમુક કરશો અને અમુક ન કરશો' એવી આજ્ઞાઓ ફરમાવીને અમારૂં કર્તવ્ય નક્કી કરવામાં આવશે ત્યાં સુધી ખરી પવિત્રતા અને આધ્યાત્મિક ઉન્નતિ થનાર નથી. આજ્ઞાર્થ બોધ [illegible] આપણા મનમાં સંકુચિત વ્યક્તિત્વ જાગૃત કરે છે અને [illegible] આનંદ હોતોજ નથી [illegible] નિષ્કામ [illegible] સંકુચિત દેહ [illegible] કાયદાના નિયમને [illegible]

જ છું એમ લાગે, ત્યારે મારે કોઈની પાછળ દોડી મરવાની શી જરૂર છે? સર્વ આકર્ષક વસ્તુઓની સાથે જેનું તાદાત્મ્ય થયું છે તેને આખા વિશ્વમાં કયી વસ્તુ મોહ પમાડી શકે?

પોતે ઈશ્વરથી ભિન્ન છે એમ માનનાર, આત્મા સાથે આત્મઘાતક વર્તણુક ચલાવનાર, સ્વયંપ્રકાશને માયાજાળમાં છુપાવનાર તુચ્છ અહંભાવરૂપ ચોરે કયું પાપ કર્યું નથી અને કયું પાપ ભવિષ્યમાં કરશે નહિ?

ભલું કે બુરું, સદાચરણી કે દુરાચરણી, કોઈપણ પ્રકારનું શારીરિક કે માનસિક કાર્ય, કીર્તિ, અપકીર્તિ, નિંદા, સ્તુતિ, કોઈ પણ પ્રકારની ક્રિયાપરની આસક્તિ, મને-આનંદસાગરને બાધક થઈ શકતી નથી. હું નિત્ય નિર્વિકાર સચ્ચિદાનંદરૂપ છું. જ્યારે સચ્ચિદાનંદ-અનંત પ્રકાશ મારા પોતાના આત્મામાંજ વિદ્યમાન છે ત્યારે મારે બીજાનો ઉપકાર માનવાની શી જરૂર છે? મારે કોની આગળ મદદને માટે હાથ ધરવાની જરૂર છે?

શ્રમ અને પ્રેમ.

ગરીબ બિચારા મજૂરને આત્મપોષક અન્ન આપો, તેનાપર પ્રેમ કરો એટલે તે તમારી પાસે પોશાક પણ ન માગતાં કામ કર્યેજ જશે. તમે મજૂરને ચાહો એટલે મજૂર તમારા કામને ચાહશે. પ્રેમથી પ્રેરાઈ કરેલા કામને શું તમે 'શ્રમ' નામ આપશો? ના, તે તો આનંદદાયક રમત છે.

કલા એટલે શું? બે વસ્તુનો આપણે સ્પર્શ કરીએ તેમાં સૌંદર્યનો આવિર્ભાવ થાય તેનું નામ કલા. પૃથ્વી ઉપર કે સ્વર્ગમાં એવી તે કયી વસ્તુ છે કે જે સૌંદર્યને મૂર્તસ્વરૂપ આપે છે? આહા! તે વસ્તુ પ્રેમ સિવાય બીજી કયી હોઈ શકે?

આપણા શ્રમ ઉપર પ્રેમરૂપી પ્રકાશથી સુંદર જીવન બને છે અને તેથી સુંદર કલાનો ઉત્પન્ન થાય છે. વર્તમાનકાળમાં હિંદમાં કલાકૌશલ્ય [illegible] આવવાને પણ કેમ [illegible] નથી? કારણ એજ કે કારીગરોને કોઈ ચાહતું નથી! ગરીબ બિચારા મહેનતુ કારીગરોને ઉત્તેજન આપવાને બદલે તેમને તેઓનું [illegible] ઘણી [illegible] આવે છે!

જ્યાં ઉદ્યોગને [illegible] મળે છે ત્યાં [illegible] [illegible] અને [illegible] કરે છે અને [illegible]

કૌશલ્ય નિર્જીવ થેઇ થઇ પડે છે. જ્યાં ઉદ્યોગને માન આપવામાં આવે છે ત્યાં ચૈતન્ય અને પ્રકાશ વાસ કરે છે અને કૌશલ્ય વધે છે. હે પ્રેમ-દેવી! તારી શી સ્થિતિ થઈ છે? 'પ્રેમ' શબ્દનો એટલે સુધી વિપર્યાસ થઈ ગયો છે કે એ શબ્દનો ઉચ્ચાર થતાંજ લોકો "દિવ્યજ્યોતિ"ને બદલે ક્ષુદ્ર 'વિષયલાલસા' અથવા 'મૂર્ખતા' એવો તેનો અર્થ કરે છે! કેવી ભયંકર અધોગતિ! કેટલીક વખત લોકો 'પ્રેમશક્તિ' અને 'ઉપાસના' વિષે પુષ્કળ ગપ્પાં મારે છે; પણ આચરણમાં તો તેની એટલી જ ઉપયોગિતા છે કે કેટલાંક સંસ્કૃત સ્તોત્રોનો મોઢેથી પાઠ કરી જવો! આ સ્તોત્રોનો અર્થ પણ તેઓ પૂરો સમજતા નથી; તો પછી તેમાંનું રહસ્ય અને સહૃદયતા તો ક્યાંથીજ સમજી શકે? અને જ્યારે સમજે નહિ ત્યારે તે પ્રમાણે આચાર પણ શી રીતે કરી શકે? શ્રદ્ધા ન હોય તો એકલી ભક્તિ શા કામની? ભક્તિરસથી ઉભરાતા શ્રી ચૈતન્ય મહાપ્રભુની આ કેવળ ખોટી નકલો છે.

મંદિરોમાં ઉત્તમ તાલસુર સાથે દેશી બાજાનાં પદો સંભળાય છે; પણ તેમાં આત્માને શુદ્ધ કરનાર એક પણ પ્રેમાશ્રુ જણાતું નથી.

બંધુઓ! 'હું પાપી છું,' 'હું પતિત છું,' એવા શબ્દો બોલીને તમે ઈશ્વરને મૂર્ખ બનાવી શકશો નહિ અને તેનો પ્રેમ પણ છતી શકશો નહિ. જેવા તમે વિચાર કરો છો તેવાજ તમે થશો. જેવી તમારી મતિ છે તેવીજ તમારી ગતિ થશે. કર્મનો સખત કાયદો તમને કદિ પણ છોડશે નહિ. જ્યારે તમે 'પાપી' અને 'પતિત' તરીકે પ્રાર્થના કરો છો ત્યારે તે તમને 'પાપી' અને 'પતિત' જ બનાવી મૂકશે, એ કાંઇ કઠિન નથી.

મારા ગરીબ શ્રીમંત બંધુઓ! ઉંચાં ઉંચાં સંગેમરમરનાં મંદિરો અને તમે બનાવેલા પત્થરના વિષ્ણુઓ તમારા અંતઃકરણની અશાંતિ દૂર કરી શકશે નહિ. તમે દુઃખી છો એ હું જાણું છું તમારો ગર્વ તે વાત તમને કબૂલ કરવા દેતો નથી. દેશના ભૂખ્યા નારાયણો અને મહેનતુ વિષ્ણુઓની પૂજા કરો. ઉપયોગી કળાઓ અને ઉદ્યોગો શીખવાને માટે ગરીબ હિંદી વિદ્યાર્થીઓને અમેરિકા મોકલો કે જેથી તેઓ હિંદુસ્તાનમાં પાછા આવીને સેંકડો બલ્કે હજારો ભૂખે

જો તુ પાછો ફરીને જોયે તો હું અખંડ અને પૂર્ણ આરોગ્ય સ્થિતિમા માલુમ પડીશ. બદગી! જનાબ બદગી! નમસ્તે! મહારાજ! નમસ્તે!

સુસવનાઓ! મને કાપી નાખવાની તમને છૂટ છે, પણ મારૂ અંત કરણ વનારા મન્યોના પ્રેમથી બચો છે ખ્રિસ્તીઓ! મારા કથનનો ખોટો અર્થ કરવાની તમને છૂટ છે, પણ હું તો તમને ચાહું છુ. અંત્યજો-ભંગીઓ! તમારાં મેલાં ગદાં ઝુંપડામાં કોઈ નહિ આવે તો પણ ‘રામ’ ત્યાં આવવાને જરા પણ સકોચ રાખશે નહિ.

કૃત્રિમ પ્રેમ અને ખોટી સહાનુભૂતિ દેખાડવા એ ઈશ્વરનું અપમાન કર્યા બરાબર છે સાચી પ્રેમજ્વાળાની સાથે ક્ષુદ્ર વાસનાઓનો ધૂમાડો ભળ્યો હોય તેની ફિકર નહિ

કોઈ વસ્તુના અંતઃકરણમા સત્યપ્રેમનો ભભુકો ઉઠતો હોય, પણ જો તે લૌકિકનયવાદ, રીતરિવાજો, રૂઢિગ્રસ્તતા, લજ્જા, કીર્તિ આદિ વ્યાવહારિક ડહાપણની સતતિનો દાસ બની જાય તો તેના ખરા પ્રેમની જ્વાળામા આ વસ્તુઓ ધુમાડા અને કોલસા જેવી અસર કરે છે, અર્થાત્ તેને સ્વતંત્ર રીતે બળવા દેતી નથી બહારનો રોગીષ્ઠ અંતઃકરણ ઉપર બોજારૂપ થઈ પડે છે, માટે તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ

શુદ્ધ સત્ય! હું માત્ર તારો જ સત્કાર કરૂ છુ તુજ મારો સખા, મિત્ર, હિતકર, દેવ, સ્વામી અને આત્મા છે રાજાઓ, કાયદાઓ અને જ્ઞાતિઓ! ઈશ્વર તમારૂ ભલુ કરો! ‘રામ’ને તેના સન્માર્ગમાથી વિમુખ કરવાની તમારામા જરાયે શક્તિ નથી. તમારી ધમકીઓ, ફૂપાકટાઓ કે ક્રોધ વચનો, જેટલા અજમાવી શકાય તેટલા અજમાવો અસખ્ય સાર્વભૌમ સત્તાઓ, આપખુદ નૃપતિઓ અને જહાંગીરી ચલાવતા બાદશાહો કરતા સ્વેચ્છાચારી મહારાજાધિરાજ સત્યદેવ અધિક બળવાન છે

એમ કહેવાય છે કે પનામા જેવા પ્રત્યેક સંપાદીક મનુષ્યનો ભોગ આપવો પડ્યો હતો. આ વાત સાચી હોય કે જૂઠ્ઠી, પરંતુ એ તો અનિવાર્ય સત્ય છે કે મનુષ્યોના રક્ત હાડપીંજરથી બનાવવામા આવેલા સ્તભપર જ સ્વેચ્છાવિહારી સત્યદેવની પધરામણી થઇ હતી. સત્યદેવના દિવ્ય ચરણસ્પર્શથી જેમના મસ્તક પવિત્ર થયા હોય તેમને ધન્ય છે!

(જરાક ફેરફાર સહિત) કહેવાં આ ઠેકાણે યોગ્ય લાગે છે: "જો દેશપર મારો વધારે પ્રેમ ન હોત તો હું તારાપર આટલો બધો પ્રેમ રાખી શકત નહિ."

જેમ સૂર્ય દરેક વસ્તુને પોષણ આપે છે તેમ સાચો પ્રેમ આત્માનો વિકાસ કરે છે. જે પ્રમાણે હિમ સઘળી વસ્તુને બાળી મૂકે છે તે પ્રમાણે આસક્તિ અથવા મોહ આત્માને સંકુચિત બનાવી દે છે.

મોઝીઝની પહેલી આજ્ઞા એ છે કે "પ્રેમ સિવાય બીજો કોઇ તારો ઈશ્વર નથી."

આ અદેખો પ્રેમદેવ લોભ અથવા મોહને પોતાનું ભવ્ય રાજ્યાસન પચાવી લેવા દેશે નહિ. પોતાનું એકનું એક બાળક મરી જવાથી એક બાઇ આક્રંદ કરવા લાગી. 'રામે' પૂછ્યું: "એક સીદીના બાળકને દત્તક લઇને તારા પોતાના બાળકની પેઠે સંભાળ લઇશ કે? બોલ, આમ કરવાને તું તૈયાર છે?"

પેલી સ્રીએ જવાબ આપ્યો: "ના."

'રામે' કહ્યું: "ઈશ્વરે તારૂં બાળક લઇ લીધું તેનું કારણ એજ છે."

સર્વવ્યાપી પ્રેમ એજ સ્વર્ગના દ્વાર ઉઘાડવાની કુંચી છે; એકદેશી આસક્તિ સ્વર્ગના બારણા કદિ નહિ ઉઘાડી શકે

લોકો બીજા માણસોની કૃતઘ્નતા વિષે બડબડાટ કરે છે કોઇનું જરાક કાંઇ કામ કર્યું હોય તો શાહુકારની પેઠે બળાત્કારે વ્યાજસહિત તેનો બદલો લેવાની દોડાદોડ કરી મૂકે છે; પરન્તુ ભાઇઓ! જરા ધૈર્ય રાખો, જરા શાંતિ પકડો. ઈશ્વરને માત્ર એકજ હાથ નથી, સર્વ હાથો તેના છે, બધી આંખો તેનીજ છે અને બધા મસ્તકોનો માલેક તેજ છે. જ્યારે કોઇ માણસની સાથે તમે કઇ કામ પાડો છો ત્યારે જે હાથે તેણે તમારી કોઇ ચીજ લીધી હોય, તેજ હાથે તે ચીજ પાછી આપે છે કે નહિ એમ કાંઇ ધ્યાન રાખો છો કે? બીજો હાથ વાપરે તો તેમાં શું થયું? હાથ તમારી ચીજનો લેનાર નથી પણ હાથનો માલેક છે.

તમારે ફકત ઈશ્વર સાથે કામ છે; મિત્ર અથવા શત્રુ જેવી દેખાતી છાયા સાથે કાંઇ કામ નથી. ઈશ્વર પોતાનું દેવું અદા કરવાનું કદિ ભૂલી નથી. તમારૂં કોઇ પણ નિઃસ્વાર્થ કર્મ ઈશ્વરને દેણદાર બનાવે છે.

લેતી વખતે તેણે જે હાથ આપ્યો હતો તે, હાથ કદાચ આપતી વખતે ન પણ આપે; પરંતુ કોઇ બીજાએ હાથ-માણસ-દ્વારા તે, તમારૂં દેવું વ્યાજસહિત ચૂકવી દેશે, હે ચંચળ નાસ્તિક ! એટલો બધો કેમ અકળાય છે ? તારા દેવી આત્મા સિવાય બીજી કોઇ પણ વસ્તુ સમસ્ત જગત ઉપર સ્વતંત્ર સત્તા ભોગવતી નથી.

મૂર્તિપૂજા શું છે ? મિત્ર અને શત્રુ રૂપે, લૌકિક સ્વરૂપોમાં વ્યક્તિત્વ અને સત્યત્વ એટલે બધે અંશે માની લેવું કે જેથી એકજ, ગુપ્ત વ્યક્તિ-અદ્વૈત પરમાત્માનું ભાન પણ ન રહે એનું નામજ મૂર્તિપૂજા.

જંગલો, નદીઓ, સરોવરો અને હીમાછન્ન શિખરોના રમણીય દેખાવોથી આપણામાં સ્ફૂર્તિ આવે છે, મન પ્રસન્ન થાય છે અને આત્મા તેમાં તલ્લીન થઈ જાય છે; એનું કારણ શું ? કારણ એજ છે કે આપણું મર્યાદિત વ્યક્તિત્વ ભૂલી જવાય છે. શહેરોમાં માથે વ્હોરી લીધેલાં બંધનોથી ત્યાં મુક્ત થવાય છે; અને સુંદર વૃક્ષો અને પવિત્ર પાણી પોતાના અકૃત્રિમ સૌંદર્ય અને માધુર્યથી આપણને સંકુચિત થવાની ફરજ પાડતાં નથી.

ગુલાબનાં ઉદ્યાનોમાં અને આમ્રવૃક્ષની વાડીઓમાં જે દિવ્યતત્ત્વ છે, તેજ તત્ત્વ જેઓ પુરૂષો અને સ્ત્રીઓમાં જુએ છે, તેઓ આ સમસ્ત જગતને સ્વર્ગીય નંદનવન માને છે. એવા આત્માઓને ધન્ય છે ! ધન્ય છે !

ॐ ॐ ॐ



અને રજના કરતા ઓછા મહત્ત્વનો ગણતો નથી. મારૂં કહેવું એટલું જ છે કે, ' હિંદુસ્તાનમાં આપણે તમોગુણ વિરૂદ્ધ ખૂબ બૂમરાણ મચાવી તેનો પ્રતિકાર કરવાથી જ આપણે તેની આપણામાં અતિશય વૃદ્ધિ કરી મૂકી છે.' હવે તો આપણે તમોગુણનો ઉપયોગ કરતા શીખીને તેને ઉજ્જ્વલ કરવો જોઈએ. ખેતું ખાતર ઉપયોગમાં લીધા સિવાય જો આપણે ફેંકી દઈશું તો બગીચા શી રીતે તૈયાર થઈ શકશે?

તમોગુણ એ કોલસો છે. તેના સિવાય રજોગુણરૂપી અગ્નિ અને વરાળ તથા સત્ત્વગુણરૂપી પ્રકાશ ઉત્પન્ન થતા નથી. કોઈ પણ દેશમાં જેટલે અંશે તમોગુણનો પાયો મજબૂત હોય છે તેટલે અંશે હીલચાલથી ઉત્પન્ન થતા રજોગુણના અગ્નિ અને સત્ત્વગુણના પ્રકાશનું જોર વિશેષ હોય છે; એ સિદ્ધાંત આધુનિક મસ્તકવિદ્યાના સિદ્ધાંત સાથે બરોબર મળે છે. એ શાસ્ત્રમાં કહ્યું છે કે નૈતિક અથવા બૌદ્ધિક (બુદ્ધિવિષયક) વિકાસ ગમે તેટલો થયો હોય, તોપણ તેજસ્વિતા અને ચારિત્ર્યની શક્તિઓને મનુષ્યની તામસી વૃત્તિનો મજબૂત આધાર મળ્યા સિવાય તે નિરૂપયોગી નિવડે છે, અને તેથીજ હિંદુ લોકો મહાદેવને તમોગુણના અધિષ્ઠાતા કહે છે.

હિંદુસ્તાનના એક કટોકટીના સમયમાં આપણે જન્મેલા હોવાથી દેશસેવા કરવાના પ્રસંગ જોઈએ તેટલા છે; અને તેને માટે આપણે ઈશ્વરનો ઉપકારજ માનવો જોઈએ. આપણે ભાગે આવેલું કાર્ય લોકોત્તર કવિને પણ સ્ફૂર્તિ આપનારૂં અને ક્રાંતિકારક છે. કહેવત છે કે જે ખૂબ ઉંઘે છે તે સંપૂર્ણ તાજા થઈને ઉઠે છે. હિંદુસ્તાનને મહા ગાઢ નિદ્રા આવી હતી તેથી તેની જાગૃતિ પણ તેવીજ લોકોત્તર થવાની છે. હિંદુલોકોમાં આપણે જે ઉત્પન્ન કરવું છે તે આ જાગૃતિ જ છે.

દોષ શોધવાની દૃષ્ટિ દૂર કરીને ગુણગ્રાહકતા વધારવી; બંધુભાવ, કાર્ય કરવાની વૃત્તિ, એકત્ર થવાની ટેવ અને મહેનત-ભરેલાં કાર્યો કરવાના ઉત્સાહને માટે હિંદુઓને જાગ્રત કરવા; એ હાલ ઘણું આવશ્યક છે.

અરેરે! એક પંથવાળાઓ બીજા ઉપર ટીકા કરવામાં અને મે'

લિખિત શ્લોક આધુનિક કાળમાં લાગુ પડે છેઃ—

> यज्ञशिष्टाशिनः संतो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
> भुंजते ते त्वघं पापाये पचंत्यात्मकारणात् ॥
>
> શ્રી૦ भगवद्गीता अ. ३. १३.

ઈશ્વરપ્રાપ્તિ કરવી હોય તો સંન્યાસવૃત્તિ ધારણ કરો, એટલે કે સ્વાર્થનો પૂર્ણ ત્યાગ કરીને તમારૂં ક્ષુદ્ર વ્યક્તિત્વ હિંદમાતા વિરાટ્ સ્વરૂપમાં મેળવી દો. આનંદ અથવા ઈશ્વર મેળવવો હોય તો રાષ્ટ્રોન્નતિના વિચારોમાં પોતાની સર્વ વૃત્તિઓનો ભોગ આપનાર બ્રાહ્મણ સ્વભાવ ધારણ કરો. આનંદપ્રાપ્તિ કરવી હોય તો પ્રત્યેક ક્ષણે પોતાના જીવનનો ભોગ આપવાની ક્ષત્રિયવૃત્તિ ધારણ કરો. ઈશ્વરપ્રાપ્તિને માટે પોતાની સર્વ સંપત્તિ રાષ્ટ્રના ભંડાર તરીકે સાચવી રાખનારી ખરી વૈશ્યવૃત્તિ ધારણ કરવી જોઈએ. આ લોકમાં કે પરલોકમાં આનંદ અથવા રામ-આનંદઘન રામ-નો સાક્ષાત્કાર કરવો હોય અને તમારા મનમાંના અમૂર્ત ધર્મવિચારને મૂર્ત અને દૃશ્ય સ્વરૂપ આપવું હોય, તો કોઈ કાળે પુણ્યશાળી શૂદ્રોને નીમી આપેલા શારીરિક કષ્ટદ્વારા તમારે તમારા હાથ-પગવડે આ સન્યાસવૃત્તિ તથા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની વીરવૃત્તિઓ ઉત્પન્ન કરવી જોઈએ. સન્યાસવૃત્તિનો અંત્યજોના કર્તવ્યપાલનમાં સંયોગ થવો જોઈએ. એ એકજ માર્ગ અત્યારે રહ્યો છે. ઉઠો, જાગૃત થાઓ.

બીજા દેશો પણ અત્યારે આખા જગતની બ્રહ્મભૂમિ હિંદુસ્તાનને પોતાના દૃષ્ટાંતથી આ ધર્મ શીખવે છે. જ્યારે એક જાપાની વરૂપુને પુત્રધર્મ પાળીને માતાની સેવામાં રહેવાને (ગૃહધર્મ) માટે સૈન્યમાં દાખલ કરવાની ના પાડવામાં આવી, ત્યારે તેની માતાએ આત્મહત્યા કરીને ઉચ્ચ રાષ્ટ્રીયધર્મને માટે ઓછા મહત્વના ગૃહધર્મનો ત્યાગ કર્યો.

અતુલ પ્રતાપી ગુરૂ ગોવિંદસિંહે રાષ્ટ્રીયધર્મને માટે વ્યક્તિવિષયક, સાંસારિક અને સામાજિક ધર્મોનો જે ત્યાગ કર્યો, તેમની બરોબરી કરનારા બીજાં કયા કર્મો મળી આવશે ?

લોકોને સત્તાની મહત્વાકાંક્ષા હોય છે. જ્યારે તમારૂં વ્યક્તિત્વ આખા રાષ્ટ્રના વ્યક્તિત્વ સાથે તાદાત્મ્ય પામે છે, ત્યારે એવી કઈ પ્રચંડ અમર્યાદ શક્તિ છે કે જે તમારા હાથમાં આવી શકશે નહિ ?

છેવટે હઝરત મહમદ પેગંબરના સુંદર શબ્દોમાં એ શક્તિનો મને દાખલો આપવા દો:

"સૂર્ય મારા જમણા હાથ ઉપર અને ચંદ્ર ડાબા હાથ ઉપર આવીને બેસે અને બન્ને મને પાછો ફરવા કહે, તોપણ હું તેમનું સાંભળવાનો નથી !"

હમ રૂખે ટુકડે ખાયેંગેં, ભારતપર વારે જાયેંગેં;
હમ સૂખે ચને ચબાયેંગેં, ભારત કી બાત બનાયેંગેં;
હમ નંગે ઉમર બિતાયેંગેં, ભારતપર જાન મિટાયેંગેં;
સૂલોંપર દૌડે જાયેંગેં, કાંટો કો રાખ બનાયેંગેં;
હમ દર દર ધક્કે ખાયેંગેં, આનંદકી ઝલક દિખાયેંગેં;
સબ રિશ્તે નાતે તોડેંગે, દિલ ઇક આતમસંગ જોડેંગે,
સબ વિષયોંસે મુંહ મોડેંગે, સિરપર પાપોકાં ફોડેંગે.

राम.

ॐ ! ॐ !! ॐ !!!





१२–सचेत शांति.

ઉદાર પ્રકૃતિ દરરોજ લાખો ખનિજો, વનસ્પતિઓ અને પ્રાણીઓનો અપવ્યય (વિના કારણે વાપરવું તે) કરતી જણાય છે. પણ કાંઈ હરકત નહિ, પ્રકૃતિ અને 'રામ' દર કલાકે લાખો પ્રાણીઓ અને લાખો ખજાનાઓ ખરચી નાખવાની શક્તિ ધરાવે છે. વસ્તુનો નાશ ક્યાં થવાનો છે? તે અહીં ત્યાં જશે તોપણ મારામાંજ રહેવાની છે. પ્રાચીનકાળમાં જ્યારે હિંદમાં પુષ્કળ ધન હતું ત્યારે તે મારા ડાબા ખીસ્સામાં હતું, હવે જ્યારે તે પશ્ચિમમાં ઘસડાઈ ગયું છે ત્યારે તે મારા જમણા ખીસ્સામાં આવ્યું છે હું સમુદ્ર છું, ભરતી અને ઓટ બન્ને મારામાંજ થાય છે. શત્રુતા રાખવાથી અને વેર લેવાથી આપણું કલ્યાણ થશે નહિ, પણ કર્તવ્ય બજાવવાથી–પ્રેમ રાખવાથીજ કલ્યાણ થશે. 'પ્રેમ સર્વને જીતે છે' એવું જે કહેવાય છે તે કાંઈ ખોટું નથી. વસ્તુની ચાહના કરવાથી તેના ખરા માલેક થઈ શકાતું નથી. "કપૂર, કપૂર, હું તને ચાહું છું, મારે તને રાખી મૂકવું છે" એમ કહેવાથી કપૂરનો એક ટુકડો પણ તમારા કાયમ રહેશે નહિ, પણ પ્રેમથી આખી દુનિયા તમારી છે એવો અનુભવ તમને મળી શકશે. માત્ર પ્રેમથીજ ખરા માલેક થઈ શકાય છે બીજી માલેકીઓ ચોરી, લૂંટફાટ અને દૈવી નિયમના ઉલ્લંઘનની કક્ષામાં આવી જાય છે. જો કે મનુષ્યો સ્વાર્થપર હોવાથી તેને યોગ્ય અને કાયદેસરની માલેકી એવું નામ આપે છે

તેનું ઉદાહરણ [illegible] ઈરાનની [illegible] તૈમુરલંગ નામના આપખુદ પાદશાહે એક વખતે હાફિજ કવિને પોતાની પાસે બોલાવી મંગાવ્યો. કવિએ પોતાના એક કાવ્યમાં એમ લખ્યું હતું કે, "સનમ (પ્રિયા)ના ગાલ ઉપરના તલને માટે હું સમરકંદ અને

બુખારા એ બન્ને શહેરા ઇનામમાં આપી દઇશ."

આ બન્ને શહેરા તૈમુરવંશની સત્તા નીચે હતાં, તેથી તેણે હાં[illegible] ધમકાવીને કહ્યું કે, "તારી પ્રિયાને માટે મારાં બે મોટાં મોટાં [illegible] આપી દેવાની હિમ્મત કરનાર જવાંમર્દ તુંજ છે કે?" બહાદુર કવિએ પણ ડર્યા વિના જવાબ આપ્યો: "હા સાહેબ, આવાં ઉદારતાનાં [illegible] કરવાથીજ હું બધું ખોઇ બેઠો છું."

હજી પણ કવિ સાચું બોલ્યો નહોતો. તેણે એમ કહેવું જોઇતું [illegible] કે, "પ્રેમદેવીને સર્વસ્વ અર્પણ કરવાથી મને એટલું ઐશ્વર્ય પ્રાપ્ત [illegible] છે કે હું લોક પરલોક બન્ને આપી દેવાની શક્તિ ધરાવું છું; [illegible] ઓ ભુવની પાદશાહ! સંગ્રહ કરવાની દોડાદોડમાં તેં તારો એક [illegible] અને ચિત્તની શાંતિ ગુમાવ્યા છે, અને તે છતાં તારી કમર બેવડી [illegible] પણ તારી પાસે રહી નથી!" જે પ્રમાણમાં મનુષ્યની જરૂરી[illegible] ઓછી તે પ્રમાણમાં તેને વધારે શ્રીમંત સમજવો.

ધર્મસંસ્થાપકો, કવિઓ, [illegible] શોધકો અને તત્ત્વજ્ઞાન[illegible] [illegible] માત્ર એકટોળ [illegible] [illegible] અને કેટલાકમાં થોડા. [illegible] [illegible] અને નામકૂંચ્યુ બેલ્ટા [illegible] [illegible] બની ગયા હતા. પ્રેમ[illegible] [illegible] બની જ્યોતિ D. અ[illegible] [illegible] પુરૂષ અથવા ધર્મસંસ્થાપક જ્યાં જ્યાં નારી [illegible] [illegible] આત્મસંસ્કારનું રહસ્ય [illegible] [illegible] હિમ્મત અને જ્ઞાન હોય નહીં. થોડા [illegible] [illegible] થઇ હોઇ છે. પ્રેમન્ આત્મ[illegible] [illegible] અને છે [illegible], પણ થોડા કાળ પીતા [illegible] [illegible] કરી કરે છે, અને આત[illegible] [illegible] છે [illegible] તેઓ જુદા જુદા પદ્ધીની કક્ષામાં [illegible] [illegible] કેટલાકની કક્ષા તત્ત્વરૂપી સૂર્યથી ઘણે દૂર [illegible] છે અને કેટલાકની વધારે [illegible] 'રામ' ના ધર્મિક [illegible] [illegible] જુએ છે, પણ પતંગીઆની પેઠે પ્રકાશની ચોતરફ [illegible]

જાય કે જેથી હું-તું, મારૂં-તારૂં ઇત્યાદિ અહં-મમત્વના સર્વ ભાવો બળી જાય અને સર્વ તેજના તેજમાં પોતાનો દેહ પણ મળી જાય, આવું ઉપનિષદનું અહિધારાવ્રત પાળનાર કોઈ જણાતો નથી.

સુધારાના બાળકો ! તમારાં વિજ્ઞાનશાસ્ત્રો અને કળાઓનો અમે સ્વીકાર કરીએ છીએ, પણ કૃપા કરીને બહુ છાપરે ચઢાવશો નહિ. પ્રેમ એ સૂર્ય છે અને દુનિયાનાં શાસ્ત્રો તેની આસપાસ ફરનારા ગ્રહો તથા ઉપગ્રહો છે.

મનુષ્ય સાથે ઘણે દૂરનું સગપણ ધરાવનાર અનિત્ય પદાર્થો અને પત્થરો વિષે ભૂસ્તરવિદ્યા વિવેચન કરે છે. વનસ્પતિશાસ્ત્ર વળી તેથી જરા [illegible]ચા વિષયનું વિવરણ કરે છે. ખગોળવિદ્યા માણસથી ઘણે દૂર રહેલા [illegible]રાઓ સંબંધી જ્ઞાન આપે છે શરીરશાસ્ત્ર માણસના બાહ્ય હાડપિંજર [illegible]ને અસ્થિનું જ્ઞાન આપે છે માનસશાસ્ત્રમા ફક્ત મનના જુદા જુદા [illegible]ચાપારો જણાવ્યા છે, પણ પ્રેમશાસ્ત્ર તો મનુષ્ય તેમજ પ્રકૃતિના પરમ [illegible]ત્ત્વની સમજ આપે છે એ વિદ્યા તો એક કળા અને શાસ્ત્ર બન્ને [illegible] શાસ્ત્રીય સૂર્ય તો એક મહાન સૂર્યના પ્રેમરૂપી અગ્નિનો અથવા એકમેવાદ્વિતીયમ્ એ તત્ત્વનો માત્ર તણખો છે.

જ્યારે નાનો ફ્રેડરીક પતંગ ઉડાવતો હતો ત્યારે તેનો બાપ બેન્જામીન દોરીના ખોસેલી લોહચુંબકની સોયને ધારી ધારીને જોતો હતો તે અવલોકન કરવામાં એવો તો લીન થઇ ગયો હતો કે પૃથ્વીથી પોતાની જાતને જુદી ધારતોજ નહોતો જ્યાર[illegible] નાલસ [illegible] મુક કાર્યમા આટલો બધો તલ્લીન થઈ જાય ત્યા તેની આસપાસની સઘળી ચીજો સાથે [illegible] તેનું તાદાત્મ્ય નથી [illegible]? તે [illegible] પ[illegible]વરના [illegible] જુદો નથી બની જતો? પ્રકૃતિના અંત[illegible] તેન અંતઃકરણ મળી જાય છે અને આમ કરીને પ્રકૃતિ[illegible] તેના પોતાન બની જાય છે પૃથ્વીપરના વિજળીના [illegible] [illegible] [illegible] ધબકે છે, એવી તેને જોતા[illegible] આપ [illegible] [illegible] તેજ રીતે બાહ્ય પ્રસાર જોતાજ આપ[illegible] [illegible] [illegible] સાથે એકતા વતાવે છે

બે મનુષ્યો વચ્ચે જ્યારે [illegible] અદ્વૈતભાવ[illegible] [illegible] છે, ત્યારે ભેદભાવનાની માયા ટળી જાય [illegible] એકની લાગણીઓ બીજાની

લાગણીઓ બને છે; એકનો વિચાર બીજાનો વિચાર બને છે અ
પરોક્ષ દર્શન સપ્રમાણ સિદ્ધ થઈ શકે છે.

मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव।

જેવી રીતે એક દોરામાંજ જુદા જુદા મણકાઓ પરોવાયેલા હોય
તેવી રીતે મારામાંથીજ આ સઘળું વિસ્તાર પામ્યું છે.

જે જે તણી પ્રીતિ ધરે, તે તે ખરેખર તું બને;
યદિ દેવપર પ્રીતિ કરે, સાક્ષાત્ પરમાત્મા બને.
જો ધૂળ પર દૃષ્ટિ કરે, શું ધૂળ વિણ બીજું બને?

આહાહા! આપણા પોતાના અંતઃકરણનો ખોરાક કેવો પુષ્ટિકારક
કેવો સ્વાદિષ્ટ અને કેવો સુખદાયક છે! એના જેટલો સ્વાદ બીજી કો
વસ્તુમાં નથી. 'રામ' એ ખોરાકની સાથે કોઇ કોઇ દિવસ થોડું દૂ
પીએ છે, તે સિવાય બીજું કાંઇ ખાતો નથી.

આકાશમાં યામિનીસ્વામી શાન્ત કર્યો તે જુઓ!
નરનાર સૌ તેને વિલોકી તાપ પોતાના ખુઓ!
તવ મુખપંકજ–સુધા નેવી નિત્ય કુમુદબંધવા!
મુજ હૃદયના તાપો શમાવી સફળ માનું જીંદગી'
ના શમ્બેદ બોલાવશો ના ભિષગ્જનને તેડશો,
આનંદમય ભાને બધું દુઃખ મુજને તો સર્વથા.
હે નગરના તું નગરજન! સ્વીકાર મારી બંદગી,
તે નગરની બાહોજલાલી છે તને મુજ બંદગી.
તું ગગનચુંબિત ગિરિશિખર આદર તું પામે હૃદયમાં,
હે ભભકભરિત રીતિરિવાજો દૂર હો તમ દૂર હો.
સદ્ગુણ ને દુર્ગુણ, ધારા, પંથ, શ્રુતિ યુદ્ધ સૌ,
મિત્રો અને શત્રુ બધાં બંધન અને સંબંધ સૌ.
વિરક્ત અને આસક્તિ કે વળી સત્ય કે અનૃત હો,
નિશા અને દિન દેશ કાળ તથા ભર્યો સંસાર સૌ.
એ સર્વ વસ્તુને પ્રણામો હું કરૂં છું હૃદયથી,
મારૂં ભર્યું છે હૃદય આ બસ પ્રેમથી બસ પ્રેમથી.
પુષ્પો અને સંગીત તેજોમય બધાં જે કિરણ છે,

હું તે પતિના પ્રેમથી મસ્તાન ને ગુલતાન છું.
રાત્રિ અને દિન એ બધું સ્નેહી સ્વરૂપે ભાસતું,
તિમિર તેજસ્વીપણું સૌ એકરૂપે ભાસતું,
આનંદની લહેરો મહીં ઝોલાં સુખેથી ખાઉં છું,
આનંદ ને આનંદનાં ગાયન સદોદિત ગાઉં છું.
મૂકો મને એકાંતમાં વારો તમે સૌ દૂર હો,
બસ દૂર હો, બસ દૂર હો, બસ દૂર હો, બસ દૂર હો.
શરમાળ મુગ્ધા જે સમે મુખ 'હા' ભણીને હાથ દે,
પિતા અને માતા ભગિની ભ્રાતની વિદાય લે;
હા ! હા ! સમય સંતાપનો કેવો હૃદયમાં લાગતો,
ગદ્‌ગદિત સરતા શબ્દ આંખો દેહ રોમાંચિત થતો.
તેઓમથી સંસારમાં દાખલ થતાં આદર વને !
દર્શન પ્રભુનું જ પ્રમાણે અતિ આદરથી બધું;
છેલ્લું વચન મારા સદા વાલા સ્મરણમાં રાખજે,.
"ગદ્‌ગદિત સરતા શબ્દ આંખો દેહ રોમાંચિત થતો."

પ્રેમી મનુષ્યને મન મોટી, નાની, સુંદર, કદરૂપી, ઇષ્ટ, અનિષ્ટ, આકર્ષક, અનાકર્ષક, સઘળી વસ્તુઓ એકજ ઈશ્વરી પ્રેમપ્રતિમાનાં જુદાં જુદાં ચિહ્નો છે, અને સઘળી વસ્તુઓમાં એકજ આત્મા રહેલો છે તથા તેને આ બધી વસ્તુઓ એકજ હૃદયેશ્વર-પરમાત્માના જુદા જુદા શૃંગારો છે એમ લાગે છે.

આહાહા ! આ કેવો મોટો સૌંદર્યસાગર ! પ્રેમનો કેવો મોટો વિજય ! પ્રિય ! તમને પોતાની પ્રિયાના કાળા વાળ, તેના પગ-ડેરુ(?) ચહેરો જેટલાજ આકર્ષક અને સુંદર લાગે છે. તેવીજ રીતે 'રામ'ને રાત્રિ દિવસના જેટલીજ સુખદાયક લાગે છે, મૃત્યુ જીવનના જેટલુંજ મધુર લાગે છે અને શત્રુઓ મિત્રોના જેટલાજ પ્રિય લાગે છે.

જેની મિલકત ચોરાઇ ગઇ હોય તે મનુષ્ય કેવો સુખી છે ! જગતના બંધનમાંથી છુટો થતાં જે પરમાત્માની સાથે નિકટ સંબંધમાં આવી શકે એવો હોય તેની શી નાસી જતી ઉઠ્યો તે વધારે સુખી થઇ શકે છે. મુસલમાન લોકોના શાસ્ત્રમાં એક એવી વાત છે કે એક ર

ઈબ્રાહીમને સમુદ્રપર્યટન કરવાની ઇચ્છા થઇ. ખિઝરા અથવા વરુણ
તાએ તેના વહાણના પોતે કપ્તાન થવાની માગણી કરી. પ્રથમ તો ઈબ્ર
ભોળપણથી તે માગણીનો સ્વીકાર કીધો, પણ પુનઃ વિચાર કરીને
વરુણને કહ્યું: “ હે ઉદાર બંધુ ! મને માફ કર; હું મારા વહાણમાં
માગતોજ નથી. પ્રેમરૂપી ઈશ્વર મારૂં વહાણ ચલાવે એ
અધિક પ્રિય છે. તારા હાથમાં હલેસું આવશે એટલે જહાજને સુર
તાની જરૂર નથી. આથી મારે તારાપર અવલંબી રહેવું પડશે
ઇશ્વરનો પૂર્ણ રીતે ભરોસો રાખવા માર્ગમાં તું પડદારૂપે નડશે.
કરીને મારી અને ઈશ્વરની વચ્ચે તું ઉભો રહે નહિ. મારા બંધુ ખિ
પર આધાર રાખવા કરતાં ઇશ્વર ઉપર સઘળો બોજો નાખવ
મને અધિક આનંદ થાય છે. ”

વિયોગથી બેહોશ થઇ ગએલો આશક બોલે છે કે, “ હે વિદ્યુત
તું ચમક્યા કર ! તારી મેઘગર્જના ચાલુ રાખ. હે વાવાઝોડા !
તોફાન જારી રાખ ! હે પવન ! તારૂં ફુંકાવું ચાલુ રાખ ! હું
ધન્યવાદ આપું છું ! હે સ્વર્ગીય મેઘગર્જના ! તું મારી સુકુમાર પ્રિ
ભયભીત કરીને એક ક્ષણવાર પણ ગાઢ આલિંગન દેવાને માટે
પાસે લાવે છે ? ” જીંદગીના કડવા અનુભવો (આપત્તિ, સંકટો)
સિદ્ધ છે ? માત્ર જીંદગીની આ સર્વ [illegible]માંથી ઇશ્વરપ્રેમવિરહ
કપાય મધુર મદિરા આપણને [illegible] આવડવું જોઇએ.

> લો જીંદગી આ, મૃત્યુ [illegible] આપને અર્પણ થજો;
> લો હૃદય આ, તારા [illegible] પ્રેમ અગ્ને વાધજો;
> લો આંખ આ, [illegible] નિશાની તે સદા ભરપુર હજો;
> લો હાથ આ, શુભ કાર્યથી પ્રસ્વેદ શ્રમનો છુટજો.

પ્રિય પાઠકગણ ! તમને કદિ નિષ્કામ પ્રેમ કરવાનો, સર્વસ્વ અપ
કરવાનો, પ્રેમથી બદ્ધ થવાનો—ના, ના, મુક્ત થવાનો અનુભવ પ્રાપ્ત થ
છે ? જો એ અનુભવ હશે તોજ તમે નીચે જણાવેલા વિચારોનું તારત
સમજવાને શક્તિવાન થશો.

કરે મોજથી આ ત્યાગની રૂપાળી, અહો ! સ્નાયુને વાપરે ધરી ખંતિ;

વળી ઓષ્ઠપર આપ સ્વચ્છંદ ચાલો, અને વિરહે દુઃખીને સુખ આપો;
પ્રભુ આપના ચરણનો દાસ હું છું, સ્વીકારો વિભુ દાસનો દાસ હું છું.

અર્થઃ—પ્રભો ! મારા દેહની ચામડીના જોડા કરાવો. અને હૃદયની શિરાની દોરી બનાવો. આપના ચરણકમળનો સ્પર્શ કરવાને ઉત્સુક બનેલા (વિરહથી દુઃખી થએલા) મારા ઓષ્ઠની સાથે તમારા ચરણનો સ્પર્શ થવા દો. પ્રભુજી ! હું તમારા ચરણનો દાસ છું.

એવું કયું કામ છે કે જે પ્રેમના યોગથી શોભીતું અને સુંદર ન બને ? જ્યાં પ્રેમ છે ત્યાં નાના–મોટા, ઉચ્ચ–નીચ, કશાનો ભેદ રહેતો નથી. જ્યારે કોઇ પણ કામ પ્રેમથી પ્રેરિત થઇને આપણે કરીએ છીએ ત્યારે તે અતિશય દુષ્કર હોય તોપણ આપણને સ્વર્ગીય લાગે છે. સ્વાર્થબુદ્ધિથી અતિ ઉચ્ચ સ્થિતિ પણ ત્રાસદાયક અને કંટાળાભરેલી લાગે છે. તમે ગમે તેવી સ્થિતિમાં હો, પણ પ્રેમ તેને મધુરજ બનાવશે. સર્વ દુઃખો, આફ્તો, ચિંતાઓ અને વિપત્તિઓ માત્ર સ્વાર્થબુદ્ધિમાં થીજ ઉત્પન્ન થાય છે. અતિશય દુઃખદ સ્થિતિપર પણ પ્રેમ કરશો તો તેમાંનું દુઃખ ક્યાં રહેનાર છે ? આપણાં સઘળાં દુઃખો, આપણા સઘળા સંતાપો, પ્રેમરૂપ પ્રિયાએ પોતાને આલિંગન દેવાને–આપણને જાગૃત કરવાને માટે કરેલાં અડપલાંજ છે. હલાવવું, ઢંઢોળવું અને અચકાવવુ એ મીઠી પ્રેમપ્રિયાનાં અડપલાંજ છે. પ્રત્યક્ષ શ્રીહરિ ઈશ્વર પ્રેમથી તમને જગાડે છે ત્યારે ઉઠો, જાગૃત થાઓ.

> તારે મુખેથી શ્રવણ કરવા એક ઉત્તર વાહરો,
> કે આંખ સાથે આંખ મેળવવાજ નિશ્ચય માહરો.
> શું સાંભળે છે તાડપત્રોને નિસાસો નાખતાં ?
> નિઃશ્વાસરૂપે દબી ગયો એ તું સ્મરણમાં આવતાં !
> રે જાગ લાડકડા વીરા રે જાગ લાડકડા વીરા,
> હું નમન કરૂં છું તુજને મુજ પ્રાણથી અદકા વીરા
> તે ઉંઘ મારા પ્રેમને શાંતિ નહિ કંઇ આપશે,
> આત્મા તણી ઇચ્છા નહિ તે શાંત કદિએ પાડશે.
> શું જુએ છે તું સતત પડતા હિમાચ્છાદિત ગિરિ ?
> ના ના નહિ તે કરી શકે કદિ એવી મારી નોકરી.

રે જાગ લાડકડા વીરા રે જાગ લાડકડા વીરા,
હું નમન કરૂં છું તુજને મુજ પ્રાણથી અદકા વીરા.
શું સાંભળે ગંગાતણાં ખળખળ વહેતાં નીર તું,
પણ સતત વહે છે આ હૃદયમાં એથી ઉંડી લાગણી.
ઉંડી વહો, ઉંડી વહો છો, એજ મારી માગણી,
એ લાગણીના પાશથી શુદ્ધાત્મ બનજે વીર તું.
રે જાગ લાડકડા વીરા રે જાગ લાડકડા વીરા,
હું નમન કરૂં છું તુજને મુજ પ્રાણથી અદકા વીરા.



१४–उत्कर्षनुं रहस्य.+

એક વાર એક માણસે ત્રણ છોકરાઓ વચ્ચે સરખે ભાગે વહેંચી લેવા માટે એક બેઆની આપી. ત્રણેએ બજારમાં જઈ કંઇક સારૂં ખાવાનું લેવાનો ઠરાવ કર્યો. તેઓમાં એક છોકરો હિંદી, બીજો અંગ્રેજ અને ત્રીજો ઈરાની હતો. તેમાંના કોઇને એક બીજાની ભાષા પૂરેપૂરી આવડતી નહોતી, તેથી શું ખાવાનું લેવું એ વિષે વાદવિવાદ થયો. અંગ્રેજ છોકરે 'વૉટરમેલન' લેવાનું કહ્યું. હિંદી છોકરો કહેઃ "છટ્, મેરેકું તો હિંદવાના ચહીયે;" ત્યારે ઈરાની છોકરો કહેઃ "નહિ નહિ, મુઝે તો ટરબુચ દી હોના."

એ પ્રમાણે શું લેવું એ ઘણી વાર સુધી નક્કી થઇ શક્યું નહિ. બીજાને શું ગમે છે તેની પરવા ન કરતાં પોતાને જોઈતું જ લેવું એવી ત્રણેએ હઠ પકડી, તેથી તેમની વચ્ચે ટંટો થયો. એવી રીતે લડતાં લડતાં તેઓ રસ્તે જતા હતા એટલામાં ઇંગ્રેજી હિંદી અને ફારસી ત્રણે ભાષા જાણનાર એક માણસે તેમને જોયા. તેઓને આવી રીતે લડતા જોઇને તેને ગમ્મત પડી અને તેમની પાસે જઇને કહ્યુંઃ "છોકરાઓ, આવો, તમારો ટંટો હુ પતાવુ."

ત્રણેએ પોતપોતાની ફરીઆદ કહી સંભળાવી અને તેનું કહેવું કબૂલ કર્યું. તેમની પાસેથી તે માણસે બેઆની લઈ તેમને દૂર રસ્તે એક બાજુએ જઇ ઉભા રહેવા કહ્યુ અને પોતે પાસેના બજારમાંથી તે બેઆનીનું એક મોટું તરબુચ લઇ આવ્યો. તે ચુપચુપ સંતાડીને પેલા છોકરાઓમાંથી એકેકને પાસે બોલાવ્યા. પ્રથમ પેલા અંગ્રેજ છોકરાને બોલાવ્યો

+ તા. ૨૬–૧૦–૧૯૦૩ ને દિવસે સાનફ્રાન્સિસ્કો–અમેરિકામાં ગોલ્ડન ગેટહૉલમાં આપેલુ વ્યાખ્યાન. જાપાનના ટોકિયો શહેરમાં આજ વિષય પર આપેલા વ્યાખ્યાન કરતાં આમા વિશેષ વિસ્તાર છે. સંપાદક

અને તેને ખબર ન પડવા દેતાં પેલા તરબુચના ત્રણ સરખા કકડા એક તેને આપ્યો; અને કહ્યું કે, "તારે આજ જોઈતું હતું ને ? છોકરો ઘણોજ ખુશી થયો અને "હા ! મારે એ જ જોઈતું હ એમ કહી આનંદ પામતો પામતો નાચતો કૂદતો ચાલ્યો ગયો.

પછી તે માણસે પેલા ઇરાની છોકરાને બોલાવ્યો અને પેલો બીજો કકડો તેને આપીને "તારે આજ જોઈતું હતું ને ?" પૂછ્યું. પેલો છોકરો તરબુચ જોઇ અત્યંત ખુશી થઇ ગયો અને " મારું તરબુચ, આજ મારે જોઈતું હતું," એમ કહી ખુશ થતો તે ચાલ્યો ગયો.

પછી પેલા હિંદી છોકરાને બોલાવ્યો અને ત્રીજો ટુકડો આજ તારે જોઇતું હતું ને ?" એમ પૂછ્યું. તે છોકરો પણ એ ણો સંતુષ્ટ થયો અને "હા આજ મારે જોઈતું હતું, યહી મેરા ાના," એમ કહી એ પણ ચાલતો થયો.

હવે આ કજીઓ શા કારણથી ઉત્પન્ન થયો હતો ? છોકરા ચ્ચે એ ટંટો થવાનું મૂળ કારણ શું ? કેવળ નામભેદ. નામમાં ફેર ટલુંજ ને ? નામભેદ કહાડી નાખો, નામભેદના પડદાની પાછળ જુ ટલે વૉટરમેલન, હિંદવાના અને તરબુચ, એ જુદાં નામથી ઓ ખાતી વસ્તુ એકજ છે એમ જણાઈ આવશે. ત્રણે નામોના મૂળ એકજ વસ્તુ છે. ઈરાન કે હિંદુસ્તાનના તરબુચમાં અને ઇંગ્લાંડના બુચમાં કદાચિત્ કંઇક ફેર હશે, પણ ખરી રીતે ફળ એકજ છે-વ એકજ છે. ક્ષુલ્લક ભેદનું વિશેષ મહત્ત્વ નથી.

જુદા જુદા ધર્મો અને પંથોમાં વિવાદ, ટંટા અને અણબનાવ જોઈ 'રામ' ને એજ આશ્ચર્ય થાય છે કે, ખ્રિસ્તિઓ યાહુદી લોકો સ લડે છે, યાહુદીઓ મુસલમાનોને જુદા ઠરાવવા પ્રયત્ન કરે છે, મુસ માનો હિંદુઓ સાથે ટંટો કરે છે, બ્રાહ્મણો બૌદ્ધોને દૂષણો આ છે અને બૌદ્ધો પણ સામો તેવોજ બદલો વાળે છે. આવા કજીઆ બહુ સમ્મત આપે એવા હોય છે; પણ એમ થવાનું મુખ્ય કારણ ઘ ખરું ઉપર કહેલો નામભેદજ છે. ફક્ત નામોનું આવરણ દૂર કરો, નામો

'રામ' ઘણીવાર 'વેદાંત' એ શબ્દ વાપરે છે 'વેદાંત' એ ફક્ત એક નામ છે; પરંતુ કેવળ એ નામ સાંભળીનેજ ઘણા લોકો 'રામ' નું કંઇ પણ કહેવું સાંભળવા ઇચ્છતા નથી. એક મનુષ્ય આવે છે અને બુદ્ધનું નામ દઇને ઉપદેશ કરે છે; પરંતુ તે કાનને ન ગમે એવું બુદ્ધનું નામ લે છે એટલાજ ઉપરથી ઘણા લોકો તેનો ઉપદેશ સાંભળતા નથી. કૃપા કરીને વધારે વિચારવંત બનો. આ વીસની સદી છે નામભેદથી પર થવાનો આ સમય છે 'રામ' કિંવા બીજો કોઈ જે કંઈ તમારી સામે મૂકે તેને અંતર્ગત યોગ્યતા પ્રમાણે ગ્રહણ કરો કેવળ નામ સાંભળીને જ ગભરાઈ, ગુંચવાઇ કિંવા કૂદાઈ જશો નહિ દરેક વસ્તુની તેના નામ ઉપરથી નહિ પણ ગુણદોષ ઉપરથી પરીક્ષા કરતા શીખો. તે ઉપયોગી છે કે નહિ તેનો વિચાર કરો અમુક ધર્મ અતિશય પ્રાચીન છે માટે તેનો જ સ્વીકાર કરવો યોગ્ય છે, એમ માની બેસવું જોઇએ નહિ પ્રાચી નતા ઉપરથી જ તેની સત્યતા અને યોગ્યતા સિદ્ધ થઇ શકતી નથી ઘણી વખત જુના ઘર પાડીને નવા બાંધવા પડે છે વસ્ત્રો જુના થઈ ગએલા હોય તે બદલવાજ પડે છે નવીનના નવીન માગ પણ ન્યાયપુરઃસર હોય તો તે પણ પ્રભાતના ઝાકળભર્યા સુંદર ગુલાબ જેવોજ ઉત્તમ છે, તેવીજ રીતે અમુક ધર્મ નવો છે એટલુંજ જોઇને તેનો સ્વીકાર કરશો નહિ નવી વસ્તુઓ હમેશા સારીજ હોય છે એમ પણ નથી, કારણ કે એ સમયની કસોટીએ ચઢેલી નથી બધા મનુષ્યો-કાળજી આખી મનુષ્યજાતિ-અમુક ધર્મપર શ્રદ્ધા રાખે છે, એટલાજ ઉપરથી તેનો સ્વીકાર કરશો નહિ, કારણ કે જનસમાજની મોટી સંખ્યાની સેતાનના ધર્મ પર-અજ્ઞાનથી ભરેલા ધર્મ પર-અંધશ્રદ્ધા હોય છે એક સમય એવો હતો કે જ્યારે જનસમાજને ગુલામગીરીના ધંધા પ્રત્યે દિલસોજી હતી, એ ઉપરથી ગુલામગીરી એ યોગ્ય અને ઇચ્છવા જેવી બાબત છે એમ કહી શકાય નહિ એમજ ધર્મના અમુક અમુક માણસો કે એટલાજ ઉપરથીજ તેપર શ્રદ્ધા રાખશો નહિ કોઇ કોઈ વખત એમજ ધર્મનો સ્વીકાર કરનાર મૂઠીભર લોકો અંધારામાં ભૂલા પડેલા હોય છે અમુક મહાન યોગી કે ત્યાગીએ અમુક ધર્મ સ્થાપ્યો કે ઉપદેશ્યો છે, એટલા ઉપરથી તેનો સ્વીકાર કરશો નહિ, કારણકે જણે સર્વસંગ પરિ

કરવો જોઈએ. સ્વતંત્રતાપૂર્વક તમારી પોતાની દૃષ્ટિથી દરેક બાબત જોતાં શીખો, બીજાના પ્રયત્નપર આધાર રાખનારી બુદ્ધિને છોડી દો. તમારા પૂર્વજો અમુક ધર્મમાં શ્રદ્ધા રાખતા હતા તે તેમને માટે યોગ્ય હતું કારણ કે તે તેમને જોઈને નક્કી કર્યું હતું; પરંતુ આજ તમારે મોક્ષ મેળવવો એ તમારૂં પોતાનું કામ છે, તમારો ઉદ્ધાર કરવો એ કામ તમારા પૂર્વજોનું નથી! અમુક ધર્મ ઉપર તેમને શ્રદ્ધા હતી તે પ્રમાણે ચાલીને તેઓ તર્યા હોય કે નહિ; પરંતુ તમારો મોક્ષ તમારે પોતેજ મેળવવો જોઈએ. જે જે તમારી સામે આવે તેની યોગ્ય પરીક્ષા કરો અને તે તમે જાતે કરો. તમારૂં સ્વાતંત્ર્ય વેચશો નહિ. કદાચિત્ તમારા પૂર્વજોને એકજ ધર્મ બતાવવામાં આવ્યો હશે; પરંતુ તમારી સામે સર્વ પ્રકારનાં સત્ય, સર્વ પ્રકારના ધર્મ, સર્વ પ્રકારનું તત્ત્વજ્ઞાન અને સર્વ પ્રકારના શાસ્ત્રો સપ્રયોગ સિદ્ધ કરી બતાવવામાં આવે છે. તમારા પૂર્વજોનો ધર્મ તમારી પાસે છે, એટલા ઉપરથીજ તે તમારો છે એમ ગણાતું હોય તો તેજ તત્ત્વાનુસાર બૌદ્ધ અથવા વેદાંતધર્મ પણ તમારો થઈ શકે છે.'

સત્ય કોઈ એકજ જણની મિલકત નથી. એ ઇશુની મિલકત નથી, માટે ઇશુના નામે તે આપી-ઉપદેશી શકાય નહિ. તે બુદ્ધનો વારસો નથી, માટે તે બુદ્ધને નામે પણ ઉપદેશી શકાય નહિ, તેમ તે મહમ્મદનું વડીલોપાર્જિત ધન નથી, કૃષ્ણનું નથી તેમ કોઈનું પણ નથી; સત્ય તો સૌનું છે અને તેના ઉપર સૌનો સમાન અધિકાર છે. તમારા પહેલાં તડકામાં કોઈ બેઠેલો હોય તોપણ તમે તેજ તડકામાં બેસી શકો છો. એકાદ પ્યાલો વહેતા ઝરાનું તાજું પાણી કોઈ પીતું હોય તો તેમાંથી એકાદ પ્યાલો પીવાનો તમને પણ અધિકાર છે. સર્વ ધર્મ પ્રત્યે તમારી એવીજ સમાન દૃષ્ટિ હોવી જોઈએ. પાડોશીની ઐહિક સંપત્તિ લઈ લેવાનો કિંવા તે પોતાને મળે એવો વિચાર દરેક મનુષ્યના મનમાં લાગ્યેજ આવ્યા વિના રહેતો હશે, પરંતુ એ ઐહિક સંપત્તિના કરતાં અત્યંત શ્રેષ્ઠ એવી આત્મિક અથવા ધાર્મિક સંપત્તિ આપણા પાડોશીઓ આનંદથી આપણને આપવા આવે છે; છતાં તે ન સ્વીકારતાં આપણે તેની વિરૂદ્ધ ઉલટા થઈએ છીએ, એ શું આશ્ચર્યની વાત નથી?

'રામ' તમને 'વેદાંતી' નું ઉપનામ મળે માટે 'વેદાંત' નો ઉપ

તેમને ચૈતન્ય, શક્તિ, સામર્થ્ય અને વિજય તરફ દોરે છે કે નહિ તે
ગુણે. હિંદુઓ તે પ્રમાણે વર્તે છે કે નહિ તે પૂછયો નહિ. 'રામ'
તમને સ્પષ્ટ કહે છે કે આ વેદાન્ત કંઈ એકલા હિંદુઓની મિલ્કત
નથી, તે સાર્વજનિક સંપત્તિ છે, તેનાપર તમારો જન્મસિદ્ધ હક્ક છે.
અમેરિકન લોકો વ્યવહારમાં એ પ્રમાણે વધારે વર્તે છે અને તેથી તેઓ
એ બાબતમાં વધારે વિજયી નિવડયા છે. તેઓના જેટલું હિંદી લોકો
એ જ્ઞાન આચરણમાં મૂકતા નથી, તેથી આધિભૌતિક બાબ-
તમાં તેઓ અમેરિકનોની પાછળ છે.

'રામ' કંઇ તમને વિપરીત વેદાંત ઉપદેશતો નથી, તે કુદરતના મૂળમાંથી
ફૂરેલું વેદાંત તમને શીખવે છે. તમે તમારા તર્કશાસ્ત્રને કામે લગાડો
અને બુદ્ધિની દૃષ્ટિએ આ વિષયનો વિચાર કરો; એટલે વેદાંત કેટલું
અદ્ભુત છે, દરેક બાબતમાં તે આપણને કેવી રીતે વિજયી બનાવે છે
અને દરેકને પોતાની ઇચ્છા વિરૂદ્ધ પણ દરેકને વેદાંતની આજ્ઞાઓ પ્રમા-
ણેજ આચરણ કરવું પડે છે એ સર્વ સમજાશે.

ઉત્કર્ષનું રહસ્ય બહુવિધ છે, તેનાં જુદાં જુદાં ઘણાં અંગો છે.
આપણે એ અંગો-સાધનો એક પછી એક લઈએ અને હિંદુ ધર્મ-
શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વેદાંતની સાથે તેનો શો સંબંધ છે તે જોઇએ.

उत्कर्षनुं प्रथम साधन–उद्योग.

કામ કરવું, તેની પાછળ પડવું, એજ વિજય મેળવવાનું મુખ્ય
સાધન છે; એ હવે જગજાહેર થઈ ગયું છે. "મંડયા રહો, મંડયા રહો,"
એજ ઉત્કર્ષનું પ્રથમ સાધન છે. ઉદ્યોગ-પુરુષાર્થ સિવાય તમે કદિ
વિજયી થઈ શકશો નહિ. આળસુ મનુષ્ય જીવનકલહમાં મરે છેજ, તે
મરવોજ જોઈએ. અહીં આ વેદાંત વિરૂદ્ધ સદા પૂછવામાં આવતો પ્રશ્ન
ઉદ્ભવે છે કે, વેદાંત પ્રતિપાદિત નિષ્ક્રિય, નિર્ગુણ અને અલિપ્ત
આત્માની સાથે સતત પુરૂષાર્થની એકવાક્યતા શી રીતે થઈ શકે ? પર-
માત્મસ્વરૂપની નિષ્ક્રિયતાનો અને શાંતિનો વેદાંતમાં સમાવેશ કરવાથી
અને ત્યાગનો ઉપદેશ આપવાથી વેદાંત આળસ ને નિરૂદ્યોગીપણું ઉત્પન્ન
કરતું નથી ? પરંતુ કર્મ અને ત્યાગના ભયંકર અજ્ઞાનને લીધેજ આવો
આક્ષેપ ઉત્પન્ન થાય છે.

ક છે જ્યારે કોઈ વિચારવંત, તત્ત્વજ્ઞાની, કવિ, શાસ્ત્રજ્ઞ અથવા કોઈ
બુ કર્તવ્યપરાયણ મનુષ્ય આ કર્તવ્યસમાધિમા લીન થઈ જાય છે,
હકાર નાશ પામે છે અને વૈરાગ્યની પરાકાષ્ઠાએ પહોચી વેદાંતનો
વ્યવહાર કરે છે; ત્યારે જ પરમરાજ ઈશ્વર એના મન અને દેહરૂપી
વાદ્ય પોતના હાથમા લે છે, અને તેમાથી ગભીર ધ્વનિ, કર્ણમધુર
રાગરાગણીઓ તથા અત્યંત ઉત્તમ સંગીત ઉઠાડે છે લોકો કહે છે કે
તેને પ્રેરણા થઈ છે, પરતુ ખરૂ જોતા તેનામા હું-તુંનુ ભાન ન રહેતુ
નથી અને તેની દૃષ્ટિએ કર્તા, કર્મ કે ભોક્તા ભોગ જેવુ કશુયે રહેતુ
નથી વેદાંતને વ્યવહારમા મૂકવુ તે એજ! એ પ્રકાર વેદાંત પ્રમાણે
આચરણ કરવાથી પરોક્ષ રીતે વિજય પ્રાપ્ત થાય છે

વેદાંતિક યોગ સાધવાને અરણ્યવાસ સ્વીકારવાની કે વિચિત્ર અભ્યાસ
કરવાની આવશ્યકતા નથી જ્યારે તમે ઉદ્યોગમા લીન બની જાઓ છો
અને કામમા તન્મય થઈ જાઓ છો, ત્યારે તમે યોગના અધિષ્ઠાતા રૂપે
સાક્ષાત્ શિવ બનો છો. વેદાંતની દૃષ્ટિએ તમારો દેહ એ કઈ તમે નથી,
અને અવિરત કર્મમા ગુંથાઈ જઈને જ્યારે દેહ અને મનને ભૂલી જાઓ
છો; ત્યારેજ તમે સામર્થ્ય અને સુખને શિખરે પહોચી જાઓ છો, એ
તમે સમજી શકતા નથી?

કર્મ એટલે શુ, એ દીવાના દાખલાથી સ્પષ્ટ થઈ શકશે. એકાદ
ચીમની જડેલો દીવો હશે તેનો પ્રકાશ કેટલો બધો ચકચકિત અને
આંખોને અજવાળી નાખે એવો હોય છે! દીવાને એ તેજ શાથી મળે છે?
સતત્ કર્મ-નિરંતર—અંધકારનો લોપ કરવાથીજ! પરતુ તે દીવાને તેલ
અને દીવેટને બચાવવાનો પ્રયત્ન કરવા દો જોઈએ! તુરત તે અધકારમય
થશે અને બધુ ભાગી પડશે, તમે વિજય નહિ મળે વિજય પ્રાપ્ત કરવો
હોય તો દીવાએ બળવુ જ જોઈએ તથે પોતાના તેલ અને વાટ બચા
વાની ઈચ્છા તજ કરવી જોઈએ વેદાંત પણ એમજ કહે છે તમારે કઈ
પણ વિજય મેળવવો હોય અથવા ઉત્કર્ષ પામવો હોય તો તમારી દિન
ચર્યાથી તમારા શરીર અને સ્નાયુઓને તમારે દવા ન્હોતા બનવા
જોઈએ. કર્મરૂપી અગ્નિમા તમારે તેની આહુતિ આપવી જોઈએ. તમારે
તેનો ઉપયોગ કરવો જોઈએ. શરીર અને મનને દીવાની દીવેટની પેઠે

તેવીજ રીતે કેવી સ્થિતિમાં અને કેવી રીતે કામ કરવાથી આપણે
જ યશસ્વી થઇ શકીએ એ પણ સમજવું જોઇએ. કર્મ કરો, કર્મ
ા, એમ કહેવું જેટલું સહેલું છે; તેટલું જ તે કરવું કઠિન છે.
ક જણ પ્રસિદ્ધ ચિતારો અથવા ગવૈયો થવાની ઇચ્છા રાખે છે; પરંતુ
વી ઇચ્છાવાળા બધાયે તે પ્રમાણે થઇ શકતા નથી. અકર્મ ઉપર શાથી
ાસક્તિ થાય છે? તેમજ શ્રમ શાથી તમને ગમે છે? આપણી ઇચ્છા
ા છતાં તે કામ આપણે કરી શકતા નથી એમ તમે ઘણી વખત શું
ી અનુભવ્યું? અને કેટલીક વખત કામ કરવાની ઇચ્છા ન હોવા છતાં
મ રીતે તે કામ તમારા હાથથી થઈ જાય છે; તમારા કર્તૃત્વ ઉપર
ધિકાર ચલાવનારૂં કોઈ મહત્તત્ત્વ છે એવું પણ તમને ઘણીવાર જણાઇ
વ્યું નથી? એક માણસ સવારમાં ઉઠે છે, ત્યારે તે અનિર્વચનીય
સ્થિત સ્થિતિમાં હોય છે. કુદરતની સાથે તેનું ઐક્ય અથવા તાદાત્મ્ય
ઈ ગએલું હોય છે. હાથમાં કલમ લઇ લખવા બેસતાં જ તેની કલમ-
ાંથી દિવ્ય પ્રાસાદિક કવિતા અથવા તત્ત્વજ્ઞાન બહાર આવે છે! કોઇ
તારો એકાદ ઉત્તમ ચિત્ર કહાડવાને અતિશય પ્રયત્ન કરે છે, પરંતુ
ાથી તે થઈ શકતું નથી. કોઈ દિવસે અચાનક સવારે તે ઉઠે છે અને
વયંસ્ફૂર્તિથી કામ કરીને સુંદર ચિત્ર ચિતરી કાઢે છે, એવું તમે કદિ
ર્યું નથી?

ટુંકામાં આપણને એમ જણાઇ આવે છે કે આપણી સર્વ શક્તિઓને
ત્તમ બનાવનારી એક દિવ્ય શક્તિ છે. એ દિવ્ય શક્તિનો જો તમે લાભ
શો તો તમે ઘણુંજ કરી શકશો અને તમારૂં કરેલું કામ નિર્દોષ અને
ર્વ રીતે સુંદર થશે. વેદાંત એ ઉચ્ચ સ્થિતિ, કિંવા આ પરમ ગુપ્ત
હસ્ય તમારી આગળ રજુ કરે છે. તે ગુપ્તભેદ એટલે વિશ્વ સાથે એકરૂપ
ની જવું, ઈશ્વરતત્ત્વ સાથે મળી જવું, આપણા અંતરમાંના શુદ્ધ
ાત્મામાં એટલે ઈશ્વરમાં વાસ કરવો અને અહંકાર કિંવા ક્ષુદ્ર વાસનાને
ોળંગી જવું, એ સિવાય બીજું કંઇ નથી. એવી રીતે સર્વ પ્રકાશ
ને સર્વ શક્તિનો—આપણામાં ગુપ્ત રીતે રહેલા ઝરાનો—લાભ લેવાથી
મારૂં કર્મ અલૌકિક થશે. એકાદ શિલ્પશાસ્ત્રી અથવા ચિતારાને રસ્તામાં
ાલતાં અનેક ચહેરાઓ નજરે પડે છે. કોઈ મનુષ્યની આંખોજ તેને

પૂજા (બદલો) કે સ્તુતિ વધારે હિતકારક હોઈ શકતાં નથી; એટલા માટે વૈરાગ્ય, ધર્મ અને સત્કારનો સાક્ષાત્કાર કરાવે એવી કાર્યદક્ષતા રાખો અને છોકરવાદી વચનો માટે કર્મ ન કરો. તમારા ઉપર કાંઈ મોટી જવાબદારી કિંવા ઉપાધિ છે એમ માનશો નહિ. બક્ષિસોની આશા રાખશો નહિ. કામ કરવામાં તમારો ઉદ્દેશ આજ હોવો જોઈએ.

લોકો કહે છે કે પ્રથમ યોગ્યતા મેળવો અને પછી ઇચ્છા કરો. વેદાંત કહે છે કે ફક્ત યોગ્યતાજ મેળવો, ઇચ્છા કરવાની કંઈ જરૂર નથી. ભીંતો બાંધવાને ઉપયોગી થાય એવા તૈયાર ઘડાએલા પત્થરાઓ ઇચ્છા ન કરે તેથી તે કાંઈ રસ્તામાં પડી રહેશે નહિ. જો તમારામાં પાત્રતા આવશે તો અનિવાર્ય ઈશ્વરી નિયમ પ્રમાણે દરેક વસ્તુ આપોઆપજ તમારી પાસે ચાલી આવશે. દીવાએ ફક્ત બળતાજ રહેવું જોઇએ; પતંગોને આમંત્રણ કરવાની જરૂર નથી. તેઓ પોતાની મેળેજ તેની આસપાસ એકઠાં થશે. વહેતા ઝરાની પાસે પોતાની મેળેજ જળની ઇચ્છાવાળા લોકો આવે છે, ઝરાને તેનની બિલકુલ ચિંતા કરવી પડતી નથી. જ્યારે ચંદ્રોદય થાય છે ત્યારે ચાંદનીનો આનંદ મેળવવાને લોકો આપોઆપજ બહાર આવે છે. ચાલો-આગળ વધો કે જેથી દેહનું મિથ્યાત્વ અને આત્માનું સત્યત્વ અનુભવાય. આવી ધારણાપૂર્વક દરેક વ્યાપારો અવિશ્રાંતપણે થવા માંડશે ત્યારેજ તમે નિર્વાણ અથવા કૈવલ્યપદનો સ્વાદ ચાખી શકશો. એ પ્રમાણે જ્યારે તમે તમારા વ્યક્તિત્વ અને અહંકારને કર્મરૂપી ક્રૉસ ઉપર ચડાવશો ત્યારે વિજય તમને પોતાની મેળેજ શોધતો આવશે અને તમારી યોગ્યતા પારખનાર માણસોની ખોટ પડશે નહિ. ખ્રિસ્ત જ્યાં સુધી જીવતો હતો ત્યાં સુધી લોકો તેને માનતા નહોતા; લોકોમાં પૂજાયા પહેલાં તેને ક્રૉસ ઉપર ચડવુ પડયુ હતુ. બંધુઓ, સત્યને કચડી નાખી જમીનદોસ્ત કરી નાખવામા આવે તોપણ તે ફરીથી બહાર આવશે જ. કોઈ પણ બીજ તેના નામ અને રૂપનો નાશ થયા સિવાય ઉગી શકતું નથી; માટે ઉત્કર્ષની બીજી આવશ્યક બાબત સ્વાર્થત્યાગ-અહંકારને ક્રૉસ ઉપર ચડાવવો એ છે. 'ત્યાગ' શબ્દના અર્થમાં ગોટાળો કરશો નહિ, ત્યાગનો અર્થ 'દેહદંડ' નથી.

દરેકને શુભ્ર, ચકચકીત, કાંતિવાન અને તેજના અંબારરૂપ થવું આ છે; પરંતુ તમે પ્રભાવશાળી શી રીતે થશો ? પદાર્થો ધોળા શી રીતે દેખાય છે ? આધિભૌતિક શાસ્ત્રો તમને એમ કહે છે કે ત્યાગ એ શુભ્રતા મેળવવાનું સાધન છે, બીજું કંઇ નથી. સૂર્યનાં કિરણોના સાત રંગ જુદા જુદા પદાર્થો ઉપર પડે છે. કેટલાક પદાર્થો તે બધા રંગ શોષી લે છે અને ઘણા ખરા છ રંગને રાખી લઇને એકજ પાછો મોકલે છે. જે પદાર્થ જે રંગ પોતાની પાસે ન રાખતાં પાછો ફેંકે છે તે એકજ રંગથી ઓળખાય છે. તમે અમુક વસ્ત્રને ગુલાબી કહો છો, પરંતુ વસ્તુતઃ એજ રંગ એ વસ્ત્રનો નથી; પણ તેણે જે બીજા રંગ શોષી લીધા છે તે તેના છે એમ તમે કહેતા નથી એ કેવું આશ્ચર્યકારક છે. કાળા પદાર્થ સૂર્યકિરણના સર્વરંગ શોષી લે છે, એકે રંગ પાછો આપતા નથી કશાનોએ ત્યાગ કરતા નથી, તે કંઇએ નાખી દેતા નથી; તેથી તે કાળા ને કાળાજ હોય છે. ધોળા પદાર્થો કંઇજ શોષતા નથી, તે કશાપર પોતાનો હક્ક રાખતા નથી, તે સર્વનો ત્યાગ કરે છે, સ્વાર્થી બનીને તેઓ કંઇજ રાખી મૂકતા નથી, માલેકીની ભાવના તેમનામાં હોતી નથી; તેથી તે શુભ્ર, ચકચકીત, કાંતિવાન અને તેજઃપુંજ દેખાય છે.

તેવીજ રીતે જો તમારે યશસ્વી અને પ્રભાવશાળી બનવું હોય તો તમારે તમારા અંતઃકરણમાંની સ્વાર્થી સ્વામીવૃત્તિ છોડી દેવી જોઇએ. તેનો તમારે ત્યાગજ કરવો જોઇએ. સદા દાતાર બનો, નિઃસ્વાર્થ સેવા કરનારા બનો. યાચનાની આસ્રાભૂત વૃત્તિને તમારામાં પેસવાજ દેશો નહિ. કોઈ પણ વસ્તુ પરત્વેનું અહં-મમત્વ છોડી દો. તમારાં ફેફસાંમાંની હવાને પણ તમારીજ ગણવાનો તમને શો અધિકાર છે ? તે હવા તો સાર્વજનિક છે. ઉલટું જ્યારે તમે ફેફસાંમાંની થોડી હવા ઉપરની માલેકી છોડી દેશો, ત્યારે સર્વ વાતાવરણના માલેક બનશો અને તમારાં સાધનો અસંખ્ય થઇ પડશે. વિશ્વવ્યાપી પ્રાણવાયુનું પાન કરો. ગર્વિષ્ટ બનતા ના. અહંભાવ રાખશો નહિ. તમારા ક્ષુદ્ર વ્યક્તિત્વની માલેકીનું કંઇ પણ છે એમ માનશો નહિ. સર્વ ઇશ્વરનું, તમારા વાસ્તવિક સ્વરૂપ આત્માનું છે. સર આઇઝાક ન્યુટનનો દાખલો લ્યો. જગતની દૃષ્ટિએ તે એટલો બધો હોશિયાર, વિદ્વાન અને કુશાગ્રબુદ્ધિનો

રીતે થયો ? જે ઉત્તમ ભાવનાથી તેણે જીવતાં સુધી કામ કર્યું, તે
ના તેના અંતકાળે સૌને માલૂમ પડી. " તું આખા જગતમાં સોથી
। માણસ છે " એમ જ્યારે તેમની કોઈએ પ્રશંસા કરી ત્યારે તે
ચો: " ના, ના, મારી બુદ્ધિ અથવા મારૂં ક્ષુદ્ર વ્યક્તિત્વ તો અગાધ
રૂપી સમુદ્રના કિનારાની છીપો અને શંખલાઓ શોધનાર બાળક
જ છે ! " આ ઉપરથી આપણને જણાઇ આવશે કે જે નિરભિમાન-
કથાએ ઉપર પોતાનો હક્ક પ્રતિપાદન કરતી નથી, કિંવા પોતાના
વ્યક્તિત્વની બડાશો હાંકતી નથી, તેજ તમારી કર્તૃત્વશક્તિ અને
ર્થ્ય ઉત્તમ રીતે વધારે છે; અને વેદાંતની ભાવનાનું આજ
ર લક્ષણ છે.

તમારામાં દરેક જાતની વાસનાઓ હોય છે અને તે સર્વ તૃપ્ત થાય
। તમારી ઇચ્છા હોય છે, પણ એ સર્વ વાસનાઓ તૃપ્ત કરવાનું ગુપ્ત
ય પહેલાં સમજી લ્યો. જ્યારે તમે વાસનાને છોડી દેશો ત્યારેજ
ફળીભૂત થશે. બાણ કેમ મારવામા આવે છે ? આપણે ધનુષ્ય
માં લઇએ છીએ અને વાળીએ છીએ, પણ જ્યા સુધી ધનુષ્યની દોરી
પણે ખેંચી રાખીએ છીએ ત્યા સુધી તીર આપણા હાથમાથી છૂટીને શત્રુને
તું નથી. આપણે ગમે તેટલી દોરી ખેંચી રાખીએ પણ બાણ આપણી
જ રહેશે, પણ જ્યારે આપણે તે છોડી દઇએ ત્યારેજ સુસવાટ
[તે જાય છે અને શત્રુનુ હૃદય ભેદે છે તેજ પ્રમાણે જ્યા સુધી
નાને તમે ખેંચી રાખો છો, જ્યા સુધી ઇચ્છા રાખો છો અને જ્યાં
ી વાસનાને માટે ઝુરો છો, ત્યા સુધી તે બીજાના હૃદયમા પ્રવેશ
ે નહિ; જ્યારે તમે તેને છોડી દેશો ત્યારેજ તે બીજાના આત્માને
ને વાગશે. વાસના કહે છે કે, " જ્યારે તમે મને છોડી દેશો અને
લવશો ત્યારેજ હુ તમારી નજીકમા જણાઇશ. જ્યારે તમે તમાને
ને આપણા બન્નેથી ભિન્ન એવી અનિર્વચનીય સ્થિતિમા રાખશો
રેજ તમે મને મેળવી શકશો. " વેદાંત તમને એજ શીખવે છે.

એક સમયે બે સાધુઓ સાથે પ્રવાસ કરતા હતા. તેમાનો એક પોતાના
ચરણમાં સંગ્રહ કરવાની નીતિ પાળતો હતો અને બીજો ત્યાગી હતો
રહ અને ત્યાગના વિષયોપર વિવાદ કરતા કરતા તેઓ એક નદીને

કિનારે આવ્યા, એટલામાં છેક સાંજ પડી ગઈ. ત્યાગીની પાસે તો કંઈ પૈસા નહોતા, પણ પૈસા બીજા પાસે હતા. ત્યાગી બોલ્યો: “ આપણે શરીરની શું પરવા ? હોડીવાળાને આપવાને આપણી પાસે પૈસા નથી, ઈશ્વરનું નામસ્મરણ કરતા કરતા આ કિનારે જ રાતવાસો કરીએ ”.

પૈસાવાળો સાધુ બોલ્યો: “ આપણે જો નદીના આ તીરે રહીએ તો અહીંઆં ગામ નથી, વાડી નથી, ઝુંપડી નથી તેમજ કોઈની સોબત પણ નથી. વરૂઓ આવી ફાડી ખાય, સાપ કરડે અથવા ઠંડીથી ઠરી જવાય માટે સામે કાંઠે જઈએ. હોડીવાળાને આપવાના પૈસા મારી પાસે છે. પેલી મેર એક નાનું ગામડું છે ત્યાં આપણે સુખે રાત રહીશું. ”

એટલામાં હોડીવાળો ત્યાં આવ્યો અને તેણે તે બન્નેને નદી પાર ઉતાર્યાં. રાત્રે હોડીવાળાને ભાડું ચૂકવનારો સાધુ પેલા ત્યાગી સાધુને કહેવા લાગ્યો કે “ પૈસા સાથે રાખવાનો ફાયદો તમને હવે સમજાયો કે નહિ ? એ પૈસાનેજ પ્રતાપે બે જીવ રાત્રે બચ્યા; માટે હવે કદિ ત્યાગનો ઉપદેશ કોઈને ન કરશો. હું પણ તમારા જેવો ત્યાગીજ હોત તો આખી રાત પેલે તીરે ભૂખ્યું રહેવું પડત, ટાઢથી અકડાઈ જાત અથવા કદાચિત મરી પણ જાત. ”

ત્યાગી સાધુ બોલ્યો: “ જો પૈસા તમારી પાસેજ રાખવા હોત-આપવા ન હોત, હોડીવાળાને આપ્યા ન હોત તો આપણ પેલે તીરે મરી જાત. એ પ્રમાણે પૈસા આપી દેવાથીજ અર્થાત ત્યાગથીજ આપણે જીવતા રહ્યા. આટ એટલામાં હું પૈસા રાખતો નથી તોપણ તમારું ખીસ્સું મારૂંજ બન્યું. મારી ઇચ્છાએજ તમારા ખીસ્સામાં મારે માટે પૈસા રાખ્યા. મારે કોઈ દિવસ કશી ખોટ પડતી નથી. જ્યારે મને કોઈ પણ વસ્તુની જરૂર પડે છે ત્યારે તે દરેક પ્રકારે મળી રહે છે ”

આ કથા ઉપરથી જણાઈ આવે છે કે જ્યાં સુધી તમે તમારી વાસનાઓ અથવા ઇચ્છાઓને તમારી ધન-દોલતમાં રાખેલ છે ત્યાં સુધી તમને નિર્ભયતા, સુખ અને શાંતિ મળી શકશે નહિ. તમારી ઇચ્છાઓ છોડી દ્યો, ઉંચે ચઢતા આવો, એટલે તમને અમારી શાંતિ, વ્યાવહારિક સિદ્ધિ અને બીજી સર્વ કામનાઓની પૂર્તિ મળશે. વાસના છોડી દેશે ત્યારે તમે ઉચ્ચતર સત્ય (આત્મસ્વરૂપ) રહેશો ત્યારે તમારી સર્વ કામનાઓ

પૂર્ણ થશે. ધ્યાનમાં રાખજો કે જ્યારે તમે પરમાત્મસ્વરૂપમાં જાણ્યે અજાણ્યે પણ લીન થશો ત્યારેજ તમારી કામના સફળ થવાનો વખત આવી પહોંચશે.

ઉત્કર્ષનું ત્રીજું તત્ત્વ-પ્રેમ.

ઉત્કર્ષનું ત્રીજું તત્ત્વ પ્રેમ છે-વિશ્વની સાથે ઐક્યભાવ અને પરિસ્થિતિને અનુરૂપ થવું એ છે. પ્રેમનો અર્થ શું? પ્રેમનો અર્થ એ છે કે આપણા પાડોશીઓ અને જેની જેની સાથે આપણો સંબંધ થાય તે સર્વની સાથે એકતા અને અભિન્નતાનો અનુભવ કરવો. જો તમે દુકાનદાર હો તો તમારા ઘરાકોનું હિત એજ તમારૂં હિત છે, એમ જ્યાં સુધી સમજશો નહિ ત્યાં સુધી તમારા વ્યાપારમાં તમને લાભ-બરકત જણાશે નહિ અને તમારો ધંધો ખરાબ થઇ જશે. જો હાથ સ્વાર્થી વૃત્તિથી શરીરનાં અન્ય અવયવોથી પોતાને ભિન્ન ગણીને એમ કહે કે, "જુઓ હું જમણો હાથ છું, બધી જાતનો શ્રમ હું કરૂં છું અને અત્યંત કષ્ટ વેઠીને જે હું લાવું તે આખા શરીરને શા માટે મળવું જોઇએ? શ્રમ કરીને મેળવેલું મારૂં અન્ન અધમ પેટને અને તેના દ્વારા બીજાં અવયવોને શા માટે મળવું જોઈએ? નહિ, નહિ, તે તો હું મારી પાસેજ રાખીશ!" તો તે અન્ન ચામડી ફાડી હાથમાં ભર્યા સિવાય અથવા અન્નનું નસ્તર મૂકયા વિના બીજો કોઈ માર્ગ નથી; પરંતુ એમ કરવાથી હાથનું હિત થશે કે? ના, કદિ નહિ. ફક્ત એકજ રીતે તે હાથ ખુબ જાડો થઇ શકશે. તે એકલોજ એવો તો લઠ્ઠ થશે કે શરીરના બીજા ભાગ તેની અદેખાઇ કરશે. તે હાથે એકાદ ડાંસ, મધમાખી અથવા સર્પ કરડાવવાથી હાથ ખૂબ જાડો થશે. ફક્ત એજ રીતે હાથની સ્વાર્થી વૃત્તિ પૂર્ણ વિજય પામશે અને એવીજ રીતે હાથનું સ્વાર્થી તત્ત્વજ્ઞાન સિદ્ધ થશે, પરંતુ તે કેટલું અનિષ્ટ છે? એવી તૃપ્તિ અથવા એવી જાતનો વિજય આપણે જોઇતો નથી. સૂજી જઈને જાડું ગણાવું એ કોણ સારૂં કહી શકે? એવીજ રીતે તમે ધ્યાનમાં રાખજો કે આ જગત આખું એક શરીર છે અને તમારાં ભિન્ન ભિન્ન શરીર એ જગતરૂપી શરીરનાં (વિરાટ સ્વરૂપનાં) હાથ, નખ કે આંગળીની પેઠે તેના નાનાં નાનાં અવયવો છે, માટે ઉત્કર્ષની ઇચ્છા રાખતા હો તો

તમારો આત્મા વિશ્વના આત્માથી જુદો છે એમ કદિ માનશો નહિ. હાથને પોતાનો ઉત્કર્ષ કરવો હોય તો શરીરના ઉત્કર્ષમાંજ પોતાનો ઉત્કર્ષ સમાએલો છે, આખું શરીર અને હાથ ભિન્ન નથી એમ તેને સમજવું જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો હાથને પોતાનો આત્મા કાંડાની આગળના પ્રદેશમાંજ નહિ પણ શરીરના સર્વ ભાગમાં છે એમ લાગવું જોઇએ. આખા શરીરના આત્માને પોષવો એ હાથમાંના આત્માનેજ પોષ્યા બરોબર છે એમ માનવું જોઇએ. વિશ્વની સાથે આપણું ઐક્ય છે–ઈશ્વર ને આપણે એકજ છીએ એ પૂર્ણ સમજાયા અને વ્યવહારમાં મૂકાયા સિવાય તમારો ઉત્કર્ષ થશે નહિ. વિયોગ અને ભેદભાવના પંજામાં સપડાશો તો તમે સ્વાસ્થ્યરહિત અને વ્યાધિગ્રસ્ત બનશો. જ્યારે તમે સર્વ અને સમષ્ટિરૂપ બનશો ત્યારેજ પૂર્ણતા પામશો. આ એકત્વ અનુભવવાથી વેદાંત આચરણમાં આવે છે. આ ઉચ્ચ અને ઉદાત્ત તત્વનું ઉલ્લંઘન કરશો અને આ પવિત્ર નિયમનો વ્યવહારમાં ભંગ કરશો, તો પેલા સ્વાર્થી હાથની પેઠે એ પાપની શિક્ષા તમારે ભોગવવી પડશે. કોલરિજ્જે પોતાના 'એન્સીયંટ મૅરીનર'માં અને બાયરને પોતાના 'પ્રિઝનર ઑફ ચીલોન'માં આ સત્યનું અદ્ભુત રીતે વિવેચન કર્યું છે. એ કવિતામાં તેમણે તો એમ સિદ્ધ કર્યું છે કે, જ્યારે મનુષ્ય પ્રકૃતિનો વિરોધ કરે છે ત્યારેજ તેને દુઃખ ભોગવવું પડે છે. જ્યારે તમે તમારા બાંધવોની સાથે તમારૂં ઐક્ય અનુભવો છો ત્યારે અવશ્ય તમારી ઉન્નતિ થાય છે.

એક અંગ્રેજ કહે છેઃ–"મનુષ્ય અને પશુ પક્ષી એ બન્ને સાથે સૌથી વિશેષ પ્રેમ કરે છે, તેજ સર્વોત્તમ ભક્તિ કરે છે; અલ્પ અને મહાન બધી વસ્તુઓ જે જે ઉત્તમતાથી ચ્હાય છે એજ સાચી પ્રાર્થના કરે છે."

એક વાર એક રાજા મૃગયા રમવા વનમાં ગયો, ત્યાં એક સિંહની પાછળ પડવાથી પોતાનાં માણસોથી જુદો પડી ગયો. સૂર્યના સખત તડકાથી તે તૃષાતુર થયો. તે અરણ્યમાં એક નાનો સરખો બગીચો તેને જણાયો. રાજા એ બગીચાની અંદર પેઠો. પોતે શિકારી પોષાકમાં હોવાથી અને બગીચાના માળીએ એને પહેલાં કદિ નહિ જોએલો હોવાથી રાજાને

દેહાધ્યાસથી પર થતાં અને સ્વાર્થી, ક્ષુદ્ર, અધમ વાસનાઓને ઓળંગી જતાંજ તમને તમારા સ્થિરતા અને ઉત્સાહવૃત્તિ પાછાં મળે છે.

દુઃખમાં જો તમારે આનંદ અને ઉત્સાહ મેળવવાં હોય તો 'તમારો આત્માજ ત્રિકાલાબાધિત સત્ય છે, એ વેદાંતના સિદ્ધાન્તનો તમારે વ્યાવહારિક અનુભવ કરવો જોઇએ.

તમારા આત્મામાં તમે લીન થઈ જશો એટલે દૃશ્ય જગતનો સર્વ અસ્થિર વિસ્તાર કપૂરની પેઠે ઉડી જશે. 'હું દેહ નથી' એમ સમજતાંજ સર્વ શારીરિક વ્યાપાર, સબંધ અને બંધનો કેવળ રમકડાં જેવાં લાગશે. એ સર્વ નાટકની રંગભૂમિ ઉપરનાં પાત્રોના કામ છે. રંગભૂમિ ઉપર એક મનુષ્ય મારો શત્રુ થાય છે, બીજો મારો મિત્ર બને છે, કોઇ પિતા થાય છે તો કોઇ પુત્ર થાય છે, પરંતુ વસ્તુત. હું પુત્ર પણ નથી અને પિતા પણ નથી, એ શત્રુમિત્રો પણ ખરેખર શત્રુમિત્રો નથી. હું કેવળ બ્રહ્મ છું, સંસારી બંધનો અથવા સબંધ મને બાંધી શકતા નથી, સર્વ સંબંધી માયાવી છે. રંગભૂમિ ઉપર સર્વ પાત્રોએ પોતપોતાનો પાર્ટ બરાબર બજવવો જોઈએ, પરંતુ રંગભૂમિના કૃત્રિમ રાગદ્વેષને સાચા માનીને જે મનુષ્ય પોતાના શરીરપર વહોરી લે છે તે કેવળ મૂર્ખ છે. તેવીજ રીતે આખું જગત જ્યારે નાટકનો એક સીન-દેખાવજ છે તો કર્તવ્યના બાહ્ય સ્વરૂપને અનાવશ્યક મહત્વ શા માટે આપવું? કોઈ રાજા હોય તો તેની અદેખાઇ અને કોઇ રંક હોય તેનો તિરસ્કાર શા માટે કરવો?

ઉચ્ચ કે નીચ સ્થિતિમાં, નથી માનાપમાન કૈં,
સ્વકર્તવ્ય કરો તેના, સર્વ માન વને જઇ

વેદાંત તમને એમ કહે છે કે તમારી પરિસ્થિતિ સબંધે તમારે ચિંતા કરવાની કંઇ જરૂર નથી અધ્યાત્મવિદ્યાના નિયમો સમજી લ્યો અને સર્વ ભય છોડી દો ન્યાયાધીશ જ્યારે ન્યાયમંદિરમાં આવીને પોતાને સ્થાને બેસે છે, ત્યારે વાદીપ્રતિવાદીઓ, કારકુનો, વકીલો, નોકરચાકર અને બીજા લોકો ક્યારનાએ તેની વાટ જોતા તેને માલુમ પડે છે ન્યાયાધીશને સાક્ષીને બોલાવવા કે વકીલોને નિમંત્રણ આપવા જવું પડતું નથી, વાદીપ્રતિવાદીને લાવવા પડતા નથી, તેને ઓરડાઓ વાળવા, સાફ કરવા, ટેબલ લુંછવા, બેઠકો સાફ કરવી વગેરે કાંઇ કરવું પડતું નથી,

તેના આવતાંજ સર્વ કામ વ્યવસ્થિત રીતે શરૂ થાય છે. જેમ સૂર્યના ઉગવાથીજ સૃષ્ટિ માત્ર જાગૃત થાય છે, નદી, વનસ્પતિ, મનુષ્ય સર્વને આહ્લાદ થાય છે, તેવીજ રીતે જ્યારે તમે સત્ય સ્વરૂપમાં તમારૂં થાણું બેસાડશો, જ્યારે તમે નિષ્પક્ષપાતી વરિષ્ઠ ન્યાયાધીશ તરીકે તમારા આત્માની જગ્યાએ અધિષ્ઠિત થશો, જ્યારે તમારો દિવ્ય આત્મા સર્વ શક્તિથી પ્રકાશવા લાગશે; ત્યારે સર્વ પરિસ્થિતિ પોતાની મેળેજ પોતાનું કાર્ય કરવા લાગશે અને તમારી સમીપતાના સુખકારક પ્રકાશથી સર્વ વસ્તુઓ આનંદિત અને સુવ્યવસ્થિત થશે.

ભગવાન શ્રીરામચંદ્રજી વિષે એમ કહેવામાં આવે છે કે જ્યારે તે સીતાજી (આત્મવિદ્યા) ને પાછાં મેળવવા નીકળ્યા, ત્યારે સર્વ સૃષ્ટિ તેમની સેવા માટે તત્પર થઇ. તેમની સેનામાં ભરતી થવા માટે વાંદરાં, રીંછ, હંસ, ખીસકોલીઓ, પત્થર અને પાણી પણ પરસ્પર સ્પર્ધા કરતાં હતાં. વિષયો રૂપી કાદવમાં મશગુલ બનાવનારી આસક્તિનો અને અધોગતિના ખાડામાં દોરી જનાર દ્વેષનો ત્યાગ કરીને આત્માના વૈભવ અને ઐશ્વર્યથી વિલસિત રહો; એટલે દેવ અને યક્ષ કિન્નરાદિને તમારા દાસાનુદાસ થઇને તમારી સેવા કર્યા સિવાય છુટકો નથી. દરેક મનુષ્ય બાળકની એટલી બધી ખુશામત શા માટે કરે છે? એ નાનો સરખો બાળરાજા મોટા મોટાઓને ખભે ચડી બેસે છે અને તેમની મૂછો ખેંચે છે એ શાથી? એનું કારણ એજ છે કે બાળક પરિસ્થિતિથી અલિપ્ત અને અજ્ઞાન અવસ્થામાં પણ દૈવીભાવમાંજ રહે છે.

જો તમે તમારૂં કર્તવ્ય ઉત્તમ રીતે બજાવ્યા જશો, જો તમે સદ્બુદ્ધિથી તમારૂં કાર્ય કર્યા જશો તો પછી બાહ્ય મદદ માગવાની કે તેની ચિંતા કરવાની તમને કંઇ જરૂર નથી. મદદ તમને મળવીજ જોઇએ અને તેણે તમને શોધતાં આવવુંજ જોઇએ. જ્યારે તમે એકાદ ભાષણ આપો ત્યારે તેમાં સંગ્રહ કરી રાખવા જેવો ભાગ કોઈ ઉતારી લેશે કે પ્રસિદ્ધ કરશે કે નહિ, એવી ચિંતા કરશો નહિ. ન્યાયાધીશની વૃત્તિ રાખો. **તમારી મૂળ મોટાઇમાં-પ્રભાવમાંજ સ્થિર થાઓ. બાહ્ય બાબતો અને બીજાઓની મદદની ચિંતાથી તમારી આનંદિત વૃત્તિને બગડવા દેશો નહિ.**

શરીરના એકાદ ભાગ ઉપર ચળ આવતાંજ ત્યાં ખંજવાળવાને હાથ એની મેળેજ તે તરફ જાય છે. હાથમાં રહેલી શક્તિ અથવા આત્મા ચળની જગાએ રહેલી શક્તિ કે આત્માથી ભિન્ન નથી; તેમજ એ પણ ધ્યાનમાં રાખજો કે તમારામાંનો અને તમારી આસપાસના સર્વ પદાર્થોમાંનો આત્મા એકજ છે, અને જ્યારે તમારામાંનો આત્મા સર્વ-વ્યાપી આત્મા (પરમાત્મા) સાથેના ઐક્યથી સ્ફૂરે છે તથા જ્યારે આ જગત તમને તમારૂંજ શરીર લાગે છે, ત્યારે ચળની જગ્યાએ જેમ હાથ એની મેળેજ જાય છે તેમ સર્વ બાહ્ય મદદ એની મેળેજ તમારી તરફ દોડતી આવશે.

આપણે આપણી છાયા પકડવાને તેની પાછળ દોડીએ છીએ તો તે કદિ હાથ લાગતી નથી, તે હમેશાં આગળ ને આગળજ રહે છે; પરંતુ જો છાયા તરફ પીઠ કરીને સૂર્ય તરફ આપણે દોડીએ તો તેજ છાયા પાળેલા કૂતરાની પેઠે પાછળ પાછળ દોડી આવે છે. તેવીજ રીતે એ બાહ્ય પદાર્થો પાછળ દોડીને તેને પકડી રાખવાનો પ્રયત્ન કરતાંજ તે તમારી પાસેથી સટકી જાય છે અને દૂર દોડી જાય છે. તમે ગમે તેટલા પાછળ દોડો તોપણ છાયાની પેઠે તે આગળ ને આગળજ રહે છે; પરંતુ તેની તરફ પીઠ કરી સર્વ પ્રકાશનો પ્રકાશ જે અંતરાત્મા, તેની તરફ જવા લાગશો કે તુરતજ તે તમારી પાછળ પાછળ તમને શોધતા આવશે. સૃષ્ટિનો એ નિયમજ છે.

ઘણા લોકો 'કર્તવ્ય' શબ્દ સાંભળતાંજ ભડકી ઉઠે છે અને નરમ બની જાય છે. કર્તવ્ય એકાદ ભૂતની પેઠે તેમને પકડે છે, સતાવે છે અને તેમને ઘડીવાર પણ ફુરસદ કે વિસામો મળવા દેતું નથી. હમેશાં તે તેની પાછળ લાગેલું રહે છે. આવા ઉતાવળીઆઓ, કર્તવ્યનાં યંત્ર વત શરીરો ઉતાવળ કરવામા જેટલો ફાયદો મેળવે છે તેટલું શક્તિમાં નુકસાન સહન કરે છે. કર્તવ્ય કર્મની ચિંતાથી તમારી સ્થિરતા બગડવા દેશો નહિ અથવા તમારો ઉત્સાહ પણ નષ્ટ થવા દેશો નહિ. ધ્યાનમાં રાખજો કે દરેક કર્તવ્ય કર્મ તમે પોતેજ તમારા ઉપર લાદી લીધેલું છે. ખરૂં જોતાં તમેજ તમારા સ્વામી છો. તમેજ તમારી હાલની જગ્યા પસંદ કરી છે. તમેજ નોકરી કરવાનું કબૂલ કર્યું છે, તમેજ વરિષ્ઠપદે બેસવાને

સર્વ સત્તા તમારાથી ગૌણ હોવી જોઇએ. તમારૂં પ્રમાણ તમેજ છો. કર્તવ્યબુદ્ધિ અને બાહ્ય ઉદારતાથી કરેલી વ્યવસ્થા બહુ બહુ તો શુદ્ધ આકારની થશે; પરંતુ જે વ્યવસ્થા કર્તવ્ય અને કર્તાપણાના ભાવરહિત થશે તે તો સજીવન અને સચેતન થશે.

उत्कर्षनुं पांचमुं तत्व–निर्भयता.

હવે આપણે ઉત્કર્ષના પાંચમા તત્ત્વ 'નિર્ભયતા' તરફ વળીએ. નિર્ભયતા એટલે શું? માયા પ્રત્યે અશ્રદ્ધા; પરંતુ આપણા આત્મા વિષે અનુભવપૂર્વક જ્ઞાન અને દૃઢ શ્રદ્ધા. શરીર એ ભયનું સ્થાન છે અને જ્યારે શરીરમાં આત્માનો આરોપ કરીએ છીએ ત્યારે તુરત ભય લાગે છે, તેથી આપણા દેહને ચિંતારૂપી કીટકો સદા કોલી ખાય છે. બધી જાતના આધિવ્યાધિને પ્રવેશ કરવાનું અને રહેવાનું તે સ્થાન છે. જે ક્ષણે આપણે દેહાભિમાન છોડી દઇએ તેજ ક્ષણે ભયથી મુક્ત થઇએ છીએ. ઈશ્વર બનીને રહો. વેદાંત આચરણમાં આણો. પછી જુઓ કે તમને દુઃખ દેવાની કે ઇજા કરવાની કોણ હિંમત ધરી શકે છે? નિર્ભયતા અને વેદાંત એ એકજ છે.

ઉત્કર્ષને નિર્ભયતાની શી જરૂર છે તે વિષે સ્વાનુભવનો દાખલો આપું છું.

એક વખતે હિમાલયના ઘોર અરણ્યમાં અચાનક પાંચ રીંછ 'રામ'ના શરીર ઉપર ધસી આવ્યાં. પરંતુ તેઓ 'રામ'ને બિલકુલ ઇજા કરી શક્યા નહિ, એનું કારણ શું? ફક્ત નિર્ભયતા. "હું દેહ નથી, મન નથી, હું સર્વેશ્વર છું. પરબ્રહ્મ છું. અગ્નિ મને બાળી શકતો નથી અને શસ્ત્ર મને છેદી શકે તેમ નથી" ઇત્યાદિ ભાવનાઓમાં રામ તદ્રૂપ બની ગયો હતો. તેથી તે રીંછની સામે એકી ટસે જોતાંજ તે નાસી ગયા. એક વખત તો ડોળા દેખાડતાંજ એક હિંસક વરૂ નાસી ગયું. બીજી એક વેળાએ એક વાઘને પણ એવીજ રીતે નસાડયો. બિલાડી આવતાંજ કબૂતરો પોતાની આંખો મીંચી દે છે. તેમને લાગે છે કે આપણને બિલાડી દેખાતી નથી તેથી તે પણ આપણને નહિ દેખતી હોય, પરંતુ બિલાડી તેમને જીવતા છોડતી નથીજ? બીશો તો બિલાડી પણ તમને ખાઈ જશે. ગામડાંઓની શેરીઓમાં ચાલતા ભય પામતા કૂતરાઓ ભસે છે, પાછળ દોડે છે અને સતાવે છે, એ શું તમે નથી

અનુસર્યું ? ગભરાઇશું તો કૂતરાંઓ પણ આપણને ફાડી ખાશે; પરં[illegible] નિર્ભય રહીશું તો વાઘ-વરૂને પણ જીતીને પાળેલા કૂતરા જેવા [illegible] શકીશું. કોઇ પણ પ્રવાહી પદાર્થ એક વાસણમાંથી બીજામાં નાખતાં [illegible] જરા પણ ધ્રૂજે તો તે પદાર્થ ઢોળાય છે; પરંતુ વિચારો કર્યા વગર અ[illegible] ધ્રૂજ્યા વગર એકદમ બીજા વાસણમાં રેડો એટલે એક ટીપું પણ ઢોળાશે નહિ.

શંકા અને ભીતિથીજ તમે દુઃખદ સ્થિતિને તમારાપર વહોરી [illegible] છો. ગમે તેવા પ્રસંગ કે બનાવથી તમારી સ્વસ્થતા ચળવી ન જોઇએ કિંવા તમારે આશ્ચર્ય પામવું ન જોઇએ. તમે સર્વસ્વ છો. દેહ ઉપરની ભયોત્પાદક આસક્તિ દૂર કરો. ઉનના ગરમ કપડાંઓથી આચ્છાદિત થએલો ખાસો સાડાત્રણ મણનો દેહ એકાદ ક્ષુદ્રક ફટાકડાના અવાજથી, નાના સરખા ઉંદરથી, ખડખડ થતાં પાંદડાંથી, એટલુંજ નહિ પણ એકાદ ચંચળ છાયાથી પણ ડરીને પાછો પડે એ શું ઓછું શોચનીય છે? કોઈ પણ સંકટ, સંકટની બીક કરતાં વધારે ભયપ્રદ હોતું નથી. મરણની બીક રાખવા કરતાં મને તો મરવુંજ વધુ સારૂં લાગે.

તમારા મનમાં જો વેમ હશે તો આખર પણ તે તમને મારશે. તમારા હૃદયમાં ડર [illegible] તો આખર પણ દ્વેષજ પ્રાપ્ત થશે. તમારા હૃદયમાં [illegible] મનુષ્યની [illegible] બીક રાખશો તો [illegible] [illegible] [illegible] દુષ્ટતાની કલ્પના [illegible] [illegible] તમને [illegible] [illegible] માટે બીશો નહિ, [illegible] શુદ્ધતા અને પવિ-ત્રતા હશે એટલે [illegible] તમારી [illegible] નહિ. આધ્યાત્મિક અને પારમાર્થિક ઉત્કર્ષ ને ઉન્નતિનો નિશ્ચય [illegible] છે. [illegible]

[illegible]

બનાવી શકશો નહિ. બીજાનું દીર્ઘદૃષ્ટિ મનુષ્યને પાકો નાસ્તિક બનાવી દે છે. તમે સૂર્યના પણ સૂર્ય અને આ અખિલ વિશ્વના અધિપતિ નથી? અધિપતિનાં એવાં ક્યાં માઠાં ભાગ્ય છે કે એનો તમે પરાજય કરી શકો નહિ? કોઇ પણ ભય પમાડનારી સ્થિતિ અંતઃકરણ પર ખરી છે એવો ખ્યાલ પણ આવવા દેશો નહિ. તમે નિર્ભય-અને નિર્ભયજ છો.

उत्कर्षनुं छठ्ठुं साधन—स्वावलंबन.

ઉત્કર્ષનું છઠ્ઠું તત્ત્વ સ્વાવલંબન છે. તમે જાણો છો કે હાથી સિંહના કરતાં ઘણું મોટું પ્રાણી છે અને તેનું શરીર પણ સિંહના કરતાં વધારે મજબૂત દેખાય છે, તોપણ એકજ સિંહ હાથીઓના આખા ટોળાને નસાડી શકે છે! સિંહની એ શક્તિનું ગુપ્ત રહસ્ય શું છે? એજ કે સિંહ આચરણમાં વેદાંતી છે અને હાથી દ્વૈતવાદી છે. હાથીને તેના શરીર ઉપર વિશ્વાસ છે. સિંહને દેહના કરતાં ઉચ્ચ ચૈતન્ય ઉપર વધારે વિશ્વાસ હોય છે. સિંહનું શરીર હાથીના શરીરના પ્રમાણમાં ઘણું નાનું છે, છતાં પોતાનું સામર્થ્ય અનંત છે અને પોતાની આંતરિક શક્તિ અમર્યાદ છે એવો તેને પૂર્ણ વિશ્વાસ હોય છે. હાથીઓ વીસ પચાસ અથવા વખતે સો બસો સુધી એકઠા મળી ટોળાં કરીને રહે છે, અને ઉંઘી જતી વખતે કોઈ બળવાન હાથીને ચોકી કરવા પહેરેગીર નીમે છે. શત્રુઓ આપણાપર હલ્લો કરીને આપણને ખાઇ જશે એવી તેમને હમેશાં બીક લાગ્યાજ કરે છે. તેઓ જાણતા નથી કે આત્મવિશ્વાસ હોય તો તેમાંનો એકજ હાથી હજારો સિંહને પુરો પડી શકે; પરંતુ તે બિચારાઓને પોતાના અંતરાત્માપર વિશ્વાસ હોતો નથી અને તેથી ધૈર્ય પણ હોતું નથી.

ટુંકામાં આત્મવિશ્વાસ એજ આનંદ અને સુખનું મૂળ છે. પોતાની જાતને હીન, દીન, દુઃખી, પતિત અને પાપી માની બેસશો નહિ એમ વેદાંત તમને ચેતાવે છે. તમે અનંત છો, સર્વ શક્તિમાન ઈશ્વર તમે છો, અનાદિ અનંત પરમેશ્વર તમેજ છો, એ સત્યપર વિશ્વાસ રાખો. એ સત્ય કેટલું સ્ફૂર્તિદાયક છે? માયિક પદાર્થોપર વિશ્વાસ કરશો તો નાશ થયોજ સમજજો! કાયદોજ એવો છે!

એકવાર ઝઘડો કરતા બે ભાઇઓ એક ન્યાયાધીશ સન્મુખ આ

તેમાંનો એક લક્ષાધિપતિ હતો અને બીજો ગરીબ હતો. ત્યારે લક્ષાધિપતિને પૂછ્યું કે, "તું આટલો બધો શ્રીમંત શી રીતે થયો ! વળી તારો ભાઈ આટલો બધો ગરીબ કેમ ?" તેણે જવાબ આપ્યો કે: "પાંચ વર્ષ પહેલાં અમો બન્નેને અમારા બાપ તરફથી સરખીજ મિલ્કત મળી હતી. દરેકને ભાગ દોઢ દોઢ લાખ રૂપિયા આવ્યા હતા. મારા ભાઈને 'હું ઘણોજ પૈસાદાર છું' એમ લાગવા માંડયું. આપને માલમજ હશે કે કેટલાક શ્રીમંત લોકો કામ કરવું એ હલકું સમજે છે; તે પ્રમાણે એ પણ આળસુ બન્યો અને બધું કામ નોકરો ઉપર નાખવા લાગ્યો. એકાદ પત્ર આવે તોપણ નોકરના હાથમાં આપીને 'આ વાચ અને શું છે તે સમજી તે પ્રમાણે વ્યવસ્થા કર' એમ કહે. જે જે કંઈ કરવાનું હોય તે સર્વ નોકરને કહે. એ પ્રમાણે સર્વ કાર્ય નોકરોને હવાલે કરી પોતે બધો વખત એશઆરામમાં ગાળ્યો. ખાવું પીવું અને આનંદ કરવો એજ તેનો આયુષ્યક્રમ હતો. તે સદા પોતાના નોકરોને કહેતો કે, 'જા, પેલું કામ કર, પેલું જો, ફલાણું સંભાળ !'

પોતાના સંબંધમાં તે પૈસાદાર મનુષ્ય બોલ્યો: "મને જ્યારે દોઢ લાખની મિલ્કતનો ભાગ મળ્યો ત્યારે મારૂં કામ મેં બીજા કોઈને સોંપી દીધું નહિ. જ્યારે જ્યારે કંઈ પણ કરવાનું હોય ત્યારે તે કરવાને હું જાતે ઉઠતો અને નોકરોને હમ્મેશા 'આવો, આવો, મારી પાછળ આવો, મને મદદ કરો' એમ કહેતો. મારા મોંમાં હમ્મેશાં 'આવો, આવો' એ શબ્દો રહેતા અને મારા ભાઈના મોંમાંથી સદા 'જાઓ, જાઓ' એ શબ્દો નીકળતા. તેના સર્વ વિત્તે તેનુંજ કહેવું પાળ્યું, તેના નોકર, તેના મિત્ર, તેની માલ-મત્તા, તેની સંપત્તિ, સર્વ તેને છોડીને જતાં રહ્યાં ! મારૂં તત્ત્વ 'આવો' હતું તેથી મિત્રો આવ્યા, મિલ્કત વધી અને સર્વ વસ્તુઓ મને આવી મળી."

આ પ્રમાણે આપણે જ્યારે બીજા ઉપર આધાર રાખી બેસીએ છીએ ત્યારે હમ્મેશાં આપણે 'જા, જા' એમ કહીએ છીએ; પરંતુ જ્યારે આપણે આપણા પોતાનાજ ઉપર આધાર રાખીએ છીએ અને આત્મા સિવાય બીજા કશા ઉપર વિશ્વાસ રાખતા નથી, ત્યારે સર્વ કંઈ આપણને આવી મળે છે; આપણી આસપાસ કાર્ય એકઠું થાય છે.

જો તમે પોતાને ગરીબ, તુચ્છ, કીટ અથવા જંતુ જેવા માનશો તો તો તમે ખરેખર તેવાજ બનશો; પરંતુ જો તમે તમારૂં સ્વમાન સાચવી સ્વાવલંબી બનશો તો ઐશ્વર્ય તમને વિજયમાળ આરોપશે. જેવી તમારી ભાવનાઓ હશે તેવા તમે બનશોજ, યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।

હિંદુસ્તાનમાં એકવાર એક નિશાળ તપાસવાને ઇન્સ્પેક્ટર સાહેબ આવ્યા. એક શિક્ષકે એક છોકરા તરફ આંગળી કરી કહ્યું: "આ છોકરો એટલો બધો હોશિયાર છે કે એને મિલ્ટનનું "પૅરૅડાઈઝ લૉસ્ટ" મોંએ છે. તેમાંનો ગમે તે ભાગ કહેશો તોપણ તે મોંએ બોલી જશે."

છોકરાને ઇન્સ્પેક્ટર સાહેબ સામે બોલાવવામાં આવ્યો, પણ તેનામાં વેદાંતનું તત્ત્વ નહોતું. તે તરત શરમાઈ ગયો. 'તને એ કાવ્ય મોંએ આવડે છે?' એમ પૂછતાં તે બોલ્યો કે, "ના સાહેબ! મારામાં કાંઇજ નથી, મને કંઇ આવડતું નથી!"

'એમ બોલવાથી હું વિનયશીલ અને નમ્ર ગણાઇશ' એમ તેને લાગ્યું; તેથી તે ફરીથી બોલ્યો: "ના સાહેબ! મને કંઇ આવડતું નથી. હું તે શીખ્યો નથી!"

ઇન્સ્પેક્ટરે ફરીથી પૂછ્યું, તોપણ તેણે એજ જવાબ આપ્યો! બિચારો માસ્તર પણ શરમાઇ ગયો. ત્યાંજ એક બીજો છોકરો હતો તેને તે કાવ્ય આખું મોંએ નહોતું, તોપણ તે બોલ્યો: "સાહેબ! મને આવડે છે. હું ધારૂં છું કે તેમાંનો તમે કહેશો તે ભાગ હું બોલી બતાવીશ."

ઇન્સ્પેક્ટરે તેને કેટલાક સવાલો પૂછ્યા. તેણે તુરત તેના જવાબ આપ્યા અને શ્લોક પછી શ્લોક બોલી બતાવીને ઇનામ મેળવ્યું.

તમે તમારી પોતાની જે કિંમત કરાવશો તેના કરતા અધિક કિંમત કોઇ કરશે નહિ.

કૃપા કરીને તમારી જાતને બીજાને માખણ લગાડનાર-ખુશામત કરનાર-હાજી હા કરનાર ક્ષુદ્ર પ્રાણી બનાવશો નહિ. જેવી તમારી મતિ તેવી તમારી ગતિ! તમે પોતાને ઈશ્વર માનો એટલે તમે ઈશ્વરજ છો. પોતે મુક્ત છો એમ માનો અને તેજ ક્ષણથી તમે મુક્ત છો.

એક વખત એક મનુષ્ય એક વેદાંતીને ત્યાં ગયો પણ તે ઘેર ન હતો; તેથી તેના ખાલી ઉચ્ચાસન ઉપર પોતે ચઢીને બેઠો. વેદાંતી

જ્યારે તે ઓરડીમાં પાછો આવ્યો ત્યારે પેલા મનુષ્યે પૂછયું: "મહારાજ! ઈશ્વર અને મનુષ્યનાં લક્ષણ તથા ભેદ મને સમજાવો." પેલા વેદાંતીએ એને સીધો જવાબ ન આપતાં પોતાના નોકરોને બોલાવ્યા, અને મોટેથી ગાળો દઈને પેલા મનુષ્યને બહાર કહાડી મૂકવા હુકમ કર્યો. તે ખરા જ્ઞાની મનુષ્યે એવી વિચિત્ર ભાષા વાપરી કે આવી ગાળોવાળી ભાષા સાંભળીને પેલો મનુષ્ય ગભરાયો અને ગભરાઈને ઉચ્ચાસન ઉપરથી ઉતરી પડયો. પેલો વેદાંતી તે આસન ઉપર જઇ બેઠો અને શાંત અને ગંભીર વાણીથી બોલ્યો:"આ(પોતાના તરફ આંગળી કરીને) ઈશ્વર છે અને આ(તે મનુષ્ય તરફ આંગળી કરીને)મનુષ્ય છે. તમે ગભરાયા વિના આ સ્થાન છોડયું ન હોત, તેમજ તમારા મનની સ્થિરતા જો સાચવી રાખી હોત અને ગભરાયા ન હોત તો તમેજ ઈશ્વર હતા; પરંતુ બીકથી, કંપથી અને ઈશ્વિરત્વ સંબંધી અશ્રદ્ધાથી તમે તમારી જાતે ક્ષુદ્ર કીટ સમાન બન્યા છો.

આપણે ઈશ્વિરજ છીએ એવી ભાવના ધરો. પોતાના ઈશ્વિરત્વમાં પૂર્ણ શ્રદ્ધા રાખો એટલે કોઇ તમને જરા પણ ઇજા કરી શકશે નહિ.

જ્યાં સુધી તમે સ્થૂલ-બાહ્ય શક્તિ ઉપર આધાર રાખ્યા કરશો ત્યાં સુધી અપયશ તમારા લલાટે લખેલોજ સમજવો. તમે તમારા હૃદયમાંના ઈશ્વિરપર વિશ્વાસ રાખો અને શરીરને કાર્ય માટે તત્પર રાખો, એટલે સહજ વિજય મળશે. પર્વત મહમ્મદ પાસે આવે નહિ તો મહમ્મદે પર્વત પાસે જવુંજ જોઇએ. એક મનુષ્ય ભૂખ્યો હતો. ક્ષુધાની શાંતિ કરવાની ઇચ્છાથી આંખો મીંચીને તે એક જગ્યાએ બેઠો અને માનસિક કઢી ભાત ખાવા લાગ્યો. થોડીજ વારમાં મરચા ખાવાથી જીભ બળતી હોય તેવી રીતે મોં ફાડીને સુસકાર કરતા કોઇએ તેને જોયો. કોઈએ તેને પૂછયું ત્યારે તેણે જવાબ આપ્યો કે, 'કઢીમાં લીલા મરચાં બહુજ હતાં તેથી જીભ બળે છે.' તેની પાસે ઉભેલો એક માણસ બોલ્યો: "ગરીબ બિચારો! અરેરા માનસિક ભોજનજ કરવું હતું તો મરચાંને બદલે કોઈ મિષ્ટાન્ન તેં કેમ પસંદ ન કર્યું? તું કલ્પનાસૃષ્ટિમાં-મનોરાજ્યમાં ફરતો હતો તો પછી એકાદ સારો પદાર્થજ પસંદ કેમ ન કર્યો?"

વેદાંતાનુસાર આ જગત તમારૂંજ મનોરાજ્ય છે; તો પછી તમે પોતાને પાપી, દુર્દૈવી વગેરે શા માટે માની બેસો છો? પોતાને નિર્ભય અને

સ્વાવલંબી ઈશ્વરરૂપ કેમ માનતા નથી ?

સત્ય ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખો, તમારી આસપાસની વસ્તુઓનું યથાર્થ જ્ઞાન મેળવો, બધી બાબતોનો તેમની યોગ્યતા પ્રમાણે સ્વીકાર કરો અને એ વૃત્તિ તમારામાં એટલી બધી દૃઢ થઈ જવા દો કે આ જગત તમને માયાવીજ ભાસે. એક જ્યોતિષશાસ્ત્રી સ્થિર નક્ષત્રો વચ્ચેના અંતર શોધતી વખતે વિચારે છે કે, નક્ષત્રો અને ગ્રહોના પ્રમાણમાં આ પૃથ્વી કંઈ જ નથી, ફક્ત એક શૂન્ય છે-બિંદુ છે, એમ જ માને છે, અને એમ છે તો પછી અનંતશક્તિ-આત્માની સાથે સરખાવતાં પૃથ્વીનો શું હિસાબ છે એનો વિચાર કરો, એનો અનુભવ કરો. તમે પ્રકાશના પણ પ્રકાશ છો અને સર્વ વૈભવ તમારો છે એ સત્યને એટલે સુધી અનુભવો કે આ પૃથ્વી, કીર્તિ, ઐહિક સંપત્, માનાપમાન, પ્રતિષ્ઠા અને અપ્રતિષ્ઠા, શત્રુઓની ટીકા અને મિત્રોની પ્રશંસા એ સર્વ કેવળ મિથ્યા પ્રતીત થાય. ઉચ્ચરૂપનું, સ્વઆશ્રિતનું આજ શુદ્ધ તત્ત્વ છે.

નાયગરાના ધોધના ભયંકર પ્રવાહમાં બે મનુષ્યો તણાતા જતા હતા. તેમાંના એકને એક મોટું લાકડું હાથ લાગ્યું અને પોતાના બચાવને માટે તે તેણે પકડ્યું. બીજાને પોતાને બચાવવા માટે કિનારા ઉપરથી કેટલાક માણસોએ નાખેલી એક નાની સરખી દોરડી મળી. સદ્ભાગ્યે તે તેણે પકડી લીધી. લાકડાના જેવી ભાર તે નહોતી અને દેખાવમાં પાતળી અને હલકી હતી, તોપણ તેનાથી તેનો પ્રાણ બચ્યો; પરંતુ જેણે પેલું મોટું લાકડું પકડ્યું હતું તે તો લાકડાની સાથે જ પ્રવાહના જોરમાં ઊછળતા પાણી તરફ ઘસડાઈ ગયો અને ડૂબી ગયો !

તેવીજ રીતે હે સંસારી જનો ! બાહ્ય કીર્તિ, વિત્ત, સંપત્તિ, જમીન જાગીર અને ઐશ્વર્ય ઉપર તમારો ભરોસો છે. પેલા લાકડાના કુંદાની પેઠે એ બધાં મોટાં અને ભારે જણાય છે. ખરાં, પણ તે તારક નથી. તારક તત્ત્વ તો પેલી પાતળી દોરી જેવું તમારું આન્તર ઐશ્વર્યજ છે. તે ભારે નથી, ઇંદ્રિયગોચર નથી, તે હાથમાં લઈને જોઈ શકાય એવું નથી, તેનો તમને સ્પર્શ થતો નથી. એ સૂક્ષ્મ તત્ત્વ, એ સૂક્ષ્મ સત્ય અણુરૂપ છે; પરંતુ તમને તારનાર એજ સૂક્ષ્મ તત્ત્વ છે. જેના ઉપર અત્યારે તમે વિશ્વાસ રાખી બેઠા છો તે સર્વ ઐહિક વસ્તુઓ તમારો નાશ

કરશે અને તમને નિરાશા, ચિંતા તથા દુઃખની ઉંડી ખાઇમાં ફેંકશે. તે માટે ચેતો ! ચેતો ! ! સત્યને મજબૂત પકડી રાખો અને બાહ્ય વસ્તુઓના કરતાં સત્ય ઉપર જ વધારે શ્રદ્ધા રાખો. જ્યારે જ્યારે મનુષ્ય બાહ્ય વસ્તુ અને સંપત્તિ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખે છે, ત્યારે ત્યારે તે જરૂર નિષ્ફળ થાય છે. કુદરતનો નિયમજ એવો છે. ઈશ્વર ઉપર ભરોસો રાખો એટલે તમે સુરક્ષિત રહેશો; ઇંદ્રિયોના પંજામાં સપડાશો નહિ.

આસપાસના લોકોના જાદુમાં ફસાઈ પડશો નહિ. ઐહિક સંબંધો અને બંધનો તમને ચિન્તા અને દુર્ભાગ્યની જાળમાં બાંધી લેશે, માટે એમાંથી મુક્ત થાઓ. સત્યપર વિશ્વાસ રાખો. ઈશ્વિર સાથેનું તમારૂં તાદાત્મ્ય ઓળખો--અનુભવો; એટલે તમે મુક્તજ છો. ખરેખર, તમે મુક્તજ છો.

જગત તમારા આત્માથી વધારે મહત્વનું છે એવો ખ્યાલ પણ આવવા દેશો નહિ. તમારી જાતને ઇંદ્રિયાધીન, શોચનીય અને ક્ષુદ્ર અહંભાવવાળી બનાવી દેશો નહિ. ડાકટર જેમ રોગીનો રોગ પોતાને ન લગાડી દેત તેને સારો કરે છે તેમ તમે પણ કર્મની સાથે અનાસક્ત વ્યવહાર જ રાખો. અનાસક્ત સાક્ષીની પેઠે જ કર્મ કરો અને મુક્ત રહો.

उत्कर्षनुं सातमुं तत्त्व--पवित्रता अने सदाचार.

છેલ્લું અને વિજયની ખાત્રી આપનારૂં તત્ત્વ પવિત્રતા છે. એ ખરૂં છે કે વિચાર એ નસીબનુંજ બીજું નામ છે. " જેવી જેની મતિ તેવી તેની ગતિ, " પરંતુ જો તમે અપવિત્ર વિચારો મનમાં લાવ્યા કરશો અને અધોગતિએ દોરનાર અનીતિને તમારા હૃદયમાં સ્થાન આપશો, તો તમારી એ સ્વાર્થી વાસનાઓ તૃપ્ત થતાંજ હૃદય વિદીર્ણ કરનારી વેદના, તીવ્ર પીડા અને ચિત્તક્ષોભ કરનારાં દુઃખો તમને પ્રાપ્ત થશે અને શોક તમારા આત્માનો ગ્રાસ કરશે. વિષયોના ભોગથી આપણને સુખનો અનુભવ થાય છે એમ મૂર્ખ લોકજ સમજે છે; પરંતુ તેઓ નથી સમજતા કે અપવિત્ર વિચાર અથવા આચારથી ઉલટો તેમની શક્તિનો વ્યય થઈ તે ક્ષય પામે છે. સ્વાર્થી વૃત્તિથી જ્યારે તમે તેનો દુરૂપયોગ કરો છો ત્યારે કર્મનો કાયદો તેનું વેર લે છે અને તમને ગભરાવી નાખે છે. ઇશ્વરને હુકમ ફરમાવશો નહિ. શારીરિક જરૂરીઆતોની બાબતમાં ઈશ્વરની ઇચ્છા પ્રમાણેજ સર્વ થવા દો. જે મહા-

શક્તિની ઇચ્છાથી પરિસ્થિતિ હાલને સ્વરૂપે દેખાય છે તે મહાશક્તિ તમેજ છો, તેનો અનુભવ કરો. આપણું દારિદ્રય પણ આપણેજ નિર્માણ કર્યું છે એમ સમજીને તેનો આનંદથી ઉપભોગ કરો. દેહની વાસનાઓ તમને આડે માર્ગે દોરે છે અને કામવાસના તમને સતાવે છે, એમ તમને જણાય તો બ્રહ્મમય સ્થિતિ પ્રાપ્ત કરીને તે કાયમ રાખવાને માટે તમારી પ્રચંડ ઇચ્છાશક્તિનો ઉપયોગ કરવાનો આજ વખત છે. આ દેશમાં કામવાસનાને પ્રેમના પવિત્ર નામ નીચે ઢાંકવામાં આવે છે! પ્રેમનો કેવો ઉપહાસ? એથી લોક પૂર્ણ નિર્મળ રહેતા નથી. એમના જીવનમા કોઇપણ પ્રકારની એકાગ્રતાજ દેખાતી નથી. અસાધારણ આસક્તિ અને અનિવાર્ય વિષયવાસનાથી તેમના આયુષ્યના ચૂરેચૂરા થઇ જાય છે. પૂર્ણ બ્રહ્મચારી યુવાન ક્વચિતજ મળી શકે છે લોકોમાં જણાતો પ્રત્યેક મનુષ્ય ઘણુ ખરૂ અરાક્ષ થએલો 'અપૂર્ણાંશ' જ હોય છે તેનો એક ભાગ તેની પ્રિયામા હોય છે તો બીજો ભાગ બીજાજ વિષયમા હોય છે તમારા ઉદ્યોગ ઉપરજ પ્રેમ રાખો, જ્યાં તમારા હાથ કામ કરે છે ત્યાંજ તમારૂ હૃદય પણ રાખો. હાથપગને કર્મવડે સદા ગરમ રહેવા દ્યો માત્ર મગજ ઠંડુ અને શાંત રાખો. તમારા વિચાર તમારે સ્વાધીન રાખો, તેને તમારા આત્મામા લાગેલા રહેવા દા અને પરિસ્થિતિથી નિશ્ચિત રહો માનવજાતિનુ હિત કરવાના વિચારોથી હમેશા અત્વરથ રહેશો નહિ તમારી ચિંતાઓની સદા અપેક્ષા કરે એટલુ બધુ જગત શા માટે દરિદ્રી હોવુ જોઇએ? તમારી પોતાની મુક્તિ માટે તમારા શરીરને પ્રયત્ન કરતુ રહેવા દા અજ્ઞાની લોક જ્ઞાનપ્રકાશની ઇચ્છા [illegible] રાખે છે અને તેને માટે પ્રયત્ન કરે છે તેની પણ તમારે શા [illegible] ઇચ્છા રાખવી જોઇએ? સદા પ્રકાશનીજ ઇચ્છા રાખવાથી તને [illegible] ગ્રાજ રહેશો. એક સ્વભૂલર રજ સવ ઇચ્છાઓને કાઢી કહાડ પ્રણવનો દીર્ઘ ઉચ્ચાર કરો. ન આસક્તિ ક ન ઠર. પૂર્ણ નિશ્ચિન્તતા રાખી એટલે તમ પ્રત્યક્ષ પ્રકાશનીજ મૂર્તિ બનશો કર્મના સવ ઐહિક હેતુ [illegible] વાસનારૂપી પિશાચોને દાટી ઘો.તમારા સવ કર્મ પવિત્ર કરો અને આસક્તિરૂપી રાગને હાંકી કહાડો. બાહ્ય વસ્તુઓમા આસક્તિ નાખવાથી તને [illegible]

દૂર થશે. સ્વાર્થી અને નિંદ્ય હેતુથી તમારા સર્વ વ્યવહાર અને ઇંદ્રી ઐહિક બને છે, કર્મમાં છૂપાએલા ત્યાગનો અનુભવ લેવાને માટેજ તમને ઈશ્વર પાસે પહોંચાડે છે; માટે હેતુ કિંવા અહંકારથી દૂર રહીને કર્મ આચરો.

ઇચ્છારહિત-નિષ્કામ કર્મ એ સર્વોત્તમ ત્યાગ અથવા ભક્તિનું જ બીજું નામ છે. કર્મ કરવાનો તમારો હેતુ હોવો પણ શા માટે જોઈએ? અજ્ઞાન લોક એમ સમજે છે કે કર્મ કરતાં કર્મની ફળસિદ્ધિથી વધારે સુખ મળે છે. આ આંધળાઓ સમજતા નથી કે ફળ કર્મ કરતાં વધારે સુખદાયક હોઈ શકતું નથી. સુખ તો કર્મરૂપી વસ્ત્ર વડે ઢંકાએલું હોય છે, એમ સમજવાથી તમે સદા વિજયી નિવડશો. આ વિશાળ વિશ્વ તમારૂં પવિત્ર મંદિર અને તમારૂં અખિલ જીવિત એક અખંડ સ્તોત્ર બનશે. પરિણામની તમારે શી પરવા? પગાર અથવા બદલાનો વિચાર પણ તમારામાં આવવાની જરૂર નથી. જો તમને મહત્ પદ મળે તો રસ્તાઓ સાફ કરવા-ક્ષુદ્રક કામ કરવામાં પોકળ આડંબરને તમારી આડે આવવા દેશો નહિ, તમારે કરવાના કર્તવ્ય તરફ દુર્લક્ષ કરશો નહિ. શિષ્ટાચારને અનુમત થએલું કામ ન કરવું એ કંઈ સ્વાભિમાન નથી. પણ સ્વાભિમાન ને સ્થાને [illegible] અભિમાનજ છે. દેહા-ભિમાન [illegible] ત્યારે ગમે તે કાર્યને મદદ કરવાને તમે તૈયાર થશો, ત્યારે મોટા મોટાં કાર્યો અને સન્માનનીય ધંધાઓ તમારી મદદ મેળવવાને-તમારૂં સ્વાગત કરવાને આનંદપૂર્વક તમારી સામે આવશે. કર્મમાં અર્પિત થએલા ઈશ્વરથી તમે વિમુખ નહિ થશો તો ઈશ્વર પણ તમારૂં સ્વાગત કરવાને બિલકુલ અચકાશે નહિ. તમે તમારી ઈચ્છા નહિ છતાં પણ તમારામાં પ્રકાશ ઝળકવા લાગશે. મનુષ્યોની નિંદા અથવા સ્તુતિ તરફ બહેરા બનજો. તે સર્વ તમને માર્ગ ચૂકાવીને આડે માર્ગે દોરનારી વસ્તુઓ છે. તમારૂં સ્વર્ગ તમારામાંજ છે. ગુલે-[illegible] વસ્તુઓનું [illegible] જ્યારે તમે નીચ બનો છો, ત્યારે તમે [illegible] અને [illegible] અભિમાની તરીકે [illegible] કહો છો કે "આહાહા! હું [illegible] તમારા [illegible] મને કંઈ પણ [illegible] નહિ" શું તમે [illegible] આનંદનું મૂળ નથી?

વસંત ઋતુને નિજ હૃદયમાં હેતથી રાખે સદા,
તેને કરે શું અન્ય ઋતુઓ દ્વેષથી દુઃખી કદા ?

બુલબુલ અથવા કોકિલાને આમ્રવૃક્ષે બેસારો એટલે કર્ણમધુર સંગીતામૃતનો પ્રવાહ એની મેળેજ વહેવા લાગશે. તમારૂં મન સ્વસ્થ અને અંતર્નિષ્ઠ રાખો એટલે સહજ સ્ફૂર્તિથી–એની મેળેજ તેમાંથી અત્યંત મધુર આલાપ નીકળશે.

તમારૂં ઈશ્વરત્વ એ કંઇ પૂરૂં કરી લેવાની વસ્તુ નથી. આત્મસાક્ષાત્કાર એ કંઈ પ્રાપ્ત કરી લેવાની વસ્તુ નથી. ઈશ્વરનું દર્શન કરવાને તમારે કંઇ કરવાની જરૂર નથી. ફક્ત વાસનારૂપી અંધકારમય ભંડાર તમે એકઠા કરી રાખ્યા છે તે નષ્ટ થવા જોઇએ. બીજો નહિ એટલે તમે મુક્તજ છો. આ માયાવી બંધન પણ તમારીજ સ્વતંત્રતાએ તમારા ઉપર નાખ્યું છે. તમારા બોલાવ્યા સિવાય કોઇ પણ સંકટ તમારા ઉપર આવી પડતું નથી. દુઃખની બેડીઓને અલંકાર ગણીને તેમનાપર પ્રેમ દાખવવો યોગ્ય નથી ખોટી કલ્પનાઓ દૂર કરો. સર્વ કુટિલતા બાળી નાખો અને પછી જુઓ કે તમારી પાદુકાઓ ઉંચકવાનો લાભ મળતાં પોતાને ભાગ્યશાળી ન માનનારી જગતમાં કઈ શક્તિ છે ? ઈશ્વરની તમારામા સ્થાપના કરો અને ક્ષુદ્ર અહંકારનું અસ્તિત્વજ નહોતું એમ સમજીને તેને એકદમ વિસરી જાઓ. સમુદ્રમાં પરપોટો ફુટી જાય છે એટલે તે સાગરજ બની જાય છે. તમે પૂર્ણ છો, તમે અનંત છો, તમે સર્વ છો, માટે ખરા તેજથી પ્રકાશિત બનો હે જીવન્મુક્તો ! તમારે જગતમા કંઇજ કર્તવ્ય નથી, કંઇજ કર્મ નથી, કંઈજ કાર્ય નથી સર્વ સૃષ્ટિ ઉત્સુકતાથી તમારી સેવામા તત્પર રહેશે તમને વંદન કરવા અને તમારી પૂજા કરવાનો લાભ મેળવવામાં સર્વ સૃષ્ટિ પોતાને ભાગ્યશાળી સમજશે મિત્રો ! તમારી સામે હાથ જોડી ઉભેલી આ સિદ્ધિ તરફ તમે ધ્યાન આપશો કે ?

સર્વોત્તમ એવો જે આત્મા તેમા શ્રદ્ધા રાખો ધુમસ અથવા આકળની પેઠે ઉડી જનારી બાહ્ય વસ્તુઓ પર શ્રદ્ધા રાખવાથીજ આત્મામાં અશાંતિ પેદા થાય છે. જો તમારે તાજા અને નવીન રહેવુ હોય અને શુભ ફળનો પ્રાસ કરવો હોય તો ખરી ત્રિકાલા બાધિત આત્મસ્થિતિ પ્રાપ્ત કરો અને શ્રમમા નાખનારી સર્વ...

પરિત્યાગ કરો. હે સર્વમય આત્મા! હે વિશ્વ સાથે તાદાત્મ્ય ધરાવનાર આત્મા! તારે કાંઇ પણ કર્તવ્ય કરવાનું નથી. કામ માટે એટલો અકળાય છે શા માટે? સત્યનો અનુભવ લે અને ચિંતાથી દૂર નાસ. "આહા! તમે કેવું સારૂં કામ કરો છો!" એવું જ્યારે લોકો બોલે ત્યારે કદિ પણ **તેમની તે પ્રશંસાપર શ્રદ્ધા રાખશો નહિ.** એજ સત્ય તે વખતે યાદ લાવી મસ્ત બનજો કે મેં કદિ પણ કર્મ કર્યું નથી; કારણ કે હું તો વિદેહી ઈશ્વર છું. ઈંદ્રિયાસકત ભોળા માણસો બિચારા મને ઓળખતા નથી કે હું આ દેહ નથી પણ સર્વ દેહોનો અને પ્રત્યેક વસ્તુનો આધાર છું; પ્રણવસ્વરૂપ છું.

હે સુખી, સુખી, સુખી રામ!

ગંભીર, આનંદી, પ્રશાંત, નિર્વિકલ્પ રામ!

કોઈ પણ વસ્તુ મારો આનંદ અટકાવી શકે એમ નથી.

મારા માર્ગમાં કોઈ પણ વિઘ્ન નાખી શકે એમ નથી.

દેવ, મનુષ્ય અને પક્ષીઓ મારાં દાસ છે.

મારો આનંદ શબ્દાતીત (શબ્દથી ન વર્ણવી શકાય એવો) છે.

અત્ર, તત્ર, અને સર્વત્ર હું છું. જ્યાં 'કયાં?' એ પ્રશ્નનો પણ પત્તો નથી ત્યાં હું છું.

યદા તદા તથા સર્વદા હું છું. જ્યાં 'કદા (કયારે)?' એ પ્રશ્નનો પત્તો નથી ત્યાં હું છું.

આ, તે, જે અને શું જ્યાં છે ત્યાં હું છું. જ્યાં "શું" પ્રશ્નનો પત્તો નથી ત્યાં હું છું.

પ્રથમ, અંતિમ, મધ્યમ અને ઉચ્ચ સ્થિતિમાં, હું છું એ પ્રશ્ન "શામાટે?"

સર્વાતીત જ્યાં અદ્વૈત છે ત્યાં હું છું. એક, પાંચ અને સો તથા સર્વ હું છું.

સંખ્યાતીત અવસ્થામાં હું છું. એક અને સર્વ હું છું.


કર્તા, કર્મ, જ્ઞાન અને દૃશ્ય હું છું. અરે! એ વર્ણન પણ ખરૂં નથી!

'હો' ધાતુને ગોટાળામાં નાંખનાર હતો, છે અને થશે તે હું જ છું.

હું પ્રિયતમ આત્મા છું! હું સત્ય સ્વરૂપ છું! હું પણ નથી! તું પણ નથી! તે પણ નથી!

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते। पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥



१५–धर्मनुं लक्ष्यविन्दु.*

મારાં આત્મ સ્વરૂપો !

આજનું ભાષણ, હવેથી જે નિયમિત રીતે એકધારાં ભાષણ કરવામાં આવશે તેના ઉપોદ્ઘાત રૂપે છે.

"ધર્મનું લક્ષ્યબિન્દુ શું છે ને તેને સિદ્ધ કરવા હિંદુઓ કેવી રીતે યત્ન કરે છે?"

હિન્દુઓના અદ્વૈત મત પ્રમાણે દરેક વ્યક્તિ પરમાત્મા છે. કિંમતીમાં કિંમતી જવાહીર, સર્વ ખજાનો, સચ્ચિદાનંદ ને સર્વ સુખનું મૂળ પોતાનામાંજ રહેલું છે. દરેક વ્યક્તિ ઈશ્વર છે ને ઈશ્વરમાં દરેક જણુ છે. જો આમ છે તો પછી લોકો દુઃખ કેમ પામે છે? લોકો પાસે દુઃખનો ઉપાય નથી તેથી કે તેમનામાં અમર્યાદ આનંદ રહેલો નથી તેથી, કે તેમની પાસે તે કિંમતી જવાહીર નથી તેથી શું તેઓ દુ:ખ પામે છે? ના એમ નથી. જે ગ્રંથિથી તેઓ બંધાઇ રહ્યા છે તે ગ્રંથિ કેમ છોડાવવી તેની તેમને ખબર નથી. જે ડબ્બીમાં સુખ ભરાઇ રહ્યું છે તે ડબ્બી કેમ ખોલવી એજ તેઓ જાણતા નથી બીજી રીતે કહીએ તો લોકો આત્માને કેમ જાણવો, તેનો સાક્ષાત્કાર કેમ કરવો તેજ જાણતા નથી આપણે સ્વહસ્તેજ, પોતાના વહેંજ સુખરૂપી કિંમતી જવાહીર ઉપર પડદો નાખી દીધો છે ને જાતે દુઃખી થયા છીએ ઇમર્સન કહે છે કે, "દરેક મનુષ્ય, ઈશ્વર હોવા છતાં મૂર્ખનો પાઠ ભજવે છે"

સર્વ પંથો આપણી આંખ ઉપરનો પડદો તોડવાનાજ પ્રયત્ન કરે છે. કેટલાક પંથો આ પડદાને ઝીણો અને તેટલો પારદર્શક કરી શક્યા છે, સર્વ પંથોમાં સત્ય સ્વરૂપને સમજનારા મનુષ્યો હોય છે, અને જ્યાં જ્યાં પણ

*હર્મેટીક બ્રધરહુડ હૉલમાં આપેલું ભાષણ. સાનફ્રાન્સીસ્કો શનિવાર તા. ૫ ડીસેમ્બર ૧૯૦૨.

સત્ય સ્વરૂપ સમજાય છે, ત્યાં ત્યાં આંખ ઉપર પડેલો પડદો જાડો હોય કે પાતળો હોય પણ તે તોડીને આરપાર જોઈ શકાય છે-સત્ય સ્વરૂપ સમજી શકાય છે. દાખલા તરીકેઃ-

આ એક પડદો (સ્વામીજીએ પોતાની આંખો ઉપર આ વખતે રૂમાલ ઢાંક્યો) મારી આંખ ઉપર છે. પડદો ખસેડીને જોઈ શકાય તેમ છે ખરૂં; પરંતુ તે પાછો આંખ ઉપર આવીને પડે છે. પડદો હવે પાતળો થાય છે. (અહીં સ્વામીજીએ રૂમાલનાં પડ ઉકેલ્યાં) આમ પાતળો થાય છે ત્યારે પણ તે ખસેડી શકાય તેમ છે; પણ વળી આંખો ઉપર આવી પડે છે.પડદો આંખ ઉપરથી સ્થાયી દૂર થતો નથી. હજી પણ પાતળો કરીએ, અને આ સ્થિતિમાં પણ તે દૂર ખસેડી શકાય તેમ છે; પરંતુ આંખો ઉપર પાછો આવીને પડે છે. જ્યારે પડદો તાંતણા જેવો પાતળો થઈ જાય છે ત્યારે જો કે તેને ખસેડતા નથી; છતાં પણ વસ્તુ આરપારથી જોઇ શકાય છે. આ પડદો પણ સમય ઉપર આપણે ખસેડી શકીએ તેમ છીએ અને જ્યારે ઘણોજ પાતળો થઇ જાય છે ત્યારે તે ખરી રીતે પડદોજ નથી એમ કહીએ તોપણ ચાલે; કેમકે એવો નહિ જેવો પડદો હોય તોપણ આપણે સચ્ચિદાનંદને અનુભવી શકીએ છીએ, બલ્કે પરમાત્મા રૂપજ બનીએ છીએ. આ જગતની કોઈ પણ વસ્તુ આપણા સુખનો ઉચ્છેદ કરી શકતી નથી. આ બાબતમાં વેદાંતનું સાધન બીજા પંથો કરતાં ચડીયાતું છે. વેદાંત અજ્ઞાનરૂપી પડદાને (માયાને) તોડી નાખી જ્ઞાનીને પ્રવૃત્તિની માંહે પણ આનંદ અનુભવાવે છે.

દરેક પંથના અનુયાયીઓ કોઇ કોઈ વાર પ્રભુમાં લીન થઇ જઈ માયાના પરદાને તોડી શકે છે, પણ તે જ્યાં સુધી પ્રભુમાં તલ્લીન હોય ત્યાં સુધીજ. વેદાંતી પણ એવી સુખમય સમાધિમાં રહી શકે છે; પરંતુ તે ઉપરાંત તે સાધારણ સ્થિતિમાં પણ સચ્ચિદાનંદનું સુખ અનુભવે છે. બીજા પંથવાળા જેમની આંખો ઉપર માયાનો જાડ પડદો છે તે તેમ કરી શકતા નથી.

હિંદુસ્તાનના પંથો માફક જગતના સર્વ પંથોના પણ ત્રણ મુખ્ય વિભાગ પાડી શકાય. સંસ્કૃતમાં આ વિભાગને " तस्यैवाहम् " "तवैवाहम्" અને " त्वमेवाहम् " એમ કહેવાય છે. " तस्यैवाहम्" નો અર્થ " હું તેનો

છું" એમ થાય છે. આ પ્રમાણેની માન્યતાને માયાનો ઘણો ગાઢ પડદો લાગેલો છે. આનાથી ચડતું બીજું પગથું "તવૈવાહમ્" નું છે; જેનો અર્થ "હું તારો છું" એવો થાય છે. પહેલામાં ને બીજામાં જે તફાવત છે તે સહજ સમજાય તેવો છે. પહેલા મત પ્રમાણે ઈશ્વરભક્ત પોતાને ઈશ્વરથી દૂર સમજે છે. ઈશ્વર આ જગતમાં જાણે ના હોય, અદૃશ્ય હોય તેમ ત્રીજા પુરૂષમાં તેને સંબોધે છે. આ સ્થિતિ આવશ્યક છે; કારણ તે ખરા-સત્ય ધર્મની શરૂઆત છે. દરેક ધાર્મિક વ્યક્તિને આ સ્થિતિ માતાના દૂધ સમાન છે. આ સ્થિતિથી શરૂઆત થયા વિના આગળ વધવું અશક્ય છે. "હું તેનો છું" આટલીજ ભાવના જો કેળવાય તો તે કેટલી મધુર લાગે છે! ઈશ્વરભક્ત પ્રભાતના પહોરમાં જાગૃત થતાં કહે છે કે, "પ્રભુએ મને કૃપા કરી જાગૃત કર્યો." પોતાના નિત્ય કર્મમાં પ્રવૃત્ત થતાં કહે છે કે,"મારી ફરજો બજાવવા પ્રભુએ મને પ્રેર્યો છે." સર્વ જગત, પોતાનાં સગાસંબંધી, સર્વ પ્રભુએ તેને આપેલાં છે એમજ તે સમજે છે. આહા! જગત આવા વિચારોથી સ્વર્ગ સમાન બને છે. મનુષ્ય ખરા અંતઃકરણથી એમ માને કે દરેક વસ્તુ ઈશ્વરની છે અને પોતે પણ તેનોજ છે, તો પછી સંસાર તેને માટે સ્વર્ગજ છે. આવી ભાવના પણ જો બરાબર દૃઢ હોય તો તેવો પુરૂષ પણ આનંદમયજ બને છે. આ ભાવના પ્રમાણે જે કર્મ કરે તો તેની મધુરતા ઓર આવે છે, પરન્તુ આ ભાવના પણ માત્ર હજી સત્ય ધર્મની શરૂઆતજ છે.

ઉપર કહી તે ભાવના સાથે "હું તારો છું" એ ભાવનાને સરખાવીએ. દર પળે મારે તારી જરૂર છે, હું તારો ને તારોજ છું. પહેલી ભાવના મધુરતર છે. તફાવત હવે જુઓ. માયાનો પડદો જરાજ પાતળો થવાથી આ બીજી ભાવના સ્ફુરે છે આમાં ઈશ્વરને ત્રીજા પુરૂષમાં વર્ણવતા નથી તે અદૃશ્ય કે ગેરહાજર હોય તેમ કહેતા નથી, પરંતુ આપણી સન્મુખ હોય એમ બોલીએ છીએ. આ ભાવનામાં ઈશ્વર આપણી વધારે પાસે છે, આપણે તેના પરિચયમાં વધારે આવીએ છીએ. એક ધાર્મિક પંથ તરીકે આ મત, આવી ભાવના ઉંચી છે, પણ ઘણી વખત મનુષ્ય "ઈશ્વર પોતાની સન્મુખ છે" એમ સમજતો હોવા છતાં પણ આ ભાવનાને અંગે જેટલી પ્રીત હોવી જોઈએ તેટલી તેનામાં હોતી નથી. જેટલી

જ્વલંત ને જાગૃત શ્રદ્ધા જોઇએ તેટલી શ્રદ્ધાની તેનામાં ખામી હોય છે.

દૃઢ શ્રદ્ધા જો પહેલી ભાવનામાં પણ હોય તો માયાનો પડદો ત્યાં પણ નહિ જેવોજ રહે છે. રોમેરોમમાં, શરીરના લોહીના બિન્દુએ બિન્દુમાં જો આ પહેલી ભાવના ઓતપ્રોત થએલી હોય, કે "હું તેનો છું" તો તેની દૃઢ માન્યતાથી માયાનો પડદો આંખ ઉપરથી દૂર થઇ ઈશ્વરપ્રાપ્તિ થાય છે; તેવી ભાવનાથી મનુષ્ય ઈશ્વર બને છે. કેટલીક વખત મનુષ્ય બીજી ભાવનાવાળો હોય છે તો ખરો, પણ પહેલી ભાવનાવાળો મનુષ્ય પોતાની માન્યતામાં જેટલો તન્મય હોય છે તેટલો બીજી ભાવનાવાળો હોતો નથી, તેથી શ્રદ્ધાની ન્યૂનતાને લીધે તેને સ્વાત્માનંદ પ્રાપ્ત થતો નથી.

ત્રીજી ભાવના "ત્વમહમ્" "હું તે તું છું" એ છે. પહેલી ભાવનામાં હું તેનો છું, બીજીમાં "હું તારો છું" ને આ ત્રીજીમાં "હું તું છું" પહેલીમાં ઈશ્વર દૂર સમજાય છે, બીજીમાં સન્મુખ છે એમ ધારીએ છીએ, પરન્તુ આ છેલ્લા [illegible] ધારીએ છીએ, ત્યારે દ્વૈતભાવ ઉડી જઇ અદ્વૈતભાવ આવે છે. પ્રેમ અને પ્રેમ જેના ઉપર કરવાનો છે તે વસ્તુનો અભેદ થઇ જાય છે [illegible]

પછી હૃદયમા આ ભાવના દૃઢ કરવી શરૂ કરે છે, અને અંતે માયાનો પડદો ખોલી નાખી આત્માનંદ અનુભવે છે. આવા પુરૂષોનો મોક્ષ થયો કહેવાય છે, તેઓ આ જન્મમાંજ જીવન્મુક્ત કહેવાય છે.

માયાનો પડદો ઓછો કરવાનું કાર્ય બુદ્ધિદ્વારા થાય છે, અને પડદો ઉંચકી દૂર ફેંકવાનું કાર્ય ભાવના કર્યાથી થાય છે. ઉપર ત્રણે પ્રકારની ભાવના કહી. હવે એ ત્રણે ભાવનામાં રહેલા જુદા જુદા મનુષ્યો કેવી રીતે માયારૂપી પડદો દૂર ફેંકી શકે છે તે જોઇએ. હિંદુઓમાં પ્રવર્તતી કેટલીક વાર્તાઓનાં દૃષ્ટાન્તથી આને આપણે સમજાવીશું.

એક કન્યા કોઇના પ્રેમમાં પડીને પ્રેમમય બની ગઇ હતી. એક વાર તે ઘણી માંદી પડી ત્યારે વૈદ્યોને બોલાવ્યા. વૈદ્યોએ કહ્યું કે તેના શરીર-માંથી થોડું લોહી કાઢી નાખીએ તો જ તે સાજી થઇ શકે. આ અભિ-પ્રાયને લીધે તેની ફસ્દ ખોલવાનું શરૂ કર્યું; પરંતુ તેના શરીરમાથી લોહી ન નીકળતા ઉલટું તેના પ્રેમીના શરીરમાથી લોહી નીકળતું જણાયું. આ અલૌકિકતા કેવી આશ્ચર્યકારક છે? આને આપણે દંતકથા-ગપ્પ કહીશું, પરંતુ આમ બનવાજોગ છે. ઘણી વખત પ્રેમમા લુબ્ધ થએલા મનુષ્યો પોતાના જીવનમા આ પ્રકારનો કાઇક અનુભવ લે છે. પેલી કન્યા પોતાના શરીરનુ ભાન ભૂલી ગઇ હતી, પોતાનુ અસ્તિત્વ (શરીર, દેહ વગેરેનું) ભૂલી ગઈ હતી ને પોતે પોતાના પ્રેમપાત્ર સાથે એકરૂપ થઈ ગઈ હતી. આવા પ્રકારની એકરૂપતા તેજ ધર્મ કહેવાય મારૂં શરીર પરમેશ્વરનુ છે, એનો આત્મા એ મારો આત્મા છે. હિંદુઓમા "યોગવાસિષ્ઠ" નામનુ એક અત્યંત મનોહર પુસ્તક છે, જેમા એક એવી વાત છે કે, એક સ્ત્રી અગ્નિમા પડી, પરંતુ અગ્નિથી તે બળી નહિ એ સ્ત્રીના બાળકને પણ અગ્નિમા નાખ્યો તો તે પણ બળ્યો નહિ. આમ શાથી બન્યું? તેમને નદીમા નાખવામા આવ્યા પણ તે ડૂબીને તણાયા નહિ. પર્વતોની ટોચ ઉપરથી તેમને ફેંકવામા આવ્યા, પરંતુ તેમનો એક વાળ પણ વાંકો ના થયો, આનું કારણ શું? તે વિષેનો ખુલાસો તે સમયે તેઓ ના કરી શકયા, કારણ પોતાના અસ્તિત્વનુ જ તેમને ભાન નહોતુ. ઘણા કાળ પછી આમ કંઈ ઇજા ના થવાનું કારણ તેમને પૂછવામા આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે તેઓ એક બીજામા તન્મય હતા તેથી .

અગ્નિ અગ્નિ રૂપે નહોતો. અગ્નિ પોતાના હૃદયનો આરાધક જણાયો. પાણી પાણી રૂપે નહોતું, પરંતુ પોતાનો પ્રેમજ હતું. પર્વત પર્વત રૂપે નહોતો, દેહ દેહ રૂપે નહોતો. સર્વ કોઇને આત્મરૂપેજ દેખાતાં હતાં, તો પછી પોતાનો પ્રેમ પોતાને કીયે પ્રકારે હાનિ કરી શકે?

પુરાણોમાં આપણે વાંચીએ છીએ કે એક પિતા, પોતાનો પુત્ર કે જે ધાર્મિક જીવન ગાળતો હતો, તેનાથી તેને વિમુખ કરવા પ્રયત્ન કરતો હતો. પોતાની માફક જગતના વ્યવહારમાં પડી રહેવા તેને શીખામણ દેતો હતો; પરંતુ પિતાની આ પ્રકારની શીખામણ કાંઈ કામ કરી શકી નહિ. પિતાએ પુત્રને અટકાવવા માટે અગ્નિમાં નાખ્યો; પણ અગ્નિથી તે બળ્યો નહિ, ત્યારે વહેતા પાણીમાં ફેંક્યો તો પાણી ઉપર તે તરવા લાગ્યો. એ બાળકને પ્રકૃતિ ઇજા કરવાને બદલે ઉલટી સહાયક થઈ; કારણ કે સર્વત્ર તે પ્રભુનેજ જોઇ રહ્યો હતો, સર્વત્ર પ્રેમ ને પ્રેમજ તેની દૃષ્ટિએ પડતો હતો. તે બાળકને અગ્નિ, પાણી, શસ્ત્ર, અસ્ત્ર વગેરે સ્વર્ગસમાન લાગતાં હતાં; તો પછી કોઇ પણ તેને શી હાનિ કરી શકે તેમ હતું?

એક વખત એક સાધુ [illegible]

[illegible]

અભેદતા પ્રાપ્ત કરો કે પછી કોઈ દિવસ વિયોગની વાત જ ના રહે. "સ્વેચ્છાથી કેવલ્યમીપ્સેત્" આમ રટણ કરવા કરતાં "મારી ઇચ્છા પરિપૂર્ણ થાઓ" "મારીજ ઇચ્છાથી સઘળું બને છે" એમ દૃઢ માનો, એમ સંકલ્પ કરો.

હાલ અમેરિકામાં જે રીતભાત પ્રચલિત છે તે કરતાં ઘણી જુદી જાતની રીતભાત પૂર્વે હિંદુસ્તાનમાં હતી. અમેરિકામાં રાત્રે દીવા કરવા સારૂ વિજળીક શક્તિનો ઉપયોગ થાય છે. શામ જે સમયની વાત કહે છે તે સમયે હિંદુસ્તાનમાં માટીના કોડીયા દીવા કરવા માટે વપરાતાં હતાં; અને જ્યારે એક ઘરમાં કોઇએ દીવો કર્યો હોય ત્યારે આડોશીપાડોશી તેના ઘરમાં જઈને દીવો સળગાવી લાવતા. એક સંધ્યા સમયે એક કન્યા જે શ્રીકૃષ્ણ ઉપર આસક્ત થઈ હતી તે કૃષ્ણના પિતાના ઘરમાં દીવો સળગાવવા ગઈ. ખરૂં જોતાં તો તે માત્ર સૂર્ય જેવી કાન્તિવાળા કૃષ્ણના મુખના તેજમાં પતંગીયા માફક જ પડવાવાળી ગઇ હતી. ત્યાં જતાં દીવાની જ્યોતિ તરફ દૃષ્ટિ ના નાખતાં, કૃષ્ણના મુખ ભણી જોઇ રહીને તેણે દીવો સળગાવવા માંડયો. કૃષ્ણના મુખ ભણી જોતાં તે તેમાં એટલી તો તલ્લીન થઇ ગઇ કે પોતાના દીવાની વાટ સળગાવતાં પોતાની આંગળી બળતી હતી તેનું પણ તેને ભાન ન રહ્યું. આમ આંગળી બળે જતી હતી અને વખત ચાલ્યો જતો હતો, પણ તેને ઘેર જવાનું પણ સાંભર્યું નહિ. એ કન્યાની માતા અધીરી બની તેથી તે કૃષ્ણના પિતાને ત્યાં ગઈ અને જુએ છે તો છોકરીની આંગળી બળે [illegible] માંડી [illegible] થઇ ગઇ ને રૂદન કરતી બોલી ઉઠી—'અરર [illegible]રી! તું શું કરે છ?' આ સાંભળી તે છોકરી [illegible] આવા પ્રેમમાંજ અભેદતા ઉત્પન્ન થય છે. આ અભેદતાને એટલે કે તે મારો [illegible] પરમાત્મા જ છ, હું ઈશ્વરજ છું, આ ભાવનાને—ત્રીજી સ્થિતિ [illegible] આપ છ, અને [illegible] પછીની જ સ્થિતિ થાય છે તે શ [illegible] વધુ [illegible] નથી.

ઉપરની વાર્તા પ્રેમની ત્રીજી સ્થિતિનું ચિત્ર આપે છે. હવે "હું તારો છું" એ બીજી દશાને સમજવા સારૂ આપણે નીચેનું દૃષ્ટાન્ત જોઇએ. બે છોકરાઓ કોઇ ગુરૂ પાસે ગયા અને તેમને 'આપ અમને ધર્મોપદેશ કરો' એમ વિનવ્યું. ગુરૂ બોલ્યા—"ભાઇ તમારી પરીક્ષા

ક્યાં વિના તમને ઉપદેશ થાય નહિ." એમ કહીને તેમણે બન્ને છોકરાઓને એકેક કબુતર આપ્યું અને તેઓને કહ્યું:–" તમને કોઇ ના દેખે એવી એકાન્ત જગામાં જઇને આ કબુતરને મારી લાવો." આજ્ઞા થતાંજ એક છોકરો સીધો સીધો લોકોની ગરદીવાળા રસ્તા પર ગયો અને રસ્તે ચાલતા લોકો તરફ પીઠ ફેરવીને એક લુગડાનો કકડો પોતાના માથા પર ઓઢી લીધો. પછી પેલા કબુતરને પકડીને તેની ડોક મરડી નાખી અને તેને લઇને ગુરૂ પાસે આવી કહેવા લાગ્યો:–" ગુરૂજી, ગુરૂજી! આપની આજ્ઞા બજાવી, જુઓ આ આપે કહ્યું તે કરી આવ્યો!" ગુરૂએ પૂછયું:– "ભાઇ! આ કબુતરને તેં માર્યું ત્યારે કોઇ તને જોતું તો નહોતું ને?" શિષ્ય બોલ્યો:–" ના, કોઇ પણ ત્યાં નહોતું." ગુરૂ કહે:–" ઠીક, હવે તારો સાથી શું કરી આવે છે તે જોઇએ."

પેલો બીજો છોકરો ગાઢા જંગલમાં ગયો અને કબુતરની ડોકી મરડી નાખવા તૈયાર થયો. તે સમયે તે ગરીબ પક્ષીની આંખો દયા ઉપજે તેવી બ્હેબાકળી થઇ અને તે પોતાના હિંસક તરફ જોઇ રહી હતી. આ આંખોમાં કાંઇ એવું તો તેજ પ્રકાશતું હતું કે પેલો છોકરો ગભરાયો; ગુરૂના કહેવા પ્રમાણે કરવા જતાં વાત વસમી લાગી. આ એકાંત સ્થળમાં પણ કોઇ જોતું નથી તે વાત ખોટી લાગી; કારણ કે "અન્ય કોઇ" જોનાર તરીકે પોતાના કૃત્યનો સાક્ષી કબુતરની આંખોમાં જણાયો. આહા! કોઇ એવું સ્થળજ નથી કે જ્યાં આપણે એકલા હોઇએ! છોકરાને વિચાર થયો કે હવે શું કરવું ને ક્યાં જવું? તે તો જંગલમાં આગળ ને આગળ ચાલ્યો ગયો. ફરીથી કબુતરની ડોક મરડવા જતાં એની એજ આંખો ટગર ટગર સામું જોઇ રહી. વખતો વખત આમ થવા માંડયું; પરંતુ ગુરૂનો આદેશ અમલમાં મૂકી ના શકયો. નિરાશ થઇ ગુરૂ પાસે ગયો અને મસ્તક નમાવી રોઇ પડયો. કબુતરને ગુરૂના પગ આગળ મૂકયું ને બોલ્યો:–" ગુરૂજી! સ્વામીજી! આ સ્થિતિ ખમાતી નથી. ઇશ્વર વિષે જ્ઞાન આપો. આમ પરીક્ષા કરવા કરતાં બીજો રસ્તો દેખાડો. દયા કરીને દિવ્ય જ્ઞાન આપો." ગુરૂએ શિષ્યને છાતી સરસો ચાંપ્યો અને પ્રેમથી કહ્યું:–" વહાલા શિષ્ય! જેમ એકાંત સ્થળમાં પણ દુષ્ટ કૃત્ય કરતાં, કબુતરની આંખોમાં તારા કૃત્યનો સાક્ષી જણાયો, તેમ તું ગમે ત્યાં હોય અને

લાલચોથી ખરાબ કામ કરવા તત્પર થાય; ત્યારે યાદ રાખજે કે પ્રભુ સર્વત્ર છે ને સર્વ કૃત્યોનો સાક્ષી છે પ્રભુ મને જુએ છે એ ખૂબ યાદ રાખજે હરદમ ઈશ્વરને સાક્ષી રાખીને કૃત્ય કરજે."


હવે શરૂઆતમા થતી ધાર્મિક સ્થિતિ વિષે કહીશુ "હુ તેનો છુ" "હુ પ્રભુનો છુ" આ સ્થિતિનો સાક્ષાત્કાર કરવો એ પણ કેટલી કઠણ વાત છે? કારણ કે જો મનુષ્ય આ સ્થિતિમા પણ ઓતપ્રોત થઇ ગયો હોય, આ સ્થિતિનો પણ ખરો સાક્ષાત્કાર તેને થાય તો તે જગતમા દિવ્યતાને પામી શકે છે હિન્દુસ્તાનમા એક સાધુ હતો તે કોઈ સ્થળે નોકરી કરતો હતો, ત્યા તેનુ કામ માત્ર દાન આપવાનુ હતુ લોકોને અન્ન વસ્ત્ર આપવા ઉપર એ નિમાએલો હતો કેટલાક ગરીબ લોકો એ સાધુના શેઠ પાસેથી તેર [illegible] લેવાના હુકમ લઈને [illegible] સાધુ [illegible] એક, બે, [illegible] એમ બોલી બોલીને જોખતા જતા હતા ને લોક [illegible] હતો હવે [illegible] [illegible] તેર [illegible] ને તારૂ [illegible] સાધુ પ્રભુમા [illegible] તલ્લીન હતા [illegible] પ્રભુનુ [illegible] થી ઉન્મત્ત થઇ જતા હતા [illegible] 'તેરા' [illegible]

"અહા! આનંદરસથી મારો સુખનો પ્યાલો ઉભરાઈ જાય સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થાય છે. પ્રભાતનો મીઠો ને મધુર વાયુ મ કાર્યવાહક છે અને તેના સ્પર્શથી આહ્લાદ પામી જગત ખીલતું ઠ છે, તે મારોજ પ્રતાપ છે. મેઘ ધનુષ્યના રંગો મારા આભૂષણરૂપ પ્રકાશ મારા સંદેશા લઈ જાય છે ને વિદ્યુત તેમને પ્રજ્વલિત કરે છે. પ્રેમી પ્રેમીનાં હૃદયો હું પોતે જ છું. ઇચ્છાઓ તથા ઉર્મિઓ પણ હુંજ છુ

"પ્રફુલ્લિત ગુલાબનાં સ્મિત, ઝાકળરૂપી મોતી, આનંદપ્રદ સૂર્ય કિરણો, રૂપેરી ચંદ્રપ્રકાશ, મીઠાં ને મધુર સ્વચ્છ રમતાં કૂદતાં મૌઝ ઝુલતાં ઝરો, એક બીજા સાથે લપટાઈ ગએલી વેલીઓ, ગુંજારવ કર ભ્રમરો, એ સર્વે મારાજ વિચારો પ્રદર્શિત કરવાનાં સાધનો છે; મારા મધુર શ્વાસોશ્વાસ છે. "સોઽહમ" મારૂં જન્મ મરણ છે. સર્વ સારા નરતામાં, કટુતા ને મધુરતામાં, હું જ રમણ કરી રહ્યો છું."

"શું કરૂં ને કયાં જાઉં તેનો મને વિચાર નથી, કારણ કે અખિ બ્રહ્માંડમાં હું વ્યાપ્ત છું. કાળ ને શક્તિ હું જ છુ. મારે ઇચ્છા કરવાન જરૂર નથી, ચિંતા ને દિલગીરીઓ હું પીડાતો નથી, કારણ કે સર્વનું મૂ હુંજ છું. ભૂત, ભવિષ્ય ને વર્તમાન અહીંજ છે ઉંચે તે સમીપ છે. સ સ્વાર્થ, એદી ને ગન્ધર્વ, મારે [illegible] છે [illegible] ના અધિષ્ઠાતા દે હું જ છું. [illegible] "રામ"

ૐ! ૐ!! ૐ!!!



१६–प्रेरणानुं स्वरूप.+

હિંદુસ્તાનમાં એક સમય એક સભામાં વિદ્વાન અને ડાહ્યા પુરૂષો એકઠા થયા હતા. ત્યાં હિંદુશાસ્ત્રમાંથી પવિત્ર ધર્મસૂત્રોનું પ્રવચન થઈ રહ્યું હતું. આચાર્યોએ વ્યાખ્યાન પૂરું કર્યું અને સભા વિસર્જન થવાની તૈયારીમાં હતી; એટલામાં એક માણસ બોલી ઉઠયો કે, આ શહેરમાં કોઈ એક મહાત્મા પધાર્યા છે અને તેઓ નદી કિનારે ઉતર્યા છે.

આમ કહીને તેણે તે સાધુનાં અત્યંત વખાણ કર્યાં એટલે લોકોને સ્વાભાવિક રીતે એ મહાત્મા વિષે વિશેષ જાણવાની ઇચ્છા થઈ. એ સભામાં પાંજરામાં પુરી રાખેલો એક પોપટ અથવા બીજા શબ્દોમાં કહીએ તો એક કેદી હતો. તેણે આ મહાત્મા વિષેની વાત ધ્યાન દઈને સાંભળી, અને તેણે જે ગૃહસ્થ આ મહાત્માના સંબંધમાં વાત કરતો હતો તેને કહ્યું:–"મારી વતી તે મહાત્મા પાસે જઈને તમે પૂછી આવશો કે, આ પિંજરામાં કેદ પુરાએલા પક્ષીના છુટકારા માટે કોઈ ઉપાય છે ?" તે ગૃહસ્થે "હા" કહી, ને તે મહાત્માની પાસે જઈને તે પોપટનો પ્રશ્ન રજુ કર્યો. મહાત્માએ પ્રશ્નનો ઉત્તર ન આપતાં પાસેની નદીમાં ન્હાવા પડી શરીરને વહેતા દીધું. તેઓ ખરેખર તણાતા હોય અને મૃતપ્રાય થઇ ગયા હોય એવા જણાવા લાગ્યા. સાધુની આ સ્થિતિ જોઈ ત્યાં ઉભેલા લોકોને ઘણું જ આશ્ચર્ય લાગ્યું, અને જે ગૃહસ્થે પાંજરામાં બંધ થએલા ગુલામ-પોપટનો સંદેશો આપ્યો હતો, તેને તેઓએ ઠપકો આપ્યો. લોકોને એમ લાગ્યું કે પિંજરામાં પુરાએલા પોપટની વાત સાંભળીને દયાળુ હૃદય હોવાને લીધે સ્વામી મૂર્છિત થઈ ગયા છે. આ

+ આ ભાષણ સ્વામી રામતીર્થે તા. ૨૧ મી ફેબ્રુઆરી ૧૯૦૩ ના રોજ આપ્યું હતું.

મહાત્મા તે દિવસે આખો દહાડો આ સ્થિતિમાં જ રહ્યા. બીજે દિવસે પ્રથમના ઠેકાણે પાછી સભા ભરાઇ, ત્યારે તે બદ્ધ થએલા પોપટે પેલે ગૃહસ્થ કે જે ત્યાં હાજર હતો તેને પૂછયું:-“ કેમ ભાઇ, મારા સંદેશાનો ઉત્તર મળ્યો કે નહિ ?”

ગૃહસ્થે જવાબ આપ્યો:-“પોપટજી ! જેવો તમારો સંદેશો મે મહાત્માને વિદિત કર્યો, કે તરત જ તે મહાત્મા મૂર્ચ્છિત થઇ ગયા જેવ જણાયા અને નદીના પ્રવાહમાં તણાવા લાગ્યા.” સભામાં બેઠેલ લોકો આ સાંભળી બહુજ આશ્ચર્યચકિત થયા અને વિચારવા લાગ્યા કે આનો અર્થ શો ? તે પોપટ જો કે બુદ્ધિશાળી નહોતો, તોપણુ તેને એ મહાત્માના વર્તનનું રહસ્ય સમજાયું અને તે, સાધુ મૂર્ચ્છા પામ્યા એ શબ્દો સાંભળીને તરતજ પોતે મૂર્ચ્છા પામી બેભાન થઇ ગયો અને જાણે મરી ગયો હોય એવો જણાયો. સભામાં બેઠેલા માણસોને આ જોઇને ઘણીજ તાજુબી લાગી અને કહેવા લાગ્યા કે, ખરેખર આ સંદેશો કંઇ ભેદવાળો હોવો જોઇએ ! જ્યારે પાસે ઉભેલા માણસોને લાગ્યું કે આ પોપટ તો હવે મરી ગયો છે, ત્યારે તેમણે મરેલા પોપટને પાંજરામાં પુરી રાખવો નહિ એમ ધારી પાંજરાનું બારણું ઉઘાડી નાખ્યું. જેવો તે પોપટને ઉંચકીને બહાર નાખવા ગયા કે તરત જ તે છુટો થઇને ઉડી ગયો. પછી તેણે એ સભામાં બેઠેલા લોકોને કહ્યું કેઃ-“ હે શ્રોતા જનો ! હે જગતના માનવીઓ ! તમે આ પવિત્ર શાસ્ત્રો સાંભળવાને હરરોજ એકઠા થાઓ છો; પરંતુ આત્માનુભવ, મુક્તિ અને પ્રેરણા કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે હજી તમે કોઇ પણ જાણતા નથી. તે મહાત્માનો જે સંદેશો મને કહેવામાં આવ્યો તે ઉપરથી હું જાણી શકયો કે તેઓ ખરી રીતે મૂર્ચ્છા પામ્યા નહોતા; પરંતુ મારા સંદેશાના પ્રશ્નનો પ્રત્યુત્તર જાણે કે મૂર્ચ્છા પામીને પોતે આપતા હોય એમ મને પ્રેરણા થઇ. આવી રીતે તે મહાત્માએ મને મુક્તિનો ખરો રસ્તો બતાવ્યો; અને તે રસ્તો તે આજ છે કે, “બાહ્ય મૃત્યુ એજ આંતર્જ્ઞાન અને મોક્ષનો માર્ગ છે.” દેહાત્મબુદ્ધિનો નાશ તેજ પ્રેરણાનો ખરો રસ્તો છે. દેહાત્મબુદ્ધિથી પર થવું, આધ્યાત્મિક સ્થિતિમાં જોડાવું, આન્તરિક મોક્ષની એવી અવસ્થાએ પહોંચી જવું કે જ્યાં આ દેહ મૃતપ્રાય થાય છે, એજ મોક્ષનો સત્ય માર્ગ છે. જ્યારે આ મર્યાદિત અલ્પ જીવનને, જ્યારે આ ક્ષુદ્ર દેહાભિમાનને ભૂલી જવાય

છે, ત્યારે એને વહન નિર્મૂળ કરવામાં આવે છે; ત્યારે જ સત્ય જીવનનો ખરો રસ્તો આપણે હાથ લાગે છે. સંસ્કૃતમાં બરાબર અર્થ-સૂચક બે શબ્દો છે; તે માંહેલો એક ભોગ અને બીજો યોગ શબ્દ છે. તમારા માંહેલા ઘણા આ યોગ શબ્દથી વાકેફ હશે, અને કદાચ તમે વાંચ્યું પણ હશે કે આ યોગનો ઉલટો શબ્દ તે ભોગ છે. ભોગ શબ્દનો મૂળ અર્થ વિલાસ થાય છે; અને યોગ શબ્દનો અર્થ ત્યાગ થાય છે.

આ જગતમાં લોકો મોજશોખ અને વિલાસની વાતો બહુ કરે છે; પરંતુ મોજશોખ અને ભોગ તે શું છે? જો તમે બરાબર ભોગનો પૃથક્કરણ કરીને વિચાર કરી જોશો તો તમને જણાશે કે તે યોગ–ત્યાગ સિવાય બીજું કંઇ પણ નથી.

ખરી રીતે ત્યાગ સિવાય બીજા કશામાં વાસ્તવિક ભોગ નથી અને ત્યાગ વિના પ્રેરણા પણ ક્યાં છે? અરે! ત્યાગ સિવાય બીજા કશામાં ખરી પ્રભુભક્તિ પણ નથી. જે વખતે તમને તમારા તુચ્છ દેહાભિમાનનું જરી પણ ભાન રહેશે નહિ; કારણ કે જે પળે આનંદ છે તે પળે તે આનંદનો ભોક્તા હોઇ શકે નહિ. જે વખતે અંતઃપ્રેરણા થાય છે, તે વખતે "હું જાણું છું" ને "હું કરું છું" એવો વિચાર રહેતો નથી. તે વિચાર ત્યાં રહી શકે જ નહિ. મહાન પુરૂષોએ આ વિષય ઉપર જે જે કહ્યું છે તે આજ છેઃ–"જે મનુષ્યને પોતાનું સ્વાધીનપણું પ્રાપ્ત થયું છે તે મનુષ્ય કાવ્યના બારણાં વ્યર્થ જ ઠોકે છે." (તેને કાવ્ય કરવાના પ્રયત્નની જરૂર નથી.) તમે કાવ્યરસિક તેમજ કાવ્ય કરનાર એમ બન્ને સાથે સાથે હોઇ શકો નહિ. તમે તમારા પોતાના માલિક તેમજ કવિતા કરનાર હોઇ શકો નહિ. કોઇ પણ માણસ લખી શકે અને તેની સાથે લખે છે એમ તેને ભાન હોઇ શકે નહિ. જ્યારે મનુષ્ય કર્તા તરીકેનું ભાન ભૂલી પોતે ભાનસ્વરૂપજ–જ્ઞાનસ્વરૂપ બની જાય છે, ત્યારે જ તે ખરી અંતઃપ્રેરણાની પરાકાષ્ઠાએ પહોંચે છે. કારીગરે પોતાની કારીગરીમાં તલ્લીન થઇ જવું જોઇએ. જો તમે લોકોમાં મહાન કારીગર તરીકે ગણાતા હો તો તે બીજાની દૃષ્ટિથીજ ગણાઓ છો, તમારી દૃષ્ટિથી નહિ. "હું કરું છું" એવો વિચાર ત્યા રહેતો નથી. તમે તો તે કાર્ય સાથે એક

રૂપ બની જાઓ છો. કારીગર, કારીગરી અને કારીગરીવાળી વસ્તુ એ સર્વે એકરૂપ થઈ જાય છે.

ત્યાં દ્વૈતપણું નષ્ટ થાય છે. ત્યાં જ્ઞાતા, જ્ઞાન કે જ્ઞેય એવો કોઇ ભેદ રહેતો નથી. લોકો કહે છે કે આ મહાત્મા પુરુષ છે; પરંતુ જો તે પોતે પોતાને મહાત્મા ગણતો હોય તો તે મહાત્માજ નથી. જો તે પોતે પોતાને આત્મપ્રેરિત જ્ઞાની માનતો હોય તો તેને કદિ પ્રેરણા પ્રાપ્ત જ થતી નથી. માત્ર લોકોજ તેને મહાત્મા અને પ્રેરિત પુરુષ કહી શકે. મનુષ્યો મેઘધનુષ્ય તરફ જુએ છે અને તેની રંગબેરંગી છાયા જોઇને આલ્હાદ પામે છે. સદા તેનાં વખાણ કર્યા કરે છે; પરંતુ જે સ્થળે તે મેઘધનુષ્ય હોય છે તેજ સ્થળે જઇને તમે જોશો તો તમને ત્યાં મેઘધનુષ્ય જેવી કોઈ વસ્તુ જ જણાશે નહિ. માત્ર તે સ્થળની સામી બાજુએ ઉભેલા લોકોનેજ તે મેઘધનુષ્ય જણાય છે.

આવીજ રીતે લોકો પોતાની દૃષ્ટિથી કોઇ પણ પુરુષને મહાત્મા, પ્રેરણાયુક્ત ત્રિકાળજ્ઞાની, તત્ત્વવેત્તા, પ્રખર લેખક કે દિવ્ય વિચારશીલ ગણે છે; પરંતુ પોતાની દૃષ્ટિથી તે માણસને "હું લેખક છું," "મને અંતઃસ્ફુરણા થાય છે," એવો કોઇ પણ જાતનો ભ્રમ થતો નથી. તેનું કશું પણ તેને ભાન હોતું નથી. કારીગરે પોતાની જાતને પોતાની કારીગરીમાંજ સમર્પણ કરવી જોઇએ. મધમાખીઓ જેવી રીતે પોતાનું આખું જીવન પોતાના ડંખમાં સમર્પણ કરે છે, તેવીજ રીતે કારીગરોએ પણ પોતાનું સર્વસ્વ જીવન પોતાની કારીગરીમાંજ સમર્પણ કરવું જોઇએ. આમાંજ અંતઃપ્રેરણાનું સર્વ રહસ્ય સમાએલું છે. મધમાખ જ્યારે તમને ડંખ મારે છે ત્યારે તે ડંખ મારીને તરત જ મરણ પામે છે; આવીજ રીતે એનેજ ખરા અંતઃપ્રેરણાવાળો જ્ઞાની કહેવાય, કે તે જે કાર્ય કરે છે તેમાં પોતાની જાતને સંપૂર્ણ રીતે હોમી દે છે. આજ સર્વ રહસ્યનું રહસ્ય છે. તમને અંતઃપ્રેરણા થાય અને તેજ વખતે તમે તેના ભોક્તા હો, એવું કદિ પણ બની શકે નહિ. તમે કોઇ પણ વસ્તુના સુખના ભોક્તા બનો, એટલે તમે જોશો કે પછી તમને કોઇ પણ જાતની અંતઃસ્ફુરણા થશે નહિ. તમારી અંતઃસ્ફુરણાનો તો જગતના માનવીઓ જ ઉપભોગ કરશે. ભોક્તાપણું અને અંતઃપ્રેરણા એ બન્ને કદિ સાથે હોઈ

શકે નહિ. તમે આનંદના ભોક્તા નહિ થાઓ; પરંતુ એ સ્થિતિથી પણ પર આનંદસ્વરૂપ થઈ જવાના.

પતંગીયું દીપકની જ્યોતિમાં ઉડીને પડે છે; અને પોતાનો પ્રેમ કેવો છે એ જગતને સાબીત કરી આપે છે. બીજાં સામાન્ય કુદાં અને માખીઓમાંથી પતંગીઆંને ઓળખી કાઢવા માટે, એને આપણે દીપકની જ્યોતિમાં દગ્ધ થતું જોઈશું. આવીજ રીતે કોઇ પણ મનુષ્ય અંતઃસ્ફુરણાવાળો, કાળદર્શી કે તત્ત્વવેત્તા છે, તે સાબીત કરી આપવાને માટે તેણે ત્યાગસ્વરૂપી પૂર્ણ યોગી થવું જોઇએ. તે ભય કે શોકથી રહિત થાય છે. તેને આ સંસારની કોઇ પણ વાસના કે ઇચ્છા રહેતી નથી. તે આ સંસારની દૃષ્ટિથી મૃત થઈ જાય છે.

કોઇ પણ મહાન બુદ્ધિશાળી પુરૂષ જીવંત કુદરત સિવાય બીજે કોઇ પણ ઠેકાણેથી અંતઃપ્રેરણા પ્રાપ્ત કરી શકતો નથી. આને આપણે એક કુદરતનો જ દાખલો લઈ સ્પષ્ટ રીતે સાબીત કરી આપીશું. પાણી પૃથ્વીને જીવન આપનાર છે. આ દુનિયામાં સર્વેની વૃદ્ધિ અને વિકાસનું કારણ પાણી અને પ્રકાશ છે. તમારી જમીનનો પાક પાણીથી જ થાય છે. પાણી એ ઈશ્વરની એક મહાન આશીર્વાદ રૂપ બક્ષીસ છે. અમેરિકામાં લોકોને વરસાદ પસંદ નથી, પરંતુ હિંદુસ્તાન અને પૂર્વ તરફના સર્વ દેશોની અંદર વરસાદજ માત્ર દુનિયાની ઉત્તમમા ઉત્તમ આશીર્વાદ રૂપ વસ્તુ ગણાય છે. મહાન તત્ત્વવેત્તાઓ, મહાન કવિઓ અને એવા બીજા મહાન પુરૂષો કે જેમને અંતઃસ્ફુરણા પામવાની ઇચ્છા છે, તેઓ જ્યારે આકાશમાં વાદળાં ઘેરાઓ ઘાલે છે અને ગર્જના તથા વિજળી થઇ મુસળધારે વરસાદ વરસે છે, ત્યારે તેઓ તે તકનો લાભ લે છે. કવિઓ અને અંતઃસ્ફુરણાવાળા પુરૂષો આવી વર્ષાઋતુના પ્રસંગની અભિલાષા કરે છે. ‘રામ’ પોતે પણ પોતાના જાતિ અનુભવથી કહી શકે છે કે જ્યારે બહાર આકાશ ઘનઘોર થઈ વરસાદ પડે છે, ત્યારે બીજા કોઇ પણ પ્રસંગ કરતાં એ વખતે ‘રામ’ ઘણાજ આનંદ અને ઉત્સાહથી કવિતા લખી શકે છે. જ્યારે વરસાદ ઝરમર ઝરમર વરસી રહ્યો હોય છે, ત્યારે મન પોતેજ સ્ફુર્તિ પામે છે અને ચિત્ત કાવ્યની વૃત્તિથી પ્રેરાય છે આ રીતે આવું વાતાવરણ સ્વાભાવિક રીતે પ્રેરણાજનક બને છે. વર્ષાદ્વારા આકાશ

અને પૃથ્વીની એકતા સિવાય આવા અલૌકિક આનંદ માટે બીજું કોઈ પણ બાહ્ય કારણ આપી શકાય એમ નથી. આ વર્ષા પડતી વખત લોકોને એમ લાગે છે કે જાણે સ્વર્ગ ને પૃથ્વી એક થતાં હોય નહિ ! અહીંઆં આપણે જોઇએ કે એવું શું છે કે જે આપણામાં પ્રેરણા ઉત્પન્ન કરે છે અને વરસાદ લાવે છે? એવું શું છે કે જેથી ચારે તરફ ઝાકળ વરસે છે અને મંદ મધુર પવનની લહરીઓ વાય છે? એવું શું છે કે જેથી આ સમસ્ત વિશ્વ પ્રેરિત થાય છે? વિજ્ઞાનશાસ્ત્ર આપણને કહે છે કે આ પ્રેરણાનું કારણ જેને આપણે એક પરિપૂર્ણ અવસ્થા કહીએ છીએ તે છે. હવે આ શબ્દ એવો છે કે તેને સ્પષ્ટ સમજાવવાની જરૂર છે. એક દૂધનો પ્યાલો લ્યો. તેની અંદર ખાંડ નાખો એટલે તે ઓગળી જશે. વળી બીજી થોડી ખાંડ એમાં નાખો અને તે પણ પાછી ઓગળી જશે. એમ વારંવાર ખાંડ નાખતાં નાખતાં આખરે એવી પરાકાષ્ઠા-હદ આવશે કે પછી એમાં નાખેલી ખાંડ જરી પણ ઓગળશે નહિ. આ હદ, આ અવસ્થા, આ પરાકાષ્ઠા, તેનેજ વસ્તુની પરિપૂર્ણાવસ્થા કહેવામાં આવે છે. આવીજ રીતે આપણે જોઇએ છીએ કે પાણી અમુક હદ સુધીજ મીઠાને ઓગાળી શકે છે, એમ છતાં જો એની અંદર વધારે મીઠું ઉમેરવામાં આવે તો તે ઓગળ્યા વગર એમને એમ તળીયે પડ્યું રહેશે. અને પાણી મીઠાથી પૂર્ણપણે ભરપૂર છે. પાણી માટીવડે પણ આ પ્રમાણે પરિપૂર્ણ થાય છે. આપણે પાણીમાં અમુક પ્રમાણમાં માટી નાખીએ અને તે ઓગળી જશે; પરંતુ એની હદ ઉપરાંત જરી પણ વધારે માટી તેમાં નાખીએ તો તે ઓગળશે નહિ.

આપણી આસપાસ જે વાતાવરણ આવી રહેલું છે, તેની અંદર નાઈટ્રોજન, ઑક્સીજન, કારબન ડીઑક્સાઈડ, જીવનદ્રવ્ય ને બીજા કેટલાક જુદી જુદી જાતના ભૌતિક પરમાણુઓ રહેલા છે. આ વાતાવરણની અંદર વરાળ રહેલી છે. એ વાતાવરણમાં જલકણ ચારે તરફ ઉડતા રહે છે; પરંતુ જ્યારે હદ ઉપરાંત વરાળરૂપ જલ આપણા વાતાવરણમાં જાય છે, ત્યારે તે વધારાની વરાળ આપણને દશ્યમાન થાય છે અને એ હદ ઉપરાંતનું વધારાનું જલ વરસાદ અથવા ઝાકળરૂપે નીચે પૃથ્વી ઉપર પડે છે. આવી રીતે જ્યારે વાતાવરણ પાણીથી ભરપૂર થાય છે અને તેની

હદ ઉપરાંતનું જળ સમાવી શકતું નથી, ત્યારે આપણી પૃથ્વી ઉપર વરસાદ પડે છે, ઝાકળ પડે છે, ઝરમર ઝરમર મેહુલો વરસે છે અને વાતાવરણમાં આવાજ બીજા બનાવો બનવા પામે છે. વરસાદ પડવા વગેરેના આવા ફેરફાર, આપણું વાતાવરણ પાણી વડે જ્યારે પરિપૂર્ણ રીતે ભરપૂર થાય છે ત્યારેજ આપણને માલુમ પડે છે. આ પરિપૂર્ણ અવસ્થા કેવી રીતે ઉત્પન્ન થાય છે તે આપણે આગળ ઉપર વિચારીશું; પણ હાલ એટલુંજ બસ છે કે વાતાવરણને પણ અંતઃપ્રેરણા થવા માટે અથવા બીજા શબ્દોમાં કહીએ તો એ વાતાવરણ આપણા ઉપર વરસાદ વરસાવે તેને માટે એ વાતાવરણ પરિપૂર્ણ અવસ્થામાં આવવું જોઇએ; એટલું જ નહિ પણ પરિપૂર્ણ અવસ્થાથી-એ પરાકાષ્ઠાની અવસ્થાથી પણ કંઇક પર જવું જોઇએ; અને ત્યારેજ આપણને સંતોષકારક રીતે તેનું પરિણામ માલુમ પડશે.

આપણે આ દુનિયામાં જે મહાન પરિણામો જોઇએ છીએ, તે આવી પરિપૂર્ણ અવસ્થા પ્રાપ્ત થયા પછીજ. આવીજ રીતે તમારા મનને આ વાતાવરણ સાથે સરખાવી શકાય. જ્યારે આપણું મન કોઇ એક વિચારથી પરિપૂર્ણ રીતે ગ્રસ્ત થાય છે, એ વિચારમાજ તે કેવળ તલ્લીન થાય છે; ત્યારે એ વિચાર તમારા મનને વશ કરે છે, તમારા મનના અણુએ અણુમાં એ વ્યાપ્ત થાય છે, એટલુંજ નહિ પણ તમને પોતાને પણ તે ગરકાવ કરી નાખે છે. આવે વખતે તમે તમારા મનને ઘણીજ અજબ સ્થિતિમાં જોશો. તમે તે સ્થિતિને કદાચ અજંપાની સ્થિતિ કહેશો. મનની આ સ્થિતિ શાંત અને ઘનતાની સ્થિતિને મળતી આવે છે. તમે જાણો છો કે જ્યારે મેઘ ખૂબ ઘેરબો ઘાલીને અંધારે છે, ત્યારે આજ જરૂર વરસાદ પડશે, એવી સર્વ લોકોને આશા બંધાય છે.

જ્યારે બહુજ ઘનઘોર થાય છે ત્યારે આપણું વાતાવરણ પાણીથી ભરપૂર થઇ જાય છે, અને એની પરાકાષ્ઠાની હદ આવી રહેતા આ પૃથ્વી ઉપર વરસાદ વરસશેજ, એવુ સર્વને જણાય છે. આ પ્રમાણેજ જ્યારે તમારૂં મન કોઇ એક વિચારમા છેક ગરકાવ થઇ જાય છે, ત્યારે તે એક એવી સ્થિતિમાં હોય છે કે જે સ્થિતિ શાંત અને ઘનતાની સ્થિતિને મળતી સ્થિતિ હોય છે. જ્યારે તમારૂં મન તમારી કોઈ પ્રિય વસ્તુમા

લાગે છે ત્યારે તમને જણાતું હશે કે એ સમયે તમારૂં મન તદ્દન શાંત, સ્થિર અને કોઇ અવર્ણ્ય સ્થિતિમાં હોય છે. લોકો તેને આજંપાની સ્થિતિ કહે છે. જ્યારે આ સ્થિતિ એની હદ કરતાં આગળ વધે છે ત્યારેજ તમને અંતઃપ્રેરણા થાય છે અને કાવ્યનાં અવનવાં ઝરણાં સ્ફુરે છે. આ અવસ્થાજ તમને કવિ બનાવે છે. આ અવસ્થાજ સુંદર મધુર કાવ્ય, કવનો અને રમણીય ગીતોનો વરસાદ વરસાવે છે. જ્યારે તમારૂં મન અંતઃપ્રેરણાની-સ્ફુરણાની પર સ્થિતિએ જાય છે ત્યારે જ તમારા વિચારો શબ્દરૂપે તમારા કાગળ ઉપર લખાય છે.

તમારામાંથી જેમણે ગણિતના કઠિન દાખલાઓ ગણવાનો તેમજ તત્ત્વજ્ઞાનના ગૂઢ પ્રશ્નોનો ખુલાસો મેળવવાનો પ્રયત્ન કર્યો હશે, તેઓ જાતિ અનુભવથી 'રામ' ના આ કથન સાથે બરાબર એકમત થશે. આપણે એક ગણિતનો કઠિન દાખલો ગણવા બેસીએ; પરંતુ આપણું મન બીજી કોઇ ઘડભાંગમાં ગુંથાએલું હોય છે, તો પ્રયત્ન કર્યા છતાં પણ દાખલો બેસતો નથી; ત્યારે તમે જરા અકળાઓ છો અને બીજી વસ્તુઓમાંથી મનને તમે દૂર કરો છો અર્થાત્ ગણિતનો અમુક દાખલો બેસાડવાનો જ વિચાર માત્ર તમારા સન્મુખ તરવરી રહે છે. આમ છતાં હજુ પણ તે દાખલો બેસતો નથી. બીજી બધી વૃત્તિઓ અને બહારના વિષયોનો સંગ જો કે દૂર થાય છે તથાપિ "હું કરૂં છું, હું તેનું માન ખાટીશ" એવો અહંકારનો વિચાર ત્યાં કાયમ રહે છે. પછી શું થાય છે તે જુઓ. થોડીવાર પછી જ્યારે તમે તે દાખલો પાછો ગણવા માંડો છો, અને તેના સંબંધમાં ઉપરા ઉપરી વિચાર કર્યા કરો છો ત્યારે અહંકારનો-અર્થાત્ મારા તારાનો તથા દેશકાળનો સઘળો વિચાર નાશ પામે છે, અને જે દાખલો બેસતો નથી તે બેસાડવાનોજ માત્ર વિચાર રમી રહે છે. જ્યારે આવી પરાકાષ્ઠાની સ્થિતિ આવે છે, ત્યારે તમારા મનમાં એકજ વિચાર વ્યાપી રહે છે અર્થાત્ આપણે તે વિચારરૂપ બની જઇએ છીએ. આજ સ્થિતિમાં પતંગ અગ્નિની જ્વાળામાં પોતાને બાળી ભસ્મ કરે છે અને મધમાખીઓ પોતાની જીંદગીનો ભોગ આપે છે. આ સ્થિતિમાં ભોક્તૃત્વનો વિચાર નાશ પામે છે અને ક્ષુદ્ર અહંકાર રહેતો નથી. આવી પરાકાષ્ઠાની સ્થિતિએજ દેહાભિમાનનો નાશ થાય છે.

આ સ્થિતિ જ્યાં થઈ કે તરતજ અંતઃસ્ફુરણા થવા લાગે છે. તમારા હૃદયમાંથી એકદમ વિજળીના ઝબકારા માફક ગણિતના કઠિન દાખલાના સમાધાનનું સ્ફુરણ થઇ આવે છે! "મને સુઝી આવ્યું, મને ગમ પડી" આવાં આવાં વાક્યો બોલતાં લોકોને તમે નથી સાંભળ્યા ? આવી જીવન-મુક્તિ સિવાય તમને કદિ આનંદ કે અંતઃપ્રેરણા થશે નહિ.

કારીગરો, શિક્ષકો, તત્વજ્ઞાનીઓ અને તત્વચિંતકો પોતે પોતાના વિષયોમાં પ્રેરણા પામે છે; પરંતુ આ પ્રેરણા માત્ર દેહાભિમાનનો નાશ થવાથીજ પ્રાપ્ત થાય છે. આ દુનિયામાં મનુષ્યોને ભોક્તા અગર કર્તા તરિકે રહેવાનું બહુ ગમે છે; પરંતુ વેદાંત બતાવી આપે છે કે કોઈ પણ વસ્તુના ભોક્તા બનવું, એ કુદરતના નિયમની વિરૂદ્ધ છે. આ ભોગ ભોગવનાર અસત્ય આત્મા મિથ્યા અહંભાવ છે–તે તમે પોતે નથી. સર્વ તત્વચિંતકોએ અને તત્વજ્ઞાનીઓએ જાણવું જોઇએ કે તેમનું શરીર, મન અને તેમનો દરેક જીવનવ્યાપાર એ સમસ્ત દુનિયાના ભોગ માટે છે. આજ સત્ય માર્ગ છે. જો તમારે ભોક્તા થવું હોય તો મોક્ષનો માર્ગ, સુખનો રસ્તો, આનંદનો પંથ, તમારે માટે બંધ છે. તમે આ દુનિયાનો કદિ ઉપભોગ કરી શકતા નથી. તમારે માટે માત્ર એકજ રસ્તો છે અને તે એ છે કે તમારે તમારા દેહને, મનને અને સર્વસ્વને કોઇ દૈવીસત્તા ભોગવે છે એમ જોવાનું છે. ક્રાઇસ્ટે કહ્યું છે કે, "આ મારૂં માંસ ખાઇ જાઓ, તેનું ભક્ષણ કરી જાઓ." "આ મારા લોહીનું તમારે પાન કરી જવાનું છે." તે મનુષ્યને ધન્ય છે અને તેજ મનુષ્ય ખરો સુખી છે કે જેનું જીવન એક સતત આત્મસમર્પણરૂપ છે–બળિદાનરૂપ છે.

જ્યારે આપણે આવી સંપૂર્ણ પરાકાષ્ટાની સ્થિતિએ પહોંચીએ છીએ, જ્યારે આપણું મન એકજ વિચારમાં તલ્લીન થઇ જાય છે, જ્યારે આપણને પોતાને પોતાનું પણ ભાન ન રહેતા એ વિચારમાં આપણે લીન થઇ જઇએ છીએ, ત્યારે મહાન દૈવી ગાયક, દિવ્ય વાદ્ય–દિવ્ય વીણા પોતાના હાથમાં લે છે; અને આ દિવ્યવાદ્યદ્વારા હૃદયંગમ અલૌકિક નાદ ઉત્પન્ન કરે છે.

આ ઈશ્વરી વીણામાંથી ગંભીર અને મહાન ધ્વનિઓ નીકળે છે; પરંતુ જ્યાં સુધી આ મનુષ્ય બાળક, આ વાદ્ય પોતાના હાથમાં રાખવા

ઈચ્છે છે અને તે મહાન ગાયકને સોંપવા ઇચ્છતો નથી, ત્યાં સુધી એ વાદ્યમાંથી બેસુર અવાજો જ નીકળવાના. જ્યાં સુધી ભોગ્ય વસ્તુના ભોગવનાર આ અસત્ય દેહાભિમાન કાયમ રહે છે, અને દેહાધ્યાસ છૂટી શકતો નથી; ત્યાં સુધી આ શરીરદ્વારા વાદ્યના બેસુર અવાજો જ નીકળવાના. તમે આ શરીર-આ દિવ્યવાદ્ય પરમાત્માને સોંપી દો, અસત્ય અહંત્વથી દૂર થાઓ. આવું થાય ત્યારેજ, આવી પરાકાષ્ઠાની સ્થિતિએ જ ઈશ્વર પોતે આ વાદ્ય પોતાના હાથમાં લે છે. એ મહાન ગાયક આ દિવ્ય વાદ્યને છેડી એમાંથી મધુર અને અલૌકિક નાદ કહાડે છે. એ વાદ્યમાંથી સુરસ સ્વર નીકળે છે તેજ વખતે તમને હૃદયમાં પ્રેરણા થાય છે. આ અંતઃપ્રેરણા એજ કર્તા-ઈશ્વર છે. જ્યારે ક્ષુલ્લક અહંતા નાશ પામે છે, ત્યારે જ મનુષ્યને આ અંતઃપ્રેરણા થાય છે.

આપણે જાણીએ છીએ કે ક્રાઇસ્ટે લોકોને પોતાનો ઉદ્દેશ આપવો શરૂ કર્યો, તેના પહેલાં સેતાને તેને આ સંસારનાં સુખ ભોગવવા માટે અનેક રીતે લલચાવવા પ્રયત્ન કર્યો. તેના ઉપભોગને માટે સપ્તલોક હતા. ખાવાને માટે અનેક જાતના રસવાળા અને સ્વાદિષ્ટ પદાર્થો હતા. રાજ્ય કરવા માટે મહારાજ્ય હતું. અનેક પ્રકારના ચમત્કારો કરી દુનિયામાં તેને યશ મેળવવાનો હતો. આવી આવી વિવિધ લાલચો અને આકર્ષક વસ્તુઓ તેની સામે હતી; પરંતુ ક્રાઇસ્ટે કહ્યું કે:-"હે સેતાન! ચાલ, બાજુપર રહે, મારે તારા હાથનું કશુંએ લેવું નથી." કેવાં ઉત્તમ વચનો! હે અમેરિકા અને યૂરોપના લોકો! ક્રાઇસ્ટનો આ ઉપદેશ સદા તમારી સન્મુખ રાખો કે, "હે સેતાન! તું મારી સામે ન આવ; મારે તારા હાથનું કશુંએ લેવું નથી." આ સઘળી બાહ્ય અસત્ ભૌતિક વસ્તુની મારામારી, ખેંચાખેંચી અને લૂંટાલૂંટ છતાં ક્રાઇસ્ટનો આ ઉપદેશ તમારે ધ્યાનમાં રાખવો જોઈએ. ક્રાઇસ્ટે આ સંસારની દરેક વસ્તુનો ત્યાગ કર્યો હતો. તેણે ત્યાગ અને ક્રૉસ (આત્મભોગ) નો સ્વીકાર કર્યો છે. તેણે યથાર્થ સંન્યાસ ધારણ કર્યો છે. તમારી આગળ પ્રેરણાનું આ રહસ્ય અને દૃષ્ટાંત મોજુદ છે. જ્યાં સુધી ભોક્તૃત્વ અને કર્તૃત્વનો વિચાર તમારા મગજમાં ઠસેલો છે, જ્યાં સુધી "હું કરું છું, હું કરું છું, મારે માન

ખાટવાનું છે" એવા વિચાર તદ્દન નષ્ટ થાય નહિ, ત્યાં સુધી તમને કદિ પ્રેરણા થવાની નથી.

'રામ' તમને એક વાત કહી આજનો વિષય પૂરો કરશે. હિંદુ શાસ્ત્રમાં ત્રણ અસુરોના સબંધમા એક સાંભળવા જેવી વાત છે. એ ત્રણ પુરૂષોમા અદ્‌ભુત શક્તિ હતી. તે મહાન્ યોદ્ધાઓ હતા. કોઈ પણ માણસ તેમને જીતી શકે નહિ એવા તેઓ અજેય હતા. કઇ એક લોકો એમની પાસે આવી એમની સાથે યુદ્ધ કરતા, પરતુ તેમનાથી હાર ખાઇ તેઓ વિલે મે એ પાછા જતા જે માણસો તેમની સાથે યુદ્ધ કરતા તેઓની સખ્યા હજારોની હતી, છતા આ ત્રણ અસુરો તેમને હરાવી દેતા પ્રતિસ્પર્ધિઓ આન વારવાર લોકોને હાર પમાડતા હોવાથી કેટલાક લોકો ભેગા થઇને એક મહાત્મા પાસે ગયા અને તે મહાત્માને વિનવીને [illegible] આ ત્રાસ આપના અસુરાને કેવી રીતે હરાવી શકાય? તે મહાત્માએ [illegible] ભાઈઓ' તમારે તે અસુરોના અજીતપણાનું કારણ [illegible] જાણવું જોઇએ [illegible] પછી અને તે લોકાને સમ [illegible] અમે [illegible] અમે લોકો [illegible]

તપણાનું રહસ્ય સમજાયાથી તે મહાત્માએ એ અસુરોને જીતવાનો ઉપાય બતાવ્યો. તેમણે કહ્યું કે એ અસુરોની સાથે યુદ્ધમાં ઉતર્યા પછી તેમની પાસેથી તમારે નાસી જવું અને વળી પાછા આવી તેમની પાસે જઇને યુદ્ધની માગણી કરવી. બીજીવાર જ્યારે તેઓ તમારી સાથે યુદ્ધ કરવા આવે ત્યારે થોડી ઘણી ઝપાઝપી કરીને તેમને જય પમાડી ત્યાંથી નાસી જજો! આ પ્રમાણે વારંવાર કરવાથી અંતે તે અજીત યોદ્ધાઓ હાર પામશે. લોકોએ આ મહાત્માના કહેવા પ્રમાણે કર્યું; અને અંતે ધીમે ધીમે અજીત યોદ્ધાઓ પોતાની ખરી સ્થિતિમાંથી-તેમના વાસ્તવિક અજીતપણામાંથી પતન પામતા ગયા. તેમને પોતાના શરીરનું તથા બળનું ભાન થવા લાગ્યું અને પોતે અજીત છે, એમ તેમનો નિશ્ચય થયો. વારંવારની જીતથી તેઓના મનમાં પોતાના સંબંધમાં વિજેતા હોવાનો વિચાર બંધાયો. આ યોદ્ધાઓ દેહરૂપી પીંજરામાં પુરાયા અને પોતાને બંધીવાન બનાવ્યા; "હું કરૂં છું" અથવા "હું મહાન યોદ્ધો છું" એવા વિચારોએ તેમના મનમાં ઘર ઘાલ્યું અને તેમને ગુલામ બનાવ્યા. તેમની અંદર દિવ્ય અંતરાત્માની જગ્યાએ તુચ્છક અહંકારનો વાસ થયો. એ અસુરોની આવી સ્થિતિ થયાથી લોકો તેને સહજમાં જીતી શક્યા, આમ દેહાધ્યાસ અને કર્તાપણાના ભાવથી અસુરો જીતાયા અને કેદ પકડાયા.

હવે આ દૃષ્ટાન્તનો સાર શો છે એ તમે વિચારો જ્યાં સુધી તમે ઇશ્વરના એક તંત્ર તરીકે કામ કરો છો અને જ્યાં સુધી તમે દૈવી-સત્તામાં સ્થિત છો, ત્યાં સુધી તમે કોઇથી પણ ન જીતાય એવા અજીત છો. "હું ભોક્તા છું," "હું કર્તા છું," આવા વિચારથી પર સ્થિતિ-વાળા પેલા ત્રણ અસુરોની પેઠે તમે અજેય છો, પરંતુ જ્યારે લોકો તમારી પાસે આવી તમારાં વખાણ કરે, તમને મગરૂર બનાવે, તમારી ખુશામત કરી તમને ઉંચે ચઢાવે, હરેક પ્રકારે તમારા મનને રૂચતી તમારી તારીફ કરે, ત્યારે તમે એક અજીત ને વિજયવન્ત છો, એમ તમને ભાન થવાનું. તમે વીર છો, તમે વિજયી છો, બીજાઓ તમારાથી હારી જાય છે, એમ તમને ખ્યાલ આવતો જશે, અને "હું આ કર્મ કરૂં છું ને એ કર્મનું ફળ હું જરૂર ભોગવીશ," "હું ભોક્તા છું," આવા વિચાર તમને બંધીવાન બનાવશે, અને તમે તમારી મૂળ સ્થિતિમાંથી

અધ:પતન પામશો. તમે હારી જશો. તમારી શક્તિ નાશ પામશે. તમે બળહીન થઈ જશો. બાઈબલમાં પણ એવીજ વાત છે તે તમે શું નથી જાણતા ? જ્યારે ક્રાઇસ્ટ પર્વત ઉપરથી પાછો આવ્યો ત્યારે તેનામાં મહાન સામર્થ્ય હતું તે કેટલોક વખત પોતાના મિત્રના સમાગમમાં રહ્યો, અનેક પ્રકારની વાતચીતો કરી પોતાનો કેટલોક જીવનકાળ વ્યતીત કર્યો પછી એક વખત ક્રાઇસ્ટના મુખમાંથી એવા શબ્દો નીકળ્યા કે, "મને એવો કોઈ સ્પર્શ કરી ગયો છે કે જેથી મારૂં સામર્થ્ય જતું રહેલું હોય એવું મને લાગે છે ! " બાઇબલમાં આ વાત સ્પષ્ટ જણાય છે ત્યાં પણ આજ બાબત છે કે જ્યારે તમે [illegible] એવા દેહાભિમાનથી પર થયા છો ત્યારેજ તમારા દ્વારા ઈશ્વરી શક્તિ કામ કરે છે અને તમને તમારા હૃદયના સ્ફુરણ થાય છે, પરન્તુ જ્યાં સુધી તમે પોતાનું નામ કીર્તિ લોકોના માન ખુશામત અને તારીફને પસંદ [illegible] છો, ત્યાં સુધી તમારી શક્તિ તદ્દન નાશ પામેલી [illegible] જણાય છે [illegible] તમે આ [illegible] થશે પરન્તુ [illegible] નહિ


[illegible]

વખત તમને સ્ફુરણાજ થયા કરશે. તમારો દોષ એ છે કે તમારું મન આ દુનિયાની લોહચુંબકના જેવી આકર્ષક વસ્તુઓમાં અસ્ત થાય છે, સંસારના મોહ તમને આકર્ષે છે, અને આવી રીતે તમારા પોતાના સત્યપંથથી ભ્રષ્ટ થાઓ છો. જો તમને હાલ તમારા હૃદયમાં સ્ફુરણ થતું ન હોય તો, તેનું ખરૂં કારણ એજ છે કે તમારામાં વિરાગ કે ત્યાગ નથી. તમે ઐહિક વસ્તુઓના મોહમાં ફસાઓ છો, તે વસ્તુઓ સાથે તમે દૃઢ બંધન પામો છો. જો તમે તમારી મૂળ શક્તિ અને પ્રેરણા વગેરે પ્રાપ્ત કરવા માગતા હો, તો તમે ખરા ત્યાગી અને વિરાગી બનો. ઈશ્વરમાં—સત્ય આત્મામાં તમે વિલીન થઇ જાઓ. થોડા વખત સુધી તમે એકાંતમાં રહો. તમારા સત્ય સ્વરૂપનું ધ્યાન ધરવા માટે દિવસનો થોડો ભાગ તમે એકાન્ત સેવો. આવી રીતે કરવાથી તમને દૂષિત કરનાર લોહચુંબકના જેવી આ દુનિયાની ભૌતિક અસરો તમારાથી દૂર થશે, અને તમારૂં મન ફરીથી અંતર સ્થિર થશે તથા તમે પ્રભા પામતા થશો. જ્યારે કોઈ વહાણ દરિયામાં કેટલાએક વખત [illegible] કરે છે, ત્યારે તેની અંદર [illegible] થઇ જાય છે. [illegible] સ્વાભાવિક [illegible] જાય છે. હવે [illegible] રીપેર કરવાના [illegible] સ્ફુરણે થશે [illegible] આપણને દૂષિત [illegible] અધ:પતન [illegible] તેમ [illegible] તેમ આ [illegible] તમારા [illegible] આ દુનિયાની [illegible] આત્મામાંજ સ્થિત [illegible] પુરૂષોના [illegible] પુરૂષોને [illegible] દુનિયાની [illegible] [illegible]

માટેને સ્વચ્છ રાખવું નથી પડતું? શું દરરોજ તમારે તમારૂં ઘર વાળી ઝુડીને સાફ કરવું નથી પડતું?

આવીજ રીતે તમારે તમારા મનને પણ દરરોજ સ્વચ્છ અને નિર્મળ રાખવાની જરૂર છે. જ્યાંસુધી દુનિયાના વિચારો, દુનિયાની લાલચો અને દુનિયાના વિષયોના ઉપભોગની વાસનાઓ, અથવા "હું કરૂં છું" એવા અહંતાના ખ્યાલો તમારામાં મોજુદ છે, ત્યાં સુધી તમારૂં દેહાભિમાન નાશ પામ્યું નથી, ત્યાં સુધી તમારે માટે કોઈ પણ જાતની સંગીન આશા નથી. "દેહાભિમાનના નાશ સિવાય અંતઃપ્રેરણા થવા માટે બીજો કોઈ માર્ગ નથી."

ૐ ૐ ૐ



१७—सत्यनो मार्ग अथवा सत्यनो प्रदेश.*

સાંકળો—આ બંધનો કે જેણે તમને બાંધી લીધા તે શું છે ? આજે તમે આ વાત માનો યા ના માનો, અમેરિકનો તથા યુરોપિયનો આજે આ વાતની ખૂબી જોઇ શકે વા ના જોઇ શકે; પરંતુ સત્ય તો જે છે તેજ છે ! તે કદિ બદલાવાનું નથી. સત્ય એ છે કે તમારાં સર્વ બંધનો, તમારા પ્રેમ, તમારી વાસનાઓ ને ઇચ્છારૂપી સાંકળોથીજ તમે બંધાએલા છો. એજ તમને બંધનકર્તા છે. એથી કરીનેજ તમે પ્રભુને જોઈ શક્તા નથી. આજ કારાગૃહ છે. તમે વાસનારૂપી બંધનથી તેમાં પૂરાએલા છો. એકી વખતે બે ધણીની નોકરી બની શકેજ નહિ, રામ અને કામ બન્નેને સાથે સધાયજ નહિં. દેહના ગુલામ થઇ, દેહમાં મમત્વ રાખી વિશ્વના નિયંતારૂપે કદિ થવાયજ નહિ. સત્યનો સાક્ષાત્કાર કરવો એટલેજ વિશ્વના નિયંતા થવું; અને ઇચ્છાઓ, વાસનાઓ રાખવી એટલે ગુલામગીરીમાં બન્ધનમાં, કારાગૃહમાં હાથે કરીને પૂરાઇ રહેવું. દરેક મનુષ્ય ક્રાઇસ્ટ થવા ઇચ્છા રાખે છે, દરેક મનુષ્ય સત્યનો સાક્ષાત્કાર કરવા ઝંખે છે, પેગંબર કે અવતારી પુરૂષ થવા મનમાં કામના કરે છે; પરંતુ એવો કોઈ લાગ જ મળી આવશે કે જે તે સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પોતાની [illegible] વસ્તુઓનો ભોગ આપે !

હિંદુસ્તાનમાં એક મોટો કુસ્તીબાજ મલ્લ હતો. તે હજામ પા[illegible] ઘુંટણા છુંદાવવા ગયો અને તેને પોતાના બન્ને હાથ ઉપર એક મહા[illegible] ભવ્ય સિંહની આકૃતિ કાઢવાનું કહ્યું [illegible] તેણે કહ્યું કે, "જ્યારે મૂર [illegible] મારો જ[illegible] થયો છે, તેથી મારા ઉપર તે [illegible] છે હું બહા[illegible] શૂરવીર સિંહ જેવો છું" [illegible] હજામને [illegible] કાઢતા હાથમ [illegible] ના સાંખી શક્યો અને હજામને કહ્યું '[illegible]' [illegible] કરે છે?" હજામે કહ્યું—" સિંહની પૂછડી માંડવી શરૂ કરી છે [illegible] કહેવાતો મલ્લ ખરી રીતે તો બીક [illegible] કરીને કહ્યું.—" ભલા માણસ ! તને એટલી ખબર નથી કે [illegible] ત્યાંના ફેશનવાળા લોકો પોતના કૂતરા અને ઘોડાઓની પૂછડી કાપી [illegible] છે ? માટે પૂછડી વિનાનો સિંહ કાઢ એવો બારો સિંહ આજકાલ [illegible]

કીચડમાં ખુંચી જાય છે. સૂકી જમીન ઉપર વહાણ ચલાવવાનો પ્રયત્
કરનારા જેવા એ ઘેલા લોકો પોતાની એવી હાસ્યાસ્પદ સ્થિતિમાંજ એ
વાનો ડોળ ઘાલી માલમિલ્કત, વાડી વજીફા, વગેરેના ભ્રમથી તેઓ બ્ય
સડાય છે; પોતાના દેહને કષ્ટ આપનાર એ વિચિત્ર વૃત્તિઓને જાગૃ
કરીને મુક્ત કરવા જોઇએ. ઓ દુઃખી પ્રાણીઓ ! સંપત્તિ, શાન, પદવી
સત્તાના હક અને માન બાજુએ મૂકો. સમતા, સમાનતા એ જ મુખ્
તત્વ છે. જંગલી અભિલાષા, જે મળે તે હાથમાં મજબૂત પકડી રાખ
વાની પશુતુલ્ય ઈચ્છા અને એ પશુતુલ્ય ઇચ્છાથી પણ વધારે ખરા
સંગ્રહ કરી રાખવાની વધારે પ્રવૃત્તિ, એ સૌ મનુષ્યોને ઉતાવળીઆ
અસ્વસ્થ અને ભ્રાંત બનાવે છે. આડંબર અને વ્યર્થ મહત્વાકાંક્ષાને
વિષમ જ્વર ઉતરી જવા દો. "જેટલા પ્રમાણમાં તેં સંપત્તિ રાખ
છે તેટલા પ્રમાણમાં તારા ઉપર તેની સત્તા ચાલે છે અને તું તેનાથ
ઘેરાએલો રહે છે" આ તત્વ દરેકના હૃદયમાં ઉતરવું જોઇએ–દરેકન
મનમાં રેડાવું જોઇએ.

હે સત્યશોધક મનુષ્ય ! તારી આસપાસના લોકોની દોલત અં
સફળતાના આચ્છાદનથી ઢંકાઇ જઇશ નહિ. ઉન્નત ગણાતાં–સુધરેલ
રાષ્ટ્રોના ભભકાથી અંજાઇ જઇશ નહિ. તેમની ખરેખરી વસ્તુસ્થિતિ અ
અર્થશાસ્ત્ર એ કેવળ ભૂખ ખવડાવનારી લુચ્ચાઇ–કલ્પિત બાબતો છે
તેમના "નગદનારાયણ" કેવળ કાલ્પનિક છે. આ વીસમી સદીનાં ઉન્નત
રાષ્ટ્રો પોતાની શાસનપદ્ધતિ અને વ્યવહાર બદલીને સ્વતંત્ર અને વૈ
તત્વ તત્વો ઉપર ચલાવે એવો સમય હવે દૂર નથી. મમત્વની વૃત્તિને
ત્યાગ અને વેદાંતની ત્યાગવૃત્તિનો સ્વીકાર કરવામાંજ અત્યે
વ્યક્તિનું અને રાષ્ટ્રનું કલ્યાણ સમાએલું છે. એ સિવાય બીજ
માર્ગજ નથી.

સંગ્રહવૃત્તિની તૃષ્ણાના જ્વરથી પીડાતાં સર્વ પાશ્ચાત્ય રાષ્ટ્રોની મનો
વૃત્તિમાં આન્તરયુદ્ધ ચાલુ થઈ ચૂક્યું છે અને એ યુદ્ધવ્યાપાર મમત્

ખીંતિમાં પડી ગુંગળાઈ જતા સર્વ ક્ષુદ્ર લોકોને જગાડે છે. હવે તો ત્યાગનું રાજ્ય-સ્વાતંત્ર્યનું રાજ્ય પ્રસરીને જગતને સાચ્ચાંશાળી બનાવશે.

સવાલ:—કોઇ નવો પંથ સ્થાપવાની આપની ઇચ્છા છે કે?

જવાબ:—' રામ ' કોઈ ખાસ સંપ્રદાયના સિદ્ધાન્તોનો પ્રચારક નથી. સત્ય એની મેળેજ સ્થાપિત થાય છે. ' રામ ' સત્યની આડે આવતો નથી, તે નિર્મળ રહે છે અને સત્યના તેજને પૂર્ણ રીતે પ્રકાશવા દે છે. સત્ય ગમે તે રૂપે પ્રકાશે; તેના અગ્નિમાં શરીર, મન અને સર્વ કંઈ ભસ્મ થાઓ. સંદેશો કહ્યા પછી જોઈએ તો કાસદને મારી નાખો. એનાથી ઉત્તમ ભાગ્ય બીજું શું હોય!

સવાલ:—આપ કોઈ ધર્મના સંસ્થાપક અથવા આચાર્ય છો કે?

જવાબ:—ના, આચાર્ય થવાથી મારી કિમ્મત ઘટે છે. હું સાક્ષાત્ ઈશ્વર જ છું અને તું પણ તેજ છે. દેહ એ તો મારૂં માત્ર સાધનજ છે.

સવાલ:-તમારો સંદેશો વિજયી નહિ નીવડે, લોકો સ્વીકાર કરી શકે એટલા તૈયાર નથી.

જવાબ:—ભલે ન હોય. મારે શું? હું સત્ય સ્વરૂપ છું. પાઈ પાઈ કરીને પૈસા મેળવવાના ક્ષુદ્ર વિચારોથી હું ચાલતો નથી. સર્વ યુગ મારાજ છે. અનંત કાળ મારોજ છે. ખ્રિસ્તને તેના પોતાનાજ લોકોએ તજ્યો છતાં તેણે સર્વ જગતને ઉંચકી રાખ્યું. તેના ટુંકા કાળે તેને તજ્યો, પરંતુ પાછળના હજારો વર્ષના યુગ તેનાજ થયા.

સવાલ:—ઈતિહાસ ઉપરથી તમારૂં કહેવુ સત્ય ઠરતું નથી.

જવાબ.—તમારો ઇતિહાસ અધૂરો છે. એ ઇતિહાસમાં જે સત્ય પ્રકરણ લખાવાનુ છે તે પ્રકરણ હજુ તમે વાંચ્યું નથી. પ્રબળ ઈચ્છાશક્તિ-પછી તે ભલે એક જ વ્યક્તિની હોય, તોપણ તેના આગળ સમસ્ત માનવ ઇતિહાસ ફિક્કો પડી જાય છે! વાસ્તવિક કારણોને છોડી દઈને બાહ્ય ચિહ્નોનો અભ્યાસ કરવાથી સાચા ઈતિહાસનો નાશ થાય છે.

સ:—અમેરિકાના તત્ત્વવિચારક એમર્સનના લખવા પ્રમાણે પ્રેમનું અને ધન સમાન વૃત્તિમાં છે, અને તમારો મત તો કોઇ સાથે મળતો

જણાતો નથી, ત્યારે કેવું પ્રેમરહિત શુષ્ક જીવન તમે ગાળતા હશો ?

જ:—મારાં વિશ્વરૂપી ચિત્રો જુદી જુદી બાજુએથી જોવામાં મને ઘણો આનંદ થાય છે. એક જગ્યાએ એકાદ પુરાણપ્રિય મનુષ્યની પેઠે હું તેમને પાછળથી જોઉં છું, બીજે સ્થળે ઉન્નત ઉદારમતવાદીની પેઠે આગળથી જોઉં છું. 'રામ' (કિંવા પુરાણ) રૂપે હું જમણી બાજુથી જોઉં છું; એકાદ ટીકાકાર તરીકે ડાબી બાજુએથી જોઉં છું. સર્વ બાજુએ મારી જ છે. છાશ વલોવનાર ગોવાલણ જમણા હાથમાંનું નેતરૂં પણ ખેંચે છે અને ડાબા હાથનું નેતરૂં પણ ખેંચે છે. દરેક બાજુ પોતાની જ છે તો કોઇની સાથે મારો મતભેદ શી રીતે હોઇ શકે ? જુદાં જુદાં મોજાં ઓથી ઉછળતો હું પ્રેમસાગર છું. સોથી પૃથક્ રહેવામાંજ મારૂં તાદાત્મ્ય છે. ચાલો, મારી સાથે આવો અને વિરોધમાં રહેલા એકયનો અનુભવ કરો.

સ:—આ શું ગોટાળો છે ? પોતાનાંથી તદ્દન ભિન્ન મનુષ્યની સાથે કોઈ પણ માણસને એકતા કેમ થઇ શકે ?

જ:—એ તો ઠીક, મને પણ એજ આશ્ચર્ય થાય છે કે આપણે પૃથક્ દેખાતાં છતાં એકજ કેમ છીએ ? લંગડું તત્ત્વજ્ઞાન ભલે એ સિદ્ધ નહિ કરી શકતું હોય અને ઇંદ્રિયો તેને દર્શાવવામાં ભલે પાછળ પડી જતી હોય, છતાં વાસ્તવિક સત્ય તો તેવું જ છે. જ્યારે તત્ત્વ અનુભવાય છે ત્યારેજ માયા નષ્ટ થાય છે; અને પ્રેમ એ સિદ્ધ કરી આપે છે કે, 'तत्त्वमसि' ! તું પોતે ઇશ્વરજ છે.

સ:—ઈશ્વરને નાન્યતર જાતિમાં કેમ સંબોધો છો ?

જ:—કોઈ ઇશ્વરને આકાશમાંના પિતા તરીકે ભજે છે અને નરજાતિમાં સંબોધે છે, કોઇ તેને દેવી–માતા તરીકે માને છે અને નારીજાતિથી સંબોધે છે, અને ફારસી કવિઓની પેઠે કોઇ ઇશ્વરને પોતાની પ્રિયા ગણીને તેની ભક્તિ કરે છે. આમ હોવાથી ઇશ્વરને માટે કોઈ પણ જાતિનું નામ વાપર્યા પહેલાં તે પુરૂષ છે કે સ્ત્રી છે, તે નક્કી કરવું જોઇએ.

સ:—ત્યારે પછી ઇશ્વર કોણ છે ?

જ:—ઇશ્વર પુરૂષ પણ નથી અને સ્ત્રી પણ નથી; તે એક શુદ્ધ છે.

(૨) वेदांत अने मिस्कत.

રસ્તે જતાં કોઈનાથી જુદા પડતી વખતે પૂછેલા એક સવાલના

જવાબમાં બીજીનો ઘણોખરો ભાગ લખાએલો છે.

બાહ્ય સંપત્તિ અને માલ મિલ્કત ઉપરથી લોકોનો દરજ્જો નક્કી કરવો એ પગના જુદા જુદા જોડાઓ ઉપરથી મનુષ્યોના વર્ગ પાડવા જેટલુંજ અસ્વાભાવિક છે. ઘણાએ દેવાળીઆઓનાં ખાસડાં કોટ્યાધિપતિ કરતાં પણ વધારે ભપકાદાર હોય છે.

'રામ' તો ઉલટો એમ જાહેર કરે છે કે; મિલ્કતના વિચાર, ગાંસડી થેલીઓનો હક્ક—એજ આત્મસાક્ષાત્કારની આડે આવે છે. એકાદ વસ્તુ ઉપર પોતાની સત્તા બેસાડવાની ઇચ્છા થતાંજ આત્મઠગાઇરૂપી પિશાચ આપણને વળગે છે. સંન્યાસ (જોઇએ તો તેને સર્વ સ્વામિત્વ કહો) નું સત્ય સાથે ઐક્ય કરવું એજ ખરૂં વેદાંત છે. પ્રજાની પૂર્ણ સ્વતંત્રતા, સમાનતા અને બાહ્ય અધિકારોનો છોડી કહાડી નાખવો-દ્રવ્યસંગ્રહની વૃત્તિ ત્યજી દેવી, એજ તત્ત્વનિષ્ઠા છે.

સર્વ પ્રકારના વિશેષ અધિકારોને સમુદ્રમાં ફેંકી દેવા, દંભનો વૈરાગ્યપૂર્વક ત્યાગ કરવો અને પોતે ક્ષુદ્ર હોવાની ભાવનાથી ઉત્પન્ન થતો માનસિક ઉદ્વેગ કહાડી નાખવો એજ વેદાંતને વ્યાવહારિક રંગભૂમિપર આણ્યા બરાબર છે. વેદાંત માનસિક અને આધ્યાત્મિક ક્ષેત્રમા એજ વૃત્તિને પેંચી લાવે છે. દેહ, બુદ્ધિ લેખો, વચનો, ઘર, સ્ત્રી, પુત્ર, માન, આબરૂ, કીર્તિ વગેરે ઉપરનું મિથ્યા મમત્વ છોડવું એજ વેદાંત છે. બીજા શબ્દોમાં કહીયે તો સર્વ પ્રકારનાં બંધનો અને મર્યાદાઓ ઓળંગી જવા, બીજાઓથી દૂર રહેવા જતા પોતાની જાતના મમત્વમાં બંધાઈ જવાની રીત છોડી દેવી અને ઇશ્વરની પેઠે જગતની દરેક શક્તિ, દરેક પરમાણુ, નક્ષત્ર અને વૃક્ષ, સર્વ ઉપર સાર્વભૌમત્વ મેળવવું એ વેદાંત છે. આપણા જગત તરફથી વેદાંતના અનુભવનો માર્ગ ખુલ્લો કરવાના વ્યાવહારિક પ્રયત્નો ઘણી વાર અજાણતા કરવામાં આવે છે. છેવટે આપણા જગત ઉપર સંન્યાસની ધ્વજા ફરકશેજ.

કેટલાક વેદાંતીઓ પ્રેમના અભેદ સામ્રાજ્યનું જીવન અત્યારે પણ ગાળે છે અને કોઈ કોઇ સ્થળે પ્રાચીનકાળથીજ એ જ્યોતિ પ્રજ્વલિત રાખવામાં આવી છે.

ધારો કે એક સાધુ ગંગાતટે બેઠા છે અને તેના પ્રેમાળ સ્વભાવથી

ર્ભય બનીને પશુ, પક્ષી, ઢોર અને માછલાં પણ નિઃશંકપણે તેની
સે આવી તેના હાથમાંથી રોટલાના કકડાઓ ખાય છે. એજ
ક છેલ્લી પાયરીએ પહોંચ્યાનો એક દાખલો આપું.

મારા એક ઓળખીતા સ્વામીને બરો જખમ થયો હતો. ઉપરથી
ામડી કીડાઓ ખાતા. એ કીડાઓને મારવાને તે મક્કમ નહોતો
ને જ્યારે જ્યારે જખમના પરૂથી તૃપ્ત થઇને તે કીડાઓ નીચે
યારે ત્યારે તે હસીને તેમને ફરીથી જખમ ઉપર મૂકતો. આ ક્ષુદ્ર
ઉપર જગતનાં દરેક જંતુઓ માલિકી ધરાવે છે અને આ વિશાળ વિશ્વ
ારૂં છે; આ વિશ્વ મારૂં શરીર છે, હવા અને જમીન મારા પોશાક
ને પગરખાં છે.

સ્વામીનો અર્થ નિત્યદાતા (સદા દેનાર) એવો છે. સત્યને
ળગી રહો, બાકીનું બધું જવા દો. ખરો સંન્યાસી ભિક્ષા માગીને
મેળવેલું અન્ન પણ જેને વધારે જરૂર હોય એવા કોઈ માણસને
આપી દે છે. આપવાનું કંઈજ ન રહે ત્યારે આનંદથી પોતાનો દેહ
કીડી મંકોડી, જંતુ, માખીઓ, સર્પ ઇત્યાદિને આપી દે છે અને સર્વ
મરૂપે તેનો ઉપયોગ પણ લે છે. માંસ ખાતી વખતે માખીઓ અને
કીડાઓને રૂપે તે સુખનો ઉપભોગ લે છે, અને પોતાના શરીરનાં હાડકાં
રકાવા લાગતાં હવા અને ઉષ્ણતારૂપે તે સુખ અનુભવે છે.

સાધારણ દાન-સંપત્તિ સંબંધે લોકોના વિચારો એવા થઈ ગયા
છે કે સમાજના એક ભાગને છેક નીચોવી નાખી-તેને નિર્ધન
બનાવી દઇને મેળવેલા પૈસાનો એકાદ સ્વલ્પઅંશ દાન કરીને
પાછો આપવો એને તેઓ મોટી ઉદારતા કહે છે! કોઈ માણસ
પાસેનું પાણી પંધારોજગારની કહેવાતી કળાઓદ્વારા પડાવી લઇને પછી
તૃષાથી મરવા પડેલા મનુષ્યના મોંમા બે ટીપાં પાણી નાખીને તેની વેદના
વધારનારની પેઠે, પોતેજ નીચોવી લીધેલા ગરીબો પ્રત્યે તેમની ઘણી દુઃખી
અવસ્થામાં કીર્તિ કે લોકલાજને ખાતર થોડાહજાર કે લાખનો તુચ્છ ટુકડો
ફેંકી દેવો, એજ બધું કે મોટું ધર્મ-દાન ન ગણાતું હોય એમજ એ
બિચારાઓ સમજે છે!! કંઇ પણ વ્યાજ ન લેવું એ પણ મોટો ઉપકાર
સ્વભાવ છે, કારણ કે વ્યાજ (સંસ્કૃતમાં વ્યાજ—યુક્ત્યાઇ, કમાઈ), લેવાની

રીત સર્વત્ર પ્રચલિત છે!

યૂરોપ અને અમેરિકામા દાનધર્મની એવી સ્થિતિ છે. ત્યારે હિંદુસ્તાનના લોકોની હાલની ધર્મબુદ્ધિ ખરી ભૂખથી ટળવળતા ગરીબ લોકોની બિલકુલ ચિંતા નહિ કરતાં તે તો માત્ર ભરેલાં પેટોવાળા, નિરૂદ્યોગી અને આળસુઓનેજ ભોજન કરાવીને દાતાઓને એકદમ સ્વર્ગે પહોંચાડે છે!

વાહાઈને હું આડંબરવાળી કહીશ નહિ. તમને સૌંદર્ય શાથી પ્રાપ્ત થાય છે? તમને ઢાંકી રાખનાર વસ્ત્રોથી કે ખુલ્લા કરનાર લાવણ્યથી? કપડા અથવા એવી બાહ્ય વસ્તુઓદ્વારા સૌંદર્ય ઉછીનું લાવવાની જરૂર નથી. સ્વાભાવિક હાસ્ય, આરોગ્ય અને ઉલ્લાસ ધારણ કરો.

ગમે તેને આવીને ચોરી જવા દો, તમારૂં શું બગડી ગયું? તમે તમારી સમતા ન ગુમાવશો, તમે સત્યરૂપ છો, સત્ય છો. તમે જડ ઐશ્વર્યને માટે નહિ પણ સત્યને માટે લડો છો. યુનીવર્સિટીની પદવીઓની તમને જરૂર છે કે? છટ્! સર્વોત્તમતા-સર્વસ્વામિત્વ-અંતિમ પદવી તો પોતેજ પોતાને અર્પણ કરવી જોઈએ.

સ્વપ્નમા વાઘ માનનારને સ્વપ્નની તલવાર જોઇએ એ ખરૂં છે, પરંતુ જાગૃતાવસ્થાની દૃષ્ટિએ જોતા સ્વપ્નમાના વાઘ અને તલવાર, બન્ને અર્થ વગરના જણાય છે અનુભવના શાસ્ત્રો અને કળાઓની એવીજ સ્થિતિ છે. લૌકિકજ્ઞાન અથવા સબંધની દૃષ્ટિએ તેની ગમે તેટલી આવશ્યકતા હોય, પણ બ્રહ્મજ્ઞાનમા (તુર્યાવસ્થામા) તેનું કંઇજ માન નથી આત્મસાક્ષાત્કાર કરવામા જે મોટી અડચણ આવે છે તે એ છે કે યુનીવર્સિટીની પદવીઓ, સર્ટિફીકેટો, ખેતાબો, માન અને બીજી માનસિક સંપત્તિ ભૌતિક ભડોળને લોકો વધારે મહત્ત્વ આપે છે જ મનુષ્યે આત્માનુભવ કર્યો હોય તેને તો આ જગત પોતાનાજ માયિક વિચારોથી ઉત્પન્ન થએલી સૃષ્ટિ તરીકે જણાય છે પોતે કહાડેલી ગાડાની ઇસ્પીતાલના રહીને લોકો એકબીજાની હામા હા મેળવી પોતાનો ભ્રમ કાયમ રાખે છે હીપ્નોટીઝમથી બેભાન થએલા મનુષ્યે પોતાના મનવડે કોરી જમીન ઉપર કલ્પનાથી બાંધેલા સરોવર જેવા જગતના સર્વ પદાર્થો છે; અને તે એવા માયિક હોવાથી તત્સંબંધી જ્ઞાન કે જેને

માટે મોટા વિદ્વાન લોકો શેખી કરે છે તે પણ કેવળ માયાજ છે. સર્વ વિશ્વ ક્ષણભંગુર હોવાથી તત્સંબંધી જ્ઞાન પણ તેવુંજ છે. આ દશ્ય પદાર્થના મૂળમાં જઈ પહોંચેલા આત્માનુભવી પુરૂષને આકાશમાંના મોટા મોટા ગોળા, નદીઓ, પર્વત, સૂર્ય, તારા વગેરે કંઇ આશ્ચર્ય પમાડતાં નથી અને જ્યોતિષી, ગણિતવેત્તા, વનસ્પતિશાસ્ત્રવેત્તા, ભૂગોળવેત્તા, પ્રાણિશાસ્ત્રવેત્તા વગેરેનાં જ્ઞાન તેમને છોકરાંની રમતો, આનંદ અને ગમ્મતથી કંઇ વધારે કિંમતી ભાસતાં નથી. વ્યાવહારિક વસ્તુ રાખનારા ધનવાનો અને વ્યાવહારિક પદાર્થોના જ્ઞાનવાળા વિદ્વાનો પણ તે પદાર્થોના જેટલાજ માયિક છે. જે પુરુષે આત્મસાક્ષાત્કાર કર્યો હોય તેની આગળ વિદ્વાન, તત્ત્વજ્ઞાની અથવા પ્રોફેસરે બતાવેલો ક્રોધ અથવા અનુગ્રહ–ટીકા કે સૂચના વ્યર્થ છે.

વિશ્વવિદ્યાલયો, પ્રદર્શનો, મેળાઓ, ચર્ચો, દેવાલયો, સમ્મેલનો અને સભાઓ પણ ઘણે ભાગે જગતની એ માયિક ભ્રાન્તિ અને નિદ્રાને કાયમ રાખવાનાં તથા વધારવાનાંજ સાધનો છે! સૂર્ય બરફના જેટલો શીતલ થઇ જાય, ચંદ્ર અગ્નિના જેવો તપ્ત થાય, દીવાની જ્યોત ઉપર ન જતાં નીચે જવા લાગે અથવા સર્વ દિશાઓ કાગળના ભૂંગળાની પેઠે સંકેલાઈ જાય, તોપણ જીવન્મુક્તને કંઈજ આશ્ચર્ય થતું નથી.

એક કાળે બ્રાહ્મણોએ જગતની ઉપર રાજ્ય કર્યું; તે પછી ક્ષત્રિય રાજ્યોના પણ યુગ વીતી ગયા; હાલમાં વૈશ્યોનું રાજ્ય ચાલે છે અને હવે પછી શૂદ્રોના શ્રમ એટલે સેવાનું મહત્ત્વ વધવાના દિવસો આવશે; પરંતુ સન્યસ્તવૃત્તિથી પાવન થએલા શૂદ્રોજ તે મહત્ત્વ વધારવાનું કાર્ય કરશે.

યુરોપ અને અમેરિકાના મજુરો (શૂદ્ર) ધાર્મિક પ્રતિબંધ અને વંશપરંપરાથી બંધાએલા નથી; તોપણ તેમની સ્થિતિ સારી નથી. હિંદુસ્તાનમાં અસંખ્ય જાતિભેદદ્વારા સર્વ લોકોની આત્મભ્રાઇને મદદ મળવાથી એ દુષ્પરિણામ અને અન્યાય બમણાં વધ્યાં છે. એથી હડતાલો પડતી નથી એ ખરૂં, પરંતુ આખો દેશ તો દુર્બળ અને મુંગા મોંઢાથી પણ વધારે બીકણ બને છે.

આજ સુધી વેદાંત માત્ર થોડા લોકોનીજ મિલકત થઇ પડ્યું હતું.

મુખ્યત્વે કરીને બુદ્ધિની ભૂમિકા ઉપરજ તેનો આધાર હતો. આટલા દિવસ સુધી ગર્ભરૂપે રહેલું એ મૂળ (વેદાંત) પૃથ્વીના ઉદરમાં (હિમાલયનાં) હતું, પરંતુ પવિત્ર ગંગારૂપે બ્રાહ્મણ અને શૂદ્રની મલિનતાને તે એકસરખી રીતે પોઇ કહાડતું, દેવ અને માનવને સમાન રીતે પવિત્ર કરતું અને સર્વ અસ્વાભાવિક ભેદને નષ્ટ કરતું હવે તે નીચે ખુલ્લા મેદાનમાં આવ્યું છે. વિરાટસ્વરૂપી માનવસમાજ એકરૂપ હોવો જોઇએ, એ ઘટના વેદાંતના અનુભવ વિના ક્વચિતજ સમજાય એવી છે

જેમ અન્નનું સેવન આપણે દરરોજ ઇરાદાપૂર્વક કરીએ છીએ, પરંતુ તેને પાચન કરવાની અને શરીરના જુદા જુદા ભાગમાં પહોંચાડવાની ક્રિયાઓ તો એની મેળેજ થાય છે; તેવી રીતે ઐક્ય અને પૂર્ણતા, ભક્તિ અને પ્રભુતામાં ચિત્ત લીન થતાંજ સર્વ ભેદ અને આવશ્યક ફેરફારોની વ્યવસ્થા એની મેળેજ થશે. ઈશ્વરી નિયમો-કુદરત પોતે તે કરી લેશેજ.

હિંદુસ્તાનના રાજારજવાડાઓ, ધર્મગુરૂઓ, શૂદ્રો અને રાજ્યકર્તાઓ! થોડાંજ વર્ષોમાં શું પરિણામ આવશે તેનો તમને ખ્યાલ પણ છે? ભલે તો મને વિચિત્ર માણસ જાણીને મશ્કરી કરો; પરંતુ મારી સામે [illegible] દેખાય છે [illegible] સ્થાની [illegible] (ખરા સંન્યાસીઓથી) [illegible] પૃથ્વીની ઉપર દેખા [illegible] કરતા હોય [illegible] લાગે છે, મનુષ્યોના શરીર [illegible] ઉપરથી નાખી કરેલા (જાતિ) ભેદ નષ્ટ થઈ ગયા [illegible] હિંદુ [illegible] ચીન, [illegible] રશિયા અને ઇંગ્લાંડ વચ્ચેના ભેદભાવ [illegible] નવા [illegible] થાય છે અને વળી તે પણ [illegible] નવા કરે.

કે ત્યાગમાં પડેલા વાળાઓ [illegible] ઉપર [illegible] એટલે અનુષ્ય સન્યાસ, [illegible] કરતો નજરે પડશે જુઓ! જુઓ [illegible] સાધુ [illegible] કાળજી થઈ ગયા સન્યાસીનું [illegible] સ્ત્રીની ઉન્નિ પછી નદી છે સોના [illegible] હિમ્મત અને 'રામ' ની પવિત્રતા [illegible] થઈ ગયા છે [illegible] બાઈ અને વિદ્વાન [illegible] વિરુદ્ધ [illegible]

ઐક્ય થયું છે. આત્યંતિક વિરોધ નાશ થયો છે. વિશ્વ એક કુટુંબ બન્યું છે. જુઓ, આ સર્વોત્તમ દીર્ઘદ્રષ્ટિ પ્રાપ્ત કરો અને પછી અવલોકન કરો.

આપણને અગ્નિ અથવા શસ્ત્રોની જરૂર પડશે કે? ના. પોલીસની? ના. આ હવાઈ કિલ્લા-મનોરાજ્ય છે? ના. આ કેવળ વિચારભ્રમ છે? ના. આ શું સમાજવાદ અને જાતિવાદ છે? હશે, પરંતુ તે હિંદુસ્તાનમાં મૂળબીજ છે; નવા નથી. વેદાંતનો એ એક સ્વાભાવિક ઉપસિદ્ધાંત છે. હિંદવાસીઓ! જો તમે આત્માને ઓળખશો અને ત્યાગ સ્વીકારશો તો તમારો રોગ ક્યાં રહેશે? આંતરિક ઉપાધિ નાશ પામતાંજ બાહ્યોપાધિ એની મેળે શમી જશે. યુક્તિ કે ચાલાકીની જરાએ જરૂર નથી, શંકા અથવા ભીતિ રાખવાનું કાંઈ કારણ નથી. બીકણ ઈશ્વરદ્રોહીઓ ભલે તેમને ફાવે તે માર્ગ સ્વીકારે!

હું 'રામ બાદશાહ' છું અને તમારૂં હૃદય મારૂં સિંહાસન છે. વેદોદ્વારા, તેમજ કુરુક્ષેત્ર, જેરૂસલેમ અને મક્કાના સ્થાનોમાં મેં જ્યારે ઉપદેશ કર્યો ત્યારે લોકોએ તેનો ઉંધો અર્થ કર્યો. હવે હું ફરીથી મુખ ઉઘાડું છું. હું અને મારો શબ્દ એજ તમે અને તમારો શબ્દ! तत्त्वमसि! જે જે કાંઈ તને દેખાય છે તે તું છે!

તમારામાંના કેટલાક ભવાં ચઢાવે છે, કેટલાક ગરૂડની ચાંચની પેઠે મોં મરડે છે, ગમે તેમ કરો; પરંતુ ઇશ્વરેચ્છાનો અમલ તો થશેજ, કોઇ તેને અટકાવી શકે તેમ નથી. કોઇ પણ રાજા, દેવ, દાનવ તેના માર્ગમાં વિઘ્ન નાખી શકે તેમ નથી. સત્યની ગતિ અનિવાર્ય છે. નિરાશ થશો નહિ. મારૂં મસ્તક તમારૂં છે. ગમે તો તેને કાપી નાખો, તેની જગ્યાએ બીજાં હજારો ઉત્પન્ન થશે.

શમ્સ તબ્રેજ (એક સુફી કવી) એજ સંગીત ગાય છે, ખરૂંને! પંજાબના મધુર બુલ્લાશાહ અને પરાક્રમી ગોપાળસિંગે પણ એજ ગાયું ને! જીસસ ક્રાઈસ્ટે પોતાના ભાગ્યાતૂટયા શબ્દોમાં એજ કહ્યું ને! મહમ્મદને એજ ચંદ્ર જણાયો ને? મારે એનું શું? જ્યારે મને ચંદ્રનું દર્શન થાય છે ત્યારે મારી ઈદ આવે છે! સત્યને પ્રાચીન કે અર્વાચીન એવો ભેદ નહોતાં એ હમ્મેશાં નવીનજ છે. તમને સાક્ષાત્કાર થયો એટલે તમારી ઇદ આવી સમજવી. જ્યારે તમને આત્મજ્ઞાન થાય

છે—સત્યરૂપ ઈશ્વરનું જ્ઞાન થાય છે ત્યારે અજ્ઞાનને દીપે ભિન્ન જ્ણાતા મોટા વીરો અથવા મહાન પુરુષો અને સાધુસંતો વમારામાં મળી જાય છે. તેઓને વશ અને વશે તે તેઓ એવું બની રહે છે. કેવું અહો આશ્ચર્ય !

(૩) સુધારક.

અમેજ કવિ શેલી એક ઉંચે ઉડતા મસોળ પક્ષીને સંબોધીને કહે છે કેઃ—"અગ્નિની જ્વાલા જેવું તું પૃથ્વીપરથી ઉંચે; અને ઉંચે ઉડતું જાય છે, નીલવર્ણ આકાશને તું વીંધતું જાય છે અને ગાતું ગાતુંજ ઉડે છે, તેમજ ઉડતું ઉડતું ગાય છે."

"પ્રાચીનકાળમાં એક સાધુ થઇ ગયો, તે એટલો બધો પવિત્ર હતો કે માનવપ્રાણી એવો શુદ્ધ શી રીતે હોઇ શકે એ જોવાને માટે સ્વર્ગમાંથી દેવો નીચે ઉતર્યા. તે સદા પોતાનું નિત્યકર્મ કર્યા કરતો અને જેમ તારા તથા પુષ્પો સ્વાભાવિક રીતેજ પ્રકાશ અને સુગંધ પ્રસારે છે તેમ તે સદ્ગુણોનો પ્રચાર કરતો.

એજ શબ્દોમા તેની દિનચર્યા કહી શકાએ. તે દાન કરતો અને ક્ષમા કરતો ! પરંતુ એ શબ્દો તેના મોમાથી કદિ નીકળતા નહિ. તે શબ્દો તેના આનંદ, દયા, ક્ષમા અને દાનમાજ જણાઈ આવતા. દેવોએ ઇશ્વરને કહ્યુ.—"પ્રભો ! આને કંઇક સિદ્ધિ આપો " ઇશ્વરે કહ્યુ "ઠીક, એને શું જોઇએ છે તે પૂછો."

આથી દેવોએ સાધુને પૂછ્યું "તારા હસ્તસ્પર્શથી રોગીઓના રોગ મટી જાય એવી સિદ્ધિ તારે જોઈએ છે ?"

સાધુ બોલ્યો.—"ના, ના, એ કાર્ય તો ઇશ્વરનેજ કરવા દો."

"પાપીઓનો ઉદ્ધાર કરવાની અને કુમાર્ગે જતા લોકોને સન્માર્ગે ચઢાવવાની શક્તિ જોઇએ છે ?"

"ના, ના, તે દેવોનુ કામ છે મારે તો ભક્તિ કરવી છે મારે કોઇનો ઉદ્ધાર કરવો નથી "

"શાંતિની મૂર્તિ બનીને પોતાના સદ્ગુણના પ્રભાવથી સર્વ લોકોને આકર્ષીને ઇશ્વરનુ મહત્ત્વ વધારવાની શક્તિ જોઇએ છે ?"

"ના, ના, લોકોને હુ આકર્ષી લઉ તો તે ઇશ્વરથી વિમુખ થાય. પોતાનુ મહત્ત્વ વધારવાના બીજા સાધનો ઇશ્વર પાસે ઘણા છે."

"ત્યારે તારી શી ઇચ્છા છે ?"

સાધુ મધુર સ્મિત કરીને બોલ્યો: "મારી ઇચ્છા શી હોય ! ઇશ્વરની મારા ઉપર પૂર્ણ કૃપા રહેવા દો. શું તેમાંજ સર્વે આવી જતું નથી !"

પરંતુ દેવોએ વિશેષ આગ્રહ કર્યો કે, "તારે કંઇ પણ વર માગવોજ જોઇએ; નહિ તો પછી કોઇ સિદ્ધિ બળાત્કારે તમને આપવી પડશે."

સાધુ બોલ્યો: "ઠીક છે, હું એટલુંજ માગું છું કે મને માલુમ પડ્યા વિના મારા હાથથી ઘણાં સત્કૃત્યો થાય."

દેવો ગુંચવણમાં પડયા. સૌએ વિચાર કરીને એક યુક્તિ ગોઠવી. જ્યારે જ્યારે તે સાધુનો પડછાયો તેની પાછળ અથવા તેને ન દેખાય એવી બાજુએ પડે ત્યારે ત્યારે તેમાં રોગ મટાડવાની અને દુઃખનું નિવારણ કરવાની શકિત આવે એમ તેમણે ઠરાવ્યું અને તે પ્રમાણે થયું. જ્યારે પેલો સાધુ કોઈ રસ્તે જાય ત્યારે તેની પાછળનો અથવા બાજુનો પડછાયો જેટલી જગ્યામાં પડે તેટલી જગ્યા નવપલ્લવ થાય. ત્યાંનાં સૂકાં ઝાડોને પાંદડાં અને ડાંખળીઓ ફુટે, સૂકાઈ ગએલા ઝરાઓ પુનઃ વહેતા થાય, નિસ્તેજ છોકરાંઓ સતેજ થાય અને દુર્દૈવી માતાઓ આનંદી બને. તારા અને ફૂલો જેમ પોતે ન જાણતાં પ્રકાશ અને સુગંધ પ્રસારે છે તેમ તે સાધુ આવી રીતે સદ્ગુણોનો પ્રસાર કરતો અને પોતાના નિત્યકર્મમાં સદા મગ્ન રહેતો.

તેની નમ્રતાને માન આપી લોકો છાના છાના તેની પાછળ જતા અને તેની શક્તિની વાત તેની પાસે કદિ કહાડતા નહિ. ધીમે ધીમે લોકો તેનું સાચું નામ પણ ભૂલી ગયા; અને 'પવિત્ર છાયા' એજ એનું ઉપનામ પડયું.

તમારામાં સત્ય એટલી હદ સુધી આવી જવું જોઇએ કે તેની આગળ વિત્ત અને વ્યક્તિનો આડંબર હવાની માફક અદૃશ્ય થઈ જાય. જ્યારે સત્યની સાથે તમારૂં પૂર્ણ તાદાત્મ્ય થશે ત્યારે મત્સરનાં બાણ તમને વિંધી શકશે નહિ. ગેંડા પોતાનાં શીંગડાં કયાં મારવાં તે સમજશે નહિ; વાઘ પોતાનો તીક્ષ્ણ નખવાળો પંજો કયાં મારવો તે સમજશે નહિ; તલવારને પેસવાની કયાંય જગ્યા મળશે નહિ અને તમારા દેહ ઉપર તોપના ગોળા વરસે તોપણ તમને

તેનો સ્પર્શ સરખો થશે નહિ.

સત્યનીજ પ્રીતિ સંપાદન કરો. એકલા રહેવું પડે તોપણ સત્યનેજ વળગી રહો. સત્યનીજ બાજુએ લડતાં લડતાં મરો. સદાચારના સ્વર્ગમાં કદાપિ તમે એકલા પડો તોપણ સત્ય નિધારૂપી સૂર્ય તમારો સોબતી છેજ. તમારા તેજસ્વી વિચારો ગ્રહણ કરીને ઘણા સત્સંગીઓ તમને આવી મળશે અને એની મેળેજ તમારો યોગ બનશે. તત્ત્વ છોડી દઇને સંઘ કરવાની ખટપટ કરશો નહિ. મારે લોકોના મત બદલવાની અથવા અનુયાયીઓ મેળવવાની ઇચ્છા નથી; મારે માત્ર સત્યને અનુસરીને ચાલવું છે. સત્યને સંરક્ષણ અથવા સંરક્ષકની જરૂર નથી. સૂર્યના પ્રકાશને પેગંબરો અથવા દૂતોની જરૂર પડે છે? હું સત્યનો પ્રસાર કરતો નથી, સત્ય પોતેજ મારો અને તેનો પોતાનો પ્રસાર કરે છે.

ઉત્ક્રાંતિવાદી લોકો અનુકૂળતા સંબંધે એમ કહે છે કે જો માણસને **દરેક સંયોગમાં ઉત્તમ રીતે સમાધાન પામતાં આવડે તો તેને આ જગતમાં સુખે જીવન વીતાવવું મુશ્કેલ નથી.** અસંખ્ય પ્રાણી, વનસ્પતિ અને મનુષ્યોને એ આવડે છે; તેથીજ જીવનકલહમાં તેમની અને તેમના વંશજોની જીત થાય છે. જે જીવતું રહેવાની કળા જાણે છે તે ઋષિજ છે. આખા જગત ઉપર તેને પ્રેમ હોવાથી જગતે તેનાપર પ્રેમ રાખવોજ જોઇએ. વાસનામય ક્ષુદ્ર અહંકારનો ત્યાગ કરીને સર્વની સાથે જેનું ઐક્ય થયું છે એવા મનુષ્યની સામે સંકટો કેટલી વાર ટકે! જીવનકલહમ. માત્ર પરોપકારવાદીજ વિજયી નીવડે છે; પરંતુ એ શાસ્ત્રીય નિયમનો લોકોદ્વારા દુરૂપયોગ થવાનો ઘણો સંભવ છે

પરોપકારવાદ એટલે શું? લોકો શાની આશા રાખે છે? તેમને શું ગમે છે? તેમની ઇચ્છા શું છે? તેમને શું પસંદ છે? એ સદા શોધતા રહેવું એવો શું એનો અર્થ છે? "કોઇ રીતે અનુકૂળ થવાની કળા" નો અર્થ લોકો ચ્હાચાર એવો કરે છે? અથવા "કર્મ કરવાની તૃષ્ણા" એજ શું સેવાધર્મ છે? ના. ખરો સ્વાર્થ એજ ખરો પરમાર્થ છે, જેનું હૃદય ઉદાત્ત અને પ્રેમમય થયું છે અને જે પોતાના હૃદયમાં પ્રગટ થયેલા સત્યનું સમાધાન બહારના પ્રમાણો અને અભિપ્રાયોના નામ નીચે દૂષિત કરીને નહિ, પણ સ્પષ્ટ રીતે જાહેર કરે છે તેજ છેવટે વિજય મેળવે છે.

જેમ ખેતરમાં એક તરણુચ પાકવા આવે ત્યારે બીજાં પણ હેવ તરણુચ એજ ઋતુના પ્રભાવથી પાકેલાં હોય છે; તેવીજ રીતે એકા પ્રથમ દષ્ટિએ નવો અને વિચિત્ર જણાતો વિચાર તમારા મનમાં ત્યારે ખાસ સમજવું કે એજ વિચાર બીજા હજારો લોકોના મ કાંઇક ઓછી સ્પષ્ટતા સહિત આવતો હોવો જોઇએ. જ્યારે વસંતઋતુ કોઇ ઝાડ ઉપર એકાદ પાંદડું, ડાંખળી અથવા અંકુર ફુટવા લાગે અને જ્યારે તેની સાથે કોઇ રોપો પણ ભૂમિમાંથી ઉગી નીકળે ત્યારે તેના જેવાં હજારો પાંદડાં, ડાંખળીઓ, અંકુરો અને રોપાઓ તે વખતે કોઈ બીજે ઠેકાણે પણ અવશ્ય ઉગતા હોય છે. ધર્મ, ની અથવા બુદ્ધિનો નવો જુસ્સો હમ્મેશાં માતાના ગર્ભના બાળકના લોજ પવિત્ર છે. તે છુપાવી રાખવો એ પરમાત્માનો દ્રોહ કર્યા બરોબર

તમને આશ્ચર્ય થશે, પરંતુ પોતાની જાત પ્રતિ પ્રમાણિકપણે વ વામાંજ તમે સૌની સાથે પ્રમાણિકપણે વર્તો છો. કેવળ સત્યને મ આપણે જે નમ્રતા, ત્યાગ અને અભિપ્રાયની એકતા દર્શાવીએ છીએ નિષ્પાપ છે. પૈસાદાર વ્યક્તિ, ડોળદમામ, ભભકો, પદ્વીઓ, સંપત્તિ લૌકિક વિદ્વત્તા અને આચારને માટે પૂજ્યભાવ રાખવો પણ જડ મૂર્તિનીજ પૂજા છે. વ્યાવહારિક જ્ઞાન એ અજ્ઞાનનું બીજું નામ છે.

નક્ષત્રો આનંદથી આત્મપ્રકાશ કરે છે અને સમુદ્રમાં કૌમુદીપ્રભા લહરીઓ સ્વયંભૂ વિહાર કર્યે જાય છે; કારણ કે તેઓ આત્મરત છે, તેઓ કોઇ પણ ચીજની ઝંખના કરી તેને માટે ઝુરતાં નથી. જે આત્મતૃપ્તિ થઇ નથી તેનેજ કંઇ લલવલાટ થયા કરે છે. તેઓ આત્મ સત્તાનાજ બંધનમાં છે ઇશ્વરનાં બીજાં કામો કઇ સ્થિતિમાં છે તે જાણ વાની તેઓ દરકાર કરતાં નથી, તેઓ પોતાનાં કાર્યોમાંજ પોતાની સર્વ શક્તિનો વ્યય કરે છે અને તમે જુઓ છો કે આવી રીતે તેઓ મહા જીવન ભોગવે છે; માટે હે મનુષ્ય! આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાનો નિશ્ચ કર, અને જે પોતાના સત્ય સ્વરૂપને ઓળખે છે તે પોતાના અહંભાવ ભૂલી જાય છે, એ તત્ત્વને જાણ.

હે સત્ય! તારા ઉપર મારો પ્રેમ છે. હે પ્રેમ! તારી સાથે હું સદા

આભૂષિરૂપે વર્તુ છું, પોતાના હાથથી કંઈપણ દૃશ્ય કાર્ય થાય, પોતાના ભક્તોની સંખ્યા મોટી દેખાય, એવી કર્મવાદીઓની આકાંક્ષાજ સત્ય શ્રેયની આડે આવનારી પ્રચંડ વિઘાતક શક્તિનું કાર્ય સારે છે. ફળ અને સંખ્યાવાચક આંકડાઓનો ફળના પુરાવાની ચિંતાથીજ ઘણો ગુંચવાડો ઉત્પન્ન થાય છે. એકાદ શબ્દમાં આખા દેશને નુકસાન કરે એટલું ઝેર હોય, પરંતુ તેથી શું તે શબ્દનું મહત્ત્વ જણાશે કે? ઘણીવાર કેટલાક પંથોનો પ્રસાર આવાજ કારણોથી થાય છે.

પોતે વાવેલાં ઝાડને પોતાની નજર આગળજ ફળ આવે અને તે પોતાનેજ ખાવા મળે; આવી ઘણા લોકોની ઇચ્છા હોય છે. આ ઉપરથી શ્રદ્ધાનો અભાવ અને સ્વાર્થી વૃત્તિ જણાઈ આવે છે. ઇશુખ્રિસ્ત, નાનક વગેરે સાધુસંતોએ જે વૃક્ષને પોષવાને માટે પોતાના દેહો ખાતરરૂપે અર્પણ કર્યા હતા, તે વૃક્ષને ફળ આવતાં શતકો વીતી ગયાં હતાં એ વાત ભૂલવી જોઈએ નહિ. કેટલાક વક્તાઓને પોતાની પાછળ ધૂમકેતુની પેઠે એકાદ ભભકાદાર ઉપાધિના પુંછડાનીજ અભિલાષા હોય છે; પરંતુ એ અસ્પષ્ટ પુંછડું પ્રચંડ અને વિસ્તીર્ણ હોવા છતાં છેક સાર વિનાનું હોય છે. આતસબાજી જોવાને લોકોના ટોળેટોળા આવે છે, પરંતુ તે પુરી થયા પછી તેની કશીજ નિશાની રહેતી નથી. અંધારામાં ગોથાં ખાતો મનુષ્ય દારૂખાનાના અજવાળાના ક્ષણિક પ્રકાશથી કદિ પોતાનો માર્ગ કાપી શકશે? નિરંતર પ્રકાશ, પછી તે નાની સરખી મીણબત્તીનોજ કેમ ન હોય, તો પણ તેજ સદા ઉપયોગી છે.

તમારૂં ગુરુત્વમધ્યબિંદુ તમારી બહાર જવા દેશો નહિ. શુદ્ધ પ્રેમ અને સ્વાર્થત્યાગ એજ ચારિત્ર્યનાં પ્રધાન અંગ છે. 'પરોપકાર' એ તો કેવળ કવચિત્ કવચિત્ બહાર પ્રતીત થતી તેની છાયાજ છે.

અંતરિક્ષમાં પૃથ્વી સૂર્યની ભણી પોતાની દૃષ્ટિ રાખીને ફરે છે. નીલવર્ણી નભમાં દિવ્ય પ્રકાશ નાખતી, સૂર્યરહિત કિંવા તોફાની વાદળાંથી અસ્ત થએલી અવસ્થામાં પૃથ્વી સ્તબ્ધ થતી નથી, અણુ માત્ર પોતાની ગતિ બદલતી નથી, પણ એક સરખી નિયમિત ગતિએ પોતાનો પ્રવાસ કર્યે જ જાય છે. સૂર્યપ્રકાશ કિંવા તોફાનથી આવૃત્ત થતા છતાં તે ચાલીજ જાય છે. તેજ પ્રમાણે હે પૃથ્વીના મનુષ્ય! તારી પાસે

સમય અને શકિત બન્ને છે, માટે આગળ અને આગળજ ચાલ્યો. આય-
કોઈ કાર્યકર્તામાં અમુક વિષયમાં દોષ હોય છે માટે બીજી બાબતોમાં
પણ તેની સેવા સ્વીકારવી નહિ એવી પ્રવૃત્તિ હિંદુસ્તાનમાં જણાઇ આવે
છે. દાખલા તરીકે 'એકાદ ઉપદેશક ખાનપાનના વિધિનિષેધને ન માનતો
હોય તેનો ઉપદેશ સાંભળવોજ નહિ.' આમ થવાથી દેશમાં સંપીને
કામ કરવું લગભગ અશકયજ થઇ પડયું છે. આ ન્યાય તો ગાયપર
સ્વારી કરી શકાતી ન હોવાથી તેના દૂધનો અસ્વીકાર કરવો અને ઘોડી
દૂધ નથી આપતી તેથી તેના ઉપર સ્વારી કરવાનું છોડી દેવું, એના જેવોજ છે.

વિજ્ઞાનવેત્તાઓને એવો અનુભવ થયો છે કે સામાજિક જીવન-
ની રસાકસીમાં ધાંધલિયાઓ કાંઇ આગળ વધી જતા નથી, તેમ
બલવાન પણ વિજયી નીવડતા નથી, પણ પરસ્પર સંપીને કામ કરી
શકે છે તેઓજ યશ મેળવે છે. પ્રથમ સંપ અને પછી હરિફાઇ. મનુ-
ષ્યમાં સંપ શી રીતે ઉત્પન્ન કરી શકાય તે પ્રથમ જોવું જોઇએ. કેવળ
સંપની ખાતરજ કરેલી એકતા ટકશે નહિ. શરીરના જેવા સેંદ્રિય પદાર્થો
આપોઆપ બને છે; તેવીજ રીતે પરસ્પર સહાય, સંપીને કામ કરવાની
ઇચ્છા અને સમાન કાર્યમાથી સર્વ શાસ્રો ઉત્પન્ન થાય છે; પરંતુ કોઇ
પણ બે શાસ્રોને એક બાજુએ રહેવાની જરૂર નથી. એક સત્યની
સાથે પ્રમાણિકપણે વર્તવામાં શાસ્રોની એકતા થાય છે. પ્રેમ, ક્રીડા
સરળતા, એ આખા જગતમાં નાના છોકરાઓનો સામાન્ય ધર્મ છે
ધર્મની આ એકતા બાળક પોતાની બાત રહ્યે પ્રમાણિકપણે વર્તે છે
તેથી પ્રાપ્ત થાય છે. ઘણીવાર લોકપ્રશંસાની લાલસાથી આપણું ચારિત્ર
બગડે છે. આપણી કૃત્રિમ અને દાંભિક સમાજનો મહેલ એ પાયા ઉપ-
રજ રચાએલો છે. વિકૃત રૂચિવાળાઓને ખુશ કરવા માટેજ મનુ-
ષ્ય અન્ય સમયે ન કરતો હોય તેવી બાબતો કરે છે. દાખલા
તરીકે દારૂનું વ્યસન ઘણું કરી સગહાવ્યાં અને દારૂડીઆ મિત્રો પ્રત્યેના
માનને લીધેજ વળગે છે.

સત્યવ્રતજ ફકત ખરૂં હિત છે.સત્યાચરણ એજ સત્કર્મ છે. સત્યજ તમને
બળ આપે છે, સત્યજ તમને સ્વત બનાવે છે. પોતાને માટે પોતે નિયમ
ઘડી કહાડવાથીજ બાહ્ય વિધિનિષેધથી મુકત થવાય છે. ખરૂં માન પણ

એજ છે. સૃષ્ટિરૂપી ગ્રંથમાં ઈશ્વરે પોતાના હાથથી સ્પષ્ટજ લખ્યું છે કે દૌર્બલ્ય જેવું બીજું પાપ નથી. તે દૌર્બલ્ય અજ્ઞાનથીજ ઉત્પન્ન થાય છે.

જે ચિરકાલ ટકે છે અને વધે છે, તે ઈશ્વરેચ્છાને અનુસરતું હોવું જોઈએ. કોઈપણ નિયમ એટલે ચમત્કારાનુસાર વસ્તુસ્થિતિ ઉપરથી ઠરાવેલો સામાન્ય સિદ્ધાંત. સૃષ્ટિરૂપી ધર્મ ગ્રંથ આપણને નીચેનો નિયમ કહે છે:—"જે સત્ય છે તે આજે નહિ તો કાલે પણ બળવાન થઈને જીત્યા કરશેજ." સત્ય પહુંજ મજબૂત હોય છે. સ્પર્શ થતાં પાણીના પરપોટાની પેઠે તે ફુટી જતું નથી; એટલુંજ નહિ પણ ફુટબોલની પેઠે તમે એને આખો દિવસ લાતો મારો તો પણ સાજો તે મજબૂત, નીરોગ અને તાજોતગડો રહેશે. ઈશ્વર આખા જગત ઉપર રાજ્ય કરે છે અને સર્વ શક્તિમાન સત્યજ સર્વને જીતે છે. સત્યથી વિસ્મિત થશો નહિ, તેમ તેનાથી બીશો પણ નહિ. અંતઃકરણપૂર્વક 'अहं ब्रह्मास्मि' (હું પરમાત્મા છું) એમ જપો.

જે પક્ષ વધારે સત્યનિષ્ઠા બતાવે છે, અનંત શક્તિમાં મળી જઈને કામ કરે છે અને સર્વ શક્તિમાન પરમેશ્વરનું સ્વરૂપ વ્યક્ત કરે છે, તેનેજ વિજય અને મોટાઈ પ્રાપ્ત થાય છે. સત્યની ભાવના (જ્ઞાન) થી સામર્થ્ય અને વિજય મળે છે. દેહાભિમાનથી—પછી 'હું બ્રાહ્મણ છું કે સંન્યાસી છું' એવું અભિમાન હો—તમે શૂદ્ર બનો છો. ચામડા સાથે વ્યવહાર કરનારી એ ચાંડાળવૃત્તિ ત્યજો. હો એવી શ્રુતિએ તમને વારવાર ચેતવણી આપી છે.

સત્યનિષ્ઠ-સ્વાર્થત્યાગી મનુષ્ય ચમારના ધંધામાં પણ સંન્યાસવૃત્તિ લાવી શકે છે. માત્ર તે ધંધાથીજ—કિંબહુના કોઈ પણ જાતના કામ ધંધાથી તમે શૂદ્ર બનતા નથી. સ્ત્રીઓ, બાળકો અને શૂદ્ર એ પણ રાષ્ટ્રરૂપ વૃક્ષનાંજ મૂળ છે, છતાં એ સૌને કેળવવા અને ખીલવવા તરફ હિંદુસ્તાનમાં કોઈ ધ્યાન આપતું નથી. ઉચ્ચ કહેવાતા લોકો બહુ તો એ વૃક્ષના ફૂલોજ કહેવાય. માત્ર આનંદ ખાતર એ ફૂલો વૃક્ષ ઉપર લટકતાં રહે એટલા માટે તેને પંપાળવા કરવામાં આપણે આપણો વખત નકામો ગાળવો ન જોઈએ. મૂળ તરફ ધ્યાન રાખો. તેને યોગ્ય ખાતર અને પાણી પૂરૂં પાડો. એ મૂળને પાળવા પોષવામાંજ એ ફૂલની અને આખા રાષ્ટ્રરૂપ વૃક્ષના દરેક અંગની ખરેખરી શોભા તથા આબાદી રહેલી છે.

પ્રિય સુધારક ! શ્રીમંતોની ઇચ્છાનુસાર વર્તવાથી તમને ક્ષણિ
મહત્વ મળશે; પરંતુ ગરીબ લોકો, સ્ત્રીઓ અને બાળકોના હાથથી
સત્યની સ્વારી આગળ વધશે; બીજાના હાથથી નહિ. ઇતિહા
તો એમજ કહે છે. આધુનિક ઉપદેશકની વૃત્તિ એવી છે કે સર
કારી અમલદાર વગેરે બડા લોકો પોતાના વ્યાખ્યાનમાં આ
એટલે તેઓ પોતાને કૃતકૃત્ય માને છે. એ ખરૂં છે કે સરકારી નોકર
બીજાં માણસોના કરતાં અધિક હોશિયાર હોય છે અને તેથી તેઓ
થોડાઘણા ઉપયોગી પણ છે; પરંતુ જેમનો જુસ્સો હમ્મેશના ઘસડાઓ
મંદ પડી ગયો છે અને અતિશય શ્રમ કરવાથી જેમની શક્તિ ક્ષીણ
થઇ છે, એવા એ લોકોને તેમના માનમર્તબારૂપી કેદખાનામાં અને ઉત્સા
વિનાના ચેન આસન ઉપરજ બેસી રહેવા દો. તેમને પોતાન
પરસેવાનાં ટીપાંથી મેળવેલી મધુર પ્રશંસાનાં શાંત કરી નાખનારાં હાલ
રડાંઓ અને પોતાના અનુચરો તરફથી મળતા માનનો યથેચ્છ ઉપ
ભોગ લેવા દો. ખરો રાષ્ટ્રોદ્ધાર તો રાષ્ટ્રનાં ગરીબ મૂળેથીજ થવાનો છે

હિંદુસ્તાનમાંની અનેક હીલચાલો વિજયી ન નીવડવાનુ
મુખ્ય કારણ એજ છે કે, કાર્ય કરનાર લોકોએ પોતાની સવ
શક્તિ મૂળ તરફ ન વાપરતાં માત્ર ફળ અને પાંદડાંઓનેજ
(બડા લોકોનેજ) પાણી છાંટવામાં ગુમાવી દીધી છે; ખરે
રીતે તો રાષ્ટ્રવૃક્ષના આધારરૂપ બિચારા શૂદ્રોનેજ પ્રકાશ અને
ચૈતન્યની જરૂર છે. જેઓ શૂન્યવત્ ગણાય છે એવાં ગરીબ ગુરખાં
ઓની તમે ચિંતા કરશો તો લોકો તમને ઠપકો દેશે ખરા; પરંતુ
ધ્યાનમાં રાખજો કે શૂન્યને એકડાની જમણી બાજુએ મૂકવાથી એકડાની
કિંમતને દશગણી વધારવાની તેનામાં શક્તિ છે, માટે તમારા એકત્વનો
–અભેદભાવનો આંકડો અથવા શૂન્યોની સાથે મેળાપ થવા દો. ‘ तत्त्वमसि'
તે તુંજ છે.

કેટલાક કહે છે કે સ્ત્રીઓ, બાળકો અને શૂદ્રો બ્રહ્મવિદ્યાનાં અધિકારી
નથી. આવી માન્યતાને લીધેજ વેદાંત એક મોટો પણ ગહન વિષય
અર્થાત્ કેવળ એક અનુભવશૂન્ય વિધિસમૂહ થઇ પડયો છે.

જો દરેક બાળક સૂર્યનો પ્રકાશ અને હવા લેવાને યોગ્ય હોય, તો

તે આધ્યાત્મિક પ્રકાશ અને હવા લેવાને કેમ લાયક ન હોવું જોઈએ? એ બ્રહ્મવિદ્યા કોઈની પાસે છુપાવો છો શા માટે? અજ્ઞાન અને દૌર્બલ્યનાં ભોંયરાં તથા ઓરડીઓ જમીનદોસ્ત કરી નાખો, ઈશ્વરી પ્રકાશ –ઈશ્વરી હવા લેવા દઈ સૌને ભાગ્યશાળી બનાવો.

વિધિનિષેધના ગાંસડાઓ બળાત્કારે લોકો ઉપર લાદવાથીજ તેમને આધ્યાત્મિક દારિદ્રય ઉત્પન્ન થવું છે. ધાંધલિયા નીતિ અને ધર્મના માત્ર ઉપદેશનના ધંધો લઈ બેઠલાઓ પોતાને માટે અને બીજાઓને માટે તત્ત્વનું (સત્યનું) જ્ઞાન મેળવવું છોડી દઈને–સદ્‌ગુણના બાહ્ય નિયમોનો બોજો લોકો ઉપર લાદીને પોતાનીજ ઈષ્ટપ્રાપ્તિને નુકસાન પહોંચાડે છે. દરેક જણ પોતાના અનુભવ પ્રમાણે ચાલે છે. આંખો આગળ કુવો જોયા છતાં જાણી જોઈને તેમાં કોઈ ભૂસકો મારતું નથી. આપણી સર્વ વિધિનિષેધક આજ્ઞાઓ મનુષ્યમાં રહેલી પશુવૃત્તિઓને લાગુ પડે છે. જ્યારે આપણે એકાદ છોકરાને 'ફલાણું કામ કરીશ નહિ' એમ કહીએ છીએ, ત્યારે તેની બુદ્ધિ વિરોધ કરે છે; કારણ કે એવી આજ્ઞા કરવી એ બુદ્ધિનું અપમાન કર્યા બરોબર છે. આપણી આજ્ઞાઓ ઘોડાઓને (પશુવૃત્તિને) સ્વારના હાથમાંથી (બુદ્ધિના તાબામાંથી) છોડાવીને નસાડી મૂકવાનું કાર્ય કરે છે. છોકરાંઓ ઉપર હુકમ ચલાવવાથી અથવા તેમને તેમની પોતાની બુદ્ધિ સિવાય બીજી આજ્ઞાઓના બંધનમા નાખવાનો પ્રયત્ન કરવાથી તેઓ બંડખોર બને છે. બળાત્કારથી જ્યાં બંડ થઈ શકતું નથી ત્યાં ક્ષય અને મરણ આવે છે. માનવદશાઅનો એક એવો નિયમ છે કે, સાધારણ મનુષ્યને કોઈ પણ સૂચના જેટલી મોઘમ આપવામાં આવે તેટલી તેની અસર વધારે થાય છે. નીતિનો ઉપદેશ બળાત્કારે કરવાથી સાંભળનારની વૃત્તિ તેથી વિરૂદ્ધ વર્તવા તરફજ દોરાય છે. કોઈ પણ બાબતનો પ્રતિબંધ કરવાથી અથવા દોષ આપવાથી તેના સંબંધી તેની જિજ્ઞાસા ઉલટી વધે છે

એક એવો રિવાજ પડી ગયો છે કે લોકો ઈશ્વરને પણ નકામો રહેવા દેતા નથી. ઈશ્વર આપણને દરરોજનું અથવા મહિનાનું અન્ન આપીને આપણી સેવા કરે એમજ તેઓ ઇચ્છે છે. સિદ્ધિની પાછળ પડેલો એક માણસ, સિદ્ધિની લેવડદેવડ કરનારા એક ફકીર પાસે ગયો અને ઇષ્ટ

કામના પૂર્ણ કરનાર એક 'દૈવી' મંત્ર શીખવવાની તેને વિનંતિ કરી. ફકીરે તેને મંત્ર આપ્યો; પણ તેનું ફળ મેળવવામાં એક એવી શરત કરી કે, "ઠરાવેલી મુદત સુધી તે મંત્રનો જપ કરતી વખતે મનમાં વાંદરાનો વિચાર ન આવવા દેવો." ગરીબ બિચારો તે માણસ બીજે દહાડે ગુરુજી પાસે આવીને બોલ્યો: "મહારાજ! જો તમે ખાસ ચેતવણી આપીને વાંદરાનું નામ ન સંભારી આપ્યું હોત, તો મને તેનો ખ્યાલ પણ ન આવત; પરંતુ હવે તો એ વાંદરાના વિચારે, ખરેખરા વાંદરાની પેઠેજ મને મજબૂત પકડ્યો છે અને ગમે તેમ કર્યા છતાં તે જતોજ નથી!" એવી રીતે ઉપદેશકોએ વારંવાર નિષેધ કરીને પાપ અને દુરાચારનાં નામ લોકોના ચિત્તમાં જાગૃત ન રાખ્યાં હોત, તો આ જગતમાંથી તે દુરાચારનાંએ નષ્ટ થયાં હોત. સ્વર્ગના આદિ મનુષ્યને આદમના ઈશ્વરે જો અમુક 'નિષિદ્ધ' ઝાડનું ફળ ન ખાવાનું કહ્યું ન હોત, તો એ બગીચામાં ઉગેલા એવા ઝાડનું ફળ ખાઈ જોવાનો વિચાર પણ તેના મગજમાં આવત નહિ.

સુધારકોને નામે આપણે આપણા નિયમોને ફડાકદાર ફટ આપી દઈએ છીએ. કોઈએ એક છોકરાને તેનું નામ પૂછ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે, 'મારી મા મને હમેશાં ખબરદાર કરીશ મા' એમ કહે છે, માટે મારૂં નામ 'કરીશ મા' જ હોવું જોઈએ. તેવીજ રીતે નિષ નિન્દાના નામ નીચે લોકોએ પોતાનો આત્મા ગુમાવ્યો છે અને પોતે આ નામ-રૂપજ છે એમ ધારે છે.

હિંદુસ્તાનમાં વ્યાવહારિક વેદાંત પુસ્તકોદ્વારા નહિ પણ આચરણદ્વારા શરૂ થવું જોઈએ. વેદાંત એટલે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક તંદુરસ્તી છે. અન્નાશયને નિરોગી કરવાથી ચક્રોખમ, ઉધરસ, તાવ, મધુમેહ ઇત્યાદિ શારીરિક વ્યાધિઓજ નહિ પણ મત્સર, આળસ, ઢીલાપણું, મલીન વિચારો, દૌર્બલ્ય વગેરે મનની અપવિત્રતા પણ જતી રહે છે.

આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન એજ ખરૂં સ્વાતંત્ર્ય છે. હુંજ આત્મસ્વરૂપ છું અને તેથીજ હું મુક્ત છું. મને આત્મામાંજ ખરૂં જ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે અત્યારે તમારી તંદુરસ્તી માટે રોગોનું સ્થાન આરામ

થઇ રહેશે. ઐક્ય એજ ખરૂં આરોગ્ય છે. ઐક્યરૂપ બનો. જગતની કોઈ પણ વસ્તુના મહત્વથી દબાઈ જશો નહિ, તો જીવનનાં તત્વો સિદ્ધ થયા વિના રહેશે નહિ;' કારણ કે આયુષ્ય એ તત્વોની સિદ્ધિપરજ છે. આરોગ્યને માટે પૂરતી જગ્યા રહેવા દો. કોઈ પણ વાસના મનમાં રાખશો નહિ. આપણી વાસનાઓ એ આજેજ એકદમ ત્યાગ કરવા જેવી અયોગ્ય મિલ્કત છે. સીધા જુઓ: જેમ તમે નદી, વૃક્ષ વગેરે તરફ નાના બાળકની પેઠે નિર્ભયપણે જુઓ છો, તેમ તમે તે મનુષ્ય તરફ પણ જુઓ અને તેનામાં પારકાપણાની ભાવના ન રાખતાં તમને પોતાનેજ જુઓ. જીવનના ખરા નિયમો, અનુભવની ઠેસો ખાઇને ડાહ્યા થનાર આપણા મોટા માણસોના કરતાં છોકરાંને વધારે સમજાય છે. બિલકુલ ઇર્ષા સિવાય કોવચને પણ જો તમે એકદમ હાથમાં પકડશો તો તે તમને કંઈ પણ ઇજા કરશે નહિ; પરંતુ બીતે બીતે કેવળ સ્પર્શજ કરશો તો પણ ચામડીએ લાહ્ય બળશે. કેટલાક એવા લોકો છે કે જેમની ખાનગી વાતચીતોમાં પણ ચાપલુસો અને ટીટેડીયોની બીતિ જણાઈ આવે છે. હું એમ કહેવાની હિમ્મત કરૂં છું કે એવા સન્માનનીય સુધારકો પોતેજ ચોર છે! પ્રિય ચાપલુસો અને ટીટેડીયો! આવો, આવો, તમે ભલે પધાર્યા, મારે તમારી જરૂર છે. તમારા અત્યારના પગાર કરતાં હું તમને અનતગણું આપીશ. કૃપા કરીને મને શોધી કહાડો, કૃપા કરીને મારા ન્હદયને શોધી કહાડો; એટલે હું આનંદથી મારૂં સર્વસ્વ આપી દઇશ. તમારી મનની કામનાઓ પૂર્ણ કરીશ. તમારી સર્વ જરૂરીઆતો પૂરી પાડીશ. હવે પછી તમારે અડચણ વેઠવી નહિ પડે. તમારા દારિદ્ર્યને હાંકી કહાડવામાં આવશે અને સર્વ રાજ્યો તમારા ચરણે શિર ઝુકાવશે. ગુમનો ઠાઠ કરનારાઓ! તમારા હૃદયને ધન્ય છે! આવો, આવો

આરોગ્યવિધાના નિયમાનુસાર દરેક નિરોગી મનુષ્યે વ્યાયામ કરવો જોઇએ. બાળકો કંઈ પણ ઉદ્દેશ ન હોવા છતાં અત્યંત ઉદ્યોગી રહે છે. તમે અત્યંત શ્રમ કરીને બહાદુરીથી તમારી રમતો રમો, પરંતુ એ ટોચ ઉપર તમારા આનંદનો આધાર રાખશો નહિ, એમ વેદાંત કહે છે.

સત્યની બાજુએ એકલા ઉભા રહેનાર જનો! બહુમતને

તમારી વિરૂદ્ધ જોઈને ડરશો નહિ. સંકુચિત અજ્ઞાનનો એ દેખાતો બહુમત, લીલાં પાંદડાં અને ઘાસની ઉપરનાં ઝાકળનાં ટીપાં જેવો છે સત્યરૂપ ભગવાન સૂર્ય ! આ ઓગળી જનાર બહુમત તારૂં સ્વાગત કરવાનેજ ચમકે છે. લાખો લોકો તમારી વિરૂદ્ધ હોય તોપણ શું થયું બહુમત હજૂયે તમારીજ બાજુએ છે. પત્થર, ઝાડ, નદીઓ, વાયુ સૂર્ય અને તારાઓ તમારીજ બાજુએ છે. કાળ તમારા પક્ષમાં છે. દિવસ તમારોજ છે, શતાબ્દીઓ તમારીજ છે, અનંતકાળ તમારોજ છે, સર્વ વ્યાપી પ્રકૃતિ તમારામાંજ છે, તમારા પ્રતિસ્પર્ધીઓમાં પણ તમેજ વ્યાપી રહ્યા છો; પરંતુ તેઓ તમારામાં નથી. દેવને ઘેરી લઈને તમે તેમને કબજે કરો છો.

ખુદ ઈશ્વરનેજ તમારી દ્વારા કાર્ય કરવા દ્યો; એટલે તમારે કંઈ કર્તવ્ય બાકી રહેશે નહિ. ઈશ્વરને પ્રકાશવા દો. ઈશ્વરને પોતાને પ્રકટ થવા દો. ઈશ્વરરૂપે રહો. ઈશ્વરરૂપે ખાઓ-પીઓ. ઈશ્વરરૂપે શ્વાસ લ્યો. સત્ય આત્મતત્ત્વ અનુભવો, એટલે બીજી બાબતો એની મેળેજ આવી મળશે.





२०—वार्ताओ.

(१) लॉर्ड बायरन–एक प्रख्यात आंग्ल कवि.

આ પુરુષે પોતાના અંતઃકરણદ્વારા સ્વતંત્રતાનો પ્રકાશ ઝળકવા દીધો હતો. તે વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થી હતો ત્યારે એક વાર પરીક્ષામાં 'લગ્નના મેળાવડાને પ્રસંગે ઇશુખ્રિસ્તે પાણીને લાલ રંગની મદિરા બનાવીને ચમત્કાર બતાવ્યો' એ પ્રસંગ વિષે એક વર્ણનાત્મક નિબંધ તેના વર્ગને લખાવવામાં આવ્યો હતો. નિયત કરેલા સમયમાં કેટલાએક વિદ્યાર્થીઓએ શ્રમપૂર્વક લાંબાં લાંબાં વર્ણનો લખવા માંડયા. પરોણાઓના પોશાક કેવા હતા, રકાબીઓ કેમ પીરસવામા આવી હતી, ઇશુએ કેવી રીતે દૃષ્ટિ કરી, વગેરેનાં લાંબાં લાંબા વર્ણનોથી પોતાના નિબંધો ચીતરી મૂકયા. એ બધો વખત બાયરન ઘડીક છત તરફ તો ઘડીક બીજા વિદ્યાર્થીઓના મોં તરફ જોતો અને ઘડીમાં મોઢેથી ધીમી ધીમી સીટી વગાડતો પોતાની જગ્યાએ બેઠો હતો. વખત પૂરો થતાજ નિબંધની નોટબુકો એકઠી કરવાને પ્રૉફેસર આવ્યો. બાયરનની પાસે આવતાજ તેણે વિનોદથી કહ્યું: "તમે તો આટલો બધો વખત લખી લખીને થાકી ગયા હશો ?" તે ધારતો હતો કે બાયરન કોરીજ નોટબુક આપશે ! પરંતુ બાયરન બોલ્યો: 'જરા થોભો.' એમ કહી તુરતજ તેણે એક લીટી લખી કહાડી અને નોટ પ્રૉફેસરના હાથમાં મૂકી. ચણેક અઠવાડિયા પછી પરીક્ષાનું પરિણામ જણાયું અને કેટલાક નિબંધોની ઘણી પ્રશંસા થઇ; પરંતુ આશ્ચર્યકારક તો એ હતું કે બાયરને એમા પહેલા નંબરનું ઇનામ મેળવ્યું હતું. બાયરનના નિબંધની યોગ્યતાની ખાત્રી કરી આપવા માટે તેનો નિબંધ વર્ગમા વાંચી બતાવવામાં આવ્યો. તેનો નિબંધ નીચેની એક લીટીનોજ હતો.

"પાણીએ તેના પ્રભુને જોયો એટલે શરમાઇને લાલ મદિરા બની ગયું."

આ ભાવાર્થ મારી મચરડીને બળાત્કારે તે કંઇ ખેંચી લાવ્યો નહોતો. એ લીટી સહજ સ્ફૂર્તિથી લખાઈ ગઇ અને એ સ્વાભાવિક નિર્દોષ, સ્વતંત્ર, રસ ભરેલી તેમજ સાક્ષાત્ સરસ્વતીનીજ વાણી જેવી લખાઈ હતી.

(૨) ગંધર્વરાજ.

એક ખ્રિસ્તી દેવળમાં એક સુંદર વાજું હતું. તે એટલું તો ઉત્તમ હતું કે તેના ઉપર દેખરેખ રાખનાર મનુષ્ય કોઈ પણ અજાણ્યાને તેને અડકવા દેતો નહિ. એક દહાડો તે દેવળમાં પ્રાર્થના થતીહતી એવામાં તદ્દન સાદાં કપડાંવાળો એક અજાણ્યો મનુષ્ય ત્યાં આવી ચડયો અને તેણે વાજું વગાડવાની ઈચ્છા દર્શાવી; પરંતુ તેને વાજાની પાસે પણ જવા દેવામાં આવ્યો નહિ. દેવળનો ઉપદેશક તેને ઓળખતો નહોતો અને વાજું અત્યંત ઉત્તમ હોવાથી બગડી જવાની બીકથી તેને ન વગાડવા દેવામાં આવ્યું; પરંતુ પ્રાર્થના પૂરી થઈ અને વાજું વગાડનારાઓ ત્યાંથી ચાલ્યા ગયા પછી એ મનુષ્ય ચુપચુપ પેલા વાજાની પેટી પાસે ગયો. તેણે વાજાના પડદા ઉપર હાથ મૂકતાંજ વાજાએ પોતાનો ધણી ઓળખ્યો અને તેમાંથી ઉત્કૃષ્ટ સંગીતના સ્વરો નીકળવા લાગ્યા. સાંભળનારાં માણસો જવા લાગ્યાં હતાં; પરંતુ આ દિવ્ય સ્વર કાને પડતાંજ જાણે મોહની વ્યાપી ગઇ હોય તેમ મંત્રમુગ્ધ થઇને ત્યાં ને ત્યાંજ ઉભાં રહ્યાં. આ અદ્ભુત સ્વરસંયોગ ઉત્પન્ન કરનાર મનુષ્ય ત્યાંનો ગંધર્વરાજ-તે વાજિંત્રનો મૂળ શોધકજ હતો.

આત્માને, ઈશ્વરને, પ્રેમને તો માટે કામ કરવાનો પ્રસંગજ આપણે આપતા નથી. આ શરીરની સંભાળ આપણેજ રાખીએ છીએ તેથીજ આપણામાંથી મધ્યમ સ્વર જ નીકળે છે. પ્રભુનેજ એ વાદ્ય વગાડવા દ્યો. પ્રેમના હાથ તારને અડકતાંજ તેમાંથી સંગીતામૃતનો ઝરો વહેવા લાગશે; **તમારા ખ્યાલમાં પણ ન હોય એવું સંગીત, અદ્ભુત પ્રભાવ, સ્વરસંધાન અને દિવ્ય આલાપ તેમાંથી નીકળવા લાગશે.**

પાવાણુ અને ગુલાબના વિસો ! ચકલી અને મધમાખીના આત્મા ! હે પ્રેમદેવી ! પ્રાણનો પ્રચંડ ઝરો તારામાંથી નીકળે છે અને ભિન્ન ભિન્ન શાખાઓમાં વહેંચાઇ જાય છે. વૃક્ષ, પુષ્પ આદિમાં તે જીવન પૂરે છે, ચૈતન્યની પ્રત્યેક રેખામાંથી તે પસાર થઇ જાય છે, વિશ્વની દિવ્ય કૃતિઓ,

નક્ષત્રો અને સૂર્યોમાંથી તે પસાર થાય છે. પાષાણ અને ગુલાબના વિશે ! ચકલી અને મધમાખીના આત્મા ! પ્રાણનો પ્રચંડ ઝરો પોતાની સઘળી શાખાઓદ્વારા દારા તરફ પુનઃ ધસી આવે છે. આવી રીતે જીવનપ્રવાહ ચક્રાકાર ચાલ્યા કરે છે. એ કિનારાવિનાનો મહાસાગર છે. આખરે મનુષ્ય, દેવ, નક્ષત્રો અને સૂર્યો ચિરકાળને માટે પ્રેમમાં એકાકાર થાય ત્યાં સુધી એ મહાસાગરનો પ્રવાહ ચક્રાકાર ફર્યાજ કરે છે.

(३) मृत्यु साथे ठगबाजी.

એક વખત એક મનુષ્યે પોતાના કૌશલ્યથી પોતાની એવી ઉત્તમ મૂર્તિ બનાવી કે નકલ કઈ અને અસલ કઈ, એ કોઈ ઓળખીજ શકે નહિ. જ્યારે તેણે જાણ્યું કે મને લઈ જવાને હવે યમદૂત આવે છે, ત્યારે યમરાજને ભૂલ ખવડાવવા માટે તેણે એક અજબ યુક્તિ કરી. પોતાના જેવાંજ તેણે પોતાની કારીગરીથી બીજાં દશબાર પૂતળાં તૈયાર કર્યાં. યમના દૂતે આવીને જોયું તો એકજ ચહેરાવાળાં દશબાર માણસો ત્યાં હાજર હતા; તેમાંથી પોતે કયો તે કંઈ ઓળખી શકાયું નહિ, તેથી કોઈને ન લઈ જતા તે પાછો યમરાજ પાસે ગયો અને શું કરવું તેની સલાહ પૂછી પાછો પેલા માણસને લેવાને પૃથ્વી ઉપર આવ્યો. તેણે કહ્યું: " અરે વાહ ! તું તો ખરો હોશિયાર જણાય છે ! કેવાં સરસ પૂતળાં બનાવ્યા છે ? પરંતુ એકજ જગ્યાએ તે ભૂલ કરી છે, આમાં એકજ દોષ રહી ગયો છે "

પેલો ખરો માણસ પૂતળાંની વચ્ચે સંતાઈને ઉભો હતો તે બહાર નીકળી એકદમ આગળ આવ્યો અને બોલ્યો " કયા ભૂલ્યો છું ? શાનો દોષ રહી ગયો છે ? "

યમદૂત બોલ્યો: " તારા આ મારી આગળ આવવાના કહાપણનોજ " એમ કહીને તેણે તેને પકડી લીધો અને લઇ ગયો. તાત્પર્ય કે ' હું બરોબર છું કે ? ' એમ પૂછવું એજ આપણી મોટી ભૂલ છે " બાપુ ! સત્ય સિવાય તું બીજું શું હોઈ શકે ? તારુંને તો તુચ્છ અહંકારનેજ પકડ્યો છે. "

(४) आ मारुं माजर छे.

એક વખત એક ગરીબ સ્ત્રી હાસ્યરસમગ્ન બની. ચિત્રગુપ્તે તેના

પાપ-પુણ્યનું સરવૈયું કહાડયું; પરંતુ એક વખત કોઈ ભૂખે મરતા ભીખારીને આપેલા ગાજર સિવાય એ બાઈનાં પુણ્યકર્મોમાં બીજું કાંઈજ નીકળ્યું નહિ. ચિત્રગુપ્તની આજ્ઞાથી તે ગાજર ત્યાં મંગાવવામાં આવ્યું. એ બાઈએ તે ગાજર પકડયું અને તે તેને ઉંચકી સ્વર્ગ તરફ ચાલ્યું.

એટલામાં પેલો ભિખારી ત્યાં આવ્યો અને તે સ્ત્રીના ફાટેલા લુગડાનો છેડો પકડીને તે પણ તેની સાથે ઉંચે ઉંચે જવા લાગ્યો. ત્યાર પછી એક ત્રીજો સ્વર્ગનો ઉમેદવાર તે ભિખારીને આજીજી કરીને તેના પગ પકડીને તેમની સાથે જવા લાગ્યો અને એવી રીતે એક ગાજરના પ્રતાપથી માણસોની હારની હાર ઉંચે ચડવા લાગી. સૌથી આશ્ચર્યજનક તો એ હતું કે પોતાની નીચે લટકતા લોકોનો તે બાઈને કંઈ પણ ભાર લાગ્યો નહિ! આવી બાબતોનો ઘણીએ વાર સ્વપ્નમાં શું અનુભવ નથી થતો?

એ પ્રમાણે સંસાર છોડીને તે લોકો ઉંચે જતાં જતાં છેક સ્વર્ગને બારણે જઈ પહોંચ્યાં; એટલામાં પેલી બાઈએ પાછું વાળીને જોયું તો તેની નીચે માણસોની હારની હાર લાગેલી હતી! તેને અભિમાન આવ્યું અને પોતાની પાછળ આવનારા પેલા લોકો ઉપર ગુસ્સે થઈને કહ્યું: "ચાલતા થાઓ, મૂઆઓ! આ મારૂં ગાજર છે!" એમ કહી તેમને તરછોડવાને તેણે પોતાનો હાથ હલાવ્યો. તેજ ક્ષણે તેના હાથમાંથી પેલું ગાજર છુટી ગયું અને સઘળા લોકોની સાથે તે બિચારી પાછી જમીન પર નીચે પડી. કથા છે તેવીજ આપી છે, તાત્પર્ય તમેજ કહાડી લો.

(૫) સમાનતા.

પર્વત અને ખીસકોલી વચ્ચે એક વખત તકરાર ઉભી થઈ. પર્વતે કહ્યું કે "તું તો ક્ષુદ્ર પ્રાણી છે." ખીસકોલીએ જવાબ આપ્યો: "નિઃશંક તું પ્રચંડકાય છે, પરંતુ વર્ષ અને ઋતુ બનાવવાને માટે સઘળી જાતની વસ્તુઓ તથા હવાઓને એકઠી કરવી પડે છે. પ્રકૃતિએ મને જે સ્થિતિમાં નિયોજીત કરી છે તે સ્થિતિમાં રહેવું, એ હું લજ્જાસ્પદ સમજતી નથી. હું તારા જેવડી મોટી નથી, તેમ તું મારા જેટલો નાનો નથી; પણ મારાથી અર્ધી ચપળતા પણ તારામાં નથી. મારા જેવો સુંદર રસ્તો તું ...ી લે. બુદ્ધિમાં ફરક હોય છેજ. પ્રકૃતિએ જે જે બનાવ્યું છે તે

સઘળું સુયોગ્ય અને સુવ્યવસ્થિત છે. હું મારી પીઠ૫ર જંગલ ધારણ કરી શકતી નથી, તેમ હું નાળીએર કે સોપારી તોડી શકતો નથી.”

(૬) પ્રશ્નોત્તર

પ્રશ્ન:—“ સ્વામીજી ! આપ કહો છો કે આપણો આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે, તો પછી આવી કાયદાની પરીક્ષામાં મારાં પુસ્તકો વાંચ્યા સિવાય પહેલા નંબરનું ઇનામ મળે, એવી એકાદ દિવ્ય દૃષ્ટિ મેળવવાની યુક્તિ કૃપા કરીને બતાવશો ? ”

ઉત્તર:—“એક વખત એક રાજકુમાર નાનપણમાં સરદારોનાં છોકરાં એની સાથે ‘ સંતાકુકડી ’નો રમત રમતો હતો. કેમે કર્યાં તેને છોકરાંઓ હાથ લાગે નહિ. ત્યાં એ રમત જોનાર એક માણસ બોલ્યો: “ આપના સોબતીઓને શોધી કહાડવાને આટલી બધી મહેનત શા માટે લેવી જોઇએ ? આપ રાજા છો, તેમને બહાર આવવાનો હુકમ કરો એટલે તે તુરતજ બહાર આવશે. ” રાજકુમાર બોલ્યો: “ તેમ કરવાથી રમતની મઝા જતી રહે, એવી રમતમાં કંઇ આનંદ આવે નહિ. ”

તેવીજ રીતે ખરૂં જોતાં તમે આ સર્વ જગતના સ્વામી છો; પરંતુ જ્યારે તમે ગમ્મતને માટે આ જગતના ચક્રવ્યૂહમાં ‘સંતાકુકડી’ નો ખેલ માંડીને તમારીજ પ્રજાને (સર્વ પ્રકારના વિષય અને અભ્યાસને) શોધો છો, ત્યારે તેમાં તમારી વિશેષ સત્તા ચલાવીને આખી રમત બગાડી નાખવી ન જોઇએ. જ્યાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન, હજારો સૂર્ય અને તારાઓ તમેજ બનો છો; એટલુંજ નહિ પણ તમારા જ્ઞાનસાગરમાં એ સર્વ વસ્તુઓ નાનાં મોજાં અથવા જલતરંગ જેવી છે, ત્યાં કાયદાની પરીક્ષા અથવા સાંસારિક બાહ્યજાહોજલાલીની તમે ક્યાં ચિંતા રાખશો ? જો તમારે દિવ્યદૃષ્ટિ જોઇતી હોય તો જેને માટે એ દૃષ્ટિ માગો છો, તે ઇંદ્રિયજન્ય જગત તમારે છોડી દેવું જોઇએ.

એક વખત માછલાં પકડવાને એક જાળ નાખવામાં આવી હતી. તેમાં માછલાં આવ્યાં તો ખરાં, પણ પોતાના અત્યંત ભારથી તે જાળ નેજ તેઓ પાણીમાં ખેંચી ગયાં. આ નવીન દિવ્યદૃષ્ટિ વાસનાઓની આખી જાળની જાળ ખેંચી જનાર ‘ વિચિત્ર માછલી ’ છે. તેવીજ રીતે જ્ઞાન મેળવવાને હમ્મેશનો માર્ગ પણ સૂક્ષ્મદૃષ્ટિનોજ એક પ્રકાર છે;

કારણ કે તેનો અભ્યાસ કરે એટલો વખત પણ મનુષ્ય અહંકાર અને દ્વૈતથી મુક્ત રહે છે.

ઇમામ ગીઝાલી નામના એક મુસલમાન સાધુ વિષે એમ કહેવાય છે કે, તે ભણતો હતો ત્યારે એક વખત મોડી રાત સુધી વાંચીને તે પોતાની અભ્યાસની ઓરડીમાં ઊંઘી ગયો. સ્વપ્નમાં તેને જ્ઞાનદેવતા (ખ્વાજા ખિજર)નાં દર્શન થયાં. તેણે તેના કાન અને નાકમાં ફુંક મારીને જગતનું સર્વ જ્ઞાન આપવાનું કબૂલ કર્યું; પરંતુ આત્મજ્ઞાન ધરાવનાર ઇમામ ગીઝાલીએ તેનો અસ્વીકાર કરીને ફક્ત પોતાને મોડી રાત સુધી વાંચવાને ચાલે તેટલું તેલજ માગ્યું! ઠેઠ પાસેના માર્ગ કરતાં લાંબો માર્ગજ તેને ગમ્યો! છુપાઇને ચુપચુપ પાછલે બારણેથી સ્વર્ગમાં દાખલ થવાની તેની ઇચ્છા નહોતી.

કેવી રીતે વર્તવું એનો તમે ઈશ્વરને ઉપદેશ કરશો નહિ. તમારી ઇચ્છા તેના ઉપર મૂકશો નહિ. બધું તેને સોંપો, અહંકાર તજો, ભ્રાંતિના વિચારો ત્યાગો, એ રીતેજ તમે તમારૂં શરીર અને મન પ્રકાશમય કરશો. ખરૂં જ્ઞાન અને ખરૂં શિક્ષણ અંદરથીજ આવે છે; પુસ્તકોમાંથી અથવા બીજાના મગજમાંથી આવતું નથી. સર્વ મહાન વિભૂતિઓ અને શોધક બુદ્ધિના મનુષ્યો કેવળ ભાવાતીત સ્થિતિમાંજ સર્વ શોધ કરી શકયા છે. તેમના મનમાં કોઇપણ પ્રકારની વાસના, વિક્ષેપ અથવા શંકાઓ નહોતાં. તેમણે પોતાનું મન અને પોતાનું વ્યક્તિત્વ સ્વાર્થી વૃત્તિથી દૂર રાખ્યું હતું. તેઓ પોતે સ્ફટિક જેવા શુદ્ધ બન્યા તેથી તેમનામાં જ્ઞાનનો પ્રકાશ પડયો અને તેથીજ પુસ્તકો અને પુસ્તકાલયો નિર્માણ થયાં. એનું નામજ કર્મ અથવા ઉદ્યોગ. ઉદ્યોગ એટલે મજુરી એમ 'રામ' કહેતો નથી. વેદાંતમાં કર્મનો અર્થ એવો છે કે આત્મા સાથે તદાકારવૃત્તિ થવી અને સર્વ વિશ્વ સાથે એકતા અનુભવવી. તત્વ સાથે નિઃસ્વાર્થ બુદ્ધિથી અનુભવેલું એ એકયજ ખરૂં કર્મ છે; પરંતુ તેને વળી વખત નકર્મ અથવા આળસ કહેવામાં આવે છે. વેદાંતના આવેશપૂર્વક કરેલું અત્યંત મહેનતનું મહત્કૃત્ય પણ બીલકુલ ભારરૂપ ન લાગતાં સુખદાયક ક્રીડા જેવુંજ લાગે છે. નૈષ્કર્મ્ય આવેજ સર્વદા કર્મ કરતા રહો; એમાંજ વેદાંતનો સર્વ ઉપદેશ

અમાઓઓ છે. ધન્ય છે એવા કર્મયોગીને! વિજયની પાછવાડે પડવાને બદલે જ્યારે તને તેને છોડી દેશો ત્યારેજ તે તમારી પાછળ ભટકતો આવશે.

(૭) પ્રેમ.

अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ ६ ॥
मत्तः परतरं नान्यत् किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥
रसोऽहमप्सु कौंतेय प्रभाऽस्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ८ ॥
पुण्यो गंधः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥
बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥ १० ॥
बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥ ११ ॥

गीता अ ७

ભાવાર્થ —આખા જગતની ઉત્પત્તિ તથા લયનું સ્થાન હું છું એમ જાણ હે ધનંજય! મારાથી શ્રેષ્ઠ બીજું કંઈ નથી દોરામાં પરોવાએલા મોતીની પેઠે મારામાં આ બધું (જગત) પરોવાએલું છે હે કૌંતેય! જળમાં રસ હું છું, ચંદ્ર અને સૂર્યમાં પ્રકાશ હું છું, સર્વ વેદમાં પ્રણવ હું છું, આકાશમાં શબ્દ હું છું અને મનુષ્યમાં પુરૂષત્વ હું છું વળી પૃથ્વીમાં પવિત્ર ગંધ હું છું, અગ્નિમાં તેજ હું છું, પ્રાણીમાત્રમાં જીવન હું છું અને તપસ્વીઓનું તપ હું છું હે પાર્થ! મને પ્રાણીમાત્રનું સનાતન બીજ જાણ બુદ્ધિમાનોની બુદ્ધિ હું છું, તેજસ્વીઓનું તેજ હું છું, બળવાનોનું તૃષ્ણા અને રાગરહિત બળ હું છું તથા હે ભરતકુળશ્રેષ્ઠ! પ્રાણીમાત્રમાં ધર્મથી વિરૂદ્ધ નહિ એવો કામ તે હું છું

ये तु सर्वाणि कर्माणि मयि सन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥ ६ ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ७ ॥

गीता अ १२

જેઓ સર્વ કર્મ મને અર્પણ કરીને અને મારૂંજ ચિંતન કરીને તથા પૂર્ણ રીતે મારૂં ધ્યાન ધરીને મને ઉપાસે છે, તેવા મારામાંજ ચિત્ત અર્પણ કરેલા ભકતોને હે પાર્થ! મૃત્યુવાળા સંસારસાગરમાંથી થોડા વખતમાં હું તારૂં છું.

ॐ केनेषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमः प्रैति युक्तः ।
केनेषितां वाचमिमां वदन्ति चक्षुः श्रोत्रं क उ देवो युनक्ति ॥ १ ॥
श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद्वाचो ह वाचं स उ प्राणस्य प्राणश्चक्षुषश्चक्षुः
अतिमुच्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥ २ ॥

केनोपनिषत्

અર્થઃ—કોણે ઇચ્છેલું અને મોકલેલું મન પોતાના વિષય ભણી જાય છે? કોણે પ્રેરેલો મુખ્ય પ્રાણ પોતાના શ્વાસોચ્છ્વાસાદિક કર્મ પ્રતિ જાય છે? કોણે ઇચ્છેલી આ વાણીને લોકો કહે છે? ચક્ષુ અને શ્રોત્રને કયો દેવ પોતપોતાના વિષયમાં પ્રેરે છે?

એ પ્રેમ જુદી જુદી સ્થિતિઓ જેવી કે રાસાયણિક સંયોગ-બલ, આકર્ષણશક્તિ, લોભ, વાસના, અભિલાષા, મહત્ત્વાકાંક્ષા વગેરે રૂપે ક્રમે ક્રમે વ્યકત થાય છે. જુદી જુદી રીતે અને જુદા જુદા પ્રમાણમાં પ્રેમનાં આંદોલનો થતાં તે ચુંબકત્વ વિદ્યુતશક્તિ, પ્રકાશ, ઉષ્ણતા અને ધ્વનિ ઇત્યાદિ નામથી ઓળખાય છે. જડ પરમાણુઓજ તે શકિતનું મૂળ બિંદુ છે. એજ તેની યથાર્થ કલ્પના સમજવી. તેથી જડ વસ્તુઓ પણ મૂળમાંથી જોઇએ તો ઘટ્ટ થએલો પ્રેમજ છે. પ્રકૃતિનો નિયમ એ અનેકત્વમાં રહેલું ઐકય હોવાથી વિવિધતામાં રહેલી એકવિધતા અને વૈચિત્ર્યમાં રહેલું સામ્ય એ સૌ પ્રેમનાંજ જુદાં રૂપો છે. વિચક્ષણ છુપી પોલીસ, કપટી જાસુસો, શંકાશીલ મિત્રો, પ્રબળ શત્રુઓ, દગાખોર સોબતીઓ વગેરેમાં પણ પ્રેમનીજ શક્તિ કામ કરે છે. પ્રેમ-સામ્રાજ્ય સિવાય બીજી કોઈ સરકારનું રાજ્ય દુનિયાપર ચાલતું નથી. કાર્લાઈલના કહેવા પ્રમાણે 'દ્વેષનો અર્થ વિકાર પામેલો પ્રેમ' અને "ભીતિ એટલે સંકુચિત પ્રેમ" એમ ન હોત તો ભીતિ ઉપર પ્રેમની સત્તા શી રીતે જામત? રૂપીઆની થેલી જંગલમાં થઇને લઈ જનાર માણસને એ પ્રિય ધનને લીધેજ બીક લાગે છે. મુક્ત મનુષ્ય જે મળે તેનો સત્કાર કરે છે. મુક્ત મનુષ્ય સમાન પ્રેમ અનુભવી શકે છે. ખરૂં જોતાં પ્રેમરૂપી એકજ શકિત જગતમાં હોવાથી પ્રેમમાં લીન થવું

એજ ઉદ્ધાર છે અને એજ મુક્તિ છે, અને હૃદયે અજાણ્યે એ પ્રેમ-સાક્ષાત્કારનો અનુભવ લેવા પ્રયત્ન કરવો એનું નામજ જીવન છે. આ ધ્યેય સાધવાને માટે ગ્રોથી નજીકને માર્ગે જવા તૈયાર રહેવું એજ ડહાપણ છે અને તે ઇષ્ટ સાધવાને જુદી જુદી પ્રેમશક્તિઓની બરાબર વ્યવસ્થા કરવી એજ સાગુણ છે.

પ્રેમમાં દગો હોતો નથી અને કોઇ દગાબાજ થઇ પણ શકતું નથી. કોઇનો સ્વભાવ કૃતઘ્ન હોતો નથી. કોઇ મનુષ્ય યાહુદી, શૂદ્ર અથવા બ્રાહ્મણ હોય તેથી તેનાં મનુષ્ય તરીકેના અધિકાર અથવા યોગ્યતા મર્યાદિત કરવાનો આપણને કંઈ અધિકાર નથી. દુરાગ્રહી મતના ગુલામોને પણ મુક્તિ મળવીજ જોઇએ. જેમ શ્રીકૃષ્ણે ગોપીઓને તેમના કહેવાતા પતિઓના ઘરમાંથી બહાર કહાડી, તેવી રીતે ઈશ્વરે-સત્યે તમને શિષ્ટાચાર તથા રૂઢિબંધનના પંજામાંથી મુક્ત કરવાજ જોઈએ.

એ અભેદ પ્રેમ સિવાય મનુષ્યનો ખરો આત્મા બીજો કોઇજ નથી. તમે પ્રેમ છો. અહાહા! તમે વિશ્વાત્મા છો. લેલીના ગુલાબી ગાલની લાલી તમેજ છો; અને મજનૂનું હતાશ હૃદય પણ તમેજ છો. આ સત્યને વ્યવહારમાં અનુભવવું એજ પવિત્રતા છે, પરંતુ જે વસ્તુઓની અભિલાષા રાખે છે અને વસ્તુઓને પોતાનાથી ભિન્ન માનીને તેની પાછળ પડે છે, તે પોતાના ઈશ્વરી સત્વમાં ભંગ કરે છે અને તેથી તેને અપવિત્ર બનાવે છે નજર ચુકાવવી અથવા મો ફેરવવું એ કંઈ વિશુદ્ધિ નથી. ખરી પવિત્રતા ત્યારેજ કહેવાય કે જ્યારે સર્વ સૌંદર્ય મારામાંજ મળી જાય છે, અને જ્યારે હું સર્વની સાથે એટલું આધ્યાત્મિક ઐક્ય અનુભવું કે કોઇને મળવાનું કહેવુ અથવા એવો વિચાર સુદ્ધા કરવો એ વિયોગની દુઃખદ સૂચના જેવુંજ ભાસે.

આંગ્લકવિ ટેનીસન એક સ્થલે કહે છે કે, "ત્યારે તો તેમની સાથે વાત કર, કારણ કે તે સાંભળે છે આત્મા આત્માની સાથે મળી શકે છે શ્વાસોચ્છ્વાસ કિંવા હસ્તપાદાદિથી પણ તે નજીક છે રે આત્મન્! સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, ગિરિશિખરો, મેદાનો આદિ સર્વ સર્વસત્તાવાન સૃષ્ટિકર્તાનાંજ પ્રત્યક્ષ સ્વરૂપો નથી શું?"

"ગર્જતી હવામાં તારો ધ્વનિ રહે છે. પડતા જળમાં હું તારો નાદ

ધારણ કરું છું. સૂર્યોદયમાં હું તને ઉગતો જોઉં છું અને સૂર્યાસ્ત
પણ તારી સુંદર મૂર્તિ નિહાળું છું. તું દૂર ગયા છે અને સદા નિ
પાસ રહે છે. હું તારો નાદ સાંભળીને અંતરમાં આલ્હાદ પામું છું. ત
ત્યાંથી આપત્તિ મારાથી ગમે તેમ પ્રાપ્ત થાય છે. હું મૃત્યુમાં પ
તોપણ તારો પલ્લો છોડીશ નહિ."

'જે જેમ છે તે સર્વ યથાર્થ છે.' યથાર્થ એટલે દરેક જગતમાં
કાંઈ પરિવર્તનો થાય છે, તે સર્વ પરમાત્મામય, જે કાંઈ જેમ થવું જોઈ
તેમ, અને સર્વ રીતે સર્વના હિતાર્થે અને વાસ્તવિક કલ્યાણમાં મદદરૂ
હોય છે. જ્યારે જ્યારે મનુષ્યોના ભૂતકાળના અનુસંધાનનો વર્તમાનક
સાથે વિરોધ હોય છે, ત્યારે ત્યારે અનિવાર્ય ઘટનાઓ જગતને આંજી ના
એવા આશ્ચર્ય અને પ્રકારવડે થયાં કરે છે; અને એનેજ આપણે ઉત્ક્રાં
અર્થાત્ વિપ્લવ કહીએ છીએ.

એક વસ્તુની જગ્યાએ બીજી કોઈ નવી વસ્તુ આવ્યા સિવ
પહેલાંની વસ્તુ આપણે છોડી દેવા ઇચ્છતા નથી; તેવીજ રી
પ્રગતિ પણ ધીમે ધીમે થાય છે. પ્રેમ અથવા આસક્તિ એક રીતે જો
એક જાતના સ્વીકાર અથવા શોધ અને બીજી દૃષ્ટિએ જોતાં ત્યાગ સિવ
બીજું કંઈ નથી. પ્રેમ એક વસ્તુ ઉપરથી બીજી વસ્તુ તરફ દોડે
એટલે કે પ્રેમના વિષયો બદલાયાજ કરે છે. જ્યારે જ્યા
પ્રેમનો વિકાસ થાય છે ત્યારે ત્યારે તે અનેક જુની આસક્તિ
ઓનો ત્યાગ કરે છે અને ધીમે ધીમે આખરે એવો સમય આ
પહોંચે છે કે, મનુષ્ય પ્રેમથી પરિપૂર્ણ જણાય છે. પ્રેમનો વિષયજ સર્વ
અંતરાત્મા બને છે અને પ્રેમી મનુષ્યનું એ પરમાત્મા સાથે લગ્ન થ
જાય છે. એવા લગ્ન પછી સર્વ વિશ્વ અને વસ્તુઓ એ પ્રેમી મનુષ્ય
હથેળીમાં આવેલું હોય તેમ જણાય છે. એવા મનુષ્યને શાની અભિલાષ
બાકી રહે? હાથમાં આવેલા પદાર્થની—हस्तामलकवत् વસ્તુની ઇચ્છા
કેવી રીતે સંભવે?

જ્યારે કોઈને પોતાનો આત્મા સર્વના આત્મારૂપે ભાસે છે ત્યાં
કંઇ પણ ઇચ્છા રહેતી નથી. સર્વ કાંઇ પોતાનુંજ છે એમ ધારી
તે તેનો ઉપભોગ લે છે. તે આ પોતાની જ સૃષ્ટિ તરફ જુએ છે; અ

તેને ઉત્તમજ દેખાય છે. દરેક વસ્તુમાંથી તેને અનિર્વચનીય આનંદ મળે છે, દરેક કુદરતી વસ્તુ તેને પોતાનો કારભાર સોંપે છે. માટીના ઢેફાંથી માંડીને છેક સર્વોચ્ચ સ્વર્ગ સુધી, સૂક્ષ્મ અણુથી માંડીને છેક સર્વશક્તિમાન સૂર્ય સુધી, ક્ષુદ્ર જંતુથી માંડીને દૂર ચમકતા તારાઓ સુધીની સર્વ વસ્તુઓ તેના વૈભવનાં વર્ણન કરે છે અને તેનાં યશોગાન ગાય છે, એવા મનુષ્યથી ભિન્ન એવું કંઈજ નથી.

(૮) સંસારની બહુ દરકાર રાખવી ના.

મારી સામે બે વસ્તુઓ છે. ગુલાબનું ફૂલ અને એક કુમારિકા. ફૂલ તપાસી જોતાં તેમાં જુદાં જુદાં પરમાણુઓને એકત્ર રાખનારી સંસકત્યાક વિજુશક્તિ, પ્લુતતા, ગુરુત્વાકર્ષણ, ચુંબકત્વ ઇત્યાદિ શક્તિઓ જણાઈ આવી અને કુમારિકામાં એ સર્વ બહુ છુપાઈ રહેલા છે. તેની આંખોમાં જે વિશેષ છે તે અહીં આ સર્વ વિશ્વ આલિંગન દેનાર દિશા અને કાળ તેને જણાઈ આવે છે આંખોરૂપી દ્વારમાં આખું વિશ્વ ભર્યું છે, એ વિશ્વ મગજમાં ભાવવાચક જાતિ રૂપે છે આખું વિશ્વ મગજમાની એક કલ્પનાજ છે એટલી બીજી બાજુએ કે ફાટતા દડાની પેઠે આ જગત સબંધી વિચાર જો એક મગજથી બીજા મગજમાં ગયો ન હોત તો આ જગત ઉત્પન્નજ થયું ન હોત આ માયિક નિદ્રા અથવા જગત સબંધી વિચાર આપણે એક પેઢીથી બીજીને આપીએ છીએ, એક દેશમાંથી બીજા દેશમાં મોકલીએ છીએ, અને એનેજ આખું વિશ્વ કહીએ છીએ ખરૂં જોતાં તે તમારૂંજ વિશ્વ, તમારોજ વિચાર, તમારૂં કાર્ય હોય છે એ દડાને વધારે પડતું મહત્વ આપી [illegible] ના એ સમગ્ર મગજનાનો દરો છે અથવા મનથી રમવાનો ઢગોલ છે

' ત્યાગાદમૃતમશ્નુતે ' ત્યાગથીજ અમરત્વ મળે છે આ વિશ્વ વિચારનો દરો છે. અને પરમાનંદ આત્મા મંદિર છે એ દૃષ્ટિ સામે રાખીને ભય, શોક, ચિંતા, ખેદ, શ્રમ, માનસિક વ્યથા, વગેરેને દૂર ફેંકી દેવા એજ ખરો ત્યાગ છે તમારે કોઈ પણ કર્મ કરવાનું નથી તમે કોઈના બંધાએલા નથી. તમે કશાના જવાબદાર નથી. તમે કોઈના દેવાદાર નથી. સર્વ સમાજ, સર્વ રાષ્ટ્રો, સર્વ કંઇ બાજુએ મૂકીને પોતાનું (આત્માનું) અસ્તિત્વ સ્થાપન કરો એજ વેદાંત છે. સમાજ, રીતરિવાજ, શિષ્ટ સંપ્રદાય,

ઇંદ, નિબંધ, ટીકા, સમાલોચના વગેરે કાંઇપણ, તમારો આત્માને સ્પર્શ
ી શકશે નહિ. પાણીનો એક નાનો સરખો સાંકડો ભાગ પણ આખા વસ્
ા પાણીના દાબને તોળી રાખે છે એવો હાઇડ્રોસ્ટેટિક્સનો સિદ્ધાંત છે
વ્યક્તિરૂપ અનંત ! પોતાનાજ પગ ઉપર ઉભા રહેવાની હિંમત
ર એટલે આખા વિશ્વનો ભાર પણ તું ખમી શકીશ. આ ધ્યાનમાં
ાભ અને અનુભવ કર, ભય છોડી દઇને ચિંતાનો ત્યાગ કર, શુદ્ધ મર્યાદિત
હંકાર છોડી દે અને પ્રણવ મંત્રનો એવો અર્થ કરીને પ્રણવોચ્ચાર કરક

(૧) વિશ્રાંતિ.

છવનના જુદા જુદા વ્યવસાય અને શારીરિક તથા માનસિક શક્તિનું
જુદી જુદી રીતે થતા વ્યયથી તમારા ઉપર સદા ખેંચતાણ થવાનો સંભવ
છે. એ બાહ્ય ઉપાધિઓની ખેંચતાણમાં જો તમે સદા ખેંચાયા કરશો તો
મૃત્યુનેજ પાસે બોલાવો છો એમ સમજવું.

ત્યારે એનાથી છૂટવું શીરીતે ? ' રામ ' તમને કામ છોડી દેવાનું અથવા
કર્મોનો ત્યાગ કરવાનું કહેતો નથી; પરંતુ અવિશ્રાંત, કષ્ટમય અને કસોટીનું
કામ કરતી વખતે પણ તમને શાન્તિ રહે એવી ટેવ પાડવાની ' રામ '
તમને ભલામણ કરે છે અને એ ઉપદેશ વેદાંતના ત્યાગથી ભિન્ન નથી.
ત્યાગની સ્થિર અનુકૂળ ભૂમિ ઉપર સ્થિર રહેવાથી ગમે તે કામ
અમાં તમે બધો વખત ગાળશો તોપણ થાક લાગશે નહિ. ગમે
તે કામ કરવાને તમે શક્તિવાળા થશો.

વધારે સ્પષ્ટ કહીએ તો કામ કરતાં કરતાં વચ્ચે વખત મળે
ત્યારે ' ઈશ્વર અથવા પોતાનો આત્મા તેજ એકજ સત્ય છે અને
દેહ વગેરે સાથે આપણો કંઈ જ સંબંધ નથી ' એવો વિચાર
કરો. તમે કેવળ સાક્ષીરૂપ છો. પરિણામ અથવા ફળની સાથે
તમારે કંઈ લેવાદેવા નથી એવો વિચાર કરીને નેત્રો બંધ કરો
ગાત્રોને શિથિલ થવા દો, દેહને સ્વસ્થ અને શાંત પડવા દો અને
મનમાંથી સર્વ વિચારોનો બોજો કહાડી નાખો. જેટલે અંશે તમે એ
બોજો હલકો કરી શકશો તેટલે અંશે તમે વધારે શક્તિવાન થશો

જ્ઞાનતંતુઓ આપણા શરીરની શક્તિ કાયમ રાખે છે, અને વિચા
જ્ઞાનતંતુઓ ઉપરજ આધાર રાખે છે. પાચનક્રિયા, લોહીનું ફરવું, હૈયાનું

ઇત્યાદિ ક્રિયાઓનો આધાર ખરૂં જોતા જ્ઞાનતંતુઓ ઉપરજ હોય છે. જ્યારે તમારા વિચારો ગુંચવાઈ જાય અને અનેક તર્કવિતર્કોથી તમે ગભરાઈને થાકી જાઓ, ત્યારે એમ સમજવું કે તમારા જ્ઞાનતંતુઓ ઉપર ઘણો બોજો આવી પડ્યો છે. જ્ઞાનતંતુઓનો આ માનસિક શ્રમરૂપી વ્યવહાર એક રીતે ફાયદાકારક હશે, પરંતુ ખરૂં જોતાં તો નુકસાનકારકજ છે અવ્યવસ્થિત વિચાર અને માનસિક શ્રમથી શરીરની શક્તિનો વ્યય થાય છે. જો તમારે તમારી શક્તિ સાચવી રાખવી હોય, તમારી તંદુરસ્તી કાયમ રાખવી હોય અને જ્ઞાનતંતુરૂપી અશ્વ તમારા જીવનનો બોજો ઉપાડવાને ઉંચકે એવી તમારી ઈચ્છા હોય તો તેમાંથી સહુ કારના વિચારોનો બોજો તમારે ઓછો કરવો જોઈએ ચિંતા અને શ્રમના વિચારોને તમારા આયુષ્યનું સત્વ શોષવા દેતા ના. મનને સદા ઉલ્લાસી અને આનંદી રાખવું, કદિ કંટાળવું કે ગભરાવું નહિ, અને ભય, વિચાર કે ચિંતાથી કદિ દબાઈ ન જવું એજ ઉત્તમ તંદુરસ્તી અને સબલ ક્રિયાશક્તિ સાચવી રાખવાનું રહસ્ય છે

લોકો યોગ્ય કાર્યો કરે એટલુંજ નહિ પણ તેમને યોગ્ય ક્રિયાઓ ગમે; તેઓ ઉદ્યમી બને એટલુંજ નહિ પણ ઉદ્યમ તેમને ગમે એવું કરવું એજ ખરા શિક્ષણનો ઉદ્દેશ છે.

(૧૦) अत्यंत उपयोगी उपदेश.

અર્ધગોળ આકાશ મારો પ્યાલો છે અને ઝગઝગતો ન[illegible] મા[illegible] પીણું છે શરીર ઢાંકવાના સાધન મેળવવા, કોઈને સંતોષ પમાડવા અથવા કોઈ પ્રાપંચિક ઉદ્દેશ પાર પાડવો એનેજ કર્ત્તવ્ય માની બેસતા ના. સર્વ હેતુઓ અને ઉદ્દેશો છોડી પોતાના આત્માને શાંત, શાંત, સંતુષ્ટ, સર્વ ઉપાધિઓથી દૂર અને લાભાલાભથી રહિત રા[illegible] એજ તમારૂં કામ, તમારો ઉદ્યમ, તમારો વેપાર, તમારા ચરના[illegible] તમારો ઉદ્યોગ, તમારૂં પ્રાધાન્ય અને તમારી ઈતિકર્ત્તવ્યતા છે એમ માનો તમારે તમારા આત્માને સદા સંતુષ્ટ-આનંદી-રાખવો એજ ઈશ્વરે તમને ફરમાવેલું સૌથી મોટું કર્ત્તવ્ય-તમારો ધર્મ છે પ્રાપંચિક બંધનોથી ઉત્પન્ન થતું, તમારા ઉપર આવી પડેલું, તમારૂં અત્યંત મહત્વનું કર્ત્તવ્ય એ છે કે તમારા આત્માને સદા ઉલ્લાસી

રાખવો; અને તમારૂં તમારી જાતપ્રત્યેનું કર્ત્તવ્ય પણ તમને એજ ફરમાવે છે કે, તમારે સર્વ સ્થિતિમાં તમારી જાતને સુખી રાખવી. તમારા આત્માની સાથે પ્રમાણિકપણે વર્તો. જગતની બીજી બાબતોનો પણ વિચાર કરતા ના. બીજી સર્વ વસ્તુઓ તમારામાં લીન થવી જ જોઈએ, અને તે લીન થાય કે ન થાય તેનું તમારે શું ? કારણ તમે જાતે સંતુષ્ટજ છો. વિમુખ અથવા ઉદાસીન બનવું એ એક ધાર્મિક, સામાજિક, રાજકીય અને પ્રાપંચિક ગુન્હો છે; અને એ એકજ ગુન્હો તમે કરી શકો તેમ છો અને બીજા સર્વ ગુન્હાઓ, અવનતિ અને પાપના મૂળમાં એજ એક ગુન્હો રહેલો હોય છે. પૂર્ણ પ્રસન્ન રહો અને વૈરાગ્યયુક્ત શાંતિ રાખો એટલે આસપાસની સર્વ વસ્તુઓ એની મેળે તમારી પાસે ખેંચાઈ આવતી જણાશે. અમારે કંઈ કર્ત્તવ્ય નથી, અમારા ઉપર કંઈ ઋણ નથી, અમારા આત્મા સિવાય બીજા કશાના અમે દેવાદાર નથી. આનંદ અને શાંતિનો આ પવિત્ર કાયદો તોડશો તો તમે તમારા પોતાનાજ ભયંકર ગુન્હેગાર થશો. બીજા સામાન્ય લોકો પરોઢીએ ઉઠતાંજ ઘર વાળવું, સાફ કરવું, ઑફિસમાં જવું, નહાવું, ધોવું, રાંધવું અથવા લખવું, વાંચવું વગેરે બાબતોનેજ પોતાનું કર્ત્તવ્ય ભલે માને; પરંતુ તમે તો પરોઢીએ ઉઠતાજ સુખપૂર્ણ બનીને આત્માનંદમાંજ લીન થાઓ એજ તમારૂં કર્ત્તવ્ય છે. એનો અર્થ બીજાં કામ છોડી દેવાં અથવા ઘર સંસારી બાબતો તરફ દુર્લક્ષ કરવું એવો નથી. એ બધી બાબતો ક્ષુલ્લક અથવા ઘરનાં રમકડાં જેવી છે એમ માનો. એ બાબતો તમારે કરવી પડે છે એનું કારણ એટલુંજ કે તમારા આધ્યાત્મિક આરોગ્યને થોડા વ્યાયામની જરૂર છે; પરંતુ કોઈ પણ કામ કરતાં ધ્યાન રાખજો કે, લોકો જેને ખરેખરાં મહત્વનાં કામ સમજે છે તે પારૂં જોતાં તદ્દન ક્ષુલ્લક હોય છે. તમારી જાતને તમારા સ્વરૂપમાંજ સંતુષ્ટ રાખવી એજ તમારૂં ખરૂં કર્ત્તવ્ય છે. વિદ્યાર્થીઓ ! ધ્યાન આપો. જો તમે પરીક્ષાના ભાવી પરિણામ ઉપર તમારા આનંદનો આધાર રાખીને, અત્યારે અનિશ્ચિત વૃત્તિથી ત્રિશંકુની પેઠે રહેશો તો કદિ સુખી થશો નહિ. તમારે સદા સુખની આશા રાખી

એકલાજ રહેવું પડશે. સમાન, સમાન તરફ ખેંચાય છે. અત્યારેજ ઇંધારી આનંદમાં લીન થાઓ એટલે વિજયનો આનંદ એની મેળેજ તમારી તરફ વહ્યો આવશે એવો નિયમ છે.

'એલા વ્હીલર વિલ્કોક્સ' નામની એક અંગ્રેજ કાવ્યલેખિકા કહે છે કે "હસો એટલે તમારી સાથે આખી દુનિયા હસવા લાગશે; પરંતુ જો તને રડશો તો તમારે એકલાનેજ રડવું પડશે. કારણ કે આ ગમ્ભીર સનાતન સંસારને માત્ર આનંદનીજ જરૂર છે, શોક તો તેની પોતાની પાસેજ પણ પુષ્કળ ભર્યો છે. જો તમે મધુર સંગીત હલકારશો તોજ ગિરિશિખર તેનો પ્રત્યુત્તર આપશે, પરતુ જો તને શોકાક્રાન્ત કાઢશો તો તે પવનની લહેરોમા ક્યાંએ ક્યા તણાઇ જશે આનંદધ્વનિનોજ પ્રતિધ્વનિ પણ પાછો હઠે કે પ્રફુલ્લિત વદન કરો એટલે મનુષ્યો પોતાની મેળેજ તમને શોધતા આવશે. શોકનાગરમ [illegible] એટલે તેઓ પીઠ ફેરવીને ચાલ્યા જશે તમારા આનંદની પરવા [illegible] તેઓ મા[illegible] છે, પણ તમારી દીલગીરીનો તો અંશ પણ તેઓને જોઇતા નથી. આનંદી થાઓ એટલે તમારા મિત્રોની સંખ્યા વધશે દીલગીર થાઓ એટલે તમારા મિત્રોને ગુમાવશો [illegible] કાવ્યામૃતના [illegible] લેવાને કોઇ પણ નાખુશ ના પાડશે નહિ પરંતુ વિપત્તિ[illegible] તો [illegible] એ લાભેજ પીવુ પડશે ભોજનનો સાધારણ [illegible] નાખુશીથી ઉજાણી જશે, પણ અન્નના [illegible] અટલી આખા દુનિયા [illegible] પાનેથી [illegible] વિજયવન્[illegible] [illegible] દુનિયા તમારા જીવનન [illegible] પરતુ [illegible] તો તમને [illegible] [illegible] [illegible] માર્ગ [illegible] નીચેની [illegible] નાખીને [illegible]


જો બીજી [illegible] [illegible] સુખ એજ [illegible] સુખી થવાને માટે વર્તમાન કાળજ ઠીક છે સુખી થવાને માટે અત્યારે તમે જ્યાં છો તેજ જગ્યા ઠીક છે. અને સુખી થવાને માટે ઉપાય બીજાઓને સુખી કરવાં એજ છે.

(૧૧) નિષ્કર્ષ.

તમારી સામે વિચાર કરવાને 'રામ' બે મહત્વના મુદ્દાઓ મૂકે છે. (૧) દેહાધ્યાસનો નાશ. (૨) વાસ્તવિક આત્માનો અનુભવ.

(૧) વેદાંતમાં પૂર્ણ વિશ્રાંતિ અને સંન્યાસનેજ ત્યાગ કહ્યો છે. જ્યાં જ્યાં તમને સગવડ મળે ત્યાં—એકાદ ખુરસી ઉપર કે બિછાના ઉપર એવા તો શાંત થઇને પડો કે જાણે એ દેહનો ભાર તમે કદિએ વેઠ્યોજ ન હોય, જાણે તેનો અને તમારો કંઇ સંબંધજ નથી અને કોઇ પત્થર તમને જેટલો જુદો ભાસે તેટલોજ તમારો દેહ પણ તમને પારકો જણાય એવી રીતે નિર્જીવ પ્રેતની પેઠે થોડીવાર પડી રહો. જાણી જોઇને કંઇ વિચાર અથવા ઇચ્છા મનમાં લાવતા નહિ. દેહ અથવા બીજા કશાની ચિંતાથી તમારા મનને છેક દૂર રાખો અને સર્વ વાસનાઓ, આકાંક્ષાઓ અને મહત્વાકાંક્ષાઓનો ત્યાગ કરો. આ સ્થિતિનુંજ નામ ત્યાગ અથવા વિશ્રાંતિ છે. તમારી સર્વ મિલ્કત નિર્મમત્વરૂપી જમીન ઉપર નીચે મૂકો, અંતઃકરણ ઉપર તેનો બોજો નાખશો નહિ.

(૨) પરમાર્થસત્ય—ઇશ્વરની ઇચ્છાનેજ તમારી ઇચ્છા બનાવો. ઇશ્વરેચ્છાનો ઉદય સુખદાયક હો કે દુઃખદાયક લાગે તોપણ તેને પોતાનીજ સમજીને તેનું મંડન કરો. દેહ અને તેની ઉપાધિઓ, મન અને તેની વૃત્તિઓ, જગત અને લોકમત સર્વથી હું દૂર છું એવું અનુભવો. હું સર્વવ્યાપી વિષ્ણુ છું, સૂર્યોનો પણ સૂર્ય છું. કાર્ય, કારણ અને દ્રશ્ય પદાર્થોથી ભિન્ન, એકમેવાદ્વિતીય, આનંદપૂર્ણ, મુક્ત 'રામ' જ છું એમ અનુભવો. પ્રણવોચ્ચાર કરો અને નૈસર્ગિક સ્ફૂર્તિથી ઉંચા નીકળે તેવા અવાજથી પ્રણવમંત્રનું ગાન કરો એટલે સર્વ આધિ-વ્યાધિઓ એની મેળેજ તમને છોડી જતી રહેશે. આ તમામ જગત અને સર્વ સ્થિતિ તમે જેવી માની લ્યો છો તેવીજ થાય છે. આ જગતના વિચારોને લેશ તમારા અંતઃકરણ ઉપર પડવા દેશો નહિ. જગતના મતમતાંતરો અને મતભેદ તમારીજ કલ્પનાથી ઉત્પન્ન કરેલાં છે. ખરી શક્તિ તમે જ છો અને આ આખું જગત તેની કેવળ છાયા છે. તે સત્યનું અહોરાત્ર ચિંતન કરો. તમારા પરમ સમર્થ આત્મરામને છોડી દઇને બીજાનાં વચન, અનિશ્ચિત અને સંદિગ્ધ વચનોનેજ તમે વધારે માન આપો છો એજ તમે પૂર્ણ તંદુરસ્ત ન રહેવાનું કારણ છે. તમારા પોતાના



૨૧–સુખ આત્મામાં છે.×

સન્નારીઓ અને સજ્જનોના સ્વરૂપમાં વિરાજિત નિત્યાનંદ! 'શામ' કિ બીજી પ્રજાઓ ઉપર વિજેતા બનારી યુરોપી જિરવી પ્રજાઓ ઉપર આક્ષેપ મૂકતો નથી. કોઈ પણ પ્રજાની આત્મિક ઉન્નતિની તો એક સ્થિતિ છે, કે જે સ્થિતિ એક વખત સર્વે જરૂરની છે. હિંદુસ્તાન એ સ્થિતિમાંથી પસાર થઇ ગયું છે, પરંતુ પ્રાચીન પ્રજા હોવાથી સમસ્ત દુનિયાની સંપત્તિને પોતાની તુલામાં તોલતાં તેમાં તેને ન્યૂનતા જણાઇ છે; હાલની જે પ્રજાઓ સમસ્ત જગતના ધનવૈભવ લેવા કરવાની તૈયારી કરે છે તેઓને પણ ભવિષ્ય આવોજ અનુભવ થશે. આ બધી પ્રજાઓ પરસ્પર જીત-મેળવવા હેતુથી પોતાની સેનાને સજ્જ કરવાનો યત્ન કરી રહી છે તેનું શું કારણ? જેને અર્થે તેઓ મથે છે તે વસ્તુ સુખ અને આનંદ છે. અમે સુખ ન પણ જ્ઞાન મેળવવાને અર્થે મથીએ છીએ એમ જે કેટલાક કહે છે એ પણ ખરી છે. બીજા કેટલાક એમ કહે છે કે અમે જ્ઞાનની નહિ પણ કર્તવ્યની શોધમાં છીએ, આ બધું ઠીક છે; પણ જો સામાન્ય જનસમાજનાં હૃદય તમે તપાસી જોશો તો જણાશે કે જે અંતિમ પરમ અર્થ તેઓએ પોતાની સન્મુખ રાખ્યો છે, અને જેને અર્થે તેઓ બધા સીધી કે આડકતરી રીતે શોધ કરી રહ્યા છે તે પદાર્થ સુખ છે, બીજું કંઈ પણ નથી.

તે સુખ ક્યાં છે? મહેલમાં કે ઝુંપડીમાં? કોઇ માશુકની ખૂબસુરતીમાં કે સોના રૂપાથી ખરીદી શકાય એવી કોઇ વસ્તુઓમાં?

× સાનફ્રાન્સીસ્કોના ધી અકેડેમીક નામે સ્થાનમાં તા, ૧૭–૧૨–... આપાયેલું ભાષણ.

ક્યાં છે તે અત્યારે આપણે તપાસીએ. સુખનું મૂળ ક્યાં છે ? સુખનો પણ ઇતિહાસ છે. વરાળ અને વિદ્યુતપ્રવાહે કાળ અને અંતરનો નાશ કરી નાંખ્યો છે. આ દિવસો પ્રવાસના છે અને દરેક જણ પોતે પોતાના પ્રવાસનો હેવાલ લખે છે. સુખ પણ પ્રવાસ કરતું હોવાથી આપણે સુખના પ્રવાસનો પણ કંઈક ઇતિહાસ તપાસીએ.

બાલ્યાવસ્થામાં બાળકને જે સુખની ઝાંખી થાય છે તે સુખથી હવે આપણે પ્રથમ શરૂઆત કરીએ. દુનિયાનું બધું સુખ માતાની ગોદમાં અને પયઃપાનમાંજ રહેલું છે, એમ બાળકને લાગે છે. સંસારભરનું સુખ ત્યાંજ એકત્ર થએલું તેને જણાય છે. જે રાજમાર્ગમાં થઈને સુખને પ્રવાસ કરવાનો છે તે રાજમાર્ગમાં આ માતાનો ખોળો અને પયઃપાન એ પ્રથમ સ્થિતિ છે. દુનિયામાં એવી બીજી કોઈ પણ વસ્તુ નથી કે જે બાળકને માતાના ખોળા કરતાં વિશેષ સુખરૂપ લાગે. બાળક માતાની ગોદમાં લપાઇ રહે છે અને કહે છે કેઃ–" જુઓ ! જુઓ ! હું ક્યાં છું ? મને શોધી કાઢો " આમ કહેતું કહેતું તે ખડખડ હાસ્ય કરે છે. આ હાસ્ય તેના હૃદયના ખરા ઉલ્લાસનું હોય છે. આ સ્થિતિમાં તે બાળકને પુસ્તકોનો કશો અર્થ હોતો નથી. અલબત્ત પકવાનો પણ તેને નકામા છે. જે બાળકે હજી ધાવણ છોડયું નથી તે બાળકને મેવા, મીઠાઇ અને ફળ, કંઇપણ સ્વાદ વગરના છે બાળકને મન સર્વ સુખનો સાગર માતાની ગોદ અને પયઃપાનજ છે

આમ એક વર્ષ પસાર થઇ જાય છે અને બાળકના સુખની સ્થિતિ બદલાય છે; તે કોઇ બીજી વસ્તુ તરફ દોરાય છે. હવે તેના સુખનું સ્થાન, તેના સુંદર રમકડાં–નાના નાના ઢીંગલા ઢીંગલીઓ બને છે. આ બીજી સ્થિતિમાં જેટલું તે તેના રમકડાંને ચહાય છે તેટલું પોતાની માતાને ચહાતું નથી. કેટલીક વખત પોતાના રમકડાંને ખાતર–પોતાના ઢીંગલા ઢીંગલીઓને ખાતર પોતાની વહાલી અને પ્રિય માતાની સાથે પણ કલેશ કરે છે.

થોડાંક વધારે વર્ષો અને મહિનાઓ વીતી ગયા અને હવે તેનું સુખ ઢીંગલા ઢીંગલીઓમાં રહ્યું નથી પણ તેણે પોતાનું સ્થાન બદલ્યું છે આ ત્રીજી સ્થિતિમાં જ્યારે તે બાળક, બાળક મટીને છોકરો થાય છે, –

ત્યારે તેનું સુખ પુસ્તકોમાં અને ખાસ કરીને વાર્તાનાં પુસ્તકોમાં આવી
વસે છે. આવો બનાવ સામાન્ય બુદ્ધિના બાળકને લાગુ પડે છે. કેટલીક
વખત તેને બીજી વસ્તુઓમાં પણ સુખ જણાય છે; પરંતુ આપણે તો
આ એક સામાન્ય દાખલો લઇએ છીએ. હવે વાર્તાનાં પુસ્તકો તે બાળક-
ને પ્રેમમાં નિમગ્ન કરી નાખે છે. ઢીંગલા ઢીંગલીઓ જેવાં રમકડાં-
ઓમાં તેને મોહ રહ્યો નથી. વાર્તાનાં પુસ્તકોએ તેનું સ્થાન લીધું છે.
પુસ્તકો જ હવે તેને બહુ રમણીય અને મનોહર લાગે છે.

તે નિશાળીઓ હવે કૉલેજનો વિદ્યાર્થી થાય છે; અને તેના કૉલે-
જના જીવનમાં તેને કોઈ બીજીજ વસ્તુઓમાં સુખ જણાય છે; અર્થાત્
વિજ્ઞાનનાં, તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોમાં તેને સુખનો આભાસ થાયછે. કેટલાક
વખત સુધી તે પુસ્તકો વાંચે છે; પરંતુ એટલામાં તેના સુખે તો પુસ્તકોમાંથી
નીકળી યુનિવર્સિટીની પદ્વીઓ મેળવવાના વિચારો તરફ પ્રવાસ કર્યો હોય
છે. તેના સુખનું સ્થાન યુનિવર્સિટીની પદ્વીઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે
એટલુંજ નહિ પણ તેના આનંદનું હવે એ એક મુખ્ય મથક થઇ પડ્યું
છે. તે વિદ્યાર્થી યુનિવર્સિટીમાંથી ફતેહમંદીથી બહાર આવે છે. પછી તેને એક
સારા પગારવાળી નોકરી મળે છે; એટલે એનું સુખ દ્રવ્યમાં સમાય છે. હવે
તેના જીવનની મુરાદ ખૂબ દ્રવ્ય સંચય કરવાની છે. તે એક મોટો માણસ
થવા અને ખૂબ દ્રવ્યસંગ્રહ કરવા અભિલાષા રાખે છે. કેટલોક વખત
નોકરી કર્યા પછી જ્યારે તેની પાસે કેટલુંક ધન એકઠું થાય છે ત્યારે
સુખ વળી બીજી કોઈ વસ્તુ તરફ વળે છે; તે વસ્તુ કઇ એ કહી દેખાડ-
વાની જરૂર છે? તે સ્ત્રી છે. આ યુવકને એક સ્ત્રી સાથે લગ્ન કરવાની
કામના થાય છે. તેને માટે મહા પ્રયાસે એકઠી કરેલી દોલત ખર્ચી
નાખવા તે તૈયાર થાય છે. હવે તેને માતાની ગોદ સુખ આપતી નથી,
રમકડાંઓ પણ તેને મોહ પમાડતાં નથી, વાર્તાનાં પુસ્તકો પણ એક
બાજુ પડ્યાં રહે છે; અને જ્યારે પુસ્તકો પોતાની કામનાને અનુકૂળ
અને સુખ આપનાર જણાય છે ત્યારેજ તે કોઇ કોઇ વખત તેને વાંચવા
માટે હાથમાં લે છે. હવે સ્ત્રીને માટે તેણે સર્વસ્વ અર્પણ કરી દીધું છે.
... જે તેના સુખનો મુખ્ય વિષય છે તે સુખના ક્ષુદ્ર મનોરથને
ખાતર તેણે પોતાનું અનેક સંકટો વેઠીને પ્રાપ્ત કરેલું દ્રવ્ય રફેદફે કરી

નાખ્યું છે. આ યુવક થોડા કાળ સુધી પોતાની રમણી જોડે વિહાર કરે છે; પણ જુઓ પાછું તે સુખ હવે ત્યાં દેખાતું નથી. ત્યાંથીએ હવે તેણે કંઈક આગળ પ્રયાણ કર્યું છે. પોતાની સ્ત્રીથી જે તેને આનંદ થતો હતો તે હવે થતો નથી. આ એક સામાન્ય યુવકનો દાખલો છે, અને તે પણ એક પૂર્વ હિંદુસ્તાનના યુવકનો. તે યુવકનું સુખ સ્ત્રીમાંથી પ્રસાર થઈ ભવિષ્યની સંતતિ તરફ વળ્યું છે. હવે સંતતિજ તેના જીવનનો મનોરથ છે, તેને સંતાન હોવાની અભિલાષા થાય છે. તેને દેવસમાન પુત્ર પ્રાપ્ત કરવાની કામના છે. 'રામ' ને આ દેશના રીત રિવાજનો પૂરતો ખ્યાલ નથી; પરંતુ હિંદુસ્તાનમાં તો લગ્ન કર્યા પછી લોકો સંતતિને માટે ગહુંજ વલખાં મારે છે, ઈશ્વરની પ્રાર્થના કરે છે, ડાક્ટરોની સલાહ લે છે, કોઈ સાધુસંતની દુવા લેવા મથે છે, જંતરમંતર, દોરા ધાગા વગેરે કરવામાં કંઈ બાકી રાખતા નથી.

તે જુવાન ગૃહસ્થાશ્રમીનું સર્વ સુખ પુત્રની આશામાં એકત્ર થાય છે. પેલો બાળક હવે સુખના પ્રવાસની અર્થાત્ આનંદની પ્રગતિની છઠ્ઠી સ્થિતિમાં છે. પોતાને ઘેર બાળકના જન્મથી તે પોતાને કૃતાર્થ થયો માને છે. એના હર્ષનો પાર નથી. તે સદા ઉલ્લાસ અને ઉત્સાહમાં રહે છે. ઘડીએ ઘડીએ ફુલાઈ જાય છે. તે હવે જમીનથી હાથ હાથ ઉંચે ચાલે છે. સંતતિની પ્રાપ્તિ થવાથી તેને સુખની છોળો ઉછળી રહી છે. આ છઠ્ઠી સ્થિતિમાં અર્થાત્ એ ચંદ્રવદનવાળા બાળકમાં એ મોટી ઉમ્મરના બાળકનું સુખ પૂર્ણ રીતે વિકાસ પામ્યું છે. જ્યારે તે પોતાના બાળકનું પ્રિય વદન જુએ છે ત્યારે તેના આનંદનો પાર રહેતો નથી. સામાન્ય મનુષ્યના સુખની હદ તો એટલીજ હોય છે. તેના સુખની પરાકાષ્ઠા થઈ ગઈ અહીંથી હવે યુવકની અવસ્થા ઉતરતી જાય છે. બાળક જેમ જેમ મોટું થતું જવાનું તેમ તેમ તેના મોહ ઓછા થતા જશે, અને આ મનુષ્યનું સુખ તો હજુ વિષયમાં પ્રવાસ કરતું આગળને આગળજ ચાલ્યું જવાનું. સાધારણ મનુષ્યને પોતાના બાળકની પ્રીતિમાં જગતનું સુખ લાગે છે, તેવું સુખ તેને બીજા કશામાં લાગતું નથી.

હવે આપણે આ બાબતને જરા બારીકીથી તપાસી જોઈએ કે સુખ મકાનની ખાટ, રમકડાં, પુસ્તકો, દ્રવ્ય, સ્ત્રી, સંતતિ વગેરે આવા વિષયમાં રહે છે કે એ તે દુનિયાની કોઈ બાહ્ય વસ્તુમાં છે? વધારે

આગળ વિચાર કરતા પહેલાં સુખની ગતિને સૂર્યના પ્રકાશની ગતિ સાથે સરખાવી જોઇએ. સૂર્યનો પ્રકાશ પણ એક સ્થાનથી બીજે સ્થાને એમ પ્રવાસ કર્યા કરે છે. એ સૂર્યનો પ્રકાશ એક વખત ભારતવર્ષ ઉપર પ્રકાશે છે; બીજી વખત તે યુરોપખંડ ઉપર પ્રકાશે છે; એમ આગળને આગળ એ પ્રકાશ પ્રવાસ કર્યા કરે છે. જ્યારે સંધ્યાની છાયા પડે છે ત્યારે જુઓ! એ ત્યાંથી પૂર્વ અમેરિકા ઉપર પ્રકાશે છે; અને ત્યાંથી તે પશ્ચિમના પ્રદેશમાં આગળ વધે છે. એક દેશમાંથી બીજા દેશમાં કોઈ-વાર સરકતો તો કોઈ વાર છલંગો મારતો આગળને આગળ વધે છે, ત્યાર પછી તે પોતાની પ્રભા જાપાન ઉપર પસારી હજી આગળ ચાલ્યો જાય છે. એ પ્રકાશ એક દેશમાંથી બીજા પ્રદેશમાં પ્રવાસ કરે છે, પરંતુ આ બધા જુદા જુદા પ્રદેશો કે જ્યાં પ્રકાશ જોવામાં આવ્યો છે, તે કંઇ તે પ્રકાશનું મૂળ કે ઉત્પત્તિસ્થાન નથી. ઉત્પત્તિસ્થાન તો કોઈ બીજેજ સ્થળે હોવું જોઇએ; અને તે સૂર્ય છે. આવીજ રીતે સૂર્યના પ્રકાશની પેઠે એક સ્થળેથી બીજે સ્થળે પ્રવાસ કરતું સુખ ક્યાંથી ઉદ્ભવ પામે છે તે આપણે જોઇએ. તેનું ઉત્પત્તિસ્થાન ક્યાં છે? હવે આપણે સુખના સૂર્યને જોઇએ.

જે ગૃહસ્થ સંતાનપ્રાપ્તિથી કૃતાર્થ થયો છે તેનોજ દાખલો આપણે લઇએ. તે ગૃહસ્થ પોતાની ઑફિસમાં કામમાં ગુંથાએલો છે અને અચા-નક 'ટન' 'ટન' એમ ઘંટડીનો નાદ તે સાંભળે છે. એ ઘંટડી (વાત કરવાના યંત્રની) ટેલિફોનની છે. એકદમ છલંગ મારી ઝડપથી ટેલિફોન તરફ તે જાય છે; પણ એ શાના સમાચાર હશે, એવા વિચારથી સાંભ-ળવા જતાં તેનું હૃદય ધડકે છે. લોકો કહે છે કે આવતી આપત્તિનાં પગરણ પહેલેથી જણાય છે. આવો પ્રસંગ તેણે પહેલાં કદિ અનુભવ્યો નથી. તે ટેલિફોનના યંત્ર પાસે જઇ પહોંચે છે અને કાન દઇને સાંભળે છે. અરે! આ તે શી આફતના સમાચાર! ત ગભરાયેલા હૃદયે નિશ્વાસો મૂકયા કરતો હતો. એ લગભગ બેભાન બની ગયો હતો. તેના ગાલ ઉપરથી લાલાશ ઉડી ગઈ હતી. તે નિસ્તેજ અને ઉદાસ ચહેરે

કરતો પાછો પોતાની જગ્યાએ આવ્યો અને કોટ અને ટોપી

જાણે તોપના ગોળાથી ઘવાયો હોય એમ ઑફિસની બહાર ચાલ્યો.

તે ખાતાના ઉપરીની રજા લેવી પણ ભૂલી ગયો, તેમજ ત્યાંના પટાવાળા કોટ અને ટોપી તેણે ઠેકાણે મૂક્યાં નહિ. ટેબલ ઉપર પડેલા કાગળોને ફરી ખૂર ઓફીસી ટેબલના ખાનામાં પણ મૂક્યા નહિ અને ખાનાને તાળું પણ માર્યું નહિ. તે તદ્દન સનકાર બની ગયો હતો, તેથી આ બધી અવસ્થા ક્યાં વગર એમને એમ પરબાર્યો ઑફિસની બહાર ચાલ્યો. આથી એની સાથેના ઑફિસવાળાઓને ઘણું અચંબો લાગ્યો. તે ત્યાંથી ગભરાટમાંને ગભરાટમાં મહોલ્લામાં પહોંચ્યો. ત્યાં એક ગાડી ઊભી હતી તેમાં બેસી ગયો. એટલી વારમાં ટપાલના કાગળ વહેંચનારો તેને મળે છે, તે તેને એક કાગળ આપે છે. દુનિયાની દૃષ્ટિએ તે ખુશખબર કહેવાતી હોય તો તે કાગળમાં તેણે એક ખુશખબર વાંચી. તે ખુશખબર તેને ભાગે લૉટરીમાંથી દ્રવ્યની એક મોટી રકમ મળવાની હતી તેની હતી. તેણે એક લૉટરીની ટિકિટમાં ભાગ રાખ્યો હતો, તેમાંથી તેને ભાગે ૧૦૦ +ડૉલર આવ્યા હતા. વારુ, આ ખુશખબરથી તેને અત્યંત હર્ષ થયો જોઈએ! તેને આનંદ આનંદ થઇ ગયો હોવો જોઈએ! પણ ખરી રીતે જોતા તેવું કશુંએ નહોતું આ બધુ તેને મન મિથ્યા હતું. ટેલિફોનથી તેને જે સમાચાર મળ્યા હતા, તે સમાચારથી તેના હૃદયમા જરા પણ શાંતિ નહોતી. આ કાગળના ખુશખબરથી તેને જરા પણ હર્ષ થયો નહિ જે ગાડીમા તે બેઠેલો હતો તે ગાડીમા તેના મો આગળજ તેના જીવીજ સ્થિતિમા એક મોટો અમલદાર બેઠેલો હતો આ અમલદારને મળવું એ તો એના જીવનનું એક સુંદર સ્વપ્ન હતું, પણ જુઓ! તેણે અત્યારે તો એના તરફ નજર સરખી પણ નાખી નહિ અને મો ફેરવી ગાડીમાથી ચાલતો થયો વળી તેને એક સ્રીમિત્રને મળવાની અને તેની સાથ વાતચીત કરવાની અભિલાષા હતી. એ સ્રી પણ અચાનક સામે મળી, પણ તેની સાથે પણ વાત નકરી તે સ્રીનુ સુખદ મંદ હાસ્ય ભૂલી ગયો વારુ, આપણે એને વધારે વખત ઉચા ટમા રાખવો એ ઠીક નથી, અને આપણે પણ હવે વધારે વખત અટવાવુ યોગ્ય નથી જે પોળની અંદર એનું ઘર આવેલુ હતુ ત્યા તે આવી પહોંચ્યો. ત્યા જબરો ઘોઘાટ અને શોરબકોર થઇ રહ્યો હતો આકાશમા

+ આશરે સવાસે રૂપીઆની કિંમતનુ અમેરિકામા ચાલતું નાણું

ઉંચે જતા અને સૂર્યનારાયણને ઢાંકી નાખતા ધૂમાડાના ગોટેગોટ તેણે જોયા. ગગનમાં ચારે તરફ અગ્નિની જ્વાળાઓ ફેલાતી જોઈ. આ જબ્બર આગ જે ઘરની આસપાસ ફરી વળીને બાળીને ખાખ કરતી હતી; તેથી તે ગૃહસ્થની સ્ત્રી, દાદી, માતા અને મિત્રો કકળારોળ કરી રહ્યાં હતાં. ત્યાં તેણે ટોળે વળીને ઉભેલાં પોતાનાં બધાં સગાં વહાલાં જોયાં; પણ તેમાં પોતાની એક પ્રિય વસ્તુ જોઇ નહિ. તે પ્રિય વસ્તુ તેના પરમ સુખનું સાધન બાળક હતું. તેને તેણે ક્યાંએ જોયું નહિ. આગમાં પોતાનું પ્રિય નાનું બાળક ગુમાવ્યું, તે ત્યાં નહોતું. પોતાની સ્ત્રીને એ બાળકના સંબંધમાં પૂછપરછ કરી. સ્ત્રી કંઇ જવાબ આપી શકી નહિ, પણ ડચકાં ખાતાં ખાતાં કંઇક ભાગ્યું તુટયું બોલી કે મારાથી બોલી શકાતું નથી. ત્યાર પછી તેણે ખરી હકીકત શું છે તે શોધી કાઢી. તેને ખબર પડી કે બાળક તો ઘરમાં રહી ગયું છે. જ્યારે આગ શરૂ થઇ ત્યારે તે બાળક ધાવની પાસે હતું; ધાવે તેને પારણામાં સુવાડયું હતું. તે તેમાં ઘસઘસાટ ઉંઘતું હતું; પણ ધાવ તો એકદમ ઘરની બહાર જતી રહી હતી. આ આગ ચારે તરફ ફરી વળેલી જોઇને ઘરનાં બધાં માણસો ભયભીતપણે એકદમ ઘરની બહાર નીકળી ગયાં હતાં. દરેકનો એવો ખ્યાલ હતો કે ઘરના કોઇ પણ માણસ પાસે તે બાળક હશે. બધાંએ ઘરની બહાર આવ્યાં, ત્યાર પછી જણાયું કે બાળક તો ઘરમાં રહી ગયું છે; અને આગ તો વધીને ઘરની ચારે બાજુએ ફરી વળી છે. આથી કેટલાકે કકળારોળ કરી મૂકી, કેટલાકે દાંત કરડવા તો કેટલાકે હોઠ પીસવા માંડયા, અને કેટલાકે છાતીઓ કુટવા માંડી; પણ હવે કશોએ ઉપાય રહ્યો નહોતો.

આ ઠેકાણે આ ગૃહસ્થ, તેની સ્ત્રી, માતા, મિત્રો અને તે બાળકની ધાવ, એ બધા દયા ઉપજાવે એવી રીતે આક્રંદ કરી કરીને પાસે ઉભેલા લોકોને અને પોલીસોને પોતાના બાળકને બચાવવા માટે આજીજી કરતાં હતાં "ગમે તે ઉપાયે અમારા પ્રિય બાળકને બચાવો, અમે અમારૂં સર્વસ્વ આપી દઇશું, આજથી દશ વર્ષ સુધીમાં જે કંઇ કમાશું તે પણ આપી દઇશું, અમારૂં જે કંઇ હશે તે સર્વ કુરબાન છે પણ કોઇ અમારા બાળકને બચાવો." (તમારે એક વાત યાદ રાખવાની છે કે જે દેશમાં આ બનાવ બનવા પામ્યો છે, તે દેશમાં આ દેશના જેટલી

ચીમાં કંપનીઓ નથી.) બાળકને અર્થે તેઓ સર્વ આપી દેવા તૈયાર છે. ખરેખર બાળક એ એક ઘણી પ્રિય વસ્તુ છે. નાનું બાળક અતિ સુખદ વસ્તુ છે; તેથી તે બાળકની ખાતર બધી માલ મિલ્કત અને આપણા સ્વાર્થનો ભોગ આપવો એ યોગ્ય છે. પણ રામ એક વાદ-નો ખુલાસો પૂછે છે કે: "બાળકજ એ સુખનું મૂળ છે ખરૂં! શું આ દુનિયામાં બાળકજ પ્રિયમાં પ્રિય વસ્તુ છે? અથવા સુખનું મૂળ તે કોઈ બીજેજ ઠેકાણે છે?" અહીં જરા બરાબર ધ્યાન આપીને સાંભળજો! આ ઠેકાણે તે બાળકને માટે દરેક વસ્તુનો ભોગ આપવામાં આવે છે; પણ કોઈ ઉત્તમ વસ્તુ ખાતર, કોઈ બીજીજ વસ્તુને ખાતર, તે બાળકનોજ ભોગ આપવામાં નથી આવતો વારૂ? બાળકને ખાતર ધનદોલત, માલ-મિલ્કત વગેરે સર્વસ્વ આપી દેવામાં આવે છે; પરંતુ તે પ્રિય નાના બાળકનો કોઈ બીજીજ વસ્તુને ખાતર આમાં ભોગ આપી દેવામાં આવે છે. કોઈ બીજીજ વિશેષ વસ્તુને ખાતર તેને કુરબાન કરી દેવામાં આવે છે! હવે તે વિશેષ વસ્તુ તે બાળક કરતાં જરૂર અધિક સુખદ અને મીઠી હોવી જોઈએ! તે વિશેષ વસ્તુજ સુખનું સત્ય કેન્દ્ર હોવું જોઈએ. તેજ સુખનું ખરૂં મૂળ હોવું જોઈએ. વારૂ, ત્યારે તે વસ્તુ શું છે? જુઓ, તે વસ્તુ આત્મા છે! લોકો પોતેજ શા માટે આગમાં કૂદી પડતા નથી? જો તેઓ આગમાં કૂદી પડે, તો તેઓને પોતાનોજ ભોગ આપવો પડે અને તેમ કરવાને તેઓ તૈયાર નથી! અહીં તે બાળકને ખાતર સર્વસ્વ કુરબાન કરી દેવામાં આવે છે ખરૂં, પણ આત્માને ખાતર તે બાળકને પણ કુરબાન કરી દેવામાં આવે છે!

હવે આપણે જોઈએ છીએ કે તે બાળક કે જે એકવાર સુખની સર્વથી ઉચ્ચ વસ્તુ હતી તેમાં પણ સુખ નથી તે બાળક સુંદર, મનોહર અને સુખરૂપ લાગે છે તેનું એ કારણ છે કે આત્મામાંથી જે સુખનો પ્રકાશ આવે છે તે પ્રકાશવડેજ તે સુખરૂપ લાગે છે, પણ તે પ્રકાશ કંઈ તે બાળકમાં જ નથી. જો બાળકમાં જ હોત, તો તે બાળકમાં જ સદા કાયમ રહેત માટે આ ઉપરથી ખાસ ધ્યાનમાં રાખો કે જે સુખરૂપી પ્રકાશવડે તે બાળકનું મુખ સુખરૂપ લાગતું હતું, તે પ્રકાશ આત્મામાંથી જ સ્ફુરતો હતો, તેનું મૂળ આત્મામાં જ હતું

હવે આપણે જે સુખનું મૂળ છે, જે સુખનું ધામ છે, તેની કંઈ
નજીકમાં આવ્યા છીએ. આપણે સમજી શક્યા છીએ કે બાળકને ખાત
બાળક પ્રિય નથી, પણ આપણે પોતાનેજ ખાતર પ્રિય છે
સ્ત્રી એ કંઈ સ્ત્રીને ખાતર અથવા તો પોત પોતને ખાતર પ્રિ
નથી, પરંતુ પોતાનેજ ખાતર પ્રિય છે. વસ્તુને ખાતર વસ્તુ
ચહાઈએ છીએ એમ લોકોનું કહેવું છે તે ભૂલભરેલુંજ છે
ધનને અર્થે કંઈ ધન પ્રિય નથી, પણ આત્માને અર્થે પ્રિય છે. સ્ત્રી
એક વખત બહુ જ પ્રિય હોય છે, તે જ્યારે પતિને અનુકૂળ રહેતી નથ
ત્યારે અપ્રિય થઈ પડી તેનો તરત ત્યાગ કરવામાં આવે છે; તેમજ પ
કે જે એક વખત અતિ પ્રિય હોય છે, તે જ્યારે તેની સ્ત્રીના લાભ
વિઘાતકર થાય છે ત્યારે તેણી તરતજ તેને ત્યજી દે છે. જ્યારે દ્રવ્ય
આપણો હેતુ પાર પડતો નથી ત્યારે તે દ્રવ્યનો પણ આપણે ત્યાગ કર
દઈએ છીએ. તમે નીરોની હકીકત તો જાણતા હશો. પોતાની રાજ્યધાની
સુંદર રોમ શહેર તેને જરા પણ ઉપયોગી અને લાભકારક જણાયું નહિ
પણ તેને તો એક પ્રચંડ આગ જોવામાં સુખ જણાયું. તે આખું શહે
સળગાવી મૂકવામાંજ તેને વિશેષ આનંદ લાગ્યો. તે નજીકના એક ડુંગ
રના શિખર ઉપર ચડી ગયો અને પોતાના નોકરોને આજ્ઞા કરી કે
જાઓ આખા શહેરને તમે એવું તો સળગાવી મૂકો કે જેથી એક પ્રચં
આગ ભભુકી ઉઠે કે જે જોઈને મને આનંદ થાય ! એક તરફ શહે
બળ્યા કરતું હતું અને બીજી બાજુ તેને આનંદ થતો હતો. આ
પ્રમાણે તમે જોયો કે જ્યારે ધન દોલતથી આપણો અર્થ સધાતો નથી,
ત્યારે આપણે તરત તેનો ત્યાગ કરી દઈએ છીએ. 'રામે' એક ચમત્કારી
અને અજબ બનાવ નજરોનજર જોયો છે. ગંગા નદીમાં એક વખત જબ્બ
પૂર આવ્યું હતું, તે પૂર વધ્યાજ કરતું હતું. નદીના કાંઠા ઉપર એ
વૃક્ષ હતું, તેની શાખાઓ ઉપર એક વાંદરી અને તેનાં કેટલાંક બચ્ચ
હતાં. વધતાં જતાં પૂરથી બચ્ચાંએ ભયભીત થઈ પોતાની મા પાસે દોડી
આવ્યાં, પણ પાણી જ્યાં તે બેઠા હતા ત્યા સુધી ચડી ગયું. વાંદરી
ત્યાંથી એક ઉંચી ડાળીએ કૂદી ગઈ ત્યાં પણ પાણી આવી ગયું. વળી
તે ઝાડની ઉંચામાં ઉંચી ટોચ ઉપર જઈને બેઠી, પણ પૂરનું પાણી

એકદેજ ન અટકતાં ત્યાં પણ ફરી વળ્યું. તે વાંદરીનાં બચ્ચાં તેના શરીરે બાઝી રહ્યાં હતાં, પણ પાણી જ્યાં વાંદરીના પગ સુધી આવી ગયું કે એકદમ વાંદરીએ એક બચ્ચાને પોતાના પગ નીચે દબાવી તેના ઉપર ચઢી બેઠી. પાણી તો એથીએ ઉંચે ચઢયું; એટલે પાછું તેણે બીજું બચ્ચું લઈ પોતાના પગ નીચે નાખી તેના ઉપર ચઢી બેઠી. હજી પણ પાણી ઉંચે ચઢતું ગયું એટલે વાંદરીએ પોતાના ત્રીજા બચ્ચાને પણ પકડીને નિષ્ઠુરપણે પોતાના બચાવને ખાતર પગ નીચે નાખ્યું અને તેના ઉપર ચઢી બેઠી. દુનિયામાં બધું આવુંજ છે; આપણો સ્વાર્થ હોય ત્યાં લગીજ આપણે લોકોને અને વસ્તુઓને ચહાઇએ છીએ અને સ્વાર્થ સર્યો એટલે તેમનો ત્યાગ કરી દઇએ છીએ.

આ ઉપરથી આપણે એવા નિર્ણય ઉપર આવીએ છીએ કે સુખનું સ્થાન, સુખનું મૂળ આપણા પોતાનામાંજ છે; પણ તે કયે ઠેકાણે છે? શું તે આપણા પગમાં છે? પગ એ આખા શરીરને ટેકારૂપ છે, તેથી કદાચ પગમાં ધારીએ; પણ નહિ, તેમ નથી. જો પગમાં હોત તો પગ જ દુનિયામાં પરમ પ્રિય વસ્તુ થઇ પડત. અલબત પગ જોકે બહારની બીજી કોઈ વસ્તુ કરતાં વધારે પ્રિય છે; પણ તે હાથ કરતાં કંઇ વધારે પ્રિય નથી! ત્યારે શું હાથ એ સુખનું મૂળ છે? હાથ જો કે પગ કરતાં વધારે પ્રિય છે, પરંતુ તે પણ કાંઈ સુખનું મૂળ નથી. ત્યારે શું સુખ આપણી આંખમાં કે નાકમાં છે? જો કે આંખ અને નાક એ હાથ કરતાં વધારે પ્રિય છે ખરાં, પણ સુખ તો તેમાંએ નથી. ત્યારે આંખ અને નાક કરતાં પણ વધારે પ્રિય વસ્તુ કયી છે તે શોધી કહાડો. આપણે આખું શરીર જોઇએ તોપણ આપણને એમજ સમજાશે કે તે પણ સુખનું મૂળ નથી. કારણ આપણે જોઇએ છીએ કે આ આખું શરીર આપણે છોડતા જઇએ છીએ, આપણે પ્રત્યેક ક્ષણે વિકાર પામતા જઇએ છીએ; અને થોડાં વર્ષોમાં આપણા શરીરના દરેકે દરેક પરમાણુ નવાં બની જાય છે. ત્યારે તે સુખ કદાચ આપણા મસ્તકમાં, આપણી બુદ્ધિમાં અથવા તો આપણા મનમાં હશે. તે બુદ્ધિ કરતાં પણ કોઈ વસ્તુ વધારે પ્રિય છે? તેની આપણે તપાસ કરીએ. જો કોઈ વસ્તુ બુદ્ધિ કરતાં વધારે પ્રિય અને સુખદ હોય તો તેજ જરૂર સુખનું સ્થાન હોવું જોઇએ; અને તે

વસ્તુ તે આપણું જીવન છે અથવા હિંદુઓના શબ્દમાં કહીએ તો તે પ્રાણ છે. કારણ કે લોકો બહુ વખત બુદ્ધિનો નાશ થતાંએ જીવવું પસંદ કરે છે. કાંતો તદ્દન મરી જવું અથવા ચિત્તભ્રમ, દિવાના માણસ તરીકે જીવન ગાળવું એ બેમાંથી એક સ્થિતિ આપણે પસંદ કરવાની હોય તો તેમાંથી ચિત્તભ્રમની–દિવાના તરીકેની સ્થિતિજ દરેક જણ પસંદ કરશે. આવી રીતે આપણે જોઇએ છીએ કે જીવનના યજ્ઞમાં બુદ્ધિનું બળિદાન આપવામાં આવે છે. ત્યારે હવે તમને એમ લાગશે કે જીવન–વ્યક્તિગત જીવન એજ સુખનું સ્થાન હોવું જોઈએ ! જેમાંથી સર્વ સુખ સ્ફુરે છે એવો સુખનો ભાનુ એજ હોવો જોઇએ ! વારુ એ પ્રમાણે છે કે નહિ એની પણ તમે ખાત્રી કરી જુઓ. વેદાંત તો કહે છે કે ના, જીવન પણ સુખનું સ્થાન નથી. સુખનું ધામ–આભ્યન્તર સ્વર્ગ તો એથીએ હજી દૂર છે; "એ તો માનુષી અને વ્યક્તિગત જીવનથી પણ પર છે.

'રામ' એક વખત મરણ પથારીએ પડેલા એક જુવાન ગૃહસ્થને જોવા ગયો હતો; તે માણસ ઘણા ખરાબ વ્યાધિથી પીડાતો હતો, એના શરીરમાં અતિશય વેદના થતી હતી. શરૂઆતમાં દર્દ પગનાં આંગળાંમાં થતું હતું. પ્રથમ એટલું બધું નહોતું પણ ધીરેધીરે વધવા માંડયું અને તેનું આખું શરીર તણાઇ જવા માંડયું. થોડે થોડે તે દર્દ ઢીંચણ સુધી વધી ગયું અને ત્યાંથીએ આગળ વધતું આખરે જઠર સુધી પહોંચ્યું; અને જ્યારે તે તેના રક્તાશયમાં ફરી વળ્યું કે તરતજ તે. મરણ પામ્યો. આ વખતે તેને એટલી બધી પીડા થતી હતી કે જેને લીધે આ મરનાર અંત સમયે આવા શબ્દો બોલ્યા કરતો હતો: "આ શરીર ક્યારે પડી જશે ? આ પ્રાણ કયારે મારો છૂટકો કરશે ?" તે યુવકના અંતકાળના આવા શબ્દો હતા. તમે જાણો છો કે આ દેશમાં જ્યારે કોઇ માણસ મરી જાય છે ત્યારે તમે એવું કહો છો કે "તેણે જી... છોડયો " અને હિંદુસ્તાનમાં અમે કહીએ છીએ કે "તેણે દેહ છોડયો." અમારામાં અને તમારામાં શો તફાવત છે તે આના ઉપરથી તમને સ્પષ્ટ જણાશે. અહીં તમારે ત્યાં શરીરને આત્મા ગણવામાં આવે છે; અને સેતાન જાણે શરીરરૂપી આત્માને વળગ્યો હોય એવું માનવામાં આવે છે, જ્યારે હિંદુસ્તાનમાં શરીરને પોતાના સ્વરૂપથી કોઈ બાહ્ય વસ્તુ તરીકે

જણવામાં આવે છે; અને આત્માને પોતાના ખરા સ્વરૂપ તરીકે જાણવામાં આવે છે. હિંદુસ્તાનમાં જ્યારે કોઇ માણસ મરી જાય છે ત્યારે તે માણસ મરી જાય છે એમ માનતા નથી; પણ એમ માને છે કે માત્ર દેહાંતર થાય છે, ખોળીઉં બદલવામાં આવે છે અને આજ ભાવના શબ્દો તે મરનાર શુવકના મોમાંથી નીકળતા હતા કે "અરે! હું ક્યારે આ શરીર છોડીશ! આ પ્રાણ ક્યારે છૂટી જશે!"

આ દૃષ્ટાંતમાં જીવન કરતાં પણ કોઇ ઉચ્ચ વસ્તુ આપણી પાસે છે; પ્રાણ કરતાં પણ તે ચઢીઆતી છે. તે વસ્તુ એ છે કે જેને "મારું જીવન" "મારો પ્રાણ" એમ કહે છે. તે કોઇ એવી વસ્તુ છે કે જે જીવનને અને પ્રાણને ધારણ કરે છે; છતા તે પ્રાણ અને જીવનથી પણ પૃથક છે, વળી તે કોઈ એવી વસ્તુ છે કે દરેક જણના પ્રાણ અને જીવન કરતા પણ વધારે સુખરૂપ છે. અહીં આપણે જોઇએ છીએ કે એજ પ્રાણ અથવા જીવન તે વ્યક્તિમા રહેલા પૃથક ચૈતન્યને-કે જે ચૈતન્ય પ્રાણ કરતા પણ ઉચ્ચ છે તેને-હરકત આપતુ નથી ત્યારે તે પ્રાણ અથવા જીવનનો પણ ભોગ આપવામા આવે છે તે પ્રાણ અથવા જીવનને ત્યજી દેવામા આવે છે. અહીં આપણે કોઇ એવી વસ્તુ જોઇએ છીએ કે જે આપણા પ્રાણ અને જીવન કરતા પણ ઉત્તમ છે; અને જેને અર્થે એ પ્રાણ અને જીવનનો ભોગ આપવામા આવે છે, તે વસ્તુજ અવશ્ય સર્વથી વધારે સુખરૂપ હોવી જોઇએ, તેજ આનંદનુ સ્થાન હોવું જોઇએ. તેજ આપણા ઉલ્લાસનુ ઉત્પત્તિસ્થાન અને મૂળરૂપ હોવુ જોઇએ પ્રાણ અથવા જીવન એ આપણને બુદ્ધિ કરતા પણ અધિક પ્રિય શાવી લાગે છે, તે હવે આપણને બરાબર સમજાયુ છે, કારણ કે એ પ્રાણ તમારી અંદર રહેલા આત્માના સત્ય સ્વરૂપની બહુજ સમીપમા છે આપણા નેત્રો કરતા પણ આપણી બુદ્ધિ આપણને વધારે પ્રિય શાથી લાગે છે? કારણ કે બુદ્ધિ એ નેત્રો કરતા આત્માની વધારે સમીપમા છે; અને એ નેત્રો પગ કરતા વધારે પ્રિય કેમ લાગે છે? કારણ કે પગ કરતા એ અંતરાત્માની વધારે સામી કર છે દરેક જણ બીજાના-પડોશીના બાળક કરતા પોતાના બાળકને રૂપાળુ શાથી ગણે છે વારૂ? વેદાંત કહે છે કે 'જેને તમે મારૂ કહો છો તેને તમે તમારા આત્મારૂપી સુવર્ણરસાયનથી રસો છો'

કોઈ પણ પુસ્તક, જેની અંદર તમારી પોતાની લેખિનીથી લખા
એકાદો નિબંધ છે તે બીજા કોઈ પણ પુસ્તક કરતાં–પછી ભલે તે
પ્લેટો જેવાની કલમથી લખાએલું હોય તોપણ–તમને ઘણુંજ ઉત્તમ
લાગે છે ? કારણ કે જેને તમે 'મારૂં' કહો છો એ પુસ્તકમાં ત
આત્માનો પ્રકાશ પડ્યો છે ને તમારી અંદર રહેલી સ્વર્ગીય દિવ્ય
પ્રકાશથી તે દિવ્ય બનેલું છે. આવી રીતે હિંદુઓ કહે છે કે ત
આનંદનું નામ અને ધામ એ તમારી અંદરજ છે, અખિલ સ્વર્ગ
તમારીજ અંદરજ છે, સર્વ સુખનું મૂળ તે તમારી અંદરજ છે.
સ્થિતિ આવી હોવાથી સુખને બહારના વિષયમાં ક્યાંય શોધ્યા કરવ
કેવું અયુક્ત છે ?

હિંદુસ્તાનમાં એક એવી વાત પ્રચલિત છે કે, એક આશક પો
માશુકને માટે વિરહથી ઝુર્યા કરતો હતો. વિરહથી તેનું શરીર
સુકાઈ ગયું હતું અને તેનાં હાડકે હાડકાં દેખાતાં હતાં. તેના શરી
જરાએ માંસ કે લોહી રહ્યું નહોતું. જે રાજાના રાજ્યની અંદર
જુવાન રહેતો હતો તેણે તેને એક દિવસે પોતાના દરબારમાં બો
મંગાવ્યો, તેમજ તેની માશુકને પણ પોતાની હજુરમાં હાજર રખ
રાજાએ જ્યારે જોયું કે એ સ્ત્રી તો નરી કુબડ જેવી છે, ત્યારે
પોતાના દરબારને શોભાવે એવી સુંદર નવયૌવનાઓ બોલાવી
તમાંથી કોઈ પણ પસંદ કરી લેવાનું તેને ફરમાવવામાં આવ્યું.
માણસ બોલ્યો: "હે શાહ! હે રાજન્! આપ મૂર્ખા ન બનો. આપ
છો કે ઈશ્ક માણસને કેવો અંધ બનાવી દે છે ? હે રાજન! આપ
આપની દૃષ્ટિથી નહિ જોઈ શકો. મારી દૃષ્ટિથી તેણીને જુઓ અને
આપ કહો કે તે સ્ત્રી સુંદર છે કે કુબડ છે?" આ દુનિયાના સર્વ મો
આજ રહસ્ય છે. દુનિયાના સર્વ પદાર્થોના આકર્ષકપણાની એજ
છે. હે મનુષ્યો! તમે તમારી દૃષ્ટિ વડેજ સર્વે વસ્તુ
મોહક બનાવો છો. વસ્તુઓ ઉપર તમેજ તમારો પ્રકાશ નાખો
આપણે ગ્રીસના પુરાણમાં ઈકોના સંબંધમાં કથા વાંચીએ છીએ
પોતાનીજ પ્રતિમામાં આસક્ત બની હતી. દરેક મોહક પદાર્થોના સ
ધમાં આવુંજ છે. તે તમારી અંદર વિરાજતા આત્માનુંજ, તમારી

રહેલા સ્વર્ગનુંજ કેવળ પ્રતિબિંબ છે. તે માત્ર તમારીજ છાયા છે; વસ્તુસ્થિતિ આવી છતાં તમે તમારી પોતાનીજ છાયા પકડવા દોડો એ કેવું વિચિત્ર છે !

એક ઉછરતું નાનું બાળક કે તરતમાંજ કુદી માંડમાંડ ગોઠણીએ ચાલવાં શિખ્યું હતું, તેની એક વિચિત્ર હકીકત 'રામ' જાણે છે. તે નાના બાળકે એક સમયે પોતાનો પડછાયો જોયો, ને તે તેને કાંઇ અજબ ચીજ જણાઇ. તે બાળકને તે પડછાયાનું માથું પકડવાનું મન થયું. તેથી તેણે પડછાયાના માથા તરફ ગોઠણીએ ચાલવા માંડયું, પડછાયે પણ તેની સાથે સાથે તેવીજ રીતે ચાલવા માંડયું, બાળક જેમ જેમ આગળ ગયું તેમ તેમ તેનો પડછાયો પણ આગળ ને આગળ ગયો. બાળકે માથું પોતાના હાથમાં નહિ આવવાથી રડવા માંડયું એ ચાલતા ચાલતાં પગ દઇને પડી જતું તો તેની જોડે તેનો પડછાયો પણ પડી જતો. તે જરા ઉંચુ થઇ જ્યાં ફરી પોતાનું માથું પકડવા જતું હતું, તેવામાં તેની માતા જે આ બધું જોયા કરતી હતી, તેણીને દયા આવવાથી તેણીએ તેનો હાથ લઇ તેને માથે અડકાડાવ્યો એટલે તરતજ પડછાયાનું માથું બાળકના હાથમાં આવ્યું. એજ પ્રમાણે તમે તમારૂં માથું પકડો એટલે તેની સાથેજ તમારા પડછાયાનું માથું પણ પકડાશે. સ્વર્ગ ને નરક તમારા આત્મામાં છે. શક્તિ, આનંદ અને જીવનનું મૂળ, એ તમારી પોતાની અંદરજ છે-મનુષ્યનો પ્રભુ, કુદરત અને પ્રજાઓ એ સર્વે તમારા પોતામાંજ છે. જગતના લોકો ! તમે સાંભળો, આ બોધ ઘેર ઘેર, છાપરે છાપરે, ચોટે ચોટે અને મહોલ્લે મહોલ્લે કરવા યોગ્ય છે. આ બોધ સર્વે જનોએ ઉંચે સ્વરે ગર્જી ગર્જીને પ્રસિદ્ધ કરવા યોગ્ય છે કે તમે કોઇ પણ વસ્તુને જાણવા માગતા હો, તમે કોઇ પણ વસ્તુને પ્રાપ્ત કરવા માગતા હો, તો તમે તમારા પડછાયા પાછળ દોડશો નહિ ? પરંતુ તમે તમારા માથાનેજ પકડજો. તમે અન્તર્મુખ થાઓ. આ તમે એકવાર બરાબર સમજો અને પછી તમે જોશો કે ગગનમંડળના તારાઓ તે તમારીજ ઉપજાવેલી સૃષ્ટિ છે. તમે જોશો કે એમના સર્વે વિષયો, દુનિયાના સકળ મોહક અને આકર્ષક પદાર્થો—એ તમારાં પોતાનાંજ પ્રતિબિંબ—કેવળ તમારી પોતાનીજ છાયા હોવા છતાં

આ કેવું અયોગ્ય છે કે તે તુચ્છ છાયાઓને ખાતર આપણે આપણી જાતને પણ ગુમાવી દઇએ છીએ; અને જીવતોડ મહેનત કરીને આખરે માત્ર ધૂમાડાના બાચકાજ મેળવીએ છીએ.

હિંદુસ્તાનમાં એક સ્ત્રીના સંબંધમાં એક રમુજી વાત છે. એ સ્ત્રીએ પોતાના ઘરમાં પોતાની એક સોય ખોઇ નાખી અને પછી ઘરની બહાર જઇને તે ખોળવા માંડી. કોઇએ પૂછ્યું કે: "તમે શું ખોળો છો ?" તેણીએ જવાબ આપ્યો કે: "હું મારી ખોવાયલી સોય ખોળું છું." પૂછનારે ફરીથી પૂછ્યું કે: "તમે તે કયે ઠેકાણે ખોઇ ?" તેણીએ કહ્યું કે: "ઘરમાં." તે ગૃહસ્થે કહ્યું કે: "ઘરમાં ખોવાયલી સોયને ઘરની બહાર પોળમાં શોધવી એ તે કેવી મૂર્ખાઇ ?" તેણીએ આ સાંભળી જવાબ આપ્યો કે "ઘરમાં દીવો કરવા તેલ નથી અને પોળમાં તો ફાનસનું અજવાળું છે તેથી ઘરમાં ન શોધતાં ઘરની બહાર પોળમાં શોધું છું."

જનસમાજના સંબંધમાં પણ આવુંજ છે. સ્વર્ગ એ તમારા પોતાની અંદરજ છે. નંદનવન, સર્વે સુખનો સાગર, એ સર્વે તમારા આત્મામાંજ છે. વસ્તુસ્થિતિ આવી છતાં તમે બહારના પદાર્થોમાં, ઇંદ્રિયોના અર્થોમાં, સુખ મેળવવા મથો છો એ કેવું આશ્ચર્યકારક છે ?

આના જેવીજ એક ચિત્તભ્રમવાળા માણસની એક બીજી રમુજી વાત છે. એક પોળમાં કેટલાક છોકરાઓ રમતા હતા, તેમની આગળ એક ચિત્તભ્રમવાળો માણસ આવીને કહેવા લાગ્યો કે: આપણા શહેરના કોટવાળને ત્યાં આજે એક મોટી જ્યાફતની ધામધૂમ થઈ રહી છે. ત્યાં બધા છોકરાઓને નોતરવામાં આવ્યા છે." મીઠાઈની વાત આવી એટલે પછી છોકરાઓની વાત તો તમે બાકીજ છોની ? શહેરના કોટવાળને ત્યાં ઉજાણી છે તેની પેલા ચિત્તભ્રમવાળા માણસે ખાત્રી આપવાથી બધા છોકરાઓ કોટવાળને ઘેર દોડી ગયા, પરંતુ ત્યાતો ઉજાણી કે ભુજાણી કશુએ નહોતું. આથી બિચારા ઝંખવાણા પડી ગયા અને એમની હાસી થઈ. પેલો ચિત્તભ્રમવાળો માણસ પણ એમની પછવાડે પછવાડે આવ્યો હતો, તેને છોકરાઓએ પૂછ્યું: "ભાઈ ! આ વાત ખોટી છે એમ જાણ્યા છતાં તમે પણ અહીં કેમ આવ્યા છો ?" પેલા માણસે જવાબ આપ્યો કે: "કોણે ખરેખાત ઉજાણી કરે ! વખ ખોખે પણ કદાચ ખરી વાત કરે તો હું રહી જાઉં

ની ! તેથી હું પણ તમારી પાછવાડે પાછવાડે આવ્યો છું !"

જગતના મનુષ્યોના સંબંધમાં પણ એવુંજ છે. તેઓ પોતાની કલ્પનાથી કે પોતાનીજ વાંચ્છનાથી પુષ્પોને રમ્ય બનાવે છે; વિશ્વની દરેક વસ્તુને મોહક બનાવે છે; પોતાનીજ કલ્પનાથી દરેક વસ્તુ ઇચ્છવા લાયક બનાવે છે, અને પછી પેલા ચિત્તભ્રમવાળા માણસની માફક એ વસ્તુઓ પ્રાપ્ત કરવાને માટે તેમની પાછળ પાછળ જવાનું પસંદ કરે છે કે રખેને રહી ન જઈએ !

સુખને માટે બહાર ફાંફાં ન મારો. ખરા સુખનું ધામ તમારી પોતાનીજ અંદર છે, તેને તમે પ્રાપ્ત કરો; એટલે તમારી સર્વ કામનાઓ તૃપ્ત થઈ જશે અને સર્વ દુઃખ તથા આપત્તિઓનો અંત આવશે.

જુઓ આ રાનનાં વૃક્ષો, જીગરનાં એ સગાં મારાં;
જીગર મુજમાં ધડકતું જે, અડકમાં પણ ધડકતું તે.
મારૂં માંસ આ પૃથ્વી, રમું સ્નેહે પશુઓથી;
સદા છું ક્રૂર બબરીથી, મધુર મધુ મક્ષિકાઓનું.
મજેનું પુષ્પ શું ખીલ્યું ! સ્ફુરણ મુજ પ્રેમનું એ છે,
અને આ પાણીનાં ઝરણાં, વહે છે મારી ઇચ્છાએ.
પ્રકાશે ભાનુ આ જગને, લટકતા પુષ્પ શો શિરે;
વળે મૃત્યુ જીવન-લાશો, સદા હું છું અમર તેએ.
નથી જન્મ્યો કદી હું તો, છતાં મુજ શ્વાસ ઉચ્છવાસો,
ઉછળતા સાગરે અગણિત, મહા ઊર્મિ સદા એ તો.

ૐ ૐ ૐ



૨૨—મનોવળનો માનસિક નિયમ.*

જેણે પોતાના આત્માને ઓળખ્યો છે, તેને આ જગતના બીજા કયા પદાર્થની ઇચ્છા રહી હોય ! સાત સાત બાદશાહીના ભંડાર કે જગતની બીજી કોઇ પણ વસ્તુ તેનું મન ડોલાવી શકતી નથી. જગતની કોઈ પણ સુંદર વસ્તુ યા મોહક પદાર્થ તેને બાધ કરી શકતાં નથી. અહા ! શું સુખ ને પરમાનંદ ! તેનું વર્ણનજ થઇ શકે તેમ નથી. શબ્દોમાં કહેવાને ભાષા પુરતી નથી. તે પરમાનંદ તમે પોતેજ છો, તે ઉચ્ચ સુખ તમારા પોતાનામાંજ છે ! અને તે તમારો આત્માજ છે !

પોતાના આત્માને ઓળખો, પછી કોઈ પણ વાતની ઇચ્છા રહેશે નહિ. અખિલ વિશ્વ તમારૂં પોતાનુંજ થઇને રહેશે.

સાંસારિક મૃગજળની ખાતર મનુષ્યો આ પરમાનંદને છોડી દેવામાં મોટી ભૂલ કરે છે. અનંત સુખ તમારૂંજ છે. તમે પોતેજ પરમાનંદ છો, તો પછી એ સુખ નહિ મેળવતાં આમ તેમ વલખાં શા સારૂ મારવાં ? આનંદ એ તમારો જન્મનો હક્ક છે. એક દમડી ખાતર લોકો પોતાનો જન્મનો હક્ક વેચી દે છે.

જુડાસ ઇસ્કેરીઓટે ત્રીસ રૂપિયા જેટલી કિંમતે મહાત્મા ક્રાઇસ્ટને વેચી દીધો; તેમ તમારા પોતાના આત્મારૂપી ક્રાઇસ્ટને તમે કદિ વેચશો નહિ. આ જગતની નાશવંત વસ્તુઓને માટે તમારૂં શાશ્વત સુખ ધૂળધાણી કરશો નહિ; ડહાપણ વાપરજો ને વધારે ડાહ્યા થજો.

મહાન અમૃતનો સાગર તમારામાંજ ભરેલો છે, સર્વ સુખ તમારા આત્મામાંજ ભરેલું છે. આત્મામાંજ તેને શોધો ને અનુભવો. એ સુખ તે કાંઇ તમારાં શરીર, મન કે બુદ્ધિમાં નથી, એ તમારી ઇચ્છાઓ કે ઇચ્છિત વસ્તુ-

* તા. ૧૭ મી ડીસેમ્બર સને ૧૯૦૨ ને દિવસે સાનફ્રાન્સિસ્કોમાં હમેટીક બ્રધરહુડ હૉલમાં આપેલું ભાષણ.

છે. "ૐ" શબ્દનો ઉચ્ચાર નિરંતર કરવો જોઇએ, ને તેમ કરતે કરતે મનરૂપી જળ નિર્મળ કરવું જોઇએ.

આ બંસરી તે કોણ ? એ બંસરી તમને માત્ર લક્ષણસૂચક છે. બંસરીએ શું કર્યું કે જેથી તેનાં આટલાં બધાં વખાણ થઇ રહ્યાં છે ? કીયા ઉત્તમ કર્મે કરીને તેની દિવ્યતા ગવાઈ છે ! મહાન મહાન રાજાધિરાજો, અનેક રૂપગુણથી યુક્ત સુંદરીઓ અને સર્વ જગત જે કૃષ્ણને આટલા બધા પૂજ્ય ગણે છે; તે કૃષ્ણ એ બંસરીને ચુમ્બન દે છે તેનું કારણ શું ? બંસરીને લોકો તરફથી પ્રશ્ન થતો કે, "હે બંસરી ! કૃષ્ણ આટલો બધો પ્રેમ કોઇનાપર દેખાડતા નથી ને તને કેમ આટલું બધું માન આપે છે ?" બંસરીએ કહ્યું:–"મારામાં એક ગુણ છે તે એ કે મારા શરીરમાં જડ વસ્તુ રહી નથી. હું અંતરમાંથી પોલી છું, સ્વચ્છ છું." આ પ્રમાણે હૃદયમાંથી જડ જગતની લાલસા દૂર કરી મન ઇશ્વરને સોંપી દેવું, જડ શરીર ઉપરનું મમત્વ છોડી દઇ, સર્વ સ્વાર્થી ઇચ્છાઓ,–તૃષ્ણાઓ વછી દઇ મન પવિત્ર કરી ઇશ્વરને સમર્પણ કરી દો. દિવ્ય હૃદયથી ઇશ્વર ઉપર પ્રેમ કરો, ને આ સ્થિતિમાં રહી પ્રણવોચ્ચાર કરો એટલે તમારી પોતાની બંસરી વાગી અનાહત નાદ થશે. તમારા મનમાંથી સ્વાર્થ વગેરે કચરો દૂર કરી તેને બંસરી મુજબ પોલું–સાફ બનાવો.

ૐ મંત્ર બોલતાં મનરૂપી તળાવનું જળ નિર્મળ કરો. ઇચ્છાઓ રૂપી ઝેરી નાગોને પકડી પકડીને દંડી નાખો, મનને સ્થિર કરો, મનનું વલણ સત્યને રસ્તે થાય તેમ કરો. જેમ કબીરજીએ કહ્યું છે કે, "મનકું એસા મારીએ ટુક ટુક હો જાય" તેમ કરો. દૃઢ પ્રતિજ્ઞા કરો કે મનરૂપી જળ વિષમય ના બને; અને કોઇના પીવામાં આવતાં તેને વિષ ચઢે નહિ. જનમંડળ ભલે તમારાથી વિરૂદ્ધ પડે, તમને અનેક મુશ્કેલીઓમાં લાવી મૂકે; પરંતુ તમારા મનરૂપી જળમાંથી દિવ્ય, પવિત્ર ને નિર્મળ જળ વહેવા દેજો. અમૃતઝરો વહે એવું કરજો કે જેથી કરીને કોઇ મિત્ર કે દુશ્મનનું પણ અમંગળ થાય નહિ. ૐ મંત્રનો ઉચ્ચાર કરજો ને નિર્બળતાને સદાને માટે દૂર દેઇ દેજો. દૃઢ મનોબળ કરી, માનસિક શક્તિ વધારી, જયનાદ કરી, અવિદ્યા ઉપર વિજય મેળવી, જયવંત થઇ દુંદુભિનાદ કરજો. આ સ્થિતિએ પહોંચતાં સર્વ ઇચ્છાઓ–

ાલસાઓ જેમ નાગની સ્ત્રીઓ કૃષ્ણને શરણે ગઇ હતી તેમ તમારે તાબે થશે.

તમારાં દરરોજનાં સામાન્ય પાપો અને નિર્બળતાનું એક પત્રક બનાવો, ને જે દિવસે અમુક અધોગતિએ લઇ જનાર ઇચ્છા ઉત્પન્ન થાય તે દેવસના ખાનામાં તે ઇચ્છાની સામે નિશાની કરી રાખો. આમ કરતાં રતાં તમારી નિર્બળતાઓ કેવી અને કેટલી છે તે જણાઇ આવશે; પછી દૂર કરવા યત્ન કરો. જે દિવસે આવી અધમ ઇચ્છાને શરણે થાઓ, ને બીજે દિવસે પ્રાતઃકાળમાં ઉઠી એકાન્ત સ્થળે બેસી ઉંડો વિચાર રજો. પોતાના આત્માને સંબોધી, ઠપકો દઇ મન સ્થિર કરજો અને ુનઃ તે પ્રકારે પાપ ન થાય તેવી સાવચેતી રાખજો. જગતમાં અનેક ાષણો થાય છે; નાના કે મોટા, પવિત્ર કે અપવિત્ર દરેક જણ ભાષણો ા આપે છે; પરંતુ વ્યાખ્યાતા જ્યાં સુધી પોતે પોતાનેજ ભાષણ આપી મનોબળ વધારે નહિ ત્યાં સુધી એનું સર્વ વ્યાખ્યાન વૃથા છે. ઉન્નતિ-મનાં પગથીઆં ચડવાને સારૂ પોતે પોતાના મનને શિખામણ દે તોજ રેક થાય. મનુષ્યને કેટલીક વખત દિલગીરી પેદા થાય છે, તે વખતે ત્નથી તેનું કારણ શોધે ને ઉપાય કરે તો તે દૂર થાય છે. દિલગીરી સમયે કોઇ ધર્મનું પુસ્તક-જેવું કે શ્રીમદ્ ભગવદ્ગીતા લઇ વાંચો અથવા તો મહાન તત્વજ્ઞાનીઓનાં પુસ્તકો વાંચો કે જેથી તમારૂં મન દિવ્યભૂમિમાં રમણ કરે અને તમારી દિલગીરીનો ક્રમે ક્રમે જડમૂળથી નાશ થઇ જાય. આ પ્રમાણે માયાથી કોઈ પણ સમયે ન લપટાવાનો પ્રયત્ન કરતાં કરતાં મન ઉપર કાબુ મળે છે ને અંતે વિજયી થઈને મુક્ત થવાય છે. આ પ્રમાણે એક પછી એક દુર્ગુણને ઓળખી તેનું કારણ અને મૂળ શોધી કાઢી મનને શીખામણ દઇ તેનો ઉપાય કરવો જોઇએ. દરેકે પોતાની મેળેજ પોતાને સુધારવો જોઇએ. એકાન્તમાં બેસી જેથી તમને દુઃખ થતું હોય તેનો વિચાર કરો, વિચાર કરતાં કરતા પ્રણવોચ્ચાર કર્યે જાઓ ને દુઃખને ફેંકવા પ્રયત્ન કરો. આ પ્રમાણે કરતાં કરતાં મન દૃઢ થશે. મનરૂપી જંગમાં આ પ્રકારના અનેક વિષમય નાગો વસે છે, તેનાં માથાં ઓમનો ઉચ્ચાર કરતાં કરતાં છુંદી નાખો. સર્વ દુઃખો, સર્વ નિર્બળતા ને દુર્ગુણોનું મૂળ એકજ છે, અને તે મૂળ માત્ર અજ્ઞાનજ છે. આત્માને ન ઓળખવાની અજ્ઞાનતા એજ સર્વ દુઃખોનું મૂળ કારણ છે. પોતાના શરી-

રનેજ, લોકો પોતાનો આત્મા સમજે છે અને બાહ્ય જગતમાંથી સંપત્તિ પેદા કરી આનંદ મેળવવા ઇચ્છે છે તેથીજ તેઓ દુઃખી થાય છે. તમે જડ શરીર નથી, એમ નક્કી સમજો. તમે તો સર્વવ્યાપી, અનન્ત પરમાત્માજ છો, એવી દૃઢ ભાવના કરો, ને તે પ્રમાણે સાક્ષાત્કાર કરો, તો માયાથી લપટાવાનો ભય રહેશે નહિ. સામાન્ય અજ્ઞાનના પેદા વિભાગમાં પ્રકૃતિના નિયમોનું અજ્ઞાન પણ મનુષ્યોને બાધ કરે છે ને તેમને નિર્બળ બનાવે છે. પ્રકૃતિનો એક પવિત્ર નિયમ છે કે જે કદિ ઉલ્લંઘન કરાય તેમ નથી; તે નિયમ એ છે કે તમે કોઇ પણ અપવિત્ર વિચાર, અમંગલ ધ્યાન કે તેવું કૃત્ય ગમે તેવા એકાન્ત સ્થળે કરો, તોપણ તમને એ નિયમ પ્રમાણે તેવાં કૃત્યનો બદલો મળશેજ. દુઃખ ને દરિદ્ર તમારા પોતાના ઉપર આવી પડશેજ.

લોકો જાણે છે કે ગણિતશાસ્ત્રના નિયમો જેવી આ વાત સરલ નથી; જેટલી શ્રદ્ધા ગણિતશાસ્ત્રમાં તેમને છે, તે નિયમો જેટલા અટલ લાગે છે તેટલા આ નિયમ લાગતા નથી; પણ આ પ્રમાણેનું તેમનું ધારવું તદ્દન ભૂલ ભરેલું છે. ગમે તેવી નિર્જન એકાન્ત ગુફામાં પાપ કરો, તોપણ જે ભૂમિ ઉપર ઉભા રહી તે પાપ કરો છો તે ભૂમિ ઉપર ઉગેલું નિર્જીવ ઘાસ પણ તમારાં પાપની સાક્ષી પૂરશે. તે ગુફાના પત્થરો અને આસપાસનાં ઝાડ વગેરેને પણ વાચા ઉત્પન્ન થશે અને તમારાં પાપો ખુલ્લાં કરશે. પ્રકૃતિને કોઇ રીતે છેતરી શકશો નહિ. હૃદયમાં પાપી વિચાર ઉત્પન્ન થાય છે તેના પરિણામેજ બાહ્ય જગતમાં દુઃખદાયક બનાવો આપણને વિંટળાઇ વળે છે. આવા દુઃખનું ખરૂં કારણ ન જાણવાથીજ મનુષ્યો પોતાની સ્થિતિને દોષ દે છે; આસપાસના બનાવો ઉપર દોષ મૂકે છે; મિત્ર, બંધુ, સગાં, સંબંધીનો દોષ કાઢે છે; પણ આ પરમ સત્ય સિદ્ધાન્ત સર્વત્ર જાણીતો થયો જોઇએ કે ઇશ્વરની આંખમાં ધૂળ નાખવાનો પ્રયત્ન કરવાથી આપણે પોતેજ અંધ બનીએ છીએ. પ્રકૃતિનો નિયમ ડંકો વગાડીને કહે છે કે, પવિત્ર રહો ! પવિત્ર રહો !" છતાં અપવિત્રતાનો આશ્રય લીધો તો તેનાં ફળ ભોગવવાંજ પડશે. આ નિયમો એક પછી એક લઇને તેનાં પરિણામનો વિચાર ગણિતશાસ્ત્ર પ્રમાણે કરવો જોઇએ. એક વખત આ નિયમ દૃઢપણે સમજાયો તો, પછી

તે અધમ ઇચ્છાઓ તરફ દુર્લક્ષ થયેજ; અને એવી રીતે ઇચ્છાઓ ઉપર કાબૂ મેળવ્યા પછીજ મન સ્થિર કરી શકાય છે. પહેલું મનનું વલણ શુદ્ધ માર્ગે જવું જોઇએ, કારણકે તેની ખાસ આવશ્યકતા છે.

પ્રશ્ન:—મન સ્થિર કરવા માટે ઉપવાસની જરૂર છે?

ઉત્તર:—ઉપવાસ સંબંધે 'રામ' નું એટલુંજ કહેવું છે કે કેવળ ભૂખ્યા ન રહો તેમજ અકરાંતિયા થઇને પણ ન ખાઓ. બન્ને રીતિઓ ખોટી છે. કેટલીક વખત ઉપવાસ સ્વાભાવિક રીતેજ કરવો પડે છે; કારણકે જમીએ નહિ તો સારૂં એમ આપણા મનનેજ લાગે છે. આ સમયે તે પ્રમાણે કરવામાં શ્રેય છે; પરંતુ બીજે સમયે જ્યારે અંતરાત્મા કહે કે સાત્વિક ખોરાક લેવો જોઇએ, તો તે સમયે તે પ્રમાણે પણ વર્તવુંજ. ઉપવાસ એક માત્ર સહાયતારૂપે થવો જોઇએ. માનસિક સ્થિરતાને માટે ઉપવાસ કરવોજ જોઇએ એ રીતિ ભૂલભરેલી છે, કારણ એથી તો ઉપવાસના ગુલામ થઇ પડવા જેવું થાય છે. કોઇ પણ જાતની ગુલામગીરી 'રામ' ને પસંદજ નથી. હિંદુસ્તાનમાં લોકો અમુક દિવસે ઉપવાસ કરે છે. એકાદશી અથવા પૂર્ણિમાને દિવસે કેટલાક ઉપવાસ કરી અમુક પ્રકારનોજ ખોરાક લે છે કે જેથી કરીને પેટમાં ભાર ન થાય. તે દિવસે મન સ્થિર રાખી ભગવદ્‌ભજન કરે છે. સાચું જોતાં તો સ્વાર્થી ઇચ્છાઓ, લોભ લાલચો વગેરેને પોષણ ન આપવું તેજ ખરો ઉપવાસ કહી શકાય.





૨૩–સ્વર્ગનું રાજ્ય.*

સ્વર્ગનું રાજ્ય આપણા અંતઃકરણમાંજ છે, તો તેનો સાક્ષાત્કાર કેમ કરવો? આ વિષે એક સુંદર વાર્તા છે. કહેવાય છે કે એક સમયે દૈત્યો વેદોને ઉંચકીને પાતાળમાં નાસી ગયા. વેદનો અર્થ બે પ્રકારે થાય છે. મૂળ અર્થ 'જ્ઞાન અથવા સ્વર્ગનું રાજ્ય' એમ છે, ને બીજો અર્થ 'હિંદુઓનું પવિત્રમાં પવિત્ર શાસ્ત્ર' એ છે. જે દૈત્ય વેદોને લઈ નાસી ગયો હતો તેનું નામ શંખાસુર હતું. શંખાસુર એટલે શંખનો દૈત્ય અથવા શંખમાં રહેલો જીવડો.

હવે વેદોને પાછા લઇ આવવા અથવા તો નષ્ટ થએલા જ્ઞાનને પાછું ઉત્પન્ન કરવા માટે ઈશ્વરે મત્સ્યરૂપ ધારણ કર્યું એવી વાર્તા છે. દૈત્ય સાથે યુદ્ધ કરી તેનો નાશ કર્યો અને વેદો જગતમાં પાછા આણ્યા. છોકરાંઓ આવી વાતોનો સ્થૂલ અર્થ કરે છે; સાધારણ મનુષ્યો પણ એને અક્ષરે અક્ષર સાચી માને છે; પરંતુ આ વાર્તામાં ઉંડો ગુહ્ય અર્થ સમાએલો છે. સામાન્ય સત્ય સમજાવવા આ કથા લખાએલી છે. વાતનો મુદ્દો એવો છે કે ઈશ્વરે મત્સ્યાવતાર લીધો ને શંખાસુરનો વધ કરી વેદોને પૃથ્વી ઉપર આણ્યા. હવે આમ કરવાનું કારણ શું? મત્સ્ય સમુદ્રમાં રહેનાર પ્રાણી છે ને શંખ પણ ત્યાંજ પેદા થાય છે. એનું રહસ્ય છે કે ઈશ્વરે શંખમાં રહેલા જીવડાને મત્સ્યરૂપે થઈ મારી નાખ્યો; સમુદ્રના મોજાંએ શંખને કિનારા ઉપર આણી મૂકયો. લોકોએ લઈ લીધો ને તે વગાડતાં અંદરથી "ઓમ્" શબ્દ નીકળવા લાગ્યો. "ઓમ્"–પ્રણવ શબ્દ એ વેદ છે. એ અર્થમાં આ કથા લખાએલી છે. કથાકારનો મૂળ આશય ઓમ્ શબ્દની વાસ્તવિકતા ને ઉપયોગિતા

* તા. ૧૮ મી ડીસેમ્બર ૧૯૦૨ને દિવસે સાનફ્રાન્સિસ્કોમાં હર્મેટીક બ્રધરહુડમાં આપેલું ભાષણ.

ભાવવાનો છે; કારણ કે પ્રણવમંત્રજ જગતમાં સર્વ જ્ઞાનનો અન્ત છે. ર્વ વેદો, સ્વર્ગનું રાજ્ય શંખમાંજ આવી વસેલું છે. હિંદુઓ સર્વ ાંગલિક પ્રસંગે શંખધ્વનિ કરે છે ને સર્વ અમંગલ પ્રસંગે પણ તેનોજ ્વનિ કરે છે. મૃત્યુ, જન્મ, યુદ્ધ, પૂજા વગેરે સમયે તેનો ધ્વનિ કરે . ઓમ્ શબ્દમાં જેઓ ઓતપ્રોત થઇ ગએલા છે તેઓ આથી પરમાનંદ ાગવે છે. સ્વર્ગનું રાજ્ય મળે તેટલા સારૂ આજ કુંચી લગાડવાની છે. ુરોપ અને અમેરિકાના લોકો એ વાત બુદ્ધિગ્રાહ્ય ન હોય તે માનવા ા કહે છે. આ પ્રણવમંત્રની ઉપયોગિતા કેટલી છે તે જો કે સાબિત ન રી શકીએ; તોપણ આ મંત્રથી મનુષ્યના ઉપર અસર થાય છે, તે ા ચોકખુંજ છે. મનુષ્યના હૃદયનાં શુભ પડો ઉકેલીને જગતનો સર્વ ંડાર આપણા સમક્ષ આ મંત્રથી આવીને ખડો થાય છે. કથાકારનો હેવાનો આશય એ છે કે હિંદુઓના પવિત્ર શાસ્ત્રોનું જ્ઞાન જેમને પ્રાપ્ત થયું છે તે, જે સમયે લોકો પૂર્ણ આનંદપૂર્વક ઓમ્ નો ઉચ્ચાર કરતા હતા તે સમયે થયું હતું. સર્વ જ્ઞાનનું મૂળ આ મંત્ર છે. જુદા જુદા દૃષ્ટિબિંદુથી આ મંત્રની ઉપયોગીતા વિષે કહીશું. લોકો ખરા અંતઃકરણથી આ મંત્રનો ઉચ્ચાર કરે તેટલા માટે આની કેટલી ઉપયોગિતા છે, તે કહેવાની આવશ્યકતા છે.

શરૂઆતમાં એજ કહેવાનું છે કે, "ઓમ્" શબ્દ કોઇ અમુક ભાષાનો નથી. તેને તમે સંસ્કૃત શબ્દ ગણીને તેના તરફ ઉદાસીન ન રહેશો. "ઓમ્" એ ઈશ્વરના નામનોજ ઉચ્ચાર છે. આ શબ્દ કોઇને શીખવવો પડતો નથી. બાળક જન્મે ત્યારથીજ ઓમનો ઉચ્ચાર કરે છે જો કે તે એવો સ્પષ્ટ ઉચ્ચાર કરતું નથી; પરંતુ તેને લગતોજ ઉચ્ચાર એ કરે છે. ઓમ્ લખવો હોય તો ખરી રીતે તો અઉમ્ લખવો જોઇએ; પરંતુ સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે 'અ' ને 'ઉ' સાથે આવતાં તેની સંધિ થઇ તેનો 'ઓ' ઉચ્ચાર થાય છે. મુંગો મનુષ્ય પણ 'અઉમ્' નો ઉચ્ચાર કરી શકે છે ને સ્વાભાવિક રીતે તેનાથી તેનોજ ઉચ્ચાર થઇ જાય છે. રમતની અંદર જ્યારે છોકરાંઓને ખુબ આનંદ પડે છે ત્યારે 'અઉમ્' ને મળતોજ ઉચ્ચાર તેમના મુખમાંથી નીકળી પડે છે. દરેક ભાષામાં આ શબ્દ છે. સંસ્કૃત, ફારસી, ઈંગ્રેજી અને જાપાનીઝ દરેક

ભાષામાં એક યા બીજે રૂપે આ શબ્દ છે. જ્યારે મનુષ્યને આનંદ અથવા બીજી કોઇ ઉર્મિ થાય છે, ત્યારે આ શબ્દનો ઉચ્ચાર સ્વાભાવિકજ થઇ જાય છે. જ્યારે મનુષ્ય દુઃખી અવસ્થામાં હોય છે કે માંદો હોય છે, ત્યારે પણ આ શબ્દનો ઉચ્ચાર થઇ જાય છે. હીબ્રુ, અરેબીક અને ઇંગ્રેજીમાં પ્રભુપ્રાર્થનાની અંતે "આમીન" અથવા "ઍમેન" એમ બોલાય છે, તે પણ ઓમ્‌ને મળતોજ શબ્દ છે. ગ્રીક મૂળાક્ષરોના અંતનો અક્ષર "ઓમેગા" છે, તેમાં પણ "ઓમ્" નો સમાવેશ ખાસ કરીને થએલો છે.

આ પ્રમાણે આ ઉચ્ચાર દરેક ભાષામાં, દરેક વ્યક્તિને, દરેક સ્થિતિમાં કેમ મોંએ આવે છે? હિંદુઓ કહે છે કે આ શબ્દ શીતળ છાયાવાળું, સુંદર, સુશોભિત વૃક્ષ છે; ને તે ત્રિવિધ તાપથી પીડાતા મનુષ્યનું દુઃખ પોતાની શીતળ છાયાથી દૂર કરે છે. સ્વાભાવિક રીતેજ આ શબ્દના ઉચ્ચારથી હૃદય હલકું પડે છે. વ્યાધિગ્રસ્તને જો આ શબ્દોચ્ચારથી આરામ થાય, તો પછી શુદ્ધોચ્ચાર કરી નિરોગી મનુષ્ય તેનું રટન કર્યા કરે તો તેને કેટલો બધો આનંદ વ્યાપે? આ શબ્દને પ્રણવ કહે છે; એટલે કે તે જીવનમાં વ્યાપી રહ્યો છે, પ્રાણમાં વહન કરી રહ્યો છે, દરેક પ્રાણી આ ઉચ્ચાર કરે છે, પ્રાણની સાથેજ એ શબ્દ જોડાએલો છે. જોરથી શ્વાસોચ્છ્‌વાસ ચાલ્યો જતો હોય તો "सोऽहम्" શબ્દનો ઉચ્ચાર થતો સમજાય છે. આ શબ્દ સર્વ પ્રાણીમાત્રના પ્રાણ સાથે જોડાએલો છે. આ શબ્દમાં "स–ओ ह म्" એ અક્ષરો આવેલા છે.

સંસાર ભરના વ્યાકરણોમાં સંસ્કૃત વ્યાકરણ ઘણી પરિપૂર્ણ છે. 'મ્' એ કે વ્યંજન છે; પરંતુ નાસિકામાંથી બોલાય છે, એટલે સ્વરને મળતો આવે છે. હવે 'ઓ' ને 'અ' એ બન્ને અક્ષરોને સર્વ વ્યાકરણમાં સ્વરજ ગણ્યાએલા છે. બાકી રહેલા 'સ' ને 'હ' એ બે વ્યંજન છે, અને તે વ્યંજનને દૂર કરીએ તો માત્ર 'ઓઅમ્'–'ઓમ' એજ માત્ર શેષ રહે છે.

આ ઉપરથી સ્વર સ્વતંત્ર છે એ સમજાયું. વ્યંજન પરતંત્ર છે, તેથી એકલા આવી શકતા નથી, ને બોલી શકાતા નથી. દાખલા તરીકે ઇંગ્રેજી 'k' લેવો, તેનો ઉચ્ચાર 'કે' થાય છે ને સંસ્કૃતમાં 'ક' બોલાય છે. આ વ્યંજન સાથે 'ઇ' કે 'અ' સ્વર જોડીએ તો પછી તે [illegible]

[illegible] શકાય છે. વ્યંજનથી જગતમાં નામ ને આકારનું ભાન થાય છે. [illegible] નામો ને આકૃતિઓ વ્યંજન સમાન છે, ને તેથી અસ્વતંત્ર છે. [illegible]મ કે આકાર પરમ સત્યના આધાર વિના સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં [illegible] શકે તેમ નથી. જગત આખું જે નામરૂપથી વ્યાપ્ત છે તે નામરૂપ [illegible]વતંત્ર રીતે પરમ સત્યના આધાર વિના ટકી શકે તેમ છેજ નહિ. આ [illegible] સત્ય તે કેવળ જ્ઞાન-કેવળ આનંદ છે, અને તે 'અહમ્' થી ઓળખાય છે. એ પ્રમાણે 'સોહમ્' માં 'સ' ને 'હ' નામ તથા રૂપને ઠેકાણે છે, ને તેમાં વ્યાપી રહેલો 'ઓમ્' એ પરમ સત્ય છે.

ખાંડનાં રમકડાં જુદા જુદા ઘાટનાં બનાવીએ તો તેમાં માત્ર તેના નામ ને આકારમાંજ ફેર જણાય છે, બાકી વસ્તુતઃ સર્વે એકજ વસ્તુ ખાંડનાંજ બનેલાં છે. સમુદ્રમાં એક મોજું અહીં જણાયે તો બીજું બીજે જણાયે, એક મોટું તો બીજું નાનું, પરંતુ સર્વ સમુદ્રમાંથીજ ઉછળે છે, મૂળ તો એ સર્વ પાણીજ છે ફેર માત્ર રૂપ ને આકારમાં રહેલો છે. તેજ પ્રમાણે આંખો આંજી નાખે એવો ચમકતો હીરો લ્યો, કે જે વખત લોઢા જેવી વસ્તુને પણ કાપી નાખે તેવો હોય છે. હવે બીજી બાજુ કોયલો લ્યો, તો તે ઘણોજ નરમ ને ઘસીએ તો લીટા થઈને ઘસાય એવો હોય છે. બન્નેના રૂપમાં આસમાન જમીનનો તફાવત છે, પણ રસાયણશાસ્ત્રીઓ કહે છે કે વસ્તુતઃ આ બેમાં કાંઈ તફાવત નથી, કારણ કે બન્નેમાં 'કારબન' નામનું એકજ તત્ત્વ રહેલું છે. એકમાં કારબન તત્ત્વ [illegible] ને આકારની [illegible] એક પ્રકારની છે ને બીજામાં જુદી છે. આવી રીતે [illegible] કારબન[illegible] છે વસ્તુતઃ બન્ને એકજ તત્ત્વના બનેલા છે [illegible] સર્વ વસ્તુઓ [illegible] ભિન્ન [illegible] પરંતુ [illegible] રહેલું છે તે [illegible] સ્વતંત્ર [illegible] નામ તથા [illegible] આકાર [illegible] પરમ [illegible] રહેલો 'ઓમ્' એ સ્વાભાવિક રીતેજ [illegible]

[illegible]

[illegible]


સિવાય બીજાનું અસ્તિત્વ સંભવતું નથી. કોઇ પણ વસ્તુ વિષે વિચાર આવ્યા વિના તે વસ્તુ જોઇ શકાય નહિ; તેમજ કોઇ પણ વસ્તુનું ભાન તે વિષે વિચાર આવ્યા વિના થાયજ નહિ. ભાષા ને વિચાર એ એકજ છે. ભાષા વિના વિચાર થઇજ ન શકે. નાનું બાળક ભાષા જાણતું નથી, તેથી તેને વિચાર પણ નથી. ભાષા જાણ્યા વિના બાળક વિચાર કરીજ ન શકે. જ્યારે માતા અનેક નામો બાળકને શિખવે છે ત્યારે બાળક વિચાર કરતું થાય છે. જેમ ભાષા ને વિચાર એકજ છે તેમ જગત ને વિચાર પણ એકજ છે. આ રીતે શબ્દને જગતનો અભેદ છે. વિચાર વિના કોઇ પણ વસ્તુ દૃશ્ય થતી નથી, માટેજ કહેવામાં આવ્યું છે કે જગતની ઉત્પત્તિ સમયે પ્રણવ શબ્દ હતો, ને તે ઇશ્વર પાસે હતો; બલ્કે તે ખુદ પોતેજ પરમાત્મા હતો. હવે આખી સૃષ્ટિને માટે એક શબ્દની જરૂર હતી. જે નિયામક સૃષ્ટિ અખિલ બ્રહ્માંડને ધારણ કરી રહી છે તેને માટે એક શબ્દની જરૂર જણાઇ. દરેક ભાષામાં કેટલાક અક્ષરો કંઠસ્થ, કેટલાક ઓષ્ઠસ્થ ને કેટલાક તાલવ્ય છે; પણ કંઠની નીચેના સ્થાનેથી એક પણ અક્ષરનો ઉચ્ચાર કોઇ પણ ભાષામાં નથી. એક તરફ કંઠ મર્યાદારૂપ છે; ને બીજી બાજુ હોઠ મર્યાદારૂપ છે. હોઠની બહારથી એક પણ અક્ષરનો ઉચ્ચાર થતો નથી. 'અઉમ્' માં 'અ' કંઠસ્થ છે, 'ઉ' મધ્યસ્થ હોઈ તાલુની પાસેનો છે, ને 'મ્' ઓષ્ઠની સાથે નાસિકામાંથી બોલાય છે. આ પ્રમાણે 'અ' ઉચ્ચારની શરૂઆત દેખાડે છે, 'ઉ' મધ્ય દિશા જણાવે છે, ને 'મ્' તેનો અન્ત જણાવે છે; માટે 'ઓમ્' એ સ્વાભાવિકજ નામ છે. એ શબ્દ સર્વ ભાષાનો પ્રતિનિધિ છે, માટે સર્વ જગતનો પણ પ્રતિનિધિ છે. પ્રશ્ન થાય છે કે 'અ' માફક બીજા પણ અક્ષરો કંઠમાંથી બોલાય છે; તેમજ ઉ ને મ્ ના સ્થાનના પણ બીજા અક્ષરો બોલી શકાય છે, તો શા માટે 'અ' ઉ અને મ્ નેજ મહત્વ આપ્યું ને બીજાને નહિ? કારણ એ છે કે આ અક્ષરો સ્વર છે. તે પરતંત્ર નથી પણ સ્વતંત્ર છે, ને દરેક બાળક પણ તેનો ઉચ્ચાર કરી શકે છે. મુંગાં પ્રાણી પણ તેનો ઉચ્ચાર કરી શકે છે. કોઈ આ અક્ષરો શીખવા જતું નથી, માટેજ તેમને સર્વોપરિ ગણેલા છે. મ્ ઓષ્ઠસ્થ તેમજ નાસિકામાંથી બોલાય છે, તેથી કરીને તને પ્રાણ સાથે ગાઢો
...પ છે. આ ઉપરથી સમજાશે કે કોઈ પણ પરિપૂર્ણ શબ્દ હોય,

તો તે ઓમ્ છે, ને તે સર્વ વિચાર, સર્વ જનતનો પ્રતિનિધિ છે

વેદાંત ને હિંદુ તત્ત્વજ્ઞાન ઓમ્ શબ્દનેજ સમજાવવા પ્રયત્ન કરી રહ્યા છે કોઇ પણ વસ્તુ, નિયમ કે શક્તિ 'ઓમ્' શબ્દ વિના રહી શકે તેમ નથી

ઉચ્ચાર બે પ્રકારના છે એક સમજાય તેવો બીજો ન સમજાય તેવો. એકને ધ્વન્યાત્મક ને બીજાને વર્ણાત્મક કહીશું વર્ણાત્મક એટલે લખી શકાય તેવા ને ધ્વન્યાત્મક એટલે લખી ન શકાય તેવા સામાન્ય ભાષા વર્ણાત્મક છે, પણ હાસ્યાદિ દર્શાવવાની ભાષા ધ્વન્યાત્મક છે, એ અક્ષરો કે વર્ણોદ્વારા સમજાવી શકાતી નથી.

મનુષ્ય હસે છે આ હાસ્ય કોઈ પણ ભાષામાં લખીને દર્શાવી શકાશે! મનુષ્ય રૂદન કરે છે—આ લાગણી દર્શાવવાને કોઇ શબ્દ નથી—લખીને સમજાવાય તેમ નથી ધારો કે કોઇ પરદેશી આપણા દેશમાં આવે, તે આપણી ભાષા સમજી શકતા નથી, તેને કોઇ વસ્તુ જોઇતી હોય તો તે શું કહે છે એ આપણે નથી સમજતા, ને આ પણે શું કહીએ છીએ તે એ નથી સમજતો એ પર [illegible] ધાર[illegible] કહ્યા[illegible] થયો છે, તેને ખાવાને કાંઈ જોઇએ [illegible] ન [illegible] સમજવાથી [illegible] ધ્યાન આપતા નથી મનુષ્ય રૂદન [illegible] તો [illegible] છો [illegible] દુખી છે ધ્વન્યાત્મક [illegible] સમજાય [illegible] ભાષા સર્વ [illegible] સમજાય છે [illegible] લખ્યા વિના [illegible] નથી ધ્વન્યાત્મક [illegible] સંગીતની ભાષા ધ્વન્યાત્મક છે [illegible] સંગીતની [illegible] ભાષાથી ભિન્ન [illegible] સંગીત [illegible] [illegible] સંગીતની [illegible] સાબિતિઓ [illegible] વાત છે તે [illegible] પાતે [illegible] મનુષ્ય [illegible] [illegible] સમજાવવું [illegible] સમજાવી [illegible] તત્ત્વ [illegible] છે [illegible] છે



૨૪–પવિત્ર પ્રણવ શબ્દ.*

થોડા વખત પહેલાં પવિત્ર પ્રણવમંત્ર વિષે થોડુંક કહ્યું હતું. સા
આક ભાષણો આપતાં પણ તેના વિષે બધું સમજાવી શકાય તેમ નથી
સંસ્કૃત ભાષામાં પુસ્તકોનાં પુસ્તકો આ વિષય ઉપર ભરેલાં છે ને હજી
પણ લખાયાં જાય છે. ખરી રીતે સર્વ વેદ વેદાંત અને ધર્મ ગ્રંથોનો
'ઓમ્' શબ્દમાં સમાવેશ થાય છે.

હિંદુસ્તાનમાં ઘણા ઘણા ધર્મો છે; પરંતુ સર્વ ધર્મો 'ઓમ્' શબ્દ
અંતઃકરણથી પૂજનીય ગણે છે. હીબ્રુ, મુસલમાન અને ખ્રિસ્તિ
એ સર્વે પણ પ્રાર્થનાની અન્તે 'ઍમેન' શબ્દનો ઉચ્ચાર કરે છે. મુસ
લમાનો જો કે 'ઍમેન' બોલતા નથી, પણ 'અમીન' કહે છે; છતાં
એમ પણ બોલે છે તો ખરાજ. 'ઍમેન' ક્યારે બોલાય છે? જ્યાં
વાચા વિરમે છે અને મન આરામ લે છે ત્યારેજ બોલાય છે
અંતઃકરણમાં જડેલા ભાવો હોય તે વાચાદ્વારા વ્યક્ત થઈ જાય ત્યાં
પ્રભુમાં આપણે મળી જઈએ છીએ અને અન્તે આ શબ્દોચ્ચાર કરીએ
છીએ. અવાચ્ય, અગમ્ય અને અતર્ક્યને જ્યારે પહોંચાય છે, ત્યારે
આ ઉચ્ચાર સ્વાભાવિક રીતે થાય છે હવે એ 'ઍમેન' શું છે? મા
'ઓમ્' જ છે, બીજું કંઇ નથી 'ઍમેન' કે આમીનનો અર્થ વાક્યનો
અન્ત કે જ્ઞાનનો અન્ત એમ છે

વૈદિકો 'ઓમ્' શબ્દને જુદી રીતે સમજાવે છે, જૈનો જુદી રીતે
સમજાવે છે, બૌદ્ધો જુદી રીતે સમજાવે છે અને લોકો હિંદુ ધર્મ
ભિન્ન ભિન્ન પ્રકારે સમજાવે છે પરંતુ જે અર્થ તેનો ખરો છે તે
અનાદિ તે સર્વદેશીય ને સર્વકાલીન છે

* [illegible]

ઓમ્‌નાં અ, ઉ ને મ્‌ એ ત્રણ અક્ષરો આવેલા છે. 'અ' ઉચ્ચાર વૈશ્વ પ્રમાણે જડ જગતનું એટલે કે જાગ્રતાવસ્થાનાં જે જગત વ્યાપાર છે તેનું ભાન કરાવે છે, તેથી તે પ્રત્યક્ષ વ્યાપારને રજુ કરનાર છે.

સ્વપ્નાવસ્થાના ... અનુભવોને 'ઉ' અક્ષરથી દર્શાવાય છે, ... ને ... એ બે ... અક્ષરથી જણાવાય છે ... માનસિક છે ... સૂક્ષ્મ સંસાર, સ્વર્ગ, નરક ને ... એ બધા જ તેને ઉ અક્ષરથી ... આવે છે.

[illegible]

એમજ કહી ગયા છે માટે વસ્તુસ્થિતિ એમજ હોવી જોઇએ. જાગ્રતાવસ્થામાં સર્વ ઇન્દ્રિયો સ્થૂલ રૂપમાં હોય છે. સ્વપ્નાવસ્થામાં તેમ હોવા છતાં પણ ઇન્દ્રિયજન્ય જ્ઞાન તો થાય છેજ. બાહ્ય દૃષ્ટિ તે વખતે કામ કરતી નથી. સ્વપ્નાવસ્થામાં અનેક વસ્તુઓ ઉત્પન્ન કરીએ છીએ અને તે વસ્તુઓનું ભાન થવાને માટે તેમના જેવીજ ઇન્દ્રિયો પણ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સ્વપ્નાવસ્થામાં જે વસ્તુઓ ઉત્પન્ન કરીએ છીએ અને એ વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જે ઇન્દ્રિયો ઉદ્ભવે છે, તે એકજ શક્તિનાં ઉત્તર ને દક્ષિણ ધ્રુવની જેવાં ભિન્ન ભિન્ન બે પૃથક્ સ્વરૂપો છે. સ્વપ્નાવસ્થામાં ભોક્તા ને ભોજ્ય બે સાથેજ ઉદ્ભવે છે. ૐ અક્ષરમાં એ બન્નેનો સમાવેશ થાય છે. વેદાંતના નિયમ પ્રમાણે જાગ્રતાવસ્થામાં પણ ઇન્દ્રિયો અને ઇન્દ્રિગોચર પદાર્થો એ બને ઉત્તર ને દક્ષિણ ધ્રુવ માફક એકજ શક્તિનાં જુદાં જુદાં રૂપો છે. સ્વપ્નમાં વસ્તુએ તત્કાળ ઉત્પન્ન થએલી હોય છે, છતાં તેમનું અસ્તિત્વ જાણે લાંબા કાળથી હોય તેમ ભાસે છે. જાગૃતાવસ્થામાં પણ તેજ પ્રમાણે છે. આપણે જ્યારે કહીએ છીએ કે જગત જડ છે, ત્યારે આપણી ઇન્દ્રિયોના જડ અનુભવોને આધારેજ એમ કહીએ છીએ. એક ચિત્રમાંના પુરૂષ, ચિત્રામણનાજ કૂતરાનેજ જેમ ખરો કૂતરો કહે, તેના જેવીજ આ વાત છે. એટલે વાસ્તવિક રીતે બન્નેની સ્થિતિ અસત્ય છે. ઇન્દ્રિયો અસ્તિત્વમાં શાથી આવી? મૂળતત્વોને લીધે. મૂળતત્વોનું અસ્તિત્વ શાથી સમજાય છે? ઇન્દ્રિયોદ્વારા. આ પ્રશ્નોત્તરથી ચોકખુ જણાય છે કે જાગૃતાવસ્થાનું જગત પણ અસત્ય છે. સ્વપ્નાવસ્થાની પેઠેજ જાગૃતમાં પણ જ્યાં સુધી એ અવસ્થા રહે છે, ત્યાં સુધીજ તે અવસ્થાની વસ્તુઓ સત્ય ભાસે છે; માટે બેમાંથી એકે અવસ્થાની વસ્તુઓ ખરી રીતે અસ્તિત્વમાં નથી એમ સિદ્ધ થાય છે. જે વસ્તુ સર્વ અવસ્થામાં અચળ રહે, જેમાં કાંઇ પણ ફેરફાર કે વધઘટ ન થાય, તેનેજ હિંદુઓ સનાતન સત્ય કહે છે; અને જે વસ્તુ એક સમયે ભાસે અને બીજે સમયે અદ્રશ્ય થાય તે વસ્તુને હિંદુઓ અસત્ય કહે છે. હર્બર્ટ સ્પેન્સર પણ સત્યની વ્યાખ્યા એવીજ આપે છે.

સ્વપ્નાવસ્થા અસત્ય છે, એમ કહેવાનું કારણ એજ છે કે જાગ્રતાવસ્થામાં એ અવસ્થાનો લોપ થાય છે; અને એજ નિયમ પ્રમાણે જાગ્-

વાવસ્થા પણ અસત્ય છે, કારણ કે સ્વપ્નાવસ્થામાં આ જડ જગત હોતું નથી.

અ-ઉ-મ એમાંનો 'અ' સર્વવ્યાપી આત્માના આદર્શરૂપે, ભોક્તા ને ભોજ્ય રૂપમાં જાગૃતાવસ્થામાં રહેલો છે તેની સંજ્ઞા છે. મનુષ્યો કહે છે કે, "મારી પાસે અપાર આટલી લક્ષ્મી છે; બસ આ પૈસાવાળા છે; સંસાર માત્ર સત્ય છે." અહા ! આ કેટલી મૂર્ખતા ! ખરૂં સત્ય તો તમારો આત્માજ છે. તે શાશ્વત, અચિંત્ય, અવર્ણ્ય અને અનાદ્યનન્ત છે. બાકીનું ઇન્દ્રિયોથી જાણતું સર્વ જગત અસત્ય છે.

આ સિદ્ધાંત કેટલાકને માન્ય નથી. તેનું કારણ એ છે કે સ્વપ્નાવસ્થા અને સુષુપ્તિ અવસ્થાની પેઠે જાગૃત અવસ્થાની સરખામણી કરવામાં આવે છે; પરંતુ આ વિષે કેટલુંક વિશેષ વિવેચન કરવાથી ખુલાસો થશે. હમેશાં અર્ધથી પણ વિશેષ પૃથ્વી ઉપર સ્વપ્નાવસ્થા કે સુષુપ્તિ અવસ્થા પથરાઇ રહેલી છે. જાગૃતાવસ્થા જેટલોજ સમય સુષુપ્તિમાં વહી જાય છે. બાળકની સ્થિતિ શું સ્વપ્નાવસ્થા જેવી નથી ? અને મૃત્યુ એ શું છે ? એ પણ સુષુપ્તિ અવસ્થાજ છે. શરૂઆતનાં બાળકપણાનાં ચાર પાંચ વર્ષ તો એજ અવસ્થામાં જાય છે. પછી અર્ધું જીવન જાગૃતાવસ્થામાંજ પસાર થાય છે ને અર્ધું સ્વપ્નાવસ્થામાં તથા ઉંઘમાં જાય છે. વસ્તુસ્થિતિ આવી છે તો પછી જાગૃતાવસ્થાનાજ અનુભવો માત્ર સત્ય છે એમ કહેવાનો શો હક્ક છે ? ઉંઘતા હો છો તે સમયે શું તમે મરી જાઓ છો, કે જેથી તે સમયના અનુભવો અસત્ય માનો છો ? જો જાગૃતાવસ્થાને સ્વપ્નાવસ્થા કરતાં બળવાન ગણતા હો, તો વિદ્વાનમાં વિદ્વાન, મહાનમાં મહાન તત્ત્વજ્ઞાનીઓ, યોદ્ધાઓ, શૂરવીરો વગેરે પણ અમુક સમયે લાચાર થઇ ઘારઉંઘમાં કેમ પડી જાય છે ? એ નિદ્રારૂપી બળવાન શક્તિ તમારી જાગૃત રહેવાની ઇચ્છાને ગણકારતી નથી જેમ નિદ્રા વખતની સ્થિતિને પોતાનો સંસાર છે તેમજ જાગૃતાવસ્થાને પણ છે. તો પછી જો જાગૃતાવસ્થાને મહત્વ આપીએ તો સ્વપ્નાવસ્થાને શા વાસ્તે મહત્વ ન આપવું ?

અમેરિકનો ને યૂરોપીયનો દરેક વાતનો બહુમતના પ્રમાણથી નિર્ણય કરે છે. આમ છે તો પછી સુષુપ્તિ ને સ્વપ્નાવસ્થાનો પણ જગતના અનુભવોના નિરાકારણમાં મત આપવાનો હક્ક છે. જો જાગૃતાવ-

સ્થાના અનુભવો ઉપરથી સ્વપ્નાવસ્થા અસત્ય ગણાય તો તેજ નિયમ પ્રમાણે સ્વપ્નાવસ્થાના અનુભવો જાગૃતાવસ્થાને ગણશે. વળી જે સર્વ વનસ્પતિઓ ને પ્રાણિઓ સ્વપ્નાવસ્થામાં છે; તેમના અનુભવ પ્રમાણે જગત જાગૃત અવસ્થાનું જગત અસત્યજ છે, તો તેમનો અનુભવ પણ શા સારૂ ધ્યાનમાં ન લેવો ? આપણને જગતના પદાર્થો અમુક પ્રકારે અને આકારે દેખાય છે, તે કીડીને તથા હાથીને વળી જુદાજ પ્રકારે જણાય છે. કદાચ આપણે કહીશું કે માત્ર મનુષ્યનો જાગૃતાવસ્થાનોજ અનુભવ ધ્યાનમાં લેવો જોઇએ; પરંતુ એ પૂર્ણ પુરૂષના અનુભવોને યથાર્થ રીતે ગ્રહણ કરીએ તો જણાશે કે આ સ્થૂલ જગત અસત્યજ છે. પ્રશ્ન કરશો કે કારણ શું ? આપણા વિજ્ઞાનશાસ્ત્રીઓ, તત્ત્વજ્ઞાનીઓ જેવા કે હક્સલી, સ્પેન્સર વગેરે તો સ્થૂલ જગતની સત્યતા ભાર દઈને કહે છે; તો પછી તેમનો અનુભવ અસત્ય કેમ કહેવાય ? જરા શાન્ત થઇ વિચાર કરો, નિદ્રાવસ્થામાં ઉચ્ચારેલા તેમના મતને તમે વજન નહિ આપો; પણ ખરી ધ્યાનસ્થ સ્થિતિમાં થએલો અનુભવજ તેઓ વર્ણવે છે તેજ મહત્ત્વનો છે. જે સમયે આ વિદ્વાનોના મુખમાંથી જ્ઞાનની ધારા વહે જાય છે તે સમયે જે જે મતો તેઓ આપે છે તેજ માત્ર મહત્વના હોય છે. તે સમયે તેમનાં રોમેરોમ ખડાં થાય છે, ને જાણે અદ્વૈતવાદનું ભાષણ આપતા હોય તેમ જણાય છે. આ સ્થિતિમાં "મારૂં, તારૂં" રહેતું નથી; આત્મભાવ, અહંભાવ કે જગતનું અસ્તિત્વ રહેતું નથી. મનુષ્ય જ્યારે અનુપ્રાણિત હોય છે; ત્યારે જ્ઞાનના દ્વાર વાટે જ્ઞાન,વચન વહે છે, સ્વાભાવિક રીતે સૂર્યમાંથી જેમ તેજ નીકળી આવે છે. તેમ નીકળી આવે છે. એ સ્થિતિમાં તે બેસતા નથી. મહાન વિચાર ને નાકે રોપી એજ સ્થિતિમાં પહોંચી આવે છે. આ પ્રમાણે મહાન જ્ઞાનીઓના ખરા અનુભવ જગતની અસત્યતાનેજ સાબીત કરે છે. ધ્યાનસ્થ સ્થિતિમાં આપણે શું કરીએ છીએ ? અમુક વિષય ઉપર વિચાર કરીએ છીએ, આપણું સર્વ મન અને શક્તિ તે વિષય ઉપર નાખીએ છીએ, તેથી મનમાં આ વિષય એટલો તો એકાગ્રતા થઈ જાય છે કે મન તલ્લીન થઈ જાય છે, અને પરિણામ એ આવે છે કે તે વિષય ડૂબી જાય છે ને માત્ર આપણે આત્માનંદનો અનુભવ કરીએ છીએ.

માનસિક નિયમ પ્રમાણે અમુક વિષયનું જ્ઞાન થવાને માટે તેની સાથે બીજો ભિન્ન વિષય પણ હોવો જોઈએ; પરંતુ વાસ્તવિક રીતે જ્યારે દ્વૈતભાવ મનમાં નથી રહેતો, ત્યારે આત્મજ્ઞાન સ્થિર હોય છે અને તેથી કરીને ઉચ્ચ સ્ફુરણા થાય છે.

ટેનીસન જ્યારે લૉર્ડ ટેનીસન રહેતો નથી ત્યારેજ તે કવિ ટેનીસન બને છે; તેજ પ્રમાણે બર્કલી ને હ્યુમ પણ જ્યારે અહંભાવ ભૂલી ગએલા હોય છે ત્યારેજ ખરા મહાન જ્ઞાનીઓ તરીકે ઝળકી નીકળેલા છે. કોઈ મહાન વિચાર આપણે પ્રદર્શિત કરીએ તે વખતે તેનું માન આપણે ન ખાટી જવું જોઈએ; કારણ કે જે સમયે તે વિચાર સ્ફુર્યો તે સમયે આપણે પોતે નહોતા, જો અહંભાવ રહેલો હોત તો કદિ પણ એ વિચાર સ્ફુર્યો હોતજ નહિ. અહંભાવ નહોતો તેથીજ પરમાત્માએ આપણામાં એ વાત ઉત્પન્ન કરી. આ પ્રમાણે મહાન જ્ઞાનીઓની સમાધિસ્થ અવસ્થા ડંકા વગાડીને કહે છે કે જગત અસત્ય છે. યુદ્ધમાં પણ શૂરવીરો, જગતની સત્યતા દૂર રાખી અહંભાવ મૂકી દે છે, ત્યારેજ શૂરાં કૃત્યો કરી શકે છે. શરીર ઉપર અનેક શસ્ત્રાસ્ત્ર આવી પડે છે, લોહી વહે છે; પરંતુ તે વિષે તેમને ભાન હોતું નથી, તેઓ તો આગળ ને આગળ શત્રુઓ સામે ધસ્યાજ જાય છે. આ સ્થિતિમાં દુઃખ એ દુઃખ નથી લાગતું, કારણ શું ? કારણ એજ કે ત્યાં શરીર એ શરીર નથી રહેતું ને જગત એ જગત નથી રહેતું. એ રીતિએજ નેપોલિયન, વૉશિંગ્ટન, વૅલિંગ્ટન ને બીજા સવળાઓ તેઓનાં કૃત્યોથી સાબીત કરી આપે છે કે જ્યારે અહંભાવ હોતા નથી ત્યારે જગત અસત્યજ છે, એમ વ્યાવહારિક રીતે અનુભવાય છે.

જગતમાં આટલી બધી શોપીનું અસ્તિત્વ શાથી થાય છે ? મન જે સમયે માત્ર સત્યજ્ઞાનમાંજ રમી રહે છે, આત્મા પોતે ઈશ્વરમય બની જાય છે; અખિલ વિશ્વનું જ્ઞાન પોતેજ બની જાય છે, તેજ સમયે એ઼ોા અસત્ય જગતમાં ઉછળે છે.

'ॐ' નું ગુંજન કરતીવખતે ઈશ્વરમાંજ ધ્યાન પરોવવાનું છે, પોતેજ ઈશ્વર છે એવું ભાન કરવાનું છે. જેમ સૂર્ય પ્રભાતમાં કે સંધ્યા સમયે રંગો ઉત્પન્ન કરે છે, પાછા એ બધા રંગોને પોતાનામાં સમેટી લે છે; તેમ

[illegible] જગતનો પેદા કરનાર ને નાશ કરનાર એકજ છે.

સ્વપ્નાવસ્થામાં તમે વાઘ વરૂ જુઓ છો, ને વાઘ લાગે છે કે આ વાઘ વરૂ તમને મારી નાખશે; પરંતુ તે વાઘ કે વરૂ જુદાં નથી પણ તમે પોતેજ તે છો. વેદાંત કહે છે કે જાગૃતાવસ્થામાં પણ તમેજ દ્રશ્યરૂપે પ્રગટ થયા છો. તમે પોતેજ સૂર્ય ને તળાવ બન્ને છો. તળાવમાં જે પ્રતિબિંબ પડે છે તે પણ તમે પોતેજ છો. દીપક ને પતંગીઉં બન્ને તમેજ છો. ૐ નો ઉચ્ચાર કરતી વખતે અદ્વૈતભાવ એટલે સુધી દૃઢ રાખવો જોઈએ કે જેથી તેનો સાક્ષાત્કાર થાય; ને દુષ્ટ વિચારો, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે જડમૂળથી નાશ પામે. જેમ સર્પ [illegible] દુઃખ આપી શકતા નથી, સ્વપ્નવત્ થઇ જાય છે, તેજ પ્રમાણે જાગૃતાવસ્થાના અનુભવો પણ સ્વપ્નવત્ છે. પરમ સત્ય તો તમારો આત્માજ છે- તમેજ છો. તેનોજ સાક્ષાત્કાર કરો.

કેટલાક લોકો વિચારને જડરૂપ આપવા ઇચ્છે છે; પરંતુ ખરી રીતે જડ વસ્તુઓનેજ વિચારરૂપે ગણવી જોઈએ. [illegible] સંસારની સરખામણીમાં લોકો પ્રત્યક્ષ વ્યવહારને સત્ય માને છે; પણ વેદાંતના મત પ્રમાણે પ્રત્યક્ષ ને માનસિક વ્યવહાર બન્ને અસત્ય છે. આ બન્નેની પણ પેલી પાર જવું જોઈએ, કારણ કે શાન્તિ અને સુખ માત્ર સત્યસ્વરૂપનો સાક્ષાત્કાર થવા વડેજ મળે છે.

લોકો કહે છે કે અમારે તો શાશ્વત અનંત જીવન જોઈએ છે. [illegible] નથી, પણ જીવન એટલે શું? જીવન એટલે સ્વપ્નાવસ્થા? સુષુપ્તિ અવસ્થા? કે જાગૃતાવસ્થા? આ સર્વ માત્ર અવસ્થારૂપજ છે. સત્ય જીવન તો તમે પોતેજ છો, તમારો આત્માજ છે, [illegible] સુખ કદિ [illegible] નથી.

[illegible]

[illegible]

ચાર કરો તે સમયે તન મનથી તેમાંજ મચી રહો. તમારા આત્મામાં
તલ્લીન થઈ જાઓ. મનસા વાચાને મુખથી પ્રણવમંત્રનો ઉચ્ચાર કરો.
નાડી રગેરગ ને નસેનસમાં આ મંત્રનો ધ્વનિ જાગૃત કરો. તમારાં
મમાં તેના પડઘા વાગવા દો. તમારા લોહીનાં ટીપે ટીપામાં આ
મંત્રનો મધુર રસ રેડો. તમે પોતેજ શાશ્વત સ્વયંભૂ, તેજના પણ તેજ,
અખિલ વિશ્વના નિયંતા, પરમ પ્રભુ અને સત્ય સ્વરૂપ થઈને રહેજો.
મંડળ, ચૌદભુવન ને અખિલ બ્રહ્માંડ તમારાં ગાન ગાશે ને સર્વ
કૃતિ દાસ થઈ હાથ જોડી તમારી સમક્ષ ઉભી રહેશે. ૐ ૐ ॥





૨૫—परिमितमां अपरिमित अथवा सान्तमां अनन्त.*

સન્નારીઓ અને સજ્જનોના સ્વરૂપે વિરાજતા મારા અનન્ત આત્મા !

આજનો વિષય શરૂ કરતા પહેલાં દુનિયામાં શ્રોતાજનો લગભગ કેવા પ્રકારના હોય છે તેમના સંબંધમાં હું બે શબ્દો બોલવાની જરૂર ગણું છું.

દુનિયામાં ઘણાખરા લોકો એવા હોય છે કે તેઓ પોતાના કાનથી સાંભળતા નથી; પણ બીજાનાજ કાનથી સાંભળે છે. પોતાની આંખોથી જોતા નથી પણ, મિત્રોની આંખોથી જુએ છે. પોતાની રૂચિથી રસ-સ્વાદ લેતા નથી, પરંતુ બીજાનીજ રૂચિથી લે છે. આ બધું કેવું વિચિત્ર છે ! હે જગતના માનવીઓ ! હરેક પ્રસંગે તમે તમારીજ આંખોથી જુઓ, તમે તમારાજ કાનથી સાંભળો, દરેક પ્રસંગે તમે તમારી પોતાનીજ વિવેકશક્તિનો ઉપયોગ કરો, તમારાં આંખ, કાન કંઈ અમસ્થાં અને શોભા માટે નથી; પરંતુ ઉપયોગને અર્થેજ છે.

એક દિવસ 'રામ' એક મહોલ્લામાંથી પસાર થતો હતો, તેવામાં ત્યાં તેને એક ગૃહસ્થનો મેળાપ થયો તેણે 'રામ'ને કહ્યું: "તમે આવો પહેરવેશ કેમ પહેરો છો ? આવો પહેરવેશ પહેરવામાં તમારો શો હેતુ છે ? તમે અમારૂં ધ્યાન શા માટે ખેંચો છો ?" 'રામ' આવા લોકો તરફ હમ્મેશાં હસ્યા કરે છે.'રામ' કહે છે કે જો તમને હિંદુ સાધુઓના પહેરવેશથી આનંદ પડતો હોય તો તમારા આનંદથી મને આનંદ થાય છે.

તમારૂં મંદહાસ્ય એ મારૂં મંદહાસ્ય છે.

પણ મહેરબાની કરી યોગ્ય રસ્તે જાઓ. જો વર્તમાનપત્રો કોઈ પણ

* સાનફ્રાન્સિસ્કોમાં "ધી ગેટ ગોલ્ડન હોલમાં તા. ૧૦-૧-૦૩ ને દિને આપેલું ભાષણ.

માણસની તરફેણમાં અથવા વિરુદ્ધમાં એક પણ શબ્દ લખે તો સમસ્ત જનસમાજ તે મંજુર કરી લે છે.

આ વર્તમાનપત્રો આમ લખે છે અને બીજા વર્તમાનપત્રો તેમ લખે છે એમજ લોકો કહ્યાં કરે છે. પણ વર્તમાનપત્રોના લખાણોનો મૂળ આધાર શું છે? સામાન્ય રીતે છોકરાઓ અને સ્ત્રીઓ વર્તમાનપત્રોના અખબારનવીસ હોય છે. એ બધી બીના કંઈ વિદ્વાન લેખકને હાથે નહિ પણ હલકી પંક્તિના ખબરપત્રીઓના હાથથી લખાએલી હોય છે. જો કોઈ શેઠ-હોદ્દેદાર જેવા મોટા માણસ, બીજા કોઈ માણસનાં વખાણ કરવા લાગે, અથવા લોકમાં ખ્યાતિ પામેલો કોઈ માણસ કોઈને માન આપે તો બીજા બધા લોકો પણ તેમજ કરવા મંડી પડે છે. આ કંઈ સ્વતંત્રતા ન કહેવાય; દરેક પ્રસંગે તમારા પોતાના કાનનો તેમજ તમારી પોતાની આંખોનો ઉપયોગ કરવો એજ સ્વતંત્રતાનો અર્થ છે.

કે માણસે 'રામ'ને પૂછ્યું હતું કે 'તમે આવો પહેરવેશ કેમ પહેરો છો?' તેને 'રામે' જવાબ આપ્યો કે 'ભાઈ; મને કહો કે મારે આ રંગનું નહિ ને કોઈ બીજાજ રંગનું વસ્ત્ર શા માટે પહેરવું? આના બદલે 'રામે' શા માટે કાળા કે પીળા રંગનું વસ્ત્ર પહેરવું જોઈએ? મહેરબાની કરીને એનું કોઈ કારણ મને કહો કે એમાં તમને શો દોષ જણાય છે?' તે કોઈ પણ દોષ જણાવી શક્યો નહિ, અને તેણે કબુલ કર્યું કે મારા રંગીન વસ્ત્રના જેવુંજ તમારૂં રંગીન વસ્ત્ર પણ તમને અનુકૂળ છે મારા વસ્ત્રની પેઠે આ તમારૂં વસ્ત્ર પણ ટાઢ તડકાથી તમારૂં રક્ષણ કરે છે બીજા રંગની માફક આ રંગ પણ સરસ છે. કોઈ પણ વસ્ત્ર લ્યો તો તેને કોઈ ને કોઈ રંગ તો હોયજ કાળો રંગ હશે તો તે પણ એક રંગ છે પીળો પણ એક રંગ છે અને ગુલાબી પણ રંગ છે. વસ્ત્રને કોઈ પણ જાતનો રંગ તો હોય છેજ, રંગ વગર તે હોઈ શકેજ નહિ.

'રામે' તેને કહ્યું કે તમે તમારા પ્રતિ, તેમજ તમારી આંખો અને કાન પ્રતિ દયાળુ થાઓ. તમે તમારી આંખોનો અને કાનનો ઉપયોગ કરો અને ત્યાર પછીજ તમે નિર્ણય ઉપર આવો. તમે બીજાઓએ કરેલા નિર્ણય પકડી બેસો નહિ. તમે બીજાના અભિપ્રાયથી દોરાઈ જાઓ નહિ. બીજાના અભિપ્રાયોથી દોરાઈ જવાની નબળાઈથી જેટલા તમે

દૂર રહેશો તેટલા તમે સ્વતંત્ર બનશો.

તમે તમારા કાનથી, તમારીજ બુદ્ધિથી અને તમારીજ તુલના શક્તિથી આ ભાષણ સાંભળો, એવી 'રામ'ની ઇચ્છા છે. જો તમે આ ભાષણો બરાબર ધ્યાનપૂર્વક સાંભળશો, તો 'રામ' તમને ખાત્રી આપે છે કે એથી તમને અત્યંત લાભ થશે. ઉદ્વેગ, ભય અને દરેક જાતના ઉપદ્રવથી તમે મુક્ત થશો.

લોકો કહે છે કે સર્વેને માત્ર ધનજ જોઇએ છીએ; પણ ભાઈ તે ધન શા માટે જોઇએ છીએ ? તમે તે ધન સુખનેજ માટે ઇચ્છો છો, બીજા કશાને માટે નહિ; છતાં તે ધનથી સુખ મળતું નથી. તમને સુખ મળે એવી તો અહીં એકજ વસ્તુ છે. કેટલાક એમ કહે છે કે અમે એવાં ભાષણો સાંભળવા માગીએ છીએ કે જે અમારા હૃદયમાં સારી છાપ પાડે અને ઉંડી અસર કરે—અર્થાત્ અમે એવાં ભાષણો સાંભળવા માગીએ છીએ કે જે અમને તત્કાળ અને પ્રત્યક્ષ ફળ આપે. તમે કોઈ બાળકના જેવા ન થશો. કોઇ પણ બાળક આગળ એકાદી મહોર કે શકરપારાનો કકડો ધરશો તો તે બાળક બેમાંથી શકરપારાનો કકડો લેશે, કે જેને ખાવાથી તેજ વખતે તેનું મોં ગળ્યું થાય. તે કંઇ સોના રૂપાનો કકડો લેશે નહિ. તમે પણ તે બાળકના જેવા ન થશો.

કેટલીક વખત ભાષણો અને વક્તૃત્વ એ તાત્કાળિક અસર કરે તેવાં હોય છે; પણ તે માત્ર શકરપારા જેવાંજ હોય છે. એમાં કોઇ જાતની જાદુની અસર હોતી નથી. અહીં તો એક એવી વસ્તુ છે કે જે તમારા ઉપર જાદુની ચિરસ્થાયી અસર કરશે. લોકો યુનિવર્સીટીઓમાં અને કૉલેજોમાં ત્યાંના પ્રૉફેસરો અને ઉપદેશકોના ભાષણો કલાકે કલાકે સાંભળે છે, પણ ત્યાં પ્રૉફેસરો વક્તૃત્વશક્તિ બતાવતા હોય અથવા તો વક્તૃત્વ કળાના નિયમોને અનુસરતા હોય એમ કંઈ જણાતું નથી. પ્રોફેસરો સામાન્ય રીતે ધીમે ધીમે, શાંતિથી અને વિચારી વિચારીને પોતાના વિદ્યાર્થીઓ આગળ ભાષણો આપે છે; પણ વિદ્યાર્થીઓએ તેઓનો એકે એક શબ્દ ગ્રહણ કરવોજ જોઇએ. પછી તે પ્રોફેસરોમાં વિદ્યાર્થી ઉપર તત્કાળ અસર કરે એવી ઈશ્વરી શક્તિ હોય કે ન હોય; પણ વિદ્યાર્થીઓએ તો તેઓના મોંમાંથી નીકળતા દરેકે દરેક શબ્દ ઝીલી લેવા જોઇએ.

આ પ્રમાણે આજે 'રામ' પણ દુનિયાને કહે છે કે જેવી રીતે વિદ્યા-
એ કૉર્ડેસરોના શબ્દો સાંભળે છે તેવીજ રીતે દુનિયાએ પણ 'રામ'ના
બ્દો સાંભળવા જોઈએ. તમે કદાચ એમ કહેશો કે આ શબ્દો આડં-
રના છે; પણ હા, એ વખત હવે આવે છે કે જ્યારે....[1]

સાન્તમાં અનન્ત એ આજ રાત્રિની ચર્ચાનો વિષય છે. જ્ઞાનને લોક
ય કરવું એ દુર્ઘટ છે; અને તેમાં પણ વળી તત્ત્વજ્ઞાનને લોકપ્રિય કરવું
, તો ઘણુંજ દુર્ઘટ કામ છે. સોક્રેટિસના શબ્દો સંપૂર્ણ રીતે ખરા છે
"જ્ઞાન એ સદ્ગુણ છે." અને આ એક એવો વિચાર છે કે જે આખી
નવમંડળ ઉપર સત્તા ભોગવશે. એજ જ્ઞાન છે કે જે મનુષ્ય જાત ઉપર
ત્તા ભોગવે છે. એ એજ જ્ઞાન છે કે જે કર્મમાં રૂપાન્તર પામે છે.
કોને ખધું તૈયાર થએલું જોઈએ છે, પણ તે તૈયાર થએલું લાવો વખત
કતું નથી. 'રામ' તમને એવું જ્ઞાન આપે છે કે જે તમને કર્મની અનંત
વૃત્તિમાં ફેરવી નાખશે. એને લોકપ્રિય કરવું એ મુશ્કેલ છે, તોપણ આ
ઠિન અને અઘરા વિષયને જેમ બને તેમ સરળ કરવા અમે બનતો
યાસ કરીશું:

દુનિયામાં તમને જે નાનામાં નાની વસ્તુ જણાય તેનાથી આપણે
થમ શરૂઆત કરીશું. એક ખસખસનો અથવા રાઈનો દાણો અથવા
કમારી મરજીમાં આવે તેવું કોઈ પણ બીજ લ્યો. આ બીજ ઘણુંજ નાનું
કે, એને હથેળીમાં મૂકી મો આગળ ધરો. આ બીજ શું છે તે આપણે
જરા તપાસીએ.

જમીનમાં આ બીજને વાવો. જ્યાંજ થોડા વખતમાં તેમાંથી સુંદર
પાનવાળો એક છોડ થશે, અને અમુક સમયે એક બીજ આપણને હજારો
બીજાં બીજ આપશે. આ આપણને મળેલા હજારો બિયાં પાછાં વાવી
દો અને તેમાંથી આપણને તેજ જાતનાં પાછાં લાખો બિયાં મળશે. વળી
તમે પાછાં લાખોએ વાવી દો અને તેમાંથી પાછાં કરોડો બિયાં મળશે.

---

1 રામ આ વખતે તદ્દન શાંત થઈ ગયા હતા, અને એવા વિચારમાં ગરક થઈ ગયા હતા કે આખી દુનિયા જરૂર એક વખત આધ્યાત્મિક જીવનના કાંઠા માંથી તૃપ્તિપર્યંત પાન કરશે અને જે અંતિમ લક્ષ્યને 'રામ' દર્શાવી ગયા હતા તેજ માનવ જાતિનું નિર્માણ-સ્થાન બનશે.

આ શો ચમત્કાર? તે મૂળ બીજ કે જેનાથી આપણે શરૂઆત કરી હતી તે હવે ક્યાં છે? તે તો આ જમીનમાં નાશ થઇ ગયું છે. તે; હવે હતું નહોતું થઇ ગયું છે, પણ તે બીજમાંથી તેજ જાતનાં લાખો અને કરોડો બીજ હવે આપણે પ્રાપ્ત કર્યાં છે. આ મૂળ બીજ કે જેનાથી આપણે આરંભ કર્યો છે, તેની અંદર કેવું અનન્ત સામર્થ્ય; કેવી અનન્ત શક્તિ ગુઢપણે તિરોભાવ પામીને રહેલી હતી!

હવે પાછો એક પ્રશ્ન ઉઠે છે કે, "આ ખસખસનું અથવા રાઇનું બીજ છે, એમ કહેવામાં તમારો શો આશય છે? માત્ર બીજનો આકાર કદ, વજન અને ગંધજ કહેવાનો આપનો ભાવ છે; પરંતુ "તેના જેવી બીજી અનેક આકૃતિઓની ઉત્પત્તિનું સ્થાન" એવો પણ બીજો અને ખરો અર્થ તેનો ખરો કે નહિ?" "વજનમાં, રંગમાં, વાસમાં અને સ્વાદમાં એ મૂળ બીજના જેવુંજ આપણે એક બીજું કૃત્રિમ બીજ બનાવીએ, પણ તે કદિ મૂળ બીજ જેવું નહિજ નીવડે. તે તો એક રમકડા જેવુંજ થશે. આવી રીતે આપણે જોઇએ છીએ કે બીજ શબ્દમાં આંતર અને બાહ્ય એમ બે અર્થ રહેલા છે. આકૃતિ, કદ, વજન અને તેના જે જે ગુણો આપણે આપણી જ્ઞાનેંદ્રિયોથી જાણી શકીએ, એ તો બીજ શબ્દનો બાહ્ય અર્થજ છે; અને અનંત સામર્થ્ય અને અનંત અપ્રકટ શક્તિ એ બીજની આકૃતિમાં ગુપ્ત રહેલ હોવાથી એ બીજનો આંતર અર્થ, અનંત અને અદ્ભુત વસ્તુ એવો છે. એજ રીતે આપણે હરેક પદાર્થમાં સાન્ત અનન્તતા જોઇ શકીએ છીએ. હરેક હદવાળી આકૃતિમાં અનહદ સામર્થ્ય અને અનહદ અદ્ભુત શક્તિ, અનહદ ઉત્પાદક શક્તિ રહેલી આપણે જોઇ શકીએ છીએ; અને એ આંતર અનન્તતા, તેજ એ બીજ શબ્દનો ખરો અર્થ છે, તેની બાહ્ય આકૃતિ એ કાંઇ તેનો ખરો અર્થ નથી. જો એજ ખરો અર્થ હોય તો પછી તેના બાહ્ય આકારના નાશની સાથેજ આ અનન્ત અદ્ભુત શક્તિ, આ અનેક ઉત્પાદક શક્તિ પણ નાશ પામવી જોઇએ; પણ તેમ બને છે ખરૂં? આ બીજનું બાહ્ય સ્વરૂપ જમીનમાં સડીને નાશ પામે છે, પણ શું તે બીજમાં રહેલી અનંતતા પણ નાશ પામે છે? ના, ના, એ તો જરાએ નાશ પામતી નથી. એ અનંતતાનો વિનાશજ કેવી રીતે થઇ શકે? એનો

નાશ તો કદિએ થતોજ નથી. પ્રથમ બીજમાંથી ઉત્તરોત્તર હજારમી વખત ઉત્પન્ન થએલું એક બીજ આપણે લ્યો. એ બીજને પાછું વાવો, પછી તમે જોશો કે એ પ્રથમ બીજના જેવીજ આ બીજમાં પણ ફળવાની અનંત શક્તિ રહેલી છે. આ લાખની વખત ઉત્પન્ન થએલા બીજની અંદર પણ મૂળ બીજના જેવીજ અપરિમિત અદ્ભુત ઉત્પાદક શક્તિ રહેલી છે.

આ પ્રમાણે બીજની અંદર રહેલી અનંતતા એજ એ 'બીજ' શબ્દનો ખરો અર્થ છે, એ હવે આપણે જાણ્યું છે. આ અનંતતા જેવી મૂળ બીજમાં પ્રથમ આપણે જોઇ હતી, તેવી ને તેવીજ તે મૂળ બીજમાંથી હજારમી વખત ઉત્પન્ન થએલા બીજમાં પણ કાયમ રહેલી, આપણે જોઇએ છીએ; અને ક્રોડમી વખત ઉત્પન્ન થએલા બીજમાં પણ તે તેવી ને તેવીજ કાયમ રહેશે. એ ઉપરથી હવે આપણે સમજી શકીએ છીએ કે બીજની અંદર રહેલું અનન્ત સામર્થ્ય અને અનન્ત ઉત્પાદન શક્તિ એ અવિકારી અને અવિનાશી છે, તે કદિએ નાશ પામતું નથી. બીજનું બાહ્ય સ્વરૂપ નાશ પામશે, પણ તેનું આંતર સ્વરૂપ કદિએ નાશ પામતું નથી.

આ પ્રમાણે બીજનો આત્મા કે જેને હું બીજની અંદર રહેલી ખરી અનંતતા કહું છું, તે કદિએ નાશ પામતો નથી; તે કદિએ વિકાર પામતો નથી; તે ત્રિકાલમાં નિરન્તર એકજ સ્વરૂપ રહે છે.

આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે 'બીજ' એ વસ્તુનો ખરો અર્થ કે જેને હું ચૈતન્ય અથવા આત્મા કહું છું, તે કદિએ ક્ષીણ થતો કે વૃદ્ધિ પામતો નથી. સારાંશમાં બીજનું ખરૂં સ્વરૂપ કાલે, આજે અને સર્વદા તેનું તેજ છે. તે અપરિમિત છે; તે અનંત છે; નાશની સાથે તેની અનંતતાનો નાશ થતો નથી. તે અવિનાશી છે; તે અવિકારી છે; તેની અંદર વૃદ્ધિ કે ક્ષય કાંઈ પણ થતું નથી.

(કંઈ પણ પુનરૂક્તિ થતી હોય તો 'રામ'ને તેને માટે ક્ષમા કરશો, કારણ કે 'રામ' જાણે છે કે પુનરૂક્તિ એ કેટલીક વખતે જરૂરની છે.)

જેને પ્રોટોઝા અથવા પ્રોટોપ્લેઝમના નામથી અંગ્રેજીમાં ઓળખવામાં આવે છે એવા આદ્યસૂક્ષ્મ જંતુઓ કેવી રીતે વિકાસ પામે છે તે તમે

ણો છો ? ભૌતિકશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે તે સૂક્ષ્મ જંતુઓ દ્વિધા-કરણથી–તેના બબ્બે કકડા થવાથી વિકાસ પામે છે. આ દ્વિધાકરણ સ્વાભાવિક રીતેજ થાય છે. એવા એક સૂક્ષ્મજંતુના તીક્ષ્ણ શસ્ત્રવડે બરાબર બે સરખા ભાગ કરો; પછી તેનું શું થશે ? કહેશો કે આવું કરવું એ મૂરખા છે. કોઇ પણ માણસનું દ્વિધાકરણ કરીએ–તેના શરીરમાં કટારી મારીને જો તેના બે ભાગ કરીએ તો તે માણસ મરી જવાનો. આવીજ રીતે તે સૂક્ષ્મ જંતુના બે ભાગ કરીએ તો તે પણ જરૂર નાશ પામે, પણ ખરૂં જોતાં તે તેમ નથી. તે સૂક્ષ્મ જંતુના બે ભાગ કરતાંજ તે તો ઉલટો એકનો બે બને છે. આ એક પરમ આશ્ચર્ય છે ! તેના બે ભાગ કરો એટલે તે એકમાંથી બે થવાના; અને તે પણ પ્રથમના જેટલાજ મોટા ! વળી આ બન્નેને લઇને તેના બે બે વિભાગ કરો. વળી તે પ્રત્યેકના બે બે વિભાગ કરો. આવી રીતે કરતાં તમે જોશો કે તેનો નાશ થવાને બદલે બળમાં અને વેગમાં મૂળ જંતુના જેવાજ તમારી પાસે અસંખ્ય જંતુઓ થશે ! તમે તેની જેટલી સંખ્યા વધારવા ધારશો તેટલી વધારી શકશો. આ કેવું આશ્ચર્ય ! કેવું આશ્ચર્ય !

તમારી આગળ જે જંતુ છે તેનો આકાર અને શરીર તમે જુઓ છો. સૂક્ષ્મજીવ એ શબ્દનો હું બાહ્ય અર્થમાં ઉપયોગ કરૂં છું તે જંતુનો આકાર, તેનું શરીર, તેનું કદ, તેનું વજન, તેનો રંગ વગેરે તેના શરીરનું બંધારણ એજ તેનો બાહ્ય અર્થ છે. એનું સત્ય સ્વરૂપ તે તેની આંતર શક્તિ છે. આંતર તેજ, આંતર ચેતના એજ સૂક્ષ્મ જીવનો ખરો અર્થ છે. બાહ્ય સૂક્ષ્મજીવને મારી નાખો, તેના શરીરનો નાશ કરી નાખો; પણ તેથી કંઇ સત્ય જીવન–આત્મા અથવા તમે જો તેને ચૈતન્ય કહેતા હો તો તે ચૈતન્યનો નાશ થનાર નથી. તે તો જેમનું તેમ સદાકાળ એક રૂપેજ રહે છે. શરીરોને બદલ્યા કરો, શરીરોનો નાશ કર્યા કરો, પણ શરીરના નાશથી તે સત્ય ચૈતન્યનો કદિ પણ નાશ થતો નથી. શરીરનો નાશ થવાથી તો માત્ર આકારનોજ નાશ થાય છે.

બંધુઓ ! એ અમરતા એજ તમારૂં સત્ય–દિવ્ય સ્વરૂપ છે. એ બાહ્ય જીવને લાખો અને કરોડો જણા કરી શકયા, પણ તેના શરીરની અંદર ગુપ્તપણે રહેલું એ સત્ય ચૈતન્ય તો તમનું તેમ અને ત્યાનું ત્યાંજ છે !

સાન્તમાં અનન્ત તે એજ છે ! વિનાશીમાં અવિનાશી તત્વ તે એજ !

હવે પ્રશ્ન એ ઉઠાવે છે કે જ્યારે શરીરો અનેક થતાં જાય છે, ત્યારે શું તેની સાથે તેની અંદર રહેલી અનંતશક્તિ પણ અનેક થતી જાય છે ? શું તેની સંખ્યા પણ વધતી જાય છે ? ના, એ શક્તિ કે તેની સંખ્યા વધતીએ નથી અને ઘટતીએ નથી. આ દરેક શરીરની અંદર રહેલી તે સત્ય અનંત વસ્તુ તો કોઇ રીતે વિકારજ પામતી નથી ! તે કોઇ રીતે વધતી પણ નથી અને ક્ષીણ પણ થતી નથી. તે તો સદા તેની તે તેવીજ એકરસ–એક સ્વરૂપેજ રહે છે.

એક દૃષ્ટાંત આપી વેદાંતની દૃષ્ટિએ આનો ખુલાસો કરીએ.

એક નાનું બાળક હતું, જેને પહેલાં કદિ દર્પણ દેખાડવામાં આવ્યું નહોતું. તમે જાણો છો કે હિંદુસ્તાનમાં નાના બાળકને કદિ દર્પણ નથી દેખાડતા. એક દિવસે તે બાળક ઘુંટણીએ ચાલી પોતાના પિતાના દિવાનખાનામાં ગયું. ત્યાં ભીંતે ટેકવીને ભોંય ઉપર મૂકેલું એક દર્પણ હતું બાળક તે દર્પણ પાસે જઇ પહોચ્યું, એટલે જુઓ મઝાહ ! તે દર્પણમાં એક નાના સરખા બાળકનો દેખાવ તેની નજરે પડે છે. બાળકો હંમેશા બાળકો તરફ વધારે ખેંચાય છે. તમારામાંથી કોઇને બાળક હોય તો તેને તેઓને કોઈ વખત તમે તમારા મિત્રને ત્યાં જાઓ તો તમે ત્યાં તમારા મિત્ર સાથે વાતચીત કરવા લાગશો, એટલામાં તો બાળક બીજા બાળક સાથે ભાઈબંધી કરી લેશે. પેલા બાળકે પોતાના જેવડું એક બાળક તે દર્પણમાં જોયું એટલે તરતજ તે દર્પણ તરફ ખસી ગયું. એમ થવાથી તરતજ દર્પણ માંહેલું બાળક પણ તે બહારના બાળક તરફ ખસી આવ્યું. બાળક તો બહુ રાજી થવા લાગ્યું કે દર્પણનું બાળક મારું ભાઈબંધ છે, અને મારી પેઠે તે પણ મને ચહાય છે. તેઓના નાક એકબીજાના નાક સાથે અડકયાં બાળકે પોતાનું નાક દર્પણને અડકાડ્યું, એટલે દર્પણ માંહેલા બાળકે પણ પોતાનું નાક લાંબુ કર્યું આવી રીતે એક બીજાનાં નાક એક બીજા સાથે અડકાડવામાં આવ્યાં, ત્યાર પછી તેઓએ એક બીજાનો હોઠ એક બીજાના હોઠ સાથે અડકાડ્યો. પછી બાળકે પોતાના હાથ ચાટલા ઉપર મૂક્યા, એટલે દર્પણના બાળકે પણ જાણે હાથથી હાથ મેળવવા જતું હોય તેવી રીતે પોતાનો હાથ બહારના

બાળક તરફ લંબાવ્યો; પણ તે બાળકે જેવો પોતાનો હાથ તે દર્પણ ઉપર મૂકયો, કે તરતજ તે દર્પણ જમીન ઉપર પડયું અને ભાગીને બે કકડા થઇ ગયા. હવે પેલા બાળકને તેમાં એકના બદલામાં બે બાળકો જણાયાં. તેની માતા જોડેના ખંડમાં કામ કરતી હતી, ત્યાંથી ચાટલું ભાગ્યાનો અવાજ સાંભળીને પોતાના પતિના ખંડમાં દોડી આવી, અને જોયું તો માલુમ પડયું કે પોતાનો પતિ ત્યાં નથી; પણ બાળક દિવાનખાનામાં પડેલી વસ્તુઓની ભાંગફોડ કરવા માંડી છે. ચાટલું ભાગી નાખેલું જોઇને જાણે હમણાં ટીપી નાખશે એવી રીતે ધમકાવતી તેણી તેની પાસે આવી, પણ તમે જાણો છો કે માતાનો ગુસ્સો તો ધમકાવવા પૂરતોજ હોય છે એમ બાળક પોતાના અનુભવથી જાણે છે; જેથી તેં આ શું કર્યું? તું આ શું કરે છે? વગેરે માતાના ધમકીના શબ્દોથી બાળક જરાએ ન ડર્યું બાળકને આ શબ્દો ધમકીના નહિ પણ ઉલટા સવળા લાગ્યા. તેણે જવાબ આપ્યો:-"મા! જો, જો, આ મેં બે બનાવ્યાં, આ મેં બે કર્યાં." આ પ્રમાણે આ બાળકે એક બાળકમાંથી બે બાળક કર્યાં. મોટી ઉમ્મરનું થતાં પહેલાંજ આ બાળક તો બે બાળકોનો પિતા થયું! તેનું કહેવું સાંભળી માતા હસી પડી અને બાળકને ઉંચકીને પોતાના ખંડમાં લઇ ગઇ.

તમે પેલા દર્પણના બે કકડા ઉપાડી લ્યો; અને તેને એમને એમ ન રહેવા દેતાં બેના ચાર કકડા કરો એટલે તમને તેમાં ચાર બાળકો જણાશે. એ નાનું બાળક દર્પણના ચાર કકડાના આઠ કકડા કરીને આઠ બાળક ઉત્પન્ન કરી શકશે. આવી રીતે મરજીમાં આવે એટલાં બાળકો ઉત્પન્ન કરી શકાય; પણ એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે, દર્પણના કકડા કરવાથી તે ખરી વસ્તુમાં, તે ખરા બાળકમાં કંઈ વધઘટ થાય છે ખરી? તેમાં તો કંઇ પણ વધારો કે ઘટાડો થતોજ નથી. વધારો અને ઘટાડો તો માત્ર પેલા દર્પણના ટુકડાઓમાંજ થાય છે. દર્પણના ટુકડાઓમાં જે તમે વધારો જુઓ છો તે વધારો કાંઇ બાળકમાં નથી, બાળક તો તેમનું તેમજ છે. અપરિમિતમાં કેવી રીતે વધારો થઇ શકે? અને જો થઇ શકે તો તે અપરિમિતતાનું નામ અનંતતાજ નહિ. એજ પ્રમાણે ઘટાડો પણ કેવી રીતે થઇ શકે? જો થઇ શકે તો તેનુ

નામ પણ અપરિમિતતા અને અનંતતાજ નહિ.

આ પ્રમાણે સૂક્ષ્મ જંતુનાં દ્વિધાકરણના સંબંધમાં પણ વેદાંતનો ખુલાસો એજ છે કે જ્યારે તમે એક સૂક્ષ્મ જંતુ લઈ તેના બે વિભાગ કરો છો, ત્યારે તેનું શરીર કે જે બરાબર પેલા દર્પણના જેવુંજ છે તેના બે વિભાગ થાય છે ખરા; પરંતુ તે સૂક્ષ્મ જંતુના શરીરના વિભાગ કરવાથી કંઈ તેની આંતર શક્તિ-તેની આંતર વાસ્તવિક અનંતતા-તેનું આંતર ચૈતન્ય-તેનો અંતરાત્મા અથવા તમને યોગ્ય લાગે તે તેને નામ આપો તેનો કોઈ પણ રીતે વિભાગ થતો નથી. જ્યારે સૂક્ષ્મ જીવનાં શરીરોનો વધારો કરવામાં આવે છે, ત્યારે તે સૂક્ષ્મ જીવમાં રહેતી જે સત્ય શક્તિ, જે સત્ય દિવ્યતા તેમાં કોઈ પણ જાતની વૃદ્ધિ થતી નથી; તે તો તેમની તેમજ રહે છે. શક્તિ પેલા ખરા બાળકના સમાન છે અને તે સૂક્ષ્મ જીવનાં શરીરો પેલા દર્પણના કકડા જેવા છે. જ્યારે તે સૂક્ષ્મ જીવનાં શરીરોના ભાગ, તેના પણ ભાગ અને વળી તે ભાગના પણ ભાગ કરવામાં આવે છે, ત્યારે તેની અંદર રહેતી જે અવિકાર્ય અનંત શક્તિ છે, તે આ હજારો અને લાખો શરીરોમાં એકસરખી રીતે આવિર્ભાવ પામતી ચાલે છે. તે પોતાનું પ્રતિબિંબ અને આભાસ પાડયા કરે છે, છતાં પોતે તો તેને તેજ રહે છે. તે એકજ છે, તે દ્વૈત નથી, તે બહુ નથી, તે एकमेवाद्वितीयं છે. અહા ! કેવુ પરમ આશ્ચર્ય ! અહો ! કેવો આનંદ ! આ શરીરના ભાગ કરો, આ શરીરને છેદી નાખો અને છતાં હું છેદાતો નથી ! હું મરતો નથી ! મારો સત્ય આત્મા, મારૂં સત્ય રૂપ તો મરણ પામતુંજ નથી. આ શરીરને ભલે આમને આમ છુંદી બાળી નાંખો તમારી મરજીમાં આવે તેમ તેનુ કરો, પણ તે આત્માને કોઈ જાતની આંચ આવવાની નથી. તમારૂં વાસ્તવ સ્વરૂપ-તમે પોતે અપરિમિત અને અનંત છો તેનો તમે સ્વાનુભવ કરો, તે તને જાણો જે ક્ષણે મનુષ્ય પોતે પોતાનું સત્ય સ્વરૂપ જાણે છે, તેજ ક્ષણે તે નિર્ભય થાય છે. હરેક લધ્ન-વિધ્ન હરેક વ્યાધિ એ રીતથી તે પર થાય છે, માટે તેને જાણો અને તે રૂપ થાઓ.

અહા ! આ કેવું આશ્ચર્ય છે કે તે એકજ અનંત શક્તિ આ ...

શરીરોમાં, આ બધી દૃશ્ય વ્યક્તિઓમાં, આ બધી દૃશ્ય આકૃતિઓમાં પ્રકાશે છે! અહા! તે હું છું. તે હું છું. તે અનંત એવો હુંજ મહાન વક્તાઓનાં શરીરોમાં, મહાત્માઓનાં તનુમાં, તેમજ અધમ જંતુઓના દેહમાં આવિર્ભાવ પામું છું! અહા કેવો આનંદ! હું અપરિમિત શરીર નહિ પણ અપરિમિત અનંત આત્મા છું. આ સત્યનો અનુભવ કરો અને સ્વતંત્ર બનો. આ કેવળ શબ્દોજ નથી. આ કેવળ કાલ્પનિક વાતોજ નથી, પણ સત્યનું પણ સત્ય છે. તે પરમ સત્ય, તે સત્ય શક્તિ કે જે તમે છો તેનો અનુભવ કરો. તમે અનંત છો એનો તમે અનુભવ કરશો કે તત્કાળ તમે હરેક આપત્તિ અને વિઘ્નથી મુક્ત થઇ જશો.

ધારો કે જગતમાં હજારો દર્પણો છે; એમાંનું એક કાચું છે, એક સફેદ છે, એક રાતું છે, એક પીળું છે, એક લીલું છે, એક બાહ્યગોળ છે, એક અંતર્ગોળ છે, એક પાસાવાળું છે, એક દૂરદર્શી છે, તો એક સમીપ છે. આવી રીતે ઘણી ઘણી જાતનાં દર્પણો ચારે તરફ છે. એક માણસ તે બધાંના મધ્યભાગમાં ઉભો છે, તેનું દર્પણોમાં પ્રતિબિંબ પડે છે. એક ઠેકાણે એક રાતા દર્પણમાં તે પોતાને રાતો દેખે છે, એક ઠેકાણે પીળો દેખે છે, એક ઠેકાણે કાળો દેખે છે, અંતર્ગોળ દર્પણમાં તો તે પોતાનો બેડોળ આકાર જુએ છે. બાહ્યગોળ દર્પણમાં વળી પેટ પડીને ફસવું પડે એવો પોતાને વિરૂપ થએલો તે જુએ છે, આવી રીતે અનેક પ્રકારના આકાર અને રૂપમાં તે પોતાનેજ રહેલો જુએ છે; તેમ આ બધાં ભિન્ન ભિન્ન સ્વરૂપોમાં માત્ર એક અભેદ–અવિકારી–અચળ અને અદ્વિતીય સત્ય રહેલું છે તેને તમે જાણો અને સ્વતંત્ર બનો. તેને તમે જાણો અને તમારા શોક અને મોહને નિર્મૂળ કરો. તમારૂં શુદ્ધ–દિવ્ય અને અનંત સ્વરૂપ, કે જે આ ભિન્ન ભિન્ન કાયામાં આવિર્ભાવ અને સ્ફુરણ પામે છે; તેનો આ વિરૂપતા અને બેડોળપણા સાથે કોઇ પણ જાતનો સંબંધ નથી ભિન્નતા તો માત્ર તમારા શરીરમાંજ છે. આ બધાં શરીર અને મન જુદી જુદી જાતના કાચ સમાન છે. એક શરીર દૂરદર્શી કાચના જેવું, તો એક શરીર પાસાવાળા કાચના જેવું; એક શરીર સફેદ કાચના જેવું, તો એક શરીર અંતર્ગોળ કાચના જેવું અને એક બાહ્યગોળ કાચના જેવું. આવી રીતે જુદાં જુદાં શરીરો જુદા જુદા કાચના

આજ પ્રમાણે વેદાંત તમને કહે છે કે આ દુનિયા એક મહાન કાચગૃહ છે; અને આ બધાં શરીરો જુદી જુદી જાતના કાચો છે. જેવી રીતે પેલા કૂતરાએ ચારેબાજુની ભિંતોમાં પોતાને પ્રતિબિંબિત થએલો જોયો તેવીજ રીતે તમારો સત્ય આત્મા પણ ચારે તરફ પ્રતિબિંબિત થએલો છે. બરાબર એજ પ્રમાણે એકજ અપરિમિત આત્મા, એકજ અપરિમિત દિવ્ય સ્વરૂપ, એકજ અનંત શક્તિ આ સર્વ ભિન્ન ભિન્ન રૂપોમાં પ્રતિબિંબિત થાય છે. આ એકજ અનંત 'રામ' સર્વે ભૂત પ્રાણીઓમાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે. અજ્ઞાન લોકો પેલા કૂતરાની માફક આ દુનિયામાં આવે છે અને કહે છે કે "પેલો માણસ મારો વિનાશ કરશે, મારા ટુકડા કરી નાખશે, તે મને ઠાર મારી નાખશે." આહા !! આ જગતમાં કેટલો બધો ભય અને ઇર્ષ્યા ? અને તે શાથી છે ? એ કૂતરાના જેવી અજ્ઞાનતાથીજ છે. આ દુનિયામાં ઇર્ષ્યા અને ભય તે કૂતરાના જેવી અજ્ઞાનતાને લઇનેજ છે. તમે તમારી સમજણ ફેરવી નાખો; અને પછી એક મહાન કાચગૃહના માલિકની માફક આ દુનિયામાં આવો. તમે આ દુનિયામાં ડી–ઓ–જી–ડૉગ એટલે શ્વાનની માફક નહિ પણ જી–ઓ–ડી–ગૉડ પ્રભુની માફક આવો. તમે આ સમસ્ત વિશ્વના માલિક બનશો; તેમજ તમારા હરીફો–મિત્રો અને શત્રુઓને આગળ વધતા જોઈને તમારૂં હૃદય હર્ષથી પ્રફુલિત થશે. કોઈનો પણ વિજય જોઈને તમે આનંદમાં ગરકાવ થશો. આવી રીતે આ દુનિયાને તમે એક સ્વર્ગધામ બનાવી દેશો.

હવે આપણે મનુષ્યવર્ગ તરફ વળીએ. તમે બીજના દષ્ટાંતમાં શાંત વસ્તુમાં અનંત વસ્તુ જોઇ છે. તે એક વનસ્પતિવર્ગનું દૃષ્ટાંત હતું. તે પછી તમને સૂક્ષ્મજીવમાં પરિમિતમાં અપરિમિતપણું દર્શાવવામાં આવ્યું છે, કે જે એક પ્રાણીવર્ગનું દૃષ્ટાંત હતું. વળી તમે કાચના દૃષ્ટાંતમાં પરિમિત વસ્તુમાં અપરિમિતપણું જોયું, તે દૃષ્ટાંત ખનિજવર્ગમાંથી લેવામાં આવ્યું હતું. હવે આપણે મનુષ્યવર્ગ તરફ વળીએ.

જેવી રીતે મૂળ બીજ નાશ પામ્યું અને તેમાંથી હજારો બીજાં બીજે ઉત્પન્ન થયાં તોપણ જે વાસ્તવિક બીજ છે તે તો વધ્યું એ નહિ અને ઘટ્યું પણ નહિ; તે તો એક સ્વરૂપે જેવું ને તેવુંજ રહ્યું. વળી જે રીતે મૂળ સૂક્ષ્મ જંતુ નાશ પામે છે અને તેમાંથી હજારો જીવો

ઉત્પન્ન થાય છે; છતાં પણ મૂળ વાસ્તવિક જીવ તો તેનો તેજ રહે છે, અથવા જેવી રીતે દર્પણ ફુટી જાય છે તોપણ તે સત્ય બાળકના કકડા થતા નથી; તેજ રીતે જ્યારે માણસ મરી જાય છે ત્યારે તે પોતાની પાછળ બે સંતાન અને કેટલીક વખત તો ડઝન ડઝન સંતાન મૂકી જાય છે; કેટલાક અંગ્રેજોને હિંદુસ્તાનમાં રહેનાર એંગ્લો ઇન્ડિયનોને કોડી કોડી સંતાન હોય છે. એ પાછા મરી જાય છે ત્યારે પોતાની જગ્યાએ મરી જાય છે અને તેમાંથી બે, ચાર, આઠ અને તેમાંથી કાળે કરીને હજારો બીજો થાય છે, તેવીજ રીતે સ્ત્રી અને પુરૂષનાં જોડાંઓમાંથી તેજ જાતનાં કુટુંબ; એટલુંજ નહિ પણ હજારો અને લાખો જોડાં વૃદ્ધિ પામે છે.

અહીં આના સંબંધમાં વિસ્તારથી કહેવાનો અવકાશ નથી. આ એક ભાષણમાં તો માત્ર તેની રૂપરેખાજ આપી શકાય.

વેદાંતતે કહે છે કે જેવી રી બીજ, સૂક્ષ્મ જીવ અને કાચના સંબંધમાં છે; તેવીજ રીત તમારા સંબંધમાં પણ છે. આદ્ય પુરૂષ અને આદ્ય સ્ત્રીનું જોડું મૃત્યુ પામ્યું; અને તેમાંથી–ધારો કે બાઈબલનો આદમ અને ઈવ નામનાં જોડાંમાંથી–આ જગતની સકળ માનવસૃષ્ટિ ઉત્પન્ન થઈ.

અહીં ફરીથી તમને વેદાંત કહે છે કે આ દૃશ્ય પ્રપંચનું નાનાપણું એ તમારા ખરા આત્મસ્વરૂપમાં કંઈ પણ વૃદ્ધિ કે ન્યૂનતા કરી શકતું નથી. તમારી અંદર રહેલું તમારૂં સત્ય સ્વરૂપ તો અપરિમિત અને અનંત છે. બધી માનવજાત એક વખત નાશ પામે અને એકજ જોડું રહેવા પામે તોપણ તેમાંથી કરોડોની વસ્તી થઈ જવાની. અપરિમિત અનંત અને અદ્ભુત શક્તિ મનુષ્યનાં પહેલાં જોડાંમાં ગૂઢપણે રહેલી હતી, તેજ હાલ દરેકે દરેક જોડામાં જરા પણ વધઘટ થયા વગર જેવી ને તેવીજ રહેલી છે. અને આ અપરિમિતતા, આ અનંતતા તેજ તમે છો. આ અપરિમિત શક્તિ, આ અપરિમિત ઉત્પાદક સામર્થ્ય તે તમેજ છો. વળી આ અનંત શક્તિ તમામ શરીરોમાં એક સરખી જ રહેલી છે. એ સર્વ શરીરોને કાચની માફક અનેક કરી શકાય, પણ તેમાં રહેલું સત્ય–મનુષ્ય, સત્ય–અનંતતા તો સદા એકજ રહેવાના. આ શરીર ઉપર ભલે તમને અનુરાગ હોય, તમારી મરજીમાં આવે તેવું ભલે તમે એને સમજો; પરંતુ આ શરીર તે તમે પોતે તો નથીજ. તમે

અનંત શક્તિ છો કે જે અનંત શક્તિ એક અને અભેદ છે. તમે તે આજે, કાલે અને સર્વદા એકજ સ્વરૂપે છો. એક લોકપ્રસિદ્ધ દાખલાથી આને વધારે સ્પષ્ટ કરી શકાશે.

"ભાઈ તમે કોણ છો?" "હું ફલાણો ફલાણો છું!" "ત્યારે તમે મનુષ્ય નથી?" "વાહ! અલબત, હું મનુષ્યજ છું." "બહેન તમે કોણ છો?" "હું ફલાણી છું." "તમે મનુષ્ય નથી?" "વાહ! કેમ નહિ! હું મનુષ્ય પણ છું" આવી રીતે કોઈ પણ માણસને પૂછો તો તે કહે છે કે હું મનુષ્ય છું; પણ કોઈ મંદ બુદ્ધિવાળાને આ પ્રશ્ન પૂછો તો એ કદિ નહિ કહે હું મનુષ્ય છું. તે તો એમજ કહેશે કે હું તો ફલાણો અથવા ફલાણી છું; પણ કદાચ તેને સમજાવવામાં આવે કે વાહ! તમે તો મનુષ્ય જાત છો. તો તે કબૂલ કરશે કે હા, હા, બરાબર હું મનુષ્ય છું.

આપણને તો ફલાણા ભાઈ અને ફલાણી બાઈ, એટલુંજ જ્યાં ત્યાં સ્થૂલ નજરે જણાય છે. સત્ય મનુષ્યત્વને કોઈ સ્થૂળ આંખે આપણે જોઈ શકતા નથી. છતાં એટલું તો આપણે જાણીએ છીએજ કે બધી વસ્તુ-ઓમાં મનુષ્યત્વ એ એક વસ્તુ છે. બધાંજ શરીરોમાં આ મનુષ્ય વિદ્યમાન છે; તમારી આગળ અમુક ભાઈને લાવો, તેમાંથી મનુષ્યત્વનો ભાગ બાદ કરો એટલે અવશેષ શું રહે? કંઈ પણ નહિ. બધુંજ જતું રહ્યું. બધું સઘળું નહોતું થઈ ગયું. ભાઈ ભાઈપણું અને એવી બીજી ઉપા-ધિઓ દૂર કરશો તો તેથી મનુષ્યત્વ જતું રહેનાર નથી; એજ પ્રમાણે તમારી અંદર અવ્યક્તપણે રહેતી શક્તિ અથવા તમારી અંદર રહેલી અપરિમિતતા, અનંતતાના અર્થમાંજ 'રામ' મનુષ્ય એ શબ્દનો ઉપયોગ કરે છે. બંધનોના સંબંધોથી ભૂલાવો ખાશો નહિ. એકવાર એની તુલના કરો, એનું બરાબર પરિશીલન કરો, પછી તમને જણાશે કે ખરેખર આપણા અંતરમાં કોઈ અપરિચ્છિન્ન અનંત વસ્તુ રહેલી છે, કે જેને કોઈ કે કશાથી હરકત એમ નહિ તેમજ તેનો સ્પર્શ થઈ શકવા એમ નથી અને તેમનું તેજ જ આ બધું જુઓ છો તે બધાંનું મૂળ તેજ છે. જે કંઈ આપણે જોઈએ છીએ તેનું મૂળ કારણ એ છે. જે કાંઈ આપણે અનુભવ કરીએ છીએ તે સર્વનું મૂળ

જ સત્ય કારણ છે. તે સત્ય છે, તે દિવ્ય છે. જોવું, સાંભળવું, સ્પર્શ
વો વગેરે ઇંદ્રિયજન્ય જ્ઞાન કરાવનાર જોજ એક શક્તિ છે. તે સર્વજ્ઞ
, તેમ છતાં તે અદૃશ્ય છે. આવી રીતે આપણે જોઈએ છીએ કે પરિ-
ત વસ્તુમાં રહેલી અપરિમિતતા અને અનંતતા એ જોઈ શકાય એમ
થી; સાંભળી શકાય એમ નથી; તેનો વિચાર કરી શકાય એમ નથી;
તાં જે કંઈ તમે જુઓ છો, જે કંઈ સાંભળો છો, જે કંઈ તમે
પો છો તે સર્વે તેના વડેજ છે. તે અકથનીય છે; તોપણ જે કંઈ કથન
વામાં આવે છે તે સર્વેનું તેજ મૂળ છે, તે સર્વેનું તેજ સત્ય સ્વરૂપ છે.

છેવટમાં 'રામ' તમારી કૃપાની યાચના કરે છે. તે કૃપા તે તમારા
તાની ઉપરજ કરવાની છે કે તમે મનુષ્ય બનો! આ બધાં શરીરો
કળના બિંદુ સમાન છે, અને વાસ્તવિક મનુષ્ય તો તે સૂર્યના કિર-
ણની પેઠે તે ઝાકળનાં જલબિંદુરૂપી મણિઓની અંદર રહેલા સૂર્ય
માન છે. જો તમે કોઈ વખત ક્ષણવાર શાંત બેસી પ્રતીતિ કરશો કે હું
વિરાટ પુરુષ છું, અનંત શક્તિ છું, તો તમે તે સર્વ છો એમ તમને
અનુભવ થશે. વિરાટ પુરુષ થવું એટલે હું વિરાટ છું, હું સર્વ છું, હું
નવર્ણ્ય છું, હું આશ્ચર્યવત્ છું એમ અનુભવવું. તમે બધા એક છો
એમ માનો એટલે તત્કાળ તમે બધા ઐક્ય-ભાવ પામશો. ભાઇપણાથી
અને બાઇપણાથી તમે પર થાઓ. એ ઉપાધિથી પર થયા કે તરતજ
તમે આ સર્વની સાથે એકતા પામશો. આ કેવો મહાન વિચાર કે તમે
બધા એક થાઓ છો' તમે સમસ્ત જગત, વિશ્વ સાથે એકરૂપ બનો છો!

હું જે આત્મા અગોચર તે, રહ્યું છું વિશ્વ ગોચર આ;
તપું છું અગ્નિમાં તે જે, પ્રકાશું ભાનુ ને શશિમાં. ૧
ગ્રહો ને તારલાઓ આ, કરૂં ચળકાટ રહી તેમાં,
વહું છું વાયુની સાથે, અને ઉછળું તરંગોમાં. ૨
ધરીને જન્મ બાળકનો, રહું છું માતને ખોળે;
અને હું વૃદ્ધ થઇ ચાલું, જરી તરી દંડને ટેકે. ૩
અહીં હું મૃગ થઈ ઘુમું, અને તહીં સિંહ થઇ ગર્જું,
તરૂં છું મત્સ્ય થઈ જળમાં, વળી આ વૃક્ષ થઈ ઝુકું. ૪
લીલી હરિયાળી થઇ ઉગું, ઉડું શુક લોહિતાશી થઇ;

ઝબૂકે વીજળી ગર્જે, ચઢું એવાં હું વાદળ થઈ.
અને આ હું ઋતુ સર્વે, સમુદ્રો હુંજ ઉછળતા;
સ્ફુરે, લય થાય, દેખાએ, ચરાચર વિશ્વ મારામાં. ૬

(ઉપનિષદ્, સર એડ્વિન આર્નોલ્ડના અંગ્રેજી ભાષાંતર ઉપરથી.)

તમે અપરિમિત છો, તમે તે અનંત શકિત છો, અને તે અનંત શકિતએજ આ સર્વે કલ્પિત અને મિથ્યા શરીરો રચ્યાં છે. તમેજ કાચના ગૃહની પેઠે આ સમસ્ત વિશ્વને રચ્યું છે. આ અનંત બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપી રહેલ અનન્ત શક્તિરૂપ પરમાત્મા તે તમે પોતેજ છો.

ૐ! ૐ!! ૐ!!!



૨૬–પ્રશ્નોત્તર.*

"ૐ"–પ્રણવમંત્રનું રહસ્ય જાણ્યા વિનાજ એનો જપ કરવાથી લાભ થાય ખરો કે ?

ઉત્તર:—હિમાલયનાં જંગલોમાં વસતા સાધુઓ પ્રણવમંત્રનો જપ કરે છે અથવા તો કોઈ પ્રકારનાં વાજીંત્રો વગાડી ઊંચા ઉચ્ચારે કરે છે, જેથી ઘણી વખત સર્પો, હરિણો ને બીજાં જંગલી પ્રાણીઓ પોતાનાં રહેઠાણમાંથી તે સાધુઓ પાસે આવે છે. હવે આ પ્રાણીઓ ગાયન સંબંધી કાંઈ પણ સમજતાં હોતાં નથી, "ઓમ્"નું પણ તેમને જ્ઞાન હોતું નથી; છતાં પણ તેની અસર એમના ઉપર થાય છે. માત્ર ઉચ્ચાર–નાદથીજ આટલી બધી અસર થાય, તો નિયમિત સમયે "ઓમ્" નો જપ કરવાથી આપણા જીવન ઉપર તે અસર કેમ ન કરે ?

દરેક ગાયનમાં ત્રણ વસ્તુઓ રહેલી છે. પહેલી ગાયનનો અર્થ, બીજી ગાયનના નિયમો, ને ત્રીજી ગાયનનો નાદ–તેની છાપ. જો આ ત્રણેથી તમે વાકેફ હશો તો ગાયન પૂર્ણ રીતે અનુભવશો અને જો એકાદ વસ્તુથીજ માહિત હશો તોપણ ચોક્કસ તો તમને તેમાં રસ પડશે. સર્પ ને હરિણો માત્ર નાદજ સમજે છે, ગાયનનો અર્થ કે નિયમો જાણતા નથી; છતાં તેમને પણ તેમાં આનંદ થાય છે. કેટલાક ગાયનના નિયમ જાણવાથી અર્થને બાજુ ઉપર મૂકી તેમાંજ આનંદ લે છે, ને કેટલાંક માત્ર અર્થમાંજ મુગ્ધ થઈ જાય છે; આજ પ્રમાણે પ્રણવમંત્રમાં પણ ત્રણ વાનાં રહેલાં છે. પહેલું તેનો નાદ, બીજું તેના અર્થનું જ્ઞાન, ને ત્રીજું જાગ્રતી પર્વ–[illegible]માં તેનો ઉપયોગ. જે મનુષ્ય આમ ત્રણે પ્રકારે 'ઓમ્' નું સેવન કરે છે, તે પોતાના

* તારીખ ૨૬ મી ડીસેમ્બર સને ૧૯૧૨ [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

જીવનને સતત એ ગાનરૂપજ બનાવે છે. દરેક વ્યક્તિ તેને પરમાત્મરૂપજ ભાવે છે; પરંતુ અનુભવ કરીને, અર્થ સમજીને કે વર્તનમાં મૂકીને ના બોલી શકો તોપણ તેનો ઉચ્ચાર કરવાને છોડી ન દેશો; કારણ કે તેની પણ અસર તો જરૂર થાય છે.

કેટલીક ચીજો એવી છે કે જેનું માત્ર નામ દેવાથી પણ મોમાં પાણી છૂટે છે અને ખાવાથી તેની સંપૂર્ણ અસર થાય છે; તેજ પ્રમાણે માત્ર ઓમનો ઉચ્ચાર પણ અસર કરે છે. જો તમે ત્રણે પ્રકારે તેનો ઉચ્ચાર કરશો, તો તે સંપૂર્ણ અસર કરશે. શરૂઆતમાં કદાચ તેની અસર નહિ જણાય; પરંતુ અંતે ખાત્રી રાખો કે તેનું ફળ મળે છેજ.

ઉદક સ્થિતિ શાસ્ત્રનો એવો નિયમ છે કે તળીએ ડાટાવાળી ટાંકીમાં પાણી વધારે ને વધારે ઉમેરતા જઈએ તેમ ઉપરથી દબાણ વધતું જાય છે, એ નિયમ પ્રમાણે આપણે ગણી શકીએ છીએ કે તળીઆનો ડાટો બહાર કાઢી નાખવાને કેટલું દબાણ કરવું જોઈએ. જો તે પ્રમાણે આપણે 'ઓમ' ને શરીરરૂપી ટાંકીમાં રેડ જઈએ તો ક્યારે કેટલું દબાણ થશે તે પણ જાણી શકાય; પરંતુ તે દબાણનો આવિર્ભાવ લોકોની જાણમાં આવે તે એક જુદી વાત છે, ને તે દબાણનો ઉદ્ભવ થવો તે એક જુદી વાત છે; છતાં એક વખત એવો આવશેજ કે દબાણ એટલું બધું વધી જશે કે તળીએથી ડાટો નીકળી જઇ ટાંકીમાથી પાણી બહાર વહેવા માંડશેજ. અમુક સમય સુધી બહાર અસર નહિ જણાય, પણ અંદર તો અસર થતી જાય છે.

'રામ' જ્યારે બાળક હતો ત્યારે બીજાં બાળકો સાથે અનાજનાં દાણા લઇ વાડીમા વાવતો, તેને પાણી પાતો ને ઉપર માટી ઢાંકી દેતો. આમ રમતમા અમે એટલા તો ઉત્સુક થતા કે જમવાનું પણ ભૂલી જતા. દાણામાથી શુ નીકળશે ને તે ક્યારે ઉગી નીકળશે, તે જોવા અમે ઘણા અધીરા બની જતા, હમણા ફણગો ફુટી નીકળશે, પાચ મિનિટ પછી ફુટશે, એમ ઉત્સુક બની તે જગ્યાએથી લેશ માત્ર પણ ખસતા નહિ. કારણ અમારી ગેરહાજરીમાજ ફણગા ફુટે તો ? પછી નીચા પડીને જોતા કે બહાર જણાય છે ? પણ કાંઇ જણાતું નહિ ! છેવટે નિરાશ થઈ દાટી નાખીને જોતા કે કાઇ ફેર પડયો છે ? છતાંપણ કાંઇ જણાતું

. વળી વધારે માટી કાઢી નાખતા, પણ કશું ઉગવા માંડેલું જણાતું . હાણુ એમના એમજ રહેતા; માટે તમે પણ આમ બાળક માફક લાં બીને તરતજ ઉગી નીકળતાં જોવાને અધીરા થશો નહિ. વખત ગશે; પરંતુ અસર આબાદ થશે.

પ્રશ્ન:—અમે સાંભળ્યું છે કે મનોબળથી દર્દ મટાડનારાઓને અંતે જા અવતારમાં ભયાનક રોગો થાય છે, તે સત્ય છે?

ઉત્તર:—ના. મનોબળથી દર્દ મટાડનારાઓ બીજા અવતારમાં રોગોના ગ થઇ પડે છે એ માન્યતા ખોટી છે; તેમાં એવું કાંઇ છેજ નહિ. મ જગતનાં બીજાં વ્યાવહારિક કાર્યો કરવાથી એવા રોગો થવાની ી નથી, તેમ તેઓ પણ વૈદકીય કામ કરે છે. જો દાક્તરી કામોથી ીજા અવતારમાં રોગો થવા સંભવ હોય તોજ મનોબળથી રોગ મટા-નારાઓને તેમ થાય. જો દાક્તરોને પોતાનાં કર્મનાં ફળ માઠાં ન મળતાં ાય તો આમને પણ નજ મળવાં જોઇએ. 'રામ'ને કેટલીકવખત પૂછ-ામાં આવે છે કે, 'તમે કેમ મનોબળથી દર્દ મટાડતા નથી?' એનો ત્તર એ છે કે, 'રામની દૃષ્ટિએ આ જડ જીવન લક્ષ દેવા જેવું જણાતું ાથી. ક્રાઈસ્ટ પણ કંઇ પોતાની દર્દ મટાડવાની શક્તિનો ધંધો લઇને ેઠો નહોતો. જ્યારે જ્યારે કોઇનું દર્દ તે મટાડતો ત્યારે તે એમજ કહેતો કે "તારી શ્રદ્ધાથી તું સાજો થઇ ગયો છે." 'રામ' જો એ પ્રમાણે કરે તો પરિણામ શું આવે? દરેક વ્યક્તિ 'રામ'ની પાસે હેરાન કરવા આવે. આ બધાં કાર્યો વેપાર કરવા જેવાં છે. મનોબળથી દુઃખ દૂર કરવાનો ધંધો મનુષ્યને સત્ય મુક્તિથી દૂર રાખે છે.'

પ્રશ્ન:—સ્થૂલ શરીરમાં રહેવા છતાં આત્મા મોક્ષ અનુભવી શકે ખરો?

ઉત્તર—આમાં આત્માનો અર્થ સમજવો જોઇએ. જળથી ભરેલું પાત્ર છે, ને તેમાં સૂર્યનું પ્રતિબિંબ પડે છે. હવે એક એક પાત્રમાંથી બીજા પાત્રમાં પાણી રેડો તો સૂર્યનું પ્રતિબિંબ બીજા પાત્રમાં પણ જણાશે. બીજા પાત્રમાંથી ત્રીજામાં પાણી રેડો એટલે પ્રતિબિંબ એ પાત્રમાં પણ દેખાશે. તે પ્રમાણે આ સ્થૂલ શરીરને પાણીના પાત્ર સાથે સરખા-વાય - પાણીને સૂક્ષ્મ શરીર સાથે સરખાવાય. મૃત્યુ પછી સૂક્ષ્મ શરીર (ઇચ્છાઓ, મન વગેરે) એક સ્થૂલ શરીર છોડીને બીજા સ્થૂલ શરીરમાં

પ્રવેશ કરે છે. કેટલાક સૂક્ષ્મ શરીરનેજ આત્મા કહે છે, પરંતુ વેદાંત તેમ કહેતું નથી. વેદાંતના મત પ્રમાણે તો જેમ સૂર્યનું પ્રતિબિંબ જણાય છે, તેમ જડ શરીરમાં આત્મા રહેલો છે. એ આત્મા સર્વાવસ્થામાં એક સરખી રીતે આવિર્ભાવ પામે છે. એ આત્મા કદિએ વિકાર પામતો નથી, તે હમ્મેશાં પૂર્ણજ છે. આત્માને સૂક્ષ્મ શરીર સમજતા હો તો તે અનેક જન્મો ધરે છે, ને અંતે અમુક સ્થિતિમાં આવ્યા પછી તેનો મોક્ષ થાય છે; પરંતુ જો તમે આજ જન્મમાં મોક્ષ પામવા વિષે ઘણાજ આતુર હો તો આ જન્મમાં પણ મુક્ત થઇ શકો તેમ છો, ને ફરી જન્મવાની કશી આવશ્યકતા રહેતી નથી.

મૃત્યુ શું છે ? માત્ર શરીરનું પડી જવું; એક પાત્રમાંથી બીજા પાત્રમાં પાણી રેડવું તેનુંજ નામ મૃત્યુ. સૂક્ષ્મ શરીરજ પુનર્જન્મ પામે છે, સૂક્ષ્મ શરીરજ બીજું સ્થૂળ શરીર ધારણ કરે છે, ને આત્મા સૂર્યના પ્રતિબિંબની પેઠે તેમાં પણ દેખાય છે. આત્મા કાંઇ તેથી પુનર્જન્મ પામતો નથી. સૂર્ય હમ્મેશાં બરાબર રીતે પ્રકાશે છે; પરંતુ તેનું પાણીમાં પડેલું પ્રતિબિંબ કાંઇ સદા પ્રકાશવાળું હોતું નથી. પાણી જ્યારે જડરૂપે એટલે કે બરફરૂપે હોય છે, ત્યારે સૂર્યનું પ્રતિબિંબ તેમાં બરાબર પડતું નથી; તેજ પ્રમાણે વરાળરૂપે હોય છે તે સમયે પણ પ્રતિબિંબ બરાબર પડતું નથી. જ્યારે પ્રવાહી રૂપમાં પાણી હોય છે ત્યારેજ સૂર્યનું પ્રતિબિંબ બરાબર પડે છે. માટીનાં પાત્રો એટલે કે આપણાં જડ શરીરો વનસ્પતિના રૂપમાં અને પ્રાણીઓના તથા મનુષ્યોના રૂપમાં અસ્તિત્વ ધરાવે છે. સૂક્ષ્મ શરીર પણ એક સમયે જડરૂપમાં હોય છે અને તે સમયે આત્માનું પ્રતિબિંબ તેમાં પડતું નથી. વૃક્ષો ને વેલાઓ તથા બીજાં પ્રાણીઓ જન્મે છે, વધે છે, ઉત્કર્ષ પામે છે; પણ તેમને "પોતે શું કરે છે" તે વિષે વિચાર કે ભાન હોતું નથી, માત્ર સ્વાભાવિક રીતેજ તેમની પ્રગતિ થયે જાય છે. આત્માના પ્રભાવથી જ માત્ર તેઓ આગળ વધે છે. "હું આમ કરૂં છું ને મેં આમ કર્યું" એ વિચાર તેમનામાં હોતો નથી.

સૂક્ષ્મ શરીર પણ આ પ્રમાણે અધમ પાત્રોમાંથી ધીમે ધીમે ઉચ્ચ-પાત્ર-મનુષ્યરૂપમાં-પ્રવાહી રૂપમાં-આવે છે, એટલે એમાં આત્માનું પ્રતિ-

બંબ પૂર્ણ રીતે પડે છે. આ સ્થિતિમાં ખરી રીતે તો સૂર્યજ-આત્માજ નાં પડતી છે, પણ તેનું પ્રતિબંબ પડે છે, તેને અહંભાવ પેદા થાય છે. સ્વપ્નમાં આ અસત્ય અહંભાવ ઉત્પન્ન થાય છે. કર્તાપણાનો ભાવ એ અજ્ઞાન છે. ખરો કર્તા તો ઈશ્વર માત્ર છે. પ્રકાશની જવાબદારી સૂક્ષ્મ શરીર પોતે વહોરી લે છે, એજ અજ્ઞાન છે. જેમ પાણીમાંનું પ્રતિબિંબ અસત્ય છે, તેમજ આ અહંભાવ પણ અસત્ય છે સૂર્યને લીધેજ પ્રવાહી પાણીમાં અથવા તો સૂક્ષ્મ શરીરમાં પ્રવૃત્તિ થાય છે સૂક્ષ્મ શરીર સૂર્યના તેજને વધારે ને વધારે પોતાનામાં સમાવતું જાય છે, તેમ તેમ તે સૂક્ષ્મ બનતું જાય છે ધીમે ધીમે પાણી જેમ વરાળના રૂપમાં આવે છે, તેમ સૂક્ષ્મ શરીર પણ [illegible] પાણી પ્રતિબિંબને ઝીલતું નથી; પરંતુ પોતેજ [illegible] બની [illegible] છે આ પ્રમાણે મનુષ્ય પ્રગતિ પામતો પામતો પોતેજ પરમાત્મા બની [illegible] છે અને અહંભાવ છોડી દે છે

[illegible] બનેલી [illegible] રીતે એક પાત્રમાંથી બીજા [illegible] શકાતી [illegible] ને [illegible] પદાર્થ એક પાત્રથી બીજા પાત્રમાં [illegible] સૂક્ષ્મ શરીરને [illegible] આણવા [illegible] તેમ [illegible] જડ શરીર [illegible] બીજા જડ શરીરમાં [illegible] નથી [illegible]

[illegible]

કરવામાં અર્પણ જીવન વ્યતીત કરતો હતો. મૃત્યુ સમયે તેણે કહ્યું હતું કેઃ—"મને કબ્બરમાં દાટશો નહિ, પણ તેના ટુકડે ટુકડા કરી આ પર્શીઆના રાજ્યમાં ખાતર નાખવા માટે વહેંચી દેજો." જીવન્મુક્તના સૂક્ષ્મ શરીરનું આમજ થાય છે. જીવન્મુક્ત જ્યારે સદેહ હોય ત્યારે ગમે તો જગતમાં પુસ્તકો રચી, ઉપદેશો આપી જનસેવા નહિ કરતો હોય, છતાં મૃત્યુ પછી તો તે જગતની સેવા અવશ્ય કરે છે; કારણ કે તનું સૂક્ષ્મ શરીર લોકોના ભલા માટે સર્વવ્યાપી થઈ જાય છે. બાદશાહોના ભંડારની તેને દરકાર હોતી નથી. પુસ્તકો કે શાસ્ત્રો તેને વધારે કાંઈ શીખવતાં નથી. જ્યાં સુધી જીવતો હોય છે ત્યાં સુધી તે પોતાના પવિત્ર દર્શનથી પવિત્રતા ને સુખ પાયરે છે, ને મૃત્યુ પછી સમસ્ત જગતનું કલ્યાણ કરે છે.

સૂર્યના તાપથી હવા પાતળી થાય છે ને ઉંચે ચડે છે; ને જે જ્યાએથી હવા ઉંચે ચડે છે તે સ્થાન ખાલી પડે છે. એ ખાલી સ્થાનમાં આજુબાજુની હવા આવીને ભરાય છે. પૂર્ણ પુરૂષ જેને કોઇ પણ જાતની સ્વાર્થી ઇચ્છાઓ નથી તે પુનર્જન્મ પામતો નથી.મૃત્યુ સમયે આત્મા જ્ઞાનરૂપી અમૃત પીધાથી વિશ્વમાં પોતાની જગ્યા છોડી દે છે, ને પાતળી હવાની પેઠે આ જગતથી ઉપરના જગતમાં ચાલ્યો જાય છે. તેની જગ્યા ખાલી પડવાથી એની પાસેના બીજાઓ એટલે તેનાથી સહેજ ઉતરતી પંક્તિના લોકો ધસી આવી એની જગ્યા ભરી દે છે; તેમ તેથી પણ ઉતરતી પંક્તિના તેમની ઉપરની પંક્તિવાળાઓની જગ્યામાં જાય છે. આ પ્રમાણે આખું જગત ઊર્ધ્વગામી થતું જાય છે. આના જેવો બીજો કયો ખરો સુધારક હોઇ શકે ? બોલ્યા ચાલ્યા વિના તે જગતનો ઉદ્ધાર કર્યે જાય છે. આર્કીમેડીઝ કહેતો કે જો મને જગતનું મધ્યબિંદુ મળે તો હું આખા વિશ્વને હલાવી મૂકું, પણ તેમ તે ન કરી શકયો; પરંતુ વેદાન્ત કહે છે કે તમે પોતેજ તમારૂં મધ્યબિન્દુ છો. તેને બરાબર સમજો ને ઓળખો એટલે આખું વિશ્વ હલમલી ઉઠશે.

હવે બે બોલ મિથ્યાભાસ વિષે કહીશું. પાણીવાળા પાત્રમાંજ સૂર્યનું પ્રતિબિંબ પડે છે. વિજ્ઞાનશાસ્ત્ર વગેરે શાસ્ત્રો સાબિત કરે છે કે આ મિથ્યાભાસ છે. પ્રકાશ માત્ર બાહ્યનો છે ને પ્રતિબિંબ પ્રકાશના પરિવર્તનથીજ પડે છે. પ્રતિબિંબ એ આપણું પોતાનુંજ અનુમાન છે, ઇન્દ્રિયોનો ખોટો ખેલ છે. પાણીમાં એવું કાંઇ છેજ નહિ. આ પ્રતિબિંબ પાણીના હલનચલનથી હાલતું ચાલતું જણાય છે.

આપણા માથાના વાળ ને શરીરમાનુ લોહી કોણ ઉત્પન્ન કરે છે ? પણ જડ શરીર કરે છે ? બીલકુલ નહિ આ મિથ્યાભાસને દૂર કરી આત્માને ઓળખો. વિશ્વના નિયંતા તમે છો. પ્રકાશના પણ પ્રકાશ, પવિત્રમા પણ પવિત્ર તમે છો

સુષુપ્તિઅવસ્થાના સૂક્ષ્મ શરીર થોડા સમય માટે [illegible] બને છે અવસ્થાના અન્ત વડે છે, અસ્ત પામે છે, પરંતુ હું આ [illegible] એ પ્રકાર તેને જાણતો નથી–હોતો નથી સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મ શરીર [illegible] જાગ્રત રહે છે, [illegible] પ્રતિબિંબ પડે છે ને અહંભાવ પેદા થાય છે [illegible] હોય તો તે [illegible] સર્વ સ્થિતિમાં રહેવા જોઈએ [illegible] તે તો અસત્ય છે માટે સુષુપ્તિઅવસ્થામાં હોતો નથી અહંભાવ [illegible]

[illegible]

२७—आत्मसाक्षात्कार करवानी विधि.

વેદાન્તના દષ્ટિબિન્દુથી ચિત્તને ધ્યાનપરાયણ કરવા માટે "આત્મા એ સૂર્યનો પણ સૂર્ય ને પ્રકાશનો પણ પ્રકાશ છે" એમ અનુભવ કરવો જોઇએ. અંતઃકરણ અને દેહની પાર જઇ આ સ્થિતિમાં આવશો એટલે અખિલ બ્રહ્માંડ મેઘમંડળ માફક વિખરાઇ જશે. સર્વત્ર પ્રભુમય-પ્રભુનું અસ્તિત્વ અનુભવાશે. સર્વ પ્રકૃતિ દાસ થઇ હાજર થશે.

ઠીક પડે તો બે ઘડી રાત્રિ રહે એટલે ઉઠો; પવિત્ર થાઓ અને પ્રાતઃસૂર્ય તરફ દષ્ટિ રાખી બેસો: સૂર્યની આસપાસ ફરી વળતા પ્રકાશ તરફ નજર રાખો. સુંદર ને મનોહર પ્રકાશ મનને ઉત્તેજિત કરી, ઊર્ધ્વગામી કરશે; ને આરૂઢ થતાં વારજ તમારી મરજી પ્રમાણે ઉચ્ચ વિચારોમાં, ઉચ્ચ ભૂમિમાં રમણ કરશો.

ગીલ્લીદંડા રમતી વખતે ગીલ્લીને જમીનથી બે છેડા ઉંચા રાખીને મૂકીએ છીએ ને જેવો ટોલ્લો મારીએ છીએ કે તે હવામાં ઉંચે ઉડીને ખુબ દૂર જઇ પડે છે. આમાં બે વાનાં થાય છે. એક તો તેને પહેલી ઉંચે ચઢાવીએ છીએ ને પછી જોરથી ફટકો મારીએ છીએ; તેજ પ્રમાણે મનને ઊર્ધ્વગામી કરવા–ઈશ્વર તરફ વાળવા પહેલાં તેને સહજ ઉચ્ચ કરવું પડે છે, ને પછી જોરથી દિવ્ય વાતાવરણમા ફેરવવું પડે છે.

આનન્દજનક વાતાવરણ અને પ્રકૃતિસૌંદર્યનાં દૃશ્યો પણ કેટલીક વખત મનને ઊર્ધ્વમાર્ગે લઇ જાય છે, ને પછી તેને ઉંચે ને ઉંચે લઇ જવાનું સુગમ થઇ પડે છે; માટે શાન્ત સમય, એકાન્ત સુંદર દેખાવ વગેરેનો ઉપયોગ બરાબર સ્વાભાવિક રીતે કરવો. પ્રાતઃસમયે પક્ષીઓનો કિલકિલાટ, મંદ મધુર વહેતી ગુલાબી હવા, ને મનોહર પ્રકાશથી મન આનન્દ પામે છે. મનને દિવ્ય ભૂમિકામાં લઇ જવા સારુ, ઇશ્વરાભિમુખ વૃત્તિ

ા માટે સૂર્યોદય કે સૂર્યાસ્ત સમયનું મધુર તેજ અર્ધી મીંચેલી
ખ ઉપર પડે તે સમયે પ્રણવમંત્રનો ઉચ્ચાર કરવો, ને તેમ કરતાં
તાં તેનો અનુભવ કરી તથા અર્થ સમજવાનો પ્રયત્ન કરવો.

જુદા જુદા લોકો 'ઓમ્' નો જુદો જુદો અર્થ કરે છે. આધ્યાત્મિક
ન્નતિમાં જે મનુષ્ય જે સ્થિતિમાં આવેલો હોય તે સ્થિતિમાં પોતાને
નુકૂળ જે અર્થ થઈ પડે તે તેણે કરવો. કેટલાક 'ઓમ્' ને સૂર્યનો
યુ સૂર્ય ગણે છે ને સ્ત્રીઓ જેમ પોતાનું મુખ આદર્શમાં જુએ છે તે
માણે એમાં પોતાના સ્વરૂપને જુએ છે. આદર્શમાં જોતી વખતે આપણી
ાત્રી હોય છે કે, જે પ્રતિબિંબ પડે છે તે આપણુંજ છાપ કોઈ બહા-
ની વસ્તુ એમાં જણાતી નથી; તે પ્રમાણે વેદાન્તી પણ સૂર્ય તરફ તેવીજ
ાવનાથી જુએ છે કે, મારો પોતાનોજ આત્મા એમાં દેખાય છે. એ માત્ર
ારી પોતાનીજ છબી છે, મારીજ છાયા છે.

જેમ ચંદ્રમાં પણ સૂર્યનુંજ તેજ છે, તેમ વેદાન્તી સૂર્યના તેજને
ોતાનુંજ તેજ જાણે છે, ને તે પ્રમાણે અનુભવમાં મૂકે છે. પૃથ્વી ફરે
છતાં આપણે સમજીએ છીએ કે સૂર્ય ફરે છે, પણ જ્યોતિઃશાસ્ત્રને
ાણનારાને તો ખાત્રીજ છે કે પૃથ્વી જ સૂર્યની આસપાસ ફરે છે, તે
માણે વેદાન્તી પણ સૂર્યોદય તરફ દૃષ્ટિ કરતાં સમજે છે કે આ પ્રકાશ,
ા ભાવના મારી પોતાનીજ છે. જડ જગતમાં સૂર્યપ્રકાશની, જ્ઞાનની
શક્તિની સત્તા છે સર્વ ગ્રહો તેનાજ તેજથી પરિક્રમણ કરે
. સૂર્યને લીધેજ જગતમાં સર્વ હલનચલનની શક્તિ આવે છે. વળી
ેજ સૂર્ય સુંદરતાની સત્તા અને આકર્ષણશક્તિ છે. એ પ્રમાણે સૂર્ય,
ાન, પ્રકાશ, જીવન, શક્તિ, અસ્તિત્વ, સુંદરતા અને આકર્ષણશક્તિની
ત્તા છે. વેદાન્તી આ સર્વ શક્તિઓ પોતાની છે એમ અનુભવે છે,
ારણ કે પોતેજ તે છે એમ દૃઢપણે માને છે. આરસામાં જેમ આપણી છબી
બહારથી પ્રતિબિંબિત થતી હોય તેમ જણાય છે, તેમ આ શક્તિઓ પણ
સૂર્યમાં બહારથી પડતી જણાય છે; પરંતુ વાસ્તવિક રીતે તે આપણું
પોતેજ—આપણો પોતાનો આત્માજ છે.

આ વિચારનો સાક્ષાત્કાર કરવાની શરૂઆત કરનારાઓએ 'ઓમ્'
શબ્દનો આશ્રય લેવો જોઈએ. 'ઓમ્'નો ઉચ્ચાર કરતાં કરતાં "પોતેજ

અખિલ વિશ્વ છે; સર્વ શકિત પોતેજ છે; પોતેજ અચળ અનાદ્યનન્ત છે;" એમ પૂર્ણ દ્દઢતાથી તે માને છે ને અનુભવે છે. સર્વ આવિર્ભાવો પોતાનીજ આજ્ઞાથી, પોતાનાજ અસ્તિત્વથી થાય છે; બલ્કે પોતેજ તે સર્વ છે એમ તે સમજે છે. જગતમાં વનસ્પતિ ઉગે છે અને પ્રાણીઓ શ્વાસોચ્છ્વાસ લે છે તે બધાનું કારણ હું પોતેજ છું. સર્વ દેવો, ગ્રહમંડળ, સૂર્ય વગેરે અખિલ બ્રહ્માંડ મારૂંજ રૂપ છે-મારામાંજ જીવે છે; એમ તેની માન્યતા હોય છે.

આપણે માનીએ છીએ કે તેજ વિના-પ્રકાશ વિના આપણે કાંઇજ જોઇ શકીએ નહિ; ત્યારે આપણે સ્વપ્નમાં કયા પ્રકારના પ્રકાશથી વસ્તુઓ જોઇ શકીએ છીએ? આપણા પોતાનાજ તેજથી-આત્માનાજ પ્રકાશથી આપણે તે જોઇ શકીએ છીએ. સ્વપ્નમાં હીરાનો ચળકાટ જોઇએ છીએ તે આપણુંજ તેજ છે; આપણા તેજનો માત્ર તે એક તરંગજ છે. સ્વપ્નમાં સૂર્ય કે ચંદ્રનું તેજ જોઇએ છીએ તે પણ માત્ર આપણા આત્મપ્રકાશનું એક મોજુંજ છે; તેજ પ્રમાણે જાગૃતાવસ્થામાં પણ જાણવું. આપણા આત્મપ્રકાશરૂપી સિંધુમાં સૂર્ય ને ચંદ્ર વગેરેના પ્રકાશો માત્ર મોજાં સમાનજ છે. વાસ્તવિક પ્રકાશ આપણો પોતાનોજ છે.

આપણે બાદશાહના પણ બાદશાહ છીએ. જગતના બાદશાહો, રાજાઓ, રાણાઓ, મારાંજ રૂપો છે. અનેક ફૂલવાડીઓમાં રંગ બેરંગી સુવાસિત કુસુમો મારાંજ રૂપ છે. બ્રહ્માંડની સર્વ સુંદરતા, આનન્દ અને સ્મિત કરતાં સુખડાં હુંજ છું, સર્વત્ર મારીજ ઇચ્છા પ્રવર્તે છે. સર્વ પ્રાણીઓનું પોષણ મારીજ શકિતથી થાય છે. સુર્ય ને પૃથ્વી વગેરે મારી સત્તાથીજ પરિક્રમણ કરે જાય છે. વિશ્વની ઉત્પત્તિ પહેલા પણ મારૂં અસ્તિત્વ હતું. દુષ્ટ વાસનાઓને અને મારે લેવા દેવા નથી. અસત્ય શરીર ને અસત્ય જગતનું એ કામ છે. મારી સન્મુખ આવવાનો તેમનો લેશ માત્ર અધિકાર નથી. દરેક કણમાં મારોજ પ્રકાશ પડે છે. મોટામાં મોટો ને નાનામાં નાનો સર્વ હુંજ છું. કોઇ નાનું કે કોઈ મોટું મારે મન નથી. જ્યાં જ્યાં મનુષ્યની દ્દષ્ટિ પડે છે ત્યાં ત્યાં હુંજ છું. ભોકતા ને ભોજ્ય, દ્દષ્ટા ને દ્દશ્ય સર્વ હુંજ છું. રામ, કૃષ્ણ, ક્રાઇસ્ટ, મહમ્મદ સર્વમાં હુંજ રમી રહેલો છું. વિદ્યુતમાં મારૂં તેજ પ્રકાશે છે; ગર્જનામાં મારીજ વિભૂતિ જણાય છે; વાયુમાં મારીજ શકિત રહેલી છે; મિત્ર પણ હું છું અને દુશ્મન પણ હુંજ છું;

મારે મિત્ર નથી તેમ દુશ્મન પણ નથી. દુર્ભિક્ષ ને સુકાળ ઉપજાવો! નાશ પામનારાઓ! જગતના બનાવો! દૂર રહો; મારે તમારું કામ નથી. આ શરીરની અમે તે સ્થિતિ જાણો, મારે તેની પરવા નથી; મારે તેની સાથે કાંઈ લેવા દેવા નથી. સર્વ શરીર મારાં છે. રામ, કૃષ્ણ, કેલ્વીન, ફેન્કલીન, ન્યૂટન સર્વ હુંજ છું. કેન્ટના મગજમાં મારીજ શક્તિ કામ કરી રહી હતી. બુદ્ધ ને શંકરમાં હુંજ રમણ કરી રહ્યો હતો. પ્લેટો ને શેક્સપીઅરની બુદ્ધિ એ મારીજ શક્તિ હતી. જગતની તૃષ્ણાથીજ મનુષ્ય બન્ધન પામે છે. સર્વ બ્રહ્માંડ મારામાં છે. બ્રહ્માંડ મને ધારણ કરી શકતું નથી. મારે દેહ નથી. જગત મારામાં છે, છતાં હું સર્વમાં વ્યાપ્ત છું. સર્વનાં મન ને વિચારમાં હુંજ વ્યાપી રહ્યો છું. હુંજ તમારામાં છું; બાકી હું ને તું એવું છેજ નહિ, એવો ભેદજ નથી. સર્વત્ર અભેદ છે હુંજ તે છું, તે હું છું

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥ भगवद्गीता.

“ હુંજ અદૃશ્ય દિવ્ય શક્તિ છું ને સર્વ સૂક્ષ્મ તત્ત્વોમાં વ્યાપી રહ્યો છું. હુંજ અગ્નિમાં જ્વાળા રૂપ છું. સૂર્ય, ચંદ્ર, તારા ને ગ્રહો મારાજ તેજથી પ્રકાશી રહ્યા છે. મરુત મારીજ આજ્ઞાથી વહન કરે છે ને સમુદ્રના મોજાં ઉત્પન્ન કરે છે. પુરુષ ને સ્ત્રી, કિશોર ને કિશોરી, બાળક, જર્જરિત દેહવાળો અપંગ, એ સર્વ હું પોતેજ છું. ભ્રમર, વ્યાઘ્ર ને મત્સ્ય પણ મારાજ સ્વરૂપ છે. રત્નાદિ, નીલપક્ષિ, વૃક્ષો ને વનસ્પતિ, મેઘમંડળ ને વિદ્યુત સર્વ મારામાંજ રચેલાં છે. અર્ણવ તથા ઋતુઓ મારામાંથી શરૂ થાય છે ને મારામાંજ શમી જાય છે.” (ઉપનિષદ)

“ સૂર્યના તેજમાં હું જ રહેલો છું, મધુર ગાનમાં મુગ્ધ કરવાની શક્તિ હું છું. વહેતા જળ ઉપર નાદ રેડાયું છે ને નિદ્રામાં પણ હું જ છું. પહાડ ને અગ્નિના અસ્તિત્વથી ભૂતકાળની સ્થિતિ હું જ દર્શાવું છું ને સમુદ્રમાં બનતા પરવાળાં તથા પૃથ્વી નીચે બનતા કોલસા ભૂતકાળને જણાવે છે ”

‘ કાળ ને વિચાર માત્ર આશ્ચર્યના છે. વ્યવસ્થાપૂર્વક સમુદ્ર ઉત્પન્ન કરી પૃથ્વીના પડ મેં બનાવ્યાં છે ને સાથે સાથે પથ્થર, શંખ વગેરે વસ્તુઓ પણ બનાવી છે ” (ઇમર્સન)

"સૂર્યનાં કિરણોમાં હું જ વસેલો છું ને સૂર્ય પણ હું જ છું. મારી આજ્ઞાથીજ એકેએક કણ સ્થિતિમાં આવે છે ને સમુદ્ર ઉછળે છે. પ્રભાતનું મધુર તેજ ને સંધ્યાનો મધુર ગુલાબી પવન મારાંજ સ્વરૂપો છે. પાંદડાઓનો ઝીણો રવ ને સમુદ્રની ગર્જના મારીજ જુદી જુદી શક્તિઓ છે. પક્ષી ને પક્ષીની ભયાનક ચીસો, આદર્શ ને તેમાં પરિવર્તન પામતી વસ્તુની છબી, નાદ ને તેનો પડઘો, એ સર્વ હું છું. પ્રેમ ને પ્રેમી, યોદ્ધો ને તેનાં શસ્ત્રાસ્ત્ર હું જ છું. નિશો, દ્રાક્ષ, કસ્તુરી ને મધ; પરોણો ને પરોણાગત કરનાર; બંસી ને મનુષ્યનું મન; મારાજ આવિર્ભાવો છે. કનકની કાન્તિ, રત્નોનું તેજ, મોતીનું પાણી હું છું. ગુલાબ ને કોકિલા તથા કોકિલરવ હું પોતેજ છું. ચકમક ને તેના તણખા, દીપક ને પતંગીઆં, સુખ ને દુઃખ, સારૂં ને નરસું, કૃત્ય ને કૃત્યની ઇચ્છા, એ સર્વ મારાંજ સ્વરૂપ છે. લાલચો ને તેમના ભોગો, પાપી અને પાપની ક્ષમા તથા શિક્ષા હું જ છું. ત્રણે કાળમાં મારૂંજ અસ્તિત્વ છે. જગતની ઉત્પત્તિ ને લય હું જ છું. આદિ ને અંત, ઉત્પત્તિ, સ્થિતિ ને લય મારીજ શક્તિઓ છે."

"જંગલનાં વૃક્ષો મારાં સંબંધીઓ છે, ને મારી રગોમાં જે તત્વ ધમકી રહેલું છે તેજ તત્વ પર્વતો ને ખડકોમાં પણ વ્યાપી રહ્યું છે. માટી મારૂં માંસ છે. ભ્રમરનો મધુર ગુંજારવ ને મધમાખનો ડંખ હું છું. કુસુમ મારી કાન્તિ છે. સૂર્ય એ ઉંચે લટકાવેલું મારૂં ફૂલડું છે. વિદ્યુતમાં હું ચમકું છું. મૃત્યુ અનેક આંટા મારે પણ હું અમર છું. હું અજન્મા છું છતાં સમુદ્રનાં મોજાં માફક જગતમાં જન્મો ધરૂં છું. મારા શ્વાસોચ્છ્વાસથી કુસુમનો મધુર પરિમલ જામી રહે છે. સૂર્યનો પ્રકાશ મારી કમળ સરીખી આંખોનું તેજ છે. મારા ગુલાબી ગાલોના પ્રકાશથીજ સંધ્યા ખીલે છે ને મારા પ્રેમને લીધેજ તારાઓ આકાશમાં ટકી રહ્યા છે. નીંદા જળની સરિતાઓ એ મારી રગો છે, તથા વૃક્ષો એ મારા સુંદર વાળ છે. અહા! શું પ્રચંડ શક્તિ! પર્વતો એ મારાં હાડકાં છે ને સ્વર્ગ મારી અર્ધાંગના છે. હુંજ પતિ ને પત્ની બન્ને છું; માત્ર એક અભેદજ પ્રવર્તે છે."

"ચળક ચળક થા સુંદર તારા! ઝળકીને બોલાવ તું વ્હાલા!
રે ઉત્તર તું મધુરા તારા! ધામ કીયે જઈ વસશું પ્યારા?
તું જ આંખોમા હું ઝળકું છું, તુજમાં વ્હેતું જીવન હું છું."



२८—आत्मसाक्षात्कारनी केटलीक वातचीत.×

આ ચોપાનીઆમાં જે આત્મસાક્ષાત્કાર કરવાની વિધિ કહી છે તે વિષેની કેટલીએક શંકાઓનો નિર્ણય કરીશું.

શંકા પહેલી:—એ વિધિ તમે દેખાડો છો તે કાલ્પનિક છે-કલ્પના તથા વિચારને કેમ કેળવવા એટલુંજ માત્ર તેમાં દેખાડેલું છે.

પ્રિય વાંચકવર્ગ! આ શંકાનો વેદાંત ઉત્તર આપે છે કે જગતમાં સર્વ વસ્તુઓ, આપણું શરીર સુદ્ધાં બધાં કલ્પનાશક્તિનાંજ કાર્યો છે. તમારી કલ્પના ને વિચારો ખોટે રસ્તે દોરાએલા છે, તેને લીધેજ દુઃખ સુખીબતો, ચિંતા વગેરે ઉત્પન્ન થયા છે. આવા ખોટે રસ્તે દોરાએલ વિચારો ને કલ્પનાઓ તમને બંધન કરે છે, ને માત્ર સત્યને રસ્તે દોરેલા વિચાર ને કલ્પનાથીજ મુક્ત થવાય છે. સીધે રસ્તેજ સીધું પરિણામ આવે છે.

જે નિસરણી ઉપરથી ગબડી પડ્યા છો, તેજ નિસરણી ઉંચે પગ ચડાવશો જે રસ્તેથી પડ્યા છો તેજ રસ્તે પાછે પગલે જવાથી સત્ય માર્ગે જવાશે. જે અવળે રસ્તે નીચે ઉતરી આવ્યા છો તે ઉંધે રસ્તેજ વેદાન્ત તમને લઇ જવા માગે છે આડે લાકડે આડો વેહેજ કામ કરશે

વેદાંત સાબિત કરે છે કે આ વિશ્વ માત્ર તમારીજ કલ્પના, તમારાજ વિચાર વિના બીજું કાંઇ નથી વિચારોને પવિત્ર કરો, ઉર્ધ્વગામી કરો તેને સત્યને માર્ગે દોરો, એટલે પ્રમશના પણ પ્રકાશ તને પોતેજ બની રહેશો

અતિસાર અને જુલાબ એ બંને એકજ જાતની [illegible] કરે છે

× આત્મસાક્ષાત્કાર કરવાની વિધિ એ નામનું ચોપાનીયું વાંચી કેટલાક વાંચકો વાચનારાઓ તરફથી ઉઠ્યા હતા તેનો ખુલાસો આમ આપેલ છે (તા. ૧૮, જાન્યુઆરી, ૧૯૦૩ આનંદનિકેતન [illegible])

પરંતુ જુલાબ એ એક ઉપાય છે ને અતિસાર એ દર્દ છે. જડ જગતના વિચારો દાસત્વમાં આણે છે, દુઃખ સમાન છે, તમને બંધનમાં રાખી મૂકે છે; માટે વેદાંત જે જાતનો જુલાબ આપે છે તે ખુશીથી લ્યો. જગતના–દુનિયાદારીના વિચારો અતિસાર સમાન છે ને વેદાંતના વિચારો જુલાબ સમાન છે. એ જુલાબ લઈ અતિસાર રૂપી દુઃખને ફેટો.

કેટલેક સ્થળે લોકો ધોવાને માટે સાબુનો ઉપયોગ કરતા નથી, પણ રખ્યા વાપરે છે. એ રખ્યા પણ એક જાતનો કચરોજ હોવાથી તમારા હાથ પણ કચરાવાળા થાય છે, પરંતુ આમ કરીને પછી પાણીથી હાથ ધોતાં હાથનો મેલ તરતજ જતો રહે છે; એટલુંજ નહિ પણ રખ્યા પણ તેની સાથે જતી રહે છે. તેજ પ્રમાણે વેદાંતના વિચારો એક જાતની રખ્યાના જેવાછે. તેનાથી સર્વ અપવિત્રતા, મેલ, નિર્બળતા જતી રહેશે; ને જે આજ સુધીના વિચારો મનમાં રમી રહ્યા છે તે પણ ચાલ્યા જશે. તમે ઉન્નત થશો.

સ્વપ્નમાં અનેક જાતની વસ્તુઓ આપણે જોઇએ છીએ. એ વસ્તુઓ માત્ર આપણી કલ્પનાઓજ છે. ધારો કે કોઈ મનુષ્ય સ્વપ્નમાં સિંહ, વાઘ કે સર્પ જુએ ત્યારે તે સમયે શું થાય છે? એકદમ ઉંઘમાંથી તે જાગી ઉઠે છે. માત્ર એના મનનો વિચારજ આ વાઘનું રૂપ ધારણ કરે છે. બીજાં સર્વ સ્વપ્ન ઉડી જાય છે ને ફક્ત વાઘજ તમે જોઇ રહો છો; ને તે પણ કદાચ ઘાસ ખાતો હોય કે પથ્થર ખાતો હોય તેમ જુઓ છો; તેજ પ્રમાણે આ નાનકડા પુસ્તકમાં જે વિચારો દર્શાવેલા છે તે સ્વપ્નના વાઘ સમાન છે. જગત આખું સ્વપ્નવત્ છે. આ વાઘ સર્વ અસત્ય વિચારોથી તમને મુક્ત કરશે; ને તેની સાથે જાગૃત થતાં જેમ સ્વપ્નમાંનો વાઘ પણ નાશ પામે છે, તેમ આ વિચારરૂપી વ્યાઘ્ર પણ નાશ પામશે. જ્યાં વાચા પણ જઈ શકતી નથી એવા સત્ય ધામમાં તમે પહોંચી જશો, સર્વ જગત ને તમે પોતે એક સત્યસ્વરૂપમાં લીન થશો.

શંકા બીજી:—જ્યારે આવી સ્થિતિમાં આવીએ તો તે સ્થિતિ વિચાર વિનાની–ભાન વિનાની ન કહેવાય? આવી ભાન વિનાની સ્થિતિ પ્રાપ્ત કરવાની શી આવશ્યકતા?

વેદાંત ઉત્તર આપે છે કે, ભાઇઓ! અરે, મારાં આત્મસ્વરૂપો! ઉતાવળા ન થાઓ, જરા વિચાર કરો. સમાધિસ્થ અવસ્થા તથા મૂર્છાની

સ્થિતિમાં ઘણું વર્તાવત છે, આ બન્ને સ્થિતિમાં વિચારનો અભાવ એટલીજ સામાન્યતા છે; છતાં બન્નેમાં ફેર આસમાન જમીનનો છે. મૂર્છામાં મન વિચાર કરતું બંધ પડે છે, ચેતનશક્તિના અભાવે મૂર્છામાં વિચાર બંધ પડે છે, મૂર્છા મૃત્યુને મળતી આવે છે; પરંતુ સાક્ષાત્કારની સ્થિતિમાં શક્તિ પૂર્ણ જોરમાં હોય છે, જ્ઞાનમય આનન્દમય સ્થિતિ હોય છે.

એકાદ ખંડમાં પ્રકાશ ન હોય તો આપણાથી અંદરની વસ્તુ જોઈ શકાતી નથી, તેમજ અતિશય પ્રકાશ હોય તોપણ કાંઇ દેખી શકાતું નથી. વિજ્ઞાનશાસ્ત્ર કહે છે કે તેજના બે અણુઓ સામ સામી બાજુ હોય તો આપણે જોઇ શકીએ નહિ; પરંતુ તેજના અભાવે થતો અંધકાર અને અતિશય પ્રકાશને લીધે દૃષ્ટિ બંધ થવી, એ બે તદ્દન જુદીજ વાત છે

ફેર એના પરિણામમાં જણાય છે. એક મનુષ્ય વાયુના રોગથી પીડાતી વખતે બેભાન બની જાય છે ને જાગ્યા પછી નિર્બળ બની જાય છે, બીજો મનુષ્ય સાક્ષાત્કારની ધ્યાનસ્થ સ્થિતિમાં હોય છે તે વખતે તેની પણ હલનચલનશક્તિ બંધ પડેલી લાગે છે, પણ એ સ્થિતિમાંથી જાગૃત થતાં તે પૂર્ણ આહ્લાદમય ને પરમજ્ઞાનમય બની જાય છે. તે બીજાને આનન્દ આપી શકે છે, અને બીજાના દુઃખો ફેડી શકે છે. આમા વિચારવાનું બંધ પડવું તો ઉપલી બન્ને સ્થિતિમા છે; પરંતુ ફેર આસમાન જમીનનો છે

શંકા ત્રીજી —અમારે તો ચેતન્યમય જીવન જોઇએ છીએ, આવી મૃત્યુના જેવી અવસ્થા નથી જોઇતી

વેદાંત કહે છે કે મૃત્યુની અવસ્થા કોઈ માગતું નથી જેઓ એમ સમજે છે કે વેદાંત ઉદાસીન બનાવે છે, તેઓ ભૂલ કરે છે વેદાંત તમને સત્યને માર્ગેજ દોરે છે. સર્વ જગત તમારે તાબે રહે તેમ શીખવે છે

વાસના, ઇચ્છા, વગેરેનો પ્રશ્ન આપણે લઇશું. વેદાંત ઉદાસીન જીવન ગાળવાને કહેતુંજ નથી. હરદમ ચૈતન્યમય જીવન ગાળવાનીજ ભલામણ કરે છે, પરંતુ વેદાંત પ્રમાણે જે ઇચ્છાઓ કરવી તેજ સત્ય છે ઇચ્છા એટલે શું? ઇચ્છા એટલે પ્રેમ. પ્રેમ એટલે બીજુ કાંઇજ નહિ, પણ અમુક વસ્તુ માટેની તીવ્ર ઇચ્છા જો આમ ઇચ્છા એટલે પ્રેમ યા

છે, તે પછી સર્વ ઇચ્છાઓ માત્ર પ્રેમજ છે; ઈશ્વર પણ પ્રેમરૂપજ છે અને તેથી સર્વ ઇચ્છાઓ પણ પરમેશ્વરરૂપજ છે. આ વાત સત્ય છે, તોપછી જે મનુષ્ય સર્વ જીવન પ્રેમમય ગાળે છે, તે અખિલ બ્રહ્માંડના ઉપર અધિકાર ભોગવે છે. જે મનુષ્ય પોતે સર્વમય બની જાય છે-સર્વે પોતાનાંજ રૂપ છે એમ માને છે, તે કેટલો આનન્દમાં રહેછે ? તે ઇચ્છાઓવડે, પ્રેમવડે જગત ઉપર સામ્રાજ્ય ભોગવે છે. આ સ્થિતિએ પહોંચતાં દ્વેષ, ધિક્કાર વગેરેની લાગણીઓ નષ્ટ થાય છે. મિત્ર કે દુશ્મન સર્વેની ઇચ્છાઓ એ મારીજ ઇચ્છા છે એમજ માને છે; તેને કાંઇ પણ દુઃખ નથી. અનન્ત શક્તિ હું જ છું. દરેક વ્યક્તિની જે જે ઇચ્છાઓ છે તે બધી મારે લઇનેજ છે, આમ માનનાર આત્માને ઓળખી શકે છે અને સર્વનો અધિષ્ઠાતા પરમાત્મા બની રહે છે.

જગતમાં લોકો ઇચ્છા ને વાસનાઓનો ખોટો ઉપયોગ કરીને વસ્તુસ્થિતિને ઉથલપાથલ કરી નાખે છે. ઇચ્છા પ્રેમ છે ને પ્રેમ પ્રભુ છે; તો વેદાન્ત કહે છે કે સર્વની ઇચ્છાઓ તમેજ છો એવો સાક્ષાત્કાર કરો, પણ તેનો ખોટો ઉપયોગ ન કરશો. તમારી પોતાની ઇચ્છાઓ ને બીજાની ઇચ્છાઓમાં ફેર ગણશો નહિ. દરેક ઇચ્છા, પ્રેમસિંધુના તરંગ જેવી છે. અખિલ બ્રહ્માંડ અનન્ત પ્રેમસિંધુનું બનેલું છે. ગ્રહો ગુરૂત્વાકર્ષણની શક્તિથી આકાશમાં રહેલા છે. ગુરૂત્વાકર્ષણ એ આકર્ષણશક્તિ છે, એટલે તે પ્રેમજ છે. રસાયણશાસ્ત્રના સર્વ મિશ્રણો રાસાયણિક આકર્ષણથી થાય છે. આ એક અણુનો બીજા અણુઓ સાથેનો પ્રેમ બતાવે છે. આખું જગત પ્રેમસિંધુનાં મોજાના તરંગ સમાન છે. વિજ્ઞાનશાસ્ત્ર તેમજ લૉર્ડ કેલ્વીને પણ સાબિત કર્યું છે કે દરેક પદાર્થ માત્ર શક્તિ છે. એ શક્તિ ભિન્ન ભિન્ન રીતે દેખાય છે-ગુરૂત્વાકર્ષણથી એકઠાં રહેવાથી, આકર્ષણથી, વિદ્યુતથી, ચુંબકથી, તેજ-ઉષ્ણતા વગેરેથી.

ચુંબક તથા વિદ્યુત્શક્તિમાં શું છે ? આકર્ષણશક્તિ રહેલી છે. ઉષ્ણતાને લીધે અણુઓ સાધારણ રીતે જુદા પડતા જણાય છે; પરંતુ વિજ્ઞાનશાસ્ત્ર સાબિત કરે છે કે એક પ્રકારે જે એ વિયોગ જણાય છે તે બીજે પ્રકારે પ્રેમ ને આકર્ષણજ દેખાડે છે.

હવે વેદાન્ત પ્રમાણે " આ સર્વ શક્તિ માત્ર તમેજ છો " એમ

વિચારનો સાક્ષાત્કાર કરો તો પ્રેમ પ્રેમ ને પ્રેમમયજ બની રહેશો. ડાર્વિન અને બીજાઓ જે "વિગ્રહને લીધેજ જીવન" નો મત ધરાવનારા છે, તેમને ડ્રમન્ડ જેવા મૂર્ખ બનાવે છે. ડ્રમન્ડ જેવા કહે છે કે વિગ્રહનો નિયમ માત્ર ઉન્નતિક્રમે ચડાવતો નથી; પરંતુ પ્રેમ, સહવર્તન ને આકર્ષણ જેવી શક્તિઓ પણ ઉન્નતિને રસ્તે જવામાં સહાયક થાય છે.

ઇચ્છાઓ એ પ્રેમ છે, પ્રેમ એ પ્રભુ છે ને તે પ્રભુ તમેજ છો. પ્રભુથી તમારો અભેદ છે, તેનો સાક્ષાત્કાર કરો. લોકો આ ઇચ્છાઓ અને પ્રેમને પ્રેમસિંધુ પ્રભુથી ભિન્ન સમજે છે; પણ તેમ નથી. જળમાં જેમ તરંગો ઊઠે છે પણ અંતે બધું જળજ છે, તેજ પ્રમાણે ઇચ્છાઓ વગેરે વૃત્તિઓ સત્યસ્વરૂપના તરંગોજ છે, અને વાસ્તવિક રીતે એક સત્ય સ્વરૂપજ સર્વત્ર વ્યાપી રહેલું છે. એ સત્ય સ્વરૂપ બીજી વૃત્તિઓરૂપી તરંગોથી ઢંકાઇ જાય છે. વેદાન્ત આ તરંગોનું દુર્લક્ષ કરવાની ભલામણ કરતું નથી, પરંતુ તે કહે છે કે એ તરંગોનું નિરીક્ષણ અને દુર્લક્ષ કરતી વખતે જે જળમાં-જે સત્યસ્વરૂપમાં એ તરંગો ઉઠે છે તે મૂળ આત્મસ્વરૂપને ભૂલી ન જાઓ.

જ્યારે કોઇ બીજાનું વેર લે છે ત્યારે તે અપમાનિત થાય છે. એનું કારણ એ છે કે, પ્રકૃતિને પ્રતિકૂળ તમારા મનની સ્થિતિ બનેલી છે. પ્રકૃતિને અનુકૂળ મન બનાવો તો કોઇ પણ વ્યક્તિ તમારૂં અપમાન નહિ કરી શકે. ધર્મના ઝુંડા ઉઠાવનારાઓએ આ નિયમ જાણવો જોઇએ. જે ક્ષણે નિરાશા ઉત્પન્ન થાય છે, જે ક્ષણે પ્રકૃતિથી વિરુદ્ધ મનની સ્થિતિ બને છે, તે સમયે આખું વિશ્વ તમારી વિરુદ્ધ થઇને બેસશે; માટે મનની શાન્તિ કેમ રાખવી તે શીખો. પવિત્ર વિચારો રાખો તો કોઇની તાકાત નથી કે તે તમારી વિરૂદ્ધ જાય. વેદાન્ત કહે છે કે, તમારી કે પારકાની ઇચ્છાઓનો દુરૂપયોગ ન કરશો. જો મન સ્થિર રાખશો તો સર્વ ઇચ્છાઓને જીતી શકશો.

હવે એ સદુપયોગ કેવા પ્રકારે કરવો તેનો આપણે વિચાર કરીએ. દાખલા તરીકે એક મનુષ્ય ઘોડા ઉપર સ્વાર થઇને જાય છે; જો તે ઘોડો થાકેલો હોય તો ઘોડાને ખોરાક આપવા છતાં પણ સ્વાર પોતાના મન વડે એટલું તો સમજે છેજ કે, "પોતાના થાક કે ભૂખ સાથે ઘોડાને

કાંઈજ લેવા દેવા નથી. ” ઘોડાની જે જરૂરીઆતોને તે પોતાની જરૂરી
આતો કદિ માનતો નથી. વેદાન્તને જાણનારો ભૂખ્યો હશે તો પેટને અ
પૂરૂં પાડશે, પરંતુ અન્ન ન મળવાથી દુઃખી થશે નહિ. કેમકે ભૂખ
તૃષા તો શરીર સાથે સંબંધ ધરાવે છે, એનો આભાસ કેવલ મનને
થાય છે; પરંતુ તેની સાથે આત્માને કાંઇ લેવા દેવા નથી એમ એ જા
છે. જે પોતાની દિવ્યતા દઢપણે સમજે છે, તેને મન તો ભૂખ, તૃષા
થાક કાંઇ બાધ કરતાં નથી. જેમ ઘોડાની ભૂખ વગેરે તેના સ્વારને હેરા
કરતાં નથી, તેજ પ્રમાણે મન કે શરીરનો થાક ને ભૂખ આત્માને દુઃ
કર્તા થતાં નથી. શરીર ને મન માટે અમુક બાહ્ય વસ્તુઓની આવશ્ય
કતા છે, વ્યાવહારિક કાર્ય કરવા માટે તેની જરૂર પડતી હોવાથી વેદ
ન્તીનું મન આ વસ્તુઓ માટે ઇચ્છા કરે છે; પણ આત્મસાક્ષાત્કાર
માટે તે એ વિષે બહુ દરકાર કરતો નથી. કોઇ પણ વસ્તુની ઇચ્છા તે
દુઃખ ઉત્પન્ન કરતી નથી. કોઇ પક્ષી ઝાડની ડાળી ઉપર બેસી કલો
કરે ને તેથી વૃક્ષની ડાળી આમ તેમ હાલે, તેની એ પક્ષીને જેમ દરક
હોતી નથી; કારણ કે ડાળી કદાચ તૂટી જાય તોપણ પોતાની પાંખ
વડે એકદમ ઉડી જવાશે, એમ તેના મનને ખાત્રી હોય છે. અહીં
બાહ્યદૃષ્ટિએ તો ડાળીના આધારેજ તે પક્ષી બેઠેલું છે; પરંતુ વાસ
વિક રીતે જોતાં ડાળીથી તે સ્વતંત્રજ છે. આ પ્રમાણે વેદાન્તી પ
સામાન્ય મનુષ્યોની માફક ઇચ્છાઓથી લપેટાએલો હોય, છતાં પણ સ્
તંત્રજ છે. ઇચ્છા તૃપ્ત ના થતાં અજ્ઞાનીના જેવું તેને દુઃખ થતું નથી.

એક પેન્સીલ ખોવાયાથી આપણા મનને બહુ વ્યથા થતી નથી
પરંતુ જો પાંચ હજાર રૂપીઆ ગેરવલ્લે પડે તો કાળજું છટકી જા
ય. હવે શોધ તો એ બન્ને વસ્તુઓની મનુષ્ય કરે છે; પણ બન્નેમ
તફાવત છે. પેન્સીલ સારૂ તે વ્યગ્ર ચિત્તે કામ નથી કરતો, પણ રૂપીઆ
સારૂ અવ્યવસ્થિત મનથી શોધ કરે છે. જ્યારે વેદાન્તીને મન રૂપીઆ
જાય કે પેન્સીલ જાય તે બન્ને સરખાંજ છે. એક દાખલો લઇ આ વા
સુદૃઢ કરીએ:—

એકવાર એક સાધુ મોટા શહેરમાં થઇને જતો હતો. એક સ્ત્રીએ
એને પોતાને ઘેર આવવા કહ્યું. ઘેર જઇને તે સ્ત્રીએ સાધુને દૂધ પીવ

આપ્યું. દૂધ પ્યાલામાં કાઢતાં તેના ઉપર બાઝેલી તર પણ પ્યાલામાં પડી જવાથી પેલી સ્ત્રીથી "અરેરે" એવો ઉચ્ચાર થઇ ગયો. પછી પ્યાલામાં સાકર નાખી સાધુને આપ્યો. દૂધ ઉનું હતું તેને ઠંડુ થવા માટે બાજુએ મૂકીને સાધુ વાતોએ ચડયો. દૂધ ઉનું છે, માટે મહાત્મા પીતા નથી એમ પેલી સ્ત્રીએ ધાર્યું; પણ થોડીવારે વાત પૂરી થતાં સાધુ ઉઠીને ચાલતો થતો હતો, ત્યારે પેલીએ પૂછયું:–"મહારાજ! દૂધ કેમ ન પીધું?" સાધુએ કહ્યું:–"માતા! દૂધ આપતી વખતે સાકર ને તર બને તમે તેમાં નાખ્યાં તેની સાથે 'અરે' પણ માંહી ઉમેર્યું છે, માટે તે મારે કામનું નથી." પેલી સ્ત્રી શરમીંદી પડી ગઈ ને સાધુ ચાલતો થયો.

વેદાન્ત કહે છે કે કાર્ય કરો, ઇચ્છાઓ કરો; પરંતુ તેમ કરતાં હૃદયને દુઃખીત શા માટે કરો છો? કાર્યમાં-હૃદયમાં દુઃખ ઉમેરો નહિ, પણ સ્થિર ચિત્તે કાર્ય કરો; એટલે તમારાં કાર્યો વિજયવંત થશે.

મનને સ્વસ્થ રાખવા શું કરવું જોઈએ? સામાન્ય રીતે મનુષ્ય અપવિત્ર વાતાવરણમાં રહે છે. વેદાન્ત કહે છે કે, તમારૂં વાતાવરણ તમને સહાયકારક હોવું જોઇએ. દરેક પગલે મુશીબતો દૂર થવી જોઇએ. જેમ અંધારી કોટડીમાં જતાં ને વાર કશું દેખાતું નથી, પરંતુ થોડીવાર ત્યાં રહ્યા પછી બધું નજરે પડે છે; તેમ વેદાન્ત કહે છે કે તમારી આસપાસના વાતાવરણ તરફ અવિકળ અને ભેદી નાખે એવી સ્થિર દ્રષ્ટિથી જુઓ તો બધુંજ પારદર્શક જણાશે, તેની આરપાર જોઇ શકશો, સર્વમાં દિવ્યતા જોશો. તમારી સ્થિતિ આસપાસના વાતાવરણને અનુકૂળ કરો. વેદાન્ત પ્રમાણે જો આ વાત તમે બરાબર સમજ્યા હો, તો તમારી આસપાસના પથ્થરોને પણ તમે પારદર્શક બનાવી શકશો, તે પથ્થરો તમારી દ્રષ્ટિને રોકનારા ન થતાં ઉલટા તેમને મદદગાર થશે.

એક મોટો ઘાસનો ભારો જો કોઇ પશુ ઉપર લાધ્યો હોય તો ઉચકી લઈ જતાં તેને મુશીબત પડે છે; પરંતુ તેજ ભાર જો તે પ્રાણી ખાઇ જશે તો પોતાનું શરીર ઉચકીને ચાલતાં તેને ભાર નહિ લાગે, પણ ઉલટી તેનામાં શક્તિ વધશે. માટે વેદાન્ત કહે છે કે, જગતનો ભાર ભલે વહન કરો; પણ તમારા ખભા ઉપર એટલે ગ્રીવા નિશ્ચિંતપણે તમારા વ્યવહારમાં રાખો, પણ માથા ઉપર મૂકશો તો રેડી વની જશે. અર્થાત્

એ ભારને તમારા શરીરનોજ ભાર સમજીને વહન કરશો તો એ ત
ખેદકારક નહિ થતાં તમને ઉન્નતિજ પ્રાપ્ત થશે અને માથા ઉપર એ
મગજ ઉપર ચિંતાના રૂપમાં રાખશો તો તમારો નાશ થશે.

વેદાન્તને બરાબર સમજવાથી આશ્ચર્યપૂર્વક સર્વત્ર પ્રભુનેજ એ
અન્નમાં પ્રભુ, પાણીમાં પ્રભુ, વૃક્ષમાં પ્રભુ, સર્વત્ર પ્રભુ, પ્રભુ ને પ્રભુ
દેખશો. અખિલ બ્રહ્માંડ સ્વર્ગ સમાન ભાસશે. આમ વેદાન્ત તમ
ઈચ્છાઓ છીનવી લઇને તમને દુઃખી બનાવતું નથી; પરંતુ તમને સ્થિ
અનુકૂળ થતાં શીખવે છે. ઇચ્છાઓના જુલમથી તેવો મનુષ્ય પીડા
નથી, પણ ઉલટું ઇચ્છા તેની દાસી થઇને ઉભી રહે છે. જો કોઇ ઘોડ
પૂંછડી બરાબર પકડી રાખે, તો ઘોડો કૂદશે ને તોફાન કરશે ને
પણ મારશે; લોકો એવુંજ કરે છે. ઇચ્છાઓ એ ઘોડા જેવી છે.
તેમની પૂંછડી પકડે છે તે તેની સાથે ઘસડાય છે ને ખાડામાં પડે
માટે ઇચ્છારૂપી ઘોડાની પૂંછડી પકડશો નહિ, પણ સ્વારી કરજો; તે
તે ઉલટી સહાયક થઇ પડશે. તમારી ઇચ્છાઓ ઉપર સત્તા ભોગ
આત્માનો સાક્ષાત્કાર કરો. તમારી દિવ્યતા સમજશો તોજ
આનન્દ ભોગવશો.

એક બીજી શંકા છે કે આમ મન ધ્યાનસ્થ રાખવાથી પ્રત્યાઘાત
થાય ? મગજને તે નિર્બળ નથી બનાવતું ?

'રામ' તમને પોતાના અનુભવ ઉપરથી કહે છે કે, માત્ર તમારા
આમ કરવાથી બળનીજ વૃદ્ધિ થશે. હવે કઇ વિધિ પ્રમાણે આ 'કા
કરવું તે વિષે બે બોલ કહીશું:—

પ્રાતઃ સમયે કે બીજી કોઈ વેળાએ આ ચોપાનીઆમાં જે વિ
સમજાવી છે, તે પ્રમાણે કરશો તો તે વખતે તમારૂં મન દિવ્યતા અ
ભવશે, આહ્લાદ પામશે. જ્યારે આ સ્થિતિની પૂર્ણ ટોચે પહોંચો ત્ય
'ઓમ્' નો ઉચ્ચાર કરવો બંધ કરજો. જ્યાં સુધી એ સ્થિતિ
ત્યાં સુધી તેમાં રહેજો. ધીમે ધીમે એની મેળેજ પાછું જગતનું ભા
થવા માંડશે. કોઇ વખત કદાચ અર્ધો કલાક આમ રહેશે, કોઈ વખ
કલાક રહેશે, કોઇ વાર બે કે ત્રણ ને તેથી વધારે કલાક રહેશે. દિવ
દિવસે આમ વધારે સમય રહેશો ને તમારી દૈવીશક્તિ ઉત્તરોત્તર વધતી જશે

જેઓ પ્રારંભના અભ્યાસીઓ છે, તેમણે અર્ધા કલાકથી વધારે વખત આ સ્થિતિમાં રહેવું નહિ. એક બીજું પણ કહેવાનું છે કે જ્યારે ધ્યાનસ્થ થવા બેસશો, વિચાર દૃઢ કરવા બેસશો, તે વખતે અનેક બીજા વિચારો મન સામે ખડા થશે; તે સમયે પ્રણવમંત્રનો ઉચ્ચાર કરે જજો ને જે વિચાર આવે તેનો છેડો આણજો. ઓમનો ઉચ્ચાર કરતી વખતે, જે સમયે સર્વત્ર અનાદ્યનન્તને અનુભવતા હો તે વખતે, જગતનો કોઇ વિચાર આવે તો તે વિચારનો એવી રીતે અંત લાવવો કે ભવિષ્યમાં તે તમારા આચારમાં ઉતરી ગયો હોય. આ ખાસ ધ્યાનમાં રાખજો કે આવા વિચારો તે સમયે ખડા થશેજ અને તમારી વૃત્તિ બદલવા પ્રયત્ન કરશે; તે વખતે 'રામના' શબ્દો લાભકારક માલુમ પડશે.

ધારો કે પ્રણવમંત્રોચ્ચાર કરવો શરૂ કર્યો કે તરત પ્રેમ કે તિરસ્કારની વૃત્તિ ઉત્પન્ન થઈ, તો તે વખતે શું કરવું? એ વિચારને પકડી એવે પ્રકારે નિરાકરણ કરો કે તે તમારા મનમાંથી જડમૂળથી ઉખડી જાય. કેવી રીતે આમ કરશો? માત્ર જ્ઞાનથીજ તેને ઉખેડી શકાશે. તિરસ્કારની વૃત્તિ ઉદ્ભવે કે તરત તેનું કારણ શોધો; તો હમ્મેશા જણાશે કે અજ્ઞાન, નિર્બળતા, અહંભાવને લીધેજ એ વૃત્તિ ઉત્પન્ન થઈ હતી. ધ્યાનસ્થ થતી વખતે અજ્ઞાનતાને લઈનેજ આવી વૃત્તિઓ ઉત્પન્ન થાય છે 'રામ' કહે છે કે એવે સમયે એ વૃત્તિઓનું પૃથક્કરણ કરો ને તેને જ્ઞાનથી ઉખેડી નાખી 'ઓમ્' નો ઉચ્ચાર કરે જાઓ. પ્રણવમંત્રોચ્ચાર કરતે કરતે, દૃઢ શ્રદ્ધા રાખી, સ્વસ્થ મનથી, ભવિષ્યમા એવી વૃત્તિઓ ન ઉદ્ભવે એવો નિશ્ચય કરો આમ કર્યાથી મનનુ વલણ ચોક્કસ થઈ જશે, તમારી નીતિનુ ધોરણ ઉચ્ચ થશે ને જગતના કાર્યોમા તમને સહાય મળશે.

ધારો કે આવી વૃત્તિ દૂ૦ કરતા અર્ધો કલાક લાગ્યો ને ધ્યાનસ્થ થવાયું નહિ. તો કાંઈ ચિંતા નહિ એક દિવસ એમ થશે; પરંતુ બીજે દિવસે જય મળશેજ. એક દિવસે એકેકી દુષ્ટ વૃત્તિને દબાવી દેતા જશો તો, તમારા મનનું વલણ હમ્મેશને માટે દૃઢ થશે ને જીવનમા પ્રલોભનો પર વિજય પ્રાપ્ત કરતાં શીખાશે દુષ્ટ વૃત્તિઓ છતી તો ભવિષ્ય થાતું ઉજ્જ્વલ બનશે દિવસે દિવસે દિવ્યતા પ્રાપ્ત થશે. ધ્યાનસ્થ થવાય યા ના થવાય તેની ચિંતા નહિ, પણ નીતિ તો અવશ્ય ઉચ્ચ થશે.

કેટલાક કહે છે કે કોઈ એવી રીત દેખાડો કે જેથી સહેજે ધ્યાનસ્થ થઈ જવાય, ભાષણો અમારે સાંભળવાં નથી કે પુસ્તકો પણ વાંચવાં નથી. જેઓ આમ કહે છે તે મોટી ભૂલ કરે છે. તમારા માર્ગમાં કંટકરૂપ શું છે? માત્ર અજ્ઞાન; અને આ અજ્ઞાન એટલે શું? શંકા, વ્યાવહારિક વિચારો દુષ્ટ વૃત્તિઓ વગેરે. જેને પોતાની દિવ્યતામાં, ઈશ્વર સાથેની અભેદતામાં શંકા નથી, તે તો હરદમ ધ્યાનસ્થજ છે. માત્ર શંકાઓજ મનને અસ્વસ્થ રાખે છે. જે મનુષ્ય પુસ્તકો વાંચી આ પ્રકારની નિર્બળતાનું શોધન કરે છે તે ધીમે ધીમે શંકાઓ દૂર કરી શકે છે. સાધારણ મનુષ્ય પણ ખાસ ધ્યાનસ્થ સ્થિતિમાં આવવા પ્રયત્ન કરે ત્યારે આવી શકે છે, પરંતુ અભેદતામાં પૂર્ણ વિશ્વાસવાળો મનુષ્ય તો હાલતાં ચાલતાં કે ગમે તે સ્થિતિમાં ધ્યાનસ્થજ હોય છે. આવી સ્થિતિ જેની છે તેજ વધારે બળવાન છે.

પ્રશ્ન:—મનુષ્યનો આત્મા કર્મો અને તેનાં ફળોનો કર્તા ને ભોક્તા નથી? મનુષ્યના કૃત્યને અને આત્માને શું લેવા દેવાજ નથી?

ઉત્તર:—ના, સત્ય સ્વરૂપ આત્મા વેદાન્ત પ્રમાણે કર્તાએ નથી, તેમ ભોક્તાએ નથી. જો આત્મા કર્તા કે ભોક્તા હોય તો તે નિર્લેપ રહી ન શકે. જેને તમે કર્તા માનો છો તે તો અસત્ય અહંભાવ છે, આત્મા નહિ. આ અહંભાવને પણ આત્મામાંથીજ સત્તા-સ્ફુર્તિ મળે છે.

પ્રશ્ન કઠિન છે, ને પૂર્ણ રીતે તથા સવિસ્તર તેમાં ઉંડા ઉતરીએ તો કલાકોના કલાકો જોઈએ, માટે માત્ર એકજ ઉદાહરણ આપીશું.

ધારો કે ભ્રમણાથી એક ખુણામાં તમે સર્પ દીઠો, પણ જ્યારે એની પાસે જઈને અડકીને જોશો તો સર્પ નહિ જણાતાં માત્ર દોરડાનો કકડો જ જણાશે. દોરડાના કકડાને ભ્રમણાથી તમે સર્પ તરીકે ગણ્યો, પણ વાસ્તવિક રીતે તો તે દોરડુંજ હતું. બુદ્ધિવડે વિચાર કરવા છતાં પણ તમે આત્માનેજ કર્તા માનો છો, તેનું કારણ તમારૂં વિચાર કરવાનું સાધન બુદ્ધિ પણ અસ્થિર અને ભ્રમિત હોય છે માટેજ તમેજ આવો અધ્યારોપ કરો છો, પણ જે સ્થિતપ્રજ્ઞ છે, જે નિશ્ચળબુદ્ધિવાળો છે, તે તો આત્માને કદિ પણ કર્તા કે ભોક્તા માનતો નથી.

આપણે આગળ સાક્ષાત્કાર કરવાની વિધિ વિષે કહ્યું છે. હવે એ સાધનામાં જે ઘણીજ વિચિત્ર મુશ્કેલીઓ આવે છે તે વિષે કહીશું. અંત

રની ને બાહ્યની ટીકા એ પણ મોટી મુશ્કેલીઓ છે

બાહ્યટીકા એટલે શું? કેટલાક લોકોને ટીકા કરવી ઘણીજ પ્રિય હોય છે જ્યા સુધી મનુષ્ય દોષદૃષ્ટિ રાખે છે ત્યા સુધી તે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકતો નથી. એક બાળક સ્વાભાવિક રીતે જન્મથી ચોરી શું છે એ સમજતું પણ નથી તેની સમક્ષ કોઇ ચોર આવી કોઈ વસ્તુ ઉપાડી જાય તો તે સુખેથી તેમ કરી શકશે; કેમકે બાળકને ચોરીનું ભાનજ નથી આવી રીતે બાહ્યજગતમા ચોરની ભાવના જોઈએ છીએ કે તરતજ આપણા અંતરમા પણ એજ ભાવના જાગૃત થાય છે વાસ્તવિક રીતે બીજામા દોષો જોવાનો પ્રયત્ન કરતા આપણેજ દોષવાળા થઈએ છીએ. બંદુક છોડીએ છીએ કે બીજો ઘાયલ થાય છે ખરો પણ તેનો ધક્કો પાછો આપણને પણ વાગે છે પ્રત્યાઘાત થાય છે ને આપણે પણ થોડા પાછા હઠીએ [illegible] તેમ બીજામા દોષ જોતા તેના દોષો આપણે વ્હોરી લઈએ છીએ, માટે આ દોષ દૃષ્ટિની પાર જવું જોઈએ

દુષ્ટ કલ્પનાઓ કરવાની સાથે [illegible] પણ પોતે [illegible] તેના [illegible] છીએ [illegible] પોતાના [illegible] આવી દોષ [illegible]

[illegible]

પાપને ધિક્કારવાની સાથે પાપી ઉપર પ્રેમ કરવો એ વાત મુશ્કેલ નથી. તમે કહેશો કે પાપ તે પાપજ છે, પણ જરા વિચાર કરો. કોઈ પણ કૃત્ય પોતાની મેળે પાપમય છેજ નહિ. જેમ શૂન્ય એકલું હોય તો તેની કિંમત નથી; તેમજ કૃત્ય એકલું પાપ કે અપાપ છેજ નહિ. શૂન્યને કયાંકના ચિન્હની જમણી બાજુએ મૂકો તો તેની કિંમત ઓછી થશે ને ડાબી બાજુએ મૂકો તો કિંમત વધી જશે.

પાપના સ્વરૂપને ન સમજવાથીજ પાપને ધિક્કારવા સાથે પાપી ઉપર પ્રેમ કરવાનું મુશ્કેલ લાગે છે. મનુષ્ય અજ્ઞાનતાથી કૃત્યને મોટું ને નાનું સ્વરૂપ આપે છે. ખૂબ યાદ રાખો કે ધર્મ ને સદ્ગુણ એ જેમ અંતઃકરણ માટે છે, તેમ પાપ પણ હૃદયને માટેજ છે. પાપ ને પુણ્યનો મનની સ્થિતિ સાથે સંબંધ છે, માટે મનનેજ ઉન્નત કરવાનું છે.

બાલ્યાવસ્થામાં બાળક માતાના સ્તનનું પાન કરે છે, પરંતુ પુખ્ત વયે એ પ્રમાણે કરવું મનુષ્યને માટે યોગ્ય કહેવાશે? કદાપિ નહિ. બાળકને માટે એ યોગ્ય છે, પરંતુ મોટી વયે તે અયોગ્ય છે અને તેથી પાપ કહેવાય છે. આ પ્રમાણે અમુક દૃષ્ટિબિન્દુથી અમુક કૃત્ય પાપ છે, પણ તેજ કૃત્ય બીજાને માટે બીજા દૃષ્ટિબિન્દુથી પાપ નથી. દુનિયામાં દરેક જણને માટે આમજ છે એ ખૂબ યાદ રાખવું; માટે કૃત્યોને ભલે ધિક્કારો પણ કૃત્યના કરનારાઓને ધિક્કારવાનો આપણને અધિકાર નથી. શેખ સાદી કરીને ઇરાનનો એક વિદ્વાન ને નામાંકિત પુરુષ હતો. તેની કૃતિઓ-પુસ્તકો ઇમર્સને ઇંગ્રેજી ભાષામાં ઉતારી છે. તે લખે છે કે, “જ્યારે હું નાનો હતો ત્યારે મને મુસલમાનોના પવિત્ર ધામમાં જતો હતો. ત્યાં એવો નિયમ હતો કે મધ્ય રાત્રિએ બધાએ ઊઠીને પ્રભુપ્રાર્થના કરવી. એક રાત્રિએ સાદી ને તેના પિતા ઊઠ્યા ને તેમણે પ્રાર્થના કરી. પણ બીજા કોઈ ઊઠ્યા નહિ. આથી સાદીએ પોતાના પિતાને કહ્યું કે:—જુઓ આ કેવા આળસુ લોકો છે કે કોઈ ઊઠતા નથી ને પ્રાર્થના કરતા નથી!” પિતાએ જવાબ આપ્યો કહ્યું —“અરે સાદી! વહાલા પુત્ર! તું પણ ન ઊઠ્યો હોત તો સારૂં હતું, કારણ કે વહેલા ઊઠીને આમ બીજાની નિંદા કરવી એ અયોગ્ય છે” ભલે પ્રાર્થના ન કરો પણ બીજાની નિંદા કે દોષ તો જોશો નહિ.”

કોઈ પુરુષ સારૂં કૃત્ય કરે અને ફુલાઈ જઈને પોતાના ગુણગાન
કે તથા બીજાઓની નિંદા કરે તો તેથી શું તે બીજાના કરતા ગુણમાં
કે નીતિમાં ચઢીઆતો કહેવાશે? કદિ નહિ. એવો માણસ માત્ર એક
દુર્ગુણને બદલે બીજો દુર્ગુણ ગ્રહણ કરે છે, આથી કરીને ખરો ગાશ
ઉદ્ધાર કરવાનો છે તે પ્રાપ્ત કરી શકાતો નથી જગત જો ટીકા કરતી
રહીને પાપ ન ગણતું હોય તો તેમાં જગતનોજ વાંક છે અનુભવ કહે
છે કે જેનાં કૃત્યો જગતને પાપમય લાગે છે, પણ જેનો આત્મા દયાથી
ભીંજાએલ હોય છે, જે ઈશ્વરસન્મુખ રહે છે, જે નમ્ર છે અને જેનું હૃદય
પ્રેમમય છે, તે બીજાઓ કરતા સ્વર્ગનું સુખ વધારે ભોગવે છે

બાઈબલમાં ફારીસીઓને ઘણા પવિત્ર ગણેલા છે. તેમનાં કૃત્યો પવિત્ર
ગણાવ્યાં છે, પરન્તુ તે ક્રીશ્ચીઅનોના જેવા નમ્ર ને દયાળુ નહોતા. તેઓ ગીરા-
ચોર-દોષદૃષ્ટિથી ઓળખાતા હતા અને તેથી તેઓ ક્રાઈસ્ટથી મેરી મેગ-
ડેલન કરતાં વધારે દૂર હતા. મેરી મેગ્ડેલન દોષદૃષ્ટિવાળી નહોતી, પણ
તેનું હૃદય પ્રેમયુક્ત હતું, અને તેથી સત્યને તે જાણતી હતી અને
ઈશ્વરસન્મુખ વધારે હતી. લીહન્ટ નામના એક અંગ્રેજ કવિએ એક કાવ્ય
લખ્યું છે તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે –

એક શેખ હતો, તેણે સ્વપ્નમાં એક દેવને પુસ્તકમાં લોકોનાં નામ
લખતા જોયો. શેખે તેને પૂછ્યું.–" તમે શું કરો છો?" દેવતાએ
કહ્યું –" જે લોકો ઈશ્વરનું ભજન કરે છે, ઈશ્વરને પ્રિય છે, ને તેની
સન્મુખ રહે છે, તેમનાં નામો લખું છું " શેખે નિરાશ થઈને કહ્યું કે –
" બીજા ભક્તોની પેઠે હું પણ ઈશ્વરભક્ત બનું એવી ઇચ્છા છે, પરન્તુ
મેં કદિ ભક્તિ કરી નથી ને કોઈ દિવસ ઉપવાસ પણ કર્યો નથી, તો
મારૂં નામ તો દાખલ નહિજ થાય! હું સ્વર્ગમાં નહિ જઈ શકું!"
દેવતાએ કહ્યું –" તેનો ઉપાય નથી. " આ ઉપરથી શેખે બીજો પ્રશ્ન
પૂછ્યો કે –" જે પુરુષો ઈશ્વરને નહિ ચ્હાતાં પોતાના માનવબંધુઓને
ચ્હાય છે, તેમની એક યાદી બનાવશો? જો એમ કરો તો મારૂં નામ
તેમાં દાખલ કરજો " દેવતા એટલામાં અદૃશ્ય થઈ ગયો ને શેખને
બીજું સ્વપ્ન આવ્યું, તે વખતે તે દેવતાના હાથમાં એક પુસ્તક હતું.
દેવતા એ પુસ્તકના પાનાં ફેરવતો હતો, તે વખતે શેખે તેને પૂછ્યું કે –

"શું કરો છો ?" દેવતાએ કહ્યું:—"ફરીથી પુસ્તક તપાસી જાઉં છું ને ઈશ્વરભક્તોનાં નામ તેમની પંક્તિ પ્રમાણે ગોઠવું છું." શેખે કહ્યું:—"મને એ પુસ્તક જરા જોવા દેશો ?" દેવતાએ પુસ્તક જોવા આપ્યું તો શેખ વિસ્મય પામ્યો; કારણ કે એમાં પોતાનું નામ સર્વની પહેલાં લખેલું હતું.

જો તમે મનુષ્ય જાતિને ભજશો, એટલે કે મનુષ્ય તરીકે નહિ ગણતાં ઈશ્વરતુલ્ય ગણશો—હરેક વસ્તુમાં ઈશ્વરને જોશો—તો તમે વાસ્તવિક રીતે ઈશ્વરનેજ ભજો છો. ટીકા કરવી—નિંદા કરવી એ ઈશ્વરથી વિમુખ રહેવા જેવું છે. મનુષ્ય પોતાના દુર્ગુણો જાણવા છતાં પોતાને ધિક્કારતો નથી; પણ બીજામાં એજ દુર્ગુણ જોઇને તિરસ્કાર કરે છે ? તિરસ્કારથી દૂર રહો, દુર્ગુણથી દૂર રહો એટલે ઈશ્વરને તરત ઓળખશો.

એક રાજ્યનો નોકર પોતાનું કામકાજ છોડી રાજાની પાસેજ પોતાનો સઘળો સમય વ્યતીત કરે, તો તેને નોકરી વ્હેલી છોડવી પડે. તેણે રાજાને ભજતાં પણ પોતાની ફરજો તો અદા કરવીજ જોઇએ. તે મુજબ દેવદર્શને જવું, ત્યાં માળા ફેરવવી ને પ્રભુની ચરણપૂજા માત્ર કરવી એટલાથી નભે નહિ. મનુષ્યે પોતાના જાતિબંધુઓ તરફ પણ પોતાની ફરજો અદા કરવાની છે. પ્રભુને ઉત્તમ પ્રકારે ભજવાનો રસ્તો તો પોતાના મિત્ર વગેરેમાં પ્રભુને જોવો, તેના દોષો પ્રતિ લક્ષ ન કરતાં, તેની નિંદા ન કરતાં, તેમાં ઈશ્વરદર્શન કરવું એજ છે; અને તેમ કરતાં કરતાંજ આપણે આત્મસાક્ષાત્કાર કરી શકીશું.

આપણે આપણા શત્રુમાં શા માટે ઈશ્વરદર્શન કરી શકતા નથી ? કારણ એ છે કે આપણે તેનામાં દોષ જોઇએ છીએ. આ દોષદ્રષ્ટિ દૂર કરવી જોઇએ અને સર્વત્ર પ્રભુનેજ જોતાં શીખવું જોઇએ. ઘણી વખત નીરો જેવા લોકો પણ આપણે જોઇએ છીએ તેઓ નાની વયમાં ધર્મિષ્ટ ને નીતિવાન હોય છે, પરંતુ અંતે દુષ્ટ નીવડે છે. ઇંગ્લાંડનો પાંચમો હેન્રી રાજા નાનપણમાં અને જુવાનીમાં દુષ્ટ હતો, પરંતુ મોટી વયે ઘણો સારો નીવડયો હતો; માટે અમુક માણસ હમ્મેશાં આવોજ રહેશે, એમ નિશ્ચય કરી બેસવું નહિ. સર વૉલ્ટર સ્કૉટ નાનપણમાં જડ જેવો હતો, પરંતુ મોટી વયે તે એક મહાન પુરુષ થયો. સર આઇઝેક ન્યૂટને નિશાળમ

પ્રસાર્ગને આવવાથી ઘણી વાર સજા ખાંપેલી, પરંતુ પાછળથી કેવો ઝળક્યો તે બધાઓ જાણે છે. મેરી મેગ્ડેલન જુવાનીમાં ઘણી દુષ્ટ હતી, પણ જ્યારે ક્રાઈસ્ટના સમાગમમાં આવી ત્યારે પવિત્ર થઈ ગઈ. આજ જે એક સામાન્ય પાપી ને દુષ્ટ જણાતો હોય તે મનુષ્ય, આવતી કાલે એક પવિત્રાત્મા પણ બની જાય; માટે યાદ રાખો કે મનુષ્ય કોઈ ખોટું ત્યે કરતો હોય તો તેનો તિરસ્કાર કરવાનો તમને અધિકાર નથી. તેનામાં દેવત્વ જુઓ, તેના દોષ તરફ અલક્ષ કરો. કોઈ તમારા વિષે દુષ્ટ વિચાર કરે, તમારા દોષો કાઢે તો શું તે માટે વેર લેવું ? ના, કદાપિ વેર કરશો નહિ.

સૉક્રેટીસ કેદમાં હતો તે સમયે તેના અનુયાયીઓ તેને જેલરને લાંચ આપી 'નાસી છૂટવાનું' કહેતા હતા. સૉક્રેટીસે તેમને કહ્યું કે:—" લાંચ આપવી એ કાયદાસર છે ? રાજ્યનો કાયદો તોડવો વ્યાજબી છે ? " ત્યાં તો અનુયાયીઓએ ના કહી. ત્યારે સૉક્રેટીસે કહ્યું કે:—" જો એ વ્યાજબી નથી તો પછી મને શા માટે નાસી છૂટવાનું કહો છો ? " અનુયાયીઓએ કહ્યું.—" રાજ્યે ખોટી શિક્ષા કરી છે, કાયદો ખોટી રીતે અમલમાં મૂક્યો છે, માટે નાસવામાં કાંઈ પાપ કે ગુન્હો નથી. " સૉક્રેટીસે કહ્યું.— " અહા ! તમે કાયદો તોડવાનું કહો છો ? વેર લેવાનું કહો છો ? હું જો કાયદો તોડું તો તેથી જે ભૂલ રાજ્યે કરી છે તે સુધારી શકાશે નહિ. બે કાળી વસ્તુઓ એકઠી કર્યાથી એક ધોળી વસ્તુ ઉત્પન્ન થતી નથી " જેમ બીજાઓ નિંદા કરતા હોય તેમ આપણે પણ કરીએ, તો મૂળ જે અસત્ય છે તેમાં આપણે પણ ઉમેરોજ કરીએ છીએ, તેથી વસ્તુસ્થિતિ સુધરતી નથી.

બીજાના નિંદા, ટીકા ને દુષ્ટ વિચારો આપણને ક્યારે હાનિકારક નીવડે છે ? માત્ર જ્યારે આપણે આઘાતના પ્રત્યાઘાત કરીએ ત્યારેજ જો તેના ઉપર લક્ષ ન આપીએ, સાત્વિક વૃત્તિથી એ તરફ જોઈએ, તો તે બીલકુલ હાનિકર્તા નથી જેમ કોઈએ આપણને પત્ર લખ્યો હોય છે તે વાચીએ તો તેમાં લખેલા સારામાઠા સમાચાર પ્રમાણે તે આપણને અસર કરશે, પરંતુ કાગળ ઉઘાડીએજ નહિ, વાચીએજ નહિ, કાગળ ગ્રહણજ ન કરીએ, મોકલનારને પાછોજ મોકલી દઈએ તો શી અસર થવાની હતી ? તે પ્રમાણે દુષ્ટ વિચાર તરફ અલક્ષ રાખીએ તો તેવા

વિચારો તેના પેદા કરનાર તરફજ પાછા વળે છે. હવે અલક્ષ શી રીતે રહેવાય ? આપણે આપણી દિવ્યતાનું ભાન રાખીએ, આત્મકેન્દ્રથી ચલિત થઈએ નહિ, સાત્વિક વૃત્તિ રાખીએ, સત્યનો સાક્ષાત્કાર કરીએ, તો કાંઈજ હાનિ થાય એમ નથી.

એક કાવ્ય લખાએલું છે, તેનો ભાવાર્થ નીચે મુજબ છે. આ કાવ્ય જે સમયે મન, મન રૂપે નહોતું તે વખતે લખાએલું છે. તેનો ભાવાર્થ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો છે, માયાને દૂર કરી નિંદા વગેરેથી દૂર રહેવાનો છેઃ–

"અહા ! વ્હાલા ! તું એટલો તો પાસે રહે કે જરાએ છેટું રહે નહિ" અહીં 'વ્હાલા' પ્રભુને સંબોધીને કહે છે કે એ જે પ્રભુ માથામાં વાળને ઉગવાની શકિત આપે છે, નસોમાં રકત વ્હેવડાવે છે ને વાચામાં શકિત દે છે. વાચામાં , દ્રષ્ટિમાં, શ્રવણમાં, મિત્રમાં, શત્રુમાં, ભાઈમાં, સર્વમાં એજ પ્રભુ રમણ કરી રહ્યો છે. જાણીને આનંદ પામો કે જાણ્યે અજાણ્યે પણ તમે જે જે ઇચ્છાઓ કરો છો તે સર્વનું અંતિમ કારણ પ્રભુજ છે. સર્વ ઇચ્છાઓનો હેતુ પ્રભુપ્રેમ મેળવવાનોજ છે, સુખ એજ ઇશ્વર છે."

દિવ્યતાનો–ઇશ્વરનો–સાક્ષાત્કાર એટલે સુધી થવો જોઇએ કે "મારૂં-તારૂં" નષ્ટ થાય, સર્વ માયિક બન્ધનો તૂટી જાય. જીસસ ક્રાઈસ્ટનું વચન સત્ય છે કેઃ–" તમારૂં સર્વ વહેંચી દો, ગરીબોને આપી દો, ને મારી પાછળ પાછળ ચાલ્યા આવો." પરંતુ લોકો આમ કરતાં ડરે છે.

ઓ આધુનિક સુધારાવાળાઓ ! જીસસ ક્રાઈસ્ટનાં એ વચનામૃતો ને કૃત્યોમાં જે સત્ય રહેલું છે, તેનો વિચાર કરો. વેદાન્ત ડંકો વગાડીને કહે છે કે રામ અને રાવણ બેને કદિ પણ સાથે ભજી શકાય નહિ. જ્યારે જગતના વિચારો, જગતનાં બન્ધનો, ધન–દોલત, ઇચ્છાઓ સર્વ પ્રભુમાં લીન થઇ જાય છે; ત્યારેજ ખરો સાક્ષાત્કાર થાય છે.

"પ્રભુ ! મારે કોઇ સગુંસંબંધી નથી માત્ર તુંજ મારો સર્વ છે."

त्वमेव माता च पिता त्वमेव । त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव । त्वमेव सर्वं मम देवदेव

દ્રઢતાપૂર્વક અનુભવો કે પ્રભુમાંજ તમે રમણ કરી રહ્યા છો. તમારૂં નિવાસ સ્થાન પણ પ્રભુજ છે, અને પ્રભુ પણ તમે પોતેજ છો.

२९—कोइ खास संघनी जरूर छे?*

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શ્વાસ લેતી વખતે, આટલો વિચાર કરજો કે સર્વ બ્રહ્માંડની હવા તમે શ્વાસમાં લ્યો છો. ગમે તે સ્થળેથી સત્ય મહણ કરો. ઇમર્સન, વ્હીટમેન અને બીજા ગમે તેની પાસેથી સત્ય જાણી લ્યો. ઉપનિષદ્, ગીતા, બાઈબલ, કુરાન કે બીજાં ગમે તે પુસ્તકોમાંથી સત્ય ગ્રહણ કરો, ને તે બધા ધર્મગ્રંથો તમારાજ છે એમ માનો.

પુસ્તક વાંચવા લ્યો ત્યારે તેનો કર્તા કોણ છે તેનો વિચાર ન કરશો. ઉપનિષદોના કર્તાનીજ ખબર નથી; પુસ્તકો તેજ પ્રમાણે લખવાં જોઈએ. ઉપનિષદ્‌ના કર્તાઓએ જગતને જે સત્ય જણાવ્યું છે તેને માટે માન લેતા નથી. હિંદુસ્તાનનાં પડ્દર્શનોનાં મહાન પુસ્તકોમાં કોઈ પણ સ્થળે તેમના કર્તાનાં નામ નથી. પુસ્તક રચનાર નિષ્પક્ષપાતથી પુસ્તક રચે છે. "સર્વ હક્ક સ્વાધીન" નો જુસ્સો તેમનામાં નથી, ને તેથી કરીનેજ "હુંજ સત્ય છું" એમ તેઓ જાણી શક્યા છે. જેવી મઝાહ "હું પોતે સત્ય છું" એ માનવામાં છે, તેવી મઝાહ "મેં સો પુસ્તકો લખ્યાં, હું લાખો રૂપિયાનો માલિક છું" એમ ધારવામાં ક્યાં છે? સત્ય સુખ "હું સર્વ છું, પરમસત્ય છું, અવિનાશી છું" એમ ધારવામાંજ રહેલું છે.

માટે પ્રત્યેક શ્વાસોશ્વાસ લેતાં દૃઢતાથી માનો કે જગતની સર્વ વસ્તુઓ તમારી છે. જગતની સઘળી હવા તમારી પોતાની છે, સર્વ સુંદરતા તમારી છે. જગતના સર્વ ધર્મો, સિદ્ધાન્તો, કૃષ્ણ, મહંમદ, રામ, જીસસ, સર્વે તમારાજ છે એમ માનો.

હવે નિરાશા કેમ દૂર કરવી તે માટે બે બોલ કહીશું. ઉપાય બહુ સહેલો છે અને તેટલા માટેજ લોકો તેની દરકાર કરતા નથી. અનુભવથી જણાયું છે કે મહાન્ પુરૂષો પણ જે રીતિ 'રામ' હમણાં જણાવશે તેમાં ગોથાં ખાય છે. તમે જ્યારે તે અજમાવી જોશો ત્યારે તેની અસરથી વિસ્મય પામશો. ઘરમાં બેઠા હો તે સમયે નિરાશા ઉત્પન્ન થાય, શોક જણાય, દુષ્ટ વિચાર આવે, ઈર્ષ્યા થાય કે એવો કોઈ બીજો હલકો વિચાર આવે, ત્યારે નક્કી માનજો કે તન્દુરસ્ત શરીર હોય તો આવા વિચાર આવવા ન જોઈએ, માટે સમજવું કે તમારા પેટમાં કાંઈક વિકાર છે.

કોઈ મનુષ્ય 'રામ'ની પાસે આવીને અઘટિત શબ્દો ઉચ્ચારે છે અથવા

। ક્રોધાયમાન થઈને બોલે છે, તો તે તેમનો દોષ નથી કાઢતો તેમજ ક્રોધાયમાન થઈ પ્રત્યુત્તર નથી આપતો. કોઈ કરડાકીમાં બોલે કે ઇર્ષ્યા રે ત્યારે તમારે તેની સાથે તેજ પ્રકારે વર્તવું નહિ, પરંતુ તેના ઉપર યા લાવી તેની પાચનક્રિયાની અવ્યવસ્થા દૂર કરવા માટે કાષ્ઠ ઔષધ આપવું, ને તમે પોતેજ જ્યારે એવી અવ્યવસ્થાથી હેરાન થતા હો તો શું કરવું ? બાહ્ય ઔષધોપચાર બીલકુલ કરવા નહિ, બાહ્યોપચારની અગત્ય જરા નહિ રહે. એવે સમયે તમારે એકદમ આસન તજી દેવું, પુસ્તક હાથમાં હોય તો મૂકી દેવું, બેઠા હો તો ઉભા થઈ જવું, ખુલ્લી હવામાં બહાર નીકળી પડવું ને ઝડપથી ચાલવું, એથી સ્વાભાવિક રીતેજ દીર્ઘ પ્રાણોચ્છ્વાસ લેવાશે ને તેથી દાહક સત્ત્વ થશે. શીતળ વાયુ મુખ ઉપર અવર્ણનીય ચમત્કારિક અસર થશે ઘણા મનુષ્યોને આ અનુભવ નથી થયો તેજ આશ્ચર્ય છે

પ્રાણાયામ ઉપર લોકો અનેક ભાષણો આપે છે, પરંતુ 'રામ'ની પ્રાણાયામ કરવાની રીતિ સ્વાભાવિકજ છે દુનિયાદારીનાં કે બીજે કોઈ પણ સ્થળે ચાલતા આ રીતિ પ્રમાણે અમલ કરવાથી પ્રાણ સમતોલ રહેશે બીજી રીતિ એ છે કે, ધારો કે તમે બહાર નીકળી પડ્યા પછી ઝડપથી નથી ચાલતા પણ ધીમે ધીમે ચાલો છો, કારણ કે ઝડપથી ચાલવું તમને ઉન્મત્તી ભરેલું લાગતું હશે અને તમારા પોતાના ભલા કરતાં લોકો તમારે માટે શું કહેશે તે વિચારને તમે વધુ વજન આપતા હશો, પણ એથી શ્વાસ ઉંડા નહિ લઈ શકાય, માટે 'રામ' કહે છે કે એમ ન કરો તો એક ખુણામાં લોક જ્યાં તમને દેખે નહિ ત્યાં જઈ ઉભા રહો, પછી મો પહોળું કરી ખૂબ હવા પીઓ. મોઢેથી ખુલ્લી ચોખ્ખી હવા લઈ નાક વાટે ધીમે ધીમે કાઢો આ પ્રમાણે બરાબર કરો ને પછી જુઓ કે શું અસર થાય છે ?

તમને સ્વાભાવિક પ્રાણાયામ દેખાડવામાં આવ્યો છે ઉંડા શ્વાસ લીધાથી પેટનો નીચેનો ભાગ હવાથી ભરાઈ જશે, ને બધી રગોમાં ફરી વળશે આને લીધેથી નિરાશા દૂર થઈ ઉત્સાહ આવશે શ્વાસ લેતી વખતે એવો વિચાર રાખો કે અખિલ બ્રહ્માંડની હવા તમે અંદર લ્યો છો જગતમાની સર્વ સુંદરતા ને પ્રેમ મારો છે, એમ ધારો આવા વિચાર સાથે

શ્વાસ લેવો જારી રાખો. આ રીતિ એવી તો સહેલી ને સ્વાભાવિક છે
તેની અસર ચમત્કારિક થાય છે.

લોકો એકલા ફરવા જવા કરતાં કોઇની સાથે ફરવા જવાનું વધ
પસંદ કરે છે. ને કોઇ કવિએ પણ કહ્યું છે કેઃ—

"રાખો મિત્ર કરવાને વાત, ચાલતાં રાખો કોઈ સંઘાત."

પરંતુ 'રામ' કહે છે કે તમારૂં મનનું વલણ વિચારગ્રસ્ત ન હો
મન ઉન્નત વિચારો તરફ વળી ન શકતું હોય, ધાર્મિક વલણવાળું
હોય તો કદાચિત્ કોઇ સાથે હોય તો ઠીક છે. અથવા ધારો કે ત
મનના નબળા છો તો કોઈ તમારા કરતાં ઉચ્ચ જ્ઞાનવાળાની સાથે ફર
જશો તેથી તમને ફાયદો થશે; પરંતુ જે લોકો તમને ઉન્નત ન કરી શ
તેવા સાથે કદિ પણ ફરશો નહિ. જો તમે વિચારક હો, ને એકલા ફર
જતા હો તો તે સમયે કોઈ આસપાસ ન હોય ત્યારે ॐ નો ઉચ્ચ
કરતા કરતા ચાલજો. તરતજ જણાશે કે આસપાસનું વાતાવરણ તમારા
ચમત્કારી વિચારો મૂકશે. લોકો આ રીતિનો લાભ લેતા નથી. આ વા
બહુજ સાધારણ લાગે છે પણ અનુભવ કરશો તો જણાશે કે તેની કે
સરસ અસર થાય છે

સમુદ્રમાંના હરેક બિન્દુની સત્તા મહાન્ મોજાંના જેટલીજ છે. તે
ઉછળતા હરેક પરપોટાનું મૂળ તત્ત્વ તો મહાન્ સમુદ્રજ છે. તે મુજ
દૃઢ રીતે માનો ને અનુભવો કે આ શરીર, આ વિશ્વરૂપી સમુદ્રમાં એ
બિન્દુરૂપજ છે; અને જે સત્તા સૂર્ય, ચંદ્ર ને ગ્રહોને ધારણ કરી રહી છે, તે
સત્તા તેને પણ ધારણ કરે છે. તમારા શરીરનો હરેક ભાગ, હરેક વાળ, રક્ત
હરેક બિન્દુ તમે પોતેજ છો. તમેજ અનંત, અવિનાશી છો. કાળ અ
આકાશને ધારણ કરનાર તમેજ છો; તો પછી આ જડ શરીર મૃત્યુ પા
તે સાથે તમારે કાંઇ લેવા દેવા નથી. એકાન્ત સ્થળે આ વિચાર ઉપ
મનન કરો. ચાલતાં ચાલતાં, ખુલ્લી હવામાં ફરતાં, ઉભા રહે, બેઠા રે
કે ગમે તે સ્થિતિમાં હો, તે સમયે દૃઢ વિચાર કરો. કદાપિ પ્રણવને
જપ ન કરો તોપણ આ વિચાર ઉપર મનન કરતા રહેશો તો તે ॐ
મંત્રનો ઉચ્ચાર કર્યા બરોબરજ છે.

મોટેથી ॐ બોલવા ઉપરજ કાંઇ બધો આધાર નથી, પરંતુ મનની

અંદર દઢપણે માનવું જોઇએ કે હું પોતેજ અનન્ત, અવિનાશી છું. સર્વ જગત મારામાંજ સમાએલું છે. શત્રુ કે મિત્ર બધાની ઇચ્છાઓ એ મારીજ ઇચ્છાઓ છે. સર્વ ભેદ છોડી દો. તમે જેને વ્હાલા હો તેને બીજો વ્હાય છે એમ જાણતાં ઇર્ષ્યા થાય, તો એ પ્રકારની ઇર્ષ્યાને ઉત્તેજન ન આપશો. તમે બન્ને જેને વ્હાઓ છો તે પણ તમેજ છો. તેનો આનન્દ તમારોજ છે. સત્યનો સાક્ષાત્કાર કરો, ને તેમ કરવા માટે તમે પોતેજ સત્ય છો એમ માનો. જન્મ ને મરણ તો શ્વાસોચ્છ્વાસની ક્રિયા જેવાં છે. ભય ને ચિંતાની પેલે પાર ત્યારેજ જશો કે જ્યારે અભેદભાવ અનુભવશો. મનુષ્ય બહારથી સુંદર હોય તો તે અવશ્ય બીજાને આકર્ષે છે. સોક્રેટીસ ઘણોજ બેડોળ હતો; પરંતુ સુંદર વિચારોને લીધે તેનું અંતઃકરણ શુદ્ધ હતું.

આકાશ ને પાતાળ એક થઇ જાય, સૂર્ય પૃથ્વી ઉપર ઉતરે, ચંદ્ર પાતાળમાં ચાલ્યો જાય, તો તેમાં આપણને શું? આપણે તો અનન્ત અવિનાશી આત્મા છીએ તેને શી લેવાદેવા છે?

તમે પોતે સર્વવ્યાપી છો, તેને કોઇ પણ કાંઇ ઈજા કરી શકનાર નથી એમ દઢપણે માનો. સૂર્ય, ચંદ્ર ને ગ્રહો નાશ પામશે, પણ તમે તો અવિનાશીજ છો.પર્વતની પેઠે તમે તો ચલાયમાન થયા વિના સ્થાયી રહેવાના છો. આ પ્રમાણે શ્વાસ લેતી વેળા વિચાર કરવો જોઇએ. એમ ધારો કે સર્વ જગત તમારામાજ છે આમ કરવાથીજ પ્રકૃતિના નિયમને તમે અનુસરશો ને તમારૂં જીવન અખિલ બ્રહ્માંડની પ્રકૃતિ સાથે એકતાર થઈ જશે.

તમારો ઉત્સાહ, આનન્દ કોણ નાશ કરે છે? માત્ર માનસિક જડતાજ તેનું કારણ છે, માટે તમે પારદર્શક બનો એ જડતા એટલે શું? અહંભાવ! આ મારૂં, આ તારૂં, એ ભેદ બુદ્ધિ તેજ જડતા છે. તે દૂર કરવી જોઇએ, માટે ખુલી હવામાં બહાર ફરવા જાઓ તે સમયે શ્વાસોચ્છ્વાસ લેતાં દઢતાથી માનો કે સર્વ જગત તમારૂં છે, સર્વ જગતની ચોકખી હવા તમે લ્યો છો. આમ કરવાથી તમે પારદર્શી થશો, ને આખું જગત તમારૂં થઇ જશે.

એક રાજા પાસે બે જણ ગયા ને ભીંત ઉપર ચીતરામણ વગેરે

કાઢવાના કામ ઉપર નોકરી રહેવા વિનંતિ કરી. રાજાનો
ચિતરવા પોતાનેજ સોંપવાને તેમણે વિનંતિ કરી. તેમન
પહેલાં રાજાને પરીક્ષા કરવાની ઇચ્છા થઈ; તેથી એક
ઉપર કામ કરવા કહ્યું. સામસામી બે ભીંતો ઉપર બે અને જણન
જુદાં કામ કરવા રોક્યા. ને તેમના ઉપર ઢાંકપિછોડો રખાવી કે બન્ન
એકઠા ન થઈ જાય. એક માસ સુધી બન્ને જણાએ એ કામ કર્યું.
એક કારીગર રાજા પાસે જઈ કહેવા લાગ્યો કે, મારૂં કામ આપ આ
જુઓ. રાજાએ બીજા કારીગરને પૂછ્યું કે તમારે કામ પૂરૂં કરવા
કેટલીવાર છે? તેણે કહ્યું:—"રાજાજી, મેં પણ કામ પૂરૂં કર્યું છે."


તેમનું કામ જોવાનો રાજાએ અમુક દિવસ ઠરાવ્યો, ને પોતા
નોકર–ચાકર તથા રસાલા સાથે ત્યાં ગયો. પહેલા કારીગરની ભીંત ઉ
પડદો નાખેલો હતો તે ઉપડાવી લીધો. રાજા અને તેના હજુરીઆઓ
જોઇ દીંગ થઇ ગયા. કામ ઘણું ઉમદા ને સુંદર છે એમ સૌએ
આપ્યો, હવે આથી વધારે સુંદર કામ હોઈ ન શકે એમ બધા કહે
લાગ્યા. બીજા કારીગરનું કામ જોવાની જરૂર નથી, માટે મહેલનું
કામ આની પાસેજ કરાવવું એમ હજુરીઆઓએ ધાર્યું; પરતુ રાજા હ
રીઆ કરતાં ડાહ્યો હતો, તેથી પેલા બીજા કારીગરને તેની ભીંત ઉપર
પડદો દૂર કરવા કહ્યું. અહા! લોકો આનું કામ જોઇને વધુ અચં
પામ્યા. તેમનાં મોં પહોળાં થઇ ગયાં ને વિસ્મય પામ્યા. તેમના
બોલાઇ જવાયું કે વાહ! આ તો વળી ઘણુંજ ઉત્તમ ને સુંદર કામ છે
લોકોએ એમાં એવું શું જોયું? આ કારીગરે ભીંત ઉપર હજી કાંઇ
ચીતર્યું નહોતું. એક મહિના સુધી માત્ર ભીંતને ઘસી ઘસી
પારદર્શકજ કરી હતી, તેથી સામી ભીંત ઉપર જે જે ચીતર
હતું તે બધું આ ભીંતમાં દેખાતું હતું. જે ભીંત ઉપર ચિત્રો કાઢે
હતાં તેના કરતા આ ભીંત વધારે લીસી ને એક સરખી હતી. જે
આ કારીગરે મહેનત લઇને ભીંતને ઘસી ઘસીને પારદર્શક બના
તેજ પ્રમાણે 'રામ' તમને કહે છે કે જે લોકો માત્ર પુસ્તકો વાંચવામાં
નિમગ્ન રહે છે તે ઉપરચોટીઉં જ્ઞાનજ સંપાદન કરે છે. બહારથી ચિ
રવા કરતાં અંદરથી બધું પારદર્શક બને તો સર્વ જ્ઞાન આપોઆપ

અંતરમાં ઉતરે; માટે મનરૂપી કે મગજરૂપી ભીંતો પારદર્શક બને એમ વર્તો. અંતઃકરણને નિર્મળ કરો, હૃદય ચોકખાં કરો એટલે જગતનું સર્વ જ્ઞાન તમારામાં આવશે.

સ્વાનુભવથી 'રામ' કહે છે કે હિમાલયનાં ગાઢાં જંગલોમાં 'રામ' રહેતો હતો; ત્યાં મનની સ્થિતિ પારદર્શક બનતી ત્યારે જ્ઞાન આપો આપોજ હૃદયમાં સ્ફુરતું હતું. અદ્ભુત વિચારો, તત્વજ્ઞાન ને શક્તિ મનમાં આવતાં હતાં. 'રામ' કહે છે કે બાઇબલ, ઉપનિષદો, વેદો તેમજ મીલ્ટનનાં, ઇમર્સનનાં, ઇંગરસોલનાં અને સ્પેન્સર વગેરે હરકોઇનાં પુસ્તકો માત્ર આન્તરપ્રેરણાનાંજ પરિણામ છે. જ્યારે મનુષ્ય પોતાની કૃતિઓમાં અહંતા દાખલ કરે છે ત્યારેજ એમાં અપૂર્ણતા આવે છે. જગતનું કાર્ય એજ આપણું કાર્ય અને જગતનું હૃદય એજ આપણું હૃદય છે, એમ માનીએ છીએ ત્યારેજ જ્ઞાન પ્રદીપ્ત થાય છે. ગુપ્તમાં ગુપ્ત વસ્તુને માટે તમારા હૃદયમાંજ શોધ કરો. મનમાં કોઇ પણ જાતની ઇર્ષા કે કીર્તિ ઇત્યાદિ સ્વાર્થની ઇચ્છા નહિ હોય, ત્યારેજ સુંદર કાર્ય થઇ શકશે. દુશ્મનની ઇચ્છાને તમારી ઇચ્છા કરશો ત્યારેજ પારદર્શક બની પ્રભુતા સંપાદન કરશો. જય મેળવવાની આજ ગુપ્ત કુંચી છે. આનો ઉપયોગ કરવાથીજ જગતના સર્વ ભંડાર તમારી સમક્ષ આવીને ખડા થશે.

ૐ! ૐ!! ૐ!!!





३०—मनुष्यनो भ्रातृभाव.×

આજના વિષય ઉપર વાતો કરીનેજ જો બેસી રહેવાનું હોય તો તો વખત નકામોજ વ્યતીત કર્યો કહેવાશે. આ વાતોને અનુભવસિદ્ધ કર્યા-થીજ આનુષ્મિક સુખ પ્રાપ્ત થાય છે. જ્યારે આપણે જાણીએ છીએ ને અનુભવીએ છીએ કે જગતનાં સર્વ મનુષ્યો આપણાં જાતે છે, ધનવાન તેમજ ગરીબ, રાજા તેમજ રંક બધાંએ આપણાં પોતાનાંજ સ્વરૂપો છે; ત્યારે ઘણોજ આનંદ થાય છે. કુદરતી રીતેજ તેનાં પરિણામો તમને જણાશે. આમ અનુભવશો ત્યારે જેમ તમારૂં પોતાનું શરીર તમારી ઇચ્છાઓ પ્રમાણે વર્તે છે, તેજ પ્રમાણે બીજા બધા પણ તમારી ઈચ્છાને તાબે થઈ તમારા આદેશો માન્ય કરશે. આ યથાર્થ સત્યની ખાત્રી કરવા સારૂ તેનો તમે તમારી જાતે અનુભવ કરી જુઓ. લોકો ધન ન હોવાથી દુઃખી થાય છે, તેમને બાગ-બગીચા, ધન, માલ, દોલત, ગાડી, વાડીને વાડીનાં સુખ જોઇએ છીએ; પરંતુ બાગબગીચાઓ ઘણાએ બનેલા છે. સુખેથી તેમાં જાઓ, હરો, ફરો; તે તમારા પોતાનાજ છે એમ માનો તો તેથી ધનવાનોને જેટલો સંતોષ પોતાની સંપત્તિથી થાય છે, તેટલોજ તમને પણ થશે. જે લોકો આ પોતાની માલમત્તા છે એમ માને છે તે શું ચાર આંખે જુએ છે ? જે પ્રકારે તમે તેનો અનુભવ કરો છો ને તેમાં તમને જેટલો આનંદ થાય છે, તેથી શું અધિક આનંદ તેમને થાય છે ? બીલકુલ નહિ; તો પછી એવા એવા દુઃખદ વિચારો કરી આત્માને શા માટે ડુબવો છો ? 'રામ' કહે છે કે એવા મૂર્ખાઇ ભરેલા વિચારો છોડી દો. જગતની સર્વ દોલત, બાગબગીચા તમારા પોતાનાજ છે એમ

× સને ૧૯૦૩ ના ફેબ્રુઆરીની ૧૫ મી તારીખે આપેલું ભાષણ.

માનો. સર્વ જગત તમે પોતેજ છો એમ નિશ્ચયથી માનો. આ કંઈ અસ્વાભાવિક નથી. અભેદભાવથી સર્વત્ર દૃષ્ટિ નાખો ને તે પરમ સત્યનો સાક્ષાત્કાર કરો. જ્યારે જ્યારે કોઈ મહાન કીર્તિવાન પુરૂષને વૈભવથી ગરકાવ થએલો દેખો ત્યારે ઈર્ષા કે અદેખાઈ કરી દુખી ન થશો, પરંતુ તેનો વૈભવ તે તમારોજ છે, એ પોતે તે તમેજ છો એમ જરૂર માનો. આમ કર્યાથી તમને અનુભવ થશે કે તમારી ઇચ્છા એ સર્વની ઇચ્છા છે તર્કશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર અને તત્વજ્ઞાન પણ કદાચ આ વાત સાબિત ન કરે, પરંતુ અનુભવ સિદ્ધ કરે છે કે એ વાત સત્યજ છે

ઠીક! 'નામ' આ સત્યને નનનાવવ. માટે કેટલાક અમારૂં આપશે, તે ઉપર ખૂબ મનન કરજો. ભ્રાતૃભાવ શબ્દ બરાબર નથી. ભ્રાતૃ અથવા ભાઈ એમ કહેતા તો સહેજ પણ ભિન્નતા આવી જાય છે ભાઈએ. ભાઈઓમાં તો વેર વિખવાદ પણ હોય છે, માટે એકતા ને અભેદ શબ્દની રચનાજ વધારે સારી છે. તમે કહેશો કે હર વખત આત્માને વચ્ચે લાવી એની એજ વાત કર્યા કરો છો તે અમને ઠીક નથી લાગતી ભલે આત્મા વિષે તમારે નહિ સાંભળવું હોય તો કાંઈ હરકત નથી કારણ કે આત્મા વિષે બોલવા જઈએ તો પછી કાંઈ બોલાયજ નહિ, કારણ કે આત્મા એકજ છે તો પછી કોણ કોને કહી શકે તેમ છે? વાણીના આગનાની વાત થઈ શકે તેમજ નથી, માટે આપણે જડના જડ વસ્તુથીજ શરૂ કરીશું આપણે જડ શરીરની એકતા અભેદતાથી શરૂ કરીશું તોપણ સાબિત કરી શકીશું કે જગતનું શરીર એકજ છે દરેક વ્યક્તિનું મન પણ એકજ છે એ વાત મન ઉપરથીજ સાબિત થાય છે વિજ્ઞાનશાસ્ત્ર સાબિત કરે છે કે દરેકને લાગણી એકજ જાતની છે જો આ અભેદતાના ભાવ પ્રમાણે કોઈ ન ચાલતું હોય તો તે પરમ સત્યનો અનાદરજ કરે છે, અને આપણે જાણીએ છીએ કે જે કોઈ મનુષ્ય રાજ્યના કાયદા વિરૂદ્ધ કાંઈ કૃત્ય કરે છે તેને શિક્ષાજ થાય છે એજ પ્રમાણે પોતાના જીવનમાં જે મનુષ્ય ભ્રાતૃભાવ રાખી વર્તન નથી કરતો તે પણ શિક્ષાજ ખમે છે જગતના સર્વે દુખો, આ પવિત્ર નિયમના ઉલ્લંઘનનાજ પરિણામો છે હવે આપણા જડ શરીર એક છે તો તે કેવી રીતે? એક શરીર દૂર છે બીજું પાસે છે, એક બેઠું છે, બીજું ઉભું છે, આ પ્રમાણે છે તો પછી

તેને એકજ શી રીતે કહી શકાય ? જેમ સમુદ્રમાં એક મોજું એક ઠેકાણે ને બીજું બીજે જણાય છે, કોઈ મોટું ને કોઈ નાનું હોય છે; પરંતુ અંતે બધાંએ એકજ પાણીનાં રૂપ છે ને વાસ્તવિક રીતે એકજ સમુદ્ર અનેકરૂપે દ્રષ્ટિગોચર થાય છે, તેજ પ્રમાણે આપણા આ જડ શરીરનું પણ છે. જે વસ્તુનું આ શરીર બનેલું છે, તેજ વસ્તુ અમુક સમય પછી બીજાનું શરીર બનાવે છે. એ તો શું પણ એકજ જીવનમાં એક શરીરનાં તત્ત્વો બીજા શરીરમાં દાખલ થાય છે. શ્વાસ લેવાની ક્રિયા આ વાત સાબિત કરે છે. શ્વાસ લેતાં પ્રાણવાયુ અથવા તો ઑક્સીજન આપણે બહારથી અંદર લઇએ છીએ ને ઝેરી હવા અથવા કાર્બોનીક ઍસીડ ગૅસ બહાર કાઢીએ છીએ; આ ઝેરી હવા ઝાડપાન પોતે ચુસી લે છે ને તે પાછાં પ્રાણવાયુ બહાર કાઢે છે. આ ઉપરથીજ સાબિત થાય છે કે આપણે વનસ્પતિ સાથે ભ્રાતૃભાવથી જોડાએલા છીએ. તેમનો શ્વાસ આપણે લઇએ છીએ ને આપણો શ્વાસ એ લે છે, આથી બાગબગીચા, ઝાડપાન સાથેની આપણી એકતા સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે.

હવે બીજી રીતે જોઇએ. વનસ્પતિમાંથી જે પ્રાણવાયુ આપણે લઇએ છીએ તેજ બીજા મનુષ્યો પણ લે છે. આ પ્રમાણે આપણે બધા એકજ હવા શ્વાસમાં લઇએ છીએ તો પછી શ્વાસની ક્રિયામાં દરેકનાં શરીર એકજ છે. વળી એકજ પૃથ્વી ઉપર, એકજ સૂર્ય ને એકજ ચંદ્ર નીચે ને એકજ આબોહવામાં આપણે બધા રહીએ છીએ; ખોરાક પણ એકજ જાતનો લઇએ છીએ ને એકજ વસ્તુનાં આપણાં સર્વનાં શરીર બનેલાં છે; વળી જે મળ ઈત્યાદિ દૂર કરીએ છીએ તે વનસ્પતિ ગ્રહણ કરી લે છે. આ પ્રમાણે જે આપણે આપણા શરીરમાંથી દૂર કરીએ છીએ તે આપણા ભાઇઓજ પોતાના શરીરમાં અન્નરૂપે દાખલ કરે છે. જે જડ વસ્તુ એક વખત આપણી હતી તે બીજી વખતે આપણા ભાઇઓની થાય છે, તેમનાં શરીરમાં જાય છે; ને જે વસ્તુ તેમની હતી તે આપણા શરીરમાં જાય છે. જો સૂક્ષ્મદર્શક યંત્રથી આપણે જોઇએ તો જણાશે કે અનેક સૂક્ષ્મ જીવજંતુઓ શરીરમાંથી બહાર આવે છે ને બહારથી અંદર પ્રવેશ કરે છે. આમ હરદમ આવ જા થયાજ કરે છે. જે જંતુઓ આપણે બહાર કાઢતા જઇએ છીએ તે બીજાઓના શરીરમાં દાખલ થાય છે ને બીજાઓના

શરીરમાંથી નીકળેલા જંતુઓ આપણા શરીરમાં દાખલ થાય છે વિજ્ઞાન શાસ્ત્ર સાબિત કરે છે કે તમામ સર્વના સ્થૂલ શરીરો એકજ છે લોકો કદાચ આ નહિ માને, એકના શરીરમાંથી નીકળેલા સૂક્ષ્મ જંતુઓ બીજાના શરીરમાં કેમ પેસે તેની તમને શંકા થતી હશે? ઠીક! આપણે એ વિષે વિચાર કરીએ ગુલાબી શાથી આવે છે? જે સુગંધિત દ્રવ્યો અને વસ્તુઓમાંથી જે ઝીણા રજકણો ઉડે છે તેથી આપણને સુવાસ આવે છે, તે તો આપણે બધા જાણીએ છીએ. ફૂલોમાંથી આવા રજકણો નીકળે છે તેથીજ સુગંધ આવે છે હવે શું આપણા શરીરમાંથી વાસ નથી આવતી? કેટલાકની ઘ્રાણેન્દ્રિયની શક્તિ તીવ્ર નથી હોતી તેથી તેમને ખબર પડતી નથી, પરંતુ કૂતરાઓ શરીરની ગંધ ઉપરથીજ માણસને શોધી કાઢે છે જો શરીરમાંથી ગંધ વહેતો ન હોય તો આમ કેમ બને? આ ઉપરથી સાબિત થાય છે કે શરીરમાંથી ગંધ આવ્યા કરે છે

જો શરીરમાંથી ઝીણા રજકણો બહાર ન જતા હોય તો જેને આપણે ચેપી રોગો કહીએ છીએ તે રોગો ફેલાયજ નહિ એકનો રોગ બીજાને લાગે છે તેનું એજ કારણ છે આ ઉપરથી સાબિત થાય છે કે સ્થૂળ શરીર બધાના એકજ છે વળી આ ઉપરથી એક વિચિત્ર અનુમાન થાય છે મનુષ્ય માંદો પડે તેનું મુખ્ય કારણ શું હોવું જોઇએ? તે માંદો છે ને તેને દુખ થાય છે એ અન્ય છે, તો તેનું કારણ શું? કારણ માત્ર અજ્ઞાનતા એ માંદો છે તેથી દુખી થાય છે, પણ તેની માંદગી માટે તે સમસ્ત જાતનો જવાબદાર છે ગંદવાડથી અજાણમાં પણ તે પોતાના રોગના રજકણો બીજાઓ તરફ મોકલે છે કોઈ મનુષ્યને માંદા પડવાનો હક્કજ નથી. પોતાને દુખ થાય છે તેટલા માટેજ નહિ, પરંતુ પોતાના રોગથી બીજા મનુષ્યને પણ તે હાનિ કરે છે, તેથી દરેક જણે ઘણી સાવચેતી રાખવી જોઇએ. ગંદવાડ શારીરિક ગુન્હો નથી, પણ માનસિક ગુન્હો છે મનુષ્ય અનેક ચીજો ખાય છે, પણ તે ખાતાં તેણે સંભાળ રાખવાની છે પોતાના વાસ્તેજ નહિ, પણ જગતના ભલા માટે ખાનપાનના વિવેક અને વિચાર રાખવા જોઇએ.

હવે જે વહુરસ્ત છે તેમનું માંદાઓ પ્રત્યે શું કર્તવ્ય છે? તેમણે માંદાની માવજત કરવાની છે પોતે માંદા ઉપર ઉપકાર કરે છે એમ

નહિ, પણ જગતના લાભ માટે એક બીજાની માવજત કરવાની છે. સત્યની ખાતર, ભ્રાતૃભાવની ખાતર, પોતાનાજ ભલા માટે માંદાની માવજત કરવાની છે. દરેક મનુષ્યનું સાત સાત વર્ષે આખું શરીર નવું બને છે, એ વાત ડૉક્ટરો સાબિત કરી આપે છે. આથી જણાય છે કે શરીરના તમામ અણુઓની એક બીજા શરીર સાથે અદલાબદલી થયા કરે છે, તે અણુઓને આપણા પોતાનાજ કહેવાનો કોઈને હક્ક નથી. આ શરીર મારૂં છે એમ કહેવાનો આપણને હાક નથી. આમ દર પળે શરીર બદલાતું જાય છે તો પછી તે મારૂં છે ને તારૂં છે એમ કહેવામાં શો અર્થ રહેલો છે? માટે જેને આ મારૂં શરીર કહીએ છીએ તે મારૂં નહિ, પણ સર્વનું છે એવોજ વિચાર દૃઢ કરો.

આ તો જડની વાત થઇ, હવે માનસિક એકતા વિષે કહીએ. માથા ઉપર વાળ ઉગે છે, શરીરમાં લોહી વહે છે, તેનો વિચાર કરો કે આમ શાથી થાય છે? જે શક્તિથી તમારામાં લોહી વહે છે ને જેનાથી તમારા વાળ ઉગે છે તેજ શક્તિ બીજાનામાં નથી? અન્નપાચન શાથી થાય છે? જે શક્તિથી એક મનુષ્ય અન્નપાચન કરે છે તેજ શક્તિથી બીજો મનુષ્ય પણ પાચન કરે છે, આ વાત ધ્યાનમાં રાખજો. જો એકજ શક્તિ દરેકમાં આ પ્રમાણે કામ કરે છે તો પછી દરેક જણ એકજ છે એમ શા માટે ન માનવું? એકજ અવિભાજ્ય, અવિનાશી શક્તિ દરેકમાં છે તો બધા વાસ્તવિક રીતે એકજ છે; આ વાત ખૂબ ધ્યાન દઇ સમજો ને અનુભવ કરો. એકને અન્ન મળે છે ને બીજાને નથી મળતું, એક તંદુરસ્ત છે ને બીજો વ્યાધિગ્રસ્ત છે, તે સર્વ શરીરો આપણાંજ છે એમ માનવું અને જેવી રીતે આપણા શરીરને દુઃખ થાય ને માવજત કરીએ, તેવીજ રીતે બીજા શરીર તરફ વર્તવું એજ આપણો ધર્મ છે. જે નીચે છે તેમને ઉન્નત કરવામાંજ આપણો ધર્મ રહેલો છે; માટે દુઃખ, દારિદ્રય વગેરેનો બીલકુલ વિચાર ન કરો. હરદમ આનંદ ને સુખમાં રહો, કારણ કે જગતનો આનંદ એ તમારોજ છે. ગમે તે સ્થિતિમાં મગ્ન રહો. માથાકુટ ને અકળામણ દૂર કરો.

હવે લાગણી પણ એકજ છે તે વિષે કહીશું. એક ચારૂ વાજીંત્ર એક બાજુ પડ્યું છે, અને બીજું તેની સામે ગોઠવેલું છે. બન્ને વાજીંત્ર બરા-

ર વખતે ઘણાએ જોયું છે. હવે જ્યારે એક પ્રાણીના તાર છેડીએ છીએ ત્યારે બીજા પ્રાણીના તારમાંથી પણ તેવોજ સુર નીકળે છે. આનું કારણ શું? કારણ એજ કે એ પવનના કંપનથી એક તારમાંથી સુર નીકળે છે તેજ પવનની લહરીઓ બીજા તારની આસપાસ પણ ઉઠે છે, આપણને જોઈ લાગણી થાય છે એટલે આપણી પાસે બેઠેલાને પણ તેવીજ લાગણી થાય છે. નાટકોમાં પાત્રો અનેક વેશ ભજવે છે અને લાગણીઓ દર્શાવે છે, ત્યારે જોનારાઓ પણ એજ લાગણીને વશ થાય છે તેનું કારણ શું? એક મનરૂપી બંસરીમાંથી નાદ નીકળતાં બીજી બંસરીઓ પણ શાથી વાગવા લાગે છે? જો મન ભિન્ન ભિન્ન હોય તો આ પ્રમાણે થવું અશક્ય છે. વિજ્ઞાનશાસ્ત્ર કહે છે કે એક વસ્તુને બીજી વસ્તુ ઉપર અસર કરવી હોય તો બન્ને વચ્ચે સંબંધ હોવો જોઈએ, તે વિના અસર બીલકુલ થઈ શકેજ નહિ. એક ટેબલનો એક ભાગ જરા ખેંચ્યો તો આખું ટેબલ ખેંચાશે. તે પ્રમાણે એક મનુષ્યની લાગણી બીજાને અસર કરે છે આવી રીતે હૃદય જો જોડાએલા ન હોય તો આમ થવું અશક્ય છે. એક માણસ હસે છે તો બીજાને પણ હસવું આવે છે, એક રડે છે તો બીજાના મન પણ દ્રવીભૂત થઈ જાય છે, એક મનુષ્ય ગાયન કરે છે તો બીજાના મન પણ ગાન કરવા ઉત્સુક થઈ જાયછે, હવે જો મન ને લાગણી દરેકને એક સરખા ન હોય તો આમ બનવું અસંભવિત છે. ગુરૂ ને શિષ્ય બન્નેના મન એક સરખા ન હોય તો એક શીખવે ને બીજો ભણે એમ કેવી રીતે બને? જો તમે તમારા કોઈ મિત્ર જ હલકો પ્રબંધ કરે હોય તેના પ્રત્યે સારા વિચારો કરશો, તો તે પણ સ્વાભાવિક રીતેજ તમારી તરફ તેવીજ વૃત્તિ કરતો રહેશે 'તમે' આ રીતિનો અનુભવ કર્યો છે ને હરદમ કરતા રહો છો

ગુન્હેગારો ને હરામખોરો જગતમા કેમ પેદા થાય છે? એક માણસ આવીને તમારી લાગણી દુખાવે છે, પણ તે મનુષ્ય બળવાન હોવાથી તમે તેને કંઈ ન કરી શકતા માત્ર તેના તરફ તિરસ્કારવૃત્તિજ રાખો છો. તે મનુષ્ય વળી બીજા નરમ સ્વભાવનાને પણ દુખી કરે છે ને તે બિચારો માત્ર ગુસ્સે થઈને દુષ્ટ વિચાર પેલા તરફ મોકલે છે વળી બીજાને પણ તેજ પ્રમાણે એ દુખી કરે છે; એમ અનેક જણને એ હેરાન

કરે છે. અંતે એક વખત એવો આવે છે કે જ્યારે તે પોતાના ગુ
બળવાનને દુભવે છે, ત્યારે પેલાને અતિશય ક્રોધ વ્યાપી જાય છે ને દુભ-
વનારને તે એકદમ જમીનદોસ્ત કરે છે. આ પ્રમાણે અત્યાર સુધી જે
બધાને દુભવતો હતો તે મરી જાય છે અને પોલીસ પેલાને પકડીને કે-
દીમાં ઘસડી જાય છે. કેસ ચાલતાં એક સહેજ બાબત માટે આવડો મોટો
ગુન્હો કર્યાથી કોર્ટને આશ્ચર્ય ઉપજે છે. ન્યુસપેપરવાળા આ વાત ઉપાડી
લે છે ને કાગનો વાઘ કરી નાખ્યા માટે પેલા ગુન્હેગાર ઉપર તુટી પડે
છે. હવે આટલી સહેજ ઉશ્કેરણીમાંજ આવડો મોટો ગંભીર ગુન્હો કર-
વાનું શું કારણ? વેદાંત ખુલાસો કરે છે ને કહે છે કે માનસિક રાશિમાં
બદેલા એકઠું કરીને એક કંપની (જોઇન્ટ સ્ટૉક કંપની) ઉભી થઇ હતી.
એ મંડળીમાં ધીમે ધીમે ઘણા ભાગીદારો થયા હતા. તમારા શેરના
ભાગની ઈર્ષાની લાગણી પેલા મનુષ્ય તરફ તમે મોકલી હતી. હવે જ્યારે
પૂરા શેર ભરાઇ ગયા એટલે કામ શરૂ થયું. બધાનો ગુસ્સો એકત્ર થઈ
આ એક મનુષ્યમાં ભરાયો. સહેજ ચીણગારી થતાંજ તે એકદમ ભભકી
ઉઠયો. કોર્ટ માત્ર આ છેલ્લા ગુન્હેગારનેજ શિક્ષા કરશે; પરંતુ ઈશ્વરની
નજરે તો બધા એક સરખી રીતે ગુન્હામાં ભાગીદાર છે. જે જે મનુ-
ષ્યોએ ઇર્ષ્યા કે તિરસ્કારની લાગણી મોકલી હતી તે બધાએ પેલાનું
એકત્ર થઇનેજ ખુન કર્યું હતું; માટેજ ક્રાઈસ્ટે કહ્યું છે કે ખુન તો નજ
કરવું, પણ તિરસ્કારની વૃત્તિ પણ કદિ ન કરશો. જે પોતાના પાડોશી
ભણી તિરસ્કાર કરે છે તે પણ ખુનીજ છે. ઇતિહાસ પણ એજ કહે છે
કે જુલમી રાજ્યને અંતે એક જણ એવો પેદા થાય છે કે જે લોકોને
કાબુમાં રાખી જુલમને દૂર કરે છે. જુલમ સમયે દરેક એવી ઇચ્છા કરે
છે કે તોફાની લોકોને કાબુમાં રાખે. એ રીતે દરેકની ઇચ્છા એકઠી થઇ
ને ફ્રાન્સ દેશમાં નેપોલીઅન બોનાપાર્ટની અંદર ઠલવાઇ ગઈ; આથી
ખરી અણીની વખતેજ નેપોલીઅન મેદાનમાં જણાયો છે. તેનામાં હજા-
રોનું બળ હતું. વીર પુરુષોમાં, શૂરવીરોમાં, લાખોનું બળ ક્યાંથી આવે
છે? એક સમયે નેપોલીઅનને પકડવાને એક નાનું સરખું લશ્કર આવ્યું
હતું, પણ તે એકલોજ તેમની તરફ ગયો ને "ખબરદાર" કહેતાંજ
આખું લશ્કર થંભી ગયું. આવી વાતો સાંભળીને અચબો થાય છે; પણ
વેદાંત ખુલાસો કરે છે કે આમ વાસ્તવિક રીતે હજારોનું બળ એક જણમાં

આપીને એકઠું થાય છે, માટે નેપોલીઅનને કે કોઈ બીજાને આ પ્રમાણે માન આપવાનું કંઈ કારણ નથી. જેનામાં સર્વનું બળ એકઠું થયું છે તે પોતે એકલો નથી, પણ લાખોના બળથીજ પોતે કામ કરે છે; તેજ પ્રમાણે શેકસપીઅર પણ સમય અનુકૂળ હતો ત્યારેજ મહાન નાટકકાર તરીકે જણાયો હતો. હાલના વખતમાં શેકસપીઅર જેવાની જરૂર નથી તેથી તેવો કોઈ ઉત્પન્ન થતો નથી. લોકોની ઇચ્છાની આનંદિત મૂર્તિ રૂપેજ શેકસપીઅર હતો. એવા મનુષ્ય ઉત્પન્ન થાય છે ત્યારે પોતે એકલા નથી આવતા. સાથે સાથે પોતાના જેવા બીજાઓને પણ તેઓ લેતા આવે છે. માર્લો, બોમન્ટ, ફ્લેચર એવા પ્રતિભાશક્તિવાળા પણ સાથેજ ઉત્પન્ન થયા હતા. આ ઉપરથી જણાશે કે નેપોલીઅન, શેકસપીઅર વગેરે, લોકોના પોતાનાજ ઉત્પન્ન કરેલા હતા. તમારા વિચારો ને તમારી લાગણીઓ તેમની થાય છે આ રીતે લાગણી, મન ને સ્થૂલ દેહમાં સર્વ પ્રકારે મનુષ્યની એકતા ને અભેદતાજ સાબિત થાય છે.

ક્રૂઝેડ-અર્થાત્ ધર્મયુદ્ધ યૂરોપમાં શાથી થયું હતું ? એક મનુષ્યને જેરૂસલમ માટે અતિશય લાગણી થઈ, તે યૂરોપમાં આવ્યો ને લોકોને જેરૂસલમની સ્થિતિનો ખ્યાલ આપ્યો. તે એકજ મનુષ્યની લાગણી લોકોએ ઉપાડી લીધી ને બધાજ તુર્કોની સામે ઉભા થયા. સ્વતંત્રતા માટેની લડાઈ (વાર ઓફ ઇન્ડીપેન્ડન્સ) કેમ થઇ હતી ? એજ પ્રમાણે એક મનુષ્ય—અમેરિકાની કૉંગ્રેસનો પ્રેસીડેન્ટ—અમેજ લોકો તેની સાથે મળતા ન થયા ત્યારે લડવા તૈયાર થયો, ને સર્વને તેના વિચારમાં ઇંગ્લંડ સાથે લડાઇ કરવા ભળી જવું પડયું, માટે દરેક પ્રકારે મનુષ્યની એક બીજા વચ્ચે અભેદતાજ સાબિત થાય છે. આ અભેદતાનો અનુભવ કરો.

હવે સુષુપ્તિ સમયના મનુષ્યની એકતા વિચારીએ ? નિદ્રા સર્વને સમાન સપાટી ઉપર લાવનાર છે રાજા કે રંક સર્વ નિદ્રામાં તો સમાનજ છે. જાગૃતાવસ્થાના પણ ઉપર જણાવ્યા પ્રમાણે તમારા શરીર, મન તથા લાગણીઓ એકજ છે. હવે આત્મા એકજ છે તે વિષે કહીશું. આ પરમ તત્ત્વ વિષે બોલવા જતા તો ભાષા પણ વિરની જાય છે. આત્માને સમુદ્રના મોજાઓની ઉપમા પણ આપી શકાય તેમ નથી, માટે અમુક વ્યક્તિ મારી છે ને અમુક નથી, એમ ઘડીભર પણ માનશો નહિ. જેને તમે તમારા પોતાના માનો છો ને તેઓ બીજાથી ભિન્ન છે એમ કહો

છે, તે મોટી ભૂલ છે. પૂર્વ જન્મમાં તમે જેને હાલ તમારાથી જુદા કહો છો, તેમની સાથે કેવા કેવા સંબંધથી તમે જોડાએલા હતા? જે વ્યક્તિ આજ તમારી દુશ્મન છે એમ માનો છો, તે પૂર્વ જન્મમાં તમારો કોણ જાણે યોએ સગો થતો હશે? આજ જે પિતા કે પુત્ર છે તે પૂર્વ જન્મમાં કોણ જાણે તમારો દુશ્મન પણ હોય ને આવતા જન્મમાં તમેજ કદાપિ એના પિતા કે કોઈ બીજા સંબંધથી જન્મો. એક દેશમાં જન્મેલો મનુષ્ય ઘણી વખત બીજાજ દેશમાં જીવન ગાળે છે; માટે અભેદભાવ માત્ર જે જગતનાં સંબંધી છે તેઓમાંજ આવી જતો નથી. દરેક વ્યક્તિ તમે પોતેજ છો એમ દૃઢપણે માનો અને અનુભવો. વિજ્ઞાનશાસ્ત્ર એજ સાબિત કરે છે.

હવે આ વાતનો અંત લાવીશું વિજ્ઞાનશાસ્ત્ર કહે છે કે શરીરનો દરેક અવયવ જેમ એક બીજા સાથે સંબંધ ધરાવે છે, હાથ આંગળાં સાથે જોડાએલો છે, પગ પાની સાથે જોડાએલો છે; એમ આખા શરીરમાં એકજ આત્મા પ્રસરી રહેલો છે અને એજ પ્રમાણે અખિલ બ્રહ્માંડ એકજ શક્તિની સાંકળથી જોડાએલું છે માટે આખું જગત એક શરીરરૂપ છે ને તેમાં અંદર ને બહાર એકજ આત્મા વિચરી રહ્યો છે. એક નાનામાં નાના કીડાથી તે મહાન દેવતા સુધી એકજ આત્મા છે; ને આ પ્રમાણે અભેદ સર્વત્ર જણાય છે. હવે સત્યનો સાક્ષાત્કાર કરવા અનુભવ કેમ કરવો તે વિષે 'રામ' કહેશે. બુદ્ધિદ્વારા આ ન મનાય તો ભલે, પરંતુ નીતિના કાયદાથી તો માનવુંજ પડશે. હાથ કહે કે કામ હું કરું છું માટે ખોરાક મારેજ ખાવો ને પેટને શા સારૂ આપું? જો આ પ્રમાણે દલીલ કરીએ તો પરિણામ શું આવે તે વિચારી લેવાનું છે; છતાં પણ જો એ પ્રમાણે વર્તન કરીએ તો અત્યંત સહન કરવું પડે. જો સર્વ જગતની એકયતા, અભેદતા ન માનીને સ્વાર્થમાં રચ્યાપચ્યા રહીશું તો પ્રકૃતિના નિયમ પ્રમાણે તેમાં પણ આપણે ખમવુંજ પડશે. જ્યારે એકતાનું પૂર્ણ ભાન થશે ત્યારેજ ઉર્ધ્વગતિ થશે. દુઃખ, ચિંતાથી દૂર રહેવું હોય તો અભેદનો સાક્ષાત્કાર કરો, તે પ્રમાણે જગતમાં વર્તો. આ પ્રમાણે આ વિષય ઉપર ખૂબ ધ્યાન દઈ વિચાર કરી અભેદમાર્ગના પ્રવાસી થશો, તો સર્વ જગત તમારી મદદે આવવા બંધાએલું છે. તમે જગતથી ભિન્ન નથી પણ એકજ છો.

३१–ज्ञानविषयक प्रश्नोत्तर.*

પ્રશ્નઃ—"હું શરીર નથી, હું આત્મા છું હું પ્રભુ છું" એમ કહેનાર એ કોણ છે?

ઉત્તરઃ—સત્ય રીતે જોતાં આમ બોલવુંજ અશક્ય છે; કારણ કે સત્યસ્વરૂપ આત્માને વાણી પહોંચીજ શકતી નથી; તે તો વાચાથી પણ પર છે, અને તે માટે એવો ઉદ્ગાર વાચાથી થઇજ ન શકે; એ બોલનાર તો સૂક્ષ્મ શરીર છે. હવે પ્રશ્ન એ છે કે જો મન એમ કહે કેઃ—"હું બ્રહ્મ છું" તો એમ બોલવું એ અવાસ્તવિક નથી? વેદાંત કહે છે કે એક દૃષ્ટિથી જોતાં મન કે બુદ્ધિ બ્રહ્મ નથી; પરંતુ બીજી રીતે એ મન ને બુદ્ધિ બધું બ્રહ્મ સિવાય બીજુ કાંઇજ નથી. શરીર પણ બ્રહ્મ છે અને અખિલ વિશ્વ પણ બ્રહ્મ છે. જેમ કાળા સર્પને દોરડું છે એમધારીએ છીએ, તેમજ આ પણ છે. અહીં કાળો એ સર્પનું વિશેષણ છે; પણ જ્યારે એમ કહીએ કે સર્પ દોરડું છે, ત્યારે દોરડું એ કાંઇ સર્પનું વિશેષણ કહેવાય નહિ. તે પ્રમાણે જ્યારે મન, શરીર, એ બધું બ્રહ્મ છે એમ કહીએ, ત્યારે બ્રહ્મ કે આત્મા એ મન, બુદ્ધિ કે શરીરનું વિશેષણ નથી.

એક બીજો એવો પણ અર્થ છે કે, મન, બુદ્ધિ કે શરીર પોતે બ્રહ્મ બને છે એમ કહેતાં નથી, પણ પોતે બ્રહ્મરૂપ છે એમ કહે છે. તેજ પ્રમાણે આપણે પણ જ્યારે કહીએ છીએ કે, "હું બ્રહ્મ છું" ત્યારે તેનો અર્થ એમ નથી થતો કે બ્રહ્મ મારૂં વિશેષણ કે ગુણ છે. 'હું ઇશ્વર છું' 'સર્પ કાળો છે' એમાં જેમ 'સર્પ' અને 'કાળો' 'હું' અને 'ઇશ્વર' એમ બન્ને શબ્દો રહે છે તેમ આમા નથી. ભાવાર્થ કે આપણે જે સ્વરૂપે

* તારીખ ૨૬ મી ફેબ્રુઆરી સને ૧૯૦૩ ના રોજ આપેલ ભાષણ.

બાહ્ય જગતમાં દેખાઇએ છીએ, તે માત્ર ભ્રમણા-માયા-છે, વાસ્તવિક રીતે તો આપણે સત્યસ્વરૂપજ છીએ.

શ્રોતાજનો! જો તમે મને સ્વામી કે 'રામ' એમ સંબોધો તો મોટી ભૂલ છે, હું કોઇજ નહિ પણ આત્મા-બ્રહ્મ પોતેજ છું. આ શરીર તે હું નથી.

એક જણે ઉંઘમાં પોતાને ચોર તરીકે પકડાએલો-ભિખારી થએલો-જોયો. દેવ દેવતાઓને સહાય થવા તેણે પ્રાર્થના કરી, એક કચેરીમાંથી બીજી કચેરીમાં ગયો, અનેક કાયદાશાસ્ત્રીઓ પાસે ગયો, મિત્રો પાસે મદદ માટે ગયો; પરંતુ કાંઇ વળ્યું નહિ. છેવટે તે પોતે કેદખાનામાં પુરાયો ને રૂદન કરવા લાગ્યો; એટલામાં એક સર્પે આવીને એને ડંસ દીધો અને દંશની પીડા એટલી બધી થઇ કે તે જાગી ઉઠયો. હવે આ સ્વપ્નના સર્પને તો ઉલટો આશીર્વાદજ આપવો જોઇએ, જેણે તેને કેદખાનાના બંધનમાંથી મુક્ત કર્યો. જાગૃત થતાં પોતે પથારીમાંજ પડેલો છે અને કુટુંબ કબીલા સાથે આનંદમાં છે એમ તેણે જાણ્યું. એણે સ્વપ્નમાં પોતાને બંધાએલો જોયો, મદદ કરવા પ્રાર્થના કરવા લાગ્યો, સર્પ ડંસ્યો ને અંતે જાગૃત થતાં સર્પ નષ્ટ થયો. અહીંઆં સ્વપ્નમાં રહેલા અહંભાવે સર્પનો નાશ કર્યો. બીજી વસ્તુઓ માફક અહંભાવ પણ સ્વપ્નમાંની વસ્તુ હતો અને તેને સર્પે મૃત્યુ પમાડયો. આ સર્પ પણ વિચિત્રજ હતો. તેણે કરડીને પોતાનો પણ નાશ કર્યો; કારણ કે જ્યારે તે મનુષ્ય જાગી ઉઠયો તે સમયે તે ઉંઘનો કરડનાર સર્પ પણ રહ્યો હતો નહિ.

વેદાંતના સિદ્ધાંત પ્રમાણે આ સર્વ જગત સ્વપ્ન માત્ર છે, માયા છે; ને આ સ્વપ્નનો જોનારો પણ કોણ છે? સ્વપ્ન ભોગવતો અહંભાવજ છે. સ્વપ્નમાં દેખાતા સર્વ મિત્રો, દેવો ને લોકો કેદખાનાના સોબતીઓ છે. મિત્ર પાસે મદદ માગવા જાઓ છો પણ શાન્તિ કે મદદ મળતી નથી, જીવને સત્ય આનંદ કે કાંઇ કળ પડતી નથી; પણ અંતે જ્યારે સર્પ ડંશે છે ત્યારેજ શાન્તિ મળે છે. હવે આ સર્પ એટલે શું તેનો આપણે વિચાર કરીએ. એ સર્પ એટલે વૈરાગ્ય-ત્યાગરૂપી સર્પ કરડવો જોઇએ. ત્યાગ શબ્દ સાંભળી તમે ચમકો છો-ગભરાઓ છો, પણ ત્યાગનો જ્ઞાન એવો અર્થ છે.

જ્યારે એવો ત્યાગ થાય છે ત્યારેજ જ્ઞાન આવે છે. ત્યારેજ "અહં બ્રહ્માસ્મિ" નો અનુભવ થાય છે. અમેરિકનો અને યુરોપિયનોને "અહં બ્રહ્માસ્મિ" કહેવું નાસ્તિકતા લાગે છે; પણ તે ત્યાગનો સુસવાટા મારતો સર્પ તમને ડંખશે ત્યારેજ તમને ખરું સત્ય સમજાશે.

અરે ભલા મનુષ્યો! એ સર્પ ભલે ડસે, એનો ડંખ મધુર લાગશે, બંધનમાંથી મુક્ત થશો, સર્વ ચિંતાથી દૂર થશો. આ સત્યરૂપી સર્પ વિષ રેડશે નહિ, પણ અમૃતધારા વહેવડાવશે. તમે જાગૃત થશો, સ્વપ્નનો અહંભાવ નષ્ટ થશે અને અસત્ જગત પણ નષ્ટ થશે.

આને ગપ ન માનશો, 'રામ' નો બુદ્ધિભ્રમ ન માનશો. આ પરમ સત્ય છે ને તે તમારા પોતાના અનુભવથી પણ જાણી શકશો. 'હું શરીર નથી' એમ સ્વપ્નમાં બનેલો ચોર કહે છે; કારણ કે તમે ઈશ્વરની ચોરી કરી છે, સત્યને ચોરી લીધું છે, સત્યસ્વરૂપ આત્માને છુપાવ્યો છે, ને તેથી આ સ્વપ્નનો ચોર સ્વપ્નનાજ સર્પથી ડંખાય છે. ડંખનું પરિણામ એ આવે છે કે, તમે જાગૃત થાઓ છો અને તે પરમ સત્ય, આત્મા, જાહેર થાય છે, કે જે આત્મા અગમ્ય છે, અવર્ણનીય છે, વાચા તેને પહોંચી શકતી નથી.

પ્રશ્ન:—જો મૃત્યુ આ જાગૃત સંસારની નિદ્રા સમાન છે, તો તે મૃત્યુસમયે સંસારમાં શું થાય છે તે આપણું કેમ જાણી શકતા નથી?

ઉત્તર—જ્યારે તમારો છુપાત્મા મૃત્યુરૂપી નિદ્રામાં હોય છે, ત્યારે તમારી પોતાનીજ પેદા કરેલી સૃષ્ટિમાં તમે વસો છો, અને જાગૃતાવસ્થામાં પણ તમારી પોતાનીજ પેદા કરેલી સૃષ્ટિમાં હો છો. આ રીતે મૃત્યુરૂપી નિદ્રાને જાગૃતાવસ્થાની સૃષ્ટિ નડતી નથી [illegible] છે, તેમજ સ્વપ્નસૃષ્ટિ પણ જાગૃતાવસ્થાની સૃષ્ટિને નડતી નથી.

પ્રશ્ન—આત્માને [illegible] નથી તો પછી જે નિદ્રા લે છે તે કોણ?

ઉત્તર—આત્મા કદી નિદ્રા લેતો નથી. નિદ્રા તેને અડકી પણ શકતી નથી. વેદાન્ત પ્રમાણે નિદ્રા [illegible] સુષુપ્તાવસ્થા [illegible] છે. નિદ્રા મનને તથા અહંભાવને આવે છે. નિદ્રા અસત્યને વળગે છે, સૂક્ષ્મ શરીરનેજ લાગે છે. નિદ્રા અહંભાવનોજ એક [illegible] વિભાવ છે, માયા છે, સ્વપ્ન છે.

પ્રશ્નઃ—મધ્યસ્થો મૃત્યુ પામેલાઓની સાથે વાતચીત કરી શકે છે?

ઉત્તરઃ—'રામ' કહે છે કે જાગૃતાવસ્થામાં પણ જે કાંઈ તમે જાણો છો, સમજો છો, તે સર્વ અંતર્યામીમાંથીજ આવે છે. જે વસ્તુઓ બહાર જણાય છે તે સર્વ તમારી અંદરજ રહેલી છે. મૂર્છાવસ્થામાં, મધ્યસ્થ સ્થિતિમાં પણ જે કાંઈ જાણવામાં આવે છે તે સર્વ અંતઃકરણમાંથીજ આવે છે. વિશ્વમાં જે કાંઈ છે તે બધું આત્મામાંથીજ છે એમ વેદાંત કહે છે. સર્વત્ર પરમાત્માજ વ્યાપી રહેલો છે એમ તે કહે છે. [illegible], ભૂત પિશાચ, સૂર્ય, ચંદ્ર, સઘળા તમારા પોતાનાજ પેદા કરેલા છે. તમારી બહાર કાંઈ પણ નથી.

પર્શીઅન ભાષામાં એક સુંદર કાવ્ય છે, ને તે હાફીઝ નામે એક મહાન કવિ થઈ ગયો તેનું લખેલું છે. ને કહે છે કે:—“હે મન! શંકા, તર્ક સર્વ મૂકી દે, ને સ્વર્ગના દ્વાર [illegible] તેવા અમૃતથી-મદ્યથી, મારો પ્યાલો ભરી દે” આનો અર્થ એમ નથી કે મદ્ય પીવો; પણ એમ કહે છે કે મન હૃદય બંને [illegible] કરવો. એવી મનની સ્થિતિ બનાવવી કે જેથી [illegible] થાય, ને સ્વર્ગનાં દ્વાર ખુલી જાય. 'રામ' કહે છે કે [illegible] શંકાઓ, તર્ક વિતર્ક છોડી દો અને 'રામ' ની સાથે [illegible] બનો. 'રામે' હૃદય ખોલીને [illegible] જોઈએ છે, “[illegible]” [illegible] પણ શિર ને શયતાન એને સાથે [illegible] નહિ શકો [illegible] ને તે સાથે સત્યનો સાક્ષાત્કાર કરવા [illegible], એમ [illegible] નથી. પરમ સત્ય જાણવા માટે તમારે [illegible] જોઈએ. જગતની લાલસાની પાર જવુંજ જોઈએ. [illegible], [illegible] ને માયા દૂર કરો. ભોગ આપ્યા વિના, [illegible] પ્રાપ્તિ નથી. જો ભોગ આપી શકાય એમ ન હોય તો [illegible] છાનામાના બેસી રહો. સાક્ષાત્કાર કરવો હોય, [illegible] હોય તો [illegible] આપો. માયાને લઈને એટલું [illegible] આધીન થશો [illegible] આ પરમ સત્ય બેધડક કહ્યું છે, [illegible] કોણ કરે છે? આજે આ શબ્દોના અર્થનો કેવો અનર્થ થાય છે! આ ઉપરથી 'રામ'ને [illegible] વાત યાદ આવે છે. હિંદુસ્તાનમાં એક [illegible] પુરૂષ થઈ ગયો

છે. તે મસ્તાનો હતો. રસ્તે ચાલતાં તે ઉંચે સ્વરે બોલતો કે:—" હે ગ્રાહકો ! હે હિમ્મતના ગ્રાહકો ! ચાલો ! ચાલો ! હે જગતના ભારથી દબાઈ ગએલાઓ ! મારી સાથે ચાલો, હિમ્મત મળશે." પોતાની ભાષામાં તે બોલતો હતો, ને કહેતો કે હે લોકો ! "નામ લે લો" એટલે કે જેને પરમેશ્વર જોઈતો હોય તે ચાલો. હવે 'નામ'ના બે અર્થ થાય છે; એક ઈશ્વર ને બીજો જવાહીરથી સુશોભિત સુંદર હાર. એક ગૃહસ્થ રસ્તે જતો હતો. તેણે આ સાંભળ્યું. તેને એક હીરાનો હાર વેચાતો લેવો હતો, તેથી એક દિવસ પૂછતો પૂછતો પેલા બૂમ પાડી વેચનારના મકાને ગયો. ત્યાં ગયો તો ઘણી ગરીબાવસ્થા જોઈ તેથી વિસ્મય પામ્યો કે હીરા મોતી વેચનાર તે શું આવી સ્થિતિમાં રહેતો હશે ! ઘરમાં ગયે તો પેલા મનુષ્યને દીઠો નહિ, પણ એક નાના બાળકને દીઠું; તેને પૂછ્યું કે હીરાનો હાર વેચનાર ક્યાં છે ? બાળકે કહ્યું; " મારા પિતા બહાર ગયા છે, તે સાંઝ સમયે આવશે; પણ આપને શું કામ છે તે કહેશો ?" બાળકના બોલવાથી આ માણસ ઘણો ખુશી થયો તેથી તેણે કહ્યું:—" મારે નામ ખરીદવો છે." બાળકે સ્મિત કરી કહ્યું:—" ઓહો ! એમાં શું ! નામ તો હું આપું. એ તો બહુજ સહેલું છે. " પેલો માણસ બહાર વાટ જોતો બેઠો ને બાળક ઘરમાં ગયું. ઘણી વાટ જોઈ પણ બાળક બહાર નીકળ્યું નહિ, તેથી તે ગ્રાહક અધીરો બની પોતે પણ અંદર ગયો ને જોયું તો બાળક એક મોટો છરો લઈ ધાર ચઢાવતું હતું. આ જોઈ તેણે કુતૂહલથી પૂછ્યું:—" આ શું કરે છે ? મને આમ બહાર બેઠો કરી તું રમતે ચઢયો છે ! મશ્કરી બશ્કરી કરે છે કે શું ?' બાળકે કહ્યું:—"માફ કરો, ધીરજ રાખો, એક ક્ષણ ખમી જાઓ, હું આવું છું " પેલા માણસે ગુસ્સે થઈ કહ્યું:—" જલદી કર, છરો મૂકી દે."

બાળક.—ત્યારે તમારે નામ નથી જોઈતો !

પેલો માણસ:—નામજ જોઈએ છે, પણ તે દેખાડ ક્યાં છે ? હું ઝવેરીને ત્યાં લઈ જઈને તેની કિંમત અંકાવું.

બાળક:—અમારૂં 'નામ' એવું નથી કે જેની કિંમત ઝવેરીઓ આંકી શકે, તેની તો કિંમત ક્યારની અંકાએલીજ છે, તેને માટે આમ તેમ શોધખોળ કરવી પડે તેમ નથી.

પેલો માણસઃ—એમ ? ત્યારે લાવ ઝટ દેખાડ. છરો મૂકી દે બાજૂપ

બાળકઃ—અરે પણ પહેલી કિંમત તો આપો પછી નોમ લ્યો.

પેલો માણસઃ—વાહ ! કિંમત લીધા પછી છરો મારી મને માર નાખવો છે કે શું ?

બાળકઃ—જો 'નોમ'ની કિંમત જાણતા નહોતા તો શા સારૂ અહં આવ્યા ? ખબર નથી કે 'નોમ' મેળવવા સારૂ જીવન આપવું પડે છે જીવનનો ભોગ આપો તોજ 'નોમ' મળે છે, ને જે જીંદગી બચાવવ માગતું હશે તેને 'નોમ' નહિ મળે.

અરેબીક ભાષામાં કહેવત છે કે, "કબરમાં જતાં પહેલાંજ મરો " એમ કરીને જગતને સ્વર્ગ બનાવો." સંસ્કૃતમાં પણ કાવ્યનાં પુસ્તકો ઉપર પુસ્તકો આ વિષય ઉપર રચાએલાં છે. જગત તરફથી મોં ફેરવો, સર્વ પ્રકારે જગતથી વિમુખ થયો, ભોગો આપશો તો જગતને મન વ્યાવહારિક રીતે મૃત્યુ પામશો; ત્યારેજ ખરૂં જીવન શરૂ થશે. ઉપદેશકો ને શિક્ષકોના ખુશામતીઆ શબ્દોથી છેતરાશો નહિ. 'રામ' સત્ય કહે છે, ખુશામત કરતો નથી. વેદોમાં કહ્યું છે કેઃ—

મનુષ્યનું શરીર એક કિલ્લા જેવું છે ને ઇન્દ્રિયો તે કિલ્લામાં છિદ્ર સમાન છે. એ કિલ્લાના કાંગ્રા આગળ તોપો ને બંદૂકો મૂકીએ છીએ. જેવી રીતે એ તોપો અંદરની બાજુથી છોડવામાં આવે છે, ને ભડાકા બહાર થાય છે, એ પ્રમાણે શરીરમાંથી બીજાઓ તરફ દ્રષ્ટિપાતરૂપી તોપો ને બંદૂકો છોડી તેમના હૃદય અને બુદ્ધિપ્રતિ બહિર્મુખ દ્રષ્ટિ જાય છે. આ શરીરરૂપી કિલ્લાના અધિષ્ઠાતા આત્માએ મનુષ્યની ખૂબ મશ્કરી કરી છે. તોપના ગોળાઓ અંદરથીજ બહાર ફુટે છે; છતાં મનુષ્ય એનાથી ગભરાઇને બહાવરો બને છે ! તે સમજે છે કે આમ લડાઈ કરી હું જગતને જીતું છું, માલમત્તા વધારૂં છું, પરંતુ સત્ય તો એ છે કે એમ કરી પોતે મહા જોખમ ખેડે છે, પોતાનું સર્વસ્વ ખોઇ દે છે. મનુષ્ય ધારે છે કે પોતે જ્ઞાન મેળવે છે; પરંતુ બાહ્યદ્રષ્ટિથી આત્માને ભૂખે મારે છે. વેદાંત કહે છે કે જે મનુષ્ય તોપો ને બંદુકોને ખોવાના તરફ તેમના મોં રાખી છોડે છે, તેજ જગતને જીતે છે. જેની દૃષ્ટિ બહાર અવલોકવાને બદલે અંદર અવલોકે છે, જેના કાન અંતઃકરણની વાત

જાણાય છે, ધરણુ કરવાના મૂળ કારણરૂપ આત્માને જે ઓળખે છે તેજ સત્ય રીતે જીવ્યો છે ને તેણેજ જન્મને જીત્યું છે.

અન્તર્મુખ દૃષ્ટિથી વિચાર કરો. આંખ શાથી જોઈ શકે છે, કાન શાથી સાંભળી શકે છે, વાળ શાથી ઉગે છે? તે સર્વનું કારણ આત્માજ છે, પ્રભુજ તેનું કારણ છે વિચાર કરો તો તરતજ સમજાશે કે તમે પોતે ઈશ્વરથી જરાએ પૃથક્ નથી આમ આત્માનુભવ કરો, વિષયના નિયતા બનો, જીંદગી ઓછી થતી જાય છે ને શરીર મૃત્યુ પામે છે જ્ઞાનરૂપી અજવાળું મળે મ ટેજ જીવન પી દીવડાને બાળવા જોઈએ. ઈશ્વરત્વ પ્રાપ્ત કરવા માટે અહર્નિશ પ્રયાસ થવાજ જોઈએ. હવે પાછા આપણે પેલી વાત ઉપર આવીએ

પણ બાળકે કહ્યું —મહેરબાન ! તમે નહોતા જાણતા કે નોમની કિંમત નથી થવાની ? નમ (મગરન મન નામ એટલે પરમાત્મા હતો ને પછાન મન હાર હત) મગાવવા માટે આ છરાથી તમે મસ્તક ઉડાવી દેવું. ...

માથાને સાટેજ પ્રભુને વેચવા કહાડયો! અરે મધુર અનાઘનન્ત દેવ! એકજ જીવન સારૂ માત્ર તું વેચાય! તારી કિંમત માત્ર એકજ જીવનની! અરે કરોડો, અસંખ્ય જીવનો ઉદ્ભવ પામો, ને તારી એક પળ પણ ઝાંખી થાય તેટલા માટે તેમનો નાશ થાઓ. અસંખ્ય મસ્તકો તારો સાક્ષાત્કાર કરવા માટે તો કપાવાં જોઇએ."

સાધુનાં વચનો સાભળી પેલો ગ્રાહક ને એકઠા થએલા લોકો વિસ્મય પામ્યા ને ત્યારેજ તેમને ખબર પડી કે, નોમ શબ્દનો અર્થ હીરાનોહાર નથી પણ કાંઈ ઓરજ છે.

અવિનાશી સુખરૂપી અમૃત ચાખવા માટે શી કિંમત આપવી પડે છે તે આ વાત ઉપરથી સમજાશે. જગતમાં રહી, જગતના ક્ષણિક સુખો ભોગવવા લાલસા રાખીને પ્રભુને મેળવી ન શકાય; માટે ભોગ આપો, કિંમત આપો, તોજ પરમ સુખની પ્રાપ્તિ થઈ શકશે.

એક મનુષ્ય રસ્તે ચાલતા પડી ગયો ને પગને વાગ્યું, તેથી ગુરૂત્વાકર્ષણની શક્તિને નિંદવા લાગ્યો. લાખો મનુષ્ય ભલે પડે ને પગ ભાગે માટે શું ગુરૂત્વાકર્ષણના દોષ કઢાશે? નહિજ દરેક પ્રકારનાં દુઃખો, અધઃપાત વગેરે માત્ર આપણી નિર્બળતાનાજ કારણથી છે. એ નિર્બળતા દૂર કરો. કોઈ બીજાના દોષ ન કાઢો

એ નિર્બળતા શું છે? માત્ર અજ્ઞાનજ છે. તે અજ્ઞાનને લીધેજ શરીર તથા ઇંદ્રિયો વગેરેને " આપણું આપણું સ્વરૂપ માનીએ છીએ. આ અજ્ઞાન દૂર કર્યાથીજ આપણે કોણ છીએ ને જણાશે આપણી પાંસળી કે જઠરાગ્નિનું અસ્તિત્વ કયારે માલૂમ પડે છે? જ્યારે તે નિરોગી સ્થિતિમાં નથી હોતા ત્યારેજ એનું આપણને ભાન થાય છે. જ્યારે તેમાં રોગ હોય છે ત્યારે તન્દુરસ્તીમા શરીરનું કાંઇ ભાન થતું નથી. સર્વ જગત આપણું શરીર છે ને આપણે તન્દુરસ્તીમા છીએ એમ માનો ને અનુભવો ત્યારેજ પરમ સુખ પામશો એક સાધુને કોઇએ પૂછ્યું કેઃ– " જીસસ ક્રાઇસ્ટને શૂળી ઉપર ચડાવ્યો તે વખતે તેને શૂળીનું ભાન ન થયુ ?' સાધુએ કહ્યું કે –" તે વખતે તેની પાસે શરીરની આસપાસ નાળીએર હતા." હિંદુસ્તાનમા કોઇને મળવા જતા, ભેટ મૂકવા સારૂ નાળીએર–શ્રીફળ લઇ જાય છે તેજ પ્રમાણે પેલા પ્રશ્ન પૂછનારે એ શ્રીફળ

સાધુને આપ્યાં હતાં. તેમાનું એક કાચું હતું ને બીજું સૂકાઇ ગયું હતું.

સાધુએ કહ્યું:-" આ શ્રીફળ કાચું છે. તેની કાચલી ભાગુ તો અંદરના ગલનું શું થશે ?" પેલા ભેટ મૂકનારે કહ્યું:-" એ પણ ભાગી જશે.' સાધુ-" વારૂ ત્યારે આ સૂકા શ્રીફળને ભાગુ તો અંદરની વસ્તુનું શું થશે ?" ત્યારે પેલાએ કહ્યું:-" તો તો અંદરનો ગલ નહિ ભાગે તેને કાંઈ ઇજા નહિ થાય." સાધુ:-" કેમ ?" પેલા ભેટ મૂકનારે કહ્યું કે.-" સૂકા શ્રીફળમાંથી તો અંદરની વસ્તુ તેની મેળેજ છુટી પડી જાય છે ને કાચામાં તો એ વસ્તુ કાચલી સાથે ચોટી રહે છે." સાધુ-"ઠીક. એજ પ્રમાણે જ્યારે ક્રાઇસ્ટને શૂળી ઉપર ચડાવ્યો ત્યારે ખરી રીતે કોને ચડાવ્યો હતો ?" પેલાએ કહ્યું -" એના શરીરને " સાધુ -"ઠીક જેમ સૂકા શ્રીફળને ભાગતા અંદરના સત્વને ઇજા નહોતી થઇ, તેજ પ્રમાણે જીસસ ક્રાઇસ્ટને શૂળી ઉપર ચડાવ્યો તે વખતે તેનો આત્મા શરીરથી છુટો પડવાથી તેને કંઇ ઇજા થઇ નહોતી, માટે દીલગીર શા માટે થાઓ છો ? તેને માટે શોક કેમ કરો છો ? '

શરીર ઉપર આસક્તિ એજ નિર્બળતા છે ને આ આસક્તિ રાખી દેહના નાશ સાથે આત્માનું મૃત્યુ માનવું તેનેજ જગતના લોકો મરણ કહે છે પણ જ્યાં સુધી આ નિર્બળતા છોડશો નહિ ત્યાં સુધી મૃત્યુને જીતી શકશો નહિ દુઃખ દરિદ્રતા વ્યાધિ, શોક વગેરેની પાર જઇ શકશો નહિ [illegible] અસ્તિત્વજ નથી એનેજ જ્ઞાનો જીવન્મુક્ત એમ કહે છે કે જે [illegible] છે

જ્ઞાન [illegible] જાણે છે કે હું અજર અમર છું કે જન્મ્યોજ નહોતો [illegible] ગીતાજી ભગવતના [illegible] નામના પ્રકરણમાંથી [illegible] જે દિવસે માના જન્મ [illegible] દિવસે [illegible] પાના [illegible] જાણ્યા ! જન્મદિવસની [illegible] ઉપાયજ નથી, પણ [illegible] [illegible] અમુક હદ સુધી મન [illegible] જાણે [illegible] નહિ, જાણે કદિ પણ જન્મ્યોજ નથી [illegible] નિદ્રાના [illegible] સ્વપ્ન [illegible] ભૂલી જવાય છે, તેમ [illegible] જગતના તમારા બધા સંબંધોની વિસ્મૃતિ થઇ જાય શ્રીકૃષ્ણની [illegible]

દીને એડાથી દૂર કરવાનો આજ સાચો રસ્તો છે, ને ત્યારેજ મૃત્યુ જીતી શકાશે."

જુનાં ગીતો નવા વાજીંત્ર ઉપર નવા રાગે ગાવાં એજ સાક્ષાત્કારનો રસ્તો છે. ગીતો તો જુનાંજ રહેશે પણ તેના સૂર, રાગ જુદા નીકળશે. જગતને જુદીજ દૃષ્ટિથી જુઓ. દરેક વસ્તુમાં પ્રભુ જુઓ. પ્રભુની આંખે જગતને જુઓ. કેટલાંક દૃષ્ટાન્તથી આ વાત બરાબર સમજાવીએ.

એક સ્થળે અમે ઇશ્વરપરાયણ થઇ બેઠા હતા ત્યાં એક જણ આવી ચડ્યો. ત્યાં આવીને એ તો રોવા ને કૂટવા લાગ્યો; પણ કોઇએ ધ્યાન ન આપ્યું. 'રામ' ના પુત્રના મૃત્યુથી તે શોકગ્રસ્ત થયો હતો, કારણ તે છોકરો તેનો સગો હતો. કોઇએ તેના તરફ લક્ષ આપ્યું નહિ, એટલે તે નીચે બેઠો; અને પછી તેની ચિંતા દૂર કરવા સારૂ તેને શાન્ત ચિત્તથી પૂછવામાં આવ્યું કેઃ—"શોક કરવાનું કારણ શું છે?" તેણે કહ્યુંઃ—"છોકરાનું મૃત્યુ તેનાથી સહન થઇ શકતું નથી." બીજા બધા તો જ્ઞાનમાંજ મસ્ત હતા, તેથી તેમને કાંઇ શોકની નીશાની જણાઇ નહિ; કારણ કે એ લોક જુના ગીતોને નવા રાગમાં ગાનારા હતા. પેલા મનુષ્યને કહેવામાં આવ્યું કે.—"હે ભાઇ! તમે એ છોકરાના સંબંધી છો એમ કહો છો તે તો માત્ર 'પવન વાય છે" એમ કહેવા બરાબર છે. તો પછી એ બાબતમાં અવાસ્તવિક શું છે કે આટલા બધા વ્યગ્ર થઇ ગયા છો? "નદી વહે છે" તેમાં આપણને વ્યગ્ર થવાનું શું કારણ છે? કેમકે તે સ્વાભાવિકજ છે, પ્રકૃતિને અનુસરીને જ છે. અમુકનું મૃત્યુ થયું કે પુત્રનું મૃત્યુ થયું, તેમાં પ્રકૃતિવિરુદ્ધ શું થયું છે? જન્મ તેનું મૃત્યુ તો અવશ્ય છેજ. પાઠશાળામાં દાખલ થાઓ છો ત્યારે કાંઇ ત્યાં ઘર કરી રહેવા માટે રહેવા નથી જતા. માત્ર એક વર્ગમાંથી બીજા વર્ગમાં જવા માટેજ પાઠશાળામાં જઇએ છીએ. દાદરે ચઢીએ છીએ તે પગથીએ પગથીએ ઉપર જવા માટેજ, નહિ કે એકજ પગથીઆ ઉપર ઉભા રહેવાને માટે; તેમ જન્મીએ છીએ તે પણ મૃત્યુ પામીને બીજો જન્મ ધારણ કરવાને માટેજ. માટે પુત્રનું મૃત્યુ થયું તે સ્વાભાવિકજ છે. એક શરીર છોડી બીજું શરીર ધારણ કરવા માટેજ તેમ બન્યું છે, તેમાં નવાઇ જેવું કાંઇજ નથી."

જગતમાં આ પ્રમાણે જ્ઞાનનિષ્ઠાથી રહેવાથી, આત્માને પરમાત્મારૂપે ઓળખવાથી, દિવ્ય જ્ઞાનરૂપી દુર્બીનથી જગતરૂપી વેપશાળામાં ઉંચા રહી સર્વત્ર દૃષ્ટિ નાંખવાથીજ સુખ ને આનંદ અનુભવાય છે. તમે મન નથી, બુદ્ધિ નથી, શરીર નથી, પરંતુ પ્રકાશના પણ પ્રકાશ છો, પરમસત્ય છો. આનો સાક્ષાત્કાર કરો, પૂર્ણ અનુભવ કરો, એજ આવશ્યક છે. આ શરીર ગમે તે સ્થળે હોય, ગમે તે સ્થિતિમાં હોય, તેની દરકાર શા માટે કરવી જોઇએ? સાક્ષાત્કાર કરો, જ્ઞાનરૂપી અમૃત પીઓ તો સર્વ જગત સ્વર્ગરૂપ બની રહેશે. આત્માનો અનુભવ કરો એટલે અખિલ બ્રહ્માંડ તમારૂં દાસ બનશે.

એક સમયે એક જણ આવીને રામને કહેવા લાગ્યો કે:–"એક મહાન્ રાજા તમને મળવા આવે છે." અહીં જરા એક વિચાર કરવા જેવી વાત છે. 'રામ'–દરેક વસ્તુમાં પ્રભુ જોતો હતો તેથી બોલી જવાયું "તેમાં 'રામ' ને શું છે ?" પેલો મનુષ્ય બોલ્યો:–"અરે એ તમારે માટે કિંમતી ભેટ લાવે છે." 'રામે' કહ્યું:–"તેમાં મારે શું ? રાજા હોય તેનાં મારે શું ? મારે તો પરમ સત્ય જોઇએ છે. જગતની ક્ષણભંગુર, અસત્ય વસ્તુઓમાં 'રામ' ને સ્વાર્થ નથી." સત્ય આનંદરૂપ પરમાત્મા મને નિરંતર પ્રવૃત્તિમાં રાખે છે. નિરર્થક વાર્તાલાપ મારે ઉપયોગનાં નથી. પરમ જ્ઞાનની દૃષ્ટિથી સર્વ જોવામાં આવે તો ધનવાન, રાજા કે પાદશાહ, કે ગમે તે પુરુષ, શું આશ્ચર્ય ઉપજાવી શકે ? માત્ર દૃષ્ટિબિન્દુ ફરવું જોઇએ. **વર્તમાનપત્રો જ્યારે આપણને રસ ઉત્પન્ન ન કરે–નીરસ લાગે–ત્યારે જગતમાં એક પગથીયું આપણે આગળ વધ્યા અને પ્રભુની પાસે આવ્યા, એમ જાણવું જોઇએ.** આ વાતનો અનુભવ કરજો. આ પ્રમાણેનો ભોગ આપી શકશો ત્યારેજ સત્ય જીવન ઉત્તર્યું જણાશે. દૃષ્ટાન્તો આપ્યા છે તે કાંઇ અનુકરણ કરવા નથી આપ્યા, પણ તમે પોતે આ વાતોનો જાતે અનુભવ કરો, આત્માને ઓળખો, સાક્ષાત્કાર કરો, ને સર્વ ઇચ્છાઓ, લાલચો, દુ:ખ, ચિંતા વગેરેની પેલી પાર જાઓ એ માટેજ આપ્યાં છે.

ૐ ! ૐ !! ૐ !!!



३२—अरण्यनी वातो.

(१) गृहस्याश्रम.

ચસ્માથી બધું જોઇ શકાય છે; પરંતુ ચસ્મા આંખોને ભારરૂપ ન થઇ પડતાં ઉલટાં મદદગાર થઈ પડે છે. પતિપત્ની વચ્ચેનો સંબંધ પણ એવોજ હોવો જોઇએ. એક બીજાના કાર્યમાં વિઘ્ન ન કરતાં પરસ્પર સહાયક થાય તેમ તેમણે વર્તવું જોઇએ. એટલા માટે લગ્ન કેવલ સ્થૂલ શરીરનાંજ નહિ પરંતુ આત્માનાં પણ સાથે લગ્ન થવાં જોઇએ. બન્ને જણ એક બીજાને સ્થૂલ દેહરૂપ ન ગણતાં આત્મરૂપજ દેખે, પરમ સત્યરૂપ દેખે ને સ્વાર્થરૂપી આડખીલીઓ વચ્ચે ન આવે, તોજ ખરો ગૃહસ્થાશ્રમ શોભી નીકળે.

જેમ શ્વાસ આપણી નજીકમાં નજીક છે, છતાં આપણને તેની ખબર પડતી નથી, આપણે તેને જોઇ કે સ્પર્શી શકતા નથી; તેમજ પતિપત્ની એક બીજાને ભારરૂપ નથી; પરંતુ હાલ તો પતિની ઉન્નતિમાં પત્ની અને પત્નીના માર્ગમાં પતિ વિઘ્નકર જણાય છે.

હિંદુસ્તાનમાં સ્ત્રી અને પુરૂષ આંખમાં આંજણ આંજે છે, તેથી આંખને જરા પણ હરકત ન આવતાં ઉલટી આંખની જોવાની શક્તિ વધે છે; અને જો અડચણ જણાય તો અવશ્ય કાંઇ પણ વિકૃતિ થએલી હોય છે. પેટમાં દુઃખે ત્યારેજ ખબર પડે છે કે લીવર બગડ્યું છે; આ એક નિયમ છે. 'રામ' ની સ્ત્રીએ એક સમય 'રામ' ને પૂછ્યું કે:—"હું તમને યાદ આવું છું?" 'રામે' કહ્યું:—"કદિ નહિ." કારણ અમુક વ્યક્તિ આપણને ત્યારેજ સાંભરે છે કે જ્યારે આપણે તેનાથી ભિન્ન હોઇએ, ભેદવાળા હોઇએ. તમારી આંખ તમને સાંભરે છે? તમારા હાથ પગ કદિ તમને સાંભર્યા છે? કદિ નહિ. માત્ર જ્યારે કાંઇ મંદવાડ

આવે છે ત્યારેજ એ અવયવોનું ભાન થાય છે. તે સિવાય તમારામાં ને તમારાં અવયવોમાં અભેદજ છે એટલે પછી કોણ કોને સાંભરે ?

એકાદ મિત્રનો કાગળ આવે છે ત્યારે કાગળ વાંચવો બહુ ગમે છે; કેમકે મિત્રને લીધે કાગળ ઉપર પ્રેમ આવે છે. તેજ પ્રમાણે સ્ત્રી પુરૂષે પરમાત્મા તરફના પત્રની પેઠે એક બીજા તરફ વર્તવું જોઇએ. ધણીનું અંગ એ પરમાત્મા તરફથી મળેલો કાગળ યા છબી સમજવી, ને આ છબીદ્વારા પ્રભુનાં દર્શન કરવાં જોઇએ. પતિના સમાગમમાં પરમાત્માની નિકટતાનો અનુભવ કરવો જોઇએ. આ પ્રમાણે દરેક વસ્તુને પ્રભુની છબી રૂપજ સમજવી. પોતે પ્રભુ છે, સર્વ પ્રભુ છે, તેજ હું છું ને હું જ તે છે. આ પ્રમાણેના વર્તનથીજ પરમ સુખની પ્રાપ્તિ થશે.

(૨) નવ્વાણુંનો ચક્રાવો.

લોકો કહે છે કે ભાઈ ! કદિ નવ્વાણુંના ચક્રાવામાં પડશો નહિ ! એ ચક્રાવાનો અર્થ શું છે ?

એક માણસ નાના ગામડામાં પોતાના કુટુંબ સાથે સુખેથી રહેતો હતો. આખો દિવસ મજુરી કરીને તે પેટિયું પેદા કરતો હતો. તેને [illegible] નહોતી, [illegible] નહોતી,

[illegible]

ને કાંઇ સાચું કર્યું પણ જણાયું નહિ. તે દિવસે બધાં ભૂખ્યાં રહ્યાં. બીજે દિવસે પેલો સાધુ ધનાઢ્ય પુરૂષને લઇને પેલા નિર્ધનને ઘેર ગયો અને પૂછ્યું કે:—"આજ કેમ કાંઇ ચુલો સળગાવ્યો નથી ?" ધણીને બેહને પેલાએ સત્ય વાત કહી દીધી કે પહેલાં તો અમે હરરોજ રાંધીને જમતાં હતાં; પણ આજે નવ્વાણું રૂપીઆની થેલી મળી. ત્યારે વિચાર કર્યો કે સો પૂરા થવાને માત્ર એકજ રૂપીઓ ખૂટે છે; માટે એકાંતરે લે અન્ન ખાઇશું તો એક રૂપીઓ બચાવાશે.

ધનાઢ્ય લોકની કૃપણતાનું આજ મુખ્ય તત્વ છે. જેમ પૈસો વધારે મળતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે, ને ઉલટા તેઓ વધારે ને વધારે ગરીબ બનતા જાય છે હજાર મળે તો દશ હજાર કરવા ઇચ્છા થાય છે ને દશ હજાર થાય તો લાખની ઇચ્છા તેમના અંતઃકરણમાં ઉત્પન્ન થતી હોય છે.

(૧) तेरे दर दुखाडीनी पार उतारवी है ?

[illegible]

તો. થોડીવારમા તો તેણે કેટલીએ છરીઓને પાર ચડાવી દીધી, એટ લામાં બેન્જામીનને થાક લાગ્યો ને નિશાળ પણ સાભરી, તેથી દુકાન પાસેથી જવાનો વિચાર કર્યો પણ પેલો લુહાર પાછો ખુશામત કરવા લાગ્યો કે:–" વાહ ! ઘણોજ સારો છોકરો છે ! કહિ નિશાળમા તને શિક્ષા તો થતીજ નથી ! બીજા છોકરાઓને એક પાઠ કરતા બે ત્રણ કલાક લાગે છે ને તુ તો થોડીજ વારમા એક પાઠ તૈયાર કરી શકે છે !" થોડીવાર પાછુ કામ કર્યું પણ હવે તો નિશાળે જવાને તેનુ મન વલ વલ થઈ ગયુ નિશાળનો વખત દશ વાગ્યાનો હતો પણ બેન્જામીન બાર વાગે ગયો નિશાળમા મોડા જવા માટે તેને શિક્ષા ખમવી પડી, વળી કામના થાકથી હાથ સૂજી ગયા હતા તેથી એક અઠવાડીઆ સુધી તે માંદો રહ્યો પણ ત્યાર પછી જ્યારે જ્યારે કોઈ તેની ખુશામત કે વખાણ કરતુ ત્યારે તે કહેતા કે, ' તને કંઈ કુહાડીની ધાર ઉતરાવવી હશે ' ત્યાર પછી તે કોઈ દિવસ ખુશામતના ફસાયો નહિ

(૪) ગરીબ કોણ ?

[illegible]

જોવાને તો આમ એકઠું કરી રાખવાની ખાસ જરૂર છે, કારણ કે કોણ જાણે ક્યારે કેવો સમય આવે.” સાધુ કાંઈ બોલ્યો નહિ. બીજે દિવસે પેલો ધનાઢ્ય, જે ઝુંપડીમાં સાધુ રહેતો હતો ત્યાં ગયો; ને જોયું તો સાધુએ પોતાની પાસે એક મોટો ખાડો ખોદ્યો હતો ને તેમાં સારા સારા ગોળ પથરા એકઠા કરી કરીને દાટતો હતો.

ધનાઢ્યઃ—અરે સંતજી ! આ શું કરો છો ?

સાધુઃ—કેવા સુંદર ને ગોળ પથરા છે ! જોતો નથી ? એ બધાને એકઠા કરૂં છું.

પેલો ધનવાન પુરૂષ હસ્યો ને કહ્યુંઃ—“ શા સારૂ આપ પથરા એકઠા કરો છો ? આ આખો પર્વતનો પર્વત તો અહીં પડેલો છે.”

સાધુઃ—જરૂરની વખતે કામ લાગે માટે એકઠા કરૂં છું. કદાચ આ પર્વત અહીંથી ઉખડી જાય તો કોઈક સમયને માટે આ પથરા કામ આવી જાય.

ધનાઢ્ય પુરૂષઃ—અરે સાહેબ ! એમ તે બને ?

સાધુઃ—ભાઇ ! તેજ મને આમ કરવાનું શીખવ્યું છે. મૂર્ખ ! તને પ્રભુ તરફથી અન્ન નહિ મળે એવો સમય કદિ આવવાનોજ નથી, છતાં તું પૈસા સંગ્રહી રાખે છે અને અમૂલ્ય વખત તેમાં નકામો ગાળે છે. પ્રભુએ કાંઇ આમ પૈસા એકઠા કરી રાખીને જીવન એળે કાઢવાને નથી આપ્યું. ચિંતા અને ઉપાધિમાજ પડી રહેવાને માટે કાંઇ માનવજીવન નથી.

(૫) काबेल काजी.

એક સમયે એક કાજી બાદશાહ પાસે ગયો. બાદશાહ કાજીને ઘણું માન આપતો હતો, છતાં પણ તેની પરીક્ષા કરવાનું તેને તે દિવસે મન થયું. બાદશાહ પોતે ઘણો વિદ્વાન નહતો પણ તેની પાસે એક હજુરીઓ હતો, તેને કાજીની જગ્યા લેવી હતી તેથી તેણે કાજીને અમુક પ્રશ્નો પૂછવાનું રાજાને કહ્યું. કાજી જ્યારે દરબારમાં આવ્યા ત્યારે બાદશાહે પૂછયુંઃ—

“ ઈશ્વર ક્યાં બેસે છે ? કઇ દિશામાં મોં રાખે છે ? ને તે શું કરે છે ?” વળી વધારામાં કહ્યું કે, જે આ પ્રશ્નના ઉત્તર આપશે તેને ઉંચી

પછી આપવામાં આવશે. કાજીએ જાણ્યું કે બાદશાહ સવાલ પૂછે છે માટે તેમાં કાંઇ ઉંડું રહસ્ય હશે. સવાલ સાંભળી ઉત્તર દેવાને આઠ દિવસની મહેતલ માગી.

આઠ દિવસ સુધી કાજી સવાલ ઉપર વિચાર કર્યા કર્યા; પરંતુ કાંઇ સંતોષકારક જવાબ શોધી શક્યા નહિ. છેલ્લો દિવસ આવી પહોંચ્યો પણ જવાબ તૈયાર થઈ શક્યા નહોતા.

વધારે વખત લેવા સારૂ કાજીએ મંદવાડનું બ્હાનું કાઢ્યું. કાજીની પાસે એક હુશિયાર નોકર હતો તેણે આવી પૂછ્યું:–"કાજીજી ! શું થયું છે?"

કાજી:—તું તારે કામે વળગ, મારો જીવ ન ખાઇશ.

નોકર:—મહેરબાની કરીને કહો તો ખરા કે છે શું ? તમને દુઃખ થતું મારાથી જોઈ શકાતું નથી.

કાજીએ પોતાની મુશ્કેલીની વાત કહી. નોકર ઘણો સાધારણ સ્થિતિનો હતો, પણ વિદ્વાન હતો. એ આ સવાલોના જવાબ જાણતો હતો, તેથી કહ્યું:–"મને લિખિત હુકમ આપો એટલે હું જઇને બાદશાહને સંતોષકારક ઉત્તર આપું; ને જો બાદશાહને સંતોષ નહિ થાય તો તમારે બદલે હું મરવાને તૈયાર છું."

કાજી એમ કરવાને આનાકાની કરતા હતા પણ વાત ચાલતી હતી તેટલામાં બાદશાહનું તેડું આવ્યું, તેથી લાચારીથી નોકરને જવાની રજા આપી. નોકરે ફાટ્યાં તૂટ્યાં કપડાં પહેર્યાં ને ચાલવા માંડ્યું. આ નોકર વેદાંતમાં પ્રવીણ હતો. આ પંડિત નોકર બાદશાહ પાસે નિર્ભયપણે ગયો ને પૂછ્યું:–"આપ શા પ્રશ્ન પૂછવા માગો છો ?"

બાદશાહ:—તારા શેઠને પૂછેલા પ્રશ્નોનો જવાબ તું આપી શકીશ ?

નોકર:—હું પ્રશ્નનો ઉત્તર આપીશ, પણ આપ જાણો છો કે જે માણસ પાસેથી આપણે કાંઈ શીખીએ છીએ તે આપણો ગુરૂ કહેવાય છે, ને આપણે તેના શિષ્ય કહેવાઇએ છીએ, માટે કાયદા મુજબ માન મર્તબા-વાળી જગ્યાએ મને બેસાડવો જોઇએ ને પ્રશ્ન પૂછનારે એના ચરણમાં બેસવું જોઇએ.

બાદશાહે તેને સુંદર વસ્ત્ર પહેરવાને આપ્યા ને પોતાને આસને બેસાડીને પોતે સામે જઈને બેઠા, પરંતુ કહ્યું કે જો તારા ઉત્તર સંતોષ-

ઠારક નહિ હોય તો હું તને ગર્દન મારીશ.

નોકરે કહ્યું:—"અલબત્ત, એ તો કરારજ છે."

ત્યારે પહેલો પ્રશ્ન એ મૂકયો કે:-"ઈશ્વર ક્યાં બેસે છે?" જો દષ્ટાંત વિના જવાબ દીધો હોત તો રાજા સમજી ન શકત; તેથી નોકરે કહ્યું: "એક ગાય મંગાવો." ગાય આવી એટલે પેલા નોકરે પૂછયું કે:- "ગાયમાં દૂધ છે?"

રાજા:—અલબત.

નોકરઃ—દૂધ કઈ જગ્યાએ ભરાઈ રહ્યું છે?

બાદશાહ:—આંચળમાં.

નોકરઃ—ખોટી વાત. આંચળમાં એટલું બધું દૂધ માય નહિ. દૂધ તો ગાયના બધા શરીરમા રહેલુ જ છે. જાઓ, ગાયને લઈ જાઓ.

પછી દૂધ મંગાવ્યું ને પૂછયું:-"આમાં માંખણ કઈ જગ્યાએ છે?"

બાદશાહ જવાબ ન આપી શકયો એટલે પેલાએ કહ્યું:-"જો કે માખણ આ દૂધમા કઇ જગ્યાએ છે તે ખબર પડતી નથી, છતાં બધાય દૂધમાં માંખણ પ્રસરી રહેલું છે, તેજ પ્રમાણે પ્રભુ બ્રહ્માંડમાં સર્વત્ર બિરાજી રહેલા છે. **દૂધ મેળવવા સારૂ જેમ ગાયને દોહવી પડે છે, તે પ્રમાણે ઈશ્વરને મેળવવા સારૂ મનુષ્યે પોતાનું હૃદય દોહવાનું છે.**'


અને નોકરે પૂછયું:-"કહો હવે તમારા પ્રશ્નનો ઉત્તર મળ્યો?"

બાદશાહે કહ્યું:—"હા બરાબર મળ્યો." ને જે લોકોએ કહ્યું હતું કે પ્રભુ તો ઉચે આકાશમા સાતમા કે આઠમા સ્વર્ગ કે પાતાળમાં વસે છે, તે લોકો તેની નજરમા તુચ્છ લાગ્યા.

પછી "ઈશ્વર કઈ દિશા ભણી જૂએ છે" એ પ્રશ્ન આવ્યો. પ્રશ્ન વિચિત્ર હતો, કારણ કે સામાન્ય લોકો ઈશ્વરને સાકાર માનતા હતા. પેલા નોકરે આ પ્રશ્નનો જવાબ આપવા માટે કહ્યુ કે:-"એક દીવો કરો." દીવો થયો એટલે કહ્યુ કે.-"કહો આ દીવો કઈ દિશા ભણી મુખ કરી રહ્યો છે?" દીવો સર્વ દિશામા પ્રકાશ આપતો હતો, એ બતાવીને તે નોકરે કહ્યુ કે-"હે બાદશાહ! ઈશ્વર સર્વ દિશામા જૂએ છે."

હવે છેવટે "ઈશ્વર શું કરે છે ?" એ પ્રશ્નનો જુવાબ રહ્યો, નોકરે કહ્યું કે:—"કાજીને બોલાવો." કાજી આવ્યા ને નોકરને બાદશાહની ગાદી ઉપર બેઠેલો જોઈને આશ્ચર્ય પામ્યા. પછી કાજીને બાદશાહની જગ્યાએ બેસવા કહ્યું, ને બાદશાહને કાજીની જગ્યાએ બેસવા કહ્યું ને પોતે તો ગાદી ઉપર બેઠેલોજ હતો. પછી તે બોલ્યો કે:—"પ્રભુ આ પ્રમાણે હરહમ ઉધમ કરતો રહે છે; એટલે કે રાજાનો રંક અને રંકનો રાજા બનાવ્યા કરે છે. હાલ બાદશાહની ગાદી-ઉપર હું બેઠો છું. બાદશાહની જગ્યા ઉપર કાજી છે ને કાજીની જગ્યા ઉપર બાદશાહ છે. આ પ્રમાણે જગતની ઘટમાળ ચલવવી એ ઈશ્વરનું કર્તવ્ય છે." બાદશાહ સંતોષ પામ્યો ને નોકરને તે દિવસથી કાજી બનાવ્યો.





२३—प्रारब्ध नहि पण पुरुषार्थ.*

વિશ્વનિયંતાના રૂપમાં વિરાજતા સજ્જનો અને સન્નારીઓ !

આજનો વિષય "મનુષ્ય પોતેજ પોતાનું ભાવી બાંધે છે" એ છે. મનુષ્યને આપણે તેના ખરા રૂપમાં આલેખતા આવ્યા છીએ. સત્ય રીતે મનુષ્ય દૈવી પ્રાણી છે, પોતાના શરીરનો માલીક છે; એટલુંજ નહિ પણ આખા વિશ્વનો પણ તે માલીક છે. આજે મનુષ્યને જેમ વેદાન્તીઓ સૂક્ષ્મ શરીરના અર્થમાં ગણે છે, તેમ આપણે એને ઇચ્છાથી ભરેલો લાલસાયુક્ત એ અર્થમાં લઈશું. આવી રીતે બન્ધનયુક્ત સ્થિતિમાં પણ મનુષ્ય પોતાના ભવિષ્યનો કર્તા પોતેજ છે. આ વિષય ઘણી રીતે વર્ણવી શકાય એમ છે. દરેક રીતે આજેજ વર્ણવી શકાય તેમ નથી. આજ તો આપણે માત્ર ઘણાજ ઝીણામાં ઝીણા દ્રષ્ટિબિન્દુ ઉપર વિવેચન કરીશું.

મનુષ્ય જનમ્યા પછી પોતાની આસપાસના સંયોગો ઘણે અંશે ફેરવી શકે છે, એ માનવાજોગ છે. અમુક સ્થિતિમાં જન્મેલો મનુષ્ય આસપાસના સંયોગો ઉપર ઘણે કે થોડે દરજ્જે પણ સ્વામિત્વ ભોગવી શકે છે; એવા સંયોગોની પેલી પાર પોતે જઇ શકે છે. અધમાધમ સ્થિતિમાંથી ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિએ કેળવણીને લીધે મનુષ્ય ચડી શકે છે. આ જગતમાં ગરીબમાં ગરીબ ભિક્ષુકો પણ કીર્તિ ને માનની પદ્દી મેળવી શકયા છે. ઘણીજ હલકી ને સાધારણ સ્થિતિમાં જન્મેલાઓ પણ ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિએ જઇ પહોંચેલા છે. નેપોલીઅન બોનાપાર્ટ કે શેકસપીઅર, લંડનના લૉર્ડ મેયર વીટીંગ્ટન કે ચીનનો એક ગરીબ ખેડુત કે જે ચીનનો મુખ્ય પ્રધાન થઇ ગયો, તેમના દાખલા લ્યો. જગતમાં જન્મ્યા પછીથી

* સને ૧૯૦૩ ના જાન્યુઆરી માસની ૨૪ મી તારીખે ગોલ્ડનગેઇટ હૉલમાં આપેલું ભાષણ.

આપણી સ્થિતિ આપણે સુધારી શકીએ છીએ, એ સાબિત કરવું તે એવા દાખલા દલીલો ઉપરથી સહેલુંજ છે; પરન્તુ વેદાન્ત તો એટલે સુધી કહે છે કે, કેવી સ્થિતિમા જન્મવું, કેવા માબાપને પેટે જન્મવું, એ સર્વ પણ આપણીજ સ્વતન્ત્ર ઇચ્છા ઉપર છે. વેદાન્ત કહે છે કે જેમે તે દ્રષ્ટિથી આ પ્રશ્ન વિચારો તો જણાશે કે મનુષ્ય પોતાના ભવિષ્યનો કર્તા પોતેજ છે અને જન્મતાજ અંધ જન્મ્યા હોઈએ તો આપણે આપણી ઇચ્છાથીજ એ સ્થિતિમા જન્મ્યા છીએ. ગરીબ માતા પિતાને પેટ જન્મ લીધો હોય તો ત્યા પણ આપણા ભવિષ્યના કર્તા આપણેજ છીએ, આપણી સ્વેચ્છાથી જ એ સ્થિતિમા આવ્યા છીએ

હવે આ પ્રશ્ન વિચારીએ કે, "મનુષ્ય પોતાના માતા પિતાની પસંદગી કવી રીતે કરે છે? બીજી રીતે કહીએ તો પુનર્જન્મનો નિયમ કેવો છે ત વિષે કાંઈક વિચાર કરીશુ કેટલાક એમ માને છે કે મનુષ્ય મરી જાય છે અને તે હમેશને માટે આ દુનિયા છોડીને જાય છે કેટલાક એ મનો અમરત્વને લીધે પોતાના વસવાટમાંથી જીવને ભૂખ્યું પડી પણ ભગવાને ... લીધે પાછા ફરી નથીશુ એમ માને છે

[illegible]

નાશવંત છેજ નહિ. ત્યારે હવે શંકા શી રહે છે? સૂક્ષ્મ શરીર-માન સિક ઇચ્છાઓ, લાગણીઓ, વાસનાઓ, એનું શું થાય છે? જડ શરીરના નાશ પામવા સાથે આ વૃત્તિઓ પણ નાશ પામે છે? બીલકુલ નહિ. એનો નાશ કરી શકાયજ નહિ. ત્યારે તે બધાનું શું થાય છે? ઇચ્છાઓ, વાસનાઓ વગેરેનું શું થાય છે, એજ પ્રશ્ન માત્ર રહે છે. કોઇ કહેશે કે તે તો અન્ય ભૂમિ ઉપર ચાલ્યાં જાય છે, તો તેમ સાબિત કરવાને કોઇ સાધન નથી. એમ માનનારના દ્રષ્ટિબિન્દુથી કદાચ તે વાત સંભવિત હોય; પરંતુ વિજ્ઞાનશાસ્ત્ર તે બાબતની સાબીતી જડ જગતમાંજ માગે છે.

આપણે એ નિયમ તો જાણીએજ છીએ કે જગતમાં કાંઇ નાશ પામતુંજ નથી. પ્રત્યેક વસ્તુનું માત્ર રૂપાન્તરજ થાય છે, પદાર્થના નિત્યપણાનો અવિનાશી નિયમ સિદ્ધ કરે છે કે 'નાશ' એવું કાંઇ છેજ નહિ. ઠીક, જડ શરીર નાશ નથી પામતું, આત્મા નાશ નથી પામતો, તો પછી આ ઇચ્છાઓ-વાસનાઓ નાશ પામે એમ માનવાનું શું કારણ છે?

જગતમાં શક્તિનો સંગ્રહ થઇ રહે છે, નાશ નથી થતો, એ તો હવે સર્વ કોઇ જાણે છે. ત્યારે પછી વાસનાઓ વગેરે નાશ પામે છે એમ કહેવું વ્યાજબીજ નથી. તે શક્તિઓ સ્થલાન્તર કરે, નામરૂપ બદલાવે પણ અસ્તિત્વમાં તો રહેજ. જેમ મીણબત્તી સળગાવીએ છીએ ને થોડી વારમાં બધી બળી જાય છે, પણ રસાયનશાસ્ત્ર દેખાડે છે કે કાંઇ પણ નાશ પામ્યું જ નથી, માત્ર રૂપાન્તરજ થયું છે-તેજ પ્રમાણે જ્યારે મનુષ્ય મૃત્યુ પામે છે, ત્યારે બાહ્ય દ્રષ્ટિએ તેની વાસનાઓ પણ ગુમ થએલી જણાય છે; પરંતુ વેદાન્ત આત્મનું શાસ્ત્ર સિદ્ધ કરી બતાવે છે ને જગતને પ્રયોગ અને પ્રમાણપૂર્વક જણાવે છે કે વાસનાઓ નષ્ટ થતીજ નથી. હવે જ્યારે એ નષ્ટ નથી થતી તો તેનું શું થાય છે? ગણિતના દાખલા પ્રમાણેજ આપણે આ દાખલો મૂકીશું. એક દાખલો લઇને પહેલો તો તે શેના ઉપર રચેલો છે તે જોઇએ છીએ, ને તે ઉપરથી શું માગ્યું છે, શું શોધી કાઢવાનું છે, તે વિષે વિચાર કરીએ છીએ. કેટલીક વખત માત્ર શા ઉપર દાખલો રચાએલો છે તેજ વિષે વિચાર કરતાં આખો દાખલો ગણી શકીએ છીએ; અને કેટલીક વેળા પરિણામ જે આવ્યું હોય તે ઉપર વિચાર કરીને બન્નેનો લાગો મેળવીએ છીએ. લાગો મળે છે ત્યારે દાખલો

ખરો છે એમ સાબીત થાય છે. ઠીક, હવે આપણા પ્રશ્નમાં મૂળ વાત
શી છે; ને એથી શું કહાડવું છે? જીવન ને મૃત્યુ. જીવન મૂળ પાયો
છે ને મૃત્યુ પરિણામ છે, અથવા તો મૃત્યુને મૂળ પાયો ગણો ને જીવનને
પરિણામ ગણો, જે ફાવે તે રસ્તો લ્યો, બન્ને એકજ છે. અસંખ્ય મનુષ્યો
જન્મે છે ને અસંખ્ય મૃત્યુ પામે છે. જે થોડા મૃત્યુ પામે છે તેમની
વાસનાઓ પણ મૃત્યુ પામે છે એમ ધારીએ તો તે વિજ્ઞાનશાસ્ત્રના નિયમ-
વિરૂદ્ધ જાય છે. ત્યારે એટલું તો શરૂઆતમાં કબુલ કરવુંજ પડશે કે
કોઈપણ પદાર્થ શૂન્યમાં પરિણમતો નથી, તેનું રૂપાન્તરજ થાય છે. પ્રથમ
તો જન્મ શું છે તેનો વિચાર કરીએ. અસંખ્ય મનુષ્યો અસંખ્ય જુદી
જુદી શક્તિઓ લઈને જન્મે છે. દરેકની વૃત્તિઓ, દરેકના ભાવ, મુખા-
કૃતિ વગેરે જુદું જુદુંજ હોય છે. કોઈનું મસ્તક મોટું, કોઈનું નાનું
એમ વિવિધ પ્રકારે મનુષ્ય જન્મે છે. આનું કારણ શું? એકજ માતા-
પિતાનાં બાળકો વિરૂદ્ધ પ્રકૃતિનાં હોય છે. એકજ ઘરમાં કેટલાંએ માબાપ
રાવણ ને વિભીષણ જેવી વિરૂદ્ધ પ્રકૃતિના બાળકોને જન્મ આપે છે.
એકજ પાઠશાળામાં ભણતા, એકજ કાર્ય કરતા, એકજ વર્ગમાં, એકજ
જાતની વિદ્યા લેતા કેટલાએ વિદ્યાર્થીઓ ભિન્ન ભિન્ન પ્રકૃતિના હોય
છે. કોઈને ઇતિહાસ ઉપર તો કોઈને ગણિત ઉપર, તો કોઈને કાંઈ, એમ
અનેક પ્રકારનો જુદો જુદો શોખ હોય છે. કોઈક ઘણો તેજ ને અક્કલ-
મંદ હોય છે, તો કોઈ સુસ્ત, જડ જેવા હોય છે. આ બધાનું કારણ
શું? તમે કહેશો કે 'ઈશ્વરેચ્છા.' એ કાર્ય ઈશ્વરનું છે! પરંતુ એ
કંઈ ખુલાસો નથી. માત્ર પ્રશ્નનો સીધો જવાબ ન આપી ઉડાવવાનું જ કામ
એ તો છે. સંતોષકારક જવાબ તો છેજ નહિ. એવી રીતે પ્રશ્નનો જવાબ
ટાળવો તે તો અજ્ઞાનજ કહેવાય. શાસ્ત્રના નિયમ પ્રમાણે જ્યારે એનો
ખુલાસો કરી શકાય, ત્યારેજ ખરી વાત. ઈશ્વરની ઇચ્છા, એમ કહો તો
પણ શાસ્ત્રના નિયમને બાધ આવે છે, એટલે કે શૂન્યમાંથી અમુક વસ્તુ
ઉપજાવે છે એમ અર્થ થાય છે, માટે તે પણ વ્યાજબી નથી. હવે ત્યારે
આ મુશ્કેલી દૂર કરવા એમજ કહેવું પડશે કે અન્ય જગતમાંથી આ
ભિન્ન ભિન્ન પ્રકૃતિઓને મનુષ્ય જન્મતી વખતે સાથે લઈનેજ આવે છે.
આ પ્રકારની પ્રકૃતિ કાંઈ શૂન્યમાંથી પેદા થતી નથી, પરંતુ અમુક પદા-

ર્ષમાંથીજ આવે છે કે જ્યાં તેમનું અસ્તિત્વ પહેલાં હતુંજ. બીજી રીતે કહીએ તો પૂર્વજન્મની વાસનાઓને આ જન્મમાં લઇનેજ મનુષ્ય જન્મે છે. વેદાંત કહે છે કે મનુષ્ય મૃત્યુ પામે છે ત્યારે જે જે વાસનાઓ ને ઇચ્છાઓ તૃપ્ત થવી બાકી રહી ગઇ હોય છે, તે નષ્ટ થતી નથી પણ બીજા જન્મમાં સાથેજ જાય છે. હવે હિન્દુઓનો કર્મનો સિદ્ધાન્ત જો માન્ય કરીએ તો બધી મુશ્કેલી દૂર થઈ જાય છે અને જન્મ, મરણ, બધું જ બરાબર સમજાય છે.

વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે અમે તો આ કર્મની માન્યતા માનતા નથી. અમે તો વંશપરંપરાથી ઉતરી આવતી ખાસીઅતોનેજ વધારે માનીએ છીએ; પરંતુ વેદાંત કહે છે કે, કર્મવાદ વંશપરંપરાની ખાસીઅતોની અવગણના કરતો નથી. એ એનાથી વિરૂદ્ધ નથી પણ એ મતનો પોતાનામાં સમાવેશ કરે છે. તે ઉપરાંત મૃત્યુ સમયે વાસનાનો જે લય થતો જણાય છે તે વિષે પણ વધારામાં સંતોષકારક ખુલાસો કરે છે. "વંશપરંપરાની ખાસીઅત" એટલું કહેવાથીઆ બધી બાબતોનો ખુલાસો થતો નથી; માટે કર્મવાદ, તત્ત્વવેત્તા તથા વિજ્ઞાનશાસ્ત્રીઓને ખાસ મનન કરવા જેવો છે. કર્મવાદ વંશપરંપરાની ખાસીઅતને કેવા પ્રકારે સમજાવે છે? મનુષ્ય મૃત્યુ પામે છે ત્યારે એની વાસનાઓ બાહ્ય રીતે જોતાં લય થઇ ગએલી જણાય છે; પણ આ વાસનાઓ–માનસિક શક્તિઓ, જેમ દીવો બળી રહેતાં કાર્બન નામનો પદાર્થ ઑક્સીજન નામના વાયુમાં આકર્ષાઈને મળી જાય છે, તેમ બધી એકત્ર સ્થિતિમાં પણ તમે હતા; બીજા પ્રાણીઓરૂપે પણ તમે હતા તેથીજ તમને તેમાં આનંદ આવે છે. હવે બીજી દલીલોથી આપણે આ બાબત સાબીત કરીશું.

જે દલીલ અહીં આપીશું તે સૉક્રેટીસ, અથવા વિશેષમાં કહીએ તો, પ્લેટોની દલીલનું અનુકરણ છે. સ્મૃતિ એટલે શું? જે વાત હાલ આપણને યાદ આવે છે તે પહેલેથી આપણે જાણતા હોવા જોઇએ. ધારો કે આ ભાષણો સાંભળવા કેટલાક જણ હમ્મેશ સાથે આવે છે. હવે થોડાંક ભાષણોમાં બધા સાથે આવ્યા ને એકાદમાં એક જણ ન આવ્યો, તો બીજાઓ યાદ કરે છે કે ફલાણો કેમ નથી આવ્યો? આ પ્રશ્ન મૂળ સ્મૃતિ હોવાથીજ ઉદ્ભવે છે. બધાને હમ્મેશાં સાથે દેખીએ છીએ; બધા

[illegible] આત્મિક [illegible] થઇ શકે છે કે [illegible] [illegible] જેમ [illegible] નિયમ [illegible] આત્મિક [illegible] થઇ આવે છે.

દરેક મનુષ્ય નાશવાન છે " [illegible] મનુષ્ય [illegible] દરેક [illegible] સમજી શકાય છે કે, " [illegible] પણ નાશવાન છે " [illegible] આવે છે ? કેમકે [illegible] મનુષ્ય [illegible] નાશવાન છે. દરેક [illegible] [illegible] વિચાર [illegible] છે [illegible] જ્ઞાન, તે જ્ઞાન [illegible] [illegible] [illegible]

કરતા નથી, પણ ઈચ્છાઓના ગુલામ થઈને કરે છે. આમ હોવાથી પોતાની ઈચ્છાઓને લીધેજ તેઓ ચિંતા ને દુઃખમાં આવી પડે છે. ધારો કે એક મનુષ્ય પોતાની વિષયેન્દ્રિયને તૃપ્ત કરવા માગે છે અને તેને જ્ઞાન, ધર્મ, નીતિ વગેરેની કાંઈજ દરકાર નથી. હવે આ મનુષ્ય મૃત્યુ પામે ત્યારે (માત્ર એક દૃષ્ટાંતના રૂપમાં આ વાત કરવામાં આવે છે) કેવા પ્રકારનાં માતાપિતા પસંદ કરશે ? તેની ઇચ્છાઓ એવી છે કે જેથી વિદ્વાન માતાપિતાને પેટે જન્મ ધરવાની તેને જરૂર નથી, તેમજ ધનાઢ્ય માબાપની પણ તેને જરૂર નથી. વેદાંત કહે છે કે તેની ઈચ્છાઓ તૃપ્ત કરવાને માટે એ શ્વાન કે ડુક્કરના જેવો નીચ યોનિનો જન્મ ધારણ કરશે; કારણ કે તેવું શરીર ધારણ કરવાથી તેની વિષયેન્દ્રિયને યથેચ્છ રીતે તે તૃપ્ત કરી શકશે. માટે આ પ્રમાણે પોતાનાજ ભવિષ્યનો એ પોતેજ કર્તા છે. પછી તે ગમે તો શ્વાન હો, કે ડુક્કર હો કે ગમે તે હો.

જગતમાં લોકો ઇચ્છા કરતી વખતે એ ઇચ્છાઓનું શું પરિણામ આવશે તે વિષે વિચાર જ કરતા નથી, ને અંતે જ્યારે પરિણામ આવે છે ત્યારે નશીબને ગાળો દે છે, ગ્રહદશાને નિંદે છે, રૂએ છે, કકળે છે, હાથ પછાડે છે અને માથું કુટે છે; માટે ઇચ્છા ભલે કરો પણ કરતી વેળા પરિણામનો ખૂબ વિચાર કરજો. મનુષ્ય માત્ર પોતેજ પોતાનાં દુઃખ ઉત્પન્ન કરે છે.

હવે હિંદુસ્તાનના એક કવિનું દૃષ્ટાંત ' રામ ' આપશે. આ કવિ મુસલમાન હતો. ઘણો સારો, હુશિયાર ને ગમતી સ્વભાવનો હતો. રાજ્યદરબારમાં કવિનો પગ હતો ને રાજાની મહેરબાની સારી હતી. એક દિવસ રાજાએ આ કવિને વાતો, કવિતાઓ વગેરેથી ગમ્મત કરવા આખી રાત્રિ પોતાની પાસે રાખ્યો. રાજા વાતોમાં એટલો તો મશગુલ થઇ ગયો હતો કે છેક મોડી રાત્રે સુવાનું યાદ આવ્યું. રાણીએ મોડી રાત્રે સુવા આવતાં પૂછ્યું કે, આજ આટલી બધી વાર કેમ જાગરણ કર્યું ? રાજાએ ઉત્તરમાં કવિની હકીકત નિવેદન કરી. રાણીને પણ આથી કુતુહલ થયું ને કવિને પોતાની પાસે બોલાવવા રાજાને વિનંતિ કરી. બીજે દિવસે કવિને રાણી પાસે લઈ જવામાં આવ્યો. હિંદુસ્તાનમાં સ્ત્રીઓ ને પુરુષો જુદા જુદા ઓરડામાં રહે છે; ને ખાસ કરીને મુસલમાન સ્ત્રીઓ તો ઓઝલ

પડદામાંજ રહે છે. તેઓ મ્હોં ઉપર બુરખા નાખે છે ને પોતાના પતિ સિવાય બીજા કોઈને મુખ દેખાડતી નથી. હવે આ કવિએ જનાનખાનામાં આવીને પોતાની વાર્તાઓ ને કવિતાઓનો સ્વાદ રાણીને ચખાડયો. રાણી આ સમયે ઓઝલ પરદામાં બેઠેલી હતી. કવિ જો કે દેખી શકતો હતો, છતાં તેણે જણાવ્યું કે મને આંખોનું દરદ છે, હું તો આંધળો છું. કવિની દુષ્ટ ઇચ્છા જનાનખાનામાં રહીને રાણીનું સૌંદર્ય જોવાની હતી, તેથી આ પ્રમાણે બહાનું કાઢયું. આ ઉપરથી તેને ત્યાં રહેવા દેવામાં આવ્યો. સ્ત્રીઓ તેને અંધ જાણીને પોતાની વાતચીતો, હરવું ફરવું સંકોચ વિના કરતી હતી, પરંતુ સત્ય કદિ છુપું રહેતું નથી.

" કચરી દળી પાતાળ કે કો, તોપણ સત્ય તરંતુ પેખો;
અનાદ્યનન્ત એ એકજ સાચું, બીજું સઘળું માનો કાચું."

સત્ય કદિ છુપું રહેતું નથી. એક દિવસ તે બહાર આવે છેજ. તેજ પ્રમાણે એક દિવસે આ કહેવાતા અંધ કવિએ એક દાસીને કાંઈ ચીજ લાવવાને કહ્યું. ઉમરાવ લોકો એવાજ હોય છે કે જેઓ પોતાને હાથે કાંઈ પણ કામ ન કરતા હોય જાજીમા બેસવુ હોય, કપડા પહેરવા હોય વગેરે કાંઈ પણ બીજુ કામ કરવુ હોય તો તે બીજાની મદદ લઈને કરે તેજ ધનાઢ્ય કહેવાય છે, આ પ્રમાણે પરતંત્રતા એ માનની અને ધનાઢ્યપણાની નિશાની ગણાતી થઈ [illegible], ને પોતાના કામમા કોઈની મદદ ન લેવી તેને પરતંત્રતા ને હલકુ ગણવામા આવે છે [illegible] કવિને રાજાના મહેલમા [illegible] ને [illegible] પણ પોતાનુ કામ પોતાની મેળેજ કરી લેવામા [illegible] મુન્શી બેસવાને જોઈતી હતી તેને માટે દાસીને [illegible] દાસીએ ઉદ્ધતાઈથી જવાબ આપ્યો કે, " [illegible] નથી [illegible] એ દાસીના [illegible] દાસી [illegible], તેને બોલાવી મુન્શી [illegible] [illegible] પાણીનું [illegible] [illegible] [illegible]

જણાઈ આવ્યું. સત્ય હમ્મેશાં આવી રીતે અસત્યવાદીઓની મશ્કરી કરે છે. પ્રકૃતિનો નિયમ છે કે જે આપણે છુપાવવા જઈએ તેજ આપોઆપ બહાર નીકળી આવે છે. દાસીને આ વાતની ખબર પડતાંજ તે રાણી પાસે દોડી ગઈ ને સઘળી હકીકત નિવેદન કરી. કવિની વૃત્તિ દુષ્ટ જણાઈ એટલે એને મહેલમાંથી તેમજ નોકરીમાંથી રાજાએ દૂર કર્યો. કાઢી મૂક્યા પછી માત્ર ત્રીજેજ દિવસે આ કવિ ખરેખરો અંધ બન્યો. આનું કારણ શું? કર્મવાદ કહે છે કે એ પોતે સ્વેચ્છાથીજ અંધ બન્યો હતો. એની પોતાની ઇચ્છાએજ એને અંધ બનાવ્યો હતો. આમ છતાં પણ આપત્તિ આવે છે ત્યારે મનુષ્યો કલ્પાન્ત કરે છે.

એક મનુષ્ય માથે ભાર ઉંચકીને ચાલ્યો જતો હતો. તે ઘરડો ને દુર્બળ હતો તેમજ તાવથી પીડાતો હતો. તેથી માથેથી ભાર ઉતારી એક વૃક્ષ તળે આરામ લેવા બેઠો ને પછી મોટેથી બોલ્યો:-" અરે ઓ મૃત્યુ! તું આવ ને મને લઈ જા. " વાતમાં કહ્યું છે કે મૃત્યુ આ સાંભળી હાજર થયું. મૃત્યુને જોતાંજ પેલો ભયભીત અને ચકિત થયો, ને પછી પૂછયું કે:-" ભાઈ! તું કોણ છું? "

મૃત્યુ:-જેને તેં સંભાર્યો ને બોલાવ્યો તેજ હું છું.

ઘરડો પુરુષ:—અરે ભાઈ! મને લઈ જવા મેં તને નથી બોલાવ્યો, પણ માત્ર આ મારો ભાર માથે ચડાવવા બોલાવ્યો છે.

લોકો પણ આવુંજ કરે છે. મનુષ્ય પોતાનાં દુઃખો અને આપત્તિઓ પોતાની મેળેજ ઉત્પન્ન કરે છે, ને જ્યારે તે આવી પડે છે ત્યારે આક્રંદ કરે છે. નાટીનો ગોટો ચાલવા માંડે કે તરત બાકી પાછળ પાછળ ચાલેજ છે, તેમ એક વખતે ઇચ્છા કરી કે પરિણામ ભોગવવા માટે તૈયાર થવુંજ જોઈએ. જુવાન અવસ્થામાં ઘણા મૃત્યુ પામે છે, તેનું કારણ શું? 'રામે' આ બાબત તપાસ કરી છે તો જણાયું કે ઘણાખરા પોતાના હૃદયમાં એમજ ઇચ્છતા હતા કે, વહેલા ઉપડી જઈએ તો સારૂં.

એક બુદ્ધિશાળી વિદ્વાન હિંદુસ્તાનની કોઈ પાઠશાળામાં નોકરી કરતો હતો. તે અમુક પંથને માટેજ કામ કરે છે ને પોતાનું જીવન તે માટેજ અર્પણ કર્યું છે એમ કહેતો. થોડા સમય જતી પોતાનો મત એને ફેરવવો પડયો એવા વિચારો આગળ વધવા માંડયા અને

મન ઉદાર થયું, તેથી આ પ્રચાર રહી કાર ખરેખર ન કરી શક્યો, તેમજ એ સંપ્રદાયના લોકોની પણ તેના પ્રતિ સહાનુભૂતિ ન રહી, પરંતુ જેમ તેમ એને નભાવવું પડ્યું. દુઃખ એક ઠામ રહેતું ને શરીર બીજું કામ કરતું. આ પ્રમાણે લાંબો વખત ચાલે તેમ નહોતું, જેથી આ વિદ્વાન મૃત્યુ પામ્યો, કારણ કે સંયોગો કોઈ બીજા સાધનથી ફેરવાય તેમ નહોતું, માત્ર મૃત્યુ એનો ઉપાય હતો. માટે મૃત્યુ એ મોટું ભય નથી. મૃત્યુમાં પણ સુખ રહેલું છે.

મનુષ્ય પોતાની સ્થિતિનો—પોતાના ભવિષ્યનો માલીક છે છતાં પણ મનુષ્ય દરિદ્ર ને દુઃખી કેમ થાય છે? માત્ર ઇચ્છાઓના વિરુદ્ધપણાથી. [illegible] કરવા ધારતું હોય [illegible] બીજી ઇચ્છા બીજું [illegible] [illegible]

માજીસ્ટ્રેટે અચંબો પામી પૂછ્યું:—" કઇ સજા ન કરશો એમ તું કહે છે ?"

ચોર:—"બે સ્ત્રીનો ધણી મને ન કરશો, મને બે સ્ત્રી ન પરણાવશો."

કારણ પૂછતાં તેણે પોતે ચોરી કરતાં કેમ પકડાયો તે કહ્યું. તે બોલ્યો કે:—"આખી રાત્રિ આ ઘરના ધણીને દાદર ઉપર ઉભા રહેવું પડ્યું હતું; કારણ કે એક સ્ત્રી તેને પગ પકડી નીચે ખેંચતી હતી ને બીજી તેના વાળ પકડી ઉપર ખેંચતી હતી. આખી રાત્રિ આમ ધમાચકડીમાં એ કોઇ ઉંઘ્યાં નહિ, તેથી હું પકડાઇ ગયો ને ચોરવાનો લાગ ન મળ્યો."

આ મુજબ સર્વ દુઃખ પરસ્પરવિરોધી ઇચ્છાઓને લીધેજ થાય છે. કાર્ય કરવાની દૃઢ ઇચ્છા, અને અમુક લક્ષબિન્દુએ પહોંચવાની તીવ્ર ઉત્કંઠા, એટલાં વાનાં હોય તો દુઃખ આવી પડતું નથી; પરંતુ જો ઇચ્છાઓમાં વિરૂદ્ધતા આવી તો શાંતિ તૂટે છે ને દુઃખ ખમવું પડે છે. આ પ્રમાણે આપણા દુઃખના ઉત્પાદક આપણે પોતેજ છીએ. મનુષ્ય માત્રને ઉચ્ચ તેમજ નીચ ઇચ્છાઓ થાય છે, બન્ને વચ્ચે યુદ્ધ થાય છે; પરંતુ વિકાસક્રમના નિયમ મુજબ જે બળવત્તર હોય છે તેજ જીતે છે. પરંતુ આ બળ આવે છે ક્યાંથી ? માત્ર સત્યને લીધેજ આ બળ આવે છે. જે ઇચ્છાઓમાં વધારે યોગ્યતા, સત્યતા, પવિત્રતા હોય છે તેજ અંતે વિજયી નીવડે છે. તરવારની ધાર ઉપર રહીને મનુષ્યને આગળ વધવાનું છે. લોભ, મોહ અને નીચ-અધમ ઇચ્છાઓમાં સડવાનું નથી. વિકાસક્રમનાં પગથીયાં ધીમે ધીમે પરંતુ અવશ્ય ચઢવાંજ પડશે. અહીંજ સુખ રહેલું છે, કર્મવાદમાં આ પ્રમાણે દરેકને સુખનું સાધન રહેલું છે.

ઇચ્છાઓ તૃપ્ત શા માટે કરવી ? વેદાંત કહે છે કે મનુષ્યનો આત્મા અમર છે, ને ઇચ્છાઓ વગેરે માત્ર સત્યના-અમાપ સાગરમાંનાં મોજાં છે; તેથી કરીને જેમાંથી તે ઉદ્ભવે છે તેનો ગુણ તેનામાં સ્વભાવથીજ રહેલો હોય છે. જગત એ આત્માનો, ઈશ્વરનો શ્વાસોશ્વાસ છે. આ ઇચ્છાઓમાં અહંભાવનો ગુણ રહેલો છે. જે ઇચ્છાઓ માયાએ કરીને દબાવે છે, તે પૂર્ણ થતાં લીન થાય છે; ને ઇચ્છાઓ પૂર્ણ થવાની જે

આશાઓ રહે છે, તે આત્માની અમરતાને લીધે રહે છે હવે પ્રશ્ન થાય છે કે ઇચ્છાઓમાં દિવ્યતા કેવી ? ઇચ્છાનો અર્થ બીજો કાંઈજ નહિ પણ 'પ્રેમ' એજ થાય છે, ને પ્રેમ તે દિવ્યજ છે, ઈશ્વરનો એમાં અંશ છે. વળી ઇચ્છાઓ ગુરૂત્વાકર્ષણ જેવી છે. ગુરૂત્વાકર્ષણ એ શું છે ? પૃથ્વી ચંદ્રને આકર્ષે છે. સૂર્ય પૃથ્વીને આકર્ષે છે. તારા એક બીજાને આકર્ષે છે. એક અણુ બીજા અણુને આકર્ષે છે. આ બધું શા કારણને લઈને થાય છે ? આકર્ષણ કરવું ને ઇચ્છા કરવી એ બેમાં વાસ્તવિક ભેદ જણાશે નહી. આમ છે તેથી ઇચ્છાઓમાં જે પ્રભુતા રહી છે તે માટે તે પૂર્ણ થવા પ્રયત્ન કરે છે, પરંતુ જો સ્વાર્થી ઇચ્છાઓ કરો તો તે માયાથી વીંટાઇ જાય છે, ને તેથી કરીને તે તૃપ્ત થતાં વાર લાગે છે. ઇચ્છાઓ ત્વરાથી ને નિર્વિઘ્ને ફલીભૂત થવા સારૂ તેમાંથી માયા ઓછી કરવાની જરૂર છે, અને તેમ કરીને ઇચ્છાઓને દિવ્ય બનાવવી જોઇએ.

પ્રાર્થનામાં શું તત્વ રહેલું છે, પ્રાર્થના ઈશ્વર કેમ સાંભળે છે, આ પ્રશ્ન કોઇ બીજે સમયે વિચારીશું

એક વખત પણ તમે દૃઢપણે માનો કે તમેજ તમારા ભવિષ્યના કર્તા છો, તો તમને પોતાને સુખ ઉત્પન્ન થશે પ્રભુત્વ અને ઉચ્ચાર કરતાં દૃઢતાપૂર્વક અનુભવો કે તમે પોતેજ તમારા ભવિષ્યના કર્તા છો, તો પછી દુઃખ, રડવું, કરગરવું વગેરે દૂર થશે આનન્દની સ્થિતિના ગુલામ ન બનો અને તે સ્થિતિમાં પણ, ગમે અનેક [illegible] માનવાનું હોય તોપણ એમજ ધારો કે હું પોતેજ કર્તા છું, ઈશ્વર છું, હું શરીર નથી, હુંજ મારા ભવિષ્યનો કર્તા છું જે સ્થિતિ આસપાસ જુઓ છો, તેમાં તમે તમારી સ્વેચ્છાથીજ આવેલા છો મિત્ર પણ તમે [illegible] છો ને દુશ્મન પણ તમેજ [illegible] આ વાતની ખાત્રી થશે તમને પરમાનન્દ પ્રાપ્ત થશે.

३४—सर्व धर्मनुं समाधान.*

આ [illegible] આજ સુધી આપેલાં ભાષણો કઠિન જણાયાં હશે, વિશે[illegible] આત્મા હવે પણ આજનો વિષય [illegible] છે.

" રામ " જ્યારે પેલા વર્ષ પર હિંદુસ્તાનમાં હતો, ત્યારે ' રામ 'ની પાસે એક અમેરિકન પાદરી કે એક પાઠશાળામાં પ્રોફેસર હતો તેની તરફથી એક ચોપડી આવી. આ પુસ્તકનું નામ " મૃત્યુ પછી " એવું હતું. આ પુસ્તકમાં એક સુંદર રૂપક દ્વારા એમ બતાવ્યું છે કે આ લોક એક સ્ટેશન જેવું છે ને પરલોક બીજા સ્ટેશન જેવું છે. જે [illegible] મુસાફરો, [illegible] પણ [illegible] પાર જવું હોય તેમણે ટીકીટ [illegible] છે. જેમની પાસે ખરી ટીકીટ ન હોય તેમને [illegible] [illegible] જેમની પાસે ટીકીટ હોય છે તેમને [illegible] [illegible] ટીકીટ [illegible] [illegible] ટીકીટ [illegible] [illegible] ટીકીટ હોય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પુસ્તકમાં [illegible]

* [illegible]

માત્ર ખ્રિસ્તી ધર્મમાં જ નહિ, પણ બધા ધર્મોમાં આવી માન્યતા રહેલી છે. મુસલમાનો કહે છે કે મૃત્યુ પછી હજરત મહમ્મદ બધાને ... જવા તો ટીકીટ જુએ છે, ... કે નોટો ... છે, અને જેનની પાસે મહમ્મદના નિશાનવાળી ટીકીટ નહિ હોય તે નરકમાં જશે. બીજા ધર્મો પણ આવા પ્રકારની વાતો કરે છે, ને જેઓ મરી જાય છે—પછી તે અમેરિકામાં મરી જાય, યુરોપમાં મરી જાય, આફ્રિકામાં, આસ્ટ્રેલીઆ કે એશીઆમાં મરી જાય, પણ તે તેના ... વ્યક્તિ હોય, ને તે વ્યક્તિ ક્રાઇસ્ટ, મહમ્મદ, બુદ્ધ, ... કૃષ્ણ કે એવી જ કોઈ ... ન્યાય ... તેજ કરે છે. બધા ધર્મો આજ એક ... દરનું કારણ છે ... વિરોધ ... ... છે.

[illegible]

ફરૂ થયો તે કોઈ જાણે છે? આકાશ ક્યાં વિરમે છે એ કોઈ જાણે છે? [illegible] નહિ. તેનો અન્ત જ નથી. નદી કદિ વહેતી બંધ થાય છે? [illegible] કે ના. કદિ નહિ, નદી કદિ બંધ પડતી નથી. જે નદીઓ દરિયામાં જઈને મળે છે તે પાછી વરાળરૂપે ઊંચે ચડી પર્વતો ઉપર [illegible] પડે છે, ને પાછી નદીઓ મારફતે સમુદ્રને મળે છે. તેજ પ્રમાણે એક મીણબત્તી લ્યો, તે બળી જાય છે તેથી તેનો નાશ થયો એમ આપણું કહીએ છીએ, તે પણ ખોટું છે. એ માત્ર રૂપાન્તરજ પામે છે. [illegible] આમ વાયુઆદિરૂપે પાછો ઉત્પન્ન થાય છે. વસ્તુનો [illegible] નાશ પામતું નથી. નિરન્તર એકજ રૂપમાં સર્વ [illegible] છે. જે મનુષ્ય જન્મે છે તે મૃત્યુ પણ પામે છે, પણ આ મૃત્યુથી [illegible] છે, એમ કહેવાનો કોઈને હક નથી. એમ [illegible] એ કુદરતના નિયમોથી સિદ્ધ છે. મૃત્યુ પછી ફરી જન્મ નથી [illegible] છે મૃત્યુ પછી મનુષ્યનો નાશ માટે [illegible] [illegible] જુદી જાય છે. [illegible]

[illegible]

૨૪ કલાકમાં ત્રણ કે ચાર કલાક નિદ્રા લઇને પાછા જાગીએ છીએ; તેજ પ્રમાણે મૃત્યુરૂપી વિશ્રામ લઇ, જગતમાં પાછા જન્મ લઇએ છીએ. પુનર્જન્મ એટલે વેદાન્તની દૃષ્ટિએ ફરીથી જાગ્રત થવું. વેદાન્તના સિદ્ધાન્ત પ્રમાણે મૃત્યુ પછી મનુષ્ય તરતજ બીજો જન્મ નથી લેતો. વૃક્ષ ઉપરથી બી પડે છે કે તરતજ તેમાંથી કુંપળો ફુટી બહાર નથી ઉગી નીકળતી, પણ, કેટલોક વખત લે છે. તેજ પ્રમાણે એક ઘર છોડી મનુષ્ય બીજા ઘરમાં જવાને પણ સમય લાગે છે. માટે મૃત્યુ પછી તરતજ મનુષ્ય જન્મ ધારણ કરતો નથી. મૃત્યુ પછી ગાઢ નિદ્રા જેવી એક વચલી સ્થિતિમાં મનુષ્ય થોડો કાળ રહે છે, ત્યારે એ મૃત્યુ અને પુનર્જન્મની વચ્ચેની સ્થિતિ કેવી હશે ? આ સ્થિતિ ખરી રીતે નિદ્રાને મળતી આવે છે. જાગૃતાવસ્થામાં જે જે કાર્યો ને વિચારો આપણે ચિત્ત દઇને કરીએ છીએ તેજ વિચારો ને કાર્યોનું સ્વપ્ન આપણને નિદ્રામાં આવે છે, આ એક નિયમ જ છે. અપવાદ કેટલાક હોય છેઃ પરંતુ સામાન્ય રીતે નિદ્રામાં જાગૃતાવસ્થામાં જે જોઇએ છીએ તેજ દૃષ્ટિગોચર થાય છે. જેઓ કોલેજમાં અભ્યાસ કરે છે તેઓ 'રામ' નું આ કહેવું તરત સમજી શકશે; કારણ કે પરીક્ષા જ્યારે પાસે આવે છે ત્યારે વિદ્યાર્થીઓ ખુબ મહેનત કરે છે; ને પછી તેમને નિદ્રામા પરીક્ષાનોજ વિચાર આવે છે. પરીક્ષા થઇ રહ્યા પછી પરિણામની આતુરતાથી તેઓ રાહ જોતા હોય છે, ત્યારે સ્વપ્નમાં પણ પરિણામજ આવે છે અમુક વસ્તુ કે અમુક વિષય જેને ઘણોજ પસંદ હોય છે તે માણસને નિદ્રામા પણ તેનાજ સ્વપ્ના આવે છે.

'રામ' જ્યારે પાઠશાળામા ભણતો હતો ત્યારે તેની જોડે એક બીજો વિદ્યાર્થી રહેતો હતો. એ સહાધ્યાયી બહુજ રમતીઆળ હતો. પોતાનો બધો વખત ગાનતાનમા, નાચવા કૂદવામા ને આમતેમ હરવા ફરવામા ગાળતો હતો. એક વખત એક ગૃહસ્થે તેને પૂછયું કે —"તું દિવસનો કેટલો વખત અભ્યાસમા ગાળે છે ? " હસતે હસતે પેલાએ કહ્યું કે – "૧૮ કલાક." પેલા ગૃહસ્થે કહ્યુ કે —"શું બકે છે ? પાંચ કલાક તો હું તને રમતાં જોઉં છું ને આઠ નવ કલાક તો ઉંઘમા કહાડે છે, ત્યારે માત્ર દશ કે બાર કલાક બાકી રહ્યા, છતા તું કહે છે કે હું ૧૮ કલાક વાચુ છુ "

વિદ્યાર્થીઃ—આપે ગણિતશાસ્ત્રનો અભ્યાસ નથી કર્યો હું સાબીત

ની આવું કે હું ૧૮ કલાક વાંચું છું."

પ્રશ્ન.—હેં શું, કેવી રીતે?

[illegible]જી— હું ને 'રામ' એકજ કોટડીમાં રહીએ છીએ. ભલી પેઠે [illegible] હું ૧૦ કલાક વાંચું છું ને 'રામ' ૮ કલાક વાંચે છે. એકંદર [illegible] કલાક થયા. બન્ને એકજ કોટડીમાં રહીએ છીએ માટે [illegible] પ્રમાણે ના ૧૮ કલાક મારે ભાગે આવે.

[illegible] ધારો કે હું આઠ કલાક વાંચું છું, પણ 'રામ' કોટડીમાં [illegible] ભણી શકતો નથી. એ બનેજ કેમ? હું ભણું [illegible] માટે તૈયાર થાઉં છું, ને હું [illegible] કામ કરે [illegible] ભણવાનું કામ કરે છે [illegible] પ્રવૃત્તિ [illegible] ન ગઈ.

[illegible]

ને આ પાણીથી બળતાં નરકો ઠંડાં પાડવા જાઉં છું." જે મનુષ્ય, સ્વર્ગ ને નરક પોતાની મનની કલ્પનામાંજ છે એમ જાણે છે, તેને એવા સ્વર્ગ ને નરકનો હર્ષ કે શોક હોતો નથી. તે તો એ બન્નેની પેલી પાર છે. આ જાગૃતાવસ્થા શું છે? વેદાંત સાબિત કરે છે કે આ જગત, દૃશ્ય જગત પણ અસત્ય છે, એ પણ માત્ર સ્વપ્નજ છે. જાગૃતાવસ્થાના આ સ્વપ્ન ને નિદ્રાના સ્વપ્નમાં માત્ર કંઈક થોડા ઘણા અંશનો તફાવત છે. જગત ને જગતને જોનાર, એ બન્ને આત્માની પોતાની કૃતિઓ છે. આદમજ, મોટાં શહેરો, પર્વતો, વનો, નદીઓ વગેરે બને છે, ને તેમને જોનાર, તેમાં ભટકનાર પણ તે પોતેજ છે. તો હવે વાસ્તવિક મૃત્યુનો અર્થ માત્ર કર્તા ભોક્તાનું અંતર્ધ્યાન થવું એજ છે. સૂતા હોઈએ છીએ એક જગ્યાએ, ને સ્વપ્નમાં આપણે આપણને બીજેજ સ્થળે જોઈએ છીએ. કેટલીક વખત બેવડી ઉંઘ હોય છે, બેવડાં સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં પણ આપણે સ્વપ્ન દેખીએ છીએ એક સ્થળે સૂઈએ છીએ ને સ્વપ્નમાં આપણે બીજી જગ્યાએ આપણને જોઈએ છીએ, ને તે બીજી જગ્યાએ સૂઈ જઈને પાછા સ્વપ્ન દેખતા હોઈએ તેમ લાગે છે. આ પ્રમાણે બેવડાં સ્વપ્ન થાય છે; તેમાં કર્તા, પોતે અંતર્ધ્યાન થાય છે ને માત્ર વસ્તુજ રહે છે. જાગૃત થતાં બધું ઉડી જાય છે, કર્તા ને કર્મ, ભોક્તા ને ભોગ્ય બધુંજ જતું રહે છે, પણ સ્વપ્નમાં માત્ર ભોગ્ય ભોક્તાજ જણાય છે.

હવે વેદાંત પ્રમાણે જાગૃત અવસ્થામાં જે આ જગત દેખાય છે તે પણ એક સ્વપ્નજ છે; ને કાળ, આકાશ, શરીર, ઝુંપડું વગેરે જે વસ્તુઓ દેખાય છે, એ કાર્ય છે, ભોગ્ય છે. એક સામાન્ય મનુષ્ય મૃત્યુ પામે ત્યારે શું થાય છે? માયા-અવિદ્યા એથી કાંઈ નષ્ટ થતી નથી, એ તો એવી ને એવીજ રહે છે. માત્ર કર્તાજ અંતર્ધ્યાન થાય છે ને કર્મ તો એમનું એમજ રહે છે. આમ અહીંથી મૃત્યુ પામતાં પરલોકમાં એ જીવ જાગૃત થાય છે. મૃત્યુ સમયે જે જગત જોતો હતો તેવુંજ પુનઃ જાગૃત થતાં જુએ છે. હવે અહીં પાછો ૮૦ કે ૯૦ વર્ષ જીવે છે ને પાછો મૃત્યુ પામે છે. પરિણામ એ આવે છે કે પાછો તે પુનર્જન્મ લે છે. આ પ્રમાણે મૃત્યુ ને જન્મ, જન્મ ને મૃત્યુની ઘટમાળ ચાલી જાય છે. કર્તા ને કાર્ય, ભોક્તા ને ભોગ્ય બન્ને અંતર્ધ્યાન થઈ જાય ત્યાં સુધી આમ

. સત્યનો ધર્મ આપણને મુક્ત કરવા માટે છે; નહિ કે બંધન કરનારો કે અંધ બનાવવાને. ધર્મનો ઉદ્દેશ આપણને એના ગુલામ બનાવવાનો હોતો નથી, પણ સ્વતંત્ર રીતે જગતમાં આત્મસામ્રાજ્ય પ્રાપ્ત કરાવવાનો છે.

જુદા જુદા ધર્મોમાં નામભેદે કરીને જગતમાં ઘણું દુઃખ ઉત્પન્ન થયું છે. બુદ્ધ ને ખ્રિસ્તી ધર્મોના મતોમાં ઘણો તફાવત છે. બુદ્ધના અવસાન પછી એજ ધર્મમાં હિંદુસ્તાનમાં ચાર પંથો ઉદ્ભવ્યા ને ચીનમાં સાત ઉત્પન્ન થયા.

અમુક વ્યક્તિ હું હિંદુ છું એમ કહીને તે ખ્રિસ્તી કે મુસલમાન સાથે કલહ કરશે. શા માટે? માત્ર 'હિંદુ' એ સંજ્ઞા-એવું નામ સર્વોપરી કરવા સારૂ. જો કોઇ પણ સામાન્ય હિંદુના વિચારોનું પૃથક્કરણ કરવામાં આવે તો જણાશે કે, હજારો હિંદુઓ એવા છે કે જે નામધારી ખ્રિસ્તીઓ કરતાં પોતાના વિચારોમાં ખ્રિસ્તી છે. જ્યારે ભવિષ્યમાં વેદાંત ને વિજ્ઞાનશાસ્ત્ર ગામે ગામ ને ઘેરેઘેર પ્રવર્તશે, દરેક વ્યક્તિ તેને બરાબર સમજશે, ત્યારે તે એકજ ધર્મ સર્વને માન્ય થશે. વેદાંત અર્થાત્ અખિલ વિશ્વનો ધર્મ-શાસ્ત્રીય ધર્મ, પ્રવર્તવાને હવે બહુ કાળ જવાનો નથી, પરંતુ એમાં પણ 'વેદાંત' એ શબ્દનેજ મનુષ્યે વળગી રહેવું ન જોઇએ. 'બુદ્ધ ધર્મ' એ નામને પણ મનુષ્યે વળગી રહેવું ન જોઇએ; કોઈ પણ નામધારી ધર્મને વળગી ન રહેતા તેની પાર જવું જોઇએ.

એક જણ અમુક મતનો હોય ને બીજો બીજા મતનો હોય તે ઉપરથી તેઓ એમજ સમજે છે કે, સ્વર્ગપ્રાપ્તિને માટે અમુકજ મંદિર, દેવળ કે મસ્જિદવાળા સંપ્રદાય વિના બીજો માર્ગજ નથી; પરંતુ આ પ્રમાણે એક બીજાની વચ્ચે પડવાની શી જરૂર છે? જેનો જેવો મત. એની ને એના ઈશ્વર વચ્ચેની વાતમાં ત્રીજાને વચ્ચે પડવાની શી જરૂર છે? કોઇને પણ એવો હક્ક નથી. વેદાંત એમજ કહે છે કે દરેક જણે પોતાના ધર્મ ને ઈશ્વર, એ બેની વચ્ચે કોઇને આવવા દેવો નહિ. દરેક જણે જેને જે અનુકુળ હોય તે ધર્મ માનવા દેવો, એમાં વચ્ચે પડવુંજ નહિ.

પ્રશ્નઃ—જે આપઘાત કરે છે તેના આત્માનું શું થાય છે?

ઉત્તર:—'રામ' કહે છે કે દરેક જણ આપઘાત કરે છે. જે કોઈ મૃત્યુ પામે છે તે બધાજ આપઘાત કરે છે, તો તેમનું શું થાય છે? ખાસ કાંઇ થતું નથી. તેમજ જેઓએ આપઘાત કર્યો એમ કહેવાય છે તેમનું પણ કાંઈ ખાસ થતું નથી.

મનુષ્ય પોતાનું કર્તવ્ય આ પૃથ્વીપર જ્યાંસુધી પૂરૂં કરી રહેતો નથી, ત્યાં સુધી મૃત્યુ પામતો નથી. મૃત્યુ કેમ કરીને લવાય છે? લોકો પોતાની ઇચ્છાઓ ને અજ્ઞાનમાં એટલા બધા લેપાયમાન થઈ જાય છે કે, સ્વભાવિક રીતેજ એમાંથી પોતાનો છુટકો થાય એમ તેઓ ઇચ્છે છે. પોતાના અંતઃકરણમાં તેઓ મૃત્યુને ઇચ્છે છે ને મૃત્યુ પામે છે, આ એક સામાન્ય નિયમ છે.

પોતાની ઇચ્છાથી મનુષ્ય દુઃખો ઉત્પન્ન કરે છે, અને પોતાની પહેલાંની ઇચ્છા ફળીભૂત થાય છે, તેથી મંદવાડની પથારીમાં પડી અન્તે મરણશરણ થાય છે. આ પ્રમાણે મનુષ્યો પોતાનાજ કર્મો અને ઇચ્છાઓથીજ મરતા હોવાથી વાસ્તવિક રીતે બધા આપઘાત કરે છે.

પ્રશ્ન:—પાછલા જન્મો યાદ લાવી શકાય ખરા?

ઉત્તર:—જે મનુષ્ય પાછલા જન્મો યાદ લાવવા પ્રયત્ન કરે છે તે અમુક મહોલ્લાઓ વટાવ્યા છે ને હજી આગળ જેને બીજા વટાવવાના છે, એવા પ્રવાસીના જેવો છે. જે મહોલ્લેથી ચાલવા માંડયુ તથા જે મહોલ્લામાંથી તે આવ્યો તેનું નામ તે પૂછવા માંડે, તો શું આ બધી માથાકુટ નકામી નથી? મનુષ્યે ભવિષ્યનોજ વિચાર કરવા જોઇએ, આગળજ વધે જવું જોઈએ. પાછળ જવામાં શો લાભ છે? આટલા બધા જન્મો વ્યતીત કર્યા, તો હવે તો આગળજ જવાનુ છે. જે આગળ વધશો તો ઠીક છે, ને જો ઉભા રહ્યા, પાછું વળીને જોવા ગયા, તો બાજી બગાડશો; માટે હરદમ આગળજ વધો.

પ્રશ્ન:—સ્થૂલ શરીરમાં રહીને સૂક્ષ્મ શરીર (માનસિક ર [illegible]નું શરીર થ વ્યવહાર થઈ શકે ખરો? થીઓસોફીના ગુરૂઓ તો ના કહે છે; એમ થવું સંભવિત નથી.

ઉત્તર:—આ પ્રશ્નમાં અનેક [illegible] પણ હાલ [illegible]

[illegible]વિષે બોલવાનો વખ[illegible] ઠીક, [illegible]

સ્થૂલ ને સૂક્ષ્મ (માનસિક) સ્થિતિ બન્ને સાથે ને સાથેજ રહે છે.

માનસિક શોધો મનથી થાય છે, પણ મન તેમજ શરીર બન્ને વગેર સ્થૂલ જગતમાં કામ લઈ શકે છે વહાણો, સ્ટીમરો, તારના દોરડા વગેરે સ્થૂલ જગતની વસ્તુઓ માનસિક વિચારોનાજ આવિર્ભાવો છે; ઉન્ચા સ્થૂલ શરીર વગેર આ બધાનું સ્થૂલ રૂપ પેદા કરી શકાય કે નહિ એ બનાવવાને હથીયારો વાપરવાં પડે છે. આમાં મન કારીગર છે કે હથીઆર છે ? મન પણ એક સાધન અથવા કરણ છે, મન પોતે કર્તા નથી મહાન કાર્યો, મોટા વહાણો, મકાનો વગેરે પ્રથમ મનમાં આવિર્ભાવ પામ્યા પછીજ શરીરવડે સ્થૂલરૂપે બનાવાય છે; માટે એકત્વ, અભેદભાવ સમજવાને માટે પણ બન્નેને (મન તથા શરીરને) ઉપયોગમા લેવાં જોઇએ.

પ્રશ્ન.—જો ઈશ્વર સર્વશક્તિમાન છે અને આપણે પોતે ઈશ્વર હોઈએ, તો પછી આપણે આંખથી સાંભળતા કેમ નથી, ને કાનથી કેમ જોઇ શકતા નથી ?

ઉત્તર.—તમે એમ કહો છો કે, હાથ, પગ, નાક વગેરે મારૂંજ હોય, તો પછી હું કાનથી કેમ જોતો નથી ને આંખથી કેમ સાંભળતો નથી ? ઉત્તર એજ કે જ્યારે ઈશ્વર એક જ છે, ને સર્વશક્તિમાન છે તો પછી તેને શું પેલે તેમ કરે

ઈશ્વર કેટલીક જગ્યાએ મનરૂપજ આવિર્ભાવ પામે છે ને કેટલીક જગ્યાએ શરીરદ્વારા પણ પ્રકાશે છે; તે તો આખા બ્રહ્માંડમાંજ વ્યાપી રહ્યો છે એ પ્રભુ પરવશ હોય તોજ તે મનુષ્યની ઇચ્છાઓ ને મનના મનોરથો પૂર્ણ કરે, પરન્તુ તે મનુષ્યના નિયમો, સત્તાઓ અને માનસિક તરંગો પ્રમાણે વર્તવાને બંધાએલો નથી એ તો તેની ઇચ્છામાં આવે તેજ પ્રમાણે કર્યે જાય છે

'રામ' કહે છે કે મનની પણ પેલી પાર જાઓ. મનમા તો ઇચ્છાઓ, વાસનાઓ રહેલી છે, ને તેથી મનુષ્ય પોતે કાંઇ મન નથી. જે શક્તિ વૃક્ષોને ઉગાડીને ખીલવે છે, જે શક્તિથી પક્ષિઓ આકાશમા ઉડી રમણ કરી રહે છે, તે શક્તિ પણ તમેજ છો. પ્રભુ એ કંઇ તમારો ગુણ નથી પણ તમે પોતેજ સ્વરૂપ છો.

પ્રશ્ન:—મંત્ર જંત્ર જાણવા એ સારૂં છે? જરૂરનું છે?

ઉત્તર:—જ્યાં સુધી મનુષ્ય અજ્ઞાન છે, ત્યાં સુધી તેને દરેક જાતનાં રમકડાં ને મઝા જોઈએ છે. મોટી વયેજ એ બધું તે છોડી દે છે. એમ જ્યારે સત્ય જ્ઞાન આવે છે ત્યારેજ સ્થૂલ અથવા સૂક્ષ્મ જગતનાં રમકડાં તે છોડી દે છે. જ્ઞાન એટલે અજ્ઞાનને બાળવું તે. અજ્ઞાન ને જ્ઞાન એ એકજ નિસરણીનાં ચડતાં ઉતરતાં પગથીઆં છે. અજ્ઞાન એટલે નિસરણીએથી ઉતરી પડવું, ને જ્ઞાન એટલે નિસરણી ઉપર ચડવું. વિજ્ઞાનશાસ્ત્ર સાબિત કરે છે કે, પ્રકાશ ને અંધકાર એ કાંઈ ભિન્નભિન્ન નથી પણ એકજ છે. માત્ર ફેર અંશમાં રહેલો છે.

એક અંધારી કોટડીમાં બેસો. થોડી વારમાં તમે એ અંધારામાં પણ જોઈ શકશો. તેમજ જ્ઞાન ને અજ્ઞાન એ વિરુદ્ધ પક્ષનાં નથી પણ ફેર માત્ર અંશનોજ છે. ત્યાં સુધી મનુષ્ય અજ્ઞાન છે ત્યાં સુધી તે જ્ઞાનની નિસરણીમાં નીચેના [illegible] માટે જ્ઞાન મેળવવા નીચલા પગથીઆની [illegible]

[illegible] સ્વર) નામના પુસ્તકમાં [illegible] આત્માઓ [illegible] સ્વરૂપો) કહિ એકી- [illegible] તેમાંથી એકનો લોપ [illegible]

ચૈતન્ય જુદાં જુદાં છે, તો તે ભૂલ છે. જડ ને ચૈતન્યનો આત્મા એકજ છે. આત્માનો વાસ્તવિક અર્થ લોકોમાં બરોબર સમજાયો નથી. કેટલાક તત્ત્વજ્ઞાનીઓ મનને આત્મા કહે છે, પણ મન જડ પદાર્થથી ભિન્ન નથી. સર્વ એકજ છે. ફેર માત્ર અંશમાંજ રહેલો છે. વિજ્ઞાનશાસ્ત્રે સાબીત કર્યું છે કે મનને જડ પદાર્થ એકજ છે. તત્ત્વજ્ઞાનીઓએ બતાવ્યું છે. જડ ને તેમાં રહેલું ચૈતન્ય એકજ છે.

યુરોપમાં લીબ્નીટ્ઝે પહેલું જણાવ્યું કે, અણુઓ શક્તિનાં મધ્ય-બિંદુઓ છે. આ વાત હિંદુસ્તાનમા તો દશહજાર વર્ષ પહેલા જણાએલી હતી. વિજ્ઞાનશાસ્ત્રે આ મત સાબિત કર્યો છે. લોર્ડ કાલ્વીને ગણિત-શાસ્ત્રથી સિદ્ધ કર્યું છે કે જડ પદાર્થ ને તેમા રહેલી શક્તિ એકજ છે. આમ છે તોપછી ચૈતન્યને જડ ભિન્ન કયાથી હોય ? પર્વતો ઉપર જાઓ. હિમાલય ઉપર અપૂર્વ સુંદર દ્રશ્યો નજરે પડે છે. પુષ્પોનો સુવાસ, પક્ષિઓના ગાન, નદીનાળાનો કલરવ, પવનનો મધુર અવાજ, એ બધું શું છે ? એ જડ પદાર્થ નથી ? પરંતુ એ જડ વસ્તુઓ, શક્તિ, વિચાર, આહ્લાદ વગેરેમા ફેરવાઇ જાય છે. ઝરણાઓનુ સંગીત પ્રભુમય બની ઉચ્ચ વિચારોના આન્દોલન કરાવે છે બાહ્ય જડ વસ્તુઓ એમ મનો-વૃત્તિઓમા ફેરવાઇ જાય છે મોટા વહાણો, મહેલો વગેરે શું છે ? આ બધુ એક સમયે વિચાર રૂપેજ હતુ શરૂઆતમા મનમા વિચાર રૂપે પ્રથમ બધાયુ ને પછીથી બહાર જડરૂપે હિમાલય ઉપર જડવસ્તુઓ વિચારના સૂક્ષ્મ સ્વરૂપમા પરિવર્ત્તન પામે છે જેમ પાણીની વરાળ થાય છે ને વરાળનુ પાણી થાય છે તેમ આથી શું સાબિત થાય છે ? એજ કે એ બન્ને એકજ છે, ભિન્ન નથી. એ પ્રમાણે જો મન ને પદાર્થ જુદા હોય, તો મન પદાર્થને અસર ન કરે ને પદાર્થ મનને અસર ન કરે. પરશીયન ભાષામા એક સુંદર કવિતા છ એનો અર્થ એવો છે કે "વાદ ળામાથી આંસુ રૂપે પાણી પડ્યું " તે આંસુ ખરવાનુ કારણ શું ? જવાબમા કહ્યું છે કે—" હુ તો એક ક્ષુલ્લક પ્રાણી છુ ને આ સમુદ્ર તો મહાન છે. મારી લઘુતા માટે હુ રૂદન કરૂ છુ " પછી વાદળાને સમજાવ્યા કે—" રો નહિ, નામ ને રૂપમા ભરમાયા ન કર, પણ અન્તર જો કે તુ કોણ છે ? તુ પણ જળ છે ને સમુદ્ર પણ જળ છે તું ને

આકાશ ને કાળથી ઘેરાએલો છે એમ ન માનીશ. તારૂં ખરૂં સ્વરૂપ ઓળખ." કાળથી બન્ધન પામીનેજ દુઃખ ઉત્પન્ન કરાય છે, માટે એ બધાની પાર જાઓ. સત્ય સ્વરૂપ કાળની પણ પેલી પાર છે. સર્વ જગત તમારામાં રહેલું છે. જેમ સ્વપ્નામાં પોતાને જંગલમાં ફરતા દેખો છો, પર્વત ઉપર કે નદીમાં જૂઓ છો, ને પર્વત તથા નદી તમારાથી બહાર જુદાં દેખાય છે, પણ ખરી રીતે તો તે તમારા મનમાંજ રહેલાં છે; તેમ સર્વ દશ્ય જગત તમારામાંજ રહેલું છે. જો એ વસ્તુઓ તમારી બહાર હોત, ભિન્ન હોત, તો તમારી પથારી પણ નદીથી તણાઈ જાત ને પર્વતથી તમે ને તમારૂં ઘર [illegible] તને સતા હો છો તે પણ ચગદાઈ જાત.

વેદાંત તેથીજ કહે છે કે સર્વ જગત મનુષ્યના મનમાં રહેલું છે. આમ છતાં મનુષ્ય [illegible] પોતેજ જગતમાં છે. કુકડો, મોર વગેરેના અનેક પ્રકારના શબ્દ મનુષ્ય પોતાના મુખથી બોલી શકે છે. જ્યારે ઇચ્છા થાય ત્યારે [illegible] કાઢવો હોય તેવો કાઢી શકાય છે; પરન્તુ [illegible] આપણી ઇચ્છા પ્રમાણે આપણે [illegible] નથી. [illegible] ઉપર જ્ઞાનની વૃત્ત ચાલે છે [illegible] ચાલી જાય છે તે [illegible] નષ્ટ થાય છે? ના, વળી, [illegible] વાતાવરણ એ [illegible] અંતે જે કોઈ [illegible] તેને તે સોંપી [illegible]

[illegible] મનુષ્યના અહંભા- [illegible] વાત સમજાય છે. [illegible] કવિરી પુસ્તક [illegible] શેક્સપીઅર દરે- [illegible] અહંભાવ નષ્ટ થવા [illegible]

[illegible] પોતાના આત્માને

નોટઃ—વેદાંત, સાધુ, સંન્યાસીઓ કરતાં ગૃહસ્થાશ્રમીને માટે રહેલું છે. દરેક કુટુમ્બમાં પતિ પત્નીનું ગુખ વધારવાને, ને પત્ની પતિનું સુખ વધારવાને ઉત્સુક હોય છે; પરંતુ ઉદ્દેશ આવો હોવા છતાં પરિણામ શું આવે છે? બન્ને એક બીજાનો અધઃપાત કરે છે. વાંક કોનો ત્યારે? ઈશ્વરના ઉદ્દેશનો? નહિ; માત્ર તેમના અજ્ઞાનનોજ. કઇ દિશામાં બન્નેના સુખનો સ્વાર્થ રહ્યો છે તે તેઓ જાણતાં નથી, ને તેથી કરીને દુઃખ આવી પડે છે.

લોકો સમજે છે કે વિષયવાસના તૃપ્ત કરવાથી સુખ પ્રાપ્ત થશે, પણ આ અજ્ઞાનજ છે; ને આ પ્રકારનું અજ્ઞાન દૂર કરવાથીજ દરેક કુટુમ્બ સુખી થશે.

એટલુંજ યાદ રાખવું જોઈએ કે ઈશ્વરમાં આપણે ફેરફાર-કરી શકનાર નથી. મનુષ્ય કાંઇ પ્રકૃતિને ફેરવી શકે તેમ નથી. પ્રકૃતિનો હેતુ તો એ છે કે મનુષ્યને આત્માનું જ્ઞાન થાય. જગતની મૂર્ખતા કે વ્યાવહારિક જ્ઞાન દરેકને ખરે રસ્તે દોરવા મથે છે; પ્રકૃતિ મનુષ્યને તેનું ખરૂં સ્વરૂપ સમજાવવા પ્રયત્ન કરે છે તલવારની ધાર ઉપર રહીને પણ મનુષ્યને વેદાંત જાણવુંજ પડશે.

વેદાંત કાંઈ એરણુક્રમથી પોતાની સત્તા જાહેર કરતું નથી. પ્રકૃતિના નિયમો એ ઈશ્વરનું મહાન લશ્કર છે, ને તે મનુષ્યને પોતાનો આત્મા ઓળખવા માટે આગળને આગળજ ધકેલે છે; માટે મનુષ્યને આગળ વધ્યા વિના છુટકોજ નથી. મનુષ્ય પોતાના પાડોશીનું હિત શામાં રહેલું છે એટલુંજ જો જાણે, તો તેથી પણ પ્રકૃતિના નિયમનેજ અનુસરે છે—એથી પણ દરેક કુટુમ્બ સ્વર્ગ સમાનજ થઇ જશે. પ્રકૃતિના નિયમાનુસાર સાચું લોકહિત તો પોતાની ઈશ્વર સાથેની એકયતા અભેદ જાણવામાં રહેલું છે. મનુષ્યે મુક્ત થવું તેજ સાચું સુખ છે, ને મુક્ત થવાને માટે પોતાનો ને ઈશ્વરનો અભેદ થવોજ જોઈએ-સાક્ષાત્કાર થવોજ જોઈએ. જેમ મનુષ્ય પોતે કુવાણાનો પુત્ર, એમ સમજે છે, તેજ પ્રમાણે તે ઈશ્વર સાથેની એકયતા સમજશે અને પોતેજ પ્રભુ છે, એમ મન, કર્મ ને વાણીથી આચરણમાં મૂકશે, ત્યારેજ તેને ખરૂં સુખ પ્રાપ્ત થશે. દુઃખ માત્ર આ પ્રકારનો અભેદ

સમજવામાંજ રહેલું છે. આ વિચાર મનમાં દૃઢ કરો તો પછી પાપ તે પુણ્ય તમને કાંઈજ વળગવાનાં નથી. એ સર્વની પાર તમે જશો. તમે પૂર્ણ પરમાત્મા બની જશો.

સાક્ષાત્કાર એકદમ થઇ જતો નથી. એમાં વખતની જરૂર છે; જીવાત્માએ અત્યારના માનવ શરીરમાં આવવામાં કરોડો વર્ષ લીધાં છે. એક સમયે અત્યારનો મનુષ્યજીવ, છોડ કે વૃક્ષની સ્થિતિમાં હતો. અમુક સમયે આફ્રિકામાં વસતા ગુલામની સ્થિતિમાં હતો; અને એમ કરતે કરતે તે હાલની સ્થિતિમાં આવ્યો છે. ઘર તોડી પાડવાને વખત લાગે છે; પરંતુ ઘર બાંધવા જેટલી તો તોડવામાં વાર લાગતીજ નથી. દારૂગોળો પુરતા જથ્થામાં જો હોય તો ઘર એકદમ તૂટી જાય છે, પરંતુ ઘણાની પાસે પુરતો જથ્થો દારૂગોળાનો હોતો નથી. બાળબચ્ચાં સાથે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં જો મનુષ્ય આ પ્રકારનું તત્ત્વજ્ઞાન સમજે તો તેને પુનર્જન્મ રહેતો નથી. તે મુક્ત થાય છે, તેને મોક્ષ મળે [illegible] ને મન મારી પાસ." આ [illegible] અને તો મુક્તજ છે. વેદાંતનું તત્વ[illegible] [illegible] ીજ મુક્તિ છે.

[illegible] થી મુક્તિ કહી છે [illegible] છે; પરંતુ ખરી [illegible]

ધ્યને પોતાનું અજ્ઞાનજ નીચે પાડે છે. પતિપત્નીના સંબંધનો દુરૂપયોગ કરવાથીજ દુઃખની પ્રાપ્તિ થાય છે. સ્રી થોડાં ઘરેણાંગાંઠાં સારૂ પુરૂષને દુઃખમાં દોરે છે, તેમજ પુરૂષ પણ પોતાના સ્વાર્થને માટે સ્રીને દુઃખમાં નાખે છે; પરંતુ સ્રીએ પુરૂષને પોતાનાથી સ્વતંત્ર બનાવવો જોઇએ; ને એમ કર્યાથી પુરૂષ પણ સ્રીને સ્વતંત્ર કરશે. પતિ પત્નીને એમ મનાવવા ઇચ્છે છે કે તે તેનીજ છે, ને પત્ની એમ મનાવવા ઇચ્છે છે કે પતિ તેનો છે. આ રીતે મોટી ગુંચવણ ઉભી થાય છે. એક બીજાને એકબીજાના ગુલામ બનાવવામાંજ દુઃખ ઉભું થાય છે. બળદને દોરડાથી બાંધી એ દોરડાને તમે પકડી રાખો તો બળદ તમારાથી પકડાઇ રહેશે ને તમે બળદથી પકડાઇ રહેવાના; કારણ દોરડું તમારાથી છોડવાનું નહિ ને છોડો તો બળદ સ્વતંત્ર થાય. આ પ્રમાણે બન્ને જણાં એક બીજાના ગુલામી બંધનમાં રહે છે.

સુર્વ સંપત્તિ બંધનકારક છે. વેદાંત પ્રમાણે દરેક કુટુંબ સ્વર્ગ બની શકે. હમ્મેશાં સંપત્તિ વધારવાની લોલુપતામાં ન રહેતાં,દાન લેવા કરતાં દાન આપવાની નીતિ રાખે, તો સુખ અવશ્ય આવી મળે. પુરૂષ ને સ્રી બન્નેએ એક બીજાનું ખરૂં સુખ અને હિત હમ્મેશાં વિચારવું જોઇએ. એકબીજા પાસેથી કાંઇ માગવું કે આશા રાખવી નહિ, ને આમ કરવામાંજ જોડાવું મળી રહેશે. આ પ્રકારે જીવન ગાળવામાંજ સ્વર્ગીય સુખ સમાએલું છે.

લોકો કહે છે કે, " અમને ફેલાણું આપો. " એ તમને ગમ્યું સમજો ને પછી તમારી પાસેથી તે લઇ લેવામા આવે તો દુઃખ થાય છે ઇચ્છા દરેક પ્રકારે અનિષ્ટ છે. તેજ બન્ધનકર્તા છે.

કાંઇ પણ બદલાની આશા સિવાય દાન કરાય તોજ સુખ મળે છે, દાન લેવામા સુખ સમજશો નહિ. કુટુંબમા સુખ પ્રાપ્ત કરવું હોય તો દરેક વ્યક્તિએ દાન આપવામાજ કુશળ રહેવુ. બીજા પાસેથી કંઇ લેવાની આશા ન રાખતાં પ્રત્યેકે આપવાની ઇચ્છાજ રાખવી. હવે દાન કયા પ્રકારનું હોવું જોઇએ, દાનમા શું આપવું, તેના ઉત્તરમાં કહેવાનું કે પોતાની પાસે જે પ્રકારનું જ્ઞાન હોય તે આપવું. પતિપત્ની જ્યારે આ પ્રમાણે એક બીજાનાં જીવન ઉચ્ચ બનાવે ત્યારે કર્તવ્ય કર્યું કહેવાય.

પૂર્વે હિંદુસ્તાનમાં એક પ્રતાપી રાજા થઇ ગયો. તેને પ્રભુનો સાક્ષા-

રાજા:—આરી રાખ.

રાણી:—તારે શરીર આપ્યા છતાં પણ તેને મેલવું તો ત્યાગ નહિ કરો, તો ત્યાગ પૂર્ણ નહી ગણાશે.

રાજા:—ત્યારે શું કરૂં ?

રાણી:—આ શરીર કોનું છે ?

રાજા:—મારૂં.

રાણી:—મન કોનું છે ?

રાજા:—મારૂં.

રાણી:—ઠીક. ત્યારે એ બન્નેને ત્યાગવું પડશે, પરંતુ "શરીર હું નથી, મન પણ હું નથી" એ જ્ઞાન ખરૂં હોય તો 'મારૂં' એમ કહેનાર કોણ છે ?

રાજા વિચારગ્રસ્ત થઇ ગયો ને અંતે સમજ્યો કે "હું પોતેજ પરમાત્મા છું, સર્વવ્યાપી, સર્વેશ્વર હુંજ છું. સત્ય છે કે નજીકમાં નજીકના સંબંધીને પહેલું દાન આપી ધીમે ધીમે આગળ વધવું જોઇએ. તેજ પ્રમાણે ત્યાગ પણ આપણું પોતાનું નજીકનું જે માનતા હોઇએ તેનોજ પહેલો કરવો જોઇએ, મ ટે પહેલાં તો અહંભાવનોજ ત્યાગ કરૂં. હું કહાણું કરૂં છું, મેં કહાણું કર્યું, એ વિચારનોજ ત્યાગ કરવો જોઇએ."

જંગલમાં જાઓ કે ઘરમાં રહો, પણ જ્યા સુધી 'મારૂં' એ વિચાર નાશ થયો નથી ત્યા સુધી કોઇ ત્યાગી થઇ શકતુંજ નથી. બધા સંન્યાસીઓ પણ આવા ત્યાગી હોતા નથી, ને કોઇક મોટા મહેલોમાં રહેનાર રાજા પણ વખતે આ પ્રકારના સંન્યાસી હોઇ શકે છે.

ઉપલી વાતમાં આગળ એમ આવે છે કે આ પ્રમાણે બનાવ બન્યા પછી થોડો સમય રાણી ત્યા રહી, ને છેવટે વેષ દૂર કરી રાજા પાસે આવી માગીને આમ છેતરવા માટે દીલગીરી જાહેર કરી. રાજાને હવે જ્ઞાન થયું હતું તેથી તે બોલ્યો:—"હે સ્ત્રી ! આમ ક્ષમા યાચવાનું શું કામ છે ? હું હવે આ શરીરમાં મમત્વ રાખતો નથી, આ શરીર મારૂં છે એમ માનતો નથી, હું રાજાયે નથી તેમ તારો પતિયે નથી. હું તો સ્વયંભૂ છું. હે સ્ત્રી ! વિચાર કર, સર્વ જગત મારૂં છે, તો પછી હું કોના ઉપર ક્રોધ કરૂં ને કોનાથી હું ખુશી થાઉં ?"

[illegible] પછી રાણી રાજ્યમાં [illegible] એકવાર જઈ આવીને છેવટે તેણે રંક [illegible] આવી કહ્યું.—"હે નાથ ! તમે ખરે ઈશ્વર છો તો હવે તને રાજ્ય મહેલમાં આવીને રહો તો પણ શું ? કંઈ હિમાલય પર્વત તમારે મન વિશેષ છે ?" આ પ્રમાણે [illegible] રાજાને પાછો રાજમહેલમાં લઈ ગઈ [illegible] વૈભવ અને રાજવિલાસના આડંબરો હતા પણ રાજા [illegible] જિતેન્દ્રિય હોવાથી [illegible] નહોતો. આ પ્રમાણે તેણે રા[illegible] [illegible] નહોતા પણ ખુદ ઈશ્વરજ હતા. [illegible] જંગલમાં જઈ, ઈચ્છા[illegible] [illegible] તેનું નામ ત્યાગ નથી.

[illegible] શરીર એ



३६–पुनर्जन्म अने कुटुम्बनां बन्धनो.*

આત્મસ્વરૂપ સન્નારીઓ અને સજ્જનો!

હિંદુસ્તાનમાં એક ધનાઢ્ય વ્યાપારી પોતાના ગામમાં એક મોટી ન્યાત જમાડવાનો હતો, કારણ કે તેને ત્યાં કાંઈ શુભ પ્રસંગ હતો. પૂર્વકાળમાં દરેક સારો પ્રસંગ હોય ત્યારે ગુણકાઓનો નાચ પણ કરાવતા હતા. હવે લોકો કે એ રિવાજ બહુ પ્રચારમાં નથી.

આ વ્યાપારીને ત્યાં નાચ જોવા સર્વ મળ્યા હતા, તેમાં એક નાચનારીએ પોતાનું ગાયન અને નાચ [illegible] અતીવ હતું તે કોઈને [illegible] પણ આ પ્રસંગે તો તે ખાસ કરીને [illegible] ઊગી ગયું. હિંદુસ્તાનમાં પણ [illegible] પસંદ કરવા નથી [illegible] આ ગાયન મહિના ઉપર [illegible] સમજાયું હતું, તેઓ રસ્તે [illegible] હવે પ્રશ્ન એ થાય છે કે [illegible] તે એનજ [illegible] જરૂર છે, પણ ખરી રીતે [illegible] [illegible]

[illegible]

*[illegible]

મનુષ્યે કહ્યું માટેજ તેને સત્ય ગણવું એજ મોટી ભૂલ છે; ને તેથી કરીને અનેક પ્રકારના વાદવિવાદ અને ખંડનમંડનની ઉત્પત્તિ થાય છે. ઑલીવર ગોલ્ડસ્મીથ વિષે ડૉક્ટર જોન્સન કહે છે કે, જ્યારે તે લખવા બેસતો ત્યારે એક દેવના જેવું લખતો. પણ એ ઑલીવર ગોલ્ડસ્મિથને એવી ધૂન હતી, ને તે એટલે સુધી એનો દુરાગ્રહ રાખતો કે કોઈ વાતજ નહિ. તેનું કહેવું એવું હતું કે જ્યારે હું ખાઉં છું ત્યારે મારૂં ઉપરનું જડબુંજ માત્ર હાલે છે; નીચેનું જડબું હાલતું જ નથી. આ તો બધાયે સમજી શકે એવું છે કે આપણે બોલીએ કે જમીએ છીએ ત્યારે હમ્મેશાં નીચલુંજ જડબું હાલે છે, ઉપરનું નથી હાલતું. એમ છે છતાં એવા મનુષ્યો જે જે કહે, બોલે, લખે તે હમ્મેશાંજ સત્ય નથી હોતું.

કાર્ય અને કાર્યપદ્ધતિનું શાસ્ત્ર એ બન્ને જાણવાં જોઈએ. એ બેમાં ઘણો ફેર છે. ઘણા અંગ્રેજી ભાષા બોલી જાણે છે; પરંતુ તે ભાષાનું વ્યાકરણ જાણતા નથી. ઘણા જણ દલીલો ને વાદવિવાદ કરે છે; પરંતુ તેમાના થોડાકજ તર્કશાસ્ત્રનું જ્ઞાન ધરાવે છે. તેજ પ્રમાણે અમુક ઉચ્ચ પ્રકારનું જીવન ગાળવું તે જુદી વાત છે; અને તેવા જીવનમાં જે તત્વજ્ઞાન રહેલું છે, તે વિષે કાંઈ કહેવું એ જુદી વાત છે. જગતમાં મોટી ભૂલજ એ થાય છે કે લોકો મહાપુરૂષોના ઉપદેશ અને ચારિત્ર્યની પરસ્પર સરખામણી કરે છે ને પછી તે બેધના ગુલામ થઇ રહે છે. ‘ રામ ’ નું કહેવું એ છે કે, બંધુઓ ! સાવધાન ! સાવધાન ! સ્વબુદ્ધિ પણ અવશ્ય ચલવો.

જીસસ ક્રાઈસ્ટના પુસ્તકો થોડા છે, છતા મહાન તત્વજ્ઞાનીઓ ને વિદ્વાનો તે બોધવચનો ઉપર માથા પટકી મરે છે. મહમ્મદ પેગમ્બરે ઘણુંજ થોડુ કહ્યું છે, છતા એ પ્રજ્ઞા–એ જ્ઞાન–એ સ્મૃતિ ક્યાંથી ઉદ્ભવી તે કોઇ જાણી શક્યું નથી, પરન્તુ બંધુઓ ! એજ જ્ઞાન, એજ પ્રેરણા તમારા પોતાના આત્મામા પણ રહેલી છે મનુ મહાત્મા પાસે કોઈ પુસ્તક નહોતાં છતા એણે હિંદુઓને માટે અદ્ભુત સ્મૃતિના ગ્રંથો નિર્માણ કર્યા છે. હોમરે ઈલીઅડ અને ઓડીસીસ જેવા મહાન કાવ્યો રચ્યા તે સમયે ક્યાં સાધનો એની પાસે હતા ? એરીસ્ટોટલ એમ. એ. કે ડી. ડી. નહોતો છતાં કેટલાએ એમ. એ. કે ડી. ડી. થએલા તેના શિષ્યો છે જીસસ ક્રાઈસ્ટ અને શ્રીકૃષ્ણ જેવા મહાન યોગીઓને કયથી પ્રેરણા થઇ હ?’

કહ્યું:—" અરે ભાઇ! આ શું કરે છે? કાંઇ આમ મજનુ થવાય? મજનુ થવાને માટે લયલીની જરૂર નથી, પરંતુ મજનુના જેટલો તીવ્ર પ્રેમ જોઇએ. પ્રેમપાત્ર લયલી ન હોય તો ચાલે, પણ મજનુના હૃદયમાં જેટલો પ્રેમ હતો તેટલો પ્રેમ તો તારા હૃદયમાં અવશ્ય હોવો જોઇએ."

તેજ પ્રમાણે 'રામ' નું કહેવું છે કે હે ક્રાઇસ્ટ, બુદ્ધ, કૃષ્ણ કે મહમ્મદ થવું હોય તો તેમણે જે જે કર્યું તે કરવાની જરૂર નથી, તેમના જીવનનું અનુકરણ કરવાની જરૂર નથી, તેમના [illegible] તમારે [illegible] ન ધરવાની જરૂર નથી, એમનાં કાર્યો કરીને તમારો વખત ગાળવાનો નથી; પરંતુ તમારાં પોતાનાં સ્વતંત્ર કાર્યો કરી આગળ અને તેમનાં હૃદયમાં જે બળ હતું, તેમના જીવનમાં જે મહત્તા હતી, તે ગમે તે પ્રકારે જ [illegible] કરી લો; તે જ માત્ર તમારે પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. જો એ એક કરી શકો એમ હો, તો તમે ચાહે જે સ્થિતિમાં હો તો પણ પરિસ્થિતિ બદલાઇ જાય. [illegible] તમે ક્રાઇસ્ટ જેવા થાઓ તો તે શું કરે? [illegible] ક્રાઇસ્ટની પેઠે શૂળી ઉપર ચઢી આત્મભોગ આપ્યા વિના ક્રાઇસ્ટ જેવું જીવન ગાળી શકાય તેમ છે. પોતાની દૃઢ માન્યતા ને ખાતર ક્રાઇસ્ટે આત્મભોગ આપ્યો હતો; ને આપણે પોતાની દૃઢ માન્યતાને [illegible] માટે શરીર ન પાડતાં જીવવું પસંદ કર્યું હતું. પોતાની દૃઢ માન્યતા ને સદા માટે શરીરનો ભોગ આપવા કરતાં પણ તેને અનુસરી જીવવું એજ કેટલાક વખત વધારે કઠિન હોય છે.

માટે દરેક વાતની તેના પોતાનાજ ગુણદોષ પ્રમાણે કિંમત કરો. ઉપદેશ દેનારાઓ આવે છે, [illegible] જાય છે, [illegible] ઉપર [illegible] ન રાખવા [illegible] પુરુષના [illegible] ખરી વાત છે કે તેના જીવનના કૃત્યો [illegible] વાત છે.

હવે પછીનો પ્રશ્ન આ પૂછાય છે કે, "જો પુનર્જન્મ છે તો પછી આપણાં કુટુમ્બના બન્ધન તૂટી જતાં નથી! અને [illegible] આ જગતમાં સાથે રહે છે, તેઓ પરલોકમાં [illegible] રહે?" [illegible] છે ને તેને આપણે [illegible] કહેવું પડશે કે "પુનર્જન્મ છે એ સત્ય વાત છે તો તેથી કરીને કુટુમ્બનાં બન્ધન તૂટતાં નથી!" તે પ્રશ્ન ઉઠાવ્યું.

પોતાનું ભાવી બનાવે છે. પુરૂપાર્થજ પ્રારબ્ધ કરતાં પ્રાધાન્ય ભોગવે છે.
મનુષ્ય પોતાનાં સંબંધ ને બંધનો પોતાની મેળેજ ઉત્પન્ન કરે છે. મરણ
સમયે તમે કોઇનો સંબંધ રાખવાની તીવ્ર ઇચ્છા રાખશો તો જરૂર તમે
તેમ કરી શકશો; ને જો અમુક મનુષ્ય સાથે તમે કાંઇ પણ સંબંધ
નહિ રાખવા માગો તો બીજા જન્મમાં તમારે એની સાથે કાંઇ પણ લેવા
દેવા નહિ રહે. એજ પ્રમાણે મરણ પછી જેનાથી તમે છુટા થવા માગો
છો તેમની સાથે પણ તમારો કાંઇ પણ સંબંધ રહેવાનો નથી એ નિશ્ચય
છે. વેદાંત ડંકો વગાડીને આ બાબત કહે છે.

આ બાબતમાં ઘણી ગેરસમજુત છે. બધું એક પછી એક કહેવામાં
આવશે. યૂરોપ ને અમેરિકામાં સ્વર્ગ વિષે જે માન્યતા છે, તે વિષે
આપણે હમણાં કહીશું. સ્વર્ગને તેઓ એક એવું સ્થાન સમજે છે કે જ્યાં
બધાં ભેગાં મળી આનંદ કરે. 'રામ' કહે છે કે જરા વિચાર કરો.
સત્યની ખાતર જરા ધીરજથી વિચાર કરો. જે સ્થાન મર્યાદાથી બંધાઇ
જાય, ત્યાં કદિ પૂર્ણ સુખ હોઇ શકે એ અશક્ય છે. કારણ કે સ્વર્ગમાં
જઇને સુખ મળવાની ઇચ્છાથી તમે એમ ઇચ્છો છો કે મારાથી કોઈ
ચઢીઆતા યા બરોબરીઓ ન હોય, પરંતુ સ્વર્ગમાં તો કોઇક ચઢી-
આતા પણ મળવાનાજ. બુદ્ધ ને ક્રાઇસ્ટ પણ ત્યા મળવાના ને તેમનું
સુખ જોઇ તમને અસંતોષ થવાનો. જ્યા ભેદ છે ત્યા સુખ કદિ રહેતુંજ
નથી. તમારા સુખનો ભંગ શાથી થાય છે? ભેદથી, બીજાના ચઢીઆતા
સુખના દર્શનથી બાઇબલમા કહ્યુ છે કે સ્વર્ગ કાઇ બહાર નથી, તમારા
પોતાના હૃદયમાજ રહેલુ છે, અને બહાર છે એમ કલ્પવું એજ દુઃખ-
મય છે. આકાશમાં કે તારાઓમા સ્વર્ગ નથી સ્વર્ગ તમારા પોતાના
હૃદયમાજ છે. સુખમા ભંગ શાથી પડે છે? બીજાના વધારે સુખ જોઇને,
સાથેના જોડીઆઓને, બરોબરીઆઓને આપણાથી વધારે આનંદી, સુખી
જોવાથી આપણા સુખનો નાશ થાય છે. દરેક જણ પોતાને અદ્વિતીય
જોવાને ઇચ્છે છે. બાઇબલમા કહ્યું છે કે, "સ્વર્ગમા આપણે મળીએ
છીએ" એનો અર્થ શો? ન્યુ ટેસ્ટામેન્ટમા પણ કહ્યું છે કે, "સ્વર્ગનું
રાજ્ય હૃદયમાં છે" "પ્રભુનું રાજ્ય હૃદયમાં છે." માટે બહાર
કોઇ સ્વર્ગ રહેલું છે, કોઇ બીજી દુનિયામાંજ સ્વર્ગ ટકી રહ્યું છે, એ

પંચેંદ્રિય વસ્તુની ભીખ માગો છો તો કદિ નહિ મળે જવું ઇશ્વરને ઘેર, ને ત્યાં ભિખારીના વેષમાં જવા માગો છો, પરંતુ મેલા મનથી, ભીખ માગવાના ઉદ્દેશથી કદિ પણ તમારે માટે ત્યાંના દ્વાર ઉઘાડા નહિ થાય. રાજા પાસે જતી વખતે જેમ ઉત્તમ શણગાર સજવો પડે છે, જેમ મેલા ઘેલા કપડાં ત્યાં કામ ન આવે, તે જ રીતે ઇશ્વર પાસે જતાં પણ ઇચ્છા રૂપી મેલાં કપડાં ઉતારી નાખવા પડે છે એ ઇચ્છાઓને દૂર કરીને જ ત્યાં જઇ શકાય [illegible] હૃદયમાં વ્યક્ત કરવું હોય [illegible]

કર્મનો નિયમ [illegible] સ્વામી છે, ઉત્પાદક છે [illegible] કરીએ તો [illegible] થાય છે તે માટે [illegible] પડે છે [illegible] થાય [illegible] છે, માટે [illegible] તેના [illegible] તે ઇચ્છા ત્યાગે [illegible] લોકોની એવી [illegible] જાગવી [illegible] દોન્કે એ મૂર્ખતા છે [illegible] માયાથી લિપ્ત [illegible] નહીં એવી આવા નિરાશામાં ફેરવાઇ જવું [illegible] હૃદયમાંથી તેને દૂર કરજો [illegible] ફરીને કહું છું કે, ભાઇઓ! એ આશા મૃગજળવત [illegible] શાશ્વત તો માત્ર તમારી



પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૨૧	ઉપરથી	રામતીયે	રામતીયેં
૧૩૯	૨	ખુખ	ખૂબ
૧૪૬	૫	તા	તો
૧૪૮	૧૭	જ	જે
૧૪૮	૧૮	જા	જે
૧૫૩	૯	તવે	તેવે
૧૫૪	૨૧	મીલન	મલિન
૧૭૦	૬	હોંસ ન જોઇએ.	
૧૭૦	૮		
૧૭૦	૨૬	ર્વસ્વ	સર્વસ્વ
૧૮૭	૧૩	મયાદા	મર્યાદા
૨૦૦	૨૩	ક્રાધ	ક્રોધ
૨૧૮	૮	અન	અને
૨૨૪	૫	તારે	ત્યારે
૨૨૫	૩	સમાયમાં	સમાધિમાં
૨૫૦	૧૪	દેત	દેતા
૨૫૩	૨૮	ઉડી	ઉડી
૨૫૩	૩૧	કરે	કરો
૨૫૫	૭	અદ્રત	અદ્વૈત
૨૫૮	૩૦	દ્ચ્યતે	દુષ્યતે
૨૬૨	૨	કયા	કર્યા
૨૬૨	૭	તની	તેની
૨૬૯	૧૭	આશીવાદ	આશીર્વાદ
૨૭૬	૨૦	તગીક	તગીફ
૨૮૪	૮	માયે	માર્યે
૨૯૫	૧૬	મત (	મૃત શરીર (
૨૯૫	૧૬	શરીર જેવું	જેવું
૩૦૮	૧૦	પરોર્ધકાર	પરોપકાર
૩૧૦	૨	લે.	કરી લે.
૩૧૦	૩	કરી આવ.	આવ !
૩૧૦	૨૩	વના શના	વિનાશના
૩૧૧	૧૬	ૂની	દુખી

बीजां तैयार पुस्तको

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો.

આત્મ વિશ્વાસ—અમર ચેતનાનો દિવ્ય આધાર. પૃ ૫૮૪ મૂ.૧)
જીવનના ઝરાઓ—પોતાનુ ભાગ્ય પોતે ઘડનારા માણસો. ૫૨૦ ૧॥
સુખ, આનંદ અને સમૃદ્ધિ તથા વિચારોના ચમત્કાર. ૫૫૨ ૧)=
પ્રભુમય જીવન—ઉચ્ચ વિચારોની - તે રીતે સમજવું. ૨૧૬ ૦॥
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન—મહાત્મા ગાંધીજી કૃત ૧૨૮ ૦।=
સ્વર્ગનાં રત્નો—પટીદાર કૃત ભક્તિ માર્ગના દાખલાઓ. ૩૮૬ ૧)

ઉત્તમ ધાર્મિક પુસ્તકો

સ્વામી રામતીર્થના સદુપદેશ—છુટા ભાગ ૫,૬,૭, કુલ ૨૪ ૯૦૦ ૧॥–
સ્વામી વિવેકાનંદનુ ચરિત્ર ઉત્તમ જીવનચરિત્ર. .. ૭૬૪ ૨)
શ્રી રામકૃષ્ણ કથામૃત—ગ્રંથ ૨ જો .. .. ૪૧૬ ૦॥=
સ્વામી વિવેકાનંદના સદુપદેશ—ભાગ ૧ લો ... ... ૨૬૦ ૦।=
સ્વામી વિવેકાનંદના સદુપદેશ—ભાગ ૨ જો ... ... ૪૭૦ ૦॥
સ્વામી વિવેકાનંદના સદુપદેશ—ભાગ ૬–૭ મો ૬૨૦ ૧)
સ્વામી વિવેકાનંદના સદુપદેશ—ભાગ ૮ મો . ૫૮૪ ૧॥

ભગવદ્‌ગીતાઓ અને પંચરત્ન ગીતાઓ

ભગવદ્‌ગીતા—મૂલમાત્ર—નાના અક્ષરમા છુટક માફ પૂંઠું ૦)= પો૦માફ
” ” મધ્યમ અક્ષરમા મજબૂત પૂંઠું ૦।– પાકું પૂંઠું ૦।= ”
” ” મોટા અક્ષરમા ૦॥= ” ૦॥= ”
ભગવદ્‌ગીતા—ગુજરાતી સરલ ટીકા સહિત— ૦।= ૦॥ પો૦)=
” મરાઠી સુબોધ ટીકા સહિત— ૦।= , ૦॥ પો૦ માફ.
” હિન્દી સરલ ટીકા સહિત— ૦।= ” ૦॥ ”
પંચરત્નગીતા—મૂલમાત્ર—નાના અક્ષરમા ૦।– ” ૦।= ”
” ” મધ્યમ અક્ષરમા ૦॥ ૦॥= ”
” ” મોટા અક્ષરમાં ૦॥= , ૧)= ”
ગીતાનો ૧૮ મો અધ્યાય—ત્રણેમાની હરકોઇ ટીકા સાથે ૦)૦॥, ૧૦ પ્રતના ૦।